A
DICTIONARY
OF
AVESTIC PROPER NAMES.

(Mr. Ardeshir Sorabjee Dastur Kamdin's Prize Essay.)

BY

JIVANJI JAMSHEDJI MODI, B.A.,

FELLOW, BOMBAY UNIVERSITY.

Published with the permission of the Moola Feeroze Madressa.

Bombay:

PRINTED AT THE

EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

1892.

૫૦૫૦

અવસ્તાનાં વિશેષનામોની ફરહંગ.

મુલ્લાં ફીરોજ મદરેસા હસ્તક,

શેઠ અરદેશર સોરાબજી દસતુર કામદીને આપેલા રૂ. ૫૦૦
ના ઈનામનો રેસાલો.

લખનાર.

જીવનજી જમશેદજી મોદી, બી. એ.

મુલ્લાં ફીરોજ મદરેસાની કારોબાર મંડળીની પરવાનગીથી છપાવી
પ્રગટ કર્યોછે.

મુંબઈમાં
એજ્યુકેશન સોસાએટીના છાપખાનામાં છાપી.

સને ૧૮૯૨.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

On the 13th of April 1889 Mr. Bomanjee Byramjee Patel, the Secretary of the Moola Feeroze Madressa, an institution founded in honour of the late learned Dastur Moola Feeroze, to teach Iranian languages to Parsee students, published an advertisement offering, on behalf of Mr. Ardeshir Sorabjee Dastur Kamdinna, a member of the Committee of the Madressa, a prize of Rs. 500 for a dictionary of Avestic proper names. He asked for a comprehensive essay, describing fully in an alphabetical order, and from Avesta, Pehelvi and Persian books, all the proper names occurring in the Avesta texts, whether they be names of persons and places or names of religious instruments and ceremonies. As no essay was received by the 31st of December 1889, the day originally advertised, the time was extended to 31st July 1890. This essay was then sent in with the following motto:—[illegible]

The essay was submitted by the Madressa for report to Messrs. Kavasji Edalji Kanga, the Head Master of the Moola Feeroze Madressa, and Edalji Kersaspji Antia, Zend teacher in the Sir Jamshedjee Jeejeebhoy Madressa. On the recommendation of the examiners, the essay was approved of by the Madressa, and the prize awarded at its annual convocation held on 7th February 1891, presided over by Sir Jamshedjee Jeejeebhoy, Bart., C. S. I.

Colaba, 6th May 1892.

દસતુર કામદીન કુતંબ

જેની ચહડ ઉતર પેહેડીએ

ભરૂચને ભલા અને ભણેલા દસતુરોની એક
લાંબી હાર પુરી પાડી છે

અને જરથોસ્તી આલમને કેટલાક કાબેલ ઊસ્તાદો પુરા પાડયાછે

તેને

આએ પુસ્તક

માનની ઈંધાંણી તરીકે

અર્પણ કર્યુંછે.

આએ લખનારનાં નીચલાં પુસ્તકો મી૦ જાહાંગીર બેજનજી કરાનીના કોતના પારસી બજારના બુકદીપોમાંથી મળશે.

વાયુચક્રશાસ્ત્ર અથવા હવાવિષેની વિદ્યા...	રૂ.	૪	૦	૦
જમશેદ હોમ અને આતશ	રૂ.	૪	૦	૦
અવસ્તા જમાનાની ઘરસંસારી જીંદગી, ભૂગોળ અને એકરારનામું.	રૂ.	૨	૦	૦
અનાહીત અને ફરોહર	રૂ.	૨	૦	૦
ભવિષ્યની જીંદગી અથવા આત્માનું અમરપણું	રૂ.	૩	૦	૦
મેહેર અને જશને મેહેરંગાન	રૂ.	૦	૮	૦
The Religious System of the Parsees	રૂ.	૦	૮	૦
Wine among the Ancient Persians	રૂ.	૦	૮	૦
The River Karun	રૂ.	૦	૮	૦
The Game of Ball-Bat among the Ancient Persians.	રૂ.	૦	૮	૦
Astodân	રૂ.	૦	૮	૦

આ પુસ્તકવિષે

મુલ્લાં ફીરોજ મદરેસાની કારોબાર મંડળી તરફનો ખોલાસો.

મુલ્લાં ફીરોજ મદરેસાની કારોબાર મંડળી હસ્તક શેઠ અરદેસર સોરાબજી દસ્તુર કામદીને આ પુસ્તકમાં આવેલી બાબદ વિષે રૂ. ૫૦૦) નાં ઈનામનો એક રેસાલો લખાવવા માટે ઈ. સ. ૧૮૮૯ માં નીચલો પત્ર લખી માગણી કીધી હતી.

મુંબઈ, તા० ૨ જી એપ્રીલ, ૧૮૮૯.

શેઠજી સાહેબ શેઠ બહમનજી બેહરામજી પટેલ, જે. પી.

મુલ્લાં ફીરોજ મદરેસાના ઓનરરી સેક્રેટરી જોગ શ્રી મુંબઈ.

સાહેબ,

જત આપણા પાદશાહોનાં, પેહેલવાનોનાં તથા બીજાં અશો નર નારીઓના, તેમજ પદાર્થો તથા ભુગોળવિદ્યા વગેરેને લગતાં વિશેષનામો જે આપણા પાક અવસ્તામાં આવેલાંછે તે ક, ખ, ગ, ની અનુક્રમે ગોઠવીને તેઓનાં દાસ્તાન ઉપર એક સરસ રેસાલો જે કોઈ લખે તેઓને હું આપણી મંડળી હસ્તક રૂ. ૫૦૦) અંકે પાંચસોનું ઈનામ આપવા માંગુંછું. એ રેસાલામાં જે વર્ણન કરવામાં આવે તે ફક્ત અવસ્તામાં જે લખાણ હોય તેનેજ લગતું કરવું. તથા તે સંબંધી બીના પેહેલવી કેતાબોમાં તથા શાહાનામામાં તથા બીજાં ફારસી લખાણોમાં, તથા અસલી બીજી પ્રજાઓની ભાષાઓમાં આવી હોય તેની પુરતી "નોતો" ઉમેરવી. એ વીષેની સરતો જે આપણી મંડળીના સભાસદો ઠેરવશે તે મારે કબુલ છે. માટે આ કાગજ આપણી મંડળીના મેમ્બરોમાં ફેરવી યા મીતીંગ બોલાવી ઘટતું કરશોજી.

લા० સેવક,

અ. સો. દ. કામદીનની

સલામ વાંચજોજી.

ઉપલો પત્ર કારોબાર મંડળીની તા० ૧૩ મી એપ્રીલ ૧૮૮૯ ને દીને મળેલી સભામાં રજુ કરવાથી શેઠ અરદેસર શેરાબજી દસ્તુર કામદીનની એ માંગણી ઉપકાર સાથે બાહલ રાખવામાં આવી હતી. અને એ રેસાલો લખાવવા માટે નીચલી જાહેર ખબર અતરેનાં ગુજરાતી વર્તમાન પત્રોમાં છપાવવામાં આવી હતી.

મુલ્લાં ફીરોજ મદરેસા.

નીચે લખેલી બાબદ ઉપર હરેકોઈ જરતોશતી એક સઉથી સરસ રેસાલો લખી મોકલશે તેને શેઠ અરદેસર શેરાબજી દસ્તુર કામદીને કારોબાર મંડળી હસ્તક આપેલા રૂ. ૫૦૦) અંકે પાનશેનું ઈનામ આપવામાં આવશે.

બાબદ—અસલી ઈરાની પાદશાહો, પેહેલવાનો તથા બીજા અશો નર નારીઓના, તેમજ ભુગોલવિદ્યા તથા જરતોસ્તી દીનને લગતી ક્રિયાઓનાં ઓજારોને લગતાં વિશેષનામો જે આપણા પાક અવસ્તામાં આવેલાંછે તે ગુજરાતી મુળાક્ષરોને અનુક્રમે ગોઠવીને તેઓનું દાસ્તાન ગુજરાતી ભાષામાં લખવું.

શરતો—એ રેસાલામાં જે વર્ણન કરવામાં આવે તે અવસ્તા ઉપરથી કરવું, તથા તે સંબંધી બીનાં પેહેલવી કેતાબો, શાહનામું તથા બીજાં ફારસી લખાણોમાં તેમજ અસલી બીજી પ્રજાઓની ભાષાઓમાં આવી હોય તેની પુરતી નોટો ઉમેરવી.

એ રેસાલો તા૦ ૩૧ મી ડીસેમબર, ૧૮૮૯ સુધીમાં લખી નીચે સહી કરનાર ઉપર મોકલી આપવો.

મુંબઇ, તા૦ ૧૩ મી એપ્રીલ ૧૮૮૯.

કારોબાર મંડળીના હોકમથી,

બહમનજી બેહરામજી પટેલ,

આનરરી સેક્રેટરી.

ઉપલી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૮૯ સુધીની મુદતમાં એક રેસાલો લખાઇ ન આવ્યાથી એ મુદત વધારી તા૦ ૩૧ મી જુલાઇ ૧૮૯૦ સુધીની કીધી હતી. એ વધારેલી મુદતમાં "વીસ્પાઓ અપઓનાનામ વંઘુહીશ સરાઓ સ્પેંતાઓ ફ્રવષયો યજમહદે યાઓ હચ ગયાત્ મરથ્નત આ સઓષ્યંતાત વેરેથ્રઘ્નત" એવી નિશાનીવાળો એકજ રેસાલો કારોબાર મંડળીને મળ્યો હતો. એ રેસાલો તપાસી તે ઉપર રીપોર્ટ કરવા માટે કારોબાર મંડળીએ મુલ્લાં ફીરોજ મદરેસાનાં વડા શિક્ષાગુરૂ એ૦ કાવશજી એદલજી કાંગા તથા મરહુમ સર જમશેદજી જીજીભાઇ, પેહેલા બારોનેટવાળી જંદ પેહેલવી મદરેસાના જંદ શિક્ષક એ૦ એદલજી કેરેશાસપજી આંતીઆને એલતેમાસ કીધી હતી. તે મુજબ એ બન્ને કાબેલ ગૃહસ્થોએ મેહેરબાનીની રાહે એ રેસાલો તપાસી તે ઉપર નીચે પ્રમાણે પોતાનો રીપોર્ટ લખી મોકલ્યો હતો.

મુંબઇ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૯૧.

શેઠ બહમનજી બેહરામજી પટેલ,

તે મુલ્લાં ફીરોજ મદરેસાના આનરરી સેક્રેટરી જોગ.

સાહેબ,

ગત તા૦ ૧૧ મી અકટોબર સને ૧૮૯૦ ઇસવીને દીનના તમારા પત્ર સાથે જે રીસાલો તપાસવાને માટે હમારી ઉપર મોકલ્યો હતો તે હમોએ તપાસી આએ રીપોર્ટની સાથે પાછો મોકલ્યોછે તે લેજો.

૧. એ રીસાલાની તપાસમાં જે જે ઠેકાણે વધારો તથા સુધારો કરવાને હમુને દરૂસ્ત લાગ્યુંછે તે ઠેકાણે હાશીઆ ઉપર લખી જણાવ્યુંછે તે વાંચીઆથી ખોલાસો થશેજી.

એ મજકુર સફા નીચે મુજબ છેઃ—

સફા ૧૨, ૫૮, ૬૧, ૮૧, ૧૩૫, ૨૧૯, ૨૪૪, ૨૫૬, ૨૬૨, ૩૭૧, ૩૭૭, ૩૯૭, ૪૦૧, ૪૧૦, ૪૧૧, ૪૨૮, ૫૪૯, ૫૫૬, ૬૫૩, ૬૫૫, ૭૪૪, ૮૪૨, ૮૮૫, ૯૧૧, ૯૨૭ અને ૯૯૨.

૨. બોલીને અનુક્રમે ગોઠવીઆછે, તે ફક્ત અવસ્તા હરફે આપવામાં આવીઆછે. તેમાં વધારો કરીને ગુજરાતી અક્ષરે તે બોલીનો શુદ્ધ ઉચ્ચારણી આપવામાં આવે તો બેહેતર કે તેથી અવસ્તા અક્ષરો વાંચી નહી જાણનારાઓને સવલ પડે.

૩. રીસાલો લખનાર ગૃહસ્થે માંગેલી શરતો ઉપરાંત વધુ વિશેષનામો, જેવાકે ફરેસ્તા, દેવ, દરૂજ, ઇત્યાદિ નામોનો ખોલાસો આપીઓછે તે અભ્યાસીઓને ઉપયોગી થઇ પડશે.

૪. તપાસ ઉપરથી જણાયછે કે એના લખનારે અવસ્તા ઉપરાંત આસપાસની બીજી કેતાબો ઉપરથી બોલોનો વધુ ખુલાસો આપવાને કાહેલી કીધી નથી, પણ પોતાની બનતી કોશેશ તથા ચાલાકી કામે લગાડેલી લાગેછે. માટે એ લખનાર ગૃહસ્થને ઠેરવેલાં ઇનામને માટે હમો પુરતી રીતે લાએક ગણીએ છીએ.

૫. સેવટે હમુને જણાવાની અગત છે કે એ રીસાલો છપાવતી વખતે એના બનાવનારે એક વખત ફરીથી તપાસી જવો, કે જેથી લખાણમાં સુધારો કરવાને તથા કોઈ કોઇ નામો ગફલતીથી મુકી દીધાં હોએ તે ઉમેરવાને તેમજ વળી કેટલાએક બોલોને વિશેષનામો ગણીઆને બદલે સામાન્યનામો ગણીને મુકી દીધાં હોએ, તે નામોને રીસાલામાં દાખલ કરવાને બની આવે. એ રીસાલો બને તેમ સંપૂર્ણ હાલતમાં આવીઆથી સાધારણ વાંચનારાઓને, તેમાં મુખ્ય કરીને જરતોસ્તી ધરમનો અભ્યાસ કરનારાઓને ઘણો ઉપયોગી થઈ પડશે, એમાંતો શક નથી. એજ મકસદ.

હમો છઇએ, સાહેબ,
તમારા આધીન સેવકો,

કાવસજી એદલજી કાંગા.
એદલજી કેરશાશપજી આંટીઆ.

ઉપલા રીપોર્ટમાં એ રેસાલો ઇનામને પુરતી રીતે લાયકનો ગણવાથી કારોબાર મંડળીએ પોતાની તા. ૨૮ મી જાનેવારી ૧૮૯૧ ને દીનેની બેઠકમાં એ રેસાલા સાથે આવેલું ઉપલી "વીસ્પાઓ અષઓનામ્ વંધુહીશ સ્રૂરાઓ સ્પેંતાઓ ફ્રવષયો યજ.મઇદે યાઓ હચગયાત મરથ્નત્ આ સઓષ્યંતાત વેરેથ્રઘ્નત્" નિશાની વાળું પરબીડું ઉબેડવાથી તેના લખનાર તરીકે એ. જીવણજી જમશેદજી મોદી, બી. એ. નું નામ જાહેર થયું હતું. એ ચંચલ એરવદ સાહેબ મુલ્લાં ફીરોજ મદરેસામાં આગળ એક વિદ્યાર્થી હતા, અને એવા લાયક જવાનને આ મોટી રકમનું ઇનામ મદરેસા હસ્તક મળવાથી કારોબાર મંડળીને તેમજ એ ઇનામ આપનાર ગૃહસ્થ શેઠ અરદેસર શોરાબજી દસ્તુર કામદીનને ઘણો સંતોષ ઉપન્યો હતો. એ રૂ. ૫૦૦) નું ઇનામ મુલ્લાં ફીરોજ મદરેસાની તા૦ ૭ મી ફેબરવારી ૧૮૯૧ નેદીને સર જમશેદજી જીજીભાઇ બારોનેટ સી. એસ. આઇનાં પ્રમુખપણા હેઠલ મળેલી વાર્ષીક સભામાં નામદાર સરનશીન સાહેબે પોતાને મુબારક હાથે એ. જીવણજીને આપી નીચે પ્રમાણેના સોખનો તેવણ વિષે કહી સંભળાવ્યા હતા.

"મી૦ અરદેસર શોરાબજી દસ્તુર કામદીનવાળાં રૂ. ૫૦૦) નાં ઇનામનો રેસાલો લખીને એ. જીવણજી જમશેદજી મોદી આએ મોટું ઇનામ મેલવવાને ફતેહમંદ થયાછે તે બાબે એ વિદ્વાન ગૃહસ્થને મુબારકબાદી આપવાને અમોને ઘણી ખુશી ઉપજેછે. જરતોસ્તી ધર્મને લગતો એલમ મેલવવા પાછલ એવણની કાલજી તારીફલાયક છે, અને એ એલમમાં એવણે કેટલો સંગીન વધારો કીધો છે તેની મજબુત સાબેતી એ છેકે આ મોતબર રેસાલો લખીને એવણે મોટું ઇનામ મેલવ્યુંછે, એટલુંજ નહીં, પણ સર જમશેદજીવાળી જરતોસ્તી મદરેસા ખાતે વિદ્યાર્થી તરીકે એવણે ઘણાએક અગતના રેસાલાઓ લખીને વખતે વખત ઇનામો મેલવ્યાંછે. એ ઉપરાંત એવણનાં જુદી જુદી બાબદોને લગતાં જાહેર ભાષણોથી એવણ આપણી કોમને ઉપયોગી થયાછે. મુલ્લાં ફીરોજ મદરેસા તથા સર જમશેદજી જીજીભાઇવાળી જરતોસ્તી મદરેસા જ્યાં એવણે પોતાનો એલમ સંપાદન કીધોછે તે બન્ને મદરેસાને એવાં એવણનાં કામોથી જેબ મલેછે, અને અમો ઉમેદ રાખીએ છીયે કે બીજા વિદ્યાર્થીઓબી એવણને પગલે ચાલીને પોતે મેલવેલા એલમનો લાભ બીજાઓને આપવાની કોશેશ

કરતા રહેશે. બાઇ અરદેસર સોરાબજી દસતુર કામદીને આ અગતની બાબત ઉપર રેસાલો લખવા માટે આવું મોટું ઇનામ આપ્યું છે તે વિશે તેવણને પણ શાબાશી ઘટેછે."

એ. જીવણજીએ ખુશાલીની તાલીઓ વચ્ચે ઉપલું ઇનામ બાહલ રાખતાં કહી સંભળાવ્યું કે—"નામદાર સરનશીન સાહેબ, તમારા બખ્તાવર હાથે તમોએ મને જે ઇનામ આપ્યુંછે તે માટે તમો સાહેબનો ઉપકાર માનુંછું. બીજું મુલ્લાં ફીરોજ મદરેસા જેની મારફતે મને ઇનામ મળ્યુંછે તેની કમીટીનો ઉપકાર માનુંછું અને સેવટે આએ ઇનામ આપનાર શેઠ અરદેસર શોરાબજી દસતુર કામદીનનો ઉપકાર માનુંછું. મારા અભ્યાસમાં મને અવસ્તામાં આવેલા મહાન પુરૂષોનાં નામો વીગેરેનો ખોલાસો આપનાર એક શબ્દકોશની ખુટ માલમ પડી જે એક દીવસે ફરામજી કાવશજી ઇન્સ્ટીટ્યુટમાંથી રેલવે સ્ટેશનતરફ જતાં માર્ગમાં શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીને મેં જણાવી, એવી આશાથી કે કોઈ તરફથી તે બાબે રૂ. ૧૦૦૦) ઇયા વધુ રકમનો એક ઇનામનો રેસાલો માંગવામાં આવે, જે કોઇ પણ અભ્યાસી શું અહીંનો કે યુરોપનો લખી શકે. એ વખતે અમારી સાથે શેઠ અરદેસર શોરાબજી દસતુર કામદીનના પણ હતા. મારી વાત શેઠ કામાજીનાં કાન માટે હતી, પણ શેઠ અરદેસર જેવણ પોતાની શક્તિ પ્રમાણે કેળવણીનાં કામ માટે તારીફ લાયક સખી દીલ દેખાડેછે તેવણ ઉપર એ વાતે અસર કરી અને પાછલથી મને માલમ પડયું કે અમારા છુટા પડવા પછી તુરતજ તેવણે મોટાં દીલથી રૂ. ૫૦૦) ની રકમ એ રેસાલા માટે મુલ્લાં ફીરોજ મદરેસાની કમીટી હસ્તક આપવાની તેના સેક્રેટરીને માગણી કરી. હું ફકત એ મોટી રકમ માટેજ મારો ઉપકાર જાહેર કરતો નથી, પણ એ રેસાલો લખતાં મારા અભ્યાસમાં જે મદદ થઇ તે માટે પણ ઉપકાર જાહેર કરવાની રજા લઉંછું."

એ મુજબ ઉપલો રેસાલો લખાવ્યા તથા તેનું ઇનામ આપ્યા પછી કારોબાર મંડળી તે છપાવી પ્રગટ કરવાની કાંઇક પેરવીમાં હતી, તેવામાં એ. જીવનજીએ પોતે તે પોતાને હીસાબે તથા જોખમે છપાવી પ્રગટ કરવાની માગણી કરવાથી કારોબાર મંડળીએ તે મોટી ખુશી સાથે સ્વીકારી એ ભાઈને તે બાબેની પરવાનગી આપી હતી, અને તેની રૂહે એ. જીવણએ આએ રેસાલો પોતે છપાવી પ્રગટ કર્યોછે.

આ દફતર બાહેર પડયાથી કારોબાર મંડળી ઉમેદ રાખેછે કે જરથોસ્તી ધર્મને લગતી બાબદોના અભ્યાસીઓને તે એક અગતની ખુટ પુરી પાડશે.

ખ. રૂ. કામા,

મુલ્લાં ફીરોજ મદરેસાની કારોબાર મંડળીના સરનશીન.

દીબાચો.

આ રેસાલો લખતાં કેટલાંક જાણીતાં નામો જેઓ ઉપર અવસ્તા પછીની પાછલી પેહેલવી યા ફારસી ચોપડીઓથી રોશની પડી શકેછે તેઓ વિષે લખતાં નીચલી રીત અખત્યાર કરીછે. ૧) પેહેલાં તે નામ માટે ખુદ અવસ્તામાંથી જે હકીકત મળે તે આપીછે. અવસ્તાનાં જે અંકો આપ્યાછે તે પ્રોફેસર ગેલ્ડનરનાં પુસ્તકનાં છે. ૨) ત્યાર પછી તે નામ માટે બુનદેહેશમાંથી તેને ટેકો આપનારૂં યા તેથી વધુ જે વર્ણન મળ્યું હોય તે આપ્યુંછે. તે વર્ણન આપતાં ક્યાંથી તે લીધુંછે તેનાં ઠેકાણાનાં ઈસારા વલાયામાં આપ્યાછે. ઉપર પાનાંનાં આંક આપ્યાછે તે યુસ્તીની બુનદેહેશનાં છે. હેઠ બાબના આંક આપ્યાછે તે ડાક્ટર વેસ્તનાં તરજુમા પ્રમાણે છે. ૩) બુનદેહેશપછી દાદસ્તાનેદીની, મીનોખેરદ, દીનકર્દ, વજરકર્દદીની વગેરે પેહેલવી કેતાબોમાંથી તે બાબદને મળતા ઇસારાઓ અથવા તેથી મળતું વધુ વર્ણન આપ્યુંછે. એ માટે એરવદ એદલજી કેરેસાસ્પજી આંતીઆની હાથની લખેલી દાદસ્તાનેદીની અને દીનકર્દનો ઉપયોગ કર્યોછે અને વલાયામાં તેનાં પાનાના અંકો જણાવ્યાછે. વજરકર્દદીની અને દીનકર્દનાં આગલાં દફતરો માટે દસતુરજી પેશોતનજીનાં છાપેલાં પુસ્તકોનો ઉપયોગ કર્યોછે અને તેનાં અંક આપ્યાછે. પેહેલવી પુસ્તકોનાં બાબો જણાવ્યાછે તે ડા. વેસ્ટનાં તરજુમાનાં છે. ૪) એ પેહેલવી લખાંણો પછી ફીરદોસીનાં શાહનામામાંથી જે તેને લગતી બાબદો યા વધુ ખોલાસાઓ મલ્યાછે તે આપ્યાછે. તેનાં ઈસારાનાં આંકો મોહલના ફારસી—ફ્રેંચ શાહનામા પ્રમાણે છે. ૫) ફીરદોસી ઉપરાંત મીરખોન્દની રોઝેતુસ સફામાંથી અથવા મલકમની તવારીખમાંથી જો કોઈ બાબદ ફીરદોસી ઉપરાંત અસલ શબ્દ ઉપર રોશની નાંખનારી મલીછે તો તે લીધીછે. જ્યાં અગત દીસીછે ત્યાં ખુદ પેહેલવી કેતાબોમાંથી અથવા શાહનામામાંથી મુળ બાબદને લગતું અસલ લખાણ આપ્યુંછે કે તેથી અભ્યાસીને તે બાબદ અસલ ચોપડીમાં જોવા વગર ધેઆનમાં લેવાને બને. અવસ્તા જેવી પુરાની ભાષાનાં વિશેષનામોની ફરહંગ આપવી એ ઘણું મુશકેલ કામ છે. કારણ પેહેલું તો એક શબ્દ ખરે વિશેષનામ છે કે વિશેષણ છે યા એક સામન્યનામ છે તે મુકરર કરવું અગતનું છે. એમ કરવાની આ રેસાલામાં કેટલીક કોશેશ કરીછે, જે કેટલીકવાર તકરારી થઈ પડીછે. જ્યાં એ બાબદ ચોકસ કરવી મુશકેલ પડીછે ત્યાં જુદાજુદા ઓલમાઓ જેઓએ અવસ્તાનો તરજુમો કર્યોછે અથવા એ બાબે લખાણ કર્યુંછે, જેવાકે સ્પીગલ, હારલે, દાર્મેસ્ટેટર, યુસ્ટી, મીલસ, કાંગા, મેહેરજીરાણા વાછા, તેહેમુલજી, કામા, તેઓ તે શબ્દ વિષે શું ધારેછે અને કેવો તરજુમો કરેછે તે જણાવ્યુંછે. કેટેકેઠે જર્મન અને ફ્રેંચ શબ્દો અને ઈમલાઓજ આપ્યાછે કે એ ભાષા જાણનારા કોઈ વિદ્યાર્થીને તે શબ્દોનાં અર્થનું બરાબર રૂપ જાણવાને બને. વળી કદાચ કોઈ અભ્યાસી ગુચવાડામાં નહી પડે તે માટે એક શબ્દને તેનાં જુદા જુદા ભાગમાં આપ્યો છે. દાખલા તરીકે શબ્દ "વીસ્પો-થઉર્વો-અસ્તિ." કોઈ એ આખા શબ્દને વિશેષનામ લેછે, દાખલા તરીકે પ્રોફેસર દાર્મેસ્ટેટે. કોઈ, દાખલા તરીકે પ્રોફેસર યુસ્ટી, એ શબ્દમાંથી ફકત "થઉર્વો-અસ્તિ" ને વિશેષનામ લેછે. કોઈ એ શબ્દનાં ત્રણે ભાગો વીસ્પ, થઉર્વ અને અસ્તિને જુદાં જુદાં વિશેષનામો ગણેછે. એવા કોઈ શબ્દોમાં એ શબ્દને તેનાં સઘળાં રૂપમાં આપી એક ચોકસ શબ્દનો હવાલો વધુ ખોલાસા માટે આપ્યોછે.

એ રેસાલાનાં મુખ્ય ભાગ તરીકે સેવટે એક મોટી વંશાવળી જે બુનદેહેશનાં ત્રણ ચાર બાબોમાં છુટી પંથરાયલી મળેછે તે એકઠી કરી આપીછે. એના નામોનાં વાંચણ ઘણાં ખરાં ડા. વેસ્ટ પ્રમાણે છે. જુદા જુદા પુરૂષોની ચહડ ઉતર પેહેડી એકી નજરે જોઈ જવામાં એ ઘણી ઉપયોગી થઈ પડશે. એ મોટી વંશાવળીમાં જુદા જુદા વંશો, જેવાંકે પેશદાદીઅન, કેઆનીઅન, તુરાનીઅન અને મોબેદાનમોબે-

દોનાં, એઓની શરૂઆત જે શબ્દસોથી થાયછે તેઓના નામ આગળ તે લાલ અક્ષરથી જણાવ્યું છે. બીજું સેવટે પએગમબર જરથોસ્તનાં વડવાઓનાં નામો જેમ હાલ ધર્મસંબંધી ભણતરોમાં ભણવામાં આવેછે તેમ અને જેમ બુનદેહેશ, વજરકર્દદીની અને દીનકર્દમાં આપ્યાંછે તેમ તેઓનો એક કોથો આપ્યોછે. વળી કેઆનીઅન અને પેશદાદીઅન વંશનાં પાદશાહોનાં નામો અવસ્તા, બુનદેહેશ અને શાહાનામા પ્રમાણે આપી તેઓનાં રાજ્યના વર્ષનાં કોથાઓ બુનદેહેશ અને શાહાનામાને આધારે આપ્યાછે.

એ ફરહંગ ઉપરથી એક હાથ ઉપર અવસ્તા, બીજા હાથ ઉપર પેહેલવી પુસ્તકો અને તેમાં ખાશ કરી બુનદેહેશ અને ત્રીજા હાથ ઉપર શાહાનામા વચ્ચેનો સંબંધ ઘણો અતલગનો માલમ પડેછે. અવસ્તાનાં પુરૂષો અને જગ્યા સંબંધી ઘણાંક વિશેષનામો ઉપર બુનદેહેશ ઈશારાઓ રૂપે ઘણીક રોશની નાખે છે અને શાહાનામું તે ઈશારાઓનો વધારે ખોલાસો આપેછે. વળી એ ફરહંગમાંની કેટલીક બાબદો ફીરદુસીનાં શાહાનામાની અગત અને કીમતમાં વધારો કરેછે. એ જગપ્રસિદ્ધ શાએરે પોતાના કવી તરીકેની શક્તિનો પોતાનાં પુસ્તકમાં ઘણો ઊપયોગ કર્યોછે પણ પોતાની બાબદોનાં મુળ તરીકે તે તેને પેહેલવી પુસ્તકોને આધારે મળેલી હકીકતોને મજબુત વળગી રહ્યોછે. પેશદાદીઅન અને કેઆનીઅન વંશોને લગતી તેની કેટલીક બાબદ પેહેલવી પુસ્તકોને આધારેછે એ ઘણીક રીતે દીસેછે. ફીરદુસી પોતાનાં દીબાચામાં જણાવેછે કે તેણે પોતાની હકીકતો પેહેલવી પુસ્તકો ઉપરથી લીધીછે. એ તેનાં કહેવાની સાબેતી બીજા કોઈ દાસ્તાન ઉપરથી વધારે મજબુત રીતે નથી મળતી જેવીકે તે ઈરાની શાહ ગુશ્તાસ્પ અને તુરાની પાદશાહ અરજાસ્પની હકીકત ઉપરથી માલમ પડેછે. યાદગારે જરીરાન નામનું નાનું પેહેલવી પુસ્તક જેની એક નકલ દસ્તુરજી ડા. જામાસ્પજીનાં કેતાબખાનામાં અને એક નકલ મરહુમ શેઠ માનેકજી હાતરીઆનાં પુસ્તકખાનામાં છે તેનો ડા. ગાઇગેરે થોડુંક થયું જર્મન ભાષામાં તરજુમો બાહેર પાડયોછે. તેમાં એ કાબેલ વિદ્વાન દેખાડેછે કે ફીરદુસીની કેટલીક લીટીઓ તો જાણે પેહેલવીનો આબેહુબ તરજુમોજ છે.

આ રેસાલો લખવા માટે જે કેતાબોનાં નામો એ રેસાલામાં દીધાં છે તેઓની અને ખાશ કરી નીચલી કેતાબોની મદદ ઉપકાર સાથ કબૂલ રાખુંછું.

ઉવેસ્તરગાર્ડ તેક્ષ્ટ.

સ્પીગલનાં જંદ અને પેહેલવી ટેક્ષ્ટ.

યુસ્ટીની દીક્ષનરી.

એરવદ કા० એ० કાંગાનો ફરહંગ સાથનો વંદીદાદ અને તરજુમાઓ.

મેહેરજીરાણા વાછાની યશ્ટો.

સેક્રેદ બુક્સ ઓફ ધી ઇસ્તનાં પેહલવી અને અવસ્તાનાં વાલમો.

બુનદેહેશ યુસ્ટીની.

દસતુરજી પેશોતનની દીનકર્દ અને વજરકર્દદીની.

હારલેનો તરજુમો.

મો. મોહલનું શાહનામું.

મીરખોન્દની તવારીખ. મો. શીઆની.

સ્પીગલનો તરજુમો.

કેરશાસ્પનામું ગુજરાતી.

દસાતીર, દસ્તુર મુલાં કાઉશની.

દબેસ્તાન.

મીનોખેરદ ડા. ઉવેસ્તની.

જરથોસ્તનામું, શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીનું.

એરવદ તેહેમુરસની આવાંયષ્ટ અને જરથોસ્તી ધર્મની ખોલ કરનારી મંડળી આગળ વાંચેલો પેહેલવી જરથોસ્તનામાને લગતો રેસાલો.

એ રેસાલો તપાસનાર પરીક્ષકો મારા કાબેલ ઉસ્તાદો એરવદ કાવસજી એદલજી કાંગાનો અને એદલજી કેરેસાસ્પજી આંતીઆનો તેઓની કીમતી સુચનાઓ માટે અને તેઓ-ની એ કામ તરફની ભલી દીલસોજી માટે ઉપકાર માનુંછું. એઓમાંથી એરવદ એદ-લજી આંતીઆએ મેહેરબાની કરી તસદી લેઈ એ રેસાલાને છાપનારનાં હાથમાં મુકવા લાયક હાલતમાં મેલી આપ્યોછે તે માટે તેવણુનો હું વધુ આભારી થયોછું. એ રેસાલાએ મેળવેલાં ઈનામ માટે તે આપનાર સખી ગૃહસ્થનો અને મુલ્લાં ફીરોજ મદરેસાનો હું મોટો ઉપકાર માનુંછું. શેવટે આએ પુસ્તકને આસરો આપનારા સાહેબોનો આભાર માનુંછું, જેઓમાં સર જમશેઠજી ત્રાન્સલેશન ફંડના સરનશીન અને તરસતી સાહેબોનો, તેઓનાં કીમતી અને મેહેરબાની ભર્યાં આસરા માટે હું ખાશ કરી ઉપકારી છું. એ ઉપયોગી ફંદ તરફથી તેનાં ભલા સેકરેતરીની દીલસોજ અને કદર શનાસ ભલામનથી, ઈરાની સાહીત્ય સંબંધી મારી બીજી અદના કોશેશોની માફક, આએ કોશેશને જે ઉલત અને મદદ મળીછે તે માટે મોટું એહસાન જાહેર કરૂંછું. સેવટે જે નાજુક અને હેતવંતા હાથે જેમ મારાં બીજાં પુસ્તકોને તેમ આએ પુસ્તકને પ્રુફશીટ વીગેરે તપાસી છાપાખાનામાંથી પસાર થયલું જોવાના કંટાળા ભરેલાં કામમાં મને મદદ કરીછે તેનો ઉપકાર માની બંદ કરૂંછું.

કોલાબા, તારીખ ૬ ઠ્ઠી મેહે, ૧૮૯૨.

લા. સેવક,

જીવનજી જમશેદજી મોદી.

[illegible]=અઈન્યવ; ય. ૧૩-૧૨૨,૧૨૪

એક પુરૂષનું નામ, જે વીવરેશ્વતનો અને વોહુપેરેશનો વડવો થાય. સ્પીગલ અને હારલે (ય. ૧૨૨) એ શબ્દ વિશેષનામ યા વિશેષણ તરીકે લેતા નથી, કારણ કે વેસ્તરગાર્ડ નોતમાં જણાવેછે તેમ એ "અર્ઇન્યવહે" શબ્દ ઘણીક નકલોમાં મળતા નથી. પણ એ વાક્યની આજુબાજુનાં વાક્યોમાં "ફલાંનાંનો-ફલાંનો" એમ બેવડાં વિશેષનામો આવેછે તે ઉપરથી દીસેછે કે સ્પીગલવાલી નકલમાં એ નામ ભુલથી જતું રહ્યું છે. ફકરા ૧૨૪ માં એઓ એ શબ્દ લેછે અને તેને વિશેષનામ ગણેછે અને તેને "વોહુપેરેસ" નો વડવો લેછે.

[illegible]=અઇપિવંધુ ય. ૧૩-૧૩૨;

૧૯-૭૧. ફરવરદીન અને જમ્યાદયશ્ટોમાં કેઆનીઓનાં નીચલાં નામો એકજ ફકરામાં સાથે આવેછે તે ઉપરથી એ કે-કોબાદનાં વંશનો દીસેછે. એ બન્ને યશ્ટોમાં નીચલાં નામો એક પછી એક આવેછે. ૧. કવાત, ૨. અઇપિવંધુ, ૩. ઉસધન, ૪. અર્પન, ૫. પિસનંઘ, ૬. બ્યારેસાન, ૭ સ્યાવરેસાન, ૮. હઓસ્રવંઘ. એ આઠે કેઆની નામ આપણે અઇપિવંધુના નામની સાથે હવેજ મુકરર કરીશું બુનદેહેશ. બા. ૩૧-૨૫ માં એજ નામો આપણને થોડાંક હેરફેર મળેછે તે ઉપરથી પેહેલાં આપણે એઓના પેહેલવી નામો અને વંશાવલી મુકરર કર્યે. બુનદેહેશ પ્રમાણે અનુક્રમે એઓનાં પેહેલવી નામો નીચે પ્રમાણે છે:—

૧. કવાત, ૨. અપીવહે, ૩. કાઉસ, ૪.અર્શ, ૫. પીશન, ૬. વીઆર્શ, ૭. સ્યાવક્ષ અને ૮. ખુસ્રુ.

એ કેતાબપ્રમાણે એઓનાં સગપણની વંશાવળી નીચેપ્રમાણે છે.

કવાત
|
અપીવહે.
|
- અર્શ
- વીઆર્શ
- પીસન
- કાઉસ
  |
  સ્યાવક્ષ
  |
  કએખુસ્રો.

એ વંશાવળીમાંનાં પાદશાહોનાં (અઇપિવંધુસિવાયનાં) નામો શાહનામામાંથી નીચલાં અનુક્રમ પ્રમાણે આપણને મળેછે. ૧ کیقباد કોબાદ, ૨ શાહનામામાં એને મલતું નામ નથી મળતું, ૩ کاوس કાઉસ, ૪ آرش આરશ, ૫ پشین પશીન, ૬ ارمین અર્મીન, ૭ سیاوش સ્યાવશ, ૮ کیخسرو કએખુસ્રુ.

શાહનામાની નીચલી લીટીઓ કોબાદના છોકરા અઇપિવંધુનાં ૪ છોકરાઓનાં નામ ઉપર પ્રમાણે મુકરર કરેછે. ફીરદોસીએ એ ચારેને કોબાદનાં છોકરાઓ જણાવેલાછે અને અઇપિવંધુ વીશે કાંઈ બોલતો નથી. એવું દીસેછે કે એ અઇપિવંધુ કોબાદની હેયાતીમાંજ ગુજરી ગયો હોય અને તેનાં ચાર છોકરાઓ કોબાદનાં મરણ વખતે હેયાત હોવાથી ફીરદોસીએ અથવા જે લખાંણ ઉપર તેણે આધાર બાંધ્યો હોય તેણે તેઓને ફકત કોબાદનાં છોકરાઓ ગણ્યાછે. Mohl. I. 482.

پسر بد خردمند اورا چهار
که بودند ازو در جهان یادگار
نخستین چو کاوس با آفرین
کی آرش دوم بد سوم کی نشین

بهارم كي ارمين بوش نام
سپردند گيتي بارام و كام

ડાક્ટરો ક્રુસ્ટી અને ઉવેસ્ટ એ અઇપિવં-ઘુને શાહાનામાનો ઉપલો અરમીન ધારે-છે, પણ તેમાં એ બન્ને વિદ્વાનો દેખતી રીતે ભુલેછે. જે અનુક્રમે એક પછી એક ફરવરદીન અને જમ્યાદયશ્ટોમાં અઇપિવંઘુનાં ચાર છોકરાઓના નામ જણાવ્યાં છે તેજ અનુક્રમે બરાબર ફીર-દોસીએ આપેલાં કોબાદનાં ૪ છોકરા-ઓનાં નામ ઉપર પ્રમાણે લેતાં અર્મીન તો અઇપિવંઘુનાં ચોથા છોકરા બ્યારે-શાન (પેહેલવી વીઆર્શો) નું ફારસી શા-હનામાનું નામ છે. બીજું ફીરદોસી તો કોબાદને કોઇ છોકરો જણાવતોજ નથી. ત્રીજું એ ચારે નામો ભાઇઓનાં જ-ણાવેછે, ત્યારે એ ચારમાંથી ત્રણ, ભાઇ-ઓનાં લેવાં અને એક બાપનું લેવું અને ચોથા ભાઇનું નામ સરખાવા વગર રે-હેવા દેવું એ દુરસ્ત દીસતું નથી. એ અનુક્રમ અવસ્તા અને ફીરદોસીનો કેવો સરખો છે તે દેખાડવા અને ઉપલા વિદ્વાનો એ બાબદમાં કેવા ભુલ્યાછે તે દેખાડવા ફીરદોસીની લીટીઓ ઉપર ઉ-તારી છે. બુનદેહેશ (બા. ૩૧–૩૧) પ્રમાણે ફરહંગ અથવા ફરાંનક એ એની મા-એનું નામ હતું જેણીની વંશાવલી મી-નોચેહેર સુધી નીચે પ્રમાણે પોહોચેછે. ફરહંગ (અથવા ફરાંનક) ઉર્વતગએક્સ્ત -રાક-દુરાશોબ-મીનોચેહેર.

[Avestan]=અઇર્યેમન. વં. ૨૨–૮.૯.૧૪

[Avestan] અર્યેમન એક ફરેસ્તાનું નામ છે જેનું કામ સુખ–આરામ, મનને શાંતી વગેરે આપવાનું છે.

[Avestan] અઇર્યે. ય ૧૦–૧૩ અઇર્યે અથવા ઇરાની લોકો.

[Avestan]=અઇર્યેન. વં. ૧–૧; ૩. ૨–૨૧

[Avestan] ایران ઈરાન, ઇરાની.

[Avestan]=અઇર્યેન. વ-એજંઘ. વં. ૧–૧, ૩. ઇરાંનવેજ. ઘણા પુરાતન જમાનાનું ઈરાનવેજ. આમુદર્યા (ઓકસસ) અને સરદર્યા (ઝકઝાર-ટીસ) નામની નદીઓના વચ્ચે હાલનાં બીલુર્તાગ પાહાડની ઉત્તર પશ્ચિમે અને પામીરનાં પાહાડોની ઉત્તરે આવેલું હતું. એ મુલકનો વિસ્તાર પાછલથી પશ્ચિમ ભણી ઘણો વધતો ગયો હતો. ઇરાંન શ-બ્દના નામથી એ મુલક પાછલા જમા-નામાં બોહલો વિસ્તાર રોકતો હતો. બુન-દેહેશ (બા. ૨૯–૧૨) એને આજરબ-ઇજાન સાથ જોડેછે. [Avestan]

[Avestan] વળી આજ-રબએજાનમાં આવેલી દરજી નદીને ઇરાન વેજમાં જણાવીછે)બા ૨૦–૩૨). વળી પએગમબર જરતોશને ઇરાંનવેજનો જણાવ્યો છે (ઈ. ૯–૧૪). એ સઘલા ઉપરથી દીસેછે કે ઈરાંન વેજનો વીસ્તાર બોહલો છેક પશ્ચિમ શુધી ફેલાયલો હતો.

[Avestan]=અઇર્યેવ. ય. ૧૩–૧૩૧.

બુનદેહેશ (બા. ૩૧–૯)નો [Avestan] અને શા-હનામાનો ایرج એરચ. અવસ્તા બુન-દેહેશ અને શાહનામાંપ્રમાણે એ મીનો-ચેહેરનો વડવો થાય. બુનદેહેશ અને શાહનામા પ્રમાણે એ ફરેદુનનો છોકરો થાય. બુનદેહેશ પ્રમાણે એને [Avestan] વાનીતાર અને [Avestan] અના-સ્તોખ નામે બે છોકરા અને [Avestan] કરી એક છોકરી હતી.* એરચનાં ભાઇ સેલમ અને તુરે એરચને અને તેનાં

* ક્રુસ્ટી એ નામ પાન્દ્ર હરે આપેછે પણ તેહેમુરસવાળી બુનદેહેશ અને ડાક્ટર ઉવેસ્ટ એ નામ ગુન્ક આપેછે.

બન્ને દીકરાઓને મારી નાખ્યા હતા. એરચનાં બાપ ફરેદુને એરચની છોકરીને છુપાવી રાખી જેણીને પેટે એક છોકરી અવતરી. એરચની છોકરીને પેટે છોકરી અવતરવાની વાત પેલા કાકાઓને પડવાથી તેઓએ તે માએને પણ મારી નાંખી પણ તેણીની દીકરીને ફરેદુને કેથે છુપી રીતે ઉધારી. એણીની પેહેડી દર પેહેડીની ૧૦ મી ઓલાદ મીનોચેહેર જન્મ પામ્યો જેણે પોતાનાં વડવા એરચનાં કીનામાં તેના ભાઇઓ સેલમ અને તુરને મારી નાખ્યા. બુનદેહેશ પ્રમાણે એરચની મીનોચેહેર સુધીની વંશાવલી નીચે પ્રમાણે છે. બા. ૩૧-૧૪ (૭૮-૧૯)

[illegible] અએરચ.

|

[illegible] [illegible]

[illegible] અથવા [illegible]

છોકરી

|

[illegible]

|

[illegible]

|

[illegible]

|

[illegible]

|

[illegible]

|

[illegible] (ઊવેસ્ટવાળી નકલમાં એ [illegible] છે)

|

[illegible]

|

[illegible]

|

[illegible]

|

[illegible]

[illegible] [illegible] [illegible]

ફીરદોસી પ્રમાણે એરચની માહા આફ્રીદ નામની એક બાયડીને પેટેની એક છોકરી જેણીને ફરેદુને પોતાનાં એક ભાઇનાં છોકરા પશંગસાથ પરણાવી હતી તેનો એ છોકરો હતો.

[illegible] = અઇવિખરે નંઘ: ય. ૧૩—૧૧૭ એક પુરૂષનું નામ.

[illegible] = અઇવિસુથ્રેમ: એ વેસરૂથ્રેમ ગાહ. સૂર્યની રોશની બેમાલુમ થાય ત્યારથી મધ્યાનરાત એટલે ૧૨) વાગ્યા સુધીનો વખત.

[illegible] અઇવ્યાઓંઘનઃ ય ૧-૧૭. ઇ ૯-૨૭. જરતોશ્તીઓ ધર્મની ઇંધાની તરીકે કમ્મર ઉપર ઉનનો બનાવેલો કમ્મરબંધ બાંધેછે તે.

ઇજિસ્નેની ક્રિયામાં બરસમના તાર બાંધવાને ખજુરીની પાતરી એક બુબવાલો મોઅેદ કાપી લાવીને વાપરેછે તે.

[illegible] = અઉર્વન્તઃ ય ૧૯-૩. જમ્યાદયષ્ટમાં કાવંકુ પાહાડ સાથે એ શબ્દ આવેછે તેને ઘણાકો વિશેષણ લેછે પણ એ ડાકટર ધુસ્ટી અને ઉવેસ્ટ સાથે એક મલતા થાઇ હામદાંનની પડોસમાં આવેલા અલવંદ પાહાડ સાથ સરખાવી શકાય જે અલવંદ પાહાડને હમકારાની પાજંદ આફ્રીનમાં "હમા-

જોર અર્વંન્દ કોહ" કરી યાદ કર્યોછે. એ બુનદેહેશ (બા૦ ૧૯-૩) વાળો [illegible]

[illegible] કુહે અલવંદ અથવા અર્વંન્દ છે. જેને યુસ્ટી પોતાની બુનદેહેશમાં ભૂલથી અનવંદ વાંચેછે.

[illegible] = અઉર્વત અસ્પ: ૫ ૫-૧૦૫ આવાંયત્ પ્રમાણે કએવીસ્તાસ્પનો બાપ. બુનદેહેશ (બા. ૩૧-૨૯) પ્રમાણે પણ કએવીસ્તાસ્પ (ગુસ્તાસ્પ) નો બાપ. કએકોબાદથી એના આગળી અને પાછળી વંશાવલી નીચે પ્રમાણે છે. (બા. ૩૧-૨૮, ૨૯)

કએકવાદ
|
કએ અપીવેહ
|
કએપીસીન
|
માનુશ
|
અઉર્ઝવ
|
લોહરાસ્પ
|
- વીસ્તાસ્પ
  - સ્પેન્દાદ (અસ્પંદીઆર).
    - વોહુમન
    - આતરો તરાહ
    - મીત્રોતર્સ
    - અને બીજાએ.
- ઝરીર
- બીજા ભાઇએ (નામ નથી આપ્યાં)

પેહલવી બુનદેહેશ, પાઝંદ હમકારાની આફ્રીન અને ફારસી શાહનામામાં એને લોહરાસ્પ કહેછે, દસાતીરમાં [illegible] તીનાસ્પ કહેછે. બુનદેહેશ પ્રમાણે એણે ૧૨૦ વર્ષ રાજ્ય કર્યું હતું. ફીરદોસી પ્રમાણે (ફીરદોસીના એ બેતો મોહલનાં શાહનામામાં નથી) એ શાહ કાઉસની છોકરી સાથ પરણ્યો હતો. એના બે છોકરા ગુશ્તાસ્પ અને ઝરીર વિષે બોલતાં એ બાબે ઇશારો નીચલી બેતોમાં કરેછે.

دو شاه سرفراز دو نیک پی .:.
نبیره جهاندار کاوس کی
بهان هردواز دخت کاوس بود .:.
زتخم منوچهر واز طوس بود

બુનદેહેશ કહેછે કે એને ગુશ્તાસ્પ અને લોહરાસ્પ સિવાય બીજા છોકરાએ હતા, જોકે તે તેનાં નામ આપતો નથી. પેહેલવી લખનાર એઓનાં નામ આપતો નથી તથા ફીરદોસી એને ઉપલાજ બે છોકરા હતા એમ ધારેછે. ફીરદોસી ઉપરથી માલમ પડેછે કે જ્યારે પાદશાહ કએખુશ્રુએ વનવાસ કરતી વેળાએ એને પોતાનો વારીવારેસ ઠરાવ્યો, ત્યારે એ કોઇરીતે ઘણો જણાયલો નહી હતો. એ કારણને લીધે સઘળા ઇરાના ઉમરાએ તરફથી એક આગેવાન તરીકે જાલેઝર પેહેલવાન એને પાદશાહ તરીકે કબૂલ રાખવા ના પાડેછે તે સાફ કહેછે કે "કોણના વંશથી એ ઉતરેલોછે તે હું જાણતો નથી, એનું ખાનદાન શું છે તે હું જાણતો નથી." કએખુશ્રુ એની ઉંચી બુનીઆદ અને ભલા ગુણો જણાવેછે ત્યારેજ તેઓ એને કબૂલ રાખેછે.

એની જીંદગી વિષે ફીરદોસી ઉપરથી નાચલી હકીકત મળેછે. એ એક પરહેજગારપાદશાહ હતો અને ભણેલાઓ અને પરહેજગારોને આસરો આપતો હતો. એણે બલખમાં આતશ બરઝીન નામના આતશ માટે એક મોટું આતશ કદેહ સ્થાપ્યું. એને ગુશતાસ્પ અને ઝરીર નામના બે છોકરા હતા તેમાં ગુશ્તાસ્પ જરા ઉછાછળો હતો. તેના મનમાં એમજ આવતું હતું કે એનો બાપ કૈકાઉસનાં ખાનદાનના શાહજાદાઓ ઉપર મેહેરબાની રાખેછે અને તેની ઉપર નહી. તેણે એ ઉપરથી બાપ પાસે જુદું રાજપાટ માગ્યું પણ લોહરાસ્પે તેને શિખામણ દીધી કે તું હજુર ઘણો જુવાન છે. તે ઉપરથી તે રીસાઇ કાબુલ તરફ નિકળી ચાલ્યો જ્યાંથી ઝરીર અને બીજા ઇરાનીઓ તેને જઇને પાછો સમજાવી લાવ્યા. ત્યાર પછી એક

વખત ફરીથી લોહરાસ્પે કાઉસનાં ખાનદાનવાલાઓ તરફ મેહેરબાની દેખાડી તેના ગુસ્સામાં ગુશ્તાસ્પ એખલો દરબાર છોડી રૂમ તરફ નિકળી ચાલ્યો. દરબારમાં એક હેરબદે શાહને સમજાવ્યો કે ગુશ્તાસ્પને સમજાવી પાછો તેડાવે. ગુશતાસ્પ રૂમ જાઈ ત્યાંનાં કએસરની છોકરી કેતાયુનસાથ પરણ્યો. ત્યાર પછી કએસરે ઇરાનનાં શાહ પાસ ચોથાઈ માંગી તેનો જવાબ ઝરીર કએસરની દરબારમાં લાવ્યો અને ત્યાંથી ગુશ્તાસ્પ જે બીજે નામે ત્યાં રહ્યો હતો તેને પોતાસાથ ઇરાન લાવ્યો અને પછી લોહરાસ્પે પોતે ગાદી ત્યાગ કરી તેને રાજ આપ્યું અને પોતે એકાંતવાસ જીંદગી બલ્ખમાં ગુજારવા લાગ્યો. પછી જ્યારે તુરાંની શાહ અરજાસ્પે જરતોસ્તી દીન સામે જંગ મચાવી અને અસ્પંદીઆરની બંદીખાને ગેરહાજરીમાં બલ્ખ ઉપર એકાએક હુમલો કર્યો ત્યારે એ પાદશાહ તેને હાથે માર્યો ગયો. રેક્રેતુસ સફાનાં લખનાર મીરખોન્દ પ્રમાણે ગોદરેજનાં છોકરા રેહામ જેને બખ્તનસર કહેતા (અને જે જુનાં તેસ્ટેમેન્ટનો નેબુકડનજર હતો) તેણે એ પાદશાહ માટે જેરૂશલેમ જીતી લીધું હતું.

[illegible]=અઉર્વેસાર : ય ૧૫-૩૧ એક શખ્સનું નામ છે. એ રામ ઇજદ આગળ અર્જ ગુજારેછે કે કએખુસ્રુ તેને મારે નહી અને તે કએખુસ્રુનાં હાથમાંથી નાસવાને શક્તિવાન થાય. તેને દંધુપઇતિ કહ્યો છે તે ઉપરથી દિસેછે કે તે કોઈ દેશનો પાદશાહ હતો. આવાંયશ્ટ (ક. ૫૦) માં પાદશાહ કએખુસ્રુ એક ધણીનું નામ દીધા વગર તેની સામે દુવા ગુજારેછે કે એક બુરો શખ્સ જે તેની સામે ઘોડાપર લડેછે તે તેનાથી નાસી જવા પામે નહી તે એજ ઉર્વેસાર દિસે છે. ત્યાં કએખુસ્રુ એજ ફકરામાં એજ દુવાસાથે અર્જ ગુજારેછે કે હું દેવો, જાદુગરો વગેરે ઉપર ફતેહ પામું. એ ઉપરથી દિસેછે કે એ કોઈ મુલકનો પાદશાહ હતો, જે અકારયાલની કુમકે કએખુસ્રુ સામે લડતો હતો. જમ્યાદયશ્ટ (ક. ૭૭) પણ એનો ઇશારો કરેછે અને કહેછે કે કએખુસ્રુએ તેને જંગલમાંથી પસાર થવા દીધો નહી.

[illegible]=અએખ. ય ૧૮-૨ એક દરદ અથવા દરદની ઉપરના દેવનું નામ હારલે. સં. अक्षु સાથ સરખાવે છે.

[illegible]=અએજખ. ય ૧૯-૪ એક પાહાડનું નામ.

[illegible]=અએત. ય ૧૩—૧૨૩. માયુ નામનો કોઈ શખસનો છોકરો યા એશી જેની ફ.વષિને યાદ કરી છે. કોઈ નકલમાં એ નામ [illegible] કરી મળેછે. ફ.વરદીનયશ્ટનાં ફકરા ૧૧૧ થી ૧૨૮ સુધીમાં યાદ કરેલા નરોમાંનો એ એક છે કે જેઓનાં નામ બુનદેહેશ યા શાહનામામાંથી મળતાં નથી એઓ કોઇ બીજા કેશ્વરનાં નામો દિસેછે અથવા સોશ્યોસની માફક દંતકથાથી ઉતરી આવેલા નામોમાંના કોઇ મહાન પુરૂષના નામો છે.

[illegible] = અએવો-સરેઘો-ફયએશ્ત. ય. ૧૩—૧૨૫. યુસ્ટી દાર્મસ્ટેટેર અને હારલે એ શબ્દને વિશેષનામ ગણી એક પુરૂષનું નામ લેછે. મેહેરજીરાણા વાછા એની આગમચના ફ્રિતો શબ્દને પણ એની સાથે લેઈ એ આખા "ફ્રિતો-અએવો-સરેઘો-ફયએશ્ત" શબ્દને એક પુરૂષનું નામ લેછે. પ્રોફેસર સ્પીગલ એને ફ્રિતોનો વિશેષણ લેછે અને અર્થ કરેછે કે "who possesses most of one kind." જો એ વિશેષનામ લેઇએ તો એ શખ્સ વિષે અવસ્તા પેહેલવી યા ફારસીમાં બીજું કાંઇ મળતું નથી શિવાય

કે તે થ્રિતો નામનાં શખ્સનો બાપ હતો.

=અએશ્મ. એ દેવોમાંનો એક મુખ્ય દેવ છે. તે ગુસ્સાનો દેવ છે. નઇર્યોસંઘ એને ક્રોધ દેવના નામથી કહે-છે. બુનદેહેશ (બા. ૨૮-૧૫) માં તે કરી મળેછે જે કેટલાકો 'એશમ' વાંચેછે અને ઘણાકો 'ખશમ' વાંચેછે જે ઉપરથી ફારસી خشم એટલે ગુસ્સો શબ્દ નિકલ્યોછે. બુનદેહેશમાં જણાવે છે કે એ દેવમાં સાત બુરી શક્તિઓ છે જેથી તે માણસ જાતને નુકસાન કરેછે. સરોશયષ્ટ (ક. ૪) પ્રમાણે એ સરોશનો હરીફ છે. અવસ્તાના અએશ્મો દએવો (એસમ દેવ) નામને બરાબર મળતો એક દેવતો Book of Tobit નામની Old Testament ને લગતી એક ખ્રીસ્તી ચોપડી જે કેથલીકો કબૂલ રાખેછે પણ પ્રોટેસ્ટંટો નહી, તેમાં Asmodeus ને નામથી મળેછે.

= અઓઇધિમતસ્તીર. ય ૧૩-૧૨૫ એ એક શખ્સનું નામ છે જેના છોકરા અવરેગાનાં ફરોહરને યાદ કર્યુંછે.

= અઓઇદ્રિ. ય. ૧૩-૧૦૪. એ એક જાતનાં ચોકસ ગુનાહ અથવા દરદનું ખાસ નામ છે જેમાં માણસની મની ઓટી રીતિ ખરાબ થાયછે. એ ફકરામાં આવેલાં નામો એ અને એને મળતાં બીજાં દરદોનો ખાસ ઉપાય સોધી કાહાડનારા તબીબોનાં નામ દીસેછે.

=અઓધ: ય ૧૨—૧૮ (વં ૧-૨૦) એ ફકરામાં અઓધઐષુ રંગયાઓ શબ્દો આવેછે તેનો સઘલા તરજુમો કરનારાઓ રંગાના પાણીનો અર્થ કરેછે. દાર્મેસ્ટેટર ધારેછે કે એ અને ૧૯ મા ફકરામાં આવેલાં સેનક શબ્દો રંગા (જેને એતાઇગ્રીસ ધારેછે તે) ના કિનારા ઉપરની કોઇ જગ્યા હોય.

=અઓષનર. ય ૧૩-૧૩૧. ફરવરદીન યષ્ટમાં "અઓષ નરહે પોઉરુ-જીરહે અષોનો ફ્રવષીમ યજમૈદે" એ પ્રમાણે ફકરો આવવાથી હારલે, મેહેરજી રાણા વાછા વગેરે એને પોરૂજીરનો છોકરો યા ખાનદાનનો ગણેછે પણ સ્પિતમાન જરતોશતની આફ્રીન ઉપરથી માલમ પડેછે કે 'પોરૂજીર' ફક્ત વિશેષણ છે. ત્યાં કહેછે કે તું અઓશનર જેવો લાંબી જીંદગીવાલો થજે. વલી એરવદ કાવશજી કાંગા દાર્મેસ્ટેટે વગેરે 'પોરૂજીરનો' જુદો જુદો અર્થ કરેછે. પણ એ અર્થ અઓશનરના વિશેષનામનાં અર્થ ઉપરથી મુકરર થાયછે. અઓશનર= અ + અઓશ + નર = નહી + મોત + નર = વગર મોતનો એટલે ઘણી લાંબી જીંદગીનો નર. ડાકટર ઉવીનદીશમાન એ અઓશનરને બુન-દેહેશના (૭૭-૬ બા ૩૧—૩) નારેશ જેને તેહેમુરસ્પનો ભાઈ ગણ્યોછે તેની સાથ સરખાવેછે.

ફરવરદીન યષ્ટમાં વીવંઘહાન—ફરેદુન, મીનોચેહેર જેવા નામીચા પાદશાહોનાં નામ સાથે અને આફ્રીને સ્પિતમાન જરતોશતમાં ફરેદુન, જમશેદ, કએકાઉસ જેવા નામાંકીત નામોની સાથે એનું નામ આવેછે તે ઉપરથી દિસેછે કે એ કોઈ નામાંકીત પેશદાદીઅન વંશનો મહાનપુરૂષ હોય જેણે લાંબી નીરોગ જીંદગી ગુજારી હોય. પેહેલવી દાદસ્તાને દીનીમાં પણ એ શખ્સનું નામ કેટલાક પેશદાદી અને કેઆંની મહાન પુરૂષો સાથે મલેછે. ત્યાં એક દાહપણવાળા માણસને આઓશનર સાથ સર્ખાવ્યોછે. (પા. ૯૭ ક. ૬ બા. ૩૭—૩૫)

એટલે "અકલથી પુર આદમી અઓશ-

નરની માફક છે." એ પુરએરદ શબ્દ જેઓ પેગંમબર જરતોસ્તની આફ્રીનમાં "પોરૂજીરો" નો અર્થ "પુરચાલાકી વાલો અથવા દાહાપણવાલો" કરેછે તેઓને ટેકો આપેછે. એ બુનદેહેશવાલો નારેશ, ડા૦ ઉવીનદીશમાન કહેછે તેમ, હોય અને તેપ્રમાંણે જમશેદનો ભાઈ હોય, તેને એ બાબદથી ટેકો મળેછે કે પેગંમબર જરતોસ્તની આફ્રીનમાં એનું નામ તેહેમુરસ્પ અને જમશેદની સાથેજ આવેછે કે જેઓ બુનદેહેશપ્રમાંણે ભાઈઓ હતા.

[illegible] = અકતષ. વ ૧૦-૧૩, ૧૯-૪૩. એ એક દેવનું નામ છે. અએશમ દેવની સાથે આહરેમનનો શરીક છે.

[illegible]. [illegible] = અકમનંઘ. ય ૧૯-૪૬. એક દેવનું નામ જે તેનાં અર્થ (બુરૂમન) પ્રમાણે વોહુમનો એટલે બહમનનો દુશમન. એ દેવનું કામ માણસના મનમાં બુરા વિચાર દાખલ કરવાનું છે. એને એશમદેવની સાથે અજીદહાક અને સ્પીતુરને આડે માર્ગે લાવતો જણાવ્યોછે.

[illegible] = અકયધ. ય ૧૩-૧૨૭. એ પીધ નામનાં ખાનદાનનો એક મહાન પુરૂષ છે. સ્પીગલ એ ખાનદાનનું નામ પીધને બદલે પુધ આપેછે અને એ અકયધ શબ્દને વિશેષ નામ લેવાને બદલે સામાન્ય નામ લેઈ અર્થ કરેછે કે "ગુનાહ વગરના અથવા બીગુનાહ". એ ફકરાનો તે તરજુમો કરેછે કે "પુધ કુટુંબવાળાઓમાંના બી ગુનાહોની ફ્રવષિને અમો આરાધીએ છીએ."

[illegible] = અખ્તય. ય ૫-૮૨. અખ્ત જાદુગર. આવાંયજ્ઞ પ્રમાણે એ ઘણાં ભેદી અને ભરંમ ભર્યાં સવાલ પુછનાર શખ્સ હતો. યોઇસ્તો યો ફ્રયાન (ગોશ્તે ફ્રયાન) નામનાં એક પરેહજગાર શખ્સે આવાં અર્દ્વીસુરની સેતાયશ કરી તેની બરકતથી તેનાં ૯૯ ભેદ ભર્યાં સવાલોને ખોલાસો કરી તેને માહાત આપી હતી. અવસ્તામાં જણાવેલા ૯૯ સવાલમાંથી હાલમાં (માંદીગાંને ગોશ્તફ્રયાન) [illegible] નામની પેહેલવી કેતાબમાં ફક્ત ૩૩ સવાલો બચેલા છે. એ કેતાબ પ્રમાણે [illegible] અખ્ત જાદુગરે પુછેલા ૩૩ શવાલોનો ગોશ્તફ્રયાનએ પુરતો ખોલાસો કર્યો. પછી ગોશ્તફ્રયાનએ તેને ૩ સવાલો પુછયા જે તેને ન આવડવાથી તેણે હારેમનની મદદ માગી પણ તેનાથી પણ તેને ખોલાસો નહીં મલવાથી સરત પ્રમાણે ગોશ્તફ્રયાનએ તેનો નાસ કર્યો. દાદસ્તાને દીની (બા. ૯૦-૩) અને બેહેમનયષ્ટ (બા. ૨-૧) માં જ્યાં કેટલાક અમર કીર્તિવાન પુરૂષોનાં નામ આપ્યાં છે ત્યાં એ ગોશ્તફ્રયાનને પણ અમર કીર્તિવાન ગણ્યો છે. એ અખ્ત જાદુગર અને ગોશ્તફ્રયાનની વાત અને અખ્યાના અવસ્તામાં પેહેલાં સંપૂર્ણ હોવાં જોઈએ પછી પેહેલવીમાં તેનો તરજુમો થયલો હોવો જોઇએ. એને મલતો એકાદ દાખલો યુનાની લખાણોમાં Œdipe and Sphynx નો મલેછે જેમાં જણાવ્યા પ્રમાણે જેમ ઈરાન ઉપર અખ્ત જાદુગર હુમલો લાવ્યો હતો તેમ સ્ફીંક્સ નામનું ગંજાવર જાનવર Thebes થીબ્સ શેહેર ઉપર હુમલો લાવ્યું હતું અને તે દેશના લોકોને મોતની સરતથી અખ્યાણું પૂછ્યું હતું જે આખરે Œdipe નામનાં શખસે સમજાવ્યું અને જેમ ગોશ્તફ્રયાનએ અખ્ત જાદુગરનો બરસમની ક્રિયામાં વપરાતી પવિત્ર છરીથી નાસ કર્યો તેમ એદીપે સ્ફીંક્સનો ભોગ આપવાની છરીથી નાસ કર્યો.

[illegible] = અખ્રએરથ: ય ૧૩-૧૩૧. ય ૯-૨૨; ૧૯-૭૭ બુનદેહેશનો [illegible] ફીરદોસીનો اغریرث.

બુનદેહેશ (બા. ૩૧–૧૫) પ્રમાણે એ અફ્રાસ્યાબ અને કર્સીવઝનો ભાઇ થાય. એની ચઢતી પેહેડીમાટે જુઓ મોટી વંશાવલી. યશ્ટોમાં પાદશાહ કએખુશ્રુ દુવા ગુજારેછે કે તે સ્યાવક્ષ અને અગ્રએરસનાં કિનામાં તુરાંની અફ્રાસ્યાબને મારે. હોમ ફ્રાસ્મી પણ દુવા ગુજારેછે કે તે અફ્રાસ્યાબને કેદ પકડે અને કએખુશ્રુને હવાલે કરે કે તે કએખુશ્રુ તેને સ્યાવક્ષ અને અગ્રએરસનાં કિનામાં મારી નાખે. હવે સવાલ એ છે કે કએખુશ્રુ તુરાની અગ્રએરસનો કિનો અફ્રાસ્યાબ ઉપર શાને માટે લેવા માંગે. એનો ખુલાસો બુનદેહેશ અને શાહનામા ઉપરથી મળેછે. બુનદેહેશ કહેછે કે જ્યારે અફ્રાસ્યાવે (અફ્રાસ્યાબે) મીનોચેહેરને ઇરાનીઓ સાથે "પદશખ્વાર" નાં પાહાડોમાં કેદ કર્યો અને તેઓમાં નાશ અને તંગી ફેલાવી ત્યારે અગ્રેરદે ખોદાપાસે અર્જ ગુજારી અને તે અર્જ બાહાલ રહી અને ઇરાની સરદારો અને લશ્કર તે બલામાંથી બચ્યું. તે વાંક માટે અફ્રાસ્યાવે અગ્રેરદને મારી નાખ્યો (બા૦ ૩૧–૨૧. ૨૨). એ ઉપરથી ત્યારે દિસેછે કે કએખુશ્રુએ અગ્રએરસનો કિનો અફ્રાસ્યાબ ઉપર લેવાને ઇછ્યું હતું તે એટલા માટે કે ઇરાની સરદારો અને લશ્કરની સલામતીની ખાતર તેને પોતાનાં ભાઇને હાથ માર્યું જવું પડ્યું હતું. હવે અવસ્તાનાં ઇશારાનો અને બુનદેહેશથી તેને મલેલા ટેકાનો ખોલાસો શાહનામા ઉપરથી વધુ પુરતો મળેછે. ફરક માત્ર એટલોજ છે કે જ્યારે બુનદેહેશ એ બનાવ મીનોચેહેરનાં રાજ્યમાં જણાવેછે ત્યારે શાહનામું તેના વારેસ નોદરનાં રાજ્યમાં જણાવેછે. ફીરદોસી પ્રમાણે અફ્રાસ્યાબને નોદરસાથે ત્રણ ત્રણ લડાઇઓ થઇ જેમાં આખેરે નોદર અને કેટલાક ઇરાની સરદારો અને સિપાહો કેદ પકડાયા. એક આગલી લડાઇમાં અફ્રાસ્યાબનાં સરદાર વેસેનો છોકરો બારમાન એક ઇરાની સરદાર કારનને હાથે માર્યો ગયો હતો તે કિનાનો ખારવેસેને મલે તેટલા માટે* અફ્રાસ્યાબે નોદરને મારી નખાવ્યો અને પછી તેની સાથનાં સરદારો અને સીપાહોની મોટી સંખ્યાને મારી નાખવાનો હોકમ આપ્યો. એ વેલાએ અઘ્રેરસ વચમાં પડ્યો અને અફ્રાસ્યાબને એવા સંખ્યાબંધ ફરમાબરદાર સરદારોને અને સિપાહોને મારવાથી હાથ ઉઠાવવા સમજાવ્યું અને માંગી લીધું કે તેઓને તે "સારી" નામની જગ્યાએ બંદ કરે પણ મારી નહી નાંખે (Mohl I. ૪૨૬). અફ્રાસ્યાબે અઘ્રેરસની અર્જ કબૂલ રાખી અને તેથી એ ઇરાનીઓનાં જાન બચ્યા. એટલુંજ નહીં પણ વળી થોડુંક પછી તેઓને અઘ્રેરસની એક તાજમેલથી છુટકારો પણ મળ્યો તેની હકીકત ફીરદોસી પ્રમાણે નીચે પ્રમાણે મળેછે. (Mohl I. પા ૪૨૮.) જ્યારે નોદરનાં માર્યા ગયાની ખબર તેના બેટાઓ તુસ અને ગસતહમને પડી ત્યારે તેઓએ જાલેજર આગલ જઇ શોક અને શોરબકોર કરી પોતાના બાપનો કીનો લેવાનો વીચાર જાહેર કીધો અને અફ્રાસ્યાબ ઉપર હુમલો લઇ જવાનો વિચાર કર્યો. એ વાત જ્યારે પેલા "સારી" માં બંદ પડેલા ઇરાની લશ્કરને ખબર પડી ત્યારે તેઓ ઘભરાયા કે એ હોમલાથી ગુસ્સે થઇ અફ્રાસ્યાબ તેઓને મારી નખાવશે માટે અઘ્રેરસને તેઓએ પોતાને છોડી મેલવાની અરજ કરી. અઘ્રેરસે કહ્યું કે "જો એમ હું તમોને છોડી મેલું તો અફ્રાસ્યાબ મને મારી નાખે માટે જો જાલેજર આ જગ્યાએ હુમલો લાવે તો હું આ જગ્યા જાણે તેઓનાં હુમલાથી બીહીને છોડીને ચાલી જાઉં અને પછી તમારો છુટકારો પોતાની મેળે ઇરાનીઓને હાથે થાય." પેલા લશ્કરે જાલઉપર એવી મતલબનો પેગામ કેહેવાડ્યો. જાલે તુરત કેશ્વાદને એક લશ્કર આપી "સારી" તરફ મોકલ્યો. જેવો તે નજદીક આવ્યો કે અઘ્રેરસ જે નજદીકમાં હતો

આગળ રહ્યો હતો તે પેલા બંદીવાનોને "સારી" માંજ મેલી ચાલી ગયો અને કેશ્વાદે આવીને તુરત સઘલા ઇરાની બંદીવાનોનો છુટકારો કર્યો. હવે એ વાતની જ્યારે અફ્રાસ્યાબને ખબર પડી ત્યારે તે તેની ઉપર ચીરડાયો કે. "મેં તુને એઓને મારી નાંખવા કહ્યું ત્યારે તેં એમ નહીં કર્યું." અઘ્રેરસે તેને જવાબ આપ્યો કે તુને "બીજાઓ ઉપર જરા પણ દયા દેખાડવી જોઇએ અને જ્યારે પણ કોઇને બુરૂ કરવાની ટક મળે ત્યારે ખોદાની ધાસ્તી રાખવી જોઇએ ને કોઇને દુઃખ દેવું નહીં"

هرانگه که آید بر بد دسترس
ز یزدان بترس و مکن بد بکس

આ જવાબથી અફ્રાસ્યાબને ગુસ્સો લાગ્યો અને તેણે શમશેર ખેંચી અઘ્રેરસને કતલ કર્યો. એ ખબર જેવી જાળને થાઈ કે બીચારો અઘ્રેરસ ઇરાનીઓનાં જાન બચાવતાં પોતે માર્યો ગયો ત્યારે તુરત તે વધુ કિનેવર થાઈ તુરાન ઉપર ધસ્યો. એ વર્ણન ઉપરથી ત્યારે સમજ પડેછે કે ઇરાની કએખુશ્રુ તુરાની અઘ્રેરસનો કિનો શા માટે લેવા માંગેછે. હવે અવસ્તા ઉપરથી જે માલમ પડેછે કે હોમ અને કએખુશ્રુની મોરાદ બર આવી અને તેઓએ અફ્રાસ્યાબને પકડી તે ઉપર અઘ્રેરસનો કિનો લીધો તે શાહનામા ઉપરથી ખુલ્લું માલમ પડેછે. જ્યારે હોમ ફ્રાશ્મી અફ્રાસ્યાબને પકડેછે ત્યારે પેહેલું નામ અઘ્રેરસનું દેઈ તેને છોડવા ના પાડેછે. પછી નોદર અને શ્યાવક્ષનું નામ દેછે. તે કહેછે કે (Mohl. IV, P 198)

بدو گفت اینجا نه آرام تست
جهانی سراسر پر از نام تست
ز شاهان گیتی برادر که کشت
که شد نیز با پاک یزدان درشت
چون اغریرث و نوزر نامدار
سیاوشی که بود از کیان یادگار

એજ પ્રમાણે જ્યારે સેવટે કએખુશ્રુ અફ્રાસ્યાબને મારેછે ત્યારે અઘ્રેરસનું જે ખુન તેણે કીધું હતું તેની યાદ તે અફ્રાસ્યાબને તેના મીનતજારીનાં સવાલનાં જવાબમાં આપેછે. ત્યાં પણ તે પેહેલી યાદ અઘ્રેરસની આપી પછી નોદર અને સ્યાવક્ષનાં ખુનની યાદ આપેછે. (Mohl. IV. P. 206)

چنین داد پاسخ که ای بر کنش
سزاوار پیغاره و سرزنش
ز خون برادرت گویم نخست
که هرگز بلای مهانرا نجست
دگر نوزر نامور شهریار
که از تخم ایرج بد او یادگار
سه دیگر سیاوش که چون او سوار
نه بندد کمر نیز یک نامدار

અવસ્તાના ઇશારાઓ જેને ઉપર પ્રમાણે બુનદેહેશ અને શાહનામાથી ટેકો મળેછે તે ઉપરાંત બુનદેહેશ વધુ એમ જણાવે છે કે તેને ગોપતશાહ નામનો એક નેક ભલો બેટો પેદા થયો હતો. એવો ભલો બેટો તેની નીરદોશ ઇરાનીઓની ઉપર કહેલી જાન બચાવવાની તેની કોશેશના બદલામાં જનમ્યો હતો. (બા. ૩૧-૨૨)
ફીરદોસી વધુ એ કહેછે કે પોતાના ભાઇને પોતાના હાથે મારી નાંખવાનું કામ એવું તો જબુન હતું કે તેનો બાપ પશંગ એ માટે અફ્રાસ્યાબ સાથે ઘણો લાંબો વખત સુધી રૂશાઈ રહ્યો હતો.

અવે એને અવસ્તામાં "નરવહે" કહ્યોછે. તેનો અર્થ હારલે-મેરજીરાણા-વાછા-બુસ્ટી 'નરવ'નો છોકરો યા ખાનદાનનો એમ કરેછે. દારમેસ્ટેટે અર્થ કરેછે કે "માણસ જેવો અથવા અર્ધો માણસ" અને તેનાં ટેકામાં બુનદેહેશનું એને વિષે કોઈ અલંકારીક લખાણ લેછે. સ્પીગલ એ શબ્દને અઘ્રેરસની સાથેજ લેઈ "અઘ્રેરથ નરવ" કરીને આખું નામ લેછે. અવે એનાં બાપદાદાઓની વંશાવળી તો બુનદેહેશ પ્રમાણે નિચેપ્રમાણે જાયછે.

અઘ્રેરદ-પશંગ-ઝએસ્તી-તુરક-સ્પએનીયસ્ત-દુરોશસ્પ-તુગ-ફ્રેદુન. એ વંશાવળીમાં આપણને 'નરવ' નામ કેઠે મળતું

નથી. તેથી દિસેછે કે એ કોઈ એનાં વડવાનું નામ નથી. અવે આફ્રીન ગાનનાં દીબાચામાં જેવી રીતે કયોમર્સનું નામ લેવામાં આવેછે, તેવી રીતેજ એનું નામ લેવામાં આવેછે કે "કયોમર્સ નર અશો" "અઘ્રેરસ નરઅશો" તે ઉપરથી એ બાબદનો ખોલાસો મળેછે. કયોમર્સનાં બાપનું નામ કંઈ જણાયલું નથી. કારણકે તેને ઇરાની વસ્તીનો પેહેલો આદમ અથવા પેહેલા પાદશાહ જણાવેલાછે. તેથી એનું નામ દેતાં એના બાપનું નામ દેવામાં આવતું નથી. પણ ફકત "કયોમર્સ નરઅશો" એટલે "ભલા અથવા અશોનર કયોમર્સને અમો યાદ કર્યે છીયે" એમ જણાવ્યુંછે. એજ પ્રમાણે અઘ્રેરસનું નામ યાદ કરવામાં આવેછે તેનો અર્થ પણ એમજ થાયછે કે "અશોનર અઘ્રેરસ." ફ.વરદીન યશ્ટમાં (૧૩૧) અઘ્રએ રથહે નરવહે અપએનો ફ.વષીમ્ યજમઇદે." કરીને શબ્દો આવેછે તેને મલતાજ આફ્રીન ગાનનાં દીબાચાનાં શબ્દો છે. એ ઉપરથી માલમ પડેછે કે 'નર' અંહીં કોઈ શખ્સના નામ તરીકે શબ્દ નથી પણ ફકત સામાન્ય નામ તરીકે 'નર' અથવા "બાહાદુર શખ્સ" ને અર્થે વપરાયલોછે.

અવે કયોમર્સનો કોઈ બાપ નહીં હોવાથી તેનું નામ એ રીતે વપડાય પણ અઘ્રેરસનો બાપ "પશંગ" હોવા છતાં એમ શું કરવા તેના બાપનું નામ નહીં વાપડવામાં આવ્યું. તે વળી બીજો સવાલ ઉભો થાયછે, તેનો ખોલાસો મને એ દિસેછે કે એ એક તુરાની બાપનો તુરાની છોકરો હતો. તેણે ઈરાનીઓની શારી સેવા બજાવેલી તે માટે યાદ કરવામાં આવેછે માટે તેના નામસાથે તેનાં 'પશંગ' જેવા બુરા અને ખરાબ તુરાની બાપનું નામ દેવામાં તેને પોતાને જાણે અપમાન ભર્યું ગણવામાં આવ્યું હોય. એટલામાટે ફકત "અશોનર અઘ્રેરસ" એમ તેને યાદ કરવામાં આવ્યો. બુનદેહેશમાં (બા. ૨૯-૫) જ્યાં એને સોકવસ્તાન અથવા સાકીસ્તાને અથવા સેજીસ્તાનનો વડો ધર્મગુરૂ કહ્યોછે ત્યાં કહેછે કે એને "ગોપતશાહ" પણ કહેછે. આપણે આગળ કહ્યું કે એક કેતાબમાં જણાવવા પ્રમાણે એને ગોપતશાહ્નામનો દીકરો પણ હતો. એ બન્ને બાપ દીકરાનું નામ એક હોવાનો ખોલાસો એ દિસેછે કે "ગોપતશાહ" કાંઈ એઓનું અંગીત નામ નહતું. પણ દાદિસ્તાને દીની (પુરસેસ ૮૯) પ્રમાણે એ ગોપતનામનાં મુલકનો રાજા હોવાથી તેને એ નામ આપ્યું હોય અને તેનો છોકરો પણ એજ નામથી જણાયો હોય.

[illegible] = અંગ્રમઇન્યુ. એ આહારેમન માટેનો અવસ્તાનો શબ્દ છે. એ ઓદાની સ્પેનાંમીનોની વૃદ્ધી કરનારી શક્તિની વિરૂધ ઘટાડો કરનારી બુરી શક્તિ છે. આ દુન્યામાં ઘટાડો દુઃખદરદ વગેરે બુરી અસરો ઉત્પન કરનાર અંધકારનું મુળ એ છે. વૃદ્ધી કરનારી ભલીમીનોની સારી પેદાયશો વિરૂધ એ બુરી પેદાયશ ઉત્પન કરેછે. એ બન્ને શક્તિઓ વચ્ચે જાથુક લડાઇ છે. પ્રથમમાં ભલી મીનોજ હતી અને શેવટે પણ તેનોજ જય છે અને એ અંગ્રમીનોનો પરાજય છે. તે સર્વે ભલાઓને લલચાવે છે તેમ તેણે જરતોસ્તને પણ લલચાવાની કોશેશ કરી હતી. પણ શેવટે નાઉમેદ થયાથી હાય અફસોસ કીધી. જરતોસ્તનાં જન્મથી તે વિલાપ કરેછે. બુરાઓને આડે માર્ગે ચલાવી પછી તેઓને તાના મારેછે.

[illegible] = અંધુયુ. ય ૧૩-૧૧૯. એ બુનદેહેશાન્યા શાહનામામાં નહીં જણાયલો ઇરાનની બાહેરનાં કોઇ બીજા કેશ્વરનો મહાન પુરૂષ છે જેની ફ.વષિને યાદ કરી છે.

[illegible] = અઝિદહાક. જુવો [illegible]

[illegible]=અંકસ. ય ૧૩-૧૨૪. હવરૈઝ નામના શખ્સની સાથે આ નામ દ્વિવચનમાં છે તે ઉપરથી દિસેછે કે એઓ બન્ને ભાઈ હોય.

[illegible]=અંતરે કંઘ. ય ૧૯-૪. એ એક પાહાડ છે. આવાંયષ્ટ (ફ. ૫૪) વાલો કંઘ અને એ એકજ દિસેછે. આવાંયષ્ટ પ્રમાણે ઇરાની તુસ અને તુરાની વૈસે એ પહાડની નજદીક એકમેકને મારવા ઇચ્છેછે. શાહનામાનો કંઘદેઝ (એટલે કંઘનો કીલ્લો) એજ પહાડ ઉપર છે, જે સ્યાવક્ષે જ્યારે તે પોતાની સાવકીમા શોદાબેના જુલમથી બાહેર નિકલી ગયો હતો ત્યારે સ્થાપ્યો હતો. એની સ્થાપનાવિષે ફીરદોશી નીચલાં બેતો કહેછે.

کنون بشنو از کنگ دژ داستان
بدین داستان باش همداستان
که آنرا سیاوش برآورده بود
بسی اندر او رنجها برده بود

ફીરદોસી એ પાહાડને ચીનથી એક મહીનાના રસ્તાપર મેલેછે અને તેને ખ્વારીઝમનાં મુલકમાં જણાવેછે. બહમનયશ્ત પણ જણાવેછે કે સ્યાવક્ષે એ ઉપર "દેઝ" યાને કીલ્લો બાંધ્યો હતો. બુનદેહેશ એની જગ્યાવિષે કહેછે કે (બા. ૨૯-૧૦) "તે બાજુએ આવેલા મોટા દર્યાથી ઘણાં ફરસંગ દૂર પૂર્વ દિશા તરફ આવ્યોછે. એ ખ્વઇનીરસ બાંમીનાં કેશ્વરની હદમાં છે." એજ કેતાબ (બા. ૩૨-૫) પ્રમાણે જરતોશ્તનાં એક બેટા ખોરશેદ ચેહેરનું હંઈ મથક હતું.

[illegible]=અંતરે દંઘુ. ય ૧૯-૨. એ એક પહાડનું નામ છે. એ નામ ફકત જમ્યાદયષ્ટમાંજ આવેછે અને બીજે કેડે અવસ્તામાં યા પેહેલવીમાં આવતું નથી કે જેથી તેની જગ્યા મુકરર થાય.

[illegible]=અંતરે માઉંઘ. ય. ૧૯-૮. જુવો [illegible]

[illegible]=અપ્રુતવાઓ ય ૧૯-૬. એ એક પહાડનું નામ છે. બુનદેહેશમાં એ નામ દિસતું નથી.

[illegible]. [illegible]=અનઘ્ર રઓચાઓ. એ શબ્દ ઉપરથી ૩૦ દાહાડાઓમાંના છેલ્લા માટેનો અનેરાન શબ્દ થયેછે. અર્થ પ્રમાણે બેહદ રૌશની. એ શેહેરવર -ખુરશેદ- મેહેર અને આસ્માનનો હમકાર છે. છેલ્લા ત્રણનો રોશની અને રોશનીનાં મુળ સાથનો સંબંધ જોતાં એનો તેઓ સાથનો સંબંધ ખોલ્લો દિસેછે. બુનદેહેશમાં (બા. ૨૭-૨૪) એ યજદનો હોમપાલા સાથ સંબંધ કહ્યો છે.

[illegible]=અનાહિત. એ અવસ્તાનાં અર્દ્વિસુરનાં વિશેષણ તરીકે વપડાયો છે. આખા નામને બદલે એ પાછલા શબ્દના નામે એ આવાંઈજદની સેતાયશો અસલનાં જમાનામાં દુન્યાનાં ઘણાક ભાગમાં ફેલાઈ હતી. એ અર્દ્વિસુર અનાહિતને મલતો યુનાની દેવ તો 'અનાહિતીસ' હતો જેને આર્ટેમીસ અને એફ્રોદાઇટિનાં જુદાં જુદાં ઉપનામે યુનાનનાં જુદા જુદા ભાગમાં યાદ કરવામાં આવતો હતો. અનાહિતનો પાછલથી 'નાહીદ' બન્યો જે સુક્રનાં તારા તરીકે તેમજ એક દેવતા તરીકે રોમન Venus, ને મલતો આવેછે. એ વલી હીબ્રુ અને સીરીયન દેવતા Astarte ને મલતો છે.

[illegible]=અપઓષ. ય ૮-૨૧, ૨૨, ૨૮, ય ૧૮-૨, ૬. પેહેલવી [illegible]. એ એક દેવનું નામ છે જેનું કામ તેનાં ધાતુ પ્રમાણે સઘળી ચીજ બાલી યા સુકવી નાંખવાનું છે. તે વરસાદ ઉપરના મવક્કલ તેશ્ત્રયનો હરીફ છે. તીરયશ્ત (૨૧ થી ૨૩, ૨૭ થી ૨૯) માં તેસ્તર (વરસાદ

ઉપર નામવક્ષુલ યજદ) અને અપોષ (સુકારા અથવા પાણીની તંગી લાવનાર દેવ) વચ્ચેની લડાઈ વર્ણવીછે. એને મળતુંજ વર્ણન બુનદેહેશ (બા. ૭-૮ થી ૧૦) માં છે. એજ કેતાબ (બા. ૨૮-૩૯) પ્રમાણે અસ્પેન ગરગાક (અવસ્તાનો સ્પેંજગ્ર) નામનો દેવ એનો સાથી છે. ઝાદસ્પરમ (બા. ૬-૯ થી ૧૧) પણ અપોષ અને તેશ્ત્ર્ય વચ્ચેની અલંકારીક લડાઈનું વર્ણન આપેછે.

= અપક્ષિર. ય ૧૩-૧૨૭

સ્પીગલ એ શબ્દને આગળા શબ્દ "દાઝ્ગરો ગાઓ"માંનાં શબ્દનું વિશેષણ લઈ અર્થ કરેછે કે (ગાઓ) જેઓ દુધ (ક્ષીર) વગરની. યુસ્ટી એને દંઘેઉશનું વિશેષણ લઈ અર્થ કરેછે કે Milchlosen Gegend એટલે "દુધવિનાની જમીનનાં મુલ્કમાં." બીજાઓ એને એક મુલ્કનું નામ ગણેછે પણ તે કીયો મુલ્ક તે જણાતું નથી. એ એક વિશેષ નામ છે અને વિશેષણ નથી તે એ ઉપરથી વધારે દિસેછે કે "પરશત્ ગાઓ" જેને એક મુલ્કનો જણાવ્યોછે તે બુનદેહેશ (બા. ૬૯-૧ બા. ૨૯-૩) પ્રમાણે હફતકેશ્વર શિવાય બીજા મુલ્કોમાંનાં એકનો વડો ધર્મગુરૂ હતો, ત્યારે એ ફકરા ઉપરથી દિસેછે કે તે અપક્ષિર મુલ્કનો વડો ધર્મગુરૂ હતો.

= અપગધ. વં ૨૧-૨ એક જાતની બીમારીનું નામ છે. હારલે કહેછે કે કદાચ એની આગળનો શબ્દ 'ગધ' Murder ને માટે હોય અને એ Homicide ને માટે હોય.

= અપર જાત. ય ૧૩-૧૨૭

એને કોઈ વિશેષ નામ લેછે તેમ તે નથી તે માટે જુવો.

= અપરતનંધ. ય ૧૯-૪૨ જમ્યાદયષ્ટનો એ ફકરો ઘણો ગુચવણ ભર્યોછે. સ્પીગલ, દાર્મેસ્ટેટે, મેહેરજી રાણા વાછા, એઓએ એ ભાગ સમજ પડતો નથી કરી મુકી દીધોછે. એ શબ્દ એક પુરૂષનું વિશેષ નામ દિસેછે પણ તેને વિષે કાંઈ જણાયલું નથી.

= અપામ્. નપાત્. ય ૧-૫, ૨-૫, ૭૧-૨૩, ય ૮-૩૪, ય ૧૯-૫૨.

જેમ નર્યોસંગ આતશને લગતો યજદ ગણાયો છે તેમ અપામ્ નપાત્ પાણીને લગતો યજદ છે. હવામાં બનતા કોઈ કુદરતી બનાવનું એ પણ સ્વરૂપ દેખાય છે કે જે બનાવથી વરસાદ પડેછે. નર્યોસંગ સાથે એને યાદ કરવામાં આવેછે (હા ૭૧-૨૩) તે એજ કારણથી છે. નર્યોસંગ એક આતશનો યજદ છે જે હવાની વીજલી, ચમકારા, ગગડાટનાં સ્વરૂપની યાદ આપેછે. એ બનાવોને પાણીનાં વાદલાં અને વરસાદનાં પડવા સાથ સંબંધ છે. જેમ નર્યોસંગનું નામ વેદમાંથી પણ મળેછે તેમ અપામ્ નપાતનું નામ પણ વેદમાંથી (नापात्) મળેછે એ ઉપરથી દિસેછે કે એઓ અસલી એરીયન જમાનાના યજદો છે. પાણી માણસ જાતની બનાવત અને ઉપયોગ માટે શું ભાગ લેછે તે તરફ જોતાં એને જમ્યાદયષ્ટ (ફ. ૫૨) માં માણસની ઉત્પનતીમાં ભાગ લેતો જણાવ્યો છે તે સમજ પડેછે. વલી પવન, વરસાદ, વીજલી, પાણી, એ સઘલા વચ્ચેનો સંબંધ આપણે જોયે છીયે ત્યારે એને તીરયષ્ટ (૩૪) માં 'વાત' અથવા પવન સાથે દુન્યા ઉપર પાણી પાથરતો જોઈએ છીયે તેનું કારણ સમજ પડેછે. ત્યારે અવસ્તામાં આવેલા એ શબ્દનાં વર્ણન ઉપરથી માલમ પડેછે કે પાણી ઉત્પન કરનાર કુદરતી બનાવ અને સાંધનો આતશ (ગરમી), વીજલી, વાદલાં, પવન સાથ એને સંબંધ છે. પેહેલવી પુસ્તકો એને વિષે કાંઈ કેહેતાં નથી.

[illegible] = અમેરેતાત્. સાત અમશાસ્પંદોમાંનો છેલ્લો અમશાસ્પંદ (બુનદેહેશ બા. ૧-૨૬). એ અમશાસ્પંદ હમેશાં ખોરદાદનો ગોઠીઓ છે. તે ઘણુંખરો ઓરવરો ઉપર મવક્કલ છે (બુનદેહેશ. ૯-૨). એ બન્ને અમશાસ્પંદો જેઓ પાણી અને ઝાડપાન અથવા ખોરાક ઉપર મવક્કલ છે તેઓ તારીક અને ઝારીક જેઓ ભૂખ અને તરસ ઉપરનાં દેવો છે તેઓનાં હરીફ છે. (બુનદેહેશ. ૩૦-૨૯). એ અમશાસ્પંદ તેના નામનાં અર્થ પ્રમાણે લાંબી જીંદગી આપેછે.

[illegible] = અમેષ-સ્પેન્ત. અમશાસ્પંદ. અવસ્તામાં સાત અમશાસ્પંદ જણાવ્યાછે. એ અમશાસ્પંદો ચઢતે દરજ્જેનાં યજદો છે. એઓ હીંદુઓનાં 'આદીત્ય' અથવા ખીસ્તીઓનાં Archangel સાથે ચઢતાપણામાં મળતા આવેછે. એ અમશાસ્પંદોના નામ અહુરમજદયષ્ટ પ્રમાણે ઘણા અસરકારક માથ્ર ગણાયાં છે. અવસ્તામાં જણાયલા બીજા યજદો એ સાત અમશાસ્પંદોનાં "હમકાર" એટલે સાથે કામ કરનાર ગણાય છે. એઓ દરેક નીતિમાન ગુણ અને સાથે સૃષ્ટીની એકેક ઉમદા પેદાયશ ઉપર મવક્કલ છે.

[illegible] = અમ્રુ. ય ૧૩-૧૦૯ અમ્રુ અને ચમ્રુ નામના શખ્સોના ફરોહરને ફરવરદીનયષ્ટમાં આરાધ્યાંછે. સ્પીગલ, યુસ્ટી, દાર્મેસ્ટેટર એઓને બુનદેહેશવાળાં (બા. ૨૪-૧૧, ૨૯) અમ્રુ [illegible] અને ચમ્રુ [illegible] પક્ષીઓ ગણેછે. જો કે ખરૂં છે, કે ફરવરદીનયષ્ટ પ્રમાણે પક્ષીઓની પણ ફ્રવષિ છે, તો પણ અંહી તો એઓ કોઈ શખ્સોના નામ છે. એ અમ્રુને પક્ષી માટેનાં 'સએન' (ય ૧૨-૧૭) શબ્દ સાથે લેઈ સએન અમ્રુને શીમોર્ગ સાથ સરખાવવામાં આવેછે. શાહનામાના શીમોર્ગ માટે કેટલાક લખનારાઓ લખી જાયછે કે એ નામનો એક દાનાવ પુરૂષ હતો. તે વિચાર ધ્યાનમાં લેતાં એ અમ્રુ કોઈ દાનાવ પુરૂષ હોય. જો કેટલાકોનાં ધારવા પ્રમાણે એ અમ્રુ અને ચમ્રુ પક્ષી હોય તો તેઓ બાબેનું વર્ણન આપણને મીનોખેરદમાંથી મળેછે. ત્યાં (૬૨-૩૭) કહે છે કે એ અમ્રુ પક્ષી જાદબીશ (એટલે દુઃખને દુર કરનાર) નામના ઝાડપર બેસેછે ત્યારે તેના બેસવાથી સેકડો નાની દાંખલીઓ ભાગી જાયછે અને તેના બીઆં નીચે ખરી પડેછે. તે જ્યારે તે દાખલી પરથી ઉડી જાયછે ત્યારે હજારો નવા પીલા ફુતી નિકળેછે. ચમ્રોશ પક્ષી અમ્રુની પડોસમાંજ રહેછે. અને અમ્રુનાં ઝાડપર બેસવાથી જે બીઆં નીચે પડેછે તે ઊંચકી લેઇ જ્યાં તશ્તર પાણી રેડેછે ત્યાં લેઈ જાયછે કે ત્યાં તે બીઆં પાણી સાથે જમીન પર પડે.

[illegible] = અયઘ્ન વં ૨૧-૧૭ એ એક દરૂજ દેવનું નામ છે. વંદીદાદની પેહેલવી સરેહ એને હારેમનનું એક ઉપનામ ગણેછે. ત્યાં એને [illegible] "અનઅવીદાન હારેમન" એટલે નાદાન હારેમન તરીકે ગણ્યોછે.

[illegible] = અયો અસ્તિ. ય ૧૩-૧૧૨. એ પઉરૂધાસ્તિ નામના શખ્સનો છોકરો હતો. ફ્રવરદીનયષ્ટ પ્રમાણે એ નીચલી વંશાવલી પ્રમાણે ક્ષતાવએન્યના ખાનદાનથી ઉતરેલો છે.

ક્ષતાવએન્ય
- પઓરૂધાક્ષ્તી
  - અયોઅસ્તિ
  - વોહૂઅસ્તિ
  - ગયધાસ્તિ
    - અશાવઝ્યોદન
  - અશ્વજદંઘ
  - ઊરૂધ
- ક્ષ્વોઙ્વરાસ્પ

એનું ખાનદાન શાહ ગુશ્તાસ્પ પછીનું કોઈ જાણીતું ખાનદાન હોવું જોઇએ

કારણ એના બાપ પઉરૂધાક્તિ અને ભાઈ અશ્વજદંઘનુ નામ આવાંયશ્ટમાં પણ આવેછે ત્યાં એનો ભાઇ અષ્વજદંઘ તુરાનીઓ સામે ફતેહની બક્ષેસ માંગેછે.

[illegible]=અયશ્રેમ. ઈ ૧-૯. વરસના ૭ ધમબારોમાંનો ચોથો જે મેહેર મહીનાને આસ્તાદ રોજથી શરૂ થાઇ અનેરાન રોજે ખલાસ થાયછે. એ ધમબારપર ગરમીની મોસમ ખલાસ થાયછે. શરેહ કરનારાઓપ્રમાણે એ વખત ગાય, ઘોરો, પશુઓનો બચ્ચાં પેદા કરવાની મોસમ (breeding season) નો છે. આફ્રીને ધમબાર પ્રમાણે એ વખત ઉપર અહુરમજદે ઓરવર એટલે ઝાડપાણો પેદા કર્યાં. જે શખ્સ એ ધમબારની ક્રિયા કરે યા તેમાં ભાગ લે તે જાણે અશો માણુસને ૧૦૦૦ ઉંટની માદા બચ્ચાં સાથે ભેટ આપતો હોય તેટલો સવાબ લાગે.

[illegible]=અર. ય ૧૩-૧૧૦ એ બેરેજીરાનુ અને કસુપતુ નામના બે શખ્સો જેઓને ફ્રવરદીનયશ્ટમાં આરાધ્યા છે તેઓનો બાપ હતો.

[illegible]=અરવઓશ્ત્ર ય ૧૩-૧૨૪. એક મહાન પુરૂષનું નામ, જે એરેજ્વત્ દંઘુનો છોકરો યા ખાનદાની. જુવો [illegible]

[illegible]=અરેજઓન. ય ૧૩-૧૧૭ એક મહાન પુરૂષનું નામ.

[illegible]=અરેજંઘત. ય ૧૩-૧૧૩. એક પુરૂષનુ નામ. એને તુરહે એટલે તુરાની કહ્યોછે, તે ઉપરથી દિસેછે કે એ તુરાની અશોમર્દ હોવાથી તેને પણ આરાધ્યો છે.

[illegible] =અરેજત્ અસ્પ.ય. ૫-૧૦૯, ૧૧૩; ૯-૩૦; ૧૭-૫૦; ૧૯-૮૭ બુનદેહેશનો [illegible] શાહનામાનો [illegible]. આવાંયશ્ટમાં પાદશાહ ગુશ્તાસ્પ અને ઝરીર એ બન્ને ભાઈઓ દુવા ગુજારેછે કે તેઓ એ દરવંદ અરજાસ્પને મારવાને શક્તિવાન થાય. એઓની મુરાદ બર આવેછે અને એ અરજાસ્પ પોતે એ ગુશ્તાસ્પ અને ઝરીરને મારવાની અને ઈરાન દેશને વેરાન કરવાની બદ દુઆ માંગેછે તે કબૂલ રખાતી નથી. ગોશ અને અર્શિશંગયશ્ટોમાં ગોશ્તાસ્પ ઓખલો એ દુવા ગુજારેછે તે બર આવેછે. ઉપર કહેલી દુવા બર આવીને ગુશ્તાસ્પે જે જગ્યાએ અરજાસ્પને હરાવ્યો હતો તેને બુનદેહેશમાં [illegible] 'મીઆનદશ્ત' નો પહાડ કેહેછે (બા૦ ૧૨-૩૨). બહમનયશ્ટ (બા૦ ૩-૯) માં એ લડાઇની જગ્યાને 'સ્પેદરઝુર' [સફેદ જંગલ. અવરનાનુ સ્પઅંતનિશ રજુર (શામ. ૫. ૩૧)] કહીને. એ અરજાસ્પને યશ્ટોમાં જેમ 'ખ્યઓન' નો અરજાસ્પ કહ્યોછે તેમ યાદગારે ઝરીરાનમાં પણ એને ખ્યઓનનો પાદશાહ કહ્યોછે.

શાહનામા પ્રમાણે એ અરજાસ્પ તુરાનનો પાદશાહ હતો અને ઈરાન પાસ ચોથાઈ લેતો હતો, જે ચોથાઈ શાહગુશતાસ્પે પએગમબર જરતોસ્તના કહેવાથી એ બુતપરસ્ત પાદશાહને આપવાની બંધ કરી. એઉપરથી એક દેવે અરજાસ્પને ઈરાન અને જરતોસ્તી નવી દીનસામે ઉશ્કેર્યો અને તેને પોતે મદદ આપવાને કહી. તે ઉપરથી અરજાસ્પે એક સખ્ત નામું ગુશ્તાસ્પ ઉપર લખ્યું. એ નામાંનો અસ્પંદીઆર ઝરીર અને જામાસ્પ જેવા નવી દીનનાં બેરખાહોએ શાહનાં હોકમથી જવાબ આપ્યો. એ ઉપરથી ઈરાન અને તુરાન વચ્ચે લડાઈ ઉઠી. જેમાં પેહેલાં જામાસ્પનો છોકરો ગેરામી અને શાહનો ભાઈ ઝરીર બીદરફશ નામના તુરાની સરદારને હાથે માર્યા ગયા.

પછી પાદશાહનાં છોકરા અસ્પંદયાર અને ઝરીરનાં છોકરા નસ્તુરે બીદરફશને માર્યો. અરજાસ્પ નાઠો. પછી જ્યારે અસ્પંદયારને શાહા ગુસ્તાસ્પે બંદીખાને નાખ્યો ત્યારે ફરીથી તે ઇરાન ઉપર લડાઈ લાવ્યો અને બલ્ખ આવી એકાંતવાસ થયલા લોહરાસ્પને મારી નાખ્યો. ગુસ્તાસ્પ બલ્ખ દોડી ગયો પણ તેને અરજાસ્પથી નાહસવું પડ્યું. ગુશ્તાસ્પને અસ્પંદયારને બંદીખાનામાંથી છોડવાની ફરજ પડી. સેવટે અસ્પંદીયારથી હાર ખાઈ અરજાસ્પ નાઠો. પણ અસ્પંદીયાર હફતખાન તોડતો તેની પુથે ગયો અને તેને તેના મુલકમાં જાઇને મારી નાખ્યો.

=અરેંજહિ. આપણી પૃથ્વી જે સાત કેશ્વરોમાં વેંહચાયલીછે તેમાંનો પેહેલો કેશ્વર (ય ૫-૩૦; ૮—૪૦; ૧૦-૮૫; ૧૫—૨૦, ૧૯—૮૨; વિ. ૩૨—૩; ૬૧-૫) બુનદેહેશ (બા. ૫ અને ૧૧) પ્રમાણે આપણી પૃથ્વીનો અર્ધો ભાગ પાણીથી ધંકાયલોછે, અને અર્ધો ભાગ જમીનથી. જમીનનો ભાગ સાત કેશ્વરમાં વેંહચાયલોછે. તેઓની ગોઠવણ નીચે પ્રમાણેછે. ખનીરથ વચમાં છે તેની પૂર્વે સવહિ પશ્ચિમે અરેંજહિ, દક્ષિણે ફ્રદધફશુ અને વીદધફશુ, ઉત્તરે વઓરૂ બરેશ્તિ અને વઓરૂ જરેશ્તિ. બુનદેહેશ (બા. ૫ અને ૭) ઉપરથી દિસેછે કે એ કેશ્વરો તો પૃથ્વિની સપાટીના ભાગો હતા કોઇ મુલકના નામો નહી હતાં. તેઓ કટીબંધને મળતા કોઈ ભાગ હતા. ફારસી લખનારાઓ પણ અવસ્તા અને પેહેલવીને મળતા હફતકેશ્વરો વિષે બોલેછે. આરબો પણ "હફત એકલીમ" માં પૃથ્વિના ભાગ કરેછે. નઇર્યોસંઘે એને મળતા मूसप्तद्विपायाम् શબ્દ વાપર્યોછે.

=અરેજુર. વં ૩-૭; ૧૯-૪૪,૪

બુનદેહેશવાલો પહાડ. બુનદેહેશમાં એ પહાડને દોજખના દરવાજાની આગળ એક પહાડની ટોંચ ગણીછે (બા. ૧૨-૮). એ કેતાબ પ્રમાણે એ પહાડ અરૂમ માં આવેલોછે જે અરૂમ તે રોમ લોકોની શાહનશાહતનો પૂર્વ તરફનો ભાગ છે અને જે રૂમાનીઆ અને રૂમેલીઆના નામથી જણાયલોછે. વંદીદાદ (૩—૭) પ્રમાણે એ પહાડ ઉંડી ખીણો યા ખાડાઓ સાથનો એક ગંધીલો અને રોગજનક પહાડ હોવો જોઇએ કારણકે ત્યાં દેવદરૂજોનું મઠક જણાવ્યુંછે. એજ કારણને લીધે એ પહાડનો દોજખની જગ્યાસાથ સંબંધ દેખાડ્યોછે.

=અરેંજોષમન. ય. ૧૯-૪૨. એ કોઈ દેવ યા રાક્ષસ હતો જેને કેરેશાસ્પે માર્યો હતો.

=અરેજવ. ય ૧૩-૧૧૫ એ ફકરામાં "એરેજ્વાઓ સ્રુતો સ્પાધાઓ" શબ્દો આવેછે તેઓને દ્વિવચનમાં લેઇને દાર્મેસ્ટેટે "એરેજવ અને સ્રુતો સ્પાધ" ની ફ્રવષિને એમ અર્થ કરેછે. પુસ્ટી અને મેહેરજી રાણા, વાછા સ્રુતો સ્પાધનાં એરેજુ એમ અર્થ કરેછે. હારલે "એરેજવાઓ સ્રુતો સ્પાધ" એમ એકજ નામ લેછે. સ્પીગલ પણ એ એકજ નામ લેછે પણ એ પેહેલો શબ્દ એરેજવત આપેછે.

=અરેદુશ. વં ૪-૧૭. એ એક ગુનાહનું નામ છે, જેનું નામ પતેત પસેમાનીમાં પણ આવેછે. એક માણસ બીજા માણસને ફટકો મારે પછી તે ફટકાથી કાંઈ જખમ નહીં પણ થયો હોય તો એ ગુનાહ લાગુ પડેછે. એ "આગેરેપ્ત અને અવઓઇરિસ્ત" થી ચહડતો ગુનાહ છે. જો ફટકો લાગે અને ત્રણ દહાડામાં રૂઝ આવે તો તે હદ સુધીનાં ગુનાહને એ નામ લાગુ પડેછે. જો ત્રણ દિવસમાં રૂઝ નહીં આવે એવો ફટકો

માર્યો હોય તો એથી જબ્બુત ગુનાહ કેહેવાય.

[illegible]=અરેદ્વિ. વં ૨—૨૨. બાહ્નુબ્યો અરેદ્વયાઍઓ એ શબ્દોમાં દારમેસ્ટેટે એ શબ્દને વિશેષ નામ લેઈ "અરેદ્વિ" નામનું એક જાતનું માપ લેછે. પણ યુસ્ટી અને કાંગા એ અરેદ્વયાઍઓ શબ્દને અર્દ્વિસુર માટે લેછે. કાંગા એ ફકરાનો અર્થ "અર્દ્વિસુરનાં ઉંડાન સુધી" લેછે. યુસ્ટી પણ એમજ કરેછે (Tiefen de Ardvisura). સ્પીગલ એ શબ્દ અરેદ્વિનો અર્થ પહાડ કરી આખા ફકરાનો અર્થ પહાડની ઉંચાઈ કરેછે. હારલે પણ એમજ સ્પીગલ માફક અર્થ કરેછે "Collines elevées".

[illegible]=અરેધો-મનુષ.ય.૧૯-૧ એ ઝરેધ પહાડની પડોસમાં આવેલો એક પહાડ છે. બુનદેહેશ (બા. ૧૨-૨) પ્રમાણે એ એકમેકની એટલા પડોસમાં હોવા જોઈએ કે ઝરેધ પહાડ એ મનુષ પહાડના નામથી ઓળખાયછે. બુનદેહેશ (બા. ૧૨-૧૦) પ્રમાણે એ પહાડ ઉપર મનુષ ચેહેર (મીનો ચેહેર) નો જન્મ થયો હતો.

[illegible]=અર્દ્વિસુર. જુવો-[illegible]

[illegible] અર્ષન. ય. ૧૩-૧૩૨; ૧૯-૭૧, પેહલવી અર્શ. ફીરદોસીનો ارش બુનદેહેશ પ્રમાણે એ કોબાદના છોકરા અપી વેહ (અવસ્તાનાં અઈપિવંઘુ) નો છોકરો. ફીરદોસી "અઈપિવંઘુ" ને માટે કાંઈ બોલતો નથી અને એ ارش ને ખુદ કએકોબાદનો છોકરો ગણેછે.

(જુવો [illegible] શબ્દ જ્યાં વીગતે એની વંશાવળી કોબાદથી ઉતારી છે અને એને વિષેની ફિરદોસીની લીટીઓ આપી છે.) એ અને એના ભાઈઓ વિષે કએકોબાદના રાજ્યના વર્ણનમાં ફીરદોસી બીજું કાંઈ કહેતો નથી સિવાય કે "તેઓ સુલેહ સંપજથી અને સુખ સાથે આ દુનિયામાં રહ્યા." એ એઓના ભાઈ કએકાઉસના આખાં રાજ્યના વર્ણનમાં કેંડ પણ શાહનામામાં એનું નામ ફરીથી આવતું નથી પણ શાહગુસ્તાસ્પના રાજ્યમાં એનું નામ ફરીથી આવેછે તે ઉપરથી દિસેછે કે એ આરશ અચ્છો તીર ફેંકનાર હતો. એ દુર અને ઝડપથી તીર ફેંકનાર તરીકે એનું નામ એક કહેવત તરીકે મશહુર દિસેછે. "અર્શીતીર" એટલે એક ઝડપથી અને ઘણો દુર જનાર તીર એમ એનું નામ મશહુર થએલું દિસેછે. ફીરદોસી પ્રમાણે તુરાની અરજાસ્પ જ્યારે ઈરાની ઝરીરને પોતાના લશ્કર ઉપર મજબુત દરોરો પાડતાં જોયછે ત્યારે લશ્કર આગળ તેનાં ગુરૂજનાં ફટકાને સામનાં ગુરૂજ સાથ સરખાવેછે અને તેનાં તીરને અર્શનાં તીર સાથ સરખાવેછે. તે કહેછે કે.—

دوزو بی آنکه بست آتشی

که ساویش کرز است و تیر آرشی

અવે આરશ નામનો શખસ ઘણો સરસ તીર મારનાર અમલી ઈરાનમાં થઈ ગયો હતો એમ મીરખોંડની ઈરાનની તવારીખમાં લખેછે. શાહ મીનોચેહેર અને અફ્રાસ્યાબ વચ્ચે સરહદનો વાંધો પડતાં એવો ચુકાદો કરવામાં આવ્યો હતો કે દેમાવંદ પહાડપરથી અરશ પૂર્વ ભણી એક તીર ફેંકવો. અને જ્યાં તે તીર પડે ત્યાં તેઓની હદ મુકરર કરવી. મીરખોંડનાં એ તીર ફેંકનાર અરશને Nöldeke નામનો વિદ્વાન તીરયષ્ટ (ફ. ૬) માં આવેલાં એરેક્ષ શબ્દ સાથ સરખાવેછે જેને તે વિશેષ નામ લેછે.

[illegible]=અર્ષ્ય. ય ૧૩-૧૦૮ એક પુરૂષનું નામ. એ ફકરામાં "વંઘઉશ. અર્ષ્યેહે" શબ્દો આવેછે તે બાબે ઘણોજ મતફેર છે. એ શબ્દોને યુસ્ટી, સ્પીગલ,

હારલે "વંધુ અર્ષ્ય" કરી એક નામ લેછે. મેહેરજી રાણા વાછા "અર્ષ્યનો વંધુ" એમ અર્થ લેછે. દાર્મસ્ટેટે "ભલો અર્ષ્ય" એમ અર્થ લેછે. પેહેલા ચાર તરજુમો કરનારાઓ એમ તરજુમો કરી એ વાક્યની પછી આવેલા "અર્ષ્ય હે. વ્યાખ્નહે. યાસ કેરેસ્તેમહે. મજદયસ્નનામ્" શબ્દોમાં અર્ષ્યને એક જુદો અર્ષ્ય લેઈ તેની ફ્રવષિને આરાધે છે જો કે તેની સાથે "અષઓનો. ફ્રવષીમ. યજમઇદે" એવા રાબેતાના શબ્દો નથી. એ કારણને લીધે દાર્મસ્ટેટે લેછે તેમ બીજા અર્ષ્ય શબ્દને પેહેલાની સાથેજ એક વિભક્તિમાં લેઈ એ બીજા શબ્દોને તેનાં વિશેષણ લેવાં દરૂસ્ત છે. એ પ્રમાણે લેતાં એ વાક્યમાં ખરૂં વિશેષનામ [Avestan] છે. એ શખ્સ કોણ હતો તે વિષે કાંઈજ જણાયલું નથી રિવાય કે એ ફકરામાં જણાવવા પ્રમાણે તે માજદયાસ્નાનોમાં એક પ્રખ્યાત પુરૂષ હતો અને તેણે દીન ફેલાવામાં અસરકારક ભાગ લીધો હતો.

[Avestan] = અર્શતાત્. આસ્તાદ નામનો યજદ. એ સચ્ચાઇ ઉપર મવક્કલ છે. તે રશ્નુ યજદ સાથે ચીનવદપુલ ઉપર માણસોનાં પુલગુજાર થતી વખતે ઇનસાફ કરવામાં મેહેરદાવરનો હમરાઝીક છે.

[Avestan] = અશ્તિ. ય ૧૧—૧૯. એક યજદનું નામ જેને સરોસની સાથે યાદ કરવામાં આવ્યો છે. દાર્મસ્ટેટ અને કાંગા એને 'આસ્તાદ' યજદનુંજ બીજું નામ સમજેછે.

[Avestan] = અસ્ત્વંત. ય ૧૩—૧૦૯. એક મહાન પુરૂષનું નામ.

[Avestan] = અવરે ગાઓ. ય ૧૩—૧૨૫ એક પુરૂષનું નામ.

[Avestan] = અવઓ ઇરિશ્ત. વં ૪—૧૭. એ એક ગુનાહનું નામ છે જેનું નામ પતેત પશેમાનીમાં પણ આવેછે. એક માણસ બીજાને મારવાના હેતુથી એક હથ્યાર ફેરવે-પછી તે બીજાને ફટકો લાગે કે નહી પણ લાગે-તો તેને એ ગુનાહ લાગે. એ "આગેરેપ્ત અને અરેદુશ" નામના ગુનાહોની વચ્ચે છે.

[Avestan] = અવરેથ્રબંઘ. ય. ૧૩—૧૦૬. એક પુરૂષનું નામ જે "રાસ્તરે વંઘન" નો છોકરો હતો. દીનકર્દ કેતાબનું આઠમું પુસ્તક જે "ચીદ્રસ્ત" નામનાં ૧૨ મા નુસ્કની બાબદોનો સાર આપેછે તે પુસ્તક પ્રમાણે તે એ આદરબાદમારેસ્પંદનો છોકરો થાય. એ પુસ્તકમાં એનું નામ "અવરેથ્ર બાઉ" કરી આપ્યુંછે.

[Avestan] = અવહ્લ. ય ૧૩—૧૨૩. એક પુરૂષનું નામ હઇ "અવહ્લે. સ્પેંતહે." શબ્દો છે તેને સ્પીગલ એકજ સામટું નામ લેછે. યુસ્ટી, દાર્મસ્ટેટે, મેહેરજી રાણા વાછા અને કામા "સ્પેંતનો (છોકરો) અવહ્લ" એમ લેછે. હારલે 'સ્પેંત' ને અવહ્લનું વિશેષણ ગણી એ શબ્દનો 'પવિત્ર' એમ અર્થ કરેછે.

[Avestan] = અવારઓક્ષ્ત્ર પેહેલવી જરથોશ્તનામાનો [Avestan] ય ૧૩—૧૦૩, ૧૦૪. ફ્રવરદીનયષ્ટમાં જ્યાં અસ્પંદીયાર અને તેનાં ભાઈનાં અને ફ્રષઓક્ષ્ત્ર અને જામાસ્પના નામો યાદ કર્યાંછે અને ત્યાર પછી ફ્રષઓક્ષ્ત્ર અને જામાસ્પના છોકરાઓ યા કુટુંબીઓના નામો યાદ કર્યાંછે ત્યાં એ બન્ને જુમખાઓની વચ્ચે એ શખ્સનું નામ આપ્યુંછે તે ઉપરથી બોલ્લું દિસેછે કે એ તે જમાનાંનો કોઇ મહાન પુરૂષ છે અને વળી ઉપલાઓનો કોઇ બેશી છે પણ યુસ્ટી અને દાર્મસ્ટેટે એને ફ્રષઓ-

ત્રનો ભાઈ લેછે, તેનું કારણ બરાબર દિસતું નથી. દાર્મેસ્ટેટે પોતે શકમંદ રહેછે. હબુબ (હવોવી) ના છોકરાના જામાસ્પ અને ફ્રષઓશ્ત્ર પછી એનું નામ આવેછે. તે ઉપરથી એઓ એને પણ એઓનો ભાઈ ધારતા દિસેછે. પણ એમ લેવાને આપણ પાસ પુરતાં કારણો નથી. એ એઓનાં જમાનાનો અને એઓનાં નજદીક એશીપણાનો કોઇ શખ્સ છે એ ચોકસ દિસેછે. પુસ્ટી એ ત્રણેને ભાઈ લેઇ એઓને ફ્રષાસ્તિના છોકરા લેછે. પોહેલવી જ. નામામાં એનાં છોકરા ગોઉને મઝદનો પેગમબરે દીન ફેલાવા પછી ૪૦ વર્ષે જનમ થયલો જણાવ્યો છે.

[illegible]=અવઝ દાન. ય ૧૯-૬૨.

એ વોઉરૂકશ એટલે કાસ્પીઅન સમુદ્રનો એક ભાગ હતો. અફ્રાસ્યાબ જ્યારે ત્રીજી મરતબે કેઆની ખોરેહ પકડવા ગયો ત્યારે એ સરોવર બન્યો હતો. એવું દિસેછે કે કોઈક નદિને તેને ખરે માર્ગથી ફેરવતાં તેઓ ઉરૂકશ દર્યામાં ખાલી થવા આગમચ સરોવર બની હોય અને પછી વોઉરૂકશ સાથ જોડાઈ હોય.

[illegible]=અસબન. ય ૫-૭૨. એ એક

ખાનદાનનું નામ છે. એ તુરાની ખાનદાન દિસેછે. એ ખાનદાનનાં "કરઅસબન અને વરઅસબન" નામના શખ્સોની ઉપર ફતેહ મેળવવાની મોરાદ આવાં-અર્દિસુરપાસે ઇરાની પોરૂધાક્તિનો છોકરો માંગેછે.

[illegible]=અસબની. ય ૧૩-૧૪૦ એ

નામની એક નામાંકીત ઇરાની ઓરત હતી તે પોરૂધાક્તિની બાયડી હતી. એ વર બાયડી અને તેઓનાં છોકરાઓ સર્વે નામાંકીત નીવડ્યા હતા કારણ એ સઘલાઓની ફ્રવષિઓને યાદ કરીછે. પોરૂધાક્તિ તની બાયડી અસબની, તેના છોકરાઓ 'અયોઅસ્તિ' વોહૂઅસ્તિ, ઉરૂધ, અષવજદંઘ, અને ગયધાસ્તિ, તેના ભાઇ ક્ષ્વોઇવિરાસ્પ, તેના ભત્રીજા ક્ષઓઆગ્રચીન એ સઘલાની ફ્રવષિને યાદ કરી છે તે ઉપરથી એ નામીચું ખાનદાન દિસેછે. વળી એ માંટી બયેરનાં એક છોકરાએ તો ખાસ અર્દિસુરની સેતાયશ કરી અસબનનાં ખાનદાનના તુરાનીઓ ઉપર ફતેહ માંગવા દુવા ગુજારી છે. એ તુરાની ખાનદાનનું નામ અસબની છે અને પોરૂધાક્તિની બાયડી (જે અષવજદંઘના માએ થવી જોઇએ) તેનું નામ અસબની છે તે ઉપરથી દિસેછે કે કદાચ એણી પણ અસલ એ અસબનનાં ખાનદાનની તુરાની ઓરત હોય પણ તેણીએ જરતોશ્તી ધર્મમાં આવી એ દીનને મદદ કરી હોય અને પોરૂધાક્તિ નામનાં નેક ઇરાની સાથે શાદી કરી દીન ફેલાવવામાં કાલજી રાખી હોય, તેથી એણીને યાદ કરીછે. એણીના નામની ઉપર સઘલી જરતોશ્તી દીનને મદદ કરનારી સ્ત્રીઓનાં નામ છે.

[illegible]=અસય. ય ૧૯-૮ એક પહા-

ડનું નામ. અવસ્તા યા બુનદેહેશમાં એ પહાડનાં મથક વિષે કાંઈ મળતું નથી.

[illegible]=અસ્તિ. ય. ૯-૩૦; ૧૭-૫૦ "વી-

રપોથઉર્વોઅસ્તિ" એ શબ્દ એ યષ્ટોમાં આવેછે. તેમાં ડાર્મેસ્ટેટ, સ્પીગલ, હારલે, એ આખા શબ્દને વિશેષનામ લેછે. પુસ્ટી ફકત "થઉર્વો અસ્તિ" ને વિશેષનામ લેછે. મોહેરજી રાણા વાછા એ આખા શબ્દના બે ભાગ કરી "વીસ્પથઉર્વ" અને અસ્તિ એ બન્ને વિશેષનામ લેછે. આખો યા છુટો કોઇબી રીતે જો એ શબ્દ વિશેષ નામ હોય તો તે કોઇપણ બુનદેહેશ યા શાહનામામાં નામ સાથ સરખાવી શકાતો નથી. એટલું દિસેછે કે શાહગુશ્તાસ્પનાં હરીફ અરજાસ્પની તરફેણનો કોઈ તે તુરાની દુશમન હોય.

[illegible] =અસ્તોકાન. ય ૫-૧૧૩.

એ શબ્દ એક વિશેષનામ છે કે વિશેષણ છે તે બાબે એ ફકરાનો તરજુમો કરનારાઓ ચોકસ નથી. એ બાબે હંઈ લંબાણથી વીચાર કરવાને દરૂસ્ત દિસેછે. કારણ કે એ બાબેની તપાસથીએ અને એની ઉપરના એક ફકરાના ઘણાક શબ્દો વિષે ખોલાસો થાય છે. આવાંયષ્ટમાં એ શબ્દવાલો ફકરો નીચે પ્રમાણેછે."દજિદ મે...યત. બવાનિ. અઇવિ વન્યાઓ પેષો-ચંઘેમ. અશ્તોકાનેમ. હુમયાકેમ. દએવયસ્નેમ". એ ફકરામાં યુસ્ટી અને સ્પીગલ "અસ્તોકાન" ને વિશેષનામ ગણેછે અને એની આગલનાં શબ્દ "પેષોચંઘ્" ને પણ એમજ લેછે. દારમેસ્ટેટે અને તેહમુલજી એને વિશેષણ લેઈ આગલના શબ્દ "પેષોચંઘ" ને વિશેષનામ લેછે. ત્યારે હારલે તેથી ઉલટું એને વિશેષનામ લેઈ 'પેષચંઘ' ને વિશેષણ લેછે. વળી એજ ફકરામાં "હુમયાક" શબ્દ છે તેને દારમેસ્ટેટે અને તેહેમુલજી વિશેષનામ લેછે (જો કે દારમેસ્ટેટે શક પણ બતાવે છે) અને બીજાઓ વિશેષણ લેછે. હુ એ બધા વિદ્વાનોથી જુદો પડી ધારૂંછું કે એ આખા ફકરામાં કોઈપણ વિશેષનામ નથી અને જો કોઈ શબ્દને વિશેષનામ લેઈએ તો તે "દએવયસ્ન" શબ્દ છે. એ ફકરાની ઉપર આવેલો ફકરો (૧૦૯) પણ હંઈ તપાસવો દરૂસ્ત છે. કારણ તે પણ એ ફકરાની બાબદને લગતો છે. એ ફકરામાં નીચલોભાગ આવેછે. "દજદિ. મે....યત. બવાનિ. અઇતિવન્યાઓ તાંશ્રવન્તેમ્. દુઝ દએનેમ્. પેષનેમચ. દએવ યસ્નેમ." એ ફકરામાં આવેલા 'તાંશ્રવન્ત્' અને 'પેષન' શબ્દોને દારમેસ્ટેટે અને તેહમુલજી વિશેષ નામ લેછે. યુસ્ટી, સ્પીગલ અને હારલે એઓને વિશેષણ લેછે. એ ફકરામાં પણ હુ ધારૂંછું કે કોઈ વિશેષ નામ નથી. 'દએવયસ્ન' શબ્દ વિશેષનામને અર્થે ફકત ગણાય. એ બાબેની તપાસ કરવા માટે આપણે ફીરદોશીનાં શાહનામામાં અરજાસ્પ અને ગુસ્તાસ્પ વચેની યુદ્ધની બાબદ ઉપર નજર કર્યે. ઉપલા બન્ને ફકરાઓમાં પેહેલાં પાદશાહ ગુસ્તાસ્પ અને પછી તેનો ભાઈ ઝરીર આવાં અર્દિસુર પાસે અરજાસ્પ ઉપર અને એક બીજા તેના જેવા બુગ શખ્સ ઉપર ગાલેબ થવાને દુવા માંગેછે. તે બીજા શખ્સને તેઓ "દએવયસ્ન" એવાં નામથી બોલેછે. વળી એ 'દએવયસ્ન' નું નામ પેહેલાં લેઈ પછી અરજાસ્પનું નામ તેઓ દીએછે. હવે શાહાનામા ઉપરથી માલમ પડેછે કે એક બુરા શખ્સે પેહેલવેહેલાં અરજાસ્પને ઇરાનીઓ સામે યુદ્ધ મચાવાને ઉસકેર્યો. ફીરદોસી પ્રમાણે જ્યારે શાહ ગુસ્તાસ્પે અરજાસ્પને ચોથાઈ આપવી બંધ કીધી ત્યારે એક બુરા માણસે અરજાસ્પને જાઇને ઉસકેર્યો કે આ ઇરાનના પાદશાહે એક નવા પેગંમબર (જરતોસ્ત) ની દીન કબુલ કરીછે, અને તેની શીખવણીથી તારીસામે માથું ઉંચકેછે. માટે જો તું ઇચ્છે તો હું એક લાખ ઘોડેસ્વાર લશ્કર તારી મદદે લાવું અને તું ગુશ્તાસ્પ ઉપર ચહડાઇ લેઈજા. હવે આએ જે બુરા શખ્સે પેગંમબર અને ગુસ્તાસ્પ વચેની વાતચીત જાહેર કરી અરજાસ્પને ઉસકેર્યો તેનું નામ ફીરદોસી પણ આપતો નથી. તે ફકત તે શખ્સ માટે "દીવ" કરી બોલેછે. ફીરદોસી કહેછે.—

پس آگه شد نره دیو ازین
هم اندر زمان شد سوی شاه چین

એ ઉપરથી દિસેછે કે એ બુરો શખ્સ જે શાહ અરજાસ્પને ઇરાનીઓ સામે ઉશ્કેરતો હતો તેની ઉપર અને શાહ અરજાસ્પ ઉપર ગાલેબ આવવાને ગુશ્તાસ્પ અને ઝરીર બન્ને ભાઇઓએ દુવા ગુજારી હતી. આવાંયષ્ટમાં એ બુરા શખ્સનું નામ આપ્યું નથી તેને ફકત એક 'દેવયસ્ન' કહ્યોછે તેજ પ્રમાણે એ યષ્ટની વાર્તાને મલતી કોઈ પેહેલવી કેતાબ ઉપરથી ફીરદોસીએ તેને એક દેવ તરીકે કહ્યોછે. એ તપાસ ઉપરથી ત્યારે દિસેછે કે આપણી તપાસવાલો 'અસ્તોકાન' શબ્દ તેમજ

'પેષાંચ્ય', 'હુમયાક', 'તાંમ્રવન્ત' અને પેષન શબ્દો જેમ એઓમાંના એક યા બીજા શબ્દોમાટે એક યા બીજો વિદ્વાન કહેછે તેમ વિશેષનામો નથી પણ પેલા શાહ અરજાસ્પને ઉસકેરનારા "દએવયસ્ન" અથવા 'દીવ' નાં વિ-શેષણો છે. શાહનામામાં શાહ અરજાસ્પનાં તુરાની પેહેલવાનો અને મદદગારો તરીકે નીચલાં નામો મળેછે بیدرفش, گرگسار (અરજાસ્પનો સપેહસાલાર) کهرم (અ-રજાસ્પનો ભાઈ) نام خواست, خشاش અને [illegible]. એઓમાંના કોઈ નામ સાથે આપણી તપાસવાળો શબ્દ અને બીજા શબ્દો જો વિશેષનામ હોય તો મળતા દિસતા નથી. અવે આવાંયષ્ટને મળતીજ દુવા શાહ ગુશ્તાસ્પ ગોશ અને અર્શીસંગ-યષ્ટોમાં માગેછે. ત્યાં મારા ધારવા પ્ર-માણે તે પેલા દએવયસ્નનું નામ આલ્લું દિએછે જે નામ ત્યાં જણાવ્યા પ્રમાણે દરિાનિક દએવયસ્ન કરી છે. જુવો [illegible]

[illegible] = અસ્તો-વીધોતુ. વં. ૪-૪૯; ૫-૮૯. એ એક દેવ અથવા બુરી-શક્તિનું નામ છે જેનું કામ માણસનો દમ બંધ કરી નાંખી તેનું મોહત લાવવાનું છે. આતશમાં યા પાણીમાં પડવાથી માણસ મરણ પામેછે. તે એ ચીજો પોતે ઝેરી છે તેમાટે નહી પણ એ બુરી શક્તિ માણસનો દમ બંધ કરી નાંખેછે તેથી. વંદીદાદમાં સમજાવેલી એ બાબદ હાલ-ની વિદ્યાના શબ્દોમાં બોલીએ તો માણસ પાણીમાં ડુબતાં મરણ પામેછે તેનું કારણ એ નથી કે તે પાણી ઝેહેરી છે પણ તે એ છે કે દરપલે શરીરમાં જે ઝેહેર ઉત્પન્ન થાયછે તેને oxidyse કરવા પા-ણીમાં સાફ હવા મળતી નથી. બુનદે-હેશ (બા. ૩-૨૧,૨૨ પા. ૧૧-૨) પ્રમાણે એ [illegible] (અસ્તો-વીદાદ) આહરેમનનો સાથી છે અને અહુરમજ-દની પેદાયશને નુકશાન પોહચાડેછે. આફ્રીને હફત અમશાસ્પંદમાં એને [illegible] કહેલોછે અને એને દુશાહીમ એટલે બુરા ખવાસનો ગણ્યોછે. પેહેલવી લખનારાઓ પ્રમાણે માણસનાં મરણ બાદ ત્રીજી બામદાદે તેના પુલ ગુજાર થતી વખતે એ દેવ તેનાં રવાનનાં ગળામાં ફાંસો નાંખી તેને દોજખભણી ઍંચવાની તજવીજ કરેછે. પણ જો તે માણસના સવાબો તેનાં ગુનાહ કરતાં વધારે હોયછે તો તેનું રવાન તે ફાંસો કાઢી નાખવાને શક્તિવાન થઇ બેહેશ્ત ભણી જાયછે (મીનો એરદબા. ૨-૧૧૫). બુ-નદેહેશ (બા. ૩-૨૧, ૨૨) પ્રમાણે એ દેવ મોહત લાવનાર છે. આહરેમને એની મારફતે ગયોમર્દનું મોહત આણ-વાની એક વખતે કોશેશ કરી હતી પણ તેની ઉમરનાં ૩૦ વર્ષ બાકી હતાં તેથી તેમ બન્યું નહી. બુનદેહેશમાં બીજે ઠેકાણે (બા. ૨૮-૩૫) એ દેવને એક જાતનો ખરાબ પવન (વા એમ મર્ગાતર) ગણ્યોછે જે જીંદગીનો છેડો લાવવાની કોશેશ ક-રેછે. જો તે તંદુરસ્ત આદમી ઉપર હુમલો કરેછે તો તેને સરત કરેછે, જો બીમાર ઉપર હુમલો કરેછે તો તાવ લાવેછે. ઝાદ-સ્પરમ પણ કહેછે કે આહરેમન એ દેવ મારફતે માણસો પર બીમારી મોકલે છે. ગયોમર્દ ઉપર એ દેવે બીમારીઓ માર-ફતે હુમલો કર્યો પણ ફાવ્યો નહીં (બા. ૮-૪). દાદસ્તાને દીની (બા. ૩૭-૪૮-૫૧, ૫૨, ૮૧) એનાં સાથીઓ તરીકે અકોમન, અએશમ, બુસ્યાંસ્પ વગેરે દેવોને જ-ણાવેછે.

[illegible] = અસ્તવત એરેત. ય ૧૩-૧૧૦, ૧૧૭, ૧૨૮, ૧૨૯, ય ૧૯-૯૨. એરસ્તાખેજ વખતે આવનાર શોષ્યંત (સોસ્યોસ) નું બીજું નામ છે. ફરવરદીન યષ્ટ એ નામનો અને શોષ્યંતનો અર્થ સમજાવેછે. એને અસ્તવત-એરેત એ-ટલા માટે કહેછે કે તે અસ્ત અથવા હાડ-

મંદ માણુસને રસ્તા ખેજને વખતે ઉઠી ઉભાં કરશે. તેને સઓશ્યંત એટલા માટે કહ્યો છે કે તે માણસ જાતને ફાયદો પોહચાડશે. એ વીસ્પ તઉર્વેઇરિ નામે એક સ્ત્રીને પેટે જનમશે (ય. ૧૯-૯૨) જે સ્ત્રીનું નામ એરેદત ફ્રેધ્રિ પણ છે (ય ૧૩-૧૪૨). એણીને વીસ્પ તઉર્વેઇરિ એટલે (સઘળાનો નાશ કરનાર) એટલા માટે કહીછે કે એણીનો છોકરો સઓશ્યંત રસ્તા ખેજને વખતે સઘળાં બુરાઇનો અંત લાવશે. એ સઓશ્યંત કાંસુના દર્યા તરફથી આવશે. (ય ૧૯-૯૨). વંદીદાદ (૧૯-૫) પ્રમાણે એ દર્યાની પૂર્વ તરફના ભાગ તરફથી સઓશ્યંત આવશે. રસ્તાખેજ વખતે એને એનાં બે ભાઇઓ અને ૬ મદદગારો મદદ કરશે. એ બે ભાઇઓનાં નામ (૧) ઉક્ષ્યત્-એરેત અથવા બુનદેહેશપ્રમાણે હોશી દરબાંમી જેનો જન્મ સ્રુતત્-ફ્રેધ્રીને પેટે થશે (ય ૧૯-૧૪૧) (૨) અને ઉક્ષ્યત-નેમંઘ અથવા હોશીદરમાહ જેનો જન્મ વંધુ ફ્રેધ્રીને પેટે થશે. (ય ૧૯-૧૪૨). એનાં છ મદદગારો નીચેપ્રમાણે છે (ય. ૧૯-૧૨૮) અને દાદસ્તાને દીની (પુ. ૩૯-૫,૬ પાનું ૯૩ક-૧૮) પ્રમાણે તેના પેહેલવી નામો નીચલાં છે. (એના દાદસ્તાને દીનીનાં પેહેલવી લખાણ માટે જુવો.

[Avestan script] શબ્દ.)

૧	રઓચશ ચએશમન્	= રોશનચશ્મ.
૨	હવરેચએશ્મન્	= ખુરચશ્મ.
૩	ફ્રાદત્‌ખરેનંઘ.	= ફ્રાદત ગદમન.
૪	વરેદત્ ખરેનંઘ્	= વરેદત ગદમન.
૫	વોઉરૂનેમંઘ્	= કામેવક્ષરાન.
૬	વોઉરૂસવંઘ્	= કામેસુદ.

એ છ મદદગારો અરેઝહી, સવહી, ફ્રદદ-ફશ, વિદદફશ, વોઉરૂબરેસ્ત અને વોઉરૂઝરેસ્તમાં જાહેર થશે અને સઓશ્યંત પોતે ખનીરથબાંમીમાં જાહેર થશે. બુનદેહેશમાં એની જન્મભૂમી તરીકે ખ-નીરસ કેશ્વર જણાવેછે. (પા. ૨૧-૮ / બા. ૧૧-૬)

[Avestan script]

ઉપર જુદા જુદા કેશ્વરોમાં એકેક જનને રસ્તા ખેજની વખતે સઓશ્યંતનાં સાથી તરીકે જણાવ્યા છે. તે ઉપરાંત બીજાઓનાં નામો પણ બુનદેહેશ (બા. ૨૯-૬) માં આવેછે જેમકે પઓઇરૂઘાશ્નિતનો છોકરો અઘવજદ, નોદરનોતુસ, ગોદઝનો ગીવ.

[Avestan script] અસ્નવન્ત. ય. ૧૯-૫;

આતશની નીઆયેશમાં પાદશાહ કએખુસ્રુ, એનો 'વર,' ચયેચસ્તે સરોવર અને આ અસ્નવંત પાહાડને સાથે યાદ કર્યા છે તેનો ખુલાસો બુનદેહેશ (બા. ૧૭-૭) ઉપરથી મળેછે કે પાદશાહ કએખુસ્રુ એ અસ્નવન્ત પહાડની નજદીક, ચએચસ્ત સરોવરની પડોસમાં, બુતપરસ્તી દેહેરાંઓનો નાશ કરવા ગયો હતો, ત્યારે તેનાં ઘોડાની યાળ ઉપર એક રોશની દેખાવા લાગી તે રોશનીથી અંધકાર દુર થયો અને કએખુસ્રુ પોતાનુ દેહેરાં તોડવાનું કામ તેથી ઘણી સારી રીતે ચલાવી શક્યો. એ મદદનાં ઉપકાર તરીકે શાહ કએખુસ્રુએ એક આતશ એ અસ્નવન્ત પહાડ ઉપર સ્થાપ્યો અને જે રોશની તેના ઘોડાના કાન ઉપર પડી હતી તેની યાદમાં તેનું નામ આદરગુશસ્પ આપ્યું. (સરખાવો. બાઇઝેનટમનાં લોકોએ એવીજ એક રોશનીની યાદમાં બાંધેલું Diana નું ધર્માલય) અવસ્તાનાં આતશની નીઆયશના અસ્નવન્ત પહાડ વિષેનાં ઉપલા ઇશારાને જેમ બુનદેહેશથી તેમ ફીરદોસીથી ટેકો મળેછે. ફીરદોસી પ્રમાણે શાહ કેકાઉસ પછી ગાદી કોણે લેવી તે બાબે વાંધો ઉઠવાથી બન્ને દાવાદારો ફરેબુરૂજ અને કએખુસ્રુને પાદશાહે દેઝે બેહેમનનો કીલ્લો જે બુતપરસ્તીનું મકાન હતું તે જીતવાને મોકલ્યા. ફરેબુરૂજ પેહેલાં ગયો તે ફાવ્યો નહી. પછી કએખુસ્રુ ગયો

અને ફતેહ પામ્યો. તે કીલ્લા ઉપર હુમલો કરતો હતો ત્યારે એક રોશની ઉત્પન્ન થઈ આવી જેથી અંધકાર દુર થઇ ગયો અને બધું પાદશાહને ખુલ્લું દેખાવા લાગ્યું. પાદશાહે એ બનાવની યાદમાં એક આતશ બરપા કર્યો. હવે ફીરદોસી એ 'દઝેબહમન' વાળા કીલ્લાનાં પહાડનું નામ જણાવતો નથી, પણ તેને અર્દવીલમાં જણાવેછે. અવે આતશની નીઆશની પેહેલવી સરેહ કએખુસ્રુના ચએચસ્તે સરોવરને "આદર બાદગાન"માં જણાવેછે. વળી પેહેલવી બુનદેહેશ અસ્નવન્ત પહાડને વાસ્તે ખુલ્લું કહેછે કે (બા. ૧૨—૨૬ / પા. ૨૪—૨)

[illegible]

એટલે "અસ્નવન્ત પહાડ આતરોપાત કાનમાંછે" અને વળી ફીરદોસી દઝેબહમનને اردویل માં જણાવેછે.

دو فرزند مارا کنون داد و خیل
بباید شدن تا در اردویل

એ અર્દવીલ (અથવા કોઈ નકલ પ્રમાણે અર્દબીલ અથવા અર્દપીલ) એ આદરબાદગાનનુંજ બીજું રૂપ દિસેછે. એ પ્રમાણે ત્યારે અસ્નવંત પહાડ આતશની નીઆયશની પેહેલવી સરેહ પ્રમાણે, બુનદેહેશ પ્રમાણે અને ફીરદોસી પ્રમાણે આદર બાદગાનમાં આવ્યો હતો. વળી ચએચસ્ત સરોવર જેની પડોશમાં અસ્નવંત પહાડ આવ્યોછે, તે ઘણીક દલીલો ઉપરથી હાલનો ઉરૂમીઆ સરોવર નક્કી દિસેછે, (જુવો ચએચસ્ત શબ્દ) જે આજરબાઇજાનમાં આવ્યો છે. એ સઘળાં ઉપરથી ત્યારે દિસેછે કે એ અસ્નવંતપહાડ આજરબાઈજાનમાં ઉરૂમીઆ સરોવરની પડોશમાં એક પાહાડ હતો. હેનરી રોલીનસન પ્રમાણે એ અસ્નવંત પહાડ તે આજરબયેજાનમાં એ ઉરૂમિઆ સરોવરની નજદીકમાં આવેલો ઊશેનાઈ Ushenai પહાડ છે અને સીરીઅન લખનારાઓ Oshnah અથવા Ashnoih કહેછે, રોલિનસન પ્રમાણે ઉપલો દઝેબેહમન વાળો કીલ્લો તે પાછલથી તખ્તે સુલેમાનના નામથી જણાયલો કીલ્લો છે.

[illegible]=અસ્ન્ય. ઈ ૧—૩. દહાડાને લગતા ભાગો અથવા ગેહો. ઈજશનેમાં એવી પાંચ ગેહેને યાદ કરીછે. ૧, [illegible] ૨ [illegible] ૩ [illegible] ૪ [illegible]

૫ [illegible]. એઓનો વખત હાલમાં નીચે પ્રમાણે છે. હાવન ગેહ સુર્યનાં ઝઝકલાંથી તે બપોરે બાર વાગતાં સુધી, એટલે સૂર્ય મધ્યાંન રેખા પસાર કરે ત્યાં સુધી; રપિથ્વન સૂર્યમધ્યાન રેખા પસાર કરે ત્યાંથી તે ત્રણ વાગતાં સુધી; ઉઝીરન ત્રણ વાગ્યાથી તે સૂર્યનુ સાંજનું ઝઝકલું ખલાસ થઈ તારા દિસવામાંડે ત્યાંસૂધી. અઈવિસ્રુથ્રેમ સૂર્યનુ ઝઝકલું ખલાસ થઈ તારા દિસવામાંડે ત્યારથી તે રાતના ૧૨ વાગ્યાસુધી. ઉષહિન રાતના ૧૨ વાગ્યાથી તે બામદાદિસૂર્યનું ઝઝકલું દેખાવા માંડે અને તારા દેખાતા બંધ થવા માંડે ત્યાં સુધી (બુ. પા. ૬૦—૧૩ બા. ૨૫—૧૦). શીઆળામાં ફક્ત ચારજ ગેહે ગણાયછે. બામદાદથી ત્રણ વાગ્યા સુધી હાવન ગેહેજ ગણાયછે એ પાંચે ગેહો અથવા વખતનાં સરદારો સાથે બીજા સરદારોનો નીચે પ્રમાણે સંબંધ છે.

૧ હાવનસાથે [illegible] અને [illegible]

એઓમાં સાવંધી જેનો ધાતુપ્રમાણે ફાયદો કરનાર અર્થ થાયછે તેની સરદારી ગાય ઢોરોનો વધારો કરવામાં છે. વીસ્યની સરદારી શેહેરના 'વીસ' એટલે મોહલ્લા પર છે. ૨ રપિથ્વિન સાથે [illegible] અને [illegible], એઓમાં

પેહેલાની સરદારી એ શબ્દનાં અર્થ પ્રમાણે પશુઓની વૃદ્ધિ કરવામાં છે અને બીજાની સરદારી ગામ ઉપર છે. ૩ ઉજીરન સાથે [illegible] અને [illegible]. એમાં પેહેલાની સરદારી એના અર્થ પ્રમાણે માણસ જાતની વૃદ્ધિપર છે, અને બીજાની સરદારી દેશઉપર છે. ૪ અઈવિસ્રૂથ્રેમની સાથે [illegible] અને [illegible]. એમાં પેહેલાની સરદારી જાનદાર પેદાયશની વૃદ્ધિ કરવાની છે, અને બીજો સરદાર તે જરતોશ્તનો જાએનશીન તરીકે દેરાનો વડો ધર્મગુરૂ છે. ૫ ઉષહન સાથે [illegible] અને [illegible]. એઓમાં પેહેલાની સરદારી પેહેલવી સરેહ પ્રમાણે અનાજની વૃદ્ધી ઉપર છે અને બીજાની 'ઘર' ઉપર છે.

[illegible] = અસ્પાયબોધ. ય ૫-૧૧૨, ૧૧૭. ગુશ્તાસ્પનાં ભાઈ જઈરિવઈરિ (જરીર) નો એ એલકાબ છે, જેનો અર્થ ઘોડાની પીઠ ઉપર બેસી લડનાર કરી થાયછે. ઘણાં પેહેલવાંનો ઘોડાની પીઠ ઉપર બેસી લડેછે પણ જરીરનેજ એ એલકાબ શા ઉપરથી મલ્યો હશે તે વિષે જરીર વિષેનું શાહનામાનું દાસ્તાન વાંચતા અને તેમાં ખોળ કરતાં મને નીચલી લીટીઓ મળેછે.

که این جز باواز اسپ زریر
نماند که او راست آواز شیر

અર્થ "કે આ જરીરનાં ઘોડા શિવાય બીજા કોઇનો આવાજ નહી હોય કારણકે તેનો આવાજ સંહીના જેવો છે." ગુસ્તાસ્પ પોતાના બાપથી રૂસાઈ તેની દરબારમાંથી જતો રહ્યો હતો ત્યારે જરીર તેને પાછો તેડી લાવવા ગયો હતો. એ વખતે જંગલમાં દુરથી ગોસ્તાસ્પે જરીરનાં ઘોડાના ખંખારવાનો આવાજ પીછાણ્યો, કારણકે તેનો આવાજ જાણે સંહીના આવાજ જેવો હતો. એ ઉપરથી દિસેછે કે જરીર એક ઘણાં અજબ જાતનાં નામીચા ઘોડાનો માલેક હતો, જે ઘોડાનો આવાજ દુરથી પારખી શકાતો હતો. એ ઉપરથી તેને અસ્પાયબોધનો એ એલકાબ મળ્યો હોય. જરીર એક નામીચા ઘોડાનો માલેક હતો તે વધુ અરજાસ્પ સાથની તેની લડાઈનાં દાસ્તાનમાં માલમ પડેછે જ્યાં ફીરદોસી તેને સમન્દ જે એક નાદર ઘોડાની જાત છે, તે ઉપર સવાર થયેલો જણાવેછે. તે લખેછે કે.

بپیش اندر آمد نبرده زریر
سمند بزرگ اندر آورده زیر

વળી જ્યારે જરીર બીદરફ્શને હાથે માર્યો ગયો ત્યારે એનો એ નામીચો ઘોડો પણ બીદરફ્શને હાથ ગયો હતો. બીદરફ્શ એ ઘોડાને બાશકરી અરજાસ્પ આગલ લઈ ગયો. વળી જ્યારે અસફંદીઆરે જરીરના કીનામાં બીદરફ્શને લડવા લડાઈનાં મેદાનમાં બોલાવ્યો ત્યારે બીદરફ્શ જરીરનાં ઘોડાની ઉપર તેની સામે ગયો હતો. જ્યારે બીદરફ્શ માર્યો ગયો ત્યારે અસફંદીઆર જરીરનો ઘોડો શાહ ગુસ્તાસ્પ આગળ લઈ ગયો અને પછી જ્યારે પોતે પાછો લડાઈ ઉપર આવ્યો ત્યારે પોતાનો ઘોડો મેલી જરીરનાં ઘોડા ઉપર સવાર થઈને આવ્યો. એ સઘળા ઉપરથી અને ફીરદુસી એ ઘોડા વિષે સારાં વિશેષણો વાપરેછે તે ઉપરથી દિસે છે કે જરીરનો ઘોડો લડાઈમાં ઘણો નામીચો હશે અને તેથી તેને ઘોડાપર બેસી લડનારનો બાશ એલકાબ મળ્યો હશે.

[illegible] = અસ્પો પધી મક્તિ. ય ૧૩-૧૧૬ એક પુરૂષનું નામ.

[illegible] = અસ્મોખન્વત્. ય

૧-૩૦;*૧૩-૯૬, ૨૨-૩૭. એ જરતોશ્તનાં સૌથી પેહેલા સાગેર્દોમાંનો એક હતો. અહુરમજદયશ્તમાં અને હાદોખ્તનુસ્કમાં ઉશિદાઓ પહાડ જ્યાં પએગમબરે એકાંતવાસનાં અભ્યાસ અને બંદગીમાં ઘણો વખત ગુજાર્યો હતો તેનાં સંબંધમાં પણ એજ શખ્સ અને ફકત એજ શખ્સની ફ્રવષિને યાદ કરીછે. તે ઉપરથી દિસેછે કે એ મહાન પુરૂષ કોઈ એકાંતવાસી પહાડ ઉપર રેહેનાર વિદ્વાન હોય, જેની સાથે પએગમબરે પેહેલવેહેલાં પોતાની દીન વિષે વાતચીત કરી હોય અને તે તેને સમજાવી હોય. એ જરથોસ્તે દીન જાહેર કર્યા પછી ૯૦મે વર્ષે ગુજર્યો હતો.

[illegible]=અષનેમંઘ. ય ૧૩-૧૨૭.

એક મહાન પુરૂષનું નામ.


[illegible] અષવઝ્દંઘ ય ૫-૭૨; ૧૩-૧૧૨. એ નામનાં બે પુરૂષો છે. એક પોરૂધાક્ષ્તિનો છોકરો અને બીજો સાયુજદ્રીનો છોકરો.

૧ એક ક્ષ્તાવએન્યના છોકરા પોરૂધાક્ષ્તિનો છોકરો થાય (ય. ૫-૭૨; ૧૩-૧૧૨) બુનદેહેશ પણ એને [illegible] [illegible] એટલે પોરૂધાક્ષ્તિનો છોકરો 'અશવંદ' કહેછે (પા. ૬૯-૮ / ભા. ૨૯-૬). પુસ્ટી એ નામ અશવંદ આપેછે પણ બીજી નકલો અને તેમાં એરવદ તેહેમુરસની અસવઝદ નામ આપેછે. દાદિસ્તાંનેદીની (સવાલ ૮૯) અને બુનદેહેશ પ્રમાણે એ મહાત્મા શખ્સ સઓષ્યંતને ફ્રષોકંતને વખતે મદદ કરશે. બુનદેહેશ એ બાબે કહેછે કે.

[illegible]

[illegible] ૭

'તેઓ ફ્રષોકંતનાં કામ માટે શોશ્યોસની મદદે આવશે" દાદિસ્તાને દીની એને બની રથ બામીમાંનો એક અમર કીર્તીવાન નર જણાવેછે. દીનકર્દ પ્રમાણે એ પેસીઆન સાઈનાં મુલકમાં રાજ કરતો હતો. ફ્રવરદીનયશ્ત પ્રમાણે એની અને એના ભાઈઓની વંશાવળી નીચે પ્રમાણે ક્ષ્તાવએન્યથી ઉતરે છે,



૨ બીજો અશવજદંઘ સાયુજદ્રિનો છોકરો થાય. એ અને પેહેલો અશવજદંઘ બંને સાથે આવાંઆર્દિસુર પાસે તુરાની તાયફાઓ ઉપર ફતેહ માંગેછે, તે ઉપરથી દિસેછે કે એઓ નજદીકનાં જમાનાનાં હોય. એવું દિસેછે કે એઓ ક્એગુશ્તાસ્પ પછીના તુરતનાં જમાનામાં તુરાની તાયફાઓ સામે જરતોસ્તના ધર્મને મદદ કરનારા હોય.

[illegible] =અષ-વહિશ્ત

અરદી બેહેસ્ત. એ સાત અમેશાસ્પંદોમાંનો ત્રીજો અમેશાસ્પંદ છે. એને અહુરમજદની સાથે ગાથામાં 'અષ' નામથી ઘણીકવાર બોલાવવામાં આવ્યોછે. (હા. ૨૮-૪). એના નામ પ્રમાણે એ સૌથી સરસ અશોઇની ઉપર મવક્કલ છે. એવે આતશકરતાં વધુ કોઈ પેદાયશ પવીત્રાઇનો ખ્યાલ આપવા માટે સરસ ન હોવાથી તે આતશ ઉપર પણ મવક્કલ હતો. આતશપવિત્રાઈની એક જાતની નીશાની (Symbol) છે. બીજાં પુસ્તકોમાં જે જણાવેછે કે એ અરદી બેહેસ્ત અમેશાસ્પંદના હાથમાં બેહેસ્તની ચાવી છે તે એ ઉપરથી છે કે હમેશાં

* વેસ્તરગાર્ડમાં એ વાકય નથી.

સૌથી સરસ અશોઇ અખ્યતાર કરવાથી બેહેસ્ત પ્રાપ્ત થાયછે.

[illegible]=અષ. સઇર્યાસ; ય ૧૩—૧૧૪. એક પુરૂષનું નામ.

[illegible]=અષસરેષ. ય. ૧૩—૧૧૪. એ નામનાં બે પુરૂષો હતા. તેઓમાંનો એક પુરૂષ અશાસઇર્યાસનો છોકરો અને બીજો ઝઇર્યાસનો.

[illegible]=અષસવંઘ. ય. ૧૩-૧૧૬. એક પુરૂષનું નામ.

[illegible]=અષસ્તુ. ય ૧૩-૧૦૬. એક પુરૂષનું નામ. એને મઇધ્યોમાંઓંઘનો છોકરો જણાવ્યોછે. હવે ફ્રવરદીન યષ્ટમાં બે મઇધ્યોમાઓંઘવિષે બોલવામાં આવેછે તેમાંથી કીયાનો એ હતો? (જુવો [illegible]). ગુસ્તાસ્પ, ફ્રશોસ્તર, જામાસ્પનાં છોકરાઓના નામો પછી એનું નામ આવેછે તે ઉપરથી દિસેછે કે એ પેહેલા મઇધ્યોમાઓંઘનો છોકરો છે. હવે બુનદેહેશમાં એ પેહેલા મઇધ્યોમાઓંઘની વંશાવળી આપી છે તેમાં એ છોકરાનું નામ નથી. ત્યાં જે છોકરો જણાવ્યો છે તે કાદ કરીછે (બા-૩૧-૧). પણ ત્યાં તો મોબેદોની ઉતરી આવેલી વંશાવળી આપતાં એ છોકરાનુ નામ જણાવ્યું છે. તેથી ધારવાને બનેછે કે 'અષસ્તુ' એનો કોઇ બીજો છોકરો હોય. પેહેલવી જરથોસ્તનામા પ્રમાણે એ ([illegible]) શખસ જરથોસ્તે દીન ફેલાવાનાં ૬૦ મા વર્ષમાં અપ્ત જાદુગરને હાથે માર્યો ગયો હતો.

[illegible]=અષસ્તેમ્ બન. ય. ૧૯-૫. એક પહાડનું નામ.

[illegible]=અષસ્કયોથ. ય. ૧૩-૧૧૪. એક પુરૂષનું નામ. એ પોરૂષાક્ષિતના છોકરા ગયધાક્ષિતનો નબીરો યા કુટંબી થાય. એની વંશાવળી માટે જુઓ [illegible]

[illegible] ([illegible])=અષાવંધુ. ય ૧૩-૧૧૦. ડા૦ ઉવેસ્ત પ્રમાણે એ અષાવંધુ બિવંદંઘ તે બુનદેહેશ (પા. ૬૮—૬ બા. ૨૯—૭). નો [illegible] [illegible] છે જે અરેઝહિ કેશ્વરનો વડો ધર્મગુરૂ અથવા રતુ હતો. પાછલા શબ્દમાં [illegible] એ [illegible] નો બીજો આકાર દિસેછે, અને વંદયાન બીવંદંઘનો આકાર છે.

[illegible]= અષાહુર. ય ૧૩—૧૧૩. એક પુરૂષનું નામ છે. એ જીસ્તીનાં ખાનદાનનો હતો.

[illegible]= અષિવંઘુઇ. એ એક યજદનું નામ છે. નઇર્યોસંગ પ્રમાણે એ ઉત્તમ લક્ષ્મિ ઉપર મવક્કલ છે. ધાતુ પ્રમાણે એનો અર્થ પવિત્રાઇ, સચ્ચાઇ થાયછે. પવિત્રાઇ, અને સચ્ચાઇ વિદેહીક આત્મીક દુન્યા માટે અગત્યનો ખજાંનો છે. જે એ પવિત્રાઇનો ખજાંનો એકઠો કરે તે પેલી દુન્યાનુ સુખ પામે. એ ઉપરથી તે સામાન્ય રીતે ખજાના ઉપર મવક્કલ યજદ ગણાયો. પવિત્રાઇ અને અશોઇ જેમ પેલી દુન્યાનું સુખ મેળવેછે તેમ આ દુન્યામાં પણ ઘણાં સુખનો ખજાનો એકઠો કરેછે. એ ઉપરથી આસીરવાદમાં દોલતનું મેળવવું અષિસંગથી માંગવામાં આવેછે. એણીને [illegible] "અર્દ"ના નામથી પણ પાછળથી બોલાવામાં આવેછે (બુનદેહેશ પા-૬૬-૨૧) જે અરદ તે અવસ્તાનાં "એ-

રેત" ઉપરથી થાય, જે પણ [Avestan] નું બીજું રૂપ છે. બુનદેહેશ (બા. ૨૭-૨૪ પા. ૬૬-૨૧) માં એનો સઘળી જાતનાં જંગલી ફુલ સાથ સંબંધ દેખાડયોછે.

[Avestan]=અષેમઓગ. એ એક દેવનું નામ છે. પેહેલવીમાં એને [Avestan] અથવા [Avestan] કહેછે. એ એક બુરા શખશને માટે પણ વપરાયછે કે જેનું કામ અશોઇનેતોડવાનું અને અથરામની કરવાનું છે. ગંજેશાયગાન અથવા બુજો-ર્ગેચે મેહેરનાં પંદનામામાં રવાનને નુક-શાન કરનાર તેનાં શત્રુઓ તરીકે દસ દરૂજોનાં નામ દીધેલાંછે તેમાં [Avestan] ને એક એવો દરૂજ ગણેલોછે. ત્યાં એ દરૂજનાં કામમાટે કહેછે કે-

[Avestan] [Avestan] [Avestan] [Avestan] એટલે "આહાર મોગીનાં દરૂજનું કામ ખરી બાબદ છુપાવવાનું અને ફરેબ કરવાનું છે". દીન કર્દમાં દીનનાં ઉપર શક નાંખે એવા પેહેલા શવાલો કરનાર એક [Avestan] જ છે.

[Avestan] [Avestan] [Avestan]=અ-ષેમ. યહ્નાઈ. ઉસ્ત.ય ૧૩-૧૨૦. દાદસ્તાને દીની (સવાલ. ૮૯ બા. ૯૦-૩)માં બનીરસ બામી-નાં કેશ્વરનાં જે સાત અમ્મર સાહેબો અથવા હકુમત કરનારા ([Avestan]) (ઓદાએ. અનુશે) જણાવ્યાછે તેમાં પેહેલો ગોશ્તફ્રયાન અને બીજો એ છે. ત્યાં એનું અવસ્તાનું નામ [Avestan] [Avestan] યુહમા યુસદ આપ્યું છે. ફ્રવરદીન યશ્ટમાં પણ એનું નામ યોઈસ્ત ફ્રયાન (ગોશ્તફ્રયાન)ની સાથેજ તેની આગમચ આપ્યુંછે. દાદસ્તાને દી-નીમાં ગોશ્ત ફ્રયાન વિષે બોલી એને વાસ્તે કહેછે કે એ એજ ફ્રયાનનો છો-કરો હતો. એ ઉપરથી દિસેછે કે એ ગો-શ્તફ્રયાનનો ભાઈ હતો. બુનદેહેશ (બા. ૨૯—૫)માં જુદા જુદા કેશ્વરો અને મુલકોનાં વડાધર્મગુરૂઓની જે બાબદ આવેછે તેમાં ડા૦ વેસ્ત કહેછે કે "અ-સામિ યમાહુસ્ત" કરી જે નામ આ-વેછે તે એજ નામ છે (પેહલવી ટેક્ષ્ટ I. ૧૧૮). બુનદેહેશ પ્રમાણે એ 'ના-ઈવતાક' નામનાં મુલકનો વડો હતો. એ જરથોશ્ત પછી આસરે ૧૦૦ વર્ષે થઈ ગયલો દીસેછે.

[Avestan] [Avestan] [Avestan]= અષેમ. યેંઘહે. રઓચાઓ. ય ૧૩-૧૨૦. એક પુરૂષનું નામ. એનું નામ અને એની પછી આવેલા શખશ [Avestan] [Avestan] [Avestan] નું નામ એઓની પછી આવેલા [Avestan] [Avestan] [Avestan] સાથ મલતું આવેછે તે ઉપરથી અને એ ત્રીજા શખસ "અષેમ ય-હ્નાઈ ઉશ્ત" નું નામ અને તેનાં પછી "ગોશ્ત ફ્રયાન" નું નામ અને તેના પછી બીજાં કેટલાંક નામો જુદા જુદા મુલકોના વડા ધર્મગુરૂનાં દિસેછે તે ઉપરથી ધારૂં-છુંકે એ અને એની પછીનું નામ પણ કોઈ મુલકોનાં વડા ધર્મગુરૂઓનાં છે.

[Avestan] [Avestan] [Avestan]= અષેમ યેંઘહે. વેરેજ. ય ૧૩—૧૨૦. એક પુરૂષનું નામ જે એક મુલકનો વડો ધર્મગુરૂ હતો. જુઓ શબ્દ [Avestan]

[illegible]

[illegible]=અષો-ઉર્વથ. ય ૧૩-૧૧૬. એક પુરૂષનું નામ.

[illegible]=અશોઝુસ્ત.વં ૧૭—૯ એ એક ભલાં પક્ષીનું નામ છે. નખ, બાલ વીગેરે વસ્તુઓને જમીનમાં દાટવાનું ફરમાન છે. ત્યાં તેઓને જમીનમાં દાટી એ પક્ષીને દેખાડવાને કહેછે. એનો ઓલાસો બુનદેહેશ (પા. ૪૯—૧૭) (બા. ૧૯—૧૯) ઉપરથી મળેછે. અવસ્તાની રૂઢી પ્રમાણે તે જમાનામાં માણસ જાતની સેવા બજાવનારાં પ્રાણીઓને ઉપયોગી, નજદીક પવિત્ર ગણ્યાંછે. સગ એજ કારણે માન પામ્યોછે. એજ કારણે મરઘો આલસાઇને પોતાનાં પોકારથી દુર કરનાર તરીકે પવિત્ર ગણાયોછે. એમ અષોઝુરત નામનું પક્ષી પવિત્ર ગણાયુંછે. એની ખાસીએત એવી દિસેછે કે માણસજાત જ્યારે પોતાનાં શરીર પરનાં બાલ અને નખ ઉતારી જમીનમાં દાટે ત્યારે એ પક્ષી ત્યાંથી ઉખેડી કાહાડીને ખાઈ જાયછે અને તે બાલ અને નખને નુકસાન કરવાથી અટકાવે. આપણ ઘણાં પક્ષીઓ વિષે જાણીએ છીએ કે તેઓ Scavengers of Nature ની ગરજ સારેછે. અષોઝૂરત પણ એ જાતનું એક પક્ષી દિસેછે. એ પક્ષીતે બાલ નખને ખાઈ જાએ તે માટે તેઓને ક્રિયા કરી પરહેજ કરવાને ફરમાવ્યું છે. જો એમ નકરે તો એ પક્ષી તેઓને ખાએ નહી તેથી દેવોનું જોર વધે. બુનદેહેશનો એ બાબે ઓલાસો કરનારો ફકરો નીચે પ્રમાણે છે.

[illegible]

હના રાએ ઝક મુરૂ નાખુન અમત અફ્રસુન્ત ઈકીવીમુનેત ઈનસુનેત વશ્તમુનેત અઈગ વદ શએદાઆન કાર લા ફરમાયન્દ અમત લા અફ્રસુન્ત ઈકીવી મુનેત લા વસ્તમુનેત શએદાઆન વનાશ પતશ કર્દન તોબાન.

અર્થ—તેથી તે પક્ષી, જ્યારે નખને પરહેજવામાં આવેછે ત્યારે લેછે અને ખાએ છે અને તેથી દેવોનું કાંઇ કામ ચાલતું નથી. પણ જો પરહેજવામાં નહી આવે તો ખાએ નહી અને દેવો તેને નુકસાન કરવાને શકતીવાન થાય.

[illegible]=અષો. પઐાઇર્યં. ય ૧૩—૧૧૭ એક પુરૂષનું નામ છે.

[illegible]= અષો. રઐાચંઘ. ય. ૧૩—૯૭. એક પુરૂષનું નામ જે ક્રાન્યનો છોકરો યા ખાનદાનનો હતો. હુ ધારૂં છું કે એ અષોરઐાચંઘ, વોહુરઐાચંઘ અને વરેસ્મોરઐાચંઘ જેઓને ક્રાન્યના કહ્યાછે તેઓ જરતોસ્તની છોકરી ફ્રેનીના છોકરાઓ હોય અથવા તેણીને પેતનાં કોઇ ફરજંદથી ઉતરેલા હોય. એ કરદામાં જરતોસ્તની અતલગનાંઓનાં ઘણાં નામો જોવામાં આવેછે. તેથી એ વિચારને ટેકો મળેછે.

[illegible]=અશ્નો. ખ્વન્વત. ય. ૧૩-૯૯. એક શખસનું નામ. ધુસ્ટી અને સ્પીગલ એ બે શબ્દોને 'અશાન' અને 'ખ્વન્વન્ત' એમ છુટા પાડી એકને સામાન્ય નામ અને બીજાને વિશેષણ લઈ અર્થ કરેછે કે "રોશન આસ્માનની ફ્રવર્ષિ". પણ એ દરૂસ્ત દિસતું નથી. કારણ એ શબ્દ બીજાં વિશેષ નામોની વચ્ચે આવ્યોછે. તે ઉપરથી એ પણ વિશેષનામ દિસેછે.

[Avestan script]=અશ્ત-અઉવૈન્ત. ય ૯-૩૦; ૧૭-૫૦. સ્પીગલ અને દાર્મેસ્ટેટે એ આખા શબ્દને વિશેષનામ લઈ કોઈ ખુરા શખ્સનું નામ લેછે. હારલે એ શબ્દમાંથી 'અશત' ને વિશેષનામ લઈ 'અઉવૈન્ત' ને એની પછી આવતા શબ્દ "વીસ્પ થઉર્વ અસ્તિ"નું વિશેષણ લેછે. મેહેરજીરાણા વાછા એને સામાન્ય નામ લઈ આથ પેહેલવાનો એમ અર્થ કરેછે. જો એ વિશેષનામ હોય તો એને મળતું નામ બુનદેહેશમાં યા શાહનામામાં કાંઈ મલતું નથી. એ જો વિશેષનામ હોય તો ગુસ્તાસ્પનાં દુશમન અરજાસ્પની તરફેણવાલાનું એ કોઈ નામ હોય પણ શાહનામામાં તે કંઈ મલતું નથી.

[Avestan script]=અશ્તિ. વં ૧૩-૩૦. દાર્મેસ્ટેટે એ એક જાતનું માપ લેછે. સ્પીગલ 'અશ્તિમઝો' નો અર્થ હાડકાનાં જેટલાં કદનું લેછે. અસ્પંદીઆરજી એ બોલ [Avestan script] 'ઇશ્તિ' લેછે તે ઉપરથી હારલે, કાગા ઇતિરડીનાં જેટલાં કદનું એમ લેછે.

[Avestan script] =અહુન. ય ૧૯-૫. એક પહાડનું નામ છે.

[Avestan script] =અહુનવઇતિ. પએગંબર જરતોશ્તનાં પાંચ ગાથાના નામથી જણાયલાં લખાણોમાંનું પેહેલું લખાણ. એમાં દરેક કલી ત્રણ ત્રણ લીતીઓની છે, અને દરેક લીતીમાં ૧૬ વડીઓ (Syllables) છે. (હા ૨૮ થી ૩૪). એ ગાથાનાં ૭ હા છે જે બધાની બધી મલી ૧૦૧ કલીઓ છે. એ હાનું ભણુતર મરણ પામેલાં માણસનાં રવાન ઉપર ગેહેસારના તરીકે ભણવામાં આવેછે. જરતોશ્તી વર્ષનાં સેવટનાં પાંચ દાહાડાઓમાંનો પેહેલો એ નામથી જણાયલોછે.

[Avestan script] [Avestan script]=અહુન. વઇર્યે. ય. ૧૭-૨૦; વં ૮-૧૯; ૧૧-૩.
એક બંદગીનું નામ જેને માટે કહેછે કે તે ઇશ્વરે આ દુન્યા પેદા કરી તેની આગમચ પેદા કરી હતી. એ ખ્રીસ્તીઓનાં The Word ને મલતી આવેછે. તેને દેવોની સામે ઘણુંજ મજબુત હથીઆર ગણ્યુંછે. જરતોશ્ત એ બંદગીથી દેવોની સામે થયો હતો. એ બંદગી હર મુશકેલીમાં યાદ કર્યાથી યારી મળેછે. એની સીફત માટે વાંચો ઇજશનેનોહા ૧૯ અને સરોશ હાદોખ્ત યષ્ટ કરદા પેહેલો.

[Avestan script]=અહૂમસ્તુત. ય. ૧૩—૯૭. દાર્મેસ્ટેટે અને મેહેરજી રાણા વાછા એને વિશેષનામ લઈ એની આગળનાં શબ્દ 'સઍન' સાથ મબધ લેછે કે "અહૂમસ્તુતનો સઍન." પણ યુરટી, સ્પીગલ, હારલે એને "સઍન"નું વિશેષણ લેછે. યુરટી અર્થ કરેછે કે welcher die Welt preist એટલે જે દુનિયાની સ્તુતી કરેછે. સ્પીગલ પણ એમ અર્થ કરેછે. પણ હારલે અર્થ કરેછે કે célébré dans le monde એટલે દુન્યામાં વખણાયલો. આફ્રીને રપીથવનમાં એ નામ 'સઍન'ની સાથેજ "સઍન અહુમસ્તુદાન" કરી આવેછે. મરહુમ અસ્પંદીઆરજી રબાડી એ આફ્રીનનાં તરજુમામાં એ આખા શબ્દને સામાન્ય નામ ગણી અર્થ કરેછે કે "દીનદાર લોકો જે નેકીનાં કરનારા ફાયદેમંદ અને આસતવારીથી દીનની ઉપર કાએમ રેહેનારા." જુવો [Avestan script]

[Avestan script] [Avestan script] અહુર મઝ્દ. એ અવશ્તામાં આવેલું ખોદાનું નામ છે. અવસ્તામાં ખોદા માટે અહુર, મઝ્દ, અને અહુર મઝ્દ કરી ત્રણ શબ્દો

આવેછે તેમાં પાછલો શબ્દ પછવાડેથી ઓદાની એક વૃદ્ધિ કરનારી શક્તિ સપેનામીનોને પણ વંદીદાદમાં લગાડવામાં આવ્યોછે. પછી તેનાં અપભ્રંશ હોરમઝ્દ તરીકે એ નામ જગ્યા અને આણસને પણ આપવામાં આવ્યાં.

[illegible]

[illegible]=આઇશ્કત. ય ૧૦-૧૪. એ એક મુલકનું નામ છે જેની પડોસમાંથી નદિ વહેછે. દાર્મસ્ટેટે એ નામ જકઝારટીસ નદિ ઉપર આવેલી અલેકઝાન્દ એસકત નામની જગ્યા ધારેછે. હારલે અને પેરોપામીસસ નામની જગ્યા ધારેછે. એ મુલકને ઇસ્કત નામનો પહાડ જે જમ્યાદ યષ્ટપ્રમાણે ઉપરીસએન પહાડનો ભાગ છે તેની સાથે સંબંધ દિસેછે. એ ઇસ્કત પહાડમાંથી નીકલતી એક નદિને કાંઠે એ મુલક હોવો જોઈએ. એ "આઇસ્કત" મુલકને ઉપઇરી સએન (આફ્રીન વાલો મેહેપારસી નકુહ) પર્વતવાળા ઇશ્કત પહાડ સાથ યાને તેમાંથી વહેતી નદિ સાથ સંબંધ હોવો જોઈએ. તેની સાબેતી એ ઉપરથી મળેછે કે બુન્દેહેશ પ્રમાણે (બા. ૨૦—૧૬,૧૭,૨૧,૨૨) એ ઉપઈરી સએનમાંથી હરીરૂદ જે ઉપર હેરાત આવ્યું છે, અને મર્વની નદિ જે ઉપર મર્વ આવ્યું છે તે નદિઓ વહેછે. હવે એ નામોની સાથેજ આ ઇસ્કતનું પણ નામ મેહેર યષ્ટમાં ઇરાન દેશની પ્રાકૃતિક હાલતનું વર્ણન કરતાં આવેછે. એ ઉપરથી દિસે છે કે એ આઇશ્ત મુલક એ ઉપઇરિસએન વાળા ઇસ્કત પહાડમાંથી નીકલતી એજ નામની નદિ ઉપર આવ્યું હોય.

[illegible]=આખ્રુર. ય ૧૩—૧૩૭. હુજવંઘનો છોકરો. એ હુજવ તે કવી હુજવ એટલે કએખુશ્રુ નહી હોવો જોઈએ કારણ શાહનામા પ્રમાણે કએખુશ્રુને તો કોઈ છોકરો નહતો અને તેથી તેનું રાજ્યતો તેના પછી લોહારાસ્પને ગયું હતું. બુન્દેહેશ (બા. ૩૧—૨૫) પણ કેઆનીઓની વંશાવળી કએકોબાદથી આપેછે ને કએખુશ્રુ આગળ તેનો છેડો લાવેછે અને કએખુશ્રુને પેટ કોઈ ફરજંદ જણાવતો નથી. એ હુજવંઘ તે સામનો બુન્દેહેશ (બા. ૩૧—૭૬) પ્રમાણે એક ખુશ્રુ કરીને છોકરો હતો તે હોવો જોઈએ. એ વીચારની તરફેનમાં એ કારણ છે કે ફ્રવરદીન યષ્ટમાં જ્યાં એ હુજવંઘનાં આખ્રુરને યાદ કર્યો છે તેની બરાબર આગમજ સામને યાદ કર્યો છે. એ ઉપરથી હું ધારૂંછું કે આએ આખ્રુર બુન્દેહેશવાલા સામનાં છોકરા ખુશ્રુનો છોકરો હતો કે જે ખુશ્રુરએનો હાકમ હતો. (બુ. બા. ૩૧-૪૦). વલી એ આખ્રુર તે સામનો છોકરો હોય તેને કેરસાસ્પને લગતાં એક પેહેલવી દાસ્તાન જેને મળતું ફારસી રેવાયતમાં પણ વર્ણન આપેલું છે તે ઉપરથી ટેકો મળેછે. તે પેહેલવી દાસ્તાન પ્રમાણે કેરેશાસ્પે આતશને ફટકો માર્યો હતો, તેની શિક્ષામાં તેને જે દોજખ ફરમાવ્યું છે તે શિક્ષાનાં બચાવમાં તે પોતે જે જે મોટાં કામો કીધાં હતાં તે જણાવેછે. તેમાં ગનદર્વ દેવસાથ પોતાની યુદ્ધ જણાવેછે. ત્યાં કહેછે કે મેં તેને દર્યામાંથી ખેંચી અખ્રુરગને આપ્યો. એ અખ્રુરગ તે અવસ્તાનો આખ્રુર છે. અંહીં કેરેશાસ્પ અખ્રુરગને પોતાનો મીત્ર કહેછે. ત્યારે કેરશાસ્પનાં એ દાસ્તાનમાં પણ એ અખ્રુરગનું નામ આવ્યાથી દિસેછે કે અખ્રુર સામના ખાનદાનનો હોવો જોઇએ અને તે સામના છોકરા હુજવંઘનો છોકરો હોય.

[illegible] આક્તિ. ય ૧૦-૨૯; ૧૧-૧૪. એક ફરેસ્તાનું નામ જે સુલેહનાં ઉપર મવક્કલ છે. એ દોસ્તી અથવા સુલેહ માટેનાં પૃથક નામ તરીકે પણ લેવા. ય. ફ્રા. [illegible]

[illegible]=આગેરેપ્ત. વં ૪-૧૭. એક ગુનાહનું નામ છે. જેનું નામ પતેતપશેમાંનીમાં પણ આવેછે. એક માણસ બીજાને મારવાના ઈરાદાથી હાથમાં હથીઆર પકડે (ગેરેપ گرفتن) પછી તે હથીઆર મારે કે નહી એટલે તેણે એ ગુનાહ કીધેલો ગણાય.

[illegible]=અજાત. ય ૧૩-૧૦૮. એ કેરેસનનાં ખાનદાનનો એક મહાન પુરૂષ હતો. નીરંગસ્તાનમાં કેટલાક અવસ્તાની ઉપર સરેહ કરનારા દસ્તુરોનાં નામ આવેછે તેમાં એક આઝાદમર્દનું નામ આવેછે. કદાચ એ નીરંગસ્તાનવાળો આઝાદમર્દ હોય જે ઘણાં પુરાના જમાનામાં અવસ્તાની બાબદ ઉપર લખાણ કરનારો દસ્તુર થઈ ગયો હોય.

[illegible]=આઝી જુઓ [illegible]

[illegible]=આઝુ ઈ. ૫૩-૭. એ એક દેવ યા બુરા ખ્વાસનું નામ છે. જેનું કામ લોભ, હવસને ટેકો આપવાનું છે. ગંજેશાયગાનમાં એ દેવની બુરી શક્તિને ૧૦ દરૂજોમાંની એક ગણી તેનાં કામ માટે કહેછે કે.

[illegible] આઝ અખુરસન્દતર વ આઝારતર. એટલે આઝ (અથવા લોભનો દરૂજ) અસંતોશી રાખનાર અને દુઃખ દેનાર છે. એ શબ્દ આઝી તરીકે પણ આવેછે.

[illegible]=આતર. આદર. પેહેલવી [illegible] વેદમાં હતાશ. આતશનું નામ અને વલી તે ઉપરનો મવકલ આદર યજદ. ઈજશને હા ૧૭ માં પાંચ જાતનાં આતશોનાં નામ છે.

૧ [illegible]

૨ [illegible]

૩ [illegible]

૪ [illegible]

૫ [illegible]

બુનદેહેશમાં (બા. ૧૭) પણ ઉપર પ્રમાણે આતશનાં પાંચ વર્ગો આવેછે. ઝાદસ્પરમ (બા. ૧૧) પણ ઉપલાં નામો આપેછે પણ તે સ્પેનિશ્તને પેહેલો મેલેછે અને "બેરેજી શવંગ" ને છેડે મેલેછે. ઝાદસ્પરમવાળાએ એ પેહેલા અને છેલા આતશો વચ્ચે એ ફેર બદલી પેહલવી સરેહવાળાઓને આધારે કીધેલો દિસેછે. કારણ કે પેહલવી સરેહ કરનારાઓએ ઉપલી હારનાં પેહેલા આતશની બુનદેહેશ પ્રમાણેની સમજણ છેલ્લા આતશને લગાડીછે અને છેલ્લાની પહેલાને લગાડીછે. એ આતશોનાં વર્ણન માટે જુઓ તેઓનાં જુદા જુદા શબ્દો. જુઓ મારી જમશેદ હોમ અને આતશ. પાનું ૧૪૬.

[illegible]=આતરે. ખરે નઘ. ય. ૧૩-૧૦૨ એક મહાન પુરૂષનું નામ છે. એના નામ સાથે એકજ ફકરામાં નીચલાં નામો યાદ કર્યાંછે. આતરેવનું, આતરેપાત, આતરે દાત, આતરે ચીથ્ર, આતરે સવંઘ, આતરેજંતુ, આતરે દંઘુ. એ સઘળા આતર અથવા આતશ ઉપરથી નીકલેલાં નામો શાહગુસ્તાસ્પનાં છોકરા યા છોકરાના છોકરાઓનાં યા નજદીકની પેહેડીના દિસેછે. ગુશ્તાસ્પ, તેનાં ભાઈ જરીર અને તેઓનાં વખતના ફ્રશોશ્તર અને જામાસ્પના નામોની વચ્ચે એ અને બીજા નામો આવેછે તે શાહગુશ્તાસ્પનાં નજદીકનાં બેશીઓનાં દિસેછે. તેઓએ જરતોશ્તી દીનને માન્ય કરી અને તેનાં ફેલાવવામાં મદદ કરી તેથી જરતોશ્તે દાખલ કરેલા પવિત્ર આતશની સેતાયશની યાદમાં એઓનાં નામ આતર અથવા આતશ ઉપરથી આપ્યાં

હોય. હવે શાહગુસ્તાસ્પની ઓલાદના કોઇકના નામ આતર ઉપરથી આપ્યાં હતાં એમ ફીરદોસી ઉપરથી માલમ પડે છે. (M. Mohl. p. 456 Vol. IV.) શાહગુસ્તાસ્પના છોકરા અસ્પંદીઆરના એક છોકરાનું નામ آزر افروز આઝર અફરૂઝ હતું અને બીજાનું નામ નુશઆઝર હતું نوش آزر. એઓના નામ થોડાક ફેરફાર સાથે આદર અથવા આતશ ઉપરથી પડ્યા હતાં એમ ફીરદોસી ઉપરથી માલમ પડેછે. કારણ કે તે કહેછે કે નુશઆઝરે એ નામનું આતશકદેહ સ્થાપ્યું હતું જે પછવાડેથી અરજાસ્પે ખરાબ કર્યું હતું. એ ઉપરથી દિસેછે કે એ આતર ઉપરથી નામ ધરાવનાર ગુશ્તાસ્પના નબીરાઓએ એ નામના જુદાં જુદાં આતશ કદેહો સ્થાપ્યાં હોય અને તે ઉપરથી તેઓના નામ-પણ એ નામોથી જણાયલાં હોય. એ નામોનો અર્થ પણ એ વીચારને ટેકો આપેછે. દાખલા તરીકે ઉપલાં નામોની હારમાં "આતરજંતુ" નામ છે. તે ધણીએ એ નામ જેનો અર્થ "ગામનો આતશ" થાયછે તે નામનું આતશ કદેહ સ્થાપ્યું હોય. આતરદંધુ નામનાં શાહજાદાએ એ નામ જેનો અર્થ "દેશનો આતશ" થાયછે તે નામનું આતશ કદેહ સ્થાપ્યું હોય. એ તપાસ ઉપરથી દિસેછે કે એ 'આતર ખરેનંઘ' અને એને મળતાં નામોવાળા પુરૂષો શાહ ગુસ્તાસ્પનાં કોઈ બેટાઓ અથવા નબીરાઓ અથવા નબીરાનાં બેટાઓ યા નબીરાઓ હોવા જોઇએ. બુનદેહેશ ઉપરથી પણ માલમ પડેછે કે અસ્પંદીઆરને ઘણાં છોકરાઓ હતા. જેમાંનાં ત્રણનાં તે નામ આપેછે. તેમાનાં એકનું નામ "આતરોતરસહ" કરી આતશ ઉપરથી છે (બા. ૩૧-૨૯). વળી આતર ઉપરથી નામ આપવાનો રીવાજ હતો તે વંદીદાદ (૧૮-૫૨) ઉપરથી માલમ પડેછે, જ્યાં ઉંઘમાં મનીને વ્યર્થ જવા દેનાર શખ્સ ગોયા સપેંનદારમદને કહેછે કે રસ્તા એજને વખતે તેણીએ તેને આતરેદાત, આતરેચિત્ર, આતરેજંતુ, અને આતરે દખ્યુ અથવા આતશ ઉપરથી નીકળેલાં નામવાળો કોઈ શખ્સ ઉત્પન્ન કરી આપવો. એ ફકરાનાં ચાર નામો ફ્રવરદીન યષ્ટમાંનાં ઉપલાં નામોની ટીપમાંનાં બરાબર ૪ છે. કદાચ એમ ધારવામાં આવે કે ફ્રવરદીન યષ્ટનો ઉપલા નામવાળો આપણી તપાસ વાળો ફકરો વંદીદાદનાં એ ફકરાનો ઈસારો હોય, અને જેમ હવે પછી પેદા થનારા સોશ્યોશનાં ફરોહરને આગમચથી આરાધ્યુંછે અને એમ "અજાત નામ" નહી જનમેલાઓના ફરોહરોને આરાધવા માટે જેમ કહેલુંછે તેમ એ હવે પછી કોઈ જનમ લેનારાઓના ફરોહરોની એ યાદ હોય. પણ જે હયાત થઇ ગયેલા પુરૂષનાં નામોની વચમાં એ નામો આવ્યાંછે તે ઉપરથી દિસેછે કે એ હેયાતી ભોગવી ગયલા કોઇ શાહ ગુશતાસ્પનાં વંશનાં પુરૂષોનાં નામ છે. એ ફકરામાંનાં શાહાગુસ્તાસ્પના છોકરાઓ શાહ અરજાસ્પ નામનાં દીન દુશમન અને દેશ દુશમન સાથની લડાઇમાં માર્યા ગયા હશે તેથી તેઓને દીનનાં પ્યાર ખાતર અહીં યાદ કર્યા છે. શાહનામા પ્રમાણે એઓમાંથી ફરશીદવર્દ, સીદસ્પ, નીવઝોર નામનાં બેટાઓનાં નામ મળેછે, કે જેઓ એ લડાઇમાં માર્યા ગયા હતા. એ નામો શાની સાથે મળતાં આવે છે તે જુદાં જુદાં નામો હેથે જણાવ્યુંછે પણ એઓ ઉપરાંત ઘણાં બીજા શાહ ગુસ્તાસ્પના છોકરા માર્યા ગયા હતા એમ ફીરદોસી જણાવેછે. ફીરદોસી એ સંખ્યા ૩૮ ની જણાવેછે.

Mohl IV. p. 458.

پسر بود گشتاسپ را سی و هشت
دلیران کوه و سواران دشت
بکشتند یکسر بدان رزمگاه
ببیچارگی شد سیه بخت شاه

[illegible]=આતરે ચિથ્ર. ય ૧૩-૧૦૨. શાહગુશ્તાસ્પનાં એક વંશાનાનું નામ૦ જુઓ [illegible]

[illegible]=આતરે જંતુ. ય ૧૩-૧૦૨. શાહગુશ્તાસ્પનાં વંશના કોઈ મહાન પુરૂષનું નામ જુઓ [illegible]

[illegible]=આતરે દંખ્યું વં ૧૮-૧૧૨. એ નામ આતરે દંધુનો બીજો આકાર છે. જુઓ [illegible]

[illegible]=આતરે દંધુ. ય ૧૩-૧૦૨. શાહગુશ્તાસ્પનાં વંશનાં કોઈક મહાન પુરૂષનું નામ. જુઓ [illegible]

[illegible]=આતરે-દાત. ય ૧૩-૧૦૨. જુઓ. [illegible].

એરવદ તેહેમુરશવાળી બુનદેહેશ (બા. ૩૩-૩) માં જાણીતા મોબેદોની વંશાવલી આપીછે તેમાં આદરબાદ મારેસ્પંદની વંશાવલી આપીછે. તેમાં આદરબાદનાં બપાવાનાં બપાવાનાં બાપનું નામ આતરદાદ આપ્યુંછે. આપણે "આતરે ખરેનંઘ"વિષે બોલતાં કહ્યું તેમ એ શાહગુશ્તાસ્પની વંશનો કોઈ પુરૂષ હોય. યા નહી તો તે બુનદેહેશવાળો આદરબાદ મારેસ્પંદનો પાંચમી પેહેડીનો વડવો હોય. બુનદેહેશ એને શાહમીનોચેહેરથી ૧૮મી પેહેડીનો ગણેછે, જ્યારે જરતોશ્ત ૧૫ મી પેહેડીમાં આવેછે. મીનો ચેહેરનાં છોકરા દુરાશુબના છોકરા રજશનેથી એની અને જરતોસ્તની પેહેડી જુદી જુદી શાખામાં છુટી પડેછે. (જુઓ મોબેદોની વંશાવળી).

[illegible]=આતરે પાત. ય ૧૩-૧૦૨. જુઓ [illegible]

[illegible]=આતરે વંક્ષ. વં ૫-૫૭-૫૮. પેહેલવી [illegible]. એક મોબેદ જેનું કામ આતશને વધારવાનું છે. ધર્મ સંબંધી ક્રિયામાં એ મોબેદ આતશ આગળ બેસી જોતીની શામે રહી ક્રિયામાં સામેલ રહેછે અને આતશને રોશન રાખેછે.

[illegible]= આતરેવનુ. ય ૧૩-૧૦૨. જુઓ [illegible]

[illegible]=આતરેસવંઘ. ય ૧૩-૧૦૨. જુઓ [illegible]

[illegible]=આથ્રવન. વં ૫-૨૮. ૧૩-૨૨ પેહેલવી [illegible] અથર્વન્. એક મોબેદ જેનું અસલ ખાસ કામ આતશને બચાવવાનું અને તેની તપાસ રાખવાનું છે. અથોરનાન. ફીરદોસી પ્રમાણે શાહજમશેદે મંડળીના જે ચાર વર્ગો કરેલા તેમાંનો એ પેહેલો વર્ગ જેને તે કાતુઝીઆન કહેછે.

[illegible]=આથ્વ્ય. ય ૯-૭. થ્રએતઓન એટલે ફરેદુનનો બાપ. શાહનામાનો [illegible]. રીગવેદમાં "ત્રએતઓન આથવ્ય"ને મલતું નામ ત્રીત આપત્ય મળે છે. એ અને એના ખાનદાનીઓ પૈસે પુર હશે (અને તે પૈસો તે જમાનાની રૂઢી પ્રમાણે ગાયઢોરોનો હતો) તે સ્પીતામાન જરતોશ્તની આફ્રીન ઉપરથી માલમ પડેછે, જ્યાં જરતોશ્ત ગુસ્તાસ્પને

દુઆ કરેછે કે "પોઉરૂ ગો. બવાહિતાયથ. આથ્વ્યાનોઇશ." એટલે "આથવ્યાંનનાં ખાનદાનનાઓની માફક તું ગાઓ ગોસ્પંદથી ભરપુર થજે." વીસ્તાસ્પયષ્ટમાં પણુ એજ દુઆ જરતોશ્ત વીસ્તાસ્પને દેછે. એ આથવ્યાન નામ બુનદેહેશમાં

[illegible] આસ્પયાન મળેછે. એ આથવ્યાન અથવા આસ્પયાનનું ખાનદાન ગાય ગોસ્પંદની દોલતથી ભરપુર હતું તે એ ખાનદાનનાં પુરૂષોનાં ત્યાં આપેલાં નામ ઉપરથી માલમ પડેછે (બા. ૩૧-૫ ૭). ત્યાં એ ખાનદાનનાં

નામો. આસપ્યાન પુરતોરા. [illegible]

[illegible] આસપ્યાન સ્યાકતોરા.

[illegible] આસપ્યાન

સપીદતોરા. [illegible]

વગેરે મળેછે, જેઓનો અર્થ આસપ્યાન પુરાકળ ગોધાવાળો, કાળા ગોધાવાળો, સફેદ ગોધાવાળો વગેરે થાયછે. આખું કુટંબ ગાય ગોસ્પંદની મોટી સંખ્યાનું માલિક હોવાથી ગોસ્પંદો ઉપરથી તરેહવાર રીતે તેઓનું નામ પડ્યું હતું. હવે અવસ્તાપ્રમાણે ફરેદુન જે આથવ્યનો છોકરો હતો તે આથવ્ય એ આથવ્ય અથવા આસપ્ય કુટુંબનો છેલ્લો હતો એમ બુનદેહેશ ઉપરથી માલમ પડેછે. એ આથવ્ય જેને પેટે ફરેદુન જનમ્યો હતો તે આથવ્યનું નામ "આથવ્ય પુરતોરા" (અથવા પુરાકલ ગાયઢોર વાળો આથવ્ય) હતું. યુરટીવાળી બુનદેહેશ (પા. ૫૭-૧૮) માં ફરેદુનની વંશાવળી આપતાં એ નામ જે બીજી નકલોમાં મળેછે તે નથી મલતું પણ તે એની નકલવાળાની ભુલ છે. કારણ એ વંશાવળીની શેવટે બોલ્લું કહેછે કે

[illegible]

'એટલે અસ્પીયાન પુરતોરાથી ફરેદુન જનમ્યો હતો.' હવે બુનદેહેશ પ્રમાણે ફરેદુન આથવ્ય પુરતોરાનો છોકરો હતો, તેને આડકતરો ટેકો અવસ્તામાં જરથોસ્તની આફ્રીણ અને વીસ્તાસ્પયષ્ટથી મળેછે જ્યાં ગુશ્તાસ્પ ઉપર દુવા કરતાં "આથવ્યાનના ખાનદાનનાં જેવો પોઉરૂગો અથવા પુષ્કળ ગાયઢોરવાળો" થવા કહેછે. વળી ફીરદોસી પ્રમાણે ફરેદુનને ત્યાં એક ગાય હતી જેનું નામ گاو پر مایه 'ગાવે પુર માયે' કરી હતું. એ પુરમાએ ગાયના માલિક આથવ્યને પુરતોરા નામથી ઓલખવાનો વધુ સબબ એ ઉપરથી દિસેછે. ત્યારે એ પોઉરૂગોનો પેહલવી બુનદેહેશના પુરતોરા સાથ ખુલ્લો સંબંધ દિસેછે. એ આથવ્યની પેહેડી બુનદેહેશ પ્રમાણે જમશેદ સાથે નીચેપ્રમાણે મળેછે. પુરતોરા આથવ્ય (અથવા આસપ્ય) સોકતોરા આથવ્ય-બોરતોરા આથવ્ય-સીઆક તોરા આથવ્ય-સપીદતોરા આથવ્ય-ગફર તોરા આથવ્ય-રમક તોરા આથવ્ય-વનફ્રઘસ્ન આથવ્ય-જમશેદ વીવંઘાન. ફીરદોસી પ્રમાણે ફરેદુનની માએ એ આથવ્ય (આબતીન) ની પહેડી પોતાના બેટા આગળ વર્ણન કરતાં છેક તેહેમુરસ સાથ જોડેછે. તેણી કહેછે (મોહલ વા. ૧-પા. ૮૩)

ز طهمورث گرد بودش نژاد

پدر بر پدر بر همی داشت یاد

એ આથવ્યની બાઇરી જેણીને પેટે ફરેદુન જન્મ્યો હતો તેણીનું નામ ફીરદોસી પ્રમાણે ફ્રાનક હતું. જેણી મોજમેલઉલતવારીખના કર્તા પ્રમાણે બસલાનાં પાદશાહ થેહુરની છોકરી હતી. દસાતીર એ આથવ્ય અથવા આબતીનનું નામ આતબીર આપેછે.

[illegible]=આથ્વ્યોજી. ય. ૧૩-૧૧૦.

એક પુરૂષનું નામ. યુરટી એને આથવ્ય સાથ સંબંધમાં લેઈ તેનો કોઈ ખાંનદાનનો ગણેછે.

[illegible]=આદરન. ય. ૧૯-૩. એ એક

પહાડનું નામ છે જેને મલતો કોઇ પહાડ બુનદેહેશમાં મલતો નથી.

[Avestan]=આબેરેત. વં. ૫-૫૮. અર્થ પ્રમાણે (આપ બેરેતર) પાણી લેઇ જનાર. વંદીદાદ, આફ્રીનગાહ વીગેરેમાં સાત જાતના ધર્મગુરૂઓનાં નામ આપેછે તેઓમાંનો એક જેનું કામ ક્રિયામાં વાપડવાને વાસ્તે પવિત્ર પાણી લાવવાનું હતું.

[Avestan]=આયુત. ય ૧૩-૧૧૮. એક પુરૂષનું નામ.

[Avestan] આરાસ્તિ. ય ૧૩-૯૫. જરતોસ્તનાં પેહેલા સાગેર્દ મઇદયો માઓંઘનો બાપ. બુનદેહેશ કહેછે કે (૭૯-૮) (બા. ૩૨—૩),

[Avestan]

[Avestan]

[Avestan]

[Avestan]

"પઇતિરસ્પ દુ પુરા અઓક પોઉરૂશસ્પ અયોક આરાસ્તી મીન પોઉરૂશસ્પ જરથુસ્ત...મીન આરાસ્તી મેદીઓ માહ ઝાદ." એ પ્રમાણે ત્યારે આરાસ્તી પએગમબર જરતોસ્તનો કાકો થાય. બુનદેહેશનો બાબ ૩૩ (૧) જે મોબેદાન મોબેદોની વંશાવળી આપેછે તેમાં બહક નામનાં મોબેદની વંશાવળી આપતાં પણ એ આરાસ્તીને મેદીઓમાહાનો બાપ અને પઇતીરસ્પનો છોકરો ગણ્યોછે.

[Avestan]=આર્મઈતિ. એ એક ફરેસ્તાનું નામ છે, જે ભલા વીચાર અને ડહાપણ ઉપર મવક્કલ છે. સ્પેંતઆરમઇતિ અથવા અસ્પંદાદમદ તરીકે સાત અમેશાસ્પંદોમાંનો અમશાસ્પંદ છે એને અહુરમજદની બેટી ગણીછે. વળી એ અમેશાસ્પંદ જમીનની પેદાયશ ઉપર પણ મવક્કલ છે. બુનદેહેશમાં એને અહુર મજદની ૪ થી પેદાયશ ગણીછે (બા. ૧-૨૬). કસ્તુરીનાં ફુલને એ અમેશાસ્પંદનું ખાસ ફુલ ગણ્યુંછે (બા. ૨૭-૨૪). તરોમત અથવા નાઉંઘસને એની વીરૂધ ઉલટી હારેમનની શક્તિ ગણીછે (બા. ૩૦-૨૯). જમીન તરીકે સપેંદારમદે ગયોમર્દની બીજ પોતામાં રાખી ૪૦ વર્ષે મશી, મશ્યાનીને ઉત્પન્ન કર્યાં (બા. ૧૫-૧. ઝાદસ્પરમ ૧૦-૩).

[Avestan]=આસ્નાતર. વં ૫—૫૭, ૫૮. એક મોબેદ જેનું કામ સ્નાન (નાન) નહવાડવાનું અથવા ક્રિયાનાં આલાતોને પવિત્ર કરવાનું.

[Avestan]=ઇંદ્ર. વં ૧૦—૯; ૧૯—૪૩. એક દેવનું નામ છે જે [Avestan] અરદી બેહેસ્ત અમશાસ્પંદની વીરૂધ છે. વંદીદાદ (૧૯—૪૩) માં એને બીજા દેવોની સાથે આહારેમનનો સાથી ગણ્યો છે. પેહેલવીમાં એને [Avestan] દેવ કહ્યોછે.

બુનદેહેશ (બા. ૧—૨૭) પ્રમાણે પણ તે આહારેમનની બાજુનો છે. બુનદેહેશમાં અષવહિસ્તને એની ઉપર ગાલેબ થતો જણાવ્યોછે (બા. ૩૦—૨૯).

[Avestan] "વષ્ષદુનેત અરાવહીશાત અનંદર." બાબ ૨૮ (૮) પ્રમાણે એ દેવનું કામ એ છે કે તે માણસજાતને નેકીના કામોથી દુર રાખેછે અને તેઓના મનમાં સુદરો કુસ્તી નહી પેહેડવાનું ગુમાન ઉભું કરેછે. એ નામને વેદનાં ઇંદર દેવતાનાં નામ સાથ સરખાવવામાં આવેછે.

[illegible] = ઇસત— વાસ્ત્ર. ય. ૧૩—૯૮. પએગમ્બર જરતોશ્તનો છોકરો. ફરવરદીનયષ્ટ ઉપરાંત ઇજશને (૨૩—૨; ૨૬—૫) માં એનાં ફરોહરને કએવીસ્તાસ્પનાં ફરોહરસાથે યાદ કર્યુંછે. બુનદેહેશ એને માટે કહેછે કે (પા. ૭૯—૧૪) (બા. ૩૨—૫)

[illegible]

એટલે "જરતોશ્તથી ત્રણ છોકરા પેદા પડયા અને ત્રણ છોકરીઓ. એક ઇસતવાસ્તર એક ઉર્વતદનર અને એક ખોરશેદ ચેહર. ઇસતવાસ્તર અથારેનાનનો સરદાર (૨૬) મોબેદાંન મોબેદ થયો અને દીન (ફેલાયા) પછી ૧૦૦ વર્ષે ગુજરી ગયો. ઇસદવાસ્તરથી એક છોકરો ઉરૂરોઇજ નામનો જનમ પામ્યો." શેઠ ખ. રૂ. કામાજી શકરાએછે કે ફરવરદીનયષ્ટમાં જરથુસ્ત્રી બોલ વપડાયોછે તેથી એઓ જરતોશ્તની બેનનાં છોકરા હોય પણ ઊપલો ફકરો ખુલ્લે ખુલ્લું કહેછે કે જરથોશ્તથી ત્રણ છોકરા જનમ્યા હતા અને તેમાં એના નામ દેછે. બુનદેહેશમાં એક ઠેકાણે (પા. ૭૩-૨ બા. ૩૦-૧૦) [illegible] હનજમને ઇસદવાસ્તરાનનું વર્ણન આવે છે કે તે અનજુમન યા મીજલસમાં ભલા બુરાંઓ પોતાનાં ભલાં, બુરાં કામો પીછાનશે અને બુરાં આદમીઓ ગોવાળામાં કાલું મોહૂં પરખાઇ આવે તેમ પરખાઇ આવશે. એ "હનજમને ઇસદવાસ્તરાન" પ્રોફેસર ઉવીનદીશમાન એ ઇસદવાસ્તરે વડા ધર્મગુરૂ તરીકે બોલાવેલી એક મીજલસ ધારેછે. વજરકર્દદીની (પા. ૨૨-૨) પ્રમાણે એનો અને જરતોશ્તની ત્રણ છોકરીઓનો એની બાયડી ઉર્વીજને પેટે જનમ થયો હતો [illegible]

......[illegible] એટલે 'ઉરવીજ' જે પાતખ્શા ઓરત હતી તેનથી ચાર ફરજંદો જનમ્યાં હતાં. એક ઇસતવાસ્તર છોકરો હતો.

[illegible] = ઇસ્વત્ ય. ૧૩-૯૬. એક પુરૂષનું નામ. એ પાદશાહ ગુશ્તાસ્પનાં 'વરાઝ' નામના એક ધારવામાં આવતા ભાઇનો છોકરો યા તેની ઓલાદનો થાય. સ્પીગલ અને હારલે એ શબ્દને વિશેષનામ લેવાને બદલે 'વરાઝ' નું વિશેષણ લેઇ "મજબુત" એમ અર્થ કરેછે.

[illegible] = ઇષુસ્ખાથ્ખ્તો. વં ૪-૪૯. એક દેવનું નામ છે જે માણસનું મોત એકાએક હોનારતથી લાવતો. જેમ એક તીર પોતાની મેલે ફેંકાઇ બીજાનું મોત લાવે, અને મરનાર અને તેની આજુબાજુનાઓને અજાયબીમાં ગરકાવ કરે કે વગર સબબે એ તીર કેમ છુટયો હશે અને મોત કેમ નીપજ્યું હશે તેમ એ દેવ એકાએક મરણ નીપજાવેછે.

[Avestan]=ઇરાવઅે. ય ૧૯-૪. એક પહાડનું નામ.

[Avestan]=ઇશ્કત. ય ૧૦-૧૪. ય ૧૯-૧૯-૩. એ એક પહાડનું નામ છે. જમ્યાદયષ્ટમાં એનું નામ. [Avestan] [Avestan] એવી રીતે ઉપઇરિસએન પહાડની સાથે આવેછે. ઇજશને (હા. ૧૦-૧૧) માં [Avestan] [Avestan] [Avestan] શબ્દો આવેછે તે એજ પહાડનું નામ દિસે છે, જોકે સ્પીગલ હારલે, કાંગા વગેરે એને વિશેષનામ નહી ગણી અર્થ કરેછે. એ ઇશ્કત પહાડ ઉપઇરિસએન પર્વતની હારમાંનો એક પહાડ દિસેછે. બુનદેહેશ (બા. ૧૨ ફ. ૨૧) વાળો કબદસ્તીકસ્ત નામનો પહાડ જેને ત્યાં પણ અપારસેન (ઉપઇરિસએન) નો ભાગ ગણ્યો છે તે ઉવીનદીશમાન પ્રમાણે એજ પહાડ છે.

[Avestan]

[Avestan]=ઉક્ષન. ય ૧૩-૧૧૮. એક પુરૂષનું નામ. જુઓ [Avestan]

[Avestan]=ઉક્ષયત-એરેત. ય. ૧૩-૧૨૮. ઉક્ષયત્ એરેત અને ઉક્ષયત્ નેમંઘ એ સોશ્યોસનાં બે ભાઇઓ થાય જેઓ રસ્તા એજની વખતે સોશ્યોશની આગમચ પેદા પડશે. પેહલવીમાં ઉક્ષયત્ એરેતને હોશેદર અથવા હોશેદર બામી અને ઉક્ષયત્ નેમંઘને હોશેદરમહા કહ્યોછે. સોશ્યોશ, હોશેદર બામી અને હોશેદરમહા જોકે રસ્તા એજને વખતે ઉભા થશે તો પણ બુનદેહેશમાં તેઓને જરતોશ્તને બુનનાં અને તેની બાયડી હવોવીને પેટનાં જણાવ્યાછે. (પા. ૮૦-૯ બા. ૩૨-૮)

[Avestan]

એટલે "જરતોશ્તનાં છોકરાઓ જેવાંકે હુશીદર, હુશીદરમાહ, અને સોશ્યોશ હવોવથી હતાં." એનો સબબ ત્યાં એમ જણાવેછે કે જરતોશ્તનું તેની બાયડી હવોવીનાં સંબંધનું બુન જમીન ઉપર ત્રણ મરતબે પડ્યું હતું. નહર્યોસંઘ ફરેસ્તાએ તે જાલવી રાખી અનાહીતને તે જાળવણી માટે સોંપ્યું. તે બુનનાં બચાવમાટે ૯૯૯૯૯ ફરોહરો ચોકી રાખેછે. એ ફરોહરોની ચોકીનો ઇશારો પાછો ફરવરદીનયષ્ટમાંથી મળેછે કે જ્યાં (ફ. ૬૨) પવિત્ર જરતોશ્તનાં બુનની તપાસ રાખનાર ૯૯૯૯૯ ફરોહરોને યાદ કર્યાં છે. હવે સદદરે બુનદેહેશ કહેછે કે રસ્તા એજને વખતે કાંસુનાં દર્યાવમાં અંગોળ કરતાં એરેદત ફેદ્રી નામની એક કન્યા જેણીને ફરવરદીનયષ્ટ(ફ.૧૪૨) માં યાદ કરી છે તેણી અનાહીત જે પાણી ઉપરનો સ્ત્રીયજદ છે તેણીને સોંપેલાં બીજથી ગર્ભવંતી થશે, અને તેણીને પેટે સોશ્યોશ પેદા પડશે. સોશ્યોશ કાંસુ દર્યા તરફથી આવશે તેને વંદીદાદ (૧૯-૫) થી ટેકો મળેછે, જ્યાં તેણે કાંસુના દર્યાવ તરફનાં પૂર્વ ભાગ તરફથી જન્મ પામી આવતો જણાવ્યોછે. સોશ્યોશ એરેદત ફેદ્રી નામની કન્યાને પેટે પેદા થશે તેને જમ્યાદયષ્ટથી ટેકો મળેછે, જ્યાં (ય. ૯૨) અસ્તવત્ એરેત જે સોશ્યોશનું બીજું નામ છે તેને "વીસ્પતઉર્વી" નામની કન્યાને પેટે પેદા પડેલો જણાવ્યોછે, જે વીસ્પતઉર્વી તે ફરવરદીનયષ્ટ (ફ. ૧૪૨) પ્રમાણે એરેદત ફેદ્રીનું બીજું નામ છે. એજ પ્રમાણે આપણી

તપાસવાળો ઉક્ષયત્ ઍરેત અથવા હોશી-દરમાહ, સ્રુતત્ ફ્રેધ્રી, જેણીને પણ ફરવરદીનયષ્ટ (ફ. ૧૪૧) માં આરાધીછે, તેણીને પેટ પેદા પડશે અને એજ પ્રમાણે ઉક્ષયત્ નેમંઘ અથવા હોશીદર માહા વંઘુ ફ્રેધ્રી (ફ. ૧૪૨) ને પેટે પેદા પડશે. સદદરમાં એ કન્યાઓનાં નામ [illegible], [illegible] વેહેબદ, અને [illegible] અદંબદ કરી આપ્યાંછે જે અવસ્તાના નામોને મલતાં આવેછે. [illegible] એ "ઍરેદત ફ્રેધ્રી" ઉપરથી અને 'વેહેબદ' એ વંઘુફ્રેધ્રી ઉપરથી ઉત્પન્ન થયાછે. હોશીદરબામીની માયનું નામ જે "સ્રુતત્ ફ્રેધ્રી" છે તેનો આકાર પેહેલા ભાગ વગર 'બદ' મળેછે. સોશ્યોશાનું નામ سیاوشانس કરી આપ્યુંછે.

[illegible] = ઉક્ષયત-નેમંઘ. ય. ૧૩-૧૨૮. હોશીદરમાહ, સોશ્યોશાનો મદદગાર અને ભાઈ. એ રસ્તાખેજને વખતે હજારાની સેવટે સોશ્યોશાની આગમચ ૩૦ વર્ષ આગળથી આવશે. એ વંઘુફ્રેધ્રી કન્યાને પેટે જન્મ લેશે. જુઓ વધુ વીગત માટે [illegible]

[illegible] = ઉક્ષયેદ્દન્તિ. ય. ૧૩-૧૪૦. એ "રતઓતર વહિસ્તહે અષ્યેહે" નામનાં એક પુરૂષની બાયડી હતી. એ બન્ને ઘણી ધણીઆણી ભલાં અને નામાંકીત નીવડેલાં હોવાં જોઇએ કારણ જેમ એ ફકરામાં એણીને નામાંકીત સ્ત્રીઓની સંઘમાં આરાધીછે, તેમ એણીના ખાવીંદને પણ આગળ (ફ. ૧૧૧) નામાંકીત પુરૂષોમાં આરાધ્યોછે.

[illegible] = ઉજયેઇરિન. ઓજીનગેહે. અવસ્તાપ્રમાણે દહાડાના જે પાંચ ભાગ થયાછે તેમાંનો ત્રીજો ભાગ. પાછલા પહોરનાં ૩) વાગ્યાથી તે સૂર્યની રોશની બેમાલુમ થાય ત્યાંસુધીનો વખત. જુઓ [illegible]

[illegible] = ઉજવ. ય. ૧૩-૧૩૧. એને તુમાસ્પનો ઉઝવ કહ્યોછે. પેહેલવીમાં પણ એને [illegible] ઝુબ તુમાસ્પાન કહ્યો છે. બુનદેહેશ (પા. ૮૧-૧૩ બા. ૩૪-૬) અને હમકારાની આફ્રીનમાં પણ એને જુબે તોમાસ્પાન કહ્યોછે શાહનામામાં એને એજ પ્રમાણે "ઝુવ તેહમાસ્પ" કહ્યોછે. ફીરદોસી એને તેહેમાસ્પનો છોકરો કહેછે.

ندیدند جز پور طهماسپ زو
که زور کیان داشت و فرهنگ گو

એ ઊપરથી અવસ્તાનો તરજુમો કરનારાઓ પણ એને તુમાસ્પનો છોકરો ગણેછે. પણ એવું દિસેછે કે એ તુમાસ્પનો છોકરો નહી હતો પણ તુમાસ્પનો કોઈ કુટુંબી હતો અને એ નામથી મશહુર હતો. એ એનું ખાનદાની નામ હોય કારણ બુનદેહેશ (બા. ૩૪) જ્યાં બધા પાદશાહોનાં સને આપે છે ત્યાં ફક્ત તેઓના નામ દે છે. પણ જ્યાં એનું નામ દઈ એના રાજ્યની મુદત પાંચ વર્ષની જણાવેછે ત્યાં એને "ઝુબેતહમાસ્પાન" કરી બોલેછે. વળી જ્યાં ઈરાની પાદશાહોની વંશાવળી આપીછે ત્યાં (બા. ૩૧-૨૩) પણ એને તુમાસ્પાનના નામથી બોલાવી એને મીનોચેહેરનાં છોકરા નોદરના એક છોકરા 'અગાઈમસ્યાક' નો છોકરો જણાવ્યોછે. દીનકર્દનાં આઠમા દફતરમાં પણ એને તુહમાસ્પાનનાં ખાનદાની એલકાબથી ઓલખ્યોછે. બુનદેહેશમાં એને ઝુબ તેમજ 'અઉઝુબો' ના નામથી બોલાવ્યોછે. જેમ બુનદેહેશ પ્રમાણે તેમ ફીરદોસી પ્રમાણે એ પાદશાહે પાંચ વર્ષ રાજ કર્યું હતું. એ એક ઘણો પરહેજગાર પાકજાદ પાદશાહ હતો. તે ફીરદોસી ઉપરથી માલમ પડેછે, જે એની બાદશાહી માટે કહેછે કે

سپهر را ز راه بدی باز داشت
که با پاک یزدان بدل راز داشت

અવસ્તા યા બુનદેહેશ ઉપરથી એનેકોઈ ફરજંદ હોય એવું દિસ્તું નથી, પણ ફીરદોસી બે ઠેકાણે એને ત્યાં કેરશાસ્પ નામનો એક છોકરો જણાવેછે, જે એની પછી ગાદી ઉપર બેસેછે. કેરશાસ્પના રાજની શરૂઆતમાં તે નીચે પ્રમાણે કહેછે.

پسر بود زورا یکی خویش کام
پدر کرده بودیش گرشاسپ نام
بیامد نشست از بر تختگاه
بسر بر نهاد آن کیانی کلاه

બુનદેહેશ (બા. ૩૧-૨૮) એને માટે કહેછે કે એણે કવાદ (કએકોબાદ) ને એક નદી કાંઠેથી ઉચકી લેઇ પાલી પોશી ઉછેર્યો. એ વિષે જુઓ [illegible]

[illegible] = ઉજ઼ ફિત. એક માપનું નામ છે જે પેહેલવી પાજંદ ફરહંગ પ્રમાણે (૯) આંગળાંની પોહોળાઈનું એટલે આસરે (૬) ઈંચ છે.

[illegible] = ઉજ઼ય. ય. ૧૩-૧૧૯. વંધુ દાતનો છોકરો.

[illegible] = ઉતયુતિ. ય ૧૩-૧૨૯. એ ફકરામાં નીચલા શબ્દો છે. "ઉતયુતોઇશ્ વિત્ કએવોઇશ્ ઝિઘ્રઓશ્. સએનહે. અષઓનો ફ્રવષીમ. યજમઈદે." એમાંનાં પેહેલા ચાર શબ્દોને માટે અને તેઓનાં એકેક વચ્ચેનાં સંબંધ માટે તરેહવાર મતફેર છે. ખુસ્ટી, હારલે અને મેહેરજીરાણા-વાછા 'ઉતયુતિ અને વિત્કએવી' ને જુદાં જુદાં નામો લેઈ વિત્કએવીનો ઉતયુતિ એમ અર્થ કરી ઉતયુતિને "વિત્કએવી" નાં ખાનદાનનો લેછે. પણ દાર્મેસ્ટેટે અને સ્પીગલ એ બન્ને શબ્દો સાથે લેઈ એકજ નામ "ઉતયુતિ વિતકવી" એમ લેછે. વળી જો કે હારલે ઉતયુતિ ને વિત્કએવીથી જુદો ધણી લેછે, તોપણ તે વિત્કએવીને બીજા શબ્દ 'સએન' ની સાથે લેઇ "વિત્કવીસએન" એમ એક આખું નામ લેછે. ત્રીજા શબ્દ ઝિઘ્રઓશ્ને દાર્મેસ્ટેટે મેહેરજીરાણા વાછા વિશેષનામ લેછે. દાર્મેસ્ટેટે અર્થ કરેછે કે "ઝિઘ્રીનો છોકરો ઉતયુતિ વિતકવી." મેહેરજીરાણા વાછા એ શબ્દને ચોથા 'સએન' ની સાથે લેઇ એકજ નામ "ઝિગરૂસએન" લેઇ અર્થ કરેછે કે "ઝિઘ્રસએનનાં વિતકવીનાં ઉતયુતિ." ખુસ્ટી ઝિઘ્ર શબ્દને 'સએન' નું વિશેષણ લેઇ અર્થ કરેછે કે Zulangenden Caêna, એટલે "પુરો પડતો, પોતાને મદદ કરી શકતો." સ્પીગલ પણ એમ લેઈ એજ પ્રમાણે અર્થ કરેછે. હારલે પણ એમજ લેઇ qui saisit habilement એટલે "જે સારી રીતે પકડે છે" એમ અર્થ કરેછે. સએન શબ્દને દાર્મેસ્ટેટે એક કુટુંબનું નામ લેછે અને અર્થ કરેછે કે "સએન કુટુંબના ઝિઘ્રોનાં છોકરા ઉતયુતિ વિતકવી."

[illegible] = ઉદ્રય. ય ૧૯-૬. એક પહાડનું નામ.

[illegible] = ઉપઈરિસએન. ય. ૧૦-૧૦; ય. ૧૪-૨૧. ય. ૧૯-૩. પહાડનું નામ છે. એ બુનદેહેશનો [illegible] કુહે પારસેન, અને સાતે અમશાસ્પંદોની આફ્રીનવાળો મેહેપારસીન કુહ છે. બુનદેહેશમાં એને કેઠે [illegible] કુહે હરપારસીન કહ્યો છે. એની જગ્યા વિષે બુનદેહેશ કહેછે કે

[illegible]

[illegible]

[illegible]

એટલે 'તે સીસ્તાન (અથવા સજસ્તાન) થી પોતાનું મુળ લેછે અને ઓજીસ્તાનમાં ખલાસ થાયછે. વળી પારસના સઘળા પહાડોને એ નામથી કહેછે. અલબુર્જ સિવાય તે સઘળા પહાડોથી મોટા છે' (પા. ૫૯–૬ / બા.૨૪–૨૮).

એ ઇરાનના એક મોટા પહાડની આખી હારનું નામ હતું જેમાંથી હરી નદિ, હેતુમંદ (હેલમંદ), મર્વની નદિ અને બલખની નદિઓ વહેછે. (બા. ૨૦–૧૬, ૧૭, ૨૧, ૨૨). વળી બુનદેહેશના બીજા ભાગ ઉપરથી માલમ પડે છે કે એ ઇરાનનાં પહાડોની એક અત્યંત લાંબી હારનું નામ હતું જેના અઇરિકકીન, કાફ, કબદસીકસ્ત, સીયાકઓમંદ, વફ્રઓમંદ, ગનાવંદ, અરપરોગ, પહારઘર વીગેરે પહાડો જુદા જુદા ભાગો હતા. (બા ૧૨—ફ. ૧૨, ૧૪, ૨૧, ૨૨, ૨૯). બુનદેહેશની માફક ઝાદસ્પરમમાં પણ એ પહાડને અલબુર્જ પછી ઇરાનમાં બીજો મોટો પહાડ ગણ્યોછે. (બા. ૭. ૪. ૭). ઇજશને (હા ૧૦-૧૧) માં જ્યાં એ પહાડનું નામ આવેછે ત્યાં સ્પીગલ, કાંગા વીગેરે એને વિશેષનામ નથી ગણતા પણ એની સાથવાળાં 'શ્કયત' નો ટેકરી અર્થ કરી એ ઉપઇરિસએન શબ્દનો અર્થ કરેછે કે "સએનપક્ષી ઉડી શકે તેથી પણ ઉનચી (ટેકરી)." એવું દિસેછે કે એ અત્યંત ઉંચો પહાડ હોવાથી એને એ નામ મળેલું દિસેછે. હારલે ધારેછે કે ઇજશનેમાં આવેલું એ નામ અને તેની સાથનાં શબ્દો—[illegible] અને [illegible], [illegible], [illegible] કદાચ વિશેષનામ હોય અને તે પહાડના નામો હોય. જો એઓને પહાડ લેઇએ તો તેઓ ઉપઇરિસએનની લાંબી પર્વતની હારનાં જુદા પહાડો હોય.

[illegible]=ઉપમન. એક યજદનું નામ છે. મેહેરયશ્ત(ફ. ૬૬) માં એ યજદને મેહેરનો સાથીગણ્યોછે. રશનેયશ્ત માં(ફ.૪) અહુરમજદ એ દામી ઉપમનની સાથે મદદે પોહચવા જણાવેછે.

[illegible]=ઉરૂધયંત. ય ૧૩—૧૪૧. એક કુંવારીકા જેનાં ફરોહરને આરાધ્યુંછે.

[illegible]=ઉરૂધુ. ય. ૧૩—૧૧૨. એક પુરૂષનું નામ જેનાં ફરોહરને આરાધ્યુંછે. એ પઉરૂધાક્તિનાં પાંચ જાણીતા બેટાઓમાંનો એક થાય. એ પાંચે ભાઇઓને સાથે યાદ કર્યાછે. એનાં કુટુંબની વંશાવળી માટે જુઓ [illegible]

[illegible] = ઉરૂન્યો-વાઇધકએ. ય ૧૯—૫. એક પહાડનું નામ.

[illegible] = ઉરૂપ. જુઓ [illegible] [illegible]

[illegible]=ઉરૂપિ. વં ૫-૩૩,૩૪; ૧૩-૧૬. એ એક જાતનાં કુતરાનું નામ. એ શબ્દ પેહેલવી [illegible] અને ફારસી [illegible] ને મળતો છે. એક કુતરાની જાત જેનું મોહ કોહલા જેવું હોવાથી તે એ નામથી જણાયો હોય.

[illegible] =ઉરૂધયંત્. ય. ૧૩-૧૪૧. એ એક કન્યાનું નામ છે, જેણીને તેણીનાં કોઇ મોટા કામ માટે યાદ કરીછે.

[illegible]=ઉરૂધિ. ય. ૧૩-૧૧૨. એ પઉરૂધા-

ક્ષિતનો છોકરો હતો. એનાં ખાનદાન માટે જુઓ [illegible]

[illegible]=ઉર્વ. વં ૧—૧૧. જુનસન અને હાઉગપ્રમાણે એ કાબુલ શેહેરનું પુરાનું નામ છે. ડા૦ હાઉગ કહેછે કે [illegible] એ [illegible] નો બીજો આકાર છે અને તેનો અર્થ સં. उरु ને મળતો પોહલું થાયછે. હવે કાબુલ (તેમજ જાબુલ) શબ્દમાં બુલનો અર્થ પણ 'મોટું' થાયછે. ([illegible] નો બુલ થઈ શકે. 'વ' નો 'બ' ને 'ર' નો 'લ' માં ફેરફાર સંભવીત છે.) વળી કાબુલ શબ્દમાં 'બુલ'ની આગમચ 'કા'(ફારસી. [illegible])શબ્દ છે જેનો અર્થ ઘાસ થાયછે. એપ્રમાણે ત્યારે કાબુલ શબ્દનો આખો અર્થ "ઘાસવાળી ઓહળી મોટી જગ્યા" એમ થાય. વંદીદાદનાં એ શેહેરનાં નામવાળા ફકરામા પણ એ શેહેરને [illegible] કહ્યું છે. એટલા માટે જ્યારે 'ઉર્વાંમ્ પોઊરૂ વાસ્ત્રાંમ' એ બે શબ્દોથી જે અર્થ (પુષ્કળ ઘાસ ચારા વાળી ઓહલી જગ્યા) દેખાડી શકાય તેજ અર્થ કાબુલ એવા એક શબ્દથી દેખાડી શકાય છે. પ્રોફેસર હારલે એને ખોરાસાનમાં આવેલું એક નહી જાણીતુ શેહેર ગણેછે. અગ્પંદીઆર જીરબાડી એને તુસશેહેર ગણેછે જે ખોરાસાનમાં આવેલુંછે. દાર્મસ્ટેટે ધારેછે કે તે ઘાણુંકરીને ઇસ્ફહાનની આસપાસ આવેલો મુલક હોવો જોઇએ. યુસ્ટી કોઈ ચોકસ જગ્યા મુકરર કરતો નથી, પણ કહેછે કે કીપર્ટ એને ટેલબીઝમાં ગણેછે.

[illegible]=ઉર્વતત્-નર. ય ૧૩-૯૮; વં ૨-૪૩. જરથોસ્તનાં ત્રણ છોકરાઓમાંનો એક છોકરો. બુનદેહેશમાં એને [illegible] કહ્યોછે. જરથોસ્તની પેહેડી વિષે બુનદેહેશમાં નીચલું વર્ણન આપ્યું છે (પા. ૭૯-૧૪ બા. ૩૨-૪). "જરથોસ્તને ત્રણ છોકરા અને ત્રણ છોકરી જન્મી હતી. એક ઇસદવાસ્તર, એક ઉર્વતદનર, અને એક ખોરશેદચેહેર. ઇસદવાસ્તર, અથોરનાનોનો સરદાર હતો તેથી તે મોબેદાન મોબેદ થયો. અને દીન ફેલાયા પછી ૧૦૦ વર્ષે મરણ પામ્યો. ઉર્વતદનર ખેડુત (વાસ્ત્રયોશ) હોવાથી તે જમીનપર જમશેદે બનાવેલા વરનો સરદાર હતો. ખોરશેદચેહેર પેહેલવાન હોવાથી વિસ્તાસ્પનાં છોકરા પેશોતનનો સપેહબુદ હતો અને કંગદેઝમાં રહેતો હતો. ત્રણ છોકરીઓમાંથી એક ફ્રેન એક સરીત અને એક પોરૂચીસ્ત (પોરૂચીરતી) નામની હતી. ઉર્વતદનર અને ખોરશેદ ચેહેર ચકરજન ઓરતથી હતા. બીજાઓ પાતુખશાહ ઓરતથી હતા." એ ફકરા પ્રમાણે ઉર્વતદનર જમશેદે સ્થાપેલાં સ્વસ્થાનમાં વડો ખેડુત હતો. વંદીદાદ (૨-૪૩) પણ એ બાબદને ટેકો આપેછે. કારણ ત્યાં પણ એને જમશેદનાં વરનો વડો ગણ્યોછે. બુનદેહેશનાં બાબ ૨૯ માં હફતકેશ્વરોનાં (રદો) વડાઓનાં અને બીજી જાણીતી જગ્યાઓનાં વડાઓનાં નામો આપ્યાંછે. ત્યાં પણ ઉર્વતદનરને માટે એમજ કહેછે કે

[illegible]

[illegible]

"જરતોશ્તનો ઉર્વતદનર જમશેદે કીધેલા વરમાં(રદ-સરદાર) હતો" (પા. ૬૯-૪ / બા. ૨૯-૫). વજર કર્દદીની (પા. ૨૨-૬) પ્રમાણે એ અને એનો ભાઈ ખોરશેદચેહેર જરતોસ્તની "અરનેજ બરેદા" નામની ઓરતને પેટે પેદા થયા હતા.

[illegible]

[illegible]

(૨) [illegible] = ઉર્વતત્-નર. ય ૧૩-૧૨૭. એ નામનો એક બીજો પુરૂષ પણ થઈ ગયોછે. તે કોણ હતો તે માલમ પડતું નથી. તે 'અપરઝાત' એટલે પછી જનમેલા અથવા નાના જામાસ્પ મેદ્યોમાહ અને ઉર્વતદનરમાંનો એક હતો.

[illegible] = ઉર્વાક્ષય. ય ૧૫-૨૮. ય ૨૩-૩. ઈ ૯-૧૦. એસામ નામના નામાંકીત પુરૂષનાં છોકરાં થ્રિતનો છોકરો થાય. થ્રિતએ હોમયજદની બંદગી કરી ક્રિયા કરી હતી તેનાં બદલામાં થ્રિતને ત્યાં કેરેશાસ્પ અને એ ઉરવાક્ષય નામનાં બેટા પેદા પડ્યા. એ એઓમાંથી કેરેશાસ્પ પેહેલવાન નીવડ્યો અને ઉરવાક્ષય એક કાબેલ ઈનસાફ કરનાર અને ડાહ્યો પુરૂષ નીકળ્યો. એ કારણને લીધે પએગમબર જરતોશ્ત પાદશાહ ગુશ્તાસ્પને દુઆ દેતાં કહેછે કે "હુ ધાઓંધેમ. મબ્યાનેમ. બવાહિ યથ ઉરવાક્ષય." એટલે "ઉરવાક્ષય માફક સારા ડાહાપણવાળો અને પ્રસિદ્ધ થજે". રામયષ્ટ પ્રમાણે એ હીતાસ્પ નામનાં રાખ્ખસને હાથે માર્યો ગયો હતો. તેનો કીનો લેવાને એના ભાઈ કેરેશાસ્પે રામયજદની બંદગી કરી. તે બંદગી કબુલ રહી અને કેરેશાસ્પે એ ઉર્વાક્ષયનો કીનો તેના ખુની ઉપર લીધો. જમ્યાદયષ્ટ (ક. ૪૧) પણ જણાવેછે કે કેરેશાસ્પે હીતાસ્પને માર્યો હતો. બુનદેહેશ (બા. ૩૧-૨૬) પણ એને કેરશાસ્પનો ભાઈ ગણેછે. એ કેતાબ એની પેહેડી ફરેદુનને નીચે પેહેલી હારમાં દેખાડવા પ્રમાણે પોહોચાડે છે અને શાહનામાની કોઈક નકલો (જેમાં એ બાબદ કેરેશાસ્પ નામું નામની જુદી કેતાબમાંથી દાખલ કરેલી દિસેછે) તેને જમશેદ સુધી નીચે બીજી હારમાં દેખાડવા પ્રમાણે પોહચાડે છે.

બુનદેહેશ પ્રમાણે	શાહનામાંની કોઈક નકલ અને આફ્રીનગાનાં દીબાચામાં નામ હેવાય આવીજ તેમ.
કેરેશાસ્પ અને ઉર્વાક્ષ	કેરેશાસ્પ
અથ્રત (થ્રિત)	અત્રત
સામ	સમ
તુરક	તુક
સ્પેન્ચરસ્પ	સીદસ્પ
દુરોશાસ્પ	તુર
તુગ	જમશેદ
ફરેદુન	

એ બે હાર ઉપર નજર કરતાં દિસેછે કે બુનદેહેશનો તુગ અને શાહનામાનો તુર એ બે નામોનાં સરખાપણા ઉપરથી ભુલ થઈ એની પહેડીને ફરેદુન અને જમશેદ બે જુદા જુદા પુરૂષો સાથે મેળવીછે.

[illegible] = ઉર્વાજિસ્ત. ઈ ૧૭. એ એક આતરા છે અને તે અર્થ પ્રમાણે ઝાડ પાનમાં સમાયલી ગરમી છે જે ઝાડની વધ માટે અવશ્યની છે. બુનદેહેશ કહેછે કે એને પાણીનો ખપ છે પણ ખોરાકનો નહીં.

[illegible] = ઉર્વસિન. વં ૮—૩ એક જાતનું ખુશબોદાર ઝાડ. રીમન થયલાં ઘર વીગેરેને એ લાકડાંના ખુશબોથી પવિત્ર કરવા કહ્યુંછે.

[illegible] ઉસધન્. ય. ૧૩-૧૩૨: ય-૪૫.

[illegible] ઉસન્. ય. ૧૪-૩૯. ય ૨૩-૨; ય ૧૯-૭૧. કવીનાં એલકાબ સાથે કવી ઉસધન અથવા કવી ઉસન તે કેકાઉસ. બુનદેહેશપ્રમાણે એ કેકોબાદના છોકરા અપીવેહે (અવસ્તા અઇપિવંઘુ) નો છોકરો થાય. શાહનામામાં એને કાઉસ کاوس લખ્યોછે અને કેકોબાદનો છોકરો ગણ્યોછે. બુનદેહેશપ્રમાણે એ અઈપિવેહેનાં ચાર છોકરાઓમાંનો ચોથો હતો. શાહનામા પ્રમાણે તે કોબાદનાં ચાર છોકરામાં વડો હતો.

پسر بود مر اورا خردمند چار
که بودند ازو در جهان یادکار
نخستین چو کاوس با آفرین
کی آرش دوم بود سوم کی نشین

એ ખાનદાનની વીગતવાર વંશાવળી માટે જુઓ [illegible]

અવસ્તામાં એ પાદશાહની જીંદગીના સંબંધમાં નીચલા ઈશારાઓ મળેછે. (૧) એણે એરેજીફ્ય પહાડ ઉપર અહુરમજ્દની અને આવાંયજદની સ્તુતી કરી તેની બરકતથી જાદુગર, પરી, કવી અને કરપ જેવા બુરા માણસોનો દોર તોડ્યો (ય. ૫-૪૫). (૨) એ પાદશાહે આકાશમાં ઉંચે ઉડવાની કોઈ યુક્તિ કરી હતી (ય. ૧૮-૩૯). (૩) એ પાદશાહને કુદરતી ઓરેહ હતું (ય. ૧૯-૭૧). તે ઉપરથી પએગમબર જરતોશ્ત શાહ-ગુશતાસ્પ ઉપર દુઆ કરતાં ઇચ્છેછે કે "અરા વરેચાઓ (બવાહિ) યથ કવઉસ" એટલે "કાઉસનાં જેવો પુર અલકાતવાળો થજે."

બુનદેહેશ અવસ્તાના એની જીંદગીનાં ઉપલા ઈશારાઓને નીચેપ્રમાણે ટેકો આપેછે. અવસ્તાનાં ૨) જા ઈશારાને મળતું તે કહેછે કે તે કોઈ યુક્તીથી આકાશ ઉપર ચહડ્યો હતો. રાજગાદીએ આવ્યા પછી ૭૫ વર્ષે તેણે એમ કર્યું હતું અને તે બનાવ પછી પણ તેણે બીજાં ૭૫ વર્ષ રાજ કીધું હતું. એટલે સર્વે મળીને તેણે ૧૫૦ વર્ષ રાજ કર્યું હતું (બા. ૩૪-૭). બહમનયષ્ટ(બા. ૩-૯) માં અહુરમજદ જરતોસ્તને દેવો અથવા બુરાઓ સાથે થયલા અથવા હવે પછી થનારા ત્રણ મોટા ઝગડાઓ વિષે કહેછે. તેમાં પહેલવેહલો ઝગડો એ પાદશાહાનાં રાજ્યમાં દેવો અને ફરેસ્તાઓ વચ્ચે જણાવેછે. એ અવસ્તાના પેહેલા ઈસારાને લગતી બાબદ છે. પેહેલવી જરથોસ્ત નામામાં એ બાબે વધુએ લખેછે

કે કેએ પાદશાહે [illegible] સરીત નામના શખ્સને જંગલમાં મોકલ્યો હતો કે ([illegible] [illegible]) 'દએરે પરીકાન' જેમાં પરીઓ રહેતી હતી તે તોડી નાખે પેહેલી વખત સરીત પરીઓ સાથ સુલેહ કરી પાછો આવ્યો ત્યારે કાઉસે ગુસ્સે થાઈ ફરીથી મોકલ્યો કે જઈને 'કલબા કરપ' નામની પરીને મારે. શાહનામા પ્રમાણે એ શાહે દઝે બેહમન નામનો કીલ્લો કૈખશરૂ પાસે ભંજાવ્યો તે પણ દેવોનું મથક હતું. ઝાદસ્પરમ, દીનકર્દ, મીનોખેરદ વગેરે પેહેલવી કેતાબોમાં એને જેમ કએકાઉસ તેમ કએઉસ પણ કહ્યોછે. મીનોખેરદ પ્રમાણે જંમશેદ, ફરેદુન અને એ કેકાઉસ પાદશાહને અહુરમજદે ભલા અને અમર કીર્તીવાન બનાવ્યા હતા. પણ અહારેમનની બુરી શીખામણથી તેઓએ પોતાની જીંદગીમાં એકેક ખરાબ કામ કર્યું. જેમકે જંમશેદે મગરૂરી કરી; ફરેદુને શખ્સ ખાવત રાખી નાના એરચને મોટું ઇરાનનું રાજ આપી ભાઈ ભાઈઓમાં કજીઓ ઉત્પન્ન કર્યો, અને બીજા ભાઈઓને હાથે એરચ માર્યો ગયો ત્યારે તેનાં કીનામાં તેઓને મીનોચેહેરને હાથે મરાવ્યા; અને કએકાઉસે તુંદાઈ કરી છેક આસ્માન ઉપર ઉડવાની હુલરાઈ કરી (બા. ૮-૨૭). એજ કેતાબમાં (બા. ૨૭-૫૪)માં કેટલાક પાદશાહોથી થયલાં ભલાં કામો વર્ણવ્યાં છે. તેમ એ પાદશાહનું ભલું કામ એ ગણ્યું છે કે એને ત્યાં સિઆવક્ષ જેવો ભલો છોકરો પેદા પડ્યો. એજ કેતાબ વળી (બા. ૫૭-૫૧) એ પાદશાહને મળેલા ઉપલા અવસ્તાનાં ત્રીજા ઇશારાવાલા નુર (વરગો) નો ઇશારો કરેછે અને કહેછે કે જંમશેદ અને ફરેદુન સાથે એ પાદશાહે પણ અકલની ખાંમી દેખાડી અને અહુરમજ્દ તરફ નાફરમાંની દેખાડી. ફારસી રેવાયતો પણ એને વિષે એ પેહેલવી

કેતાબનાં જેવો વિચાર જણાવેછે. એ પ્રમાણે ત્યારે પેહેલવી કેતાબો એ પાદશાહ વિષેનાં અવસ્તાનાં ઉપલા ત્રણ ઇશારાઓને ટેકો આપેછે. હવે આપણે જોઇશું કે એ અવસ્તાનાં ઉપલા કાઉસ સંબંધી ઇશારાઓને અને પેહેલવી લખાણોને શાહનામામાંથી કેટલો ટેકો મળેછે. ફીરદોસી પ્રમાણે એની માનું નામ ફરહંગ હતું. કાઉસે ગાદીઉપર આવતાં પેહેલાંજ માજંદરાન જે બુરા દેવોનું મથક હતું તે ઉપર હુમલો કર્યો હતો. ત્યારપછી તેણે હમાવરાનનાં પાદશાહ ઉપર હુમલો કર્યો હતો. એ બન્ને મુલકો સામેની લડાઇમાં રૂસતમે તેને યારી દીધી હતી. પેહેલવી પુસ્તકોમાં આપણે ઉપર જોયું તેમ જે લખ્યું છે કે, અહારેમનની કુસલવણીથી તેણે આકાશમાં ઉડવાની કોશેશ કરી હતી તેને ફીરદોસી નીચે પ્રમાણે ટેકો આપેછે.

چنان بود که ابلیس روزی پگاه
یکی انجمن کرد پنهان ز شاه
بدیوان چنین گفت کامروز کار
برنج و بسختیست با شهریار
یکی دیو باید کنون نغز دست
که داند هم رسم و راه نشست

. . . . . .

یکی دیو دژ خیم بر پای خاست
چنین گفت کین نغزکاری مراست

. . . . . .

بیامد به پیشش زمین بوسه داد
یکی دست گل بکاوس داد
چنین گفت کین فرو زیبای تو
همی چرخ گردان سزد جای تو

(૨) એક બીજા [illegible]=ઉસધન્. નામનાં શખસને ફરવરદીનયશ્ત (ફ. ૧૨૧) માં યાદ કર્યોછે, જે મન્દયસ્નાન ઉસધન તરીકે ઓલખાયલોછે. એ શખસ વિષે કાંઇ જણાયલું નથી.

[illegible]=ઉસિક્ષ. ઇ ૪૪-૨૦.—એ કીક, કરપ વીગેરેની માફક એક બુરા વર્ગનાં માણસો યાદ છે. એ નામ ફકત એકજ વખત અવસ્તામાં આવેછે. વેદમાં એ શબ્દ એક ડાહ્યા ચંચળ માણસને અર્થે વપડાય છે. વેદથી એનો ઇરાની અર્થ છુટા પડવાંનાં કારણ બાબે જુઓ [illegible] શબ્દ. પેહેલવી જરથોસ્તનામામાં એ નામ ઊશીસ્તાર ([illegible]) છે. એ મીનોચેહરથી ઉતરેલું જરથોસ્તનાં સગપણનું ખાનદાન હતું પણ દીનદુશમનાઇને લીધે હરીફ થઇ પડયું. અહુરમજદ ખોદા એની બંદગીમાંના શાગ્તારાન લોકો તે એઓ છે.

[illegible]=ઉસિનેમંઘ. ય ૧૩-૧૧૩. ૧૪૦. એ એક પુરૂષનું નામ છે જેને અને જેની ધણીઆણી કે.ની બન્નેને ફરવરદીન યશ્તમાં યાદ કર્યાંછે. ડા. ઉવેસ્ત એ ઉસિનેમંઘને બુનદેહેશ (બા. ૩૧–૩૩) વાળો 'અઉરાબામ' ધારેછે. અને તેની બાયડી કે.નીને બુનદેહેશાની 'ફરહંગ' અથવા ફ્રાનક ધારેછે.

[illegible]=ઉસ્નાક. ય ૧૩-૧૧૭. એક પુરૂષનું નામ.

[illegible] ([illegible])=ઉરુપએસ્ત. ય ૧૩-૧૨૬. દાર્મસ્ટેટે અને મેહેરજી રાણા વાછા એ આખા શબ્દને એક કુટુંબનું નામ ગણેછે. પણ યુસ્ટી, સ્પીગલ, હારલે ફકત [illegible] શબ્દને કુટુંબનું નામ લેછે અને આગલનાં [illegible] શબ્દને વિશેષણ લે છે. સ્પીગલ એનો અર્થ 'અનુભવી' કરેછે યુસ્ટી "Ausgelernte" અર્થ કરેછે જે અર્થ પણ સ્પીગલનાં અર્થને મળતો થાયછે. હારલે એ અર્થ ના પાડી

'elev6' એટલે 'ચહડતું નામીચું' એવો અર્થ કરેછે.

[illegible]=ઉર્‌પારસ્નુ. ય ૧૩-૧૨૧. એ એક મહાન પુરૂષનું નામ છે જેનાં સ્પીતી અને એરેઝારપ નામનાં બે નામીચા છોકરાઓ હતા. બુનદેહેશ (પા. ૬૮-૮ / બા. ૨૯-૧) એ નામ [illegible] આપેછે. એનાં ઉપલા બે છોકરાઓનાં નામ ત્યાં (તેહેમુરસવાલી બુનદેહેશમાં) સ્પીતોઈદ અને અર્દરીઝરારપ કરી આપ્યાં છે. પેહેલા છોકરાનું નામ મુસ્ટીવાળી બુનદેહેશમાં [illegible] કરી મળે છે. બુનદેહેશપ્રમાણે એનાં એ બે છોકરાઓમાંનો પેહેલો 'ક્રદદફ્‌શ' કેશ્વરનો વડો (પો) હતો અને બીજો 'વીદધફ્‌શ' કેશ્વરનો વડો હતો.

[illegible]=ઉર્‌માનર. ય ૧૩-૯૩, ૧૨૦. એ નામનાં બે શખ્સ થઈ ગયા છે. એક 'પએશત' નો છોકરો અને બીજો 'પએસત પઇતિસીર'નો છોકરો.

[illegible]=ઉસ્.હિંદુ. ય ૮-૩૨. એ શબ્દમાંના [illegible] પ્રત્યયને બીજા તરજુમોકતો ક્રિયાપદની સાથે લેછે. દાર્મેસ્ટેટે એ પ્રત્યયને સાથે લેઈ ઉસ હિંદુ એમ પર્વતનું નામ લેછે. તે બુનદેહેશનો ઉસીનદોમ પહાડ છે. બીજાઓ ઉસ ને પ્રત્યય લેઈ હિંદુ પહાડ લેછે. જુઓ [illegible] શબ્દ.

[illegible]=ઉષઓમ. ય ૧૯-૫. એક પહાડનું નામ.

[illegible]=ઉષહીન. હોરાંનગેહે. અવસ્તાપ્રમાણે દીવસનાં જે ૫ ભાગ થયાછે તેમાંનો એક ભાગ. એટલે મધ્ય રાત અથવા રાતના ૧૨વાગ્યાથી સૂર્યનું ઝઝકળું દેખાવા માંડે ત્યાં સુધીનો વખત જુઓ [illegible]

[illegible]=ઉષિદરેન. ય૧૯-૧, ૯ ૧-૩૧, ૨-૫૯, ૩-૫૫, ૪-૪૫, ૨૨-૩૧, ૨૫-૨૨. એ પહાડ પએગમબર જરતોશ્તનાં દીન લાવવાનાં બનાવસાથ જોડાયલો છે. તે ઉપરથી દિસેછે કે એ આઝરબએઝાન તરફનો અલબુર્જ પર્વતનો કોઇ ભાગ હોય. હારલે એને કોઇ એથી પૂર્વ દિશાએ આવેલો પહાડ ગણેછે. પેહેલવી પુસ્તકોનો હોશ દાસ્તાર પહાડ તે એજ અવેસ્તાનો ઉષિદરેન છે તે એ ઉપરથી માલમ પડે છે કે સીરોજામા આસાદયજદની બશનુમન સાથે એને યાદ કર્યો છે.તે વિષે બોલતાં દાદસ્તાને દીની એને ઉશદાસ્તાર કહેછે. (બા. ૩૦-૨). બુનદેહેશ (પા. ૨૩-૮ / બા. ૧૨-૧૫) એ ઉશદાસ્તાર પહાડને સીસ્તાનમાં મેલેછે.

[illegible]

[illegible]=ઉષિધાઓ ય. ૧૯-૧. એ શબ્દને હું વિશેષનામ ગણતો નથી પણ બીજા તરજુમો કરનારાઓ એને વિશેષ નામ ગણી એક જુદા પહાડનું નામ ગણેછે. તે ઉપરથી તે નક્કી કરવામાટે આ શબ્દ અહીં તપાસ લેવા દાખલ કર્યોછે. સ્પીગલ હારલે વીગેરે વિદ્વાનો એને વિશેષનામ ગણી જુદો પહાડ લેછે પણ એ શબ્દ ફકત વિશેષણ છે. ઉશીદરેન પહાડ આપણાં અવસ્તા પ્રમાણે એક બુલંદ પહાડ છે જેની ઉપરથી પએગમબર જરતોશ્તે ખોદા પાસેથી ધર્મ મેલવ્યો હતો. ઉશીદરેન શબ્દનો અર્થ અક્કલ ધરાવનાર થાયછે. એ પહાડને એ નામ એટલામાટે મળ્યુંછે કે તેની ઉપર બંદગી અને એબાદત કર્યાથી અને ખોદાઇ

ભેદ ભરમો અને ફીલસુફી ઉપર વિચાર કર્યાથી પએગમબર॰ જરતોશ્ત પોતાનો નવો મજહબ જાહેર કરવાને ફતેહ પામ્યો. એ કારણને લીધે એ પહાડને દુઆશાનેમાં ખાસ રીતે યાદ કર્યોછે. હવે જે અર્થ એ પહાડનું ખુદ નામ 'ઉશીદરેન' શબ્દ દેખાડે છે તેજ અર્થ એક વિશેષણ તરીકે દરસાવામાટે એની આગમચ ઉષિધાઓ શબ્દ વપરાયલોછે. બાકી ઉશીદરેન પહાડથી ઉષિધાઓ નામનો જુદો પહાડ હોય એમ નથી. એની એક ઘણી ચોકસ સાબેતી હોરમજદયશ્ટ ઉપરથી માલમ પડેછે કે જ્યાં પણ એ પહાડને આરાધ્યોછે. ત્યાં કહેછે કે, "અએોમ્ ગઇરિમ્. યજમઇદે. યિમ્. ઉષિદામ્. ઉષિદરેનેમ્" એટલે કે આ પહાડ જે હુશીઆરી આપનાર (ઉષિદાઓ) ઉષિદરેન છે તેને અમો આરાધ્યે છીયે." અવે એ ફકરામાં 'અએોમ્' 'ગઇરિમ્' અને 'યિમ્' એ ત્રણે શબ્દો એક વચનમાં છે તેથી ઓલ્લું માલમ પડેછે કે અહીં ફકત એકજ પહાડ ગણ્યોછે. જો ઉષિદાઓ પણ એક પહાડ હતે તો એમ એક વચન નહી વાપરતે. એ ફકરા ઉપરથી ત્યારે માલમ પડેછે કે જેમ એ ફકરામાં તેમ જમ્યાદયશ્ટમાં એ શબ્દને ઉષિદરેનનો વિશેષણ ગણ્યોછે. જમ્યાદયશ્ટની પહાડોની ટીપમાં 'ઉષિદાઓ', 'ઉષિદરેન' થી એક જુદો પહાડ નથી કે જેમ હારલે, ઉવેસ્ત અને સ્પીગલ ધારેછે પણ તે ફકત ઉષિદરેનનું વિશેષણ છે તેની સાબેતી એજ યશ્ટ ઉપરથી મળેછે. એ યશ્ટમાં ઉષિદરેન પહાડના નામ પછી બે નામ મેલી "એરેઝુર" નામનાં પહાડનું નામ આવેછે ત્યાં તે પહાડને ઓલ્લે ઓલ્લો [illegible] છઠ્ઠો પહાડ કહ્યોછે. હવે જો આપણે ઉષિધાઓને ઉષિદરેનથી એક જુદો પહાડ ગણ્યે તો એ 'એરેઝુર' પહાડ સાતમો થાયકે જેમ તે નથી.

[illegible]=ઉશ્ત—ખ્રેનં-ઘ. ય૧૯—૫. એ એક પહાનું નામ છે જેનું મથક નક્કી થતું નથી.

[illegible]=ઉશ્તાઝંત. ય. ૧૩-૧૧૬. એક પુરૂષનું નામ છે જેની ફ્રવશીને યાદ કરીછે.

[illegible]=ઉશ્તવઇતિ. ય ૧૩—૧૩૯ એક સ્ત્રીનું નામ.

(૨)[illegible]=ઉશ્તવઈતિ.ય૨૨-૨ સ્પીતામાન જરતોસ્તનાં પાંચ ગાથાઓમાંનો બીજો ગાથો. એ ગાથાનાં પેહેલા શબ્દ "ઉશ્તા" ઉપરથી એણે એ નામ લીધું છે. બેહેશતી રવાન બેહેશ્તમાં જવા આગમચ એ ગાથાનાં શબ્દો ઓચરેછે.

[illegible]=ઉશ્વ. ય૧૩-૧૧૫. એક પુરૂષનું નામ. જે 'સઘનહ' નો છોકરો. સ્પીગલ એ બંને નામ જુદાં લેઈ એકને બીજાનો ગણવાને બદલે બંને સાથે લેઈ એકજ નામ ગણેછે કે "ઉશ્ત્ર-સઘનાઓ."

[illegible]

[illegible]=એરેક્ષ. ય. ૮-૬. પ્રોફેસર દાર્મસ્ટેટે એ શબ્દને વિશેષનામ ગણી તેને તવારીખનવેશ 'મીરખોન્દ' જે 'અરીસ' નામના એક ઝડપથી તીર ફેંકનાર વિષે બોલે છે, તેની સાથે સરખાવેછે. એને વિષે કહેછે કે મીનોચેહેરનાં રાજ્યમાં જ્યારે ઈરાન અને તુરાનની સરહદ વચ્ચે વાંધો પડ્યો ત્યારે એવું થડયું કે એ 'અરીસ' નામના શખ્સે દેમાવંદ કોહ ઉપરથી એક તીર ફેંકવો અને તે તીર જ્યાં પડે ત્યાં એ બે મુલકોની સરહદ નક્કી કરવી. દાર્મસ્ટેટે એ 'અરીસ'ને આ તીરયશ્ટવાલા 'એરેક્ષ' ગણેછે. જુવો દાર્મસ્ટેટેની Etudes Iraniennes, II. 220. આજ સુધી સર્વે

તરજુમો કરનાર એને જેમ વિશેષણ ગણુતા આવ્યાછે તેમ હું એને વિશેષણ લઉંછું અને ધારૂંછું કે મીરખોન્દવાળો 'અરીસ' તે તો અવસ્તાવાળો 'અરસન' છે કે જે નામને તે વધારે મળતો આવેછે અને નહી કે એ 'એરેક્ષ'. વધુ વીગત માટે જુઓ [illegible] શબ્દ.

[illegible] = એરેજિફ્યચ. ય ૫-૯૫; ય ૧૯-૨. એક પહાડનું નામ છે જે ઉપરથી પાદશાહ કેકાઉશે દેવો પરીઓ વીગેરે બુરા માણસો ઉપર ફતેહ માંગવા આવાં અર્દવીસુરની બંદગી કરી હતી. બરનુફ (Commentaire surle yaçna p. 436) ને આધારે દાર્મસ્ટેટે અને યુસ્ટી એ પહાડને મારજીઆના અને એરીઆના (મર્વ અને હેરાત) વચ્ચે આવેલા હોલમીઅસ નામનાં મુલકમાંના સારાંશે પહાડ સાથ સરખાવેછે. હારલે એને બેકત્રીઆનાં પહાડનો કોઇ નહી જણાયલી ટોંચ ગણેછે.

[illegible] = એરેજિષ. ય ૧૯-૨. એક પહાડનું નામ છે. બુનદેહેશ (બા ૧૨-૧૨) માં આવેલા અઇરક પહાડને ડા. ઉવેસ્ત એ એરેઝીશ સાથ સરખાવેછે. એ અઇરક બુનદેહેશ પ્રમાણે હમદાન અને ખઆરીઝમની વચમાં આવેલોછે અને તે અપરસન (ઉપઇરિસએન)ની એક શાખા છે. એના વર્ણન પ્રમાણે તે નીશાપુરની નજદીકનો કોઇ પહાડ હોય.

[illegible] = એરેજુર. ય ૧૯-૨. એ એક પહાડનું નામ છે. વંદીદાદ (૩-૭ અને ૧૯-૪૪, ૪૫) વાળો [illegible] અને આ એ પહાડ એકજ છે, કે જુદા તે એક સવાલ છે. જો કે એઓની જોડણી જુદી છે તો પણ એઓ એકજ હોવા જોઇએ તેની સાબેતી એ દિસેછે કે જમ્યાદયષ્ટમાં એ 'એરેજુર' ને છ) ઠો ગણી તેની પછી એક સાતમા પહાડનું નામ બુમ્ય આપ્યું છે. હવે બુનદેહેશ (પા. ૨૧-૨૦ બા. ૧૨-૨) માં પહાડોના નામ દેતાં એ બન્ને 'એરેઝુર' અને બુમ્ય પહાડોને સાથે મેળવી દેઇ એક પહાડનું નામ [illegible] 'કુહે અરઝુર બુમ' કરી આપ્યું છે. એ ઉપરથી દિસેછે કે અરેઝુર પહાડ બુમ્ય પહાડની સાથેજ પડોશમાં હશે. એ પહાડનું વર્ણન આપતાં એ અરઝુરબુમવિષે આગળ ચાલતાં કહેછે કે [illegible] એટલે "અરઝુર દોજખનાં દરવાજા ઉપર છે." એ વર્ણન ત્યારે વંદીદાદવાળા [illegible] પહાડનાં ખુદ વંદીદાદનાં ઇશારાને મળતું આવેછે. એ ઉપરથી ત્યારે દિસેછે કે એરેઝુર અને આએ અરઝુર પહાડ એકજ છે. બુનદેહેશવાળો એરેઝુર પહાડ એ કેતાબ પ્રમાણે (પા. ૨૩-૯) (બા. ૧૨-૧૬) [illegible] આરૂમમાં આવેલોછે. જે આરૂમ તે રોમન લોકોની શાહાનશાતનો પૂર્વતરફનો ભાગ છે અને જે રૂમાનીઆ અને રૂમાલીઆના નામથી જણાયલો છે.

[illegible] = એરેજરસ્પ. ય ૧૩-૧૨૧. ઉસ્પારનુંનો છોકરો. બુનદેહેશ (બા. ૨૯-૧) માં એનું નામ અઇરિઝરાસ્પ [illegible] કરી આપ્યું છે. એ કેતાબમાં જ્યાં જુદા જુદા કેશ્વરોનાં વડા ([illegible])નાં નામ જણાવ્યાંછે ત્યાં એને વીદધફ્શ કેશ્વરનો વડો અથવા દસ્તુર જણાવ્યોછે, અને સીતી જે ફરવરદીનયષ્ટ અને બુનદેહેશ પ્રમાણે એનો ભાઇ (અને તેનું નામ બન્ને ઠેકાણે પેહેલું આવેછે તેથી કદાચ વડો ભાઇ) થાયછે તેને ફ્રદધફ્શ કેશ્વરનો દસ્તુર જણાવ્યોછે.

[illegible]=એરેજવત દંધુ.ય ૧૩-૧૨૪. એ ફકરામાં "અરવઓસ્નાહે એરેજવતો દંઘઊશ" શબ્દો છે તેમાંથી 'એરેજવત્ દંધુ' ને દાર્મેસ્ટેટર વિશેષનામ લેઈ એરેજવત્ દંધુનો છોકરો 'અરવઓસ્ન' એમ અર્થ કરેછે. મેહેરજી રાણા વાછા 'એરેજવત મુલકનો (દંઘેઉશ) અરવઓસ્ન' એમ અર્થ કરેછે. યુસ્ટી અર્થ કરેછે કે des reines der Gegend એટલે "'અરવઓસ્ન' જે મુલકનો પવિત્ર માણસ છે તેનાં ફરોહરને" પણ યુસ્ટી કહેછે કે કદાચ એ આખો શબ્દ અરવઓસ્નનાં વડવા તરીકે વિશેષ નામ લેવાય. સ્પીગલ યુસ્ટીની માફક અર્થ કરેછે. હારલે "પવિત્ર દેશ" નો એમ અર્થ કરેછે.

[illegible]=એરેથ. ય ૧૭-૬૨. અશી વંધુહીની સાથની એક યજદી શક્તી. એ ડાહપણ ભર્યા વિચાર ઉપર મવક્કલ છે. હારલે 'પવિત્ર વાજબીપણું' એમ અર્થ કરેછે. સ્પીગલ ઈનસાફ અર્થ કરેછે.

[illegible]=એરેદત ફ્રેધ્રિ. ય.૧૩-૧૪૨. કીઆમતની વખતે જન્મ લેનાર સોષ્યોસની માએનું નામ. તેણીને વીસ્પતઉર્વતઃરિ પણ કહેછે જે બોલનો અર્થ "સઘળાનો નાશ કરનાર" એમ થાયછે. તેણીને એ નામ આપવાનું કારણ ફરવરદીન યશ્ટમાં એ જણાવ્યું છે કે તેણીને પેટ અવતરનાર સોષ્યોશ સઘળા બુરાઓનો નાશ કરશે. બુનદેહેશ (બા. ૩૨-૮) માં કહેછે કે જરતોસ્તનું તેની બાયડી હવોવીનાં સંબંધનું બુન ત્રણ ત્રણ મરતબે જમીન ઉપર પડ્યું, જે નાઈર્યોસંઘ યજદે અનાહીતને તપાસ માટે સપુરદ કર્યું. સદદર બુનદેહેશ પ્રમાણે કીઆમતને વખતે કાંસુ દર્યાવમાં આએ 'એરેદત ફ્રેધ્રિ' અંગોલ કરવા જશે ત્યારે એ પાણીનાં યજદ અર્દવીસુર અનાહીતને સોંપેલાં ત્રણ બીજમાનાં એક બીજથી તે પાણીમાં અંગોલ કરતાં તેણી હમેલદાર થશે અને તે હમેલનાં પરીણામ તરીકે સોષ્યોશનો તેણીને પેટે જનમ થશે. એક બીજી સ્ત્રી વંધુ ફ્રેધ્રી અંગોલ કરવા જશે ત્યારે એક બીજાં બીજથી તેણી ગર્ભવંતી થાઇ([illegible]) હુશેદરમાહ ને જન્મ આપશે. એક ત્રીજી સ્ત્રી નામે "સ્રુતત ફ્રેધ્રિ" અંગોલ કરતાં ત્રીજાં બીજથી ગર્ભવંતી થઈ [illegible] (હોશેદરબામી) ને જનમ આપશે. એ ત્રણ સ્ત્રીઓમાંથી એરેદત ફ્રેધ્રિનું નામ પાછળથી ફારસીમાં [illegible] અરદબુદ થયું અને સ્રુતત ફ્રેધ્રિનું [illegible] બુદ થયું. વંધુ ફ્રેધ્રિનું વહેબુદ [illegible] થયું. એવું દિસેછે કે વચલાં નામમાંથી કોઇ કારણે સ્રુતત બોલનો ભાગ ફારસીમાં આવતાં જતો રહ્યો ને ફક્ત ફ્રેધ્રિનો [illegible] બુદ રહી ગયોછે. ફારસી લખાણ માટે જુઓ દાર્મેસ્ટેટરની Études Iraniennes, P. 209.

[illegible]=એરેઝ્વ. ય ૧૩-૧૧૯. એક પુરૂષનું નામ.

[illegible]=એરેનવાચ્. ય ૫-૩૪; ૯-૧૪; ૧૫-૨૪; ૧૩-૩૪. ફીરદોસીના શાહનામાની ارنواز અર્નવાઝ. એ અને شهرناز શહેર નાઝ (અવસ્તાની એજ ફકરાઓની [illegible] = સવંઘવાચ્) એ બન્ને બેહેનો હતી. M. Mohl નાં શાહનામાની નકલ પ્રમાણે એ જમશેદની છોકરીઓ હતી. પણ બીજાં શાહનામાઓપ્રમાણે એ બેનો હતી. જમશેદનાં પદભ્રષ્ટ થવાપછી તેઓ જુહાકને હાથ ગઈ હતી. ત્યારપછી ફરેદુને આવી તેઓને જોહાકને હાથથી છોડવી અને તેઓ સાથે પરણ્યો. આએ અર્નવાઝને પેટે તેને ત્યાં એરચ પેદા પડ્યો. અને

શેહરનાઝને પેટે તુર અને સેલમ પેદા પડયા. જમશેદ અને ફરેદુન વચ્ચે જે વખત વહ્યો તે તરફ જોતાં મૉ. મોહલની નકલ પ્રમાણે એઓને જમશેદની છોકરીઓ કબૂલ રાખવી એ વધારે સંભવીક દિસેછે.

[illegible]

[illegible]=આંખનંઘ. ય ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ છે, જેની ફ.વશીને યાદ કરીછે.

[illegible]

[illegible]=કએવ. ય ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ છે. એ શાહનામાનો 'ગેવ' તો નહીં હોય?

[illegible] = કઓઇરિસ. ય ૧૯-૬. એક પહાડનું નામ. એ બુનદેહેશવાળો કોઇરાસ અથવા કોનદ્રાસ છે (બા. ૧૨-૨, ૨૫) જેને ઇરાન વેજમાં આવેલો જણાવ્યો છે, પણ તેની કોઇ ચોકસ જગ્યા જણાવી નથી. યુસ્ટીવાળી બુનદેહેશ બન્ને જગ્યાએ એ શબ્દની એકજ ભૂલ ભરેલી જોડણી કરેછે. પણ જે બુનદેહેશને આધારે ડા૦ ઉવેસ્ત તરજુમો કરેછે તે એનાં કહેવા પ્રમાણે એ નામ એક જગ્યાએ 'કોનદ્રાસ' કરી આપે છે. યુસ્ટીની બુનદેહેશમાં દેખાઇતી ભૂલ છે. તે આએ પહાડ માટેતેમજ એની આગમચના કદ્રવ અસ્પ નામનાં એક પહાડ માટે એકજ બોલ [illegible] આપે છે. એ બન્ને જુદા જુદા પહાડો તરીકે નામ આપેછે પણ જોડણી એકજ કરેછે, તે ગલત નકલને લીધે છે.

[illegible]=કઓષ. ય ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ જે ફ.ઓરઓશ્ર નામનાં શખસનો બાપ થાય.

[illegible]=કકધુ. ય ૧૯-૪. એક પહાડનું નામ. યુસ્ટી ધારે છે કે કદાચ એ કોકસસનું નામ હોય.

[illegible]=કખરેધ. ઈ ૬૧-૨, ય ૩-૯. અંગ્રમીનોની પંગથીનાં બુરાદેવનાં એક વર્ગનું નામ જેમાં નર અને નારી બન્ને છે. એઓનું કામ નુકસાન આપવાનું અને ઘટાડો કરવાનું છે. હારલે એ શબ્દનો અર્થ calomniateur એટલે નીંદા કરનાર કરે છે.

[illegible]=કખુજિ. વં ૨૧-૧૭. એ બુરા દરૂજનું નામ છે એ જહી અને અમદ નામની બુરી શકતીઓના સાથી છે. એનું જોર ઓરશેદના તલુ થવા સાથ ઘટે છે. વંદીદાદની પેહેલવી સરેહમાં એને [illegible] એટલે "નુરને કમી કરનાર આહારેમન ગણ્યો છે." (સ્પીગલ પા. ૨૨૮).

[illegible]=કંઘ ય ૫-૫૮, ૫૭. એ એક જગ્યાનું નામ છે જેની પડોશમાં વેસેનાં ખાનદાનનાં છોકરાઓને મારવાના તુસ પેહેલવાને આવાંઅર્દવીસુર પાસે અર્જ ગુજારી જે માહાલ રહી અને જેની પડોશમાં વેસેનાં ખાનદાનવાળાઓએ તુસને મારવાને કરેલી અરજ નામંજુર રહી. બુનદેહેશમાં એને [illegible] કંઘદેઝ કહ્યો છે. એ કેતાબ (બા. ૩૨-૬ પ, પા. ૭૯-૧૯) પ્રમાણે જરતોસ્તના ત્રણ છોકરાઓમાંનો એક ઓરશેદ ચેહેર જે પેહેલવાન હતો તે એ કંઘદેઝમાં રહેતો હતો. [illegible]

[illegible]

[illegible] એટલે "ખોરશેદ ચેહેર જે અરથેસ્તાર હતો અને પશોતન વીસ્તાસ્પાનનો સપેહસાલાર હતો તે કંધદેઝમાં રહેતો." પેશોતન પોતે પણ એ લડાયક મથકમાં રહેતો (બા. ૨૯-ફ. ૫). બુનદેહેશ એનું મથક નીચે પ્રમાણે જણાવે છે. (પા. ૭૦-૩, બા. ૨૯-૧૦) [illegible]

એટલે "કંધદેઝ માટે (જાણવું કે તે ખોરાસાનની તરફ ફરાહ કંત (વોઉરૂકશ) દર્યાનાં સરોવરથી થોડાક ફરસંગ દુર તે બાજુએ આવેલોછે." ફીરદોસીએ વર્ણવેલો કંધનો કીલ્લો અથવા કંધદેઝ તે એજ છે. ફીરદોસીનાં કહેવા પ્રમાણે એ કીલ્લો કૈકાઉશનાં છોકરા સ્યાવક્ષે જ્યારે તે પોતાની સાવકી મા સોદાબેના જુલમથી પોતાનાં બાપની દરબાર છોડી અફરાસ્યાબની દરબારમાં જઈ રહ્યો ત્યારે સ્થાપ્યો હતો. નીચલા શબ્દોમાં ફીરદોસી એની સ્થાપના એને લાગુ પાડે છે.

કનુન બે શનવ અઝ કંધદઝ દાસ્તાન
બદીન દાસ્તાન બાશ હમદાસ્તાન
કે આનરા સીઆવશ બરઆવુર્દે બુદ
બસી અંદરૂ રંજહાબોર્દ બુદ

ફીરદોસી પ્રમાણે તે ચીનથી એક માસના રસ્તાપર છે. ફીરદોસી તેને ખ્વારીઝમ (હાલનું ખારઝમ) નાં મુલકમાં જણાવે છે. પેહેલવી બહુમનયષ્ટ (બા. ૩-૨૫,૨૬) માં પણ એ કંધદેઝને સીઆવક્ષનો બનાવેલો જણાવે છે. હવે ઈરાની તુસ અને તુગની 'વેસેનાં ખાનદાનવાળાઓ વચ્ચે કંધદેઝમાં કોઇ મોટી લડાઈ થઈ હતી તે વિષે શાહનામામાં એ અવસ્તાનાં ઇશારા બાબે બોલ કરતાં એ બન્ને વચ્ચેની જુદ કંધદેઝખાતેની લડાઇનું કાંઈ ખાસ દાસ્તાન મળતું નથી પણ એમ દિસેછે કે એક વખત અહીં ઇરાની પાદશાહ કએખુસ્રુ અને તુરાની પાદશાહ અફ્રાસ્યાબ વચ્ચે મોટું જુધ્ધ મચ્યું હતું જેમાં આખરે ઈરાનની ફતેહ થાઈ હતી અને અફ્રાસ્યાબને કંધદેઝમાથી નાસવું પડ્યું હતું. એ યુધ્ધમાં તુસ અને વેસેના ખાનદાનવાળાઓ વચ્ચે હાથોહાથની લડાઇનો કોઈ નાનો બનાવ બન્યો હોય જેનો ઇશારો અવસ્તામાં આવાંયષ્ટમાં આપણને મળેછે. પણ આવાંયષ્ટ ઉપરથી જે દિસેછે કે એ વેસેનાં ખાનદાનવાળાઓ વચ્ચે અને તુસના ખાનદાનવાળાઓ વચ્ચે વેર ચાલ્યા કરતું હતું તેને શાહનામું ટેકો આપેછે. નોદરનાં રાજ્યમાં એ બનાવ બન્યો હતો. તેનું ફીરદોસી પ્રમાણે નીચલું વર્ણન મળેછે. નોદરનાં રાજ્યમાં અફ્રાસ્યાબ ઈરાન ઉપર હુમલો લાવ્યો અને નોદરને તેની સાથે ત્રણ લડાઇ થાઈ. પેહેલી લડાઈમાં વેસેનાં છોકરા બારમાને કોબાદ નામે ઇરાની સરદારને મારી નાંખ્યો. બીજી લડાઈમાં પણ ઈરાનીઓનો ઘણો ભાગ માર્યો ગયો અને જખમી થયા. તે ઉપરથી ચેતી નોદરે પોતાનાં બેટા તુસ અને ગસ્તમને પારસ શેહેર જ્યાં પાદશાહી કુટુંબ હતું ત્યાં તેઓને બચાવને માટે મોકલ્યા. અફ્રાસ્યાબે તેઓપાછલ વીસેના છોકરા કુરૂખનને મોકલ્યો. તેની પાછળ ઈરાની સરદારો કેશવાદ, શીદુશ અને કારન ગયા. કારન પેહેલી લડાઈમાં બારમાનને હાથે માર્યા ગયલા કોબાદનો ભાઈ થતો હતો. તેણે માર્ગમાં બારમાનને જોયો તેથી તેની સાથે લડાઈ કરી પોતાના ભાઈ કોબાદનાં વેરમાં વીસેનાં છોકરા બારમાનને મારી નાંખ્યો. ઈરાની સરદારો પારસ તરફ ગયાથી આખરે નોદર અફ્રાસ્યાબને હાથે કેદ પડ્યો. ત્યાર પછીની લડાઇમાં ઈરાનીઓને હાથે ઘણા તુરાની પેહેલવાનો માર્યા ગયા ત્યારે અફ્રાસ્યાબે બંદીવાન નોદરને તેડાવી મંગાવ્યો. એવું કહીને કે

برو آشفت و گفتا که نوذر کجاست
کزو و بسه خواهد همی کینه خواست

"નોજર ક્યાં છે. કારણ વીસે તેનાથી કીનો લેવાને ચાહેછે." એટલે કે નોજર સાથની લડાઇમાં વેસેનો છોકરો બારમાન નોઝરના સરદાર કારનને હાથે મારો ગયો હતો તેનાં કીનામાં વેસેને રાજી રાખવા અફ્રાસ્યાબે નોઝરને મારી નાખ્યો: એ ઉપરથી ત્યારે નોજરનાં છોકરા તુસે પોતાના બાપ નોજરનું વેર લેવા માટે વેસે અને વેસેનાં ખાનદાનવાળાઓ ઉપર કમ્મર બાંધી. પ્રોફેસર બ્રેઆલ પોતાનાં De la Geographie de l'Avesta નામનાં રેસાલામાં જણાવેછે કે મરુદી નામનો જાણીતો ઇરાની લખનાર એ કંધેઝ શાહ કએખુસ્રુએ સ્થાપેલું જણાવેછે. પણ તે ઉપલાં વર્ણન ઉપરથી ભૂલ ભર્યું દિસેછે. અફ્રાસ્યાબની દરબારમાં જઇ રહેલા પછી ગ્યાવક્સે એ કીલ્લો સ્થાપ્યો હતો અને તેનાં મરણબાદ અલબત તે અફ્રાસ્યાબને હાથ ગયો હતો. પણ ફીરદોસી એ વર્ણવેલી ઉપલી જંગમાં તે અફ્રાસ્યાબનાં હાથમાંથી જતો રહ્યો હતો. ત્યાર પછી કએખુસ્રુ તેનો માલિક થયો હતો. પ્રોફેસર બ્રેઆલ પ્રમાણે પછવાડેનાં ઇરાની લખનારાઓ એ જગ્યાથી પોતાની પેહલી (Meridian) મધ્યાન્હ રેખા ગણતા.

[illegible]=કવુ. ય ૧૩-૧૧૪. એ એક પુરૂષનું નામ છે જે વોહુનેમંઘ અને વોહુવઝદંઘ નામનાં બે નામાંકીત બેટાઓનો બાપ થતો હતો.

[illegible]=કદ્રવઅસ્પ. ય ૧૯-૬. એક પહાડનું નામ છે. એ બુનદેહેશ (પા. ૨૧—૪, ૨૩—૨૦ બા. ૧૨—૨, ૧૨—૨૪) વાળો [illegible] પહાડ છે. જેનાં ઠેકાણા માટે ત્યાં લખેછે કે [illegible] એટલે "કદ્રવ અસ્પ પહાડ તુસ શહેરની પાસે છે. જેના મથાલાં ઉપર 'સવબર' નો સરોવર છે." બુનદેહેશમાં એક ઠેકાણે એ પહાડને ફકત તુસનો પહાડ ([illegible]) (પા. ૫૫-૧૪ બા. ૨૨-૩) કહ્યોછે.

[illegible]=કનુક. ય ૧૩-૧૪૧. એક કન્યાનું નામ જેણીને ફરવર્દીનયશ્તમાં યાદ કરીછે.

[illegible]=કપષ્તિ. વં ૧૧-૯. કીનાનો દેવ જે બુસ્યાસ, મુશ્ચી વીગેરે દેવનો ગાથી છે.

[illegible]=કયધ. ર્હ ૧,૧-૩; ય૭-૧૫; આહારેમનની સાથનાં દેવોનાં એક વર્ગનું નામ છે જેમાં નર અને નારી બન્ને છે. મીલસ કહેછે કે કોઇ એ દેવોને "માણસનું માંસ ખાનારા" ગણેછે. હારલે એનો અર્થ impudique એટલે, "મલાહાજા વગરના" કરેછે.

([illegible]) [illegible]=કર (અસબન). ય. ૫-૭૩. એ અસબનના તુરાની ખાનદાનનો કોઇ શખશ છે જેની ઉપર અને તેના ભાઇ 'વર અસાબન' ઉપર ફતેહ મેળવવાને ઇરાની પોઉરૂધાખ્તી અને સાયુજદ્રીના છોકરાઓ અર્દવીસુરપાસે અર્જ ગુજારેછે.

(૨) કરમાહી કરી એક માછલીનું નામ. ય. ૧૪-૨૯, ય ૧૬-૭; વં ૧૯—૪૨, બેહેરામ અને દીનયશ્તો પ્રમાણે એ માછલીના જોવાની શકતી એવી તીક્ષ્ણ હતી કે રંઘા જેવી ગંજાવર નદી કે જેની ઉંડાઇ કેથે ૧૦૦૦ હજાર માણસ પુર હતી તેમાં જો કેઠે એક બાલની બારીકીનો મોજો ઉત્પન્ન થાય તો તે પારખી શકે. બુનદેહેશ (પા. ૪૩-૮ બા. ૧૮-૬) પ્રમાણે એની જોવાની શકતી એવી છે કે

તે એક તાયની ભાર પાણીની વધ યા ઘટ પીછાંની શકેછે. એ માછલીની સંખ્યા ૧૦ જણાવીછે. તેઓ વૌઉરૂકશદર્યામાં ઉગતું ગોકર્દ (ગઓકરેન) નામનું જે ઝાડ હોમેસફીદ તરીકે જણાયલું છે તેની આસપાસ ફરેછે અને તેનું રક્ષણ કરેછે. આહારેમને પેદા કરેલું ધ્રલોરીની જાતનું એક જાનવર એ ઝાડનો નાશ કરવાને તલપે છે ત્યારે અહુરમજદે પેદા કરેલી એ માછલીઓ હમેશાં એ ઝાડની આસપાસ ફરી વારા ફરતી એક એક પોતાનું મોહ હમેશાં તે જાનવરની સામે રાખી તે દરખતનો બચાવ કરેછે. એ માછલીઓ ખોરાક વગર જીવેછે અને રસ્તાખેજસુધી એમ જીવશે. એ ૧૦ માછલીમાંની એકને પેહેલવીમાં [illegible] કહીછે. અને તે માટે કહેછે કે -6 [illegible]

[illegible]

એટલે "કરમાહી અરાઝ પાણીમાં રેહેનાર જાનવરોની સરદાર છે." મીનો ખેરદ (બા. ૬૨-૯, ૩૦) માં ખેરદની મીનોને કરમાહીના કામ બાબે સવાલ કરવામાં આવેછે તેના જવાબમાં પણ તે બુનદેહેશનું ઉપલુંજ કામ દરસાવેછે.

[illegible]=કરપન. ય ૩૨-૧૨,૧૫; ૪૪-૨૦; ૪૭-૧૧. પેહેલવી પુસ્તકો પ્રમાણે કરપો તે છતે કાને મતલબીઆ બેહેરા લોકો છે અને કવી તે છતી આંખે મતલબીઆ આંધળા છે એઓ પછવાડેથી કરફ અને કીક એવા નામોથી જણાયલાછે. ડા૦ હાઉગ પ્રમાણે એઓ વેદનાં કવી અને કલ્પ છે, એઓ વેદમાં ધર્મગુરૂ તરીકેનાં સારે અર્થે વપડાયલાછે. 'કરપ' એ વેદમાં ક્રિયા કરનારા છે અને તે હાલના બ્રાહમનોમાં સ્રોત્રિને મલતા આવેછે. સં. ધાતુ 'કલ્પ' એટલે ક્રિયા કરવી એ ધાતુ ઉપરથી એ શબ્દ નીકલ્યોછે. કવી શબ્દ વેદમાં અગમચેતી જોનાર ધર્મગુરૂને અર્થે વપડાયલો છે. એ શબ્દો તેમજ અવસ્તાનો ઉસીક્ષ શબ્દ અસલી આર્યન ભાષામાં સારા અર્થે વપડાતા પણ પછવાડેથી વેદ અને અવસ્તાવાળાઓ છુટા પડવાથી એ શબ્દો અવસ્તામાં ખરાબ અર્થે વપડાયછે (જુઓ હાઉગ રેસાલા બીજી આવૃતી પા૦ ૨૮૯થી ૨૯૧). તેહેમુરસલાણું પેહેલવી જરથોસ્તનામું એ વીચારને ટેકો આપેછે ત્યાં કહેછે કે એ કરપ કવી અને ઊસીક્ષ જરથોસ્તનાં વડવાઓથી ઊતરી આવેલાં સારા ખાનદાનનાં હતાં પણ પાછળથી જરથોસ્ત સાથ દુશમની રાખવાથી તેઓ બુરા ગણાયા. જુઓ જરથુસ્તશબ્દમાં એના અંત વાળી બાબદ.

[illegible]=કરેતો દાંસુ. ય ૨૨-૪૧. એક પક્ષીનું નામ જે પોઇદર્શ નામના મરગાનું બીજું નામ દિસેછે. અર્થ પ્રમાણે કામ [illegible] જાણનાર.

[illegible]=કરેસ્ન. ય ૧૩—૧૦૬. એ ઝબઉવૈન્તનો છોકરો થાય. એનું ખાનદાન એક નામીચું ખાનદાન હતું જેનાં 'વીરાસ્પ,' 'આઝાત' અને 'ક્રાઇઅઓધ' નામના નામીચા પુરૂષોને પણ યાદ કર્યાછે. પ્રોફેસર દાર્મેસ્ટેટે કહેછે કે કદાચ એ ખાનદાન સામાનીઆન વખતમાં મશહુર થયેલું કારેનનું ખાનદાન હોય કે જે ખાનદાન પોતાની વંશાવળી છેક પાદશાહ ગુસ્તાસ્પને પોહોચાડતું હતું.


[illegible]=કર્ષવન. ય ૧૦-૧૬; વં. ૧૯-૩૯. પેહેલવી [illegible] ક્ષ (کشور). અવસ્તા પ્રમાણે પૃથ્વી સાત કેશ્વર અથવા ભાગમાં વેહેચાયલીછે. બુનદેહેશનાં ૫) મા અને ૭) મા બાબ ઉપરથી દિસેછે કે જેમ હાલનાં આપણા

ભૂગોળ વિદ્યાર્થીઓ આપણી પૃથ્વીની સપાટીનાં કટીબંધો (zones) માં ભાગ કરેછે તેવી જાતનાં એ ભાગો હતા. એક વખત અરધો ખનીરથબામી અને બીજા કેશ્વરોઉપર રોશની પડેછે ત્યારે બીજાઓ અંધકારમાં હોયછે અને જ્યારે તેઓ ઉપર રોશની પડેછે ત્યારે પેહેલાઓ અંધકારમાં હોયછે. દીનકર્દ જણાવેછે કે એ પૃથ્વી ગોળ હોવાને લીધેછે. "જાણવું કે પૃથ્વી આસપાસનાં ઉંચા પહાડ અને જગતનાં સંબંધ સાથની છે. પૃથ્વીનો આકાર ગોળ હોવાને લીધે તે સાત કેશ્વરની પૃથ્વીનો જે અરધ ભાગ છે તેને દીનની અંદર આરાત્રણકેશ્વરનો જણાવેલોછે અને પૃથ્વી ગોળ હોવાને લીધે ખોરશેદની ગતીને હમેશાં પૃથ્વીનાં અરધા ભાગની રોનક ચલકાત અને તેને શાહેપરકાશવું છે" (૬ પેશોતન વા. ૧ પાનું ૧૨). એ કેશ્વરોની ગોથવણ બાબે જુઓ [illegible] [illegible] = કર્ષવરે. જુઓ [illegible].

[illegible] = કરિશ્મન. વં ૨-૪૨. સ્પીગલ એ શબ્દને એની આગમચનાં [illegible] સાથે લઈ વીશાકરશીપ્તન વાંચેછે પણ ઉવેસ્તરગાર્ડ એ શબ્દને [illegible] લેછે. જેમ શાહનામાંનાં સીમોર્ગ વિષે કેટલાકો કહેછે કે તે એક પક્ષી હતું અને કેટલાકો કહેછે કે એ નામનો એક દાનાવ રાખસ હતો તેજ પ્રમાણે એ નામ માટે કહેછે. વંદીદાદની પેહેલવી સરેહમાં એ નામ [illegible] કરી આપ્યું છે. ત્યાં એને વળી [illegible] 'ચેહાર રોવાકી' કહ્યું છે જે ડા. ઉવેસ્ત ચોપગુ ગણેછે. વીસ્પરદ (૧-૧) ની પેહેલવીમાં દાર્મેસ્ટેટ પ્રમાણે એને પક્ષી ગણ્યુંછે. પણ બુનદેહેશ (બા. ૧૯-૧૬ પા. ૪૬-૧૧) માં એને [illegible] કહ્યુંછે અને તેને એક પક્ષી ગણ્યું છે. ત્યાં એને માટે જે વંદીદાદમાં કહેછે તેને મળતુંજ કહ્યુંછે કે [illegible] એટલે "કરશીપ્ત પક્ષીમાટે કહેછે કે તે બોલી જાણતું હતું અને જમશેદનાં ગોફામાં તે દીન લાવ્યું અને (તે દીન) જાગ્મેજ કાધી. ત્યાં તેઓ પક્ષીઓની ભાષામાં અવસ્તા બોલેછે." એજ બીના એક જગ્યાએ ફરીથી પણ જણાવેછે. (બા. ૨૪-૧૧ પા. ૫૭-૨૦). એ પ્રમાણે ત્યારે બુનદેહેશનું વર્ણન વંદીદાદને મળતું આવેછે કે જ્યાં જરતોસ્તનાં સવાલનાં જવાબમાં કહેવામાં આવેછે કે જમશેદનાં વરમાં કરશીપ્ત નામનું પક્ષી દીન જાએજ કરશે. અસલી ભેદભરેલાં લખાણો કેટલાક વિદ્વાનો solar theory પ્રમાણે એટલે સૂર્ય સંબંધી બાબદ ઉપરથી સમજાવેછે તો કેટલાકો meteorological theory પ્રમાણે એટલે હવામાં બનતાં બનાવો ઉપરથી સમજાવેછે. ડાકટર દાર્મેસ્ટેટ પોતાનાં અહુરમજદ અને અહારેમનનાં રેસાલામાં (પા. ૧૫૭) એ બાબદ પાછલાં અનુમાને સમજાવાની કોશશ કરેછે. તે કહેછે કે એક પક્ષી ઘણીકવાર વિજળીની ઝડપથી ઉડેછે તેથી તેને વીજળીની ઉપમાં અથવા વિજળીનું રૂપ આપવામાં આવેછે. હવે બિજળી પડેછે

ત્યારે ગગરાત સાથે થાયછે અને ગગરાતનો અવાજ આકાશ ઉપરથી આવતો હોવાથી તે આકાશમાંથી આવતો ઇશ્વરનો આવાજ ગણાતો. એ ઉપરથી પક્ષી જે તેની ઝડપને લીધે વિજળીનું રૂપ ગણાતું તેનો અવાજ પણ જાણે ખોદાનો આવાજ ગણાતો. એ કારણને લીધે જમશેદનાં ગોફામાં ખોદાતરફથી જાહેર થયેલી દીનને પક્ષી મારફતે જાહેર થયલી જણાવીછે.

[Avestan], [Avestan], [Avestan]=કવત્ કવ્ય, કવિ. એ એક ખાનદાનનું નામ છે. જે પેહેલવીમાં પણ 'કએ' ના નામથી જણાયલુંછે અને જે શાહનામા-પ્રમાણે તવારીખમાં કેઆંનીઅન વંશને નામે જણાયલુંછે. એ વંશ પેશદાદીઅન વંશપછી ઇરાનની ગાદી ઉપર આવ્યું હતું. એ વંશનાં નીચલા પાદશાહો અને શાહજાદાઓનાં નામ અવસ્તામાંથી મળેછે. 'કવીકવાત' (કએકોબાદ), કવીઉસન (કાઉસ), અર્શન, પીસનંઘ, અઇપિવંઘુ, બ્યારશન, સ્યાવર્શન (સઆવક્ષ), હુસ્રવંઘ (ખુસ્રો) અઉર્વત અસ્પ (લોહોરાસ્પ) સ્પેંતોદાત (અસફંદયાર), ઉઝવ (ઝવ) અને વીસ્તાસ્પ (ગોસ્તાસ્પ). એઓ બુનદેહેશ અને શાહનામાનાં કીયાં નામો સાથે મળેછે તે તેઓ દરેકનાં નામનાં મથાળાં હેઠળ જણાવ્યુંછે. એ ખાનદાનનો પાયો નાખનાર કોબાદ હતો. અવસ્તા પ્રમાણે એ ખાનદાનને કુદરતી ખોરેહ હતું. બુનદેહેશ (પા. ૭૭ બા. ૩૧) માં એ ખાનદાનની વંશાવળી આપીછે તે ઉપરથી એ ખાનદાનની પેહેડીનો નીચલો જુમલો ઉપજાવી કાહાડ્યોછે. એઓમાં જે નામોની પાસે વલાયામાં આંકો મુક્યાછે તે નામોવાળા શખ્સો રાજગાદીએ આવેલા છે અને એ આંકો તેઓનાં રાજ કરવાનાં વર્ષો છે.



(૨) [Avestan] અથવા [Avestan]=કવન અથવા કવિ. છતી આંખે મતલબીઆ આંધળા જુઓ [Avestan]

[Avestan]=કવાત. ય ૧૩-૧૩૨; ૧૯-૭૧.

બુનદેહેશમાં એને [Avestan] અને શાહનામામાં [illegible] કહ્યોછે. અવસ્તામાં એને કેઆનીઓના નામોની ટીપમાં પેહેલો મુક્યોછે. તે ઉપરથી (ય ૧૩-૧૩૨) અને બુનદેહેશ (બા. ૩૧-૨૫) ઉપરથી માલમ પડેછે કે તે કેઆનીઅન વંશનો સ્થાપનાર હતો. ફીરદોસી પ્રમાણે પણ ઝવનાં છોકરા કેરેશાસ્પનાં મરણ પછી તેનું કાંઈ ફરજંદ નહીં હોવાથી એને એક પહાડ ઉપરથી લાવી ઇરાનનુ રાજ્ય આપ્યું હતું. અવે એ પાદશાહ કોણનો છોકરો હતો તે નહી અવસ્તા, બુનદેહેશ કે શાહનામાં ઉપરથી માલમ પડતું. અ-

વસ્તામાં ફ્રરવરદીનયષ્ટમાં જેમ ઘણાંકોના નામની સાથે લખેછે કે "ફલાનાંનો ફ્લાનો" તેમ એના નામ સાથે નથી. બુનદેહેશમાં એનાથી કેઆનીઅન વંશ શરૂ કીધું છે તેથી એ કોણનો છોકરો તે ત્યાં જણાવ્યું નથી. શાહનામામાં ફક્ત એટલુંજ જણાવેછે કે એ ફરેદુનનાં વંશનો હતો પણ તે કોણનો છોકરો તે જણાવવામાં આવ્યું નથી. કેરેશાસ્પનાં મરણથી ઈરાનનું ખાલી પડેલું તખત લેવામાટે રૂસ્તમ તેને તેડવા જાયછે. ત્યાં પણ તે પોતે પોતાને ફરેદુનની તોખ્મનો જણાવેછે અને કહેછે કે હું મારી તોખ્મ અને મારી પોહેડીનાં સઘળાં નામો જાણુંછું પણ તે નામ જણાવતો નથી. નીચલી સતરમાં તે પોતાને ફરેદુનનાં વંશનો જણાવેછે, જો કે અવસ્તા, અને બુનદેહેશ તેનું વંશ પણ જણાવતાં નથી.

ز تخم فریدون منم کیقباد

پدر بر پدر نام دارم بیاد

દાદસ્તાને દીની (બા. ૨૭–૩૭) માં ફક્ત એટલુંજ જણાવેછે કે તે એક કીર્તિવાન ખાનદાનનો હતો. એ પ્રમાણે અવસ્તા, પેહેલવી કે શાહનામા ઉપરથી તેના બાપનું નામ મળતું નથી. હવે બુનદેહેશ ઉપરથી દિસેછે કે એને એના જનમ વખતે એનાં માએ બાપે તજી દીધો હતો, અથવા કોઈ કારણથી તે તેઓથી બાળપણમાં છુટો પડી ગયો હતો. એ કેતાબ (બા. ૩૧-૨૪) પ્રમાણે તેને એક કપડાંમાં વીતાડી કોઈએ નદિકાંથે છોડી મેલ્યો હતો. ત્યાં તે થંડીમાં અકડી ગયલો પડી રહ્યો હતો. ત્યાંથી અવસ્તાવાળો [illegible] (તે બુનદેહેશવાળો [illegible] અને શીરદોસીનો زوطهماسپ) તેને ઉંચકી લાવ્યો. અને પાળીપોષી મોટો કીધો અને તેણે તેનું કોબાદ નામ આપ્યું.

હવે શાહનામું બુનદેહેશનાં એ વર્ણનને સીધો ટેકો આપતું નથી પણ આડકતરી રીતે દેખાડે છે કે તેનાં જનમ વખતે કોઈ એવો અસાધારણ બનાવ બન્યો હશે, કારણ કે તેને અલબુર્જ પહાડનાં કોઈ એકાંતવાસમાં રહેતો જણાવ્યોછે, જ્યાં તે આગમચથી એક સ્વપ્નો જોએછે કે એક પક્ષી આવીને તેનાં માથા ઉપર તાજ મેળેછે. વળી તેનું મકાન અને મીજલસની જગ્યા પણ એક નદિને નાંકે છે.

بیآمد دمان تا لب رود بار

نشستند در زیر آن سایه دار

વળી શીરદોસીનાં વર્ણન ઉપરથી દિસેછે કે નોજરના મરણ પછી 'ઝૂવ'ને ગાદી ઉપર લાવી બેસાડ્યો, તે ઝવ પણ ફરેદુનની એઆલાદનો હતો અને તેને પણ બાહેરથી ખોળી લાવ્યા. એ ઉપરથી દિસેછે કે ઝવ જે એકાંતવાસમાં પહાડ ઉપર રેહેતો હતો. ત્યાં તેણે કએકોબાદને નદિ કિનારે એક બાલક તરીકે તજી દીધેલો જોયો હોય. તે ઉપરથી તેણે લાવી તેને ઉછાર્યો હોય. ત્યાર પછી તે તો એકાંતવાસ છોડી ઈરાનની ગાદી ઉપર આવ્યો. ત્યાં તેણે જાલ આગલ બાળક કએકોબાદની વાત કરી હોય. હવે ઝવ તો ૫) વર્ષ રાજ કરી મરણ પામ્યો. તેની પછી શીરદોસી પ્રમાણે—જો કે બુનદેહેશ કે અવસ્તા પ્રમાણે નહી—કેરેશાસ્પે ૫) વર્ષ રાજ કર્યું ત્યાર પછી પાછું ઈરાનનું તખ્ત ખાલી પડવાથી જાલને ઝવે કએકોબાદ માટે કહેલી વાત યાદ આવી હોય—શીરદોસી કહેછે કે જાલે એ વાત એક મોબેદથી સાંભલી હતી—તેથી તેણે રૂસ્તમને કએકોબાદનું નામ અને થામ કહી તેને લાવવા મોકલ્યો. બુનદેહેશ (બા. ૩૪-૭) પ્રમાણે કએકોબાદે ૧૫ વર્ષ રાજ્ય કીધું હતું, જ્યારે શીરદોસી એ સંખ્યા ૧૦૦ ની જણાવેછે.

چو بگذاشت صد سال با تاج تخت

سرانجام تاب اندر آمد بر بخت

એ પ્રમાણે શીરદોસી અને બુનદેહેશના વર્ષમાં ફરક પડેછે. કદાચ શીરદોસી એ

લીતીઓથી તેની આખી ઉમ્મર જણાવવા તો નહી માંગતો હોય? એના ફરજંદો વિષે ઓળ કરતાં બુનદેહેશ પરથી માલમ પડેછે કે એને અપીવેહ નામનો એક છોકરો હતો જે અપીવેહે તે અવસ્તાનો 'અઇપિવંધુ' છે અને એ અપીવેહે મારફતે તે એ નીચલા નબીરાઓનો બપાવો થયો હતો. ૧) અર્શ, ૨) વીઆર્શ, ૩) પીસન અને ૪) કાઉસ. એ નામો તે અવસ્તાનાં ૧) અર્ષન ૨. બ્યારેશન ૩) પીસનંઘ. અને ૪) કવિઉસંઘન છે (૫ ૧૩-૧૩૨), અને શાહનામાના ૧) آرش ૨) ارمین ૩) پشین અને ૪) کاوس છે.

ફીરદોસી કએકોબાદને અઇપિવંધુ અથવા અઇપીવેહે કરી કોઈ છોકરો જણાવતો નથી અને ઉપલા ચારેને નબીરાઓને બદલે કોબાદના છોકરાજ જણાવેછે. એ તફાવતનાં સંભવીત કારણ માટે જુઓ.

[Avestan] શબ્દ. અપીવેહે તેનાં બાપનાં વખતમાંજ મરણ પામેલો હોવો જોઈએ કારણ બુનદેહેશમાં કએકોબાદ પછી રાજ્ય કરનાર તરીકે તેને જણાવ્યો નથી. જો તે હેયાત હતે તો કાઉસને બદલે તે ગાદી ઉપર આવતે. અલબત્તા યા બુનદેહેશમાંથી કએકોબાદનાં રાજ્ય અથવા જીંદગી વિષે બીજા કોઈ ઇશારા મળતા નથી માટે ફીરદોસીમાંથી એને વિષે બીજું કાંઈ ખાસ ખોરવાનું રહ્યું નથી શાહનામાં પરથી ફકત એટલું માલમ પડેછે કે એણે ગાદી લીધા પછી ઈરાનીઓએ તુરાનીઓ ઉપર હુમલો કીધો અને તેમાં ઇરાની સરદાર કારને તુરાની સરદાર સમાસાસને કટલ કર્યો, અને રૂસ્તમે અફ્રાસ્યાબને કેદ પકડ્યો પણ તે હાથમાંથી નાસી ગયો અને તુરાનીઓની મોટી હાર થાઇ. ત્યાર પછી તુરાની પસંગે કોબાદ પાસે સુલેહ ચાહી અને કએકોબાદ ઈસ્તખર જઈ પારસનાં મુલકમાં રહ્યો. મીનોખેરદ (બા. ૨૭-૪૬)માં એને પવિત્ર આત્માઓનો ઉપકાર માનતો જણાવ્યોછે. જુદા જુદા માણસોએ શું પરાક્રમો કર્યાં તે વિષે બોલતાં એને વિષે એ ઉ..લું કામ જણાવેછે. બુનદેહેશ (બા. ૩૧-૩૧) અને દાદસ્તાને દીની (બા. ૪૩-૩૩) પ્રમાણે એની બાયડીનું નામ ફરહંગ હતું.

[Avestan] = કવારસ્મન. ૫. ૧૩-૧૦૩. ગુશ્તાસ્પ અને પએગમબરનાં જમાનાનાં મહાન પુરૂષો જેવા કે અસ્પંદીયાર, બસ્ત વઇરી, હવુબ, જામાસ્પ, ફ્રશઓશ્ત્રની સાથે એ નામ આવેછે તે ઉપરથી દિસેછે કે એ પણ એ વખતનો કોઇ મહાન પુરૂષ હશે અને નવી દીનનો કોઈ ખેરખાહ હશે.

પ્રોફેસર દાર્મસ્ટેટે એ યષ્ટમાં એને માટે 'કવારસ્મો' કરી શબ્દ આવે છે તેને 'કવારસ્મન' ને બદલે 'કવારઝમ' નો ૬ ઠી એક વચનનો આકાર લેછે અને એમ લેઇ એ 'કવારઝમ' તે શાહનામાનો گرزم લેછે કે જે ગરઝમે અસ્પંદીયાર માટે તેના બાપ શાહ ગુશ્તાસ્પને ઉલટું અને ખોટું સમજાવ્યું હતું અને એમ કરી એ બાપ દીકરાઓ વચ્ચે વેરવસાવી અસ્પંદીયારને તેના બાપને હાથે અપમાન કરાવ્યું હતું. (જુઓ દાર્મેટેસ્ટેની Etudes Iraniennes II ૨૩૧). એ گرزم ને બુરહાને કાતેહવાલો અસ્પંદીયારનો ભાઈ ગણેછે. પણ ફીરદોસી કહેછે કે "હું જાણતો નથી કે તેનું કામ શરૂઆતથી કેવા પ્રકારનું હતું. મેં બીજાઓથી સાંભળ્યું છે કે તે ગુશ્તાસ્પનો કાંઇ સગો હતો." (મોહલ વા. ૪ પા. ૪૩૨)

بدل کین همی داشت ز اسفندیار
ندانم چه سان بود از آغاز کار
شنیدم که گشتاسپ را خویش بود
پسر را همیشه بد اندیش بود

એ પ્રમાણે દાર્મસ્ટેટે એને શાહનામાનો گرزم લેછે, પણ એ બાબે શક છે. પેહેલું તો

દામેસ્ટેટે એ શબ્દને 'ક્વારસ્મન' ને બદલે 'ક્વારઝમ' શા આધારે લેખે છે તે દિસ્તુ નથી બીજું જો એ શાહનામાનો "ગરઝમ" હોય તો ત્યારે તે ફીરદોસીપ્રમાણે એક બાપ દીકરાઓ વચ્ચે કજીઓ કરાવનાર, પછવાડેથી બદગોઈ કરનાર, અને નીંદાખોર હતો અને જો એમ હોય તો તેને ભલો ગણી, તેને ભાલાઓના સંઘમાં ગણી કેમ યાદ કરવામાં આવે. હું ધારૂં છું કે એ ક્વારસ્મન તે શાહનામાનો [illegible] ગેરામી છે. એના નામ આગમચ ફરવરદીનયશ્તમાં તખમહે "સ્પેંતાદાત" અને બસ્તવઈરિના નામો આવેછે, જેઓ આપણે જોઈશું કે અસ્પંદીયાર અને શાહનામાનો બસ્તુર અથવા નસ્તુર છે, કે જેઓએ શાહ ગુશ્તાસ્પની તુરાની અરજાસ્પ સામેની લડાઈમાં મોટો ભાગ લીધો હતો. એઓના નામ પછી ત્યારે જે ક્વારસ્મન નામ આવેછે તે ત્યારે મને એઓની સાથેજ અરજાસ્પ સામેની લડાઈમાં ભાગ લેનાર ઇરાની પેહેલવાન [illegible] દિસેછે કે જે જામાસ્પનો છોકરો થતો હતો અને એ લડાઈમાં માર્યો ગયો હતો.

[illegible] =કવિ. ઈ. હા. ૩૨-૧૨, ૧૪. પાછલાં લખાણોમાં એ શબ્દ કીક તરીકે આવેછે અને તેનો અર્થ છતી આંખે મતલબીઓ આંધળા એમ થાયછે. પેહેલવીજરથોસ્તનામા પ્રમાણે એઓ જરથોસ્તે દીન ફેલાવા પછી ૩૦ મે વર્ષ તેની સામે લડાઈ લાવ્યા હતા. એના વેદનાં અર્થ અને વેદથી એનો અર્થ છુટો પડવાનાં કારણ બાબે જુઓ [illegible]

[illegible] = કસુપતુ. ય ૧૩—૧૧૦. એક શખસનું નામ. એને વિષે બુનદેહેશ યા શાહનામામાં કાંઈ મળતું નથી.

[illegible]=કસ્વિ. વં ૧૯—૪૩. એક દેવનું નામ, જેની ખાશીઅત "હલકાપણું" છે.

[illegible] =કહર્કતાસ. વ ૧૮-૧૫, ૨૩. વંદીદાદનાં એ ફકરા પ્રમાણે "પરોદર્શ" નામનાં પક્ષીનું એ બીજું નામ છે. ત્યાં કહેછે કે "યિમ. મશ્યાક. અવિ. દુઝવચંગો. કહર્કતાસ. નામ. અઓજઈતિ." જુઓ [illegible]

[illegible]= કહર્કન. ય ૧૩—૧૨૭. એક ખાનદાનનું નામ, જેનો હુકવાક્ષ એક નામાંકીત નર હતો.

[illegible]=કાઈધ્ય. ઈ. ૫૧—૧૫; ય ૧૧—૧૦. એ [illegible] નાંવર્ગનાં નારી દેવો છે જુઓ [illegible]

[illegible]=કાત. ય. ૧૩-૧૨૪. વોહુદાત નામનાં એક નામાંકીત પુરૂષનો બાપ. ડા. ઉવેસ્ત એને બુનદેહેશ (બા. ૩૨-૧, ૨) ના 'કાદ' સાથ સરખાવેછે જે પાદશાહ ગુશ્તાસ્પનાં નબીરા બહુમનની છોકરીનાં છોકરા દારા પાદશાહનો દસ્તુર હતો. એ પએગમબર જરતોસ્તનાં કાકા આરાસ્તીના છોકરા મેદીઓમાહનો છોકરો થાય. ગુશ્તાસ્પ અને દારાની પેહેડી વચ્ચેનાં વખતનાં ફેર સાથ સરખાવતાં એ મેદીઓમાહ અને 'કાદ' વચ્ચેનો વખત ઘણો ઓછો છે.

[illegible] ([illegible]) =કિમ. ય ૨૨-૨૦. હાદોખ્તનુસ્કમાં જણાવેછે કે પાપી રવાન પોતાનાં કાળબુદ આગલ બેસી એ 'કિમ' ગાથા ભણેછે. એ "કામ નેમોઈઝામ" નામનાં ગાથાના ૪૬મા હાનું ટુંકું નામ છે.

[illegible]=કુનદ. વં ૧૯-૪૧; ૧૧-૯, ૧૨. એક દેવનું નામ છે. પ્રોફેસર કુહન પ્રમાણે કવંધ જેનો અર્થ અમલમાં એક તપ અથવા પાણીનું વાસણ થાયછે તે શબ્દ પાછળથી એક વરસાદનાં વાદળાંને ચીગ-

વેદ (V ૮૫-૩) માં લાગવા લાગો, કારણ કે વાદળાં એક તબની માફક પાણીથી ભરાયલાં છે. તે યુનાની દંતકથાનાં *Káar-θos* ને મળતો છે. વરસાદનાં વાદળાં ઉપરથી તે વાદળાંમાં સમાયલી બુરી શકતીને લાગવા લાગો કે જે વરસાદને પડવાને આડી આવતી હોય. વંદીદાદની ૧૯ મી પરગરદ (ફ. ૪૨) માં તે સ્પેંજગ્ર દેવ (સપોઝગર દેવ) ખોરાક, પસુ પાણી વીગેરેની બાબદની સાથે આવેછે તે ઉપરથી એ વિચારને ટેકો મળેછે કે વરસાદની સાથેનાં વાદળાંમાં સમાયલી બુરીશકિતનું એ નામ હોય.

(૨) ઇજશનેનાં આળાતોમાં હાલમાં પવિત્ર પાણી ભરી મેલવા માટે જે વાસણ વપડાયછે અને જેને કુંડી કહેછે તે એજ શબ્દઉપરથી છે.

[illegible] =કુન્દિજ. વં ૧૧-૧૨. એક દેવનું નામ છે. પ્રોફેસર યુસ્ટી એને [illegible] અને [illegible] એટલે જણવું ધાતુ ઉપરથી કુન્દ દેવને પેટે અથવા દેવથી અવતરેલો દેવ ગણેછે. એપ્રમાણે એ પણ એક વરસાદથી ઉત્પન્ન થતી આબાદીનાં કોઈ સાધનને આડે આવનારી બુરી શકિતનું નામ છે.

[illegible] =કુર. એ શબ્દ જંદ અવસ્તાનાં ભણતર તરફે જણાયલા ભાગ ઉપરાંત તેનાં ફાલતુ ફકરાઓમાંનાં બીજા ફકરામાં આવેછે. એ શું છે તે વિષે યુસ્ટી, સ્પીગલ, હારલે અંજાણપણું બતાવે છે. ડા૦ મીલ પ્રમાણે એ એક જાતનો કુતરો છે. પણ મીલપણ એ બાબેતનાં ખોલાસા માટે અજ્ઞાનપણુંજ જણાવેછે. એ ફકરામાં કોઈક બદીઓ સામે ગ્રએતઓન (ફરેદુન) ને યાદ કરવા જણાવ્યું છે. એ શબ્દની સાથે [illegible] અને [illegible] શબ્દો પણ આવેછે.

એમાં 'તરેઉવની' શબ્દ માટે પણ એ સઘળા તરજુમો કરનારાઓ અજ્ઞાનપણું જણાવેછે. હવે [illegible] શબ્દ માટે આપણ જાણુયે છીયે કે તે પછવાડેનાં લખાણો પ્રમાણે "છતે કાને સાંભળતા બેહેરાઓ" એવા બુરા માણસો માટે આવેછે. એ શબ્દ સાથ [illegible] શબ્દ આવેછે જે "છતી આંખે મતલબીઆ આંધળા" એવા માણસો માટે આવેછે. એ શબ્દ અંહી નથી આવ્યો. ત્યારે હું ધારૂં છું કે અહીં આવેલો [illegible] શબ્દ એ 'કવી' ને મળતો 'આંધળા' માટેનો શબ્દ હોય. ફારસી کور એટલે 'આંધળો' એજ શબ્દ હોય.

[illegible] = કુઅ. ઈ ૧૦-૧૧. જુઓ [illegible]

[illegible] =કેરેસઓક્ષન્. ય ૧૩-૧૦૧. જે ફકરામાં એનું નામ આવ્યુંછે તે ફકરાનાં બીજા નામો ઉપરથી એ પાદશાહ ગુસ્તાસ્પનો કોઈ ખેશી હોય એવું દિસેછે. એ ફકરામાં પેહેલું નામ 'ઝઇરિવઇરિ' નું આવે છે, જે ગુસ્તાસ્પનો ભાઈ અને શાહનામાવાળો ઝરીર છે. એમાં સાતમું નામ 'બુજીસ્રવંઘ' આવેછે. ડા૦ ઉવેસ્ટ, પ્રોફેસર દાર્મેસ્ટેટેરને જણાવે છે કે કદાચ એ નામ "યાદગારે ઝરીરાન" નામની પેહેલવી કેતાબ જેમાં ઝરીરનું દાસ્તાન આપ્યું છે તે કેતાબમાં આવેલું ગુસ્તાસ્પના એક ભાઈ 'પાતખુસ્રવ' નું નામ હોય. જો એમ હોય તો એ બે ભાઈઓની વચ્ચે આવેલાં નામો "યુખ્ત વઇરિ, સ્રીરઓક્ષન્, કેરેસઓક્ષન્, વનાર અને વરાઝ" પણ ગુસ્તાસ્પના ભાઈઓનાં નામ હોય. હવે ગુસ્તાસ્પને ઝરીર ઉપરાંત બીજા ભાઈઓ હતા એમ બુનદેહેશ ઉપરથી માલમ પડેછે (બા ૩૧ ૨૯)

જ્યાં લોહોરાસ્પ માટે કહેછે કે "કએ લોહોરાસ્પથી વીસ્તાસ્પ ઝરીર અને બીજા ભાઇઓ પણ જનમેલા હતા." પ્રોફેસર યુસ્ટી એને અને એની સાથવાળા ઉપલાં નામાવાળાઓને ગુસ્તાસ્પના છોકરા જણાવેછે તે શા આધારે તે મુદલ સમજ પડતું નથી.

[Avestan]=કેરેસવજદ. ય ૧૯-૭૭.

એક પુરૂષનું નામ. એ યષ્ટમાં કએખુસ્રુ માટે કહે છે કે "ક્રધ્રસ્યાનેમ. બન્દયત્ કેરેસવજ્દેમ્". એ ફકરામાં આવેલા કેરેસવજ્દ શબ્દને બધા તરજુમો કર્તાઓ ક્રધ્રસ્યાન્નું (અક્રાસ્યાબનું) વિશેષણ લેછે. સ્પીગલ એ શબ્દનો તરજુમો કરેછે કે von Füllen gefahren એટલે "નાના ટટ્ટુ ઉપર સ્વારી કરતો." પોતાના બીજા લખાણમાં એ અર્થ સુધારીને તે વળી અર્થ કરેછે કે von den korecas gefahren એટલે "કેરેસ લોકોની આગલ કુચ કરતો." યુસ્ટી એ શબ્દનો તરજુમો કરેછે કે peinigende Bosheit habend "આજાર દેનારૂં ધાટકીપણું ધરાવનાર". હારલે તરજુમો કરેછે કે à la force pernicieuse એટલે "નુકસાનકારક જોરવાળો". પણ દાર્મેસ્ટેટે વાજબી રીતે એ શબ્દને વિશેષનામ ગણી તેને બુનદેહેશ (બા. ૩૧-૧૫, પા. ૭૯-૩) નો [Avestan] અને શાહનામાનો کرسیوز ગણેછે. એ ફકરામાં ત્યારે કહેછે કે "હુસવએ (કેખુસ્રુએ) અક્રાસ્યાબ અને કરસેવઝને બાંધ્યા." શાહનામા પ્રમાણે એ કરસેવઝે અક્રાસ્યાબને જુઠું સમજાવી કએખુસ્રુના બાપ સ્યાવક્ષને મારી નખાવ્યો હતો. તેનો કીનો લેવા કએખુસ્રુ હમેશાં તત્પર હતો. બુનદેહેશ પ્રમાણે એને [Avestan] અથવા તેહેમુલજીની નકલ પ્રમાણે 'કીદાન' પણ કહેતા. એ કેતાબ પ્રમાણે અને શાહનામા પ્રમાણે એ અક્રાસ્યાબનો ભાઇ હતો. ફીરદોસી પ્રમાણે જ્યારે ફરેદુનનાં ખાનદાનનાં એક હોમ નામનાં આબેદે અક્રાસ્યાબને એક પહાડનાં ગારમાંથી કેદ પકડ્યો અને જ્યારે કએખુસ્રુએ ત્યાં આવી પછી અક્રાસ્યાબને મારયો ત્યારે તેણે પછી એ કરસીવઝ જે પણ ઇરાનીઓને હાથે બંધ પડ્યો હતો તેને મારી નખાવ્યો. એટલે ત્યારે જમ્યાદયષ્ટ પ્રમાણે કએખુસ્રુએ એ બન્ને ભાઇઓને સાથે બાંધ્યા અને મારી નાંખ્યા. (મોહલ વા. ૪ પા. ૨૦૮)

بفرخیم فرمود تا تیغ تیز
کشید و بیامد دلی پر ستیز
میان سپهبد بدو نیم کرد
سپه را همه دل پر از بیم کرد
بهم برفگندند شان همچون کوه
ز هر سو بدور ایستاده گروه

[Avestan]=કેરેસાનિ. ય. ૯-૨૪. એ હોમપાલાની ક્રિયા દાખલ કરનાર હોમનો હરીફ થાયછે. વેદનો કૃશાનુ જે સોમ વાલા ઉપરનો દેવતો હતો તેને એ કેરેસાની સાથ સરખાવવામાં આવેછે. જેમ ઘણાક વેદીક દેવતાઓ ઇરાનીઓના છુટા પડવા પછી ઇરાની યજદોના વેરી ગણાયા હતા તેમ એ કેરેસાનિ અથવા કૃશાનુ પણ ગણાયો. હવે પેહેલવી તરજુમામાં એ શબ્દ "કલરયાકહા" કરી આવેછે તેનો તરજુમો કરતાં નર્યોસંઘ એ શબ્દ ખ્રીસ્તી ધર્મને માટે ગણેછે. હવે જે જમાનામાં એ હા લખાયલો તે જમાનામાં તો ક્રાઇસ્ત અને તેનાં ધર્મની હસ્તી પણ નહીં હતી. માટે પેહેલવી સરેહ કરનારાઓ એ કેરેસાનીને ક્રાઇસ્ત સમજવામાં ભુલેલા લાગેછે. એનું કારણ ડા. ઉવેસ્ત કહેછે તેમ એવું દિસેછે કે પેહેલવીનાં સાસાનીઅન જમાનામાં ઇરાન ઉપર અવાર નવાર રોમન શાહનશાહતનાં પૂર્વ ભાગ તરફથી હુમલો આવતો, જે ભાગનાં લોકો ખ્રીસ્તી હતા. ખ્રીસ્તી રોમનશાહનશાહો સાથે સાસાનીઅન પાદશાહો-

ને વારે ઘડીએ લડાઈ થએલી. શાપુર જેવા નામીચા પાદશાહે વળી વેલરીઅન જેવા રોમન શાહનશાહને શીકસ્ત આપેલી. તેથી ઇરાનીઓને ખ્રીસ્તી માટે દુશમન તરીકે ખરાબ મત બેથલું. એટલા માટે તેઓ હોમના એ હરીફ કેરેસાનિને એ બે શબ્દોનાં સરખાપણાં ઉપરથી 'કલસ્યાકાહા' એટલે ક્રાઇસ્ત અથવા ખ્રીસ્તી સમજવા લાગા. સાસાનીઅન વખતનાં પેહેલવી લખનારાઓએ પોતાનાં દેશ દુશમનોને રોમ તરફથી આવતા જોયા અને તેઓએ સીકંદરને વિષે સાંભળેલું કે તેણે ઇરાન દેશને અને તેની દીનને નુકશાન કરેલું તેથી તેઓએ સીકંદરને પણ પોતાનાં પુસ્તકમાં રૂમી બનાવી દીધો અને તેથી તેઓ જ્યારે તેને માટે બોલે છે ત્યારે તેને રૂમી ગણે છે. હવે બહમનયષ્ટ (બા-૨-૧૯) માં એક ઠેકાણે 'અકન્દગરે કીલાસ્યાકીહ' કરી શબ્દ આપેછે જેને એક બુરો આદમી ગણેલોછે. અંહી કીલાસ્યાકીહ શબ્દ તે ઉપલો કેરેસાનિ માટેનાં પેહેલવી શબ્દ "કીલીસ્યાકાહા" જ છે. અંહી સેકંદર (અકન્દગર) ને વળી ખ્રીસ્તી કહ્યોછે તે પણ કાળ અને જમાનાંની ભૂલ છે કારણ કે સીકંદર તો ક્રાઇસ્તની ઘણો આગમચ હતો. એનું કારણ ઉપર પ્રમાણેજ છે કે એ સાસાનીઅન પેહેલવી લખનારાઓનાં જમાનામાં ખ્રીસ્તીઓ તેઓનાં મુલકઉપર પશ્ચિમ ભણીથી હુમલો લાવતા અને સીકંદર પણ એ પ્રમાણે લાવેલો એવું તેઓએ સાંભળેલું તેથી તેઓ પોતાનાં વખતમાં સીકંદર માટે બોલતાં તેને પણ ખ્રીસ્તી ગણી એમ લખી ગયા. બહમનયષ્ટમાં બીજે ઠેકાણે (બા. ૩-૩, ૫, ૮) પણ એ કીલીસ્યાકીહ શબ્દ આવેછે તે પણ ખ્રીસ્તીઓનો ઇશારો છે.

𐬐𐬆𐬭𐬆𐬯𐬁𐬯𐬞𐬀=કેરેસાસ્પ. ઇ. ૯-૧૧; વં. ૧-૧૦; ય. ૫-૩૭; ય. ૧૩-૬૧, ૧૩૬; ય. ૧૫-૨૭; ય ૧૯-૩૮. એને પેહેલવી પુસ્તકોમાં 𐬐𐬆𐬭𐬆𐬯𐬁𐬯𐬞𐬀 અને શાહનામામાં گرشاسپ લખ્યોછે. અવસ્તાનાં મહાન પુરૂષોમાંનો એ એક મોટો મહાન પુરૂષ હતો. એને વિષે ઘણે ઠેકાણે લખાણ આવ્યુંછે. અવસ્તા ઉપરથી એની જીંદગીની નીચલી બાબદો પેહેલવી લખાણોનાં ટેકા સાથે મળેછે. એને અવસ્તામાં સામનો કેરેશાસ્પ કહેછે જે દેખાડેછે કે એ સામનાં ખાનદાનનો હતો. (ય ૧૩-૬૧, ૧૩૬). પેહલવીમાં પણ એને સામનો કેરેસાસ્પ કહ્યોછે (બહમનયષ્ટ બા. ૩-૫૯, ૬૦). એક ઠેકાણે તો એને વિષે બોલતાં એને અમથો સામનાં નામથી લખ્યોછે (બુનદેહેશ બા. ૨૯-૭, બહમનયષ્ટ બા. ૩-૬૦, ૬૧). એ થ્રિત નામનાં એક પરહેજગાર પુરૂષનો છોકરો થતો હતો. થ્રિતએ હોમની સ્તુતી કરીને મોરાદ ચાહવાથી તેને ત્યાં કેરેસાસ્પ અને ઉર્વાક્ષ નામનાં બેટાઓ જનમેઆ હતા (ઇ. ૯-૧૦). રામયષ્ટ એને ઉર્વાક્ષનો ભાઇ જણાવેછે (ફ. ૨૭). એ પ્રમાણે ત્યારે એ સામના ખાનદાનનાં થ્રિતનો છોકરો અને ઉર્વાક્ષનો ભાઈ થતો હતો. બુનદેહેશ પ્રમાણે પણ એ ઉર્વાક્ષનો ભાઈ થાય. (બા. ૩૧-૨૬). બુનદેહેશમાં જો કે ખોલ્લા શબ્દોમાં એઓને થ્રિતનાં છોકરાઓ તરીકે જણાવ્યા નથી તોપણ એઓ બન્ને ભાઇઓ હતા એમ જણાવી તે થ્રિત (અથ્રત) ની પેહેડી જણાવવાનું શરૂ કરેછે તે ઉપરથી ખોલ્લું દિસેછે કે એ લખનાર પણ અવસ્તાનીમાફક એઓને થ્રિતનાં છોકરા જણાવેછે. બુનદેહેશ પ્રમાણે એની પેહેડી ફરેદુન ઉપર નીચે પ્રમાણે પોહચેછે: કેરેસાસ્પ—અસરત—સામ—તુરક—સ્પએન્યસ્પ—દુરાશસ્પ—તુગ—ફરેદુન. ફીરદોસીનાં શાહનામાં પરથી એની પેહેડી યા વંશ વિષે કાંઇ મળતું નથી. અજબ જેવું છે કે ફીરદોસી અવસ્તાનાં એ નામીચા શખસ વિષે થોડાક ઇશારા સિવાય

કાંઈ બોલતો નથી. ત્યારે ફીરદોસીના શાહાનામામાં એ બાબદની ગેરહાજરી-એ આપણે કેરેસાસ્પનામા ઉપર નજર કર્યે. ફીરદોસી યજદેજર્દનાં રાજ્યની બાબદમાં લખેછેકે તેણે શાહાનામું હીજરી સને ૪૦૦ માં પુરૂં કર્યું હતું. અને મીર ખોન્દને આધારે મો. મોહલ જણાવેછે તેમ કેરશાસ્પનામું હીજરી સને ૪૫૮માં પુરૂં લખાઇ રહ્યું હતું. એટલે શાહાનામા પછી ફકત ૫૮ વર્ષે તે લખાયું હતું. માટે એ નામાના મુળ પાયા તરીકેની કોઇક હકીકત તો એના લખનારને પણ અસલ પુસ્તકો ઉપરથી મળી હશે. એ કેરેશાસ્પનામા પ્રમાણે ત્યારે કેરસાસ્પની પેહેડી નીચે પ્રમાણે આપણને મળેછે, જે હાલમાં આફ્રીનગાન ભણતાં તેનાં દીબાચામાં જે રીતે નામો યાદ કરવામાં આવેછે તેને મળતીછે. કેરેસાસ્પ-અસરત-સમતરવર (એ નામ આફ્રીનગાનના દીબાચામાં તુરક મળેછે અને શાહનામાની કોઇક નકલોમાં કોઇ કેરેસાસ્પનામામાંથી દાખેલ કીધેલી બાબદમાં તુર્ક મળેછે) શેદસ્પ-તુર-જમશેદ. પેહેલે ઉપર આપેલી બુનદેહેશની હાર અને આએ બીજી કેરેસાસ્પનામામાં અને આફ્રીનગાનનાં દીબાચા ઉપરથી આપેલી હાર એ બેમાં સેવટે ફરક માલમ પડેછે, તે એ કે એક તેનાં ખાનદાનને ફરેદુનપર લઇ જાયછે તો બીજી જમશેદ ઉપર લઇ જાયછે. એનું કારણ એ કે બુનદેહેશનાં 'તુગ' અને ફારસીનાં 'તુર' ના મળતાપણાથી ભૂલ થાયલી હોય. અવસ્તા પ્રમાણે એણે નીચલાં પરાક્રમ કર્યાં હતા ૧) એણે 'સરવર'નામનાં મોટા અઝદાહને માર્યો હતો, જે સાંપ એટલો મોટો હતોકે કેરેસાસ્પ તેને જમીનનો એક ભાગ સમજ્યો હતો, અને તેથી તે ઉપર તેણે પોતાનાં ખાનાંની દેગ ચહાડાવી હતી. આતશની ગર્મીથી જ્યારે તે સાંપ હીલ્યો ત્યારેજ તેણે જાણ્યું કે તે તો એક સાંપની પીઠ ઉપર છે. પેહેલાં તોકેરેસાસ્પ બીહીને નાહાથો પણ પાછળથી હીમત ધરી તેણે સાંપને માર્યો. (ય. ૯-૧૧, ય ૧૯-૪૦). ૨) રામયષ્ટ (ક. ૨૭) પ્રમાણે હીતાસ્પ નામનાં રાખસે એના ભાઇ ઉર્વાક્ષને મારી નાંખ્યો હતો તેનો કીનો તેની ઉપર લેવાને તેણે રામયજ્દની બંદગી કરી હતી. તેની અરજ બાહાલ રહી હતી અને તેણે હીતાસ્પને માર્યો હતો. જમ્યાદયષ્ટ (ક. ૪૧) પણ જણાવેછે કે એણે હીતાસ્પને માર્યો હતો. ૩) તેનું ત્રીજું પરાક્રમ ગંદર્વને મારવાનું હતું. એ ગંદર્વ કોઈ બુરો રાખસ હતો જેને વોઉરૂકશ દર્યાના કીનારા ઉપર મારવાને તેણે અર્દવીસુરને અરજ ગુજારી (ય ૫-૩૮), જે અરજ બહાલ રહી અને એણે ગંદર્વને માર્યો. જમ્યાદયષ્ટ પણ કહેછે કે એણે હાડમંદ દુન્યાને હાની પોહચાડનાર ગંદર્વને માર્યો. ૪) એનું ચોથું પરાક્રમ એ હતું કે એણે નવ 'પથન' અથવા વાત પાડાઓનાં છોકરાઓને મારી નાખ્યા. ફરવરદીનયષ્ટમાં એનાં ફરોહરને ચોરો વીગેરેની સામે થવા માટે આરાધ્યું છે, તે એજ બાબદનો ખોલ્લો ઇશારો છે. ૫) એણે નિવિક અને દાસ્તયનના બૂરા છોકરાઓને માર્યા હતા. ૬) એણે દાનનાં છોકરા વરેશને માર્યો હતો. ૭) તેણે ઘણી પરીવાળા 'પીતઓન'ને માર્યો હતો. ૮) તેણે 'અરેઝોશમન' નામનાં રાખસને માર્યો હતો. ૯) તેણે સ્નાવીધક નામનાં એક રાક્ષસને માર્યો હતો. એ પરાક્રમો શિવાય તેની જીંદગીનાં નીચલા ઇશારાઓ અવસ્તામાંથી મળેછે. ૧૦) તેને ખ્નાથઇતી નામની પરી જે અંગ્રમીનોની પેદાયશ છે તે વળગી હતી. (વં ૧-૧૦). ૧૧) તેના કાલબુદને ૯૯૯૯૯ ફ્રવશીઓ તપાસેછે.

એના એ પરાક્રમો અને જીંદગીની બાબદો જે અવસ્તામાં જણાવીછે તેને પહેલવી પુસ્તકોમાંથી નીચે પ્રમાણે ટેકો મળેછે. બુનદેહેશમાં જોતાં એ પેહેલવાનનો પેહેલો ઇશારો બા. ૨૯ (ક. ૭)

માં મળેછે, જે ઉપલા અવસ્તાની છેલી બાબદનો છે. એ ઇસારો કેરેસાસ્પ કોઈ વખત લાંબી અચલ હાલત અથવા બીજા શબ્દોમાં જેને સમાધીની હાલત કહેછે તેમાં પડી રહ્યો હતો તેનો છે. બુનદેહેશ પણ અવસ્તાને મળતું કહેછે કે

[illegible]

[illegible] એટલે "તેની ઉપર હજારો (દસ હજાર) અશો ફ્રોહરો નેગાહ રાખેછે," કારણ કે જ્યારે જોહાક સજીવન થશે ત્યારે કેરેસાસ્પ પણ પાછો ઉથી તેને મારશે. બહમનયષ્ટ (બા. ૩ ૫૯, ૬૦) એ બાબદનો વધુ ખોલાસો કરેછે. ત્યાં જણાવવા પ્રમાણે અહુરમજદ, સરોશ અને નઇર્યોસંઘને ફરમાવેછે કે જઈને કેરેસાસ્પનાં પેલાં કાલબુદને હીલવે અને તેને બીદાર કરે. એઓ એમ કરેછે અને ત્રણ મરતબે તેને બોલાવેછે. ચોથે પોકારે કેરેસાસ્પ બીદાર થાયછે, અને જાુહાક તરફ જઈ જાુહાકને કતલ કરેછે. એ બનાવ પછી એક નવો હજારો શરૂ થશે. નાશ અને દુઃખનો છેડો આવશે અને સોષ્યંતનું આવવું થશે. દાદસ્તાને દીની ઉપર નજર કરતાં તે પણ એ બાબદ જણાવેછે.-

[illegible]

એટલે, તે "ફ્રોહરો કે જેઓ સામાન કેરેસાસ્પના શરીર ઉપર નેગાહ રાખેછે" (પા. ૭૮-૧૮ બા. ૧૯-૬.) વળી એજ કેતાબમાં (બા. ૩૬-૩) ઉપલી બાબદને મળતુંજ જણાવેછે કે રસ્તાએજને વખતે કેરેસાસ્પે સામાન દહાકને મારશે. વળી આગળ ચાલતાં (બા.૩૭-૯૬) એક ઠેકાણે રસ્તાએજનાં વખતની બાબદ વિષે સવાલ કરવામાં આવેછે ત્યાં રસ્તા એજનાં વખતની નિશાણીઓમાં એક એ જણાવેછે કે તે વખતે કેરેસાસ્પ ગુજરેલાંઓમાંથી બીદાર થશે, અને સરવનાં ઝાડની એક લાકડીથી દહાકને મારી નાંખશે. કેરેસાસ્પનાં અવસ્તા પ્રમાણેનાં પરાક્રમોમાં જે પેહેલું પરાક્રમ આપણે ઉપર સરવર સાંપને મારવાનું વર્ણવ્યું તેને દાદસ્તાને દીની (પા. ૧૪૫ ક બા. ૭૨-૩) નાં એક ઇશારાથી ટેકો મળેછે. ત્યાં સાત બુરાં કામ કરનારાઓમાં એક અઝી જવરને ગણ્યોછે જો કે ત્યાં તેને કેરેસાસ્પે માર્યો તે જણાવ્યું નથી. અહીં એ સાંપને [illegible] કરી લખ્યોછે. મીનોએરદ એનાં અવસ્તામાં જણાવેલાં ઘણા પરાક્રમોની બાબદને ટેકો આપેછે. (બા. ર૭-૪૯, ૫૦). ત્યાં જુદાજુદા મંહાન પુરૂષોથી આ દુન્યામાં શું ભલાઈનાં કામો થયાંછે તે જણાવતાં સામના કેરેસાસ્પના નીચલાં કામો વિષે બોલેછે. ૧) અઝદાહ સરોવરને મારવાનું. ૨) કખુદ (અર્થ કર્યે તો બલુ) વરૂને મારવાનું. કે જેને 'પેહીનો' પણ કહેછે. ૩) પાણીમાં રહેનાર ગંદર્વ દેવને મારવાનું. ૪) કમક પક્ષીને મારવાનું. ત્યાં કહેછે કે એ ઉપરાંત બીજા ઘણાં ભલાં કામો કેરેસાસ્પે કરીને આ દુન્યામાંથી ઘાટ અને નુકશાન તાળ્યુંછે. એમ જો એણે નહી કર્યું હતે તો રસ્તાએજનો વખત ઉત્પન્ન કરવાનું બની શકતે નહી. ઉપલી ટીપમાં પેહેલું કામ તે સરવર અઝદાહને મારવાનું બોલ્લું દિસેછે. બીજું પ્રોફેસર દાર્મેસ્ટેટે જમ્યાદયષ્ટમાંનું પેલા નવ 'પથન' લુટારાઓને મારવાનું ગણેછે. તે પથનને એ મીનોએરદનાં 'પેહીનો' સાથ સરખાવેછે. દાર્મેસ્ટેટે કહેછે કે એ ફકરામાં 'કપોદવરૂ' ને 'પેહીનો' સાથે ભેળી નાખ્યુંછે તે મીનોએરદનાં લખનારની ફક્ત કલ્પના હોય. એ ટીપનું ત્રીજું પરાક્રમતે આવાં (ફ. ૩૮) રામ (૨૮) અને જમ્યાદ (૪૧) યષ્ટોવાળું

ગનદર્વ દેવને મારવાનું છે. આ એ ટીપનાં ચોથા પરાક્રમને આપણી આગળ આપેલી અવસ્તાની ટીપનાં ૬) ઠા પરાક્રમ સાથ તે સરખાવેછે. પણ એ ઘણી યત્નકૃત અટકલ લાગેછે. દાર્મેસ્ટેટે કહેછે કે ત્યાં જે 'વારેશ' માટે બોલવામાં આવેછે તે 'વારેશ' ના પેહેલવીમાં એક ફાડી ખાનારૂ પક્ષી કરી અર્થ થાયછે તેથી આએ ટીપમાં જણાવેલું 'કમક' પક્ષીતે અવસ્તાનું 'વારેશ' છે. એ 'કમક' પક્ષી માટે ફારસી રેવાયતોમાં કહેછે કે તે આએ પૃથ્વી ઉપર પોતાની પાંખથી ઓથો કરી નાંખતું અને વરસાદ પડતો અટકાવતું, અને વળી માણસો અને જાનવરને જાણે અનાજનાં દાનાં હોય તેમ ખાઈ જતું. કેરેસાસ્પે રાત દહાડો સાત દીવસ સુધી તીરો ફેંકી તેને મારી નાંખ્યું. કેરેસાસ્પની જીંદગી વિષે અવસ્તામાં આવેલા ઈશારાઓને પેહેલવી પુસ્તકોથી કેહેવી રીતે ટેકો મળેછે તે આપણે ઉપર તપાસ્યું. હવે એ પુસ્તકો ઉપરાંત દીનકર્દનાં નવમા પુસ્તકમાં સુદગર નુસ્કની ૧૪ મી પરગરદનો સાર આપ્યોછે ત્યાં એની જીંદગીનાં કેટલાંક પરાક્રમો તે નુસ્કમાં આવેલાં તરીકે જણાવ્યાંછે. એ પરાક્રમો ઉપર વર્ણવેલાં અવસ્તાનાં પરાક્રમો છે. દીનકર્દમાં જણાવેલા ઇનિતેખાબને મળતું જ વર્ણન કેરેશાસ્પને લગતી એક પેહેલવી રેવાયતમાં મળેછે જેને મળતું જ લખાણ-થોડાક વધારા સાથે લગભગ તરજુમો-ફારસી રેવાયતોમાં આવેછે. દીનકર્દ, પેહેલવી રેવાયત, અને ફારસી રેવાયત એ ત્રણે મુળ પ્રમાણે કેરેસાસ્પની બાબદનો સાર નીચે પ્રમાણે છે. અહુરમજદ, જરતોશ્ત, અરદીબેહેશ્ત, ગોશોરૂનની એક મીજલસ છે તેમાં કેરેસાસ્પ હાજર થાયછે. કેરેસાસ્પ એક દોજખી રવાન તરીકે હાજર થાયછે. તે દોજખી એટલામાટે છે કે તેણે આતશને હેરાન કર્યો હતો, તેની સજા તે ભોગવતો. આતશને હેરાન કરવાની બાબદનો ઇશારો અવસ્તા યા બુનદેહેશમાં મળતો નથી પણ ફારસી લખાણ પ્રમાણે કેરેસાસ્પે એક વખતે આતશ ઉપર પોતાનાં ખાનાની દેગ ચહડાવી અને આતશ બરાબર રોશન નહી થયો અને ખાનું જલદી તૈયાર નહી થયું તેથી ચીરડાઈને કેરેસાસ્પે આતશ ઉપર ગુરૂજનો ફટકો માર્યો. જ્યારે સરવર અઝદાને તેણે માર્યો ત્યારે ભુખો થઈ જવાથી કેરેસાસ્પે એમ કર્યું હતું. એ કારણને લીધે તેનું રવાન દોજખી હતું. ઉપલી મજલેસમાં અહુરમજ્દ કેરેસાસ્પને આતશને હેરાન કરવાની સીક્ષા તરીકે એક દોજખી પુરૂષ તરીકે દુર ઉભું રહેવા કહેછે, ત્યારે કેરેસાસ્પ પોતાનો મુકદમો અહુરમજદ અને બીજાઓ આગળ રજુ કરેછે. તે આતશને નુકશાન કરવાનાં પોતાનાં કામને વાજબી ઠરાવાની તકરાર કરતો નથી પણ આએ દુન્યાનાંના ભલાંમાટે તેણે શું શું પરાક્રમો કર્યા તેની એક પછી એક વીગત રજુ કરી તે દરેક પરાક્રમનાં બદલામાં રેહેમ માગી બેહેશ્તમાં દાખલ થવાની પોતાની મરજી જણાવેછે. દીનકર્દ પ્રમાણે તે નીચલાં પરાક્રમો વર્ણવેછે. ૧) ઓબર સાપને મારવાનું, ૨) ગંદર્વને મારવાનું, ૩) લુટારાઓને મારવાનું. ૪) નીવીક અને દસ્તાનીકવાળાઓને મારવાનું, ૫) તોફાની પવનને અટકાવવાનું, ૬) ભવીષ્યમાં રસ્તાખેજને વખતે દહાકને મારવાની પોતાની સરજતનું પરાક્રમ. પેહેલવી રેવાયત પ્રમાણે તે નીચલાં પરાક્રમો રજુ કરેછે. ૧) સરોબર અઝદાહને. ૨) ગંદર્વ દેવને, ૩) વાતપાડા લુટારાઓને મારવાનાં. ૪) તોફાની પવનને અટકાવવાનું અને ૫) રસ્તાખેજને વખતે દહાકને મારવાનું. પોતાની કાંઈ કસુર આતશને બુજાવામાં થાઈ હોય તેનાં બદલામાં પોતાનાં ઉપલાં ભલાં કામો અહુરમજદ આગળ વર્ણવાથી મીનો અને ગેતીનાં યજદો અને જરતોશ્ત તેની હાલત ઉપર રડવા લાગા અને તેની ઉપર રેહેમ લાવ્યા. પણ અરદીબેહેશ્ત

અમશાસ્પંદે ઉથી તેને બેહેસ્તમાં દાખલ કરવા સામે વાંધો ઉઠાવ્યો. ત્યાર પછી ગેશોર્વને ઉથી ભાષણ કરી કેરેસાસ્પનાં ભલાં કામોથી તેની કુદરતને શું શું ફાયદા થયા તે જણાવ્યા, અને તેને દોજખમાં જવા દેવા સામે વાંધો લીધો. ત્યારે જરતોસ્તે ઉથી કેરેસાસ્પની તરફથી સીફારસ કીધી અને અરદીબેહેસ્ત અમશાસ્પંદને જણાવ્યું કે તેવણ ગુસ્તાસ્પ અને જામાસ્પને આતશની વધુ સંભાળ લેવામાટે જણાવશે. પણ હાલમાં તો અરદીબેહેસ્તે કેરેસાસ્પની તકસીર દરગુજર કરવી, કારણ રસ્તાખેજને વખતે તેની સેવાની ખાસ અગત હતી. ફારસી રેવાયત પ્રમાણે જરતોસ્તની અરજ બહાલ રહી. ઉપલી પેહેલવી રેવાયત પ્રમાણે સેવટે અહુરમજદ પોતે કેરેસાસ્પનાં ભલાં કામોની અગત જાહેર કહેછે. અને કહેછે કે તેના વગર દુન્યા આજે હસ્તી અને આબાદ ન રેહેતે. બુનદેહેશ, બહમનયશ્ત, દાદસ્તાને દીની, દીનકર્દ, પેહેલવી રેવાયત અને ફારસી રેવાયત પ્રમાણે કેરેસાસ્પનાં અવસ્તામાં વર્ણવેલાં પરાક્રમોને કેટલો ટેકો મળેછે તે તપાસ માટે આપણે હવે ખુદ કેરેસાસ્પ નામાં તરફ નજર કરીએ. એ નામામાં કેરેસાસ્પનાં પેલા અઝદાહને મારવાનાં પરાક્રમની બાબદ આવેછે. અવસ્તામાં જણાવ્યુંછે કે એ અઝદાહને મારવા પેહેલાં કેરેસાસ્પે બંદગી કરી હતી. કેરેસાસ્પ નામામાં પણ એમ જણાવ્યું છે. એ નામાં ઉપરથી વધુ એ માલમ પડેછે કે જાલેમ જોહાકે, રખેને નામીચો કેરેસાસ્પ કોઈ દીન એનું રાજ્ય લેઇ લે એવી ધાસ્તીથી તેનો અંત લાવી મુકવાનાં ઇરાદાથી તેનાં બાપ અસરત જે જાબુલનો શાહ હતો અને જેને ત્યાં એ મેહેમાન તરીકે ગયો હતો તેને સમજાવી કેરેસાસ્પને એ અઝદાહની જંગમાં જવા ઉસકેર્યો. એ અઝદાહનું નામ અહીં આપ્યું નથી. એ નામાં ઉપરથી બીજું એ માલમ પડેછે કે એ અઝદાહ એક દર્યાઈ જાનવર હતું કારણ તેને રેલ વખતે દર્યામાંથી નીકલી આવેલો જણાવ્યો છે. એ કેરેસાસ્પ નામાથી અવસ્તાનાં કેરેસાસ્પનાં બીજાં કોઈ પરાક્રમોનો ખોલાસો યા સરખામણી મળતાં નથી. એ નામા પ્રમાણે કેરેસાસ્પે બીજાં ઘણાં પરાક્રમો કર્યાં હતાં, જેવાં કે દેવો સામે લડાઈ (ગંદર્વ દેવનું નામ એ નામામાં મળતું નથી),પણ તે પરાક્રમો અવસ્તાનાં કોઈ પરાક્રમ સાથ સરખાવી શકાતાં નથી. કેરેસાસ્પનાં પરાક્રમોને લગતી કેટલીક બાબત ઘણી અલંકારીક અને બરાબર સમજ નહીં પડે એવી ભેદ ભરી છે.

[illegible]=કેવિન. ઈ ૫૧-૧૨. એ શબ્દને પ્રોફેસર સ્પીગલ એક દેવનું નામ લેછે. યુસ્ટી, હારલે, મીલ પ્રમાણે એ 'કવી' એટલે દેખઈતા અથવા છતી આંખે આંધલા લોકો પુઠે ચાલનાર લોકો છે.

[illegible] ([illegible])=ક્વિરિન્ત. ય. ૧૫-૧૯. "ક્વિરિન્ત દુઝિત" કરીને શબ્દો રામયશ્તમાં આવેછે કે ત્યાં અઝિદહાકે વએયજદની આરાધના કીધી. તે શબ્દોને ઘણાકો વિશેષનામ ગણતા નથી પણ વેરાન જંગલ કરી અર્થ કરેછે પણ દાર્મેસ્ટેટે અને યુસ્ટી એઓને વિશેષનામ ગણેછે. એ એક જગ્યાનું નામ છે અને તે જગ્યા બાબીલાન (બવરી) માં હોવી જોઈએ એવું આડકતરી રીતે આવાંયટ (ફ. ૨૯) ઉપરથી માલમ પડેછે. અઝિદહાક અર્દવીસુર અને રામયજદ એ બન્નેની પાસે એકજ દુઆ ગુજારે છે અને તે એ કે આએ દુન્યાને તે વેરાન કરે. હવે આવાંયશ્તમાં એ બંદગીની જગ્યા બવરી (બાબીલાન) જણાવીછે, અને રામયશ્તમાં તે જગ્યા ક્વિરિંત જણાવી છે, તે ઉપરથી ત્યારે દિસેછે કે એ ક્વિરિન્ત નામની કોઈ જગ્યા હોવી જોઈએ અને તે બબીલાનમાં હોવી જોઈએ.

અને એ 'કિવરિન્ત દુઝિત' તે શાહનામામાં આવેલો کنگ دژ هوخت છે જે ફીરદોસી જોહાકનાં 'બએતુલ મુકદસ' નામનાં મેહેલનું પેહેલવી નામ જણાવે છે. તે કહેછે (મોહલ વા. ૧ પાનું ૯૬)

بخشکی رسیدند سرکینه جوی
به بیت المقدس نهادند روی
چو بر پهلوانی زبان راندند
همی کنگ دژ هوختش خواندند
بتازی کنون خانهٔ پاک خوان
برآورده ایوان ضحاک دان

એ ફકરા ઉપરથી ત્યારે એટલું માલમ પડેછે કે જોહાકનું એક મકાન હતું જે કંગદુઝહુખ્ત નામે જણાયલું હતું. એ અવસ્તાનો 'કિવરિન્ત દુઝિત' અને શાહનામાંના 'કંગદુઝહુખ્ત' માંનાં 'દુઝિત' અને 'દુઝહુખ્ત' નજદીક એકજ અર્થ ધરાવેછે. ફીરદોસી પ્રમાણે "દુઝહુખ્ત" શબ્દ જ્યારે પેહેલવી છે ત્યારે તે અવસ્તાનો [illegible] થાયછે એટલે ખરાબ બોલાયલો. હવે [illegible]-[illegible] માંનો [illegible] શબ્દનો અર્થ પણ ([illegible] અને ૩ 'ઈજવું ધાતુ ઉપરથી) 'ખરાબ, શ્રાપ પામેલું' એમ થાયછે. હવે એ અવસ્તાની કિવરિન્ત જગ્યા યુરટી કહેછે તેમ મુજમીલઉલ તવારીખનાં કરતાનો کلنک دیس છે. એ લખનાર કહેછે કે બાબીલોનની નજદીકમાં 'કલંગદીસ' માં દહાક રહેતો હતો. યુરટી એ લખાણને આધારે આગળ વધી એ કિવરિન્તને 'હોલવન' અને કેરમાનશાહની વચ્ચે આવેલી 'ઝગ્રોસ' ની ખીનમાં આવેલી હાલની કેરેન્દ જગ્યા સાથ સરખાવેછે. એ સાથ દાર્મસ્ટેટ મળતો થતો નથી પણ તે "હમઝા ઇસ્ફાની" નામનાં લખનારનો આધાર પકડેછે જે કહેછે કે જુહાક બાબીલોનમાં રહેતો હતો અને ત્યાં તેણે એક મેહેલ બાંધ્યો હતો જેને તે કલંગદીસ (એટલે કલંકનો કીલ્લો) કહેતો પણ લોકો તેને حت دیس દીસહીત કહેતા. એ حت دیس દીસહીત ત્યારે અવસ્તાનો [illegible] અને ફીરદોસી પ્રમાણે પેહેલવી 'દુઝહુખ્ત' છે. જુહાકે તો પોતાનાં મેહેલનું નામ કલંગ (અવસ્તાનો કિવરિન્ત) આપ્યું હતું, પણ ઈરાની લોકો તો તે મકાનને [illegible] અથવા [illegible] એટલે 'ખરાબ, લેઆંનતી ભરેલું (મકાન)' કરી કેહેતા, કારણ જુહાક તેઓ ઉપર જુલમગાર પાદશા હતો, પણ આરબો તેને પાક મકાન ગણતા. હમઝા ઇસ્ફાંની પ્રમાણે એ મકાનને کلنک دیس કેહેતા કારણ કે તેનો આકાર એક کلنک બગલાના જેવો હતો. હવે બુનદેહેશમાં જુહાકનો પોતાની મોરાદો માંગવાનો ઇશારો આવેછે (બા. ૨૦-૨૪ પા. ૫૨-૧૧)

[illegible]
[illegible]
[illegible] એટલે

"સફેદ રૂદ (નદી) આતરપાતકાન (આજરબાઈજાન) માં (આવી છે). કહેછે કે દહાકે આહારેમન દેવોથી ત્યાં મોરાદ (આયપ્ત) માંગી હતી." અહીં અવસ્તા અને બુનદહેશ વચ્ચે એ ફેર માલમ પડેછે કે અવસ્તા પ્રમાણે તો તે યજદાની બંદગી કરી પોતાની મોરાદ માંગેછે, ત્યારે બુનદેહેશમાં તો તે દેવો પાસે માંગે છે. એનું કારણ એ દિસેછે કે પેહેલવીવાલાઓને એ અજબ લાગ્યું કે એક બુરો આદમી ભલા યજદાની બંદગી કેવી રીતે કરે અને તે ભલા યજદા પાસે બુરી દુવા કેમ માંગે તેથી તેઓએ પોતાના વિચાર પ્રમાણે તે બુરાને બુરા દેવો

પાસે દુઆ માગતો જણાવ્યો. પણ બુનદેહેશનો એ ફકરો એટલા માટે ઉતાર્યો છે કે ત્યાં તો તે એને બાબીલાનને બદલે ઘણો ઉત્તરે આજરબએજાનમાં એક નદી કીનારે દુઆ ગુજારતો જણાવેછે. નદિકીનારે જણાવ્યો છે તે તો અવસ્તાની બરાબર છે કારણ ત્યાં પણ અર્દવીસુરની બંદગી કરતો તેને જણાવ્યો છે ત્યારે તે નદિ કીનારે હોવું જોઇએ. વળી શાહનામામાં બએતુલ મુક્કદસની તરફ ફરેદુન વિગેરેને નદી રસ્તે જતા જણાવ્યાછે. પણ જેવાં કોઇકિ કારણથી પેહેલવી વાળાઓએ યર્જદાને બદલે દેવો કહ્યા છે તેવાં કોઈ કારણથી તેઓએ તેની જગ્યા દક્ષિણથી ઉત્તર ભણી કહી હોય, અથવા તો એ કોઈ તેની બીજીજ જુદા પ્રકારની દુઆનો ઇસારો હોય.

[Avestan]

[Avestan]=ખધાત. ય ૧૩-૧૧૯. એક પુરૂષનું નામ. જુઓ [Avestan]

[Avestan]=ખનિરથ. ય૧૦-૧૫, ૬૭, ૧૩૩; ય, ૧૨-૧૧વં. ૧૯-૩૯. અવસ્તામાં જણાવેલા સાત કેશ્વરોમાં એ ઘણો જાણીતો અને વખાણાયલો છે. અવસ્તામાં જ્યાં બધા કેશ્વરો વિષે બોલવામાં આવેછે ત્યાં એને વિષે બોલતાં ઘણાં તારીફના વિશેષણો લગાડવામાં આવેછે. વંદીદાદમાં એને ઘણો ચલકતો કેશ્વર ગણેલો છે. મેહરયશ્ટમાં એને ગોસ્પંદી પેદાયશ માટે લાયક અને સુખ આપનાર કેશ્વર ગણ્યોછે (ફ. ૧૫.) હદોખ્તનુસ્કમાં એ ખનીરથને ગાયદોર સાથનો અને મોટાઈ નેકી વિગેરે સાથનો જણાવ્યોછે. એક માણસ જો પોતાના મરણ તાંકણે મનશની, ગવશની, કુનશનીથી છેલ્લી અપેમવોહુ ભણેતો તેની કીમત એટલી બધી જણાવી છે કે જેટલી ઊપલા સઘળી ભલાઈ સાથનાં ખનીરથની હોય.

પેહેલવીમાં એને [Pahlavi] લખ્યાછે. એ બીજા કેશ્વરોની વચમાં એવી રીતે આવેલો છે કે જ્યારે સૂર્ય સવહિ, ફ્રદધફ્શ વીદધફ્શ અને એનાં એક અર્ધા ભાગ ઉપર પ્રકાશેછે ત્યારે અરેજહિ, વોઉરૂબરસ્ત અને વોઉરૂજરસ્ત અને એનાં બીજા અર્ધા ભાગ ઉપર અંધારૂ રેહેછે (બુનદેહેશ બા. ૪-૯). એ કેશ્વરો તે કટિબંધોને મળતી વેહચણીના ભાગો છે, અને ખનીરથ તે Torrid zone ઉષ્ણકટિબંધને મળતો આવેછે. કહેછે કે પૃથ્વીનાં ઉપર જ્યારે તીશ્ત્રયનાં વરસાદનાં પાણીથી દર્યાઓ ઉત્પન્ન થયા ત્યારે પૃથ્વીનો અર્ધો ભાગ પાણીથી ઘંકાઈ ગયો અને અર્ધો ભાગ ખુશકી તરીકે રહ્યો. એ અર્ધા ભાગના સાત ભાગો અથવા કેશ્વર બન્યા તેમાં ખનીરથ એકલો બાકીનાં ૬ ની બરાબરની જગ્યા રોકેછે (બા. ૧૧-૨). વળી એ સાતેમાં ખનીરથ બીજા પણ ફાયદા ભોગવેછે. જેવાકે ૧) અસલી કેઆની પાદશાહો અને પેહેલવાનો એ કેશ્વરમાં જન્મ્યા હતા. ૨) માજદીઅસ્નની ધર્મ પેહેલાં અહીં સ્થપાયા પછી બીજા કેશ્વરોમાં ગયો. અને ૩) શોશ્યોશનો જનમ એ કેશ્વરમાં છે (બા. ૧૧-૫૬). અસલી પેદાયશનાં ૧૫ ટોલાઓમાંથી ૬) ટોલાઓ એ ખનીરથમાં હતા. એ ૬) ટોલાઓમાં ઇરાની, આરબો, અને માજદીઅસ્નીઓ હતા. એ ઉપરાંત સુરાક, અનેર, તુર, સલમ, સેની અને દાહીનાં મુલકોનાં લોકો હતા. (બા. ૧૫—૨૮, ૨૯). પએગમબર જરતોશ્ત સઘળા કેશ્વરોમાં એ કેશ્વરનો ખાસ વડો ધર્મગુરૂ ([Pahlavi]) હતો (બા. ૨૯—૨). ઝાદસ્પરમ પ્રમાણે અલબુર્જમાંથી નીકળતી ૨૦) મોટી નદીઓ એ ખનીરથમાં વહેછે. પારસનો મુલક એ ખનીરથની વચમાં આવેલોછે (બા. ૭—૧૦). એ ખનીરથ અને બીજા કેશ્વરો ઉપર પ્રકાશવાને મેહેર યજદ

હોશેદર પાસે સૂર્યને પેગામ મોકલાવેછે (બહમનયષ્ટ. બા. ૩-૮૯). પાદશાહ ફરેદુને એ ખનીરથનાં ત્રણ ભાગ કરી પોતાનાં છોકરાઓ સલમ, તુર અને અઈરચ વચ્ચે વેહેંચી આપ્યા (દીન કર્દનાં ૮ મા પુસ્તકનો સાર ડા० હાઉગ પા. ૧૩૧). દાદસ્તાનેદીની પ્રમાણે સાત કેશ્વરોમાં રહતા એજને વખતે સાત જુદા જુદા ધણીઓ રહતા એજ ઉત્પન્ન કરવામાં ભાગ લેશે તેમાં ખનીરથમાં સોશ્યંત પોતે રહતાએજ ઉત્પન્ન કરવામાં ભાગ લેશે. જ્યારે બીજા કેશ્વરોમાં એ કામ માટે એકેક વર્ષ લાગશે ત્યારે ખનીરથમાં ૫૦ વર્ષ લાગશે (બા. ૩૬-૬,૭). એ કેશ્વરની અંદર જુદે જુદે વખતે સાત શખસો જો કે દીનની બાહેરનાં તો પણ ભલા હોવાને લીધે અમર્ગ રાજ કરનારાઓ થઈ ગયાછે (બા. ૯૦-૬). મીનોખેરદ પ્રમાણે ફરેદુનથી આએ દુન્યાને પોહચેલા ફાયદાઓમાંનો આએ એક હતો કે તેણે ખનીરથ કેશ્વરમાંથી માજીનદરાની દેવોને મારી હાંકી કાહાડ્યા (બા. ૨૭-૪૦). એ કેતાબમાં કેટલાક શખસોનાં રેહેવાના શેહેરો ક્યાં ક્યાં છે તે પુછ્યુંછે તેમાં ગુશ્તાસ્પની જગા ખનીરથમાં ઇરાનવેજમાં જણાવીછે.

[Avestan] = ખન્વન્ત. ય. ૧૩-૧૧૭. એક મહાન પુરૂષનું નામ.
૨) ય. ૮-૬, ૩૮. એ નામનો એક પહાડ છે. દાર્મેસ્ટેટ એને બામીઆનનો પહાડ ધારેછે.

[Avestan] = ખાઈરિજેમ્ ય. ૧૦-૧૪. એક મુલકનું નામ. બુન્દેહેશ (પા. ૨૩-૫ બા. ૧૨-૧૨) નો [Avestan]. એ હાલનો ખારઝમનો મુલક છે જે કાસપીઅન સમુદ્રની પૂર્વે આવેલોછે. એ ખીવાની દક્ષિણે અને ખોરાસનની ઉત્તરે છે. બુન્દેહેશ (બા. ૧૭-૫ ને ૬) કહેછે કે એ મુલકનાં "ગદમન હોમંદ" પહાડપર જમશેદ આતરફ્રોબા નામનાં આતશને સ્થાપ્યો હતો. ઝાદસ્પરમ (બા. ૧૧-૯) પણ એ પ્રમાણે કહેછે. શાહવીસ્તાસ્પના રાજમાં અહીંથી એ આતશને લેઇ જાઇ કાબુલસ્તાનમાં રોશન પહાડપર મેલેલો હતો.

[Avestan] = ખાક્ષ્થ્ર. ય. ૧૩-૧૧૭. એક પુરૂષનું નામ.

[Avestan] = ખાદએન. ય. ૧૩-૧૦૪. એ પએગમબર જરતોસ્તનાં સાગેર્દ ફરાઓસ્તરનો છોકરો થાય.

[Avestan] = ખ્યોન. ય. ૯-૩૦, ૩૧; ય. ૧૭-૫૦, ૫૧; ય. ૧૯-૮૭. એ એક મુલકનું નામ છે જે ઉત્તર ઇરાનમાં આવેલો હતો. જરતોસ્તી દીનનાં દુશમન તરીકે જે અરજાસ્પ શાહ ગુશ્તાસ્પ ઉપર હુમલો લાવ્યો હતો તે એ 'ખ્યોન' મુલકનો હતો માટે એને "ખ્યઓનનો અરેજતસ્પ" એમ વારે ઘડીએ કહ્યો છે. યાદગારે ઝરીરાનમાં પણ એને ખ્યોનનો પાદશાહ કહ્યો છે. દાર્મેસ્ટેટ એ 'ખ્યઓન'નાં મુલકવાળાઓને ગીલાનનાં મુલકની પાસે વસનારા chionitae તાયફાવાળા ધારેછે કે જેઓ અસલી સાસાનીઅનો સાથે લડનારા એક ટોળાનાં હતા.

[Avestan] = ખુંબ્ય. ય. ૧૩-૧૩૮. એક ફ્રધાક્ષ્તિ નામના મહાન પુરૂષનો બાપ થાય. એ બુન્દેહેશ (પા. ૬૯-૨ બા. ૨૯-૫) નો [Avestan] ખેમ્બ્યાન છે જેનો છોકરો ફ્રધાક્ષ્તિ પેશ્યાન સાઇના મુલક (પીશીનની ખીનવાળા મુલક) માં એક વડો ધર્મગુરૂ હતો. એને એ નામ શા ઉપરથી મળ્યું તેને વિષે બુન્દેહેશ નીચે પ્રમાણે કહેછે. [Avestan]

[illegible] [illegible] એટલે "અને એ-ગ્બ્યાન (કહેછે.) કારણ કે અશીમ (ગુસ્સા) ની ધાસ્તીથી (અને) એબ (એટલે બ-રણી) માં ઉધાર્યો હતો." દાદસ્તાનેદીની-માં એનાં છોકરા [illegible] ને [illegible] એટલે "અબ્યનો છોકરો" એમ કહ્યો છે તે ઉપરથી એઓ-ની સગાઈ ઓલ્લી દિસેછે. (પા. ૧૯૦ ક-૩બા. ૯૦-૩). દીનકર્દ કેતાબનાં ૯) મા દફતરમાં સુદગરનુસ્કનો જે અનતેખાબ આપ્યો છે તે અનતેખાબમાં પણ ડા૦ ઉવેસ્ત પ્રમાણે એનું ક્ધાક્તીનાં બાપ તરીકે નામ આપેછે.

[illegible] =ખ્નન્ત. વં ૧-૧૨. એ મુ-લકની બાબદમાં લખેછે કે એની રાજ-ધાની "વહેરકાન" છે. એ 'વહેરકાન' નામ 'હીરકાનીઆ' (Hircania) ને મળતું આવેછે જે ઉપરથી કેટલાંકો ખ્નન્તનાં મુલકને હીરકાનીઆની પડોસનો મુલક સમજે છે કે જે કાસ્પીઅન સમુદ્રની દક્ષિણ પૂર્વે આવેછે. હારલે અને દાર્મેસ્ટેટ એ પ્રમાણે એને 'હીરકેનીઆ' જ ગણેછે. એ વીચાર ધરાવનારાઓનાં ટેકામાં આપણને એક દલીલ મળેછે. અવસ્તા વહેરકાન શબ્દનો ફારસી ગોર્ગાન થાયછે (કે જે બન્ને શબ્દોનો અર્થ વરૂ થાયછે). હવે ગોર્ગાન નામની એક નદિ કાસ્પીઅનની દક્ષિણ પૂર્વે આવેલી છે એવું ચાર્લસ મારવીન નામનાં એક સતાદાર મુસાફરે (The Russian Campaign against the Turkomans એવે નામની) પોતાની ચોપડી (પા. ૪) માં જણાવ્યું છે. એ ઉપરથી દિસે છે કે હારલેનાં કહેવા પ્રમાણે એ મુલક હીરકેનીઆની આગળ હોય. એ ગુર્ગાન નદિ આસ્ત્રાબાદથી થોડેક ઉત્તરે છે. પણ ડાકટર હાઉ તકરાર કરે છે કે એ હીરકેનીઆવાળો મુલક નહી હોવો જોઇએ. કારણ કે ૧ લું તો એ શેહેરની પછીનાં બે શેહેરો ઈરાનની દક્ષિણ પૂર્વે છે. ત્યારે છેક કેસ્પીઅન સમુદ્ર નજદીકનાં શેહેરનું નામ વચમાં શં કરવા ગુસારી દેવામા આવે! ૨) જો 'વહરકાન'ને જો આપણે 'હીરકાનીઆ' સાથે સરખાવ્યે ત્યારે તો તે વહેરકાન હીરકાનીઆની માફક એક મોટું પરગણું હોવું જોઈએ. પણ વંદીદાદમાં 'વહેરકાનો શયનેમ' લખ્યું છે. તે ઉપરથી તો તે 'સુગ્ધોશયનેમ,' અને 'દુઝકોશયનેમ' ની માફક એક શેહેર હોવું જોઈએ અથવા તો એક નદિ હોવી જોઈએ. ૩) જો એ વેહેરકાનને આપણે હીરકેનીઆ લઈએ તો ત્યાં અનન્ત નામની કોઈ જગ્યા હોવી જોયે જેવી કોઇ હીરકાનીઆમાં તો આપણને મળતી નથી. એ કારણને લીધે ડાકટર હાઉ કહેછે કે 'ખ્નન્ત' અને 'વેહરકાન' જગ્યા માટે આપણે દક્ષિણ પૂર્વેજ સોધ કરવી જોઈયે. એમ સોધ કરતાં 'બન્દ—હાર' [બન્દ (ફારસી બનદીદન=હસવું) હસ્તુ, ખીલતુ અને હાર—હાર String] શબ્દમાં આપણને ખ્નન્તહાર મળેછે. એ બન્દ—હાર શબ્દમાં હાર શબ્દ પછીનો દાખલ થાયછે. પણ બન્દ તે આપણો ખ્નન્ત છે. વળી ડાકટર હાઉ કહેછે કે હાલ બન્દહાર (ખ્નન્તહાર) માં આવેલી 'ઉરગન્દ—આબ' નામની નદિમાં 'વેહેરકાન' નામ મળેછે. ફકત 'ઉરગન્દ આબ' માં પાછલો 'આબ' શબ્દ નદિનો અર્થ દેખાડવા નવો દાખલ થયલોછે. [illegible] વેહેરકાનનો ફારસી ગુર્ગાન થયો. આગળનો 'ગ' નીકળી જાઈ 'ઉરગાન' થયો પછી 'દ' વધી ઉરગન્દ થાઈને 'નદિ'નો અર્થ દેખાડનાર 'આબ' શબ્દ વધી વેહેરકાન શબ્દ હાલનો 'ઉરગન્દાબ' થયો.

[illegible] = પ્રાંથ્રાતિ. વં. ૧-૧૦; ૧૯-૫. એ હારેમનની સંકૃની એક પરી અથવા બુરી શકતી છે. એ નામની પરી કેરેસાસ્પને વળગી હતી (વં ૧.૧૦). પએ-

ગમબર જરતોશ્ત અહારેમનને કહેછે કે "હું ખ્રાથઇતિ પરીને મારીશ" (વં. ૧૯-૫).

[illegible] = ખુ. વં. ૧૧-૯. એક દેવનું નામ છે જે અએશમ એટલે ગુસ્સાનો દેવ અને બુસ્યાંસ્પ એટલે આલસાઇનો દેવ એ-ઓની સંફનો એક દેવ છે.

([illegible]) ખુઇંગ્રી વં. ૧૧-૯.
[illegible] ખ્રવિશ્ની

એ અએશમ અને બુસ્યાંસ્પ નામનાં ગુસ્સા અને આલસાઇનાં દેવોની સંફનો એક દેવ છે.

[illegible] = ક્ષઓથ. ય. ૮-૬,૩૧.


એ અલબુર્જ પર્વતનાં દેમાવંદ કોહનો એક ભાગ છે.

[illegible] ([illegible]) = ક્ષથ્રવઇ-ર્ય. એક અમેશાસ્પંદનું નામ જે પછ-વાડેથી શેહેરેવર તરીકે જણાયલોછે. એક સામાન્ય નામ તરીકે એ શબ્દ દોલતને અર્થે અને રાજ્ય અથવા રાજ-કારોબારને અર્થે વપડાયલોછે. પ્લુતાર્ક પોતાની "આઇસીસ અને ઓસીરીસ" (બા. ૪૬, ૪૭) માં જરતોશ્તી ધર્મનું વર્ણન આપતાં એ અમશાસ્પંદને સંપૂર્ણ વ્યવસ્થા અથવા હકુમત ઉપ-રનો યજદ ગણેછે. ગાથામાં એ શબ્દ પૃથક વીચાર તરીકે ઘણી વાર વપડાયલોછે. એ દોલત અથવા રાજ્ય ઉપર મવક્કલ થયલો યજદ છે અને તેજ પ્રમાણે પછવાડેથી એને ધાતુ ઉપર પણ મવક્કલ જણાવ્યોછે. બુનદ-હેશમાં એને [illegible] શતવીન અથવા શતવીર લખ્યો છે. એ કેતાબમાં એને બીજા અમેશાસ્પંદો સાથે ફરોહરો અને રોશનીપછી અહુરમજદની પેહેલી પેદા-યશ ગણી છે (પા. ૫-૧૮. બા. ૧-૨૬) જુદા જુદા અમેશાસ્પંદો અને યજદોને જુદા જુદા ફુલો સાથે સંબંધ દેખાડ્યો છે ત્યાં એની સાથે—[illegible] [illegible] [illegible] 'નફશમન શાહસ્પરમ' નામનાં ફુલનો સંબંધ દેખાડ્યો છે (પા. ૬૬-૧૨ બા. ૨૭-૨૪). બાબ ૩૦ (ફ. ૧૯) માં એને ધાતુ ([illegible]) ઉપર મવ-ક્કલ ગણ્યો છે. એનો હરીફ સાવર ([illegible]) નામનો દેવ છે (પા. ૭૯-૭ બા. ૩૦-૨૯). શાયસ્તલાશાયસ્તમાં એને શત્રીવર લખ્યો છે અને ત્યાં અહુનવદ-ગાથાનાં સાત હા અથવા ભાગ શું કરવા કીધાછે તે વિષે જણાવતાં લખેછે કે તે-ઓ સાતે અમેશાસ્પંદો અને જે પેદાયશો ઉપર તેઓ મવક્કલ છે તેની સંખ્યા દરસાવેછે. તેમાં "તાવે ઉર્વાતા" નો ચોથો હા જાણે ચોથા અમેશાસ્પંદ 'શત્રીવર' અને ધાતુની મીશાલ છે (બા. ૧૩-૧૪). વીસ્પરદના ૨૩ મા કરદામાં ફકરા ૧ લાથી ફકરા ૯ મા સુધી ભણતાં "વોહુક્ષથ્રેમયજમઇદે" બે વાર ભણે છે તેમાં એક શેહેરેવરને માટે છે અને એક તેની ધાતુ માટે છે (બા. ૧૩-૩૯). એક ઠેકાણે જરતોશ્ત અહુરમજદને સવાલ કરેછે કે તારૂં ચીત્ર મારી નજર સનમુખ છે માટે તારો હાથ લંબાવ કે તે હું પકડું. અહુરમજદ કહેછે કે હું અસ્પર્શ્ય (intangible) છું. ત્યારે જરતોશ્ત કહેછે કે તું અને તારા અમે-શાસ્પંદો અસ્પર્શ્ય છો. ઓ ત્યારે તમારી સેતાયશ અમો કર્યે કે નહી. અહુરમજદે કહ્યું કે હા. વળી અમો જુદી જુદી સાત પેદાયશો ઉપર મવક્કલ છીયે તે પેદાય-શોની જે સારી રીતે તપાસ કરે તેઓ-એ તેનાં અમશાસ્પંદોની સ્તુતી કરેલી ગણાય. અહીં શેહેરેવરની પેદાયશ ધાતુ જણાવી છે (બા. ૧૫-૧ થી ૫). શેહેરેવર અમેશાસ્પંદને કેમ ખુશનુદ કરવો તેને માટે જણાવે છે કે માણસે તેની ધાતુને

બચાવવી, તેનો સારો ઉપયોગ કરવો. દાખલા તરીકે તેની કીમતી ધાતુઓ સોનું અને રૂપું એ હલકા નાલાયક માણસોને નહી આપવું કે જેઓ તેનો ખરાબ ઉપયોગ કરે. અહીં જણાવા પ્રમાણે ધાતુ સામે ગુનાહ કરવો તે શું? અથવા પતેતમાં ભણવામાં આવેછે કે "ઓઅેમ. અંદર. શોહેરવરે. અયોક્ષસ્ત. અયોક્ષસ્ત. સર્દ ગાન. જસ્ત.પપતેત. હોમ" એટલે "મારીથી શોહેરેવર અમશારપંદ (અથવા તેની) ધાતુ અને જુદી જુદી ધાતુઓ સાથે ગુનાહો થયા હોએ તો તેથી હું પશેમાન થાઉંછું" તેનો અર્થ શું? તો તે એકે ઉપર જણાવવા પ્રમાણે ધાતુનો ગેર ઉપયોગ કરવો તે ગુનાહ. સુનું રૂપું એક લાયક માણસને ભેટ આપવું તે જાણે આશોદાદ ગણાય. એક બુરાને આપવું કે તેથી તે મોજીલી હવશાની જીંદગી ગુજારે તે ગુનાહ ભર્યું. આલસુ માણસને ફોકત આપવું તે ગુનાહ ભર્યું. ધાતુની એક છરી બનાવવી કે જે વ્યવહારી ઉપયોગમાં આવે તો તે સવાબ ભર્યું. પણ એક હથીઆર બનાવવું કે જેથી એક માણસ બીજાંનું ખુન કરે તો તે ધાતુનો ગુનાહ ભર્યો ઉપયોગ કહેવાય. સોનું રૂપું સમાર્ગે સખાવતમાં આપવું તે સારો ઉપયોગ. એ પ્રમાણે ત્યારે ધાતુનો, કે ધાતુઓ પાછલથી પૈસા તરીકે અને સરસામાનનાં સાધન તરીકે વપડાય તેનો, સારો માથો ઉપયોગ કરવાથી શોહેરેવર અમશાસ્પંદ ખુશી યા દલગીર થાય(બા. ૧૫-૧૪ થી ૧૯). વળી શોહેરેવરને ખુશનુદ કગવાની વિદ્વતા ભરેલી બીજી રીતનો અહીં ઇસારો કર્યો છે તે એકે એક માણસે પોતાની ચાલચલણ અને પોતાનાં વીચારો અને ઠેડાવો એક ધાતુની માફક કથન અને સખ્ત રાખી સ્વચ્છ અને નીશકલંક જીંદગી ગુજારવી તે એક રીતે શોહેરેવરને ખુશનુદ કરવા બરોબર છે. સચ્ચાઈ, પ્રમાણીકપણું વીગેરે સદગુણો એવા તો લોખંડ જેવા મજબુત અને કથણ દેલથી અખત્યાર કરવા કે જો કોઈ તાવેલું ત્રાંબુ અથવા કોઈ બીજી ધાતુ વટીક દીલપર નામવાની ધાસ્તી આપે અને તે સદગુણો તજી દેવાને સમજાવે તો પણ તેમ નહી કરવું. ફીકર નહી, બલકે જાન જાય તો પણ, તેઓને લોખંડ જેવા કઠણ દીલથી પકડી રાખવા. એજ બાબદમાં આદરબાદ મારેસ્પંદનો દાખલો આપેછે કે તેની ઉપર તાવેલું ત્રાંબું રેડવામાં આવ્યું તે તેને મનથી દુધ રેડાતું હોય એવું લાગું કારણ તેનું દેલ સાફ હતું. તેણે ગુનાહ નહી કીધો હતો, અને સદગુણો માટે દીલ સખ્ત રાખ્યું હતું, તેથી તેને ઇજા થઇ નહી. બાજા ગુનેહગારો પોચ્યાં દેલથી ધાસ્તીને લીધે સદગુણો છોડી દીએ તો તેઓને દુખ થાય. એ પ્રમાણે ત્યારે સીધી અને આડકતરી રીતે શોહેરેવરને ખુશનુદ કરવાથી (એટલે ધાતુઓનો સમાર્ગે ઉપયોગ કરવાથી અને સાચી વ્યવસ્થાને પસંદ કરવાથી) અહુરમજદ પણ ખુશનુદ થાયછે.

શોહેરેવર ધાતુ અથવા દોલત ઉપર મવક્કલ હોવાને લીધે એક માણસને ભલી દુઆ દેતાં ઇછવામાં આવેછે કે "તુને શોહેરેવર દરેક સખી માણસ તરફથી દોલતનું બખસવું કરે" (શા. લા. શા. બા. ૨૨-૪). એજ પ્રમાણે શોહેરેવર વ્યવસ્થા (order), નેક હકુમત અને ધાતુનાં જેવી સખ્ત યાને કાયદાસરની અને નીયમસરની નેક વર્તણુક ઉપર મક્કવલ હોવાને લીધે દુઆ કરવામાં આવેછે કે "દેહાદ, દેહેશાની. દાદાર. અહુરમજદ...હુકેરદારી શોહેરેવર" "દાદાર અહુરમજદ તુને બખશવું કરે ભલાં કામોનું કરવું શોહેરેવરથી" (પએવંદનામે અથવા આશીર્વાદ લગનનાં). બુનદેહેશમાં શોહેરેવર એક મહીનાનું નામ પણ છે અને તે ઊન્હાળાનો છેલ્લો મહીનો છે (બા. ૨૫-૨૦)

[illegible]=ક્ષથ્રોચિનંઘ. ય ૧૩-૧૧૨. ક્ષોઇવિરાસ્પનો છોકરો અને ક્ષતાવઍન્ય નામનાં શખ્સનો નવાસો.



એ એક જાણીતા ખાનદાનનો પુરૂષ છે કારણ કે ઉપલો કોઠો જે ફરવરદીનયષ્ટ-પરથી ઉપજાવી કહાડયોછે તે પ્રમાણે એ અરાવઝદનો પીત્રાઈ થાય, જે અરાવઝદને બુનદેહેશ(બા. ૨૯-૬) અને દાદસ્તાને દીની (સવાલ ૮૯) પ્રમાણે ખ્નીરથ બામીમાના સાત મોટા ધર્મ-ગુરૂઓમાંનો એક ગણેછે અને જે રસ્તાખેજને વખતે સોશ્યોશનો મદદ-ગાર થશે.

[illegible]=ક્ષથ્રોસઍાક. ય ૫-૫૪, ૫૭. કંગદેઝનાં નામીચા કીલ્લાનો એ એક દરવાજો હતો જેની પડોસમાં વેસેનાં ખાનદાનવાળાને હરાવવા તુસે અર્દવીસુરને અરજ ગુજારી હતી અને વેસેના ખાનદાનવાળાઍાએ તુસને હરાવવાની અરજ કરી હતી. એ જગ્યા માટે જુઓ [illegible]

[illegible] = ક્ષોઇઉવ્રાસ્પ. ય ૧૩-૧૧૧. ક્તાવઍનનો છોકરો અને ક્ષથ્રોચિનંઘનો બાપ અને આવાંયષ્ટવાળા પોઉરૂધાક્તિનો ભાઇ અને અરાવઝદનો કાકો. એનું ખાનદાન એક નામીચું ખાનદાન હતું જુઓ [illegible]

[illegible] ક્ષોઇઉવ્રાસ્પન. ય ૧૩-૧૪૦. એ નામનો એક જુદો પુરૂષ છે કે એ શબ્દમાં છેડેનો [illegible] ફક્ત ખાનદાનનો અર્થ દેખાડવા માટે છે તે એક સવાલ છે. કેટલાકો એ નામનો એક પુરૂષ લેછે. જો એ એક જુદો પુરૂષ હોય તો તેને ફરવરદીનયષ્ટમાં કેમ યાદ કર્યો નથી. પણ એની ઔરત ફ્રેનીને યાદ કરીછે તેની ઓળખાણમાં જણાવ્યું છે કે તેણી ક્ષોઇવિરાસ્પની ફ્રેની હતી. પણ અહીં એવું દિસેછે કે એ [illegible] ફક્ત ખાનદાનનો અર્થ દેખાડવા માટે હોય. અને જે ફકરામાં એની ફ્રેનીને યાદ કરીછે ત્યાંજ પોઉરૂધાક્તિ અને ગયધાક્તિની ફ્રેનીને યાદ કરીછે કે જે બંને જણા બાપ દીકરા થાય (જુઓ આ કુટુંબનો કોઠો [illegible]). એ ઉપરથી દિસેછે કે અહીં ઉપલા શબ્દ ક્ષોઇઉવ્રાસ્પની સાથેજ એ નામનો સંબંધ હોવો જોઇએ. યુસ્ટી અને દાર્મેસ્ટેટે એ [illegible] ને "ક્ષોઇઉવ્રાસ્પનાં છોકરા (જેનું નામ આગળ ક્ષથ્રોચિનંઘ જણાવ્યું છે તે)ની બાયડી ફ્રેની" એમ લેછે તે દુરસ્ત દિસેછે.

[illegible] = ક્તાવઍન્ય. ય. ૧૩-૧૧૧. પોઉરૂધાક્તિ અને ક્ષોઇઉવ્રાસ્પનો બાપ એ એક નામીચા ખાનદાનનો વડો હતો, કારણ એનાં કુટુંબનાં ઘણાં શખ્સોને ફરવરદીનયષ્ટમાં યાદ કર્યાછે. જેઓના નામનાં કોઠા માટે જુઓ [illegible]

[illegible]

[illegible]=ગઍવનિ. ય. ૧૩-૧૧૫. યુસ્ટી એને શાહનામાનો 'ગેવ' અને બુનદેહેશનો [illegible] (પા. ૬૯-૭ બા. ૨૯-૬). ગણેછે. ડા. ઉવેસ્ત પણ ધારેછે કે કદાચ એમ હોય પણ ફરવરદીનયષ્ટમાં એને

વોહુનેમંઘનો છોકરો કહ્યોછે, જ્યારે બુનદેહેશમાં એને [illegible] 'ગોવે ગોદૈઝાન' એટલે ગોદરેજનો ગેવ કહ્યોછે, અને શાહનામામાં પણ એને ગોદરેજનો છોકરો કહ્યોછે. એ એને 'ગેવ' લેવા સામે મુશકેલી છે. બીજું જે અજાણ્યાં નામો વચ્ચે એનું નામ આવ્યુંછે તે પણ એમ લેવાસામે વાંધો રજુ કરેછે કારણ જો એ ગેવજ હોય તો એની સાથવાળા તુસ વીગેરે પેહેલવાનોનાં જાણીતાં નામો વચ્ચે તે આવે. વળી એનાં બાપનું નામ વોહુનેમંઘ જણાવ્યું છે, તે વોહુનેમંઘ ફરવરદીનયશ્ટ પ્રમાણે બે છે એક તો 'અવારઆસ્રી' નો છોકરો ને બીજો 'કતુ' નો. જો એનો બાપ 'અવારઆસ્રી' નો છોકરો હોય તો એ શખસ (જુઓ [illegible]) જરતોશ્તના જમાના પછીનો કોઇ મહાન પુરૂષ હતો (કારણ વોહુનેમંઘનો જનમ પેગમબરે દીન ફેલાવા પછી ૪૦ મે વર્ષે થયો હતો.) અને ગેવતો એ આગમચનો મરણ પામ્યો હતો. વળી જો એનો બાપ વોહુનેમંઘ 'કતુ' નો છોકરો હોય તો એ 'કતુ' નામ ગેવનાં બપાવાનાં નામ સાથ મળતું નથી. એ ઉપરથી દીસે છે કે એ 'ગઇવનિ' કોઇ બીજો શખસ હોય, ગેવ નહી. સ્પીગલ અને હારલે એને 'વોહુનેમંઘ' નો ગએવનિ એમ બે નામ લેવાને બદલે એકજ ધણીનું આખું નામ લે છે કે "ગએવનિ વોહુનેમંઘ."

[illegible]=ગઓકેરેન. ય ૧-૩૦. વં ૨૦-૪. એ માણસને આરામ કરનારા રોપાઓ અથવા પાળાઓમાં મુખ્ય પાળો હતો. થ્રિત નામનાં એક પુરાના તબીબને માણસ જાતની આરોગ્યતા માટે અહુરમજ્દે સાધનો સોપ્યાં તેમાં ઓરવરો પણ હતાં અને તેમાં ગઓકેરેન મુખ્ય છે જેની આસપાસ હજારો અને લખો બીજાં ઉગેછે (વં ૨૦-૪). એ ગઓકેરેનને અમેરદાદ અમશાસ્પંદ સાથ તાલુકો છે કારણ તે અમશાસ્પંદ ઝાડો સાથે સંબંધ રાખેછે (સીરોજા. ૧.-૭ ય૪. ૨-૩). એની દવાદારૂની સારી ખાસીયતને લીધે તેને વારે ઘડીએ આરાધવામાં આવેછે (ય. ૧-૩૦) પેહેલવી બુનદેહેશમાં એ ઝાડને [illegible] ગોકર્દ-દરખ્ત કહ્યુંછે (પા. ૧૯-૧૮ બા. ૯-૬). એને અહીં એક હરવસ્પ તોખમી ઝાડની પડોસમાં ઉગતું જણાવ્યું છે. એ કેતાબનો બાબ ૧૮ મો એ ઝાડની બાબદ ઉપર છે. તેનો સાર એ છે કે તે વઉરૂકશ દર્યામાં ઉગેછે. એ ઝાડ રસ્તાખેજની વખતે મદદ કરનાર છે કારણ તે અમર્ગી ઉત્પન્ન કરેછે. એ ઝાડને "હોમેસફેદ" એટલે સફેદ હોમ પણ કહેછે. એ તનદોરસ્તીને ફાયદો આપનાર ઝાડની સામે તેની હાની કરવા અહારેમને એક [illegible] 'વઝગી' (એટલે ગલોરી યા દેડકો) નામનું જાનવર પેદા કર્યું. અહુરમજ્દે ત્યારે તેનાં બચાવ માટે એ 'વઝગ' ની સામે કરમાહી નામની ૧૦ માછલી પેદા કરી. કે જેઓ વાગ ફરતી એ ઝાડની આસપાસ ફરી એક હમેસાં પોતાનું મોહ એ 'વઝગ' ની સામે રાખેછે કે જો તે એ ગઓકર્દ ઝાડ ઉપર હુમલો કરે તો તે તેનો બચાવ કરે. એ બન્ને માહી અને વઝગ વચ્ચેનો ઝગડો રસ્તાખેજ સુધી ચાલશે. એ ઝાડને ગુજરેલાંઓને સેતો સજીવન કરનાર અને સઘળાં ઝાડોમાં સરસ ગણ્યુંછે (બા. ૨૪-૨૭; ૨૭-૪; ૩૦-૨૫). દાદસ્તાને દીની એને સફેદ હોમના નામથી ઓળખી એનો અમર્ગી આપનારો ગુણ જાહેર કરેછે (બા. ૩૭-૧૦૦). એ કેતાબમાં એ ઝાડને 'ગઓકેરેન' પણ કહ્યુંછે અને કહેછે કે જે હોમપાલાનું એ ઝાડસ્વરૂપ છે તેનીથી

પએગમબર જરતોશ્તનો જનમ થયો હતો. એ ઇજરાનેનાં ૯મા હાની બાબદનો ઇશારો છે (બા. ૪૮-૧૯). મીનોએરદ (બા. ૬૨-૨૮) માં પણ બુનદેહેશ (બા. ૧૮) ને મળતું વર્ણન તેનાં વોઉરૂકશ દર્યામાં ઉગવા બાબે અને કરમાહી અને ૯૯૯૯૯ ફરોહરો તેની નેગાહા રાખેછે તે બાબે આપ્યુંછે.

[illegible] = ગઓતેમ. ય. ૧૩-૧૬. એ શબ્દને સ્પીગલ અને ગેલ્ડનર સામાન્ય નામ ગણેછે, પણ યુસ્ટી, દાર્મસ્ટેટે, હારલે, હાઉ, મેહેરજી રાણા વાછા વીગેરે વિશેષ-નામ ગણેછે, અને એને બુધ ધર્મનો સ્થાપક ગઓતેમ ગણેછે, કે જેનાં ધર્મ અને વીચારોનો પગપેસારો ઇરાનવટી-કમાં થયો હતો. એ ફકરાનાં અર્થ બાબે પણ ઘણો મતફેર છે. એવું દિસેછે કે જેમ ગોશ્ત ફ્યાન અને અખ્ત જાદુગરવચ્ચે ધર્મ સંબંધી તકરાર થાઇ હતી અને જેમ પાછલી કેતાબો જરતોશ્ત પએગમબર અને ચંદરગાચ (જે હીનદુઓનાં શંકરાચાર્યનો બીજો આકાર છે) વચ્ચે તકરાર થયેલી જણાવેછે, તેમ કોઈ જરતોશ્તી અને ગઓતેમ અથવા તેનાં કોઇ ચેલા વચ્ચેની તકરારનો એ ઇશારો છે. એ ફકરાનો અર્થ ડા. હાઉ અને તેને આધારે મેહેરજીરાણા વાછા એવો કરેછે કે જે "(જરતોશ્ત) ગઓતેમની આગમચ સવાલ જવાબથી (અહુરમજદને) પોહચ્યો." એ અર્થ લેતાં અંહી ગઓતેમને માટે કોઇ વાદવીવાદનો વીરૂધ વીચાર બાંધવાને બદલે સારો વીચાર બાંધેલો લેવાય કે "ગઓતેમ પછવાડેનાં જમાનામાં પોતાનાં અભ્યાસ અને જાતી ગુણોથી ખોદાને પોહચ્યો અથવા પામ્યો હતો તેની આગમચ જરતોશ્તે એમ કર્યું હતું."

[illegible] = ગઓપિવંઘુ. ય ૧૩-૧૧૧. એ એક મહાન પુરૂષનું નામ છે. પોઉરૂધાક્શિત અશાવઝદ જેવાં નામીચાં નામોની આગમચ એ નામ આવેછે કે જેઓ ગુશ્તાસ્પનાં વખતનાં નામીચા પુરૂષો છે તે ઉપરથી એ પણ એ શાહનાં જમાનાંનો એક પુરૂષ દિસેછે.

[illegible] = ગઓમન્ત. ય ૧૩-૧૨૫. એક પુરૂષનું નામ. એ ફકરામાં નીચલા શબ્દો આવેછે. "ગઓમતો. ઝવનો. રઓઝદીયેહે. રઓઝદીયાઓ. દંઘેઉશ." એમાં કોઇક શબ્દોને કોઇ વિશેષનામ તો કોઈ વિશેષણ લેછે. યુસ્ટી, મેહેરજીરાણા વાછા અર્થ કરેછે કે "રઓઝદય મુલકનાં ઝવનો-રઓઝદયના ગઓમંતની ફ્રવશીને..." દાર્મસ્ટેટે અર્થ કરેછે કે "ઝવના છોકરા ગઓમંતની...કે જે (ઝવન) રઓઝદયનાં મુલકનો એક રઓઝદય છે". સ્પીગલ ફકત ગઓમંતને વિશેષનામ લેછે કે "ગઓમંત કે જે પાણી સીપવાલાયક મુલક (રઓઝદયં) ને જ્યારે તેને અર્જ કરવામાં આવેછે ત્યારે પાણી સીપેછે (ઝવનો રઓઝદયેહે). હારલે અર્થ કરેછે કે 'ઘડી ઘડી પાણી સીપાયલા મુલકનાં ઝઓનો રઓઝદયેના ગઓમંતની ફ્રવશીને.........

[illegible] = ગંદરેઉવ. ય ૫-૩૮; ૧૫-૨૮; ૧૯-૪૧. એ એક દેવ હતો જેને કેરેસાસ્પે આવાં અર્દવીસુરની અને રામયજદની બંદગી કરી મારી નાખ્યો હતો. જમ્યાદયષ્ટ પ્રમાણે કેરેસાસ્પનાં ઘણાં પરાક્રમોમાંનું એક પરાક્રમ એ દેવને મારવાનું હતું. રામયષ્ટ એ દેવને પાણીમાં રહેનાર જણાવેછે. એ દેવને જમ્યાદયષ્ટમાં મોહડું ઉઘાડી ભલી પેદાયશને ગળીજતો એટલે નાશ કરતો જણાવ્યોછે. પેહેલવી મીનોખેરદમાં આગલા જમાનાનાં મહાન પુરૂષોએ દુન્યાને શું ફાએદા પોહચાડ્યા હતા તેનું વર્ણન કરતાં કેરેસાસ્પનાં પરાક્રમો વર્ણવતાં એ ગંદર્વ દેવને મારવાનું કામ ફાયદા ભર્યું ગણ્યુંછે (બા. ૨૦. ૫૦). અહીં એને અવસ્તાની માફક

પાણીમાં રહેનારો દેવ ગણ્યોછે. ડા૦ ઉવેસ્ત એક પેહેલવી રેવાયતને આધારે જણાવેછે (જે બાબદ ફારસી રેવાયતોમાં પણ છે) કે ખોરદાદ શાલ મોટો દીવસ ગણાયછે તેનાં ઘણાંક કારણોમાંનું એક એ કે એ દીવસે કેરેસાસ્પે ગનદર્વ દેવને માર્યો હતો (પેહલવી ટેક્ષ્ટ III પા. ૩૧૪). કેરેસાસ્પને લગતી સુદગર નુસ્કની બાબદનો સાર દીનકર્દનાં ૯મા પુસ્તકમાં આવ્યોછે તેમાં પણ ડા૦ ઉવેસ્તનાં જણાવા પ્રમાણે કેરેસાસ્પને હાથે એ ગનદર્વના મારવા જવાની બાબદ આવીછે. કેરેસાસ્પને લગતી એક પેહેલવી રેવાયત જેની બાબદ ફારસી રેવાયતોમાં પણ મળેછે તેમાં એ દેવનું વર્ણન કેરેસાસ્પ નીચે પ્રમાણે આપેછે. "તે બાર મુલકને ખાઇ ગયો હતો. જ્યારે મેં તેનાં દાંતોમાં નજર કીધી ત્યારે હજુર તો (તુરતનાં ખાવેલાં) મુએલાં માણસો તેનાં દાંતમાં વળગેલાં હતાં. તેણે મારી દહાડી પકડી અને મેં તેને દર્યામાંથી ખેંચી કાહાડ્યો. ૯ દાહાડા અને ૯ રાત સુધી અમો લડયા અને સેવટે હું જોરાવર થયો. તેનાં પગનું તલીઉં મેં પકડ્યું અને તેની ચામડી ઉખેડી કહાડી સેવટે તેનાં હાથ પગ બાંધ્યા. તેને દર્યામાંથી ખેંચી કહાડી મેં તેને આખ્રુરગને સોંપ્યો. તેણે મારા ૧૫ ઘોડાઓને મારી ખાધા હતા. તે મારા મોત્ર આખ્રુરગ, મારી બાયડી, મારા બાપ અને દાયાને ઘસડી ગયો હતો." કેરેસાસ્પનામામાં એ ગંદર્વ દેવનું નામ આવતું નથી. જો કે કેરેસાસ્પને ત્યાં દેવો સામે એક ચહડાઇ લેઇ જતો જણાવ્યોછે. વેદમાં ગંધર્વ નામ આવેછે જે સોમપાળાનો રખેવાળ ગણાયછે તેને એક દેવતા તરીકે રજુ કર્યો છે. પ્રોફેસર દાસન કહેછે કે આથર્વ વેદ પ્રમાણે એવા ૬૩૩૩ ગંધર્વ હતા. જેમ કેરેસાસ્પે ગંદર્વને મારવા અર્દવી સુરને અરજ કરી હતી તેમ વિસ્નુપુરાન પ્રમાણે 'નાગ' ટોલાનાં સરદારો જેઓનાં મુલકો ઉપર ગંધર્વોએ હુમલો કર્યો હતો તેઓએ નર્મદા નદિને વિસ્નુપાસે પોતાને માટે મદદ માંગવા મોકલી જે મદદ તેણી લેઇ આવી. કેરેસાસ્પની માફક એ ગંદરવની ઘણીક બાબદ અલંકારીક ભેદ ભરીછે. શાહનામામાં کندرو નામે જુહાકનો એક માનીતો બુરો અમલદાર હતો જેને કેરેસાસ્પનાં હરીફ ગંદર્વ સાથે કોઇ સંબંધ દિસતો નથી. પણ ત્યાં તેનું નામ ગંધર્વ શું કરવા આપ્યું હતું તે જણાવેછે તે જાણવું અગત્યનું થાઇ પડેછે.


ورا کندرو خواندندی بنام
بکندی زدی پیش بیداد گام

એટલે 'તેને ગનદર્વ એટલા માટે કહેતા કે તે (ગન્દી એટલે) મગરૂરીથી બીદાદગર (જોહાક) સનમુખ પગલાં ભરતો."

૨) 𐬔𐬀𐬥𐬛𐬀𐬭𐬆𐬎𐬎𐬀=ગંદરેઉવ. ય. ૧૩-૧૨૩. એ નામનો એક શખ્સ હતો જેનો છોકરો પર્શન્ત એક ભલો શખ્સ હતો જેનાં ફરોહરને યાદ કર્યુંછે.

𐬔𐬀𐬜𐬀=ગધ. વં ૨૧-૨. એક જાતનું દંદ. હારલે સં. ગદ સાથે સરખાવેછે. હારલે ધારેછે કે એ ખુનને માટે પણ હોય. કોઇ એનો અર્થ લશ્કર કરેછે.

𐬔𐬀𐬌𐬌𐬀𐬜𐬁𐬯𐬙𐬌=ગયધાસ્તિ. ય. ૧૩-૧૧૨, ૧૧૪, ૧૪૦. એ એક ભલો પુરૂષ હતો જે પઉરૂધાક્ષ્તિનો છોકરો થાય, અને અશાવઝદ જેને બનારથમાં સોશ્યોશનાં મદદગારોમાંનો એક ગણ્યો છે તેનો ભાઇ થાય. એ અને એની ધણીઆણી ફ્રેની બન્ને માંટીબઇએર ભલાં નામાંકીત પુરૂષ હતાં કારણ એની ધણીઆણીને પણ ભલી સ્ત્રીઓમાં યાદ કરીછે. અવસ્તા પ્રમાણે નીચલો કોઠો એની વંશાવળી દેખાડેછે, જે સઘળાઓને ભલા અને નામાંકીત પુરૂષો તરીકે યાદ કર્યાછે.



[illegible]=ગય.-મરતન. ય. ૧૩-૮૭, ૧૪૫. ગયોમર્દ. એ ફરવરદીન-યષ્ટ પ્રમાણે પેહલવેહલો ભલો ઇરાની હતો કે જેણે અહુરમજદની શીખામણો પેહેલાં સાંભળી અને જેનીથી ઇરાન દેશનાં ભલા લોકોની નસલ ઉતરીછે. ચાલુ દોરની સેવટે જેમ સોષ્યોશ છેલો માણુસ ગણાશે તેમ એ 'ગય-મરેતન' પેહેલો માણસ હતો. એટલા માટે ફરવરદીનયષ્ટમાં સઘળા જનમેલાઓ અને હવે પછી જનમનારાઓની ફ્રવશીઓને આરાધવામાં આવીછે. ત્યાં એ બેના નામો દીએછે (ર. ૧૪-૧૭). એજ પ્રમાણે આફ્રગાનનાં દીબાચામાં યાદ કરવામાં આવેછે. બુનદેહેશ (પા. ૭૭-૫ બા. ૩૧-૧) માં એને [illegible] ગયો-મર્દ કહ્યોછે. અવસ્તામાં જણાવ્યા પ્રમાણેજ એ કેતાબમાં પણ સઘળા કેઆની પાદશાહોની વંશાવળી એનાથી શરૂ થયેલી જણાવી છે. ફીરદોસી પોતાનું શાહનામું પણ એ પાદશાહથી શરૂ કરેછે. બુનદેહેશ (બા. ૩-૧૩ થી ર૬) માં અહારેમને હોમલો કરેલી એક પછી એક પેદાયશ જણાવીછે તેમાં આકાશ, પાણી, જમીન, ઝાડપાન, જાનવર પછી માણસના પેહેલા પ્રતીનીધી તરીકે એનું નામ જણાવ્યુંછે. એનાથી માણસ જાતની વસ્તીની શરૂઆત નીચે પ્રમાણે થયેલી જણાવવામાં આવીછે (બા. ૧૫). ગયોમર્દ આએ જેહાંનથી ગુજર પામ્યો ત્યારે તેનું બુન જમીન ઉપર પડયું અને તે સૂર્યની રોશનીથી સ્વચ્છ થયું. તેનાં ત્રણ ભાગમાંથી બે ભાગ નર્યોસંઘે રાખ્યા અને એક સ્પેંદારમદે (જમીને) લીધો. ચાલીસ વર્ષનાં અરસાબાદ તે જમીનમાંથી મશીઅ ને મશીઆની તે આદમ જાતનું પેહેલું જોડકું પેદા થયું. ગયોમર્દનાં બુનથી રપ જાતો પાછળથી ઉત્પન્ન થઇ (બા. ૧૫-૩૧). ગયોમર્દ પેહેલો આદમ હોવાથી રસ્તાખેજની વખતે માણસો જ્યારે પોતાનાં હાડમાંથી ઉભાં થશે ત્યારે પેહેલવેહેલાં ગયોમર્દનાં હાડ ઉભાં થશે (બા. ૩૦-૭). એનાથી પેશદાદીઅન, કેઆનીઅન અને સાસનીઅન વંશોની અને મોબેદાનમોબેદાની વંશાવળી કેવી રીતે ઉતરીછે તે માટે જુઓ સેવટે બે મોટી વંશાવળીઓ. આ એ દુન્યાની પેદાયશ ઉપર અહારેમને પોતાની અસર ચલાવી બુરાઇ દાખલ કીધી તેની ૩૦૦૦ વર્ષ આગમચ ગયોમર્દ (અથવા આદમ જાત) ની વસ્તી જણાવેછે અને તેની પછી ૩૦ વર્ષ ગયોમર્દ જીંદગી ગુજારી. દાદસ્તાને દીની (બા. ૩૯-ર) માં ગયોમર્દને રસ્તાખેજનાં કામમાં મદદ કરતો અને ભાગ લેતો જણાવ્યોછે. મીનોખેરદ (બા. ર૭-૧૪) માં જ્યાં જુદા જુદા નામીચા ઇરાનીઓથી દુનિયાને થયલા ફાયદાઓ વર્ણવ્યાછે ત્યાં ગયોમર્દથી એ ફાયદો વર્ણવ્યો છે કે તેણે (૧) આરઝુર નામનાં દેવને દફેકરી પોતાનાં તનનો આહારેમનથી છુટકારો કર્યો. ર) રસ્તાખેજ ઉત્પન્ન કરનારાં ભલાં નર અને નારીઓ તેનાંથી ઉત્પન્ન થયાં અને ૩) ધાતુઓ ઉત્પન્ન કરી. બુનદેહેશનાં કેટલાંક લખાણને આધારે ફીરદોસી ગયોમર્દને પેહેલવેહલો પાદશાહ તરીકે જણાવેછે જે ઇરાનની ગાદી ઉપર બેઠો હતો. બુનદેહેશમાં કહેછે કે આહારેમને પોતાની બુરી અસર દુનિયાની પેદાયશ ઉપર શરૂ કરી ત્યાર પછી તે ૩૦ વર્ષ જીવ્યો હતો. એ આધારે ફીરદોસી એને ૩૦ વર્ષ રાજ કરતો જણાવેછે. ઘણાં પુરાનાં કાળનો એનો જમાનો હોવાથી એને ચામડાંનો પોષાક પેહેરતો જણાવ્યોછે. દસાતીરમાં ગયોમર્દને 'ફરઝીન સાર' કહ્યોછે અને તેને 'ફરપુદે યા-

સાન આજામ' એટલે 'યાસાન આજામ' નો છોકરો કહ્યો છે. દસાતીરનો ફારસીમાં તરજુમો કરનાર સાસાન પનજુમ કહેછે કે એને 'ગેળશાહ' અથવા ગયોમર્દ પણ કહેછે. દસાતીર પ્રમાણે ગયોમર્દ (જે નામ અંહી બુનદેહેશ કેટલીક જગ્યા એ પેહેલા આદમને અર્થે લેછે તેમ નથી)ની આગમચ મેહે આબાદ, જી અફરામ, કલીન વીગેરે પએગમબરો થઈ ગયાછે અને ગયોમર્દ પણ એક પએગમબર હતો. બુનદેહેશ અને વજરકર્દ દીની પ્રમાણે ગયોમર્દને પેટે મશ્ય પેદા થયો અને તેને પેટે સ્યામક પેદા થયો. દસાતીર અને શાહનામું કહેછે કે સ્યામક એનો છોકરો હતો. દસાતીર કહેછે કે સ્યામક પણ એક પએગમબર હતો. ફીરદોસી પ્રમાણે તે બાપની હયાતીમાંજ મરણ પામ્યો હતો. દીનકર્દમાં એક સવાલ છે કે કોઈ કહેછે કે આહરેમને આ દુન્યામાં પોતાની અમર ચાલુ કર્યા પછે ૩૦ વર્ષ હસ્તી ભોગવી અને કોઈ કહેછે કે તુરત મરણ પામ્યો, ત્યારે ખરૂં કીયું? એનો ખોલાસો પુરતો મળતો નથી, પણ કહેછે કે જે અવસ્તાની મહાદતથી કહે તે માનવું. પણ અવસ્તા એ મુદત માટે કાંઈએ કેહેતા નથી. દીનકર્દ ગયોમર્દને પેહલવેહલો દીન લાવનાર

[illegible]

કહેછે. (દ. પેશુતન વા. ૧ પા, ૩૫.)

[illegible] = ગરોદેમાન. એ શબ્દ 'ગરોન્માન' પણ મળેછે. એ સર્વેથી ચડતે દરજજેનું બેહેસ્ત છે જ્યાં અહુરમજદનું મથક છે. પછી એ શબ્દ 'ગરોથમાન' બન્યોછે.

[illegible] = ગરોન્માન. જુઓ [illegible]

[illegible] = ગર્શ્ત. ય. ૧૩-૧૨૩. એક પુરુષનું નામ જે કવીનો છોકરો છે. સ્પીગલ, હારલે અને 'કવી'નો છોકરો યા ખાનદાની લેવાને બદલે ગર્શ્ત સાથે એકજ વીભક્તીમાં લેઈ 'ગર્શ્ત જે કવી' એમ લેછે.

[illegible] = ગવયાન્ ય. ૧૩-૯૬. ફ્રવરદીનયષ્ટમાં જ્યાં બધાનાં ફરોહરોને યાદ કરવા માંડયાં છે ત્યાં શરૂઆતમાંજ એનું નામ ત્રીજું આવેછે. પછી થોડક છેટે ઇસદવાસ્ત્ર, ઉરતારપ વીગેરેનાં આવેછે જે ઉપરથી દિસેછે કે એ જરતોસ્તનાં પેહેલા સાગેર્દોમાંનો એક હોવો જોઈએ.

[illegible] = ગશિ. ય. ૪-૪. જુઓ [illegible]

[illegible] = ગાઉ. ય. ૧૦-૧૪; વં. ૧-૫. એક અસલી પરગણાનું નામ જેની રાજધાની સુગ્ધ હતી. એ સુગ્ધ તે હાલનુ સોગદીઆના છે માટે એ સોગદીઆનાની આસપાસનો મુલક છે. વંદીદાદની પેહેલવી સરેહમાં એ મુલકને એક જગલ

[illegible] દશ્તે ગણ્યુંછે (સ્પીગલ પે. વંદી. પા. ૭-૩) અને ત્યાં કોઈ પણ જાતનો આજાર અથવા દુઃખ નથી એમ જણાવ્યુંછે.

[illegible] (ગાસી અવશ લા. પતીયારે.) જુઓ [illegible]

[illegible] = ગાઓરિ. ય ૧૩-૧૧૮. એક પુરૂષનું નામ જેને ફ્રવરદીનયષ્ટમાં આરાધ્યોછે. 'પુસ્ત' નામનાં એનાં એક દીકરાને પણ આરાધ્યોછે.

[illegible] = ગાથા. કવીતારૂપી લખાણો. પએગમબર જરતોસ્તનાં પાંચ ગાથા વિષે સરોશયષ્ટ (હા. ૫૭)માં બોલવામાં આવેછે. પએગમબર જરતોસ્ત ઉપરાંત 'હોમ' ના પણ ગાથા હતા એમ હાવનીમના હા પરથી માલમ પડેછે. ૧લા ગાથા

અહુનવઈતીમાં હા ૨૮ થી ૩૪ આવેછે. બીજા ગાથા ઉશ્તવઈતિમાં હા ૪૩ થી ૪૬ આવેછે. ત્રીજા ગાથા સ્પેંતામઈન્યુમાં હા ૪૭ થી ૫૦ આવેછે. ચોથા ગાથા વોહુક્ષથ્રમાં ૫૧ મો હા આવેછે. પાંચમા ગાથા વહીશ્તોઈશ્તીમાં ૫૩ મો હા આવેછે. એ ગાથાના લખાંણોમાં મીનોઈ દુન્યાને લગતી બાબદ આવીછે. ગાથાના લખાણને દીનકર્દ (વા. ૧ પા. ૨) માં અહુરમજદ તરફની ચહડતે દરજ્જેની ગવાહી ગણીછે. ત્યાં કહેછે કે ગાથા જોકે જરતોશ્ત, અમેશાસ્પેંદો, ગોશોરૂન અને બીજા યજદોના શબ્દોમાં છે તોપણ તે સઘળા અહુરમજદના જરતોશ્તને કહેલા સખુનો છે.

[illegible]=ગાય. વં. ૩-૫૭. એક માપનુ નામ જે પેહેલવી પાજંદ ફરહંગ પ્રમાણે ૩) પાય (પાએ–પગ) નું બનેછે, એટલે 'પાય' નુ માપ ગણતાં આસરે બે ફુત ૭½ ઇંચ.

[illegible]=ગુધ. ય. ૧૫-૨૭. એ રંઘા નદીની એક શાખા હતી જેના કીનારા ઉપર કેરેસાસ્પે રામયજદની બંદગી કરી કે તે પોતાના ભાઈ ઉર્વાક્ષયનાં કીનામાં તેનુ ખુનરેઝનાર હીતાસ્પને મારવાને શક્તિવાન થાય.

[illegible]=ગેઉશ-ઉર્વન. એ ગોશયજદનું અવસ્તાનું નામ છે. ગોશયશ્ટમાં [illegible] ના નામથી એને બોલાવામાં આવેછે. એ નામ જાનવરી પેદાયશ ઉપરનાં મવક્કલ યજદનું છે. ગાથામાં કુલ કુદરતને પણ એ નામથી દરસાવવામાં આવેછે.

[illegible]=ગ્રવારતુ. ય. ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ. એ ફ્રાદતનરનો વડવો થાય. સ્પીગલ એ શબ્દને જુદું નામ લેવાને બદલે અને ફ્રાદતનરનો વડો ગણવાને બદલે 'ફ્રાદત નર ગ્રવારતુ' એમ એકજ નામ લેછે.

[illegible]

[illegible] = વ્રાન. વં. ૧૫-૧૪. [illegible]

[illegible], [illegible] અને [illegible]

[illegible] કરી એક જાતની દવાઓ છે જે ગર્ભ પાડી નાંખવામાં ઉપયોગી હતી એમ શબ્દોમાં 'બગ' તે ભાંગ જેવી કેફ આવવાની દવા હતી. વ્રાન એ પેહલવી સરેહ પ્રમાણે ગર્ભસ્થાનમાં બચ્ચાંને મારી નાખવાની દવા હતી. 'ફ્રસ્પાત' એ એક દવા છે જે પેહેલવી સરેહ પ્રમાણે અર્થ મુજબ બચ્ચાંને બહાર કાહાડેછે અને તેથી તે મરણ પામેછે.

[illegible]=ઘશિ. ય. ૪-૮. એક દેવનુનામ છે. એ ફકરામાં નસુ, હશી, ઘશી, સએની અને બુજી નામનાં દેવોના નામ આવેછે. એજ બોરદારયશ્ટમાં રાજા ફકરામાં એજ દેવોનાં નામ નીચે પ્રમાણે આવેછે. નસુ, હશી, બશી, સએની અને બુઝી. એ ઉપરથી દિસે છે કે ૪ થા ફકરાનો ઘશી તે ૨ જા ફકરાનો બશીજ છે. અવે એ બશી (ઘશી) માટે દસ્તુરજી પેશોતનજી કહેછે કે તેઓ બોલવાને લગતું દરદ ઉત્પન્ન કરનાર દેવ છે (દીનકર્દ. વા. II–૯૧)

[illegible]

[illegible]=ચએચસ્ત. ય. ૫-૪૯; ય. ૯ ૧૮, ૨૧, ય. ૧૭-૩૮, ૬૧. ચએચસ્ત એ એક સરોવર છે જેની પડોસમાં પાદશાહ કએખુશ્રુ પોતાની દુઆ ગુજારતો અને પાદશાહ અફ્રાસ્યાબને પોતાનાં બાપનાં ખુનનાં કીનામાં મારવાને મોગાદ આહેનો. બુનદેહેશ એને

માટે કહેછે કે (પા. ૫૫-૧૦ બા. ૨૨-૨)

[illegible]

એટલે "ચએચસ્ત આતર પાતકાન (આજરબએજાન)માં (છે). (તેનાં) પાણી ગરમ, દુઃખથી નીરાળાં, એટલે તેમાં કાંઇપણ જાનવર થતાં (રહીશકતા) નથી. તેનું મુળ ફરાંકન્ત દર્યા (વાઉરૂકશ) સાથ જોડાયલું છે." એ સરોવર કોઈ ખારા પાણીનાં મોટા ભાગનો યા દર્યાનો છુટો પડેલો ભાગ હોય એવો ઉપલા ફકરાને મળતો ઇશારો બીજે ઠેકાણે પણ મળેછે (બા. ૭-૧૮). કોઇ ભૂરચનાનાં મોટા કુદરતી બનાવથી એમ બન્યું હોય એમ એ વર્ણન ઉપરથી દિસેછે. અસ્પરોગ પહાડનો એની સાથે પાર્સ મુલકમાં સંબંધ જાહેર કર્યોછે (પા. ૨૫-૭ બા. ૧૨-૩૬). [illegible]

[illegible]

એ સરોવર આગળ કએખુસ્રુએ બંદગી કરવાની બાબદને બુર્નદેહેશનાં ઇશારાથી ટેકો મળેછે (બા. ૧૭-૭) જ્યાં જણાવેછે કે તેણે એ સરોવરની આસપાસનાં મુલકની બુતપરસ્તી દફે કરી આદર ગોશસ્પ નામનો આતશ સ્થાપ્યો. એને હુસ્રુ નામનાં સરોવરથી ૫૦ ફરસંગ દુર જણાવ્યોછે (જે હુસ્રુ ને આતશ નીઆયેશનાં વરોઈશિ હયોસ્રવંઘ (જેને કેટલાકો કેખુસ્રુનો સરોવર એમ અર્થ કરેછે તેની) સાથે સરખાવવામાં આવેછે અને જે હાલનો વાન સરોવર અથવા તો સેવન સરોવર ધારવામાં આવેછે) (પાનું ૫૬-૬ બા. ૨૨-૮). [illegible]

[illegible] એ[illegible]ગરમ એ સરોવર માટે જણાવેછે કે તે ઉપર થંડો પવન નથી હોતો અને તેની ઉપર આતશ ગોશસ્પ સ્થાપેલોછે (બા. ૬-૨૨). એ બુર્નદેહેશનાં લખાણને ટેકો છે. બહમનયશ્ટ (બા. ૩-૧૦) પણ એને ટેકો આપેછે. મીનોખેરદ કહેછે કે એ સરોવર ઉપરના મુર્તીપૂજક દેહેરાંઓનો જો કએખુસ્રુએ નાશ નહી કર્યો હતે તો આહરેમનનું જોર એટલું વધતે કે રસ્તા ખેજ મુશકેલ થાઈ પડતે (બા. ૨-૯૫). મીનોખેરદમાં જુદા જુદા મહાન પુરૂષોથી આએ દુન્યાને પોંહચેલા ફાયદાઓ વિષે બોલતાં કએખુસ્રુનું ભલું કામ ચએચસ્ત સરોવર પરના મુર્તીપુંજા દુર કરવાનું અને કંગદેઝનો સારો કારોબાર કરવાનું ગણ્યુંછે. બુર્નદેહેશમાં એને આજરબએજાનમાં જણાવ્યોછે તે ઉપરથી અને બીજા વર્ણન ઉપરથી એ સરોવરને આજરબએજાનનો હાલનો ઉરૂમીઆ સરોવર ગણવામાં આવ્યોછે. વળી હાલનો ઉરૂમીઆ સરોવર તે અવસ્તાનો ચએચસ્ત સરોવર છે તેની વિશેષ દલીલ મને એ 'ઉરૂમીઆ' શબ્દનાં અર્થ ઉપરથી મળેછે. અવસ્તામાં યશ્ટોમાં એ ચએચસ્તનાં વિશેષણ તરીકે [illegible] એટલે બોહળાં પાણીવાળો એવો શબ્દ આવેછે. હવે ઉરૂમીઆ શબ્દને જો આપણે છુટો પાડીએ છીએ તો તેનો અર્થ પણ બરાબર "બોહળાં પાણીવાળો" એમ બરાબર થાયછે. ઉરૂમીઆમાં ઉરૂ ([illegible] उरू) શબ્દનો અર્થ 'પોહલું' થાય અને 'મીઆ' તે સેમેટીક 'મય' ([illegible] એરેબીક 'મઅ') છે જેનો અર્થ 'ઉવ્યાપ'ના છેલ્લા ભાગ 'આપ'ને મળતો પાણી થાયછે. ત્યારે ઉરૂમીઆનો અર્થ

પણ અવસ્તામાં આવેલા ચએચસ્તનાં વિશેષણ 'ઉરૂવ્યાપ'ની માફક મોહળાં પાણીવાળો થાયછે. ડા૦ ઉવેસ્તનાં કહેવા પ્રમાણે 'હમદુલ્લા મુસ્તફી' નામનો મુસલમાન ગ્રંથકાર એ ઉરૂમીઆ સરોવરને ચેચેસ્ત ગણેછે.
ફીરદોસી એ સરોવરને 'ખનજસ્ત' خنجست કહેછે. હોમને હાથે અફ્રાસ્યાબ કેદ પકડાયો અને પછીતેનાં હાથમાંથી છુટી એ સરોવરમાં બાંધેલાં એક છુપાં મકાનમાં ભરાઈ બેઠો તે વિષેનું બેઆન ગોદરેજને જાહેર કરતાં તે કહેછે. મોહલ વા. ૪. પા ૨૦૦.

در این آب خنجست پنهان شدست
بگفتم ترا راست چو آنکه بست

چیچست 'ચએચસ્ત' શબ્દના નુકતાનાં ફેરફારથી એ خنجست ખંજસ્ત શબ્દ વંચાયછે. બાકી અક્ષરો તો એજ છે. Sir Henry Rawlinson (journal of the Royal Geographical Society 1840, p. 9) કહેછે કે મોગલ વંશનાં વખત સુધી એ ઉરૂમીઆનાં સરોવરને Khogest ખોજેસ્ટ કહેતા. એ નામ પણ چیچست શબ્દનાં નુકતાં ફેરવાઈ બનેલો (خوجست) આકાર છે.

𐬗𐬀𐬑𐬭𐬀 = ચખ્ર. વં. ૧-૧૭. વંદીદાદની પેહેલી પરગરદમાં અહુરમજદે પેદા કરેલી જગ્યાઓમાંનું ૧૨ મું શેહેર. એ ખોરાસાનમાં આવેલુ چرخ ચર્ખ શેહેર ધારવામાં ઘણા ખરા વિદ્વાનો એકમળતા છે. સર હેનરી લેઅર્ડ પોતાની Early Adventures in Persia vol II p 232 માં પોતાની ખોજીસ્તાનની મુસાફરીનું વર્ણન આપતાં ખોજીસ્તાનમાં એક અસલી Kerkh નામનું શેહેર જણાવે છે, તે તો એ નહીં હોય?

𐬗𐬀𐬚𐬡𐬀𐬭𐬆.𐬀𐬯𐬞𐬀 = ચથ્ ઉવરસ્પ. ય. ૧૩-૧૧૨. બુનદેહેશમાં (પાનું ૬૮-૮ બા. ૨૯-૧) વોઉરૂ જરસ્તકેશ્વરનાં વડા ધર્મગુરૂ તરીકે જે 𐬗𐬀𐬚𐬡𐬀𐬭𐬆.𐬀𐬯𐬞𐬀 નામના શખસનું નામ જણાવ્યુંછે, તે એ ધણી છે એમ ડા. ઉવેસ્ત નીચલી દલીલ ઉપરથી ધારેછે. બુનદેહેશમાં જુદા જુદા કેશ્વરોનાં 𐬭𐬀𐬙𐬎 ની બાબદ આવેછે ત્યાં પેહેલાં સાતે કેશ્વરોનાં રદની બાબદ આવેછે. અરેજહિ અને સવહિનાં બે દસ્તુરોના નામ ડા. ઉવેસ્ત ફરવરદીનયષ્ટનાં ૧૧૦ મા ફકરાનાં બે સાથે આવેલાં નામો સાથે સરખાવેછે. ફ્રદદફશ અને વીદદફશનાં દસ્તુરોનાં નામ ૧૨૧ મા ફકરામાં પાસે આવેલાં બે નામો સાથ સરખાવેછે અને કહેછે કે વોઉરૂબરેસ્તનાં દસ્તુરનું બુનદેહેશનું 'હુવાસ્પ' નામ ફરવરદીનયષ્ટનાં ૧૨૨ મા ફકરાનાં, 'હુસ્પ' ને મળતું છે. ત્યારે વોઉરૂબરેસ્તના જોડીઆ કેશ્વર વોઉરૂજરેસ્ત કેશ્વરનું નામ ઉપલાં આગળાં બે કેશ્વરોનાં જોડકાંઓની મીસાલે ૧૨૨ મા ફકરામાં 'હુસ્પ' ની સાથે હોવું જોઈએ. જેમ જોતાં ત્યારે બુનદેહેશમાં વોઉરૂજરસ્ત કેશ્વરનાં દસ્તુરનું નામ જે ચખ્રવાક જણાવ્યુંછે તે ચખ્રવાક ફરવરદીનયષ્ટ (ફ ૧૨૨) માં હુસ્પની પાસે આવેલા 'ચથ્વર અસ્પ' શખસ હોવો જોઈએ. એરવદ તેહેમુરસ્પ ધારે છે કે 'અસ્પ' ને બદલે કોઈએ પેહલાંથી 'વાક' વાંચેલો દિસેછે જેનો અર્થ પણ ઘોડો થાયછે.

𐬗𐬀𐬑𐬭𐬎 = ચક્રુ. ય. ૧૩-૧૦૯. એ એક શખસનું નામ છે. એ નામ 'અક્રુ' ની સાથે આવેછે. તે અક્રુ અને ચક્રુને યુરોપીઅન વિદ્વાનો બુનદેહેશના અક્રુ અને ચક્રુ પક્ષી સાથ સરખાવેછે કે જેઓની બાબદ મીનોખેરદમાં પણ આવે છે. એ બાબેની વીગત માટે જુઓ 𐬀𐬑𐬭𐬎

𐬗𐬀𐬑𐬱𐬥𐬌 = ચાક્ષ્નિ. ય. ૧૩-૧૧૪. ઉ-

વીનદીશમાન અને બુનદેહેશ (પા. ૭૯-૫ બા. ૩૨-૧) નો [illegible] ચક્ષનુશ ગણેછે જે એ કેતાબમાં આપેલી જરતોશ્તની વંશાવળી પ્રમાણે અને આફ્રીનગાનનાં દીબાચામાં નામ લેવામાં આવે છે તે પ્રમાણે જરતોશ્તના બપાવાનાં બપાવા હએચદસ્પનો બાપ થાય.

[illegible]=ચિન્વત્. વંદીદાદ (૧૯-૨૯) પ્રમાણે એ એક પુલનું નામ છે જ્યાં આએ દુન્યામાં કરેલા સારાં નરસાં કામોનો બદલો મળેછે. વીરતાસ્પયષ્ટ (ક. ૪૨) પ્રમાણે એક અશો માણસ એ પુલ ઉપરથી ખુશી સાથે પસાર થઈ જાયછે. ઈજિશને પ્રમાણે (હા ૭૧-૧૬) એ પુલની પેલી પાર બેહેશ્ત આવ્યું છે. અવસ્તામાં ચીનવદ પુલનું નામ જો કે ઘણી જગ્યાએ આવેછે તો પણ તે પુલ શું તેના ઈશારા ફક્ત ઉપર પ્રમાણેજ આવે છે તેટલા માટે એ પુલની વધુ વીગત માટે આપણે પેહેલવી પુસ્તકો જોવાં જોઈએ. બુનદેહેશ પ્રમાણે એ પુલ ચકાતદાઈતી નામનો પહાડ જે દુન્યાની વચમાં આવેલો છે અને ૧૦૦ માણસ પુર ઉંચો છે તેની ઉપર આવ્યોછે અને ત્યાં રવાનનો હીસાબ શુમાર કરેછે. (પા. ૨૨-૧૩ બા. ૧૨-૭). [illegible]

દાદસ્તાને દીની (સવાલ ૧૯) કહેછે કે માણસનાં રવાનનો હીસાબ શુમાર થયા પછી તે ચીનદપુલ તરફ જવું કરેછે. જો તે અશોનું રવાન હોયછે તો તે પુલ પસાર કરેછે અને બેહેશ્તમાં જાએછે નહી તો પુલને છેડેથી યા વચમાંથી દોજખમાં પડેછે. સવાલ ૨૦ નાં જવાબમાં એ પુલનું સંપૂર્ણ વર્ણન મળેછે. ત્યાં કહેછે કે અલબુર્જ ઉપર ચેકાદદાએતીનાં પહાડ ઉપર એ પુલ છે. જેમ એક લાકડાંનો ભારવટીઓ હોય કે જેની ઘણીક બાજુઓમાંની કોઈક ઘણીક પોહોળી હોય અને કોઈક વેહતાં હથીઆરની કોર જેવી બારીક હોય તેમ એ પુલ છે. જેમ એક અશો કે બુરાં માણસનું રવાન તે ઉપરથી પસાર થવા આવેછે તેમ તે પુલ પોતાની પોહલી અથવા ધારવાળી બાજુ બદલેછે. અશો માણસ માટે તે નવ નેજાની લંબાઈ જેટલો પોહોળો થાયછે (પા. ૮૬-૧૮ બા. ૨૧-૫) [illegible]

પાપી માણસ માટે તે એક અસ્તરાની કોર જેટલો સાંકડો થાયછે. અશો માણસ તે પોહળો થવાને લીધે ખુશી સાથે ચાલી જાય છે. પાપી માણસ તે અસ્તરાની કોર જેવો સાંકડો અને અણીદાર હોવાને લીધે તેપરથી નીચે પડેછે. મીનોખેરદ (બા. ૨-૧૧૫) એક પાપી માણસનાં મરણને ચોથે દીને તેનાં એ પુલઉપર શા હાલ થાયછે તેનું વર્ણન આપેછે અને મેહેરયજદ, સરોશ અને રશને સાથે તેનાં કામોનો તોલ કરે છે તે જણાવે છે. મીનોખેરદમાં એ પુલવિષે વારેઘડીએ ઈશારા આવે છે પણ તેમાં દાદસ્તાને દીનીનાં સંપૂર્ણ ખોલાસા ઉપરાંત વધુ કાંઈ નથી. સદદર કેતાબ પણ એ પુલબાબે વારેઘડીએ બોલેછે. તે મેહેર અને રશનુને એ પુલ ઉપર ઈનસાફ કરનારા કહેછે (બા. ૧-૪). એ કેતાબ નીચલાં કામોની ગફલતીઓને એ પુલ ઉપર અટકાવનારા ૯ ગુનાહ ગણેછે. ગંમબાર, જશનો, ગુજરેલાં ખેશીના દહાડા, હરરોજ ત્રણ વખત ખોરશેદની નીઆયેશ, દરમાસે ત્રણ વખત માહાબોખતાર-

ની નીઆગ્મેશ અને રવીથવન (બા. ૬). અરદાવીરાફ પોતાની આકાશી મુશાફરીનું વર્ણન કરતાં એ પુલ માટે જે કહેછે તે દાદસ્તાને દીનીને મળતું છે. (બાબ ૫). આગ્મે અને પેલી દુન્યાને જોડનાર ચીનવદ પુલનાં જરતોશ્તી વીચારોને મળતાવીચારો ઘણાં ધર્મો અને ટોલાઓમાં છે. રીગવેદ (x ૧૪-૧૧) પ્રમાણે મરણ પામેલાંને બીજી દુન્યામાં જવા પેહેલાં એક મહાસાગર પસાર કરવો પડેછે જે કોઈવાર મછવાથી યા કોઈવાર એક પુલથી પસાર થાયછે. ઇસ્લામી ધર્મવાળાઓ એવા એક પુલને 'સીરાત'ના નામથી બોલએછે. ચાનાઓ એવા એક પુલને 'ઉવોંગહો' કહેછે. સ્કેનદીનેવીઅન દંતકથા જેને (Edda) 'એદા' નાં નામથી ગીતોમાં એકઠી કરવામાં આવીછે તે દંતકથા પ્રમાણે તેમનામાં (Gioell) જીઓએલ નામનો એવો એક પુલ છે. અએઓના દેવતાઓની 'એસગર્દ' નામની જગ્યા ઉપર જવા (Bifröst) બીફ્રોસ્ત નામનો પુલ છે. પ્રોફેસર દાર્મસ્ટેટે યોર્ક શાયેરનાં એક ગાયણની કળી ઉતારેછે જેમાં એ પુલની પોહલાઇ દોરાનાં જેટલી બારીક જણાવીછે. 'The Brig o' Dread, na brader than a thread'. એજ વિદ્વાન ફ્રેંચ બેકુતોનાં એવાજ કેટલાક વીચારો જણાવેછે.

[illegible] = ચિસ્ત. ય. ૧૬. જુઓ [illegible]

[illegible] = ચિસ્તિ. ય. ૧૭-૬૨. ઈ. ૪૮-૫; ૫૧-૧૬. અશીસંગની સાથની એક યજદી શક્તિ જે ધર્મનાં ડહાપણ ઉપર મવક્કલ છે. એજ શક્તિને [illegible] તરીકે દીન યજદ ([illegible]) સાથ સંબંધ છે. ગાથામાં પણ એ શબ્દ ધર્મનું ગ્નાન અથવા દહાપણ જે રવાન માટે છુટકારો મેળવેછે તે અર્થે વપડાયછે.

[illegible] = જહિનિ. વં ૨૦—૧૦, ૧૨. એક નારી વર્ગની બુરી શક્તિ અથવા દરૂજ જે પછવાડેથી જીનનાં નામથી બોલાયછે.

[illegible] = જફ્રુધ. ય. ૧૩-૧૪૧. એક કન્યાનું નામ છે જેની ફ્રવશીને યાદ કરીછે.

[illegible] = જજીુ. વં. ૫-૩૧: ૧૩-૧૬. એ એક જાતનાં કુતરાનું નામ છે. હારલે [illegible], [illegible] અને [illegible] એ ત્રણે શબ્દ જે જુદાજુદા કુતરાઓની જાત છે તેઓને [illegible]=હુ=આવાજ કરવો એ ધાતુ ઉપરથી લેછે અને અર્થ કરે છે કે "જજીું" તે એક ભોંસતાં કુતતરાંનું બચ્ચું, અઇવિજીુ તે ભોંસવાને હજીુરતો શરૂ કરતું કુતરાંનું બચ્ચું, અને વીજીુ તે હજીુર ભોંસી નહી શકે એવું તુરત જનમેલું કુતરાનું બચ્ચું.

[illegible] = જતર. ય. ૧૯-૬. એક પહાડનું નામ છે.

[illegible] = જનર. ય ૧૩—૧૧૫. હારલે એ શબ્દને એની આગમચનાં શબ્દ 'વરેસ્મપ' નું વિશેષણ લેઈ અર્થ કરે છે કે le tueur des hommes એટલે ('જન્' ધાતુ ઉપરથી) માણસોને મારી નાખનાર. બીજા બધા વિદ્વાનો એને 'વરેસ્મપ' નો બાપ અથવા કોઈ વડો ગણેછે અને તે વાજબી દિસેછે. જો હારલે કહેછે તેમ એ શબ્દને વિશેષણ લેઇ અર્થ કર્યે કે "માણસોને મારી નાખનાર" ત્યારે તો એ એક બુરો માણસ ગણાય અને ત્યારે તેને અહીં યાદ કરવાનું શું કામ હોય? સ્પીગલ એ બન્ને શબ્દોને એકજ નામ લેછે કે "વરેસ્મપ-જનર."

𐬘𐬀𐬭𐬋𐬛𐬀𐬢𐬵𐬎 = જરોદંઘુ. ય. ૧૩-૧૧૦. એક પુરૂષનું નામ છે. ડા. ઉવેસ્ત એ "જરોદંઘુ પઈરિસ્તીર" ને બુંદેહેશ (પા.૬૮-૬ બા. ૨૯-૧) નાં "હોઅઝરો દથ હરીહનાં પરેશ્તયારો" - [illegible] સાથ સરખાવેછે કે જે સવહિ કેશ્વરનો દસ્તુર હતો.

𐬘𐬀𐬭𐬋𐬬𐬀𐬢𐬵𐬎 = જરો વંઘુ. ય. ૧૩-૧૧૩. એ ફ્રાયઝન્તનો છોકરો અને ફ્રેનંઘનો ભાઈ થાય. એ ત્રણે બાપ દીકરાઓનાં નામોને સાથે યાદ કર્યાંછે.

𐬘𐬀𐬵𐬌 = જહિ. વં.૧૮—૬૨; ૨૧-૧, ૧૭. એ એક દરૂજનું નામ છે. વ્યભીચારી મરદ યા ઓરતોને એ શબ્દ લગાડવામાં આવેછે. એ બુનદેહેશની [illegible] જેહ નામની દરૂજ છે જ્યાં તબુરા મીનોને પોતાનાં બાપ તરીકે ગણેછે (પા. ૯—૮ બા. ૩—૩, ૬થી૯). અંહીં એને દસ્તાન ઉપર સરદાર તરીકે જણાવેછે.

𐬘𐬁𐬨𐬁𐬯𐬞𐬀 = જામાસ્પ. ઇ. ૧૨-૭; ૪૬-૧૭; ૫૧-૧૮ ય. ૫-૬૮; ૧૩-૧૦૩; ૨૩-૨; ૨૪-૩. એ ફ્રશઓશ્રનો ભાઈ અને હવોવનો છોકરો ઇઆ ખાનદાની છે. એને ગાથામાં "જામાસ્પ હવોગ્વ" કહ્યોછે. એ ગુશ્તાસ્પ પાદશાહનો વઝીર હતો. એનાં ડાહાપણ, જેને માટે એને 'દે-જામાસ્પ,' એટલે ડાહ્યો જામાસ્પ કહ્યોછે તે વિષે અવસ્તામાં ઇશારા મળે છે. એ પએગમબર જરતોશ્તનાં પેહેલા સાગેર્દોમાંનો એક હતો તેથી એક માજદીયસ્નાન શખસ દીનનો એકરાર કરતી વેળા એના તરીકાવાળો થવાને એકરાર કરેછે (હા ૧૨-૭). ગાથામાં એને એક દીનનાં મદદગાર તરીકે જાહેર કર્યોછે. આવાંઅષ્ટ એને એક લડવૈયા તરીકે રજુ કરી કહેછે કે જ્યારે તેણે દએવયસ્નાન લશ્કરને દૂરથી હુમલો લાવતાં જોયું ત્યારે તેઓ ઉપર ફતેહ મેળવવાને તાકુ દુઆ ગુજારી. એ એક ભલો ડાહ્યો પુરૂષ હોવાને લીધે સ્પીતામાન જરતોશ્ત ગુસ્તાસ્પ ઉપર દુઆ ગુજારતાં ઇચ્છે છે કે "તારે ત્યાં જામાસ્પ જેવો છોકરો અવતરજો" વીસ્તાસ્પયષ્ટમાં પણ પાદશાહ ગુસ્તાસ્પને દુઆ ગુજારતાં તેને ત્યાં ૧૦ છોકરા ઇચ્છવામાં આવેછે તેમાં ત્રણ અથારનાન ત્રણ લડવૈયા, ત્રણ ખેતીબાન અને એક જામાસ્પ જેવો (ડાહ્યોશીલસુફ) છે. પાછલી કેતાબો પ્રમાણે એ જરતોશ્તનો જમાઇ પણ થતો. દાદસ્તાને દીની (પા. ૧૨૦-૨ બા. ૪૪-૧૬) માં એને [illegible] એટલે "દસ્તુર જામાસ્પ હવોવાન" કહ્યોછે. શાયસ્ત લાશાયસ્ત અને કેરેસાસ્પ વિષેની પેહેલવી રેવાયતમાં એનાં નામનો ઇશારો આવેછે, પણ તે એની જીંદગી ઉપર કાંઈ વધુ, રોશની નાખતો નથી. દીનકર્દ પ્રમાણે અહુરમજ્દે જરતોશ્તી દીન ફેલાવામાં એને એક વસીલો કર્યો હતો (વા. ૧-૧). દીનકર્દના સાતમા દફતરપ્રમાણે પાદશાહ ગુસ્તાસ્પે જરતોશ્તી દીન કબૂલ રાખ્યા પછી જે ચાર મોટામાણસોને તે દીન ફેલાવા મુકરર કર્યા હતા તેમાં અસ્પંદીઆર, ફ્રશઓશ્ર અને ઝરીર સાથે જામાસ્પ એક હતો. દસ્તુર જરતોશ્ત બેહેરામનાં ફારસી જરતોશ્તનામાં પ્રમાણે પએગમબર જરતોશ્તે દરૂન ઇજી જામાસ્પને ઇજેલુ ફુલ આપ્યું હતું તે સુંગવાથી જામાસ્પ વધુ દાનાવ અને ભવિષ્ય કહેવાને શક્તિવાન થયો હતો. દસાતીર કેતાબમાં જણાવેછે કે ખોદા જરતોશ્ત પાસે શાહ ગુસ્તાસ્પને પેગામ કહેવાડેછે કે "એ શાહ મેં તુને કેટલીક ચીજો એવી બક્ષી છે કે જેથી તું દુન્યામાં સરફરાજ થયો છે." એ ચીજોમાં નીચલાં નામ દે છે. ૧. જરતોશ્ત જેવો

આગાહી રાખનાર પએગમબર. ૨. અસ્પંદીઆર જેવો ધર્મ ચુસ્ત બેટો. ૩. જામાસ્પ જેવો વજીર કે જે આસ્માનનાં ભેદ ભરમો જાણેછે. دگر چون جاماسپ دستوری که راز سپهران همی دیداند અને ૪. ઇરાન જેવો મુલક. અસલ દાસાતીરમાં જામાસ્પની એ બાબદ લખતાં એનું નામ 'જમીસાત' કરી લખ્યું છે. દબેસ્તાન કેતાબ જરતોસ્તની બાબદ વિષે લખતાં એ જામાસ્પ વિષે લખતાં જરતોસ્ત બેહેરામના જરતોસ્ત નામાથી જુદા પડી કહેછે કે જરતોસ્તે જામાસ્પને સફરજલ નામનું ફલ ઇંજીને ખાવા આપ્યું જેથી તે ભવિષ્ય જાણનાર થયો. શાહનામા ઉપર આવતાં એ કેતાબ ઉપરથી માલમ પડેછે કે એ જામાસ્પ એક મોબેદાન મોબેદ હતો. અને શાહનો સલાહકાર વજીર હતો, એટલુંજ નહી પણ ઉપલાં જરતોસ્ત નામામાં ઇશારો કર્યા પ્રમાણે તે એક ભવિષ્યવાણી કહેનાર હતો. તે ઉપરથી પાદશાહ તેને પોતાની અને દીન દુશમન અરજાસ્પ વચ્ચેની લડાઇનું સેવટ શું આવશે તે પૂછે છે. ફીરદોસીનાં ખુદ જામાસ્પ વિષેનાં શબ્દો નીચે પ્રમાણે છે. (મોહલ વા. ૪ પા. ૩૮૯)

بخواند آن گرانمایه جاماسپ را
کجا رهنمون بود گشتاسپ را
سر موبدان بود و شاه ردان
چراغ بزرگان و اسپهبدان
چنان پاک تن بود و پاکیزه جان
که بودی برو آشکارا نهان
ستاره شناسی گرانمایه بود
بفرهنگ و دانش ورا پایه بود

ફારસી રેવાયતમાં જે જામાસ્પી છે, અને જેનો તરજુમો ગુજરાતીમાં પણ થયોછે તેને દંતકથા એ જામાસ્પ હકીમની લખેલી જણાવેછે, કે જેમાં નજુમની તથા બીજી ભવિષ્યવાણી જણાવીછે. જ્યાં જામાસ્પ ગુશ્તાસ્પનું અસ્પંદીઆર ઉપર નામું લેઇ જાયછે ત્યાં તેને ફીરદોસી પાદશાહનો દસ્તુર જાહેર કરેછે.

چراغ جهان بود و دستور شاه
چون دیدند مر یک دیگر را براه

આબાંયશ્ટમાં એને દએવયસ્નાન સાથની લડાઇમાં ફતેહ માગતો જણાવ્યોછે, તે અરજાસ્પ સાથની શાહ ગુસ્તાસ્પની લડાઇનો ઇશારો છે. તે લડાઇમાં શાહનામા પ્રમાણે જો કે એને ઘણો ચપલ ભાગ લેતાં આપણ જોતા નથી તોપણ તેનો એક બહાદુર છોકરો گرامی ગેરામી નામનો એ અરજાસ્પની લડાઇમાં માર્યો ગયેલો જણાવ્યો છે અને વળી જ્યારે ગુસ્તાસ્પ અરજાસ્પને હાથે હારેછે ત્યારે જામાસ્પ પોતે અસ્પંદીઆરને બંદીખાનામાં અરજાસ્પ સાથે લડવાને સમજાવવા જાએછે. એ ગેરામીને દસ્તુર-જી જામાસ્પજીવાળી યાદગારે ઝરીરાનમાં 'ગરાંમીક ગોર્દ' કહ્યોછે.

(૨) [Avestan] = જામાસ્પ ય. ૧૩-૧૨૭. 'અપરઝાત' નો જામાસ્પ નામનો એક બીજો જામાસ્પ નામનો પુરૂષ છે, જેની ફ્રવશીને આરાધેછે. અને 'અપરઝાત' નો કહ્યોછે તે શબ્દને દાર્મેસ્ટેટ વિશેષણ લેઇ અર્થ કરેછે કે નાનો જામાસ્પ (Jamasp the younger). એ દુરસ્ત દિસેછે કારણ કે મેદીઓમાહ, જામાસ્પ અને ઓરવતતનર એ જાણીતા પુરૂષોનાં નામ આગળ આવી ગયાછે અને પછી ફરીથી એ ત્રણે નામો અહીં આવેછે તેથી તેઓને આગળના પરૂષોથી જુદા જણાવવા 'અપરઝાત' એટલે પછી જન્મેલા એટલે નાના કરી કહેલાછે.

[Avestan] = જીરિત ય. ૧૩-૧૧૩. એક પુરૂષનું નામ જેનાં છોકરા 'અશાહુર' નાં ફરોહરને યાદ કર્યુંછે.

[Avestan] = જાંનય. વં. ૭-૫૯. એક દેવનું નામ છે જેને કબરો સાથ સંબંધ છે. એ ફકરાની પેહેલવીમાં એ 'જાંનય' ને [Avestan] 'જહી' દરૂજ ગણ્યોછે. દા-

મેંસરેટરે 'જાંનય' ને ૫રગરદ ૨૧ (ફ઼. ૨ નાં [Avestan] શબ્દ સાથ ભેલી નાંખ-વાની ભૂલ કીધેલી દિસેછે. તે ૫રગરદમાં એ શબ્દનું પેહેલવી પણ જુદું છે. ત્યાં એ [Avestan] ને [Avestan] 'ઝનીત' લેઈ માર-વાને અર્થે લીધેલોછે.

𐬰

𐬰𐬀𐬌𐬭𐬌𐬗𐬀 = જહરિચ. વં. ૧૦-૧૦; ૧૯-૪૩. એક દેવનું નામ છે. પેહેલવીમાં એને 𐬰𐬀𐬌𐬭𐬌 કહેછે. વંદીદાદમાં એને આહરેમનની સંઘનો મદદ કરનારો દેવ ગણ્યોછે. એ અમરદાદ કે અમર્ગી અને ઝાડપાન ઉપરનો યજદ છે તેનો હરીફ તરીકે નાશ અને ભુખની ઉપરનો દેવ છે એમ બુનદેહેશ જણાવેછે (પા. ૫૬ -૯ બા. ૩૦-૨૯). અહુરમજદનાં અમે-શાસ્પંદાની વીરૂધ અહારેમને એ અને એની સાથનાં બીજા છ દેવો પેદા કર્યાછે (બા. ૧-૨૭). બુનદેહેશ (બા. ૨૮-૧૨) માં એને ઝેરનો બનાવનાર કહ્યોછે. દા-દસ્તાને દીનીમાં પણ એને ઝેર ઉત્પન્ન કરનાર ગણ્યોછે. 'ઝેર' શબ્દનો એ દેવના નામ સાથ કાંઈક સંબંધ એ ઉપ-રથી દિસેછે.

𐬰𐬀𐬌𐬭𐬌𐬗𐬌 = જહરિચિ. ય. ૧૩-૧૩૯. ૫-વરદીનયષ્ટમાં ભલી ઓરતોનાં નામો યાદ કરવાનું શરૂ કર્યુંછે ત્યાં પએગમબર જરતોશ્તની બાયડી અને છોકરીઓ અને શાહ ગુસ્તાસ્પની બાયડી અને છો-કરીનાં નામો યાદ કરી એનું નામ યાદ કર્યુંછે તે ઉપરથી દિસેછે કે એ ગુસ્તા-સ્પનાં વખતની કોઈ જરતોશ્તી દીન કબુલ કરનારી ભલી બાઈઓમાંની જ એક હશે.

𐬰𐬀𐬌𐬭𐬌𐬙𐬀 = જહરિત. ય. ૧૩-૯૮. એક પુરૂષનું નામ. શ્રુસ્ટી ધારેછે કે એ જર-તોશ્તનાં ખાનદાનનાં કોઈ પુરૂષનું નામ છે. એની આગમચ જરતોશ્તનાં અત-લગનાં એશીઓનાં નામ અને પછી વી-શ્તાસ્પનું નામ યાદ કર્યુંછે તે ઉપરથી એ એમ ધારતો દિસેછે. એ વિશેષનામ છે કે વિશેષણ અને એની ફ઼વશીને યાદ કરીછે કે એનાં 'દાઓંયહ'ની તે બાબે જુઓ [Avestan]

𐬰𐬀𐬌𐬭𐬌𐬨𐬌𐬌𐬀𐬧𐬔𐬎𐬭𐬀 = જહરિમ્યંઘુર. વં. ૧૩-૬. એક દેવનું નામ. એનું સાધારણ નામ 'ઝહરિમ્યાક' છે. એ દેવ હોશાન ગેહનાં વખતથી સૂરજ ઉગેછે ત્યાંસુધી પોતાનો દોર ચલાવી ભલી પેદાયશનાં હજારો જાનદાર પ્રાણીઓનો નાશ કરેછે. એથી ઉલટું એ વખતે 'વંઘાપર' કુત-રો જે સ્પેનામીનોની પેદાયશ છે તે પેદા-યશનું રક્ષણ કરેછે. એ ઉપરથી દિસેછે કે એ જાતનો કુતરો એ દેવનો હરીફ છે. અસ્પંદીઆરજી એ શબ્દને કાચબાને અર્થે લેછે. ડા૦ સ્પીગલ કહેછે કે મધરાત પછીનાં પુરાકાળ અંધારામાં ખેતરોમાં નુકશાન કરનારૂં એ કોઈ ઉંદરની જાતનું જાનવર હોય કે જેનો એ વખતે જાગૃત રેહેતો 'વંઘાપર' નામનો કુતરો નાશ કરતો હોય. એ વધારે ભરલીક દિસેછે.

𐬰𐬀𐬌𐬭𐬌𐬨𐬌𐬌𐬀𐬐𐬀 = જહરિમ્યાક. વં. ૧૩-૬. એક દેવનું નામ. 'જહરિમ્યંઘુર' દેવનું એ સાધારણ નામ છે એ માટે જુઓ 𐬰𐬀𐬌𐬭𐬌𐬨𐬌𐬌𐬀𐬧𐬔𐬎𐬭𐬀

𐬰𐬀𐬌𐬭𐬌𐬎𐬀𐬌𐬭𐬌 = જહરિવઇરિ. ય. ૫-૧૧૨. ૧૧૭; ૧૩-૧૦૧. અઉર્વતઅસ્પ અથવા લોહોરાસ્પનો છોકરો અને વીસ્તાસ્પ અ-થવા ગુસ્તાસ્પનો નાનો ભાઈ. શાહનામા-નો ઝરીર. તેણે આવાંઅર્દવીસુર સનમુખ

અરજ ગુજારી હતી કે તે એક દેવયસ્નાન ઉપર અને અરજાસ્પ ઉપર ફતેહ મેળવે. અરજાસ્પે એ ઝરીર ઉપર ફતેહ મેળવવાને પોતે પણ દુઆ ગુજારી હતી. ઝરીરની દુઆ કબૂલ રહી અને અરજાસ્પની રદ ગઇ. બુનદેહેશ (બા. ૩૧-૨૯) એને વીસ્તાસ્પનો ભાઈ અને લોહેરાસ્પનો છોકરો જણાવેછે. શેકન્દ ગુમાની (બા. ૧૦—૬૭) પ્રમાણે એણે જરતોસ્તી દીન રૂમ (એશીઆમાઇનર) અને હીંદુસ્થાન તરફ ફેલાવવામાં અસ્પંદીઆરસાથે ભાગ લીધો હતો. એને એ કેતાબમાં ઝરગરના નામથી કહ્યોછે. દીનકર્દના સાતમા દફતર પ્રમાણે જરતોસ્તી દીન ફેલાવવામાં જે ચાર શખસોએ મોટો ભાગ લીધો હતો તેમાં અસ્પંદીઆર ફ્રશઓસ્ત્ર અને જામાસ્પ સાથે એ પણ એક હતો. ફીરદોસી એનું નામ زریر આપેછે અને એને શાહ લોહેરાસ્પ અને ગુસ્તાસ્પનાં વખતમાં ઇરાનની ઘણી સારી સેવા બજાવતો જણાવેછે. પહેલાં તો શાહ ગુસ્તાસ્પ પોતાનાં બાપ લોહેરાસ્પથી રૂસાઈ જાયછે તેને એનાનો ભાઇ માનઅકરામથી સમજાવી પાછો લાવેછે. ત્યારપછી તે રૂમનાં કએસર ઉપર પોતાનાં બાપ લોહેરાસ્પનું નામું લેઈ જાયછે, કે જે કએસરે ગુસ્તાસ્પ (જે તેની દરબારમાં બીજે છુપે નામે જઇ રહ્યો હતો તે)ની કુમક ઉપર ઇરાન પાસે તાબેદારી માંગી હતી. ત્યાંથી તે પોતા સાથે પોતાના ભાઈ ગુસ્તાસ્પને સમજાવી પાછો લાવ્યો. ત્યારપછી તેણે જરતોસ્તી દીન કબૂલ કીધી (મોહલ વા. ૪. પા. ૩૬૨.)

چو بشنید ازو شاه به دین به
بپذرفت ازو راه و آئین به
نبوده برادرش فرخ زریر
کجا زنده پیل آوریدی بزیر
. . . .
همه سوی شاه زمین آمدند
ببستند کشتی بدین آمدند

હવે અરજાસ્પને મારવા માટે ઝરીરે જે દુઆ ગુજારી હતી તે બાબદ ઉપર આવતાં આપણે શાહનામામાં જોઈએ છીએ કે જ્યારે જરતોસ્તી દીનનાં દુશમન અરજાસ્પે એક દેવ (અવસ્તાનો દએવયસ્ન) ની શીખવણીથી ગુસ્તાસ્પને નવી દીનથી દુર રહેવાને કહેવા એક કાસદ મોકલ્યો, ત્યારે ઝરીરે અસ્પંદીઆર સાથે નીચલા બોલો જરતોસ્તી દીન ફેલાવાની તરફમાં કહી સંભળાવ્યા. (વા. ૪. પા. ૩૭૬.)

کشیدند شمشیر و گفتند اگر
کسی باشد اندر جهان سر بسر
که نپسندد او را به پیغمبری
سر اندر نیارد بفرمان بری
نگیرد ازو راه و دین بهی
مرین دین به را نباشد رهی
بشمشیر جان از برش بر کنیم
سرش را بدار برین بر زنیم

એમ કહી શાહના હોકમથી ઝરીરે અસ્પંદીઆર અને જામાસ્પ સાથે અરજાસ્પ ઉપર નામું લખ્યું. (અહીં ફીરદોસી ફ્રશઓસ્ત્રનું નામ તો લેતોજ નથી). એ કાગજ પત્રનું સેવટ લડાઇમાં આવ્યું જેમાં ઘણી જવાન મરદી દેખાડવા પછી ઝરીર بیدرفش બીદરફશ નામનાં અરજાસ્પનાં સરદારને હાથે માર્યો ગયો. એ ઝરીરને એક نستور નસ્તુર નામનો છોકરો હતો.

بیامد همانگاه نستور شیر
نبرده کیان زاده پور زریر

જુઓ 𐬰𐬀𐬌𐬭𐬌𐬬𐬀𐬌𐬭𐬌

એ ઝરીરે પોતાનાં દીન દુશમન અરજાસ્પને મારવાને માટે અર્દવીસુર, દ્રવાસ્પ, અશી, અને રામ સનમુખ જે દુઆ ગુજારી હતી, અને જે મકમ ઠેરાવ કીધો હતો તે ઠેરાવને વળગી રેહી પોતાનાં દુશમનની પુઠે લાગો, તે ઉપરથી તેનાં એ સદગુણનાં સંબંધમાં લગનનાં

આસીર્વાદમાં દુઆ ગુજારવામાં આવેછે કે "દુશમનઝદાર બેદ. ચુન. ઝરીર" એટલે "જરીરનાં જેવા દુશમનને મારનાર થજે." શાહ અરજાસ્પ સામેની લડાઇમાં એણે જે ભાગ લીધો હતો તે બાબે "યાદગારે અથવા અઇબાદગારે ઝરીરાન" નામનું એક પેહેલવી પુસ્તક લખાયલુંછે. એ પેહેલવી પુસ્તકનાં કેટલાક પેહેલવી ફકરાઓ ફીરદુસીનાં એ બાબેનાં લખાણ સાથ એટલા બધા તો મળતા આવેછે કે આપણને માનવાને ચોકસ કારણ મળેછે કે ફીરદોસીએ એ બાબેનું પોતાનું લખાણ એ પેહેલવી પુસ્તક ઉપરથી લીધેલું હોવું જોઇએ. ફીરદુસી પોતાની તવારીખનો આધાર ઘણો ખરો, તેનાં પોતાના દીબાચામાં જણાવવા પ્રમાણે પેહેલવી પુસ્તકો ઉપર બાંધેતો હતો, તેની મજબૂત સાબેતી એ યાદગારે ઝરીરાન પુસ્તકછે. જુઓ ડા૦ ગાઇગેરનું "યાદગારે ઝરીરાન" નામનું જર્મન ચોપાનીઉં. એના બેતાબ માટે જુઓ [Avestan]

[Avestan] = જઇયાંશ. ય. ૧૩-૧૧૪. એક પુરૂષનું નામ જે 'અરા સરેધ' નામનાં એક ભલા પુરૂષનો બાપ થતો.

[Avestan] = જઉર્વ. વં. ૧૯-૪૩. એ શબ્દને સર્વે તરજુમો કરનારા બુધાપાનાં અર્થે સામાન્યનામ લેછે. દાર્મસ્ટેટે એને 'બુધાપો લાવનાર દેવ' તરીકે વિશેષનામ લેછે.

[Avestan] = જઓતર. ઇજશને, વંદીદાદ, વીસ્પરદ વીગેરે ક્રિયાઓમાં જે શખ્સ ઇવીરા ઉપર બેસી મુખ્ય ભણતર ભણેછે તે અર્થ પ્રમાણે ક્રિયા કરનાર (હોતાર). આફ્રીનગાનની ક્રિયામાં જે ધણી આફ્રીનગાન માંડે છે તે. અરવીસગાહમાં એ શખ્સની સામેના ધણીને રાસ્પી અથવા આત્રવક્ષી કહેછે. આફ્રીનગાનમાં એની સામે બેસનાર ધણીને આત્રવક્ષી કહેછે. ઓજીરનગેહેમાં ક્રિયા કરનારા ધર્મગુરૂઓનાં જે નામો દીધા છે તેમાં એ ઝઓતર અથવા જોતીને પેહેલાં યાદ કર્યો છે. એ ક્રિયા કરનારનો દરજ્જો એટલો મોટો ગણ્યો છે, કે બુનદેહેશ (બા. ૩૦–૩૦) માં અહુરમજદને પોતાને (સરોશયજદને રાસ્પી તરીકે લેઇ) જોતી તરીકે ક્રિયાકરતો જણાવ્યો છે. દાદસ્તાને દીની (બા. ૪૮-૧૩) માં એ જોતીની લાયક જગ્યા ઉર્વીસગાહ જણાવી છે.

[Avestan] = જઓથ્ર. હોત્ર. પેહેલવીમાં અને ફારસીમાં 'જોર' ક્રિયામાં અર્પણ કરવાની અથવા ભેટ ધરવાની પવિત્ર ચીજ. ઈજશનેની ક્રિયામાં ક્રિયા કરી તૈયાર કરેલાં પવિત્ર પાણીને જોરનાં ખાશ નામથી ખશુસ કરી ઓળખવામાં આવેછે. બુનદેહેશ એ જોરનાં પાણીનો ઘણો સદ્ગુણ જણાવેછે. તેના કહેવા પ્રમાણે જરતોશ્તે એ જોરનાં પાણીથી 'અરગ', 'મર્વ' અને 'વેહે' નદિનાં બીગડેલાં પાણીને ઉપયોગી કર્યાં (બા. ૨૧-૩,૪). એ ફકરામાં એ 'ઝોર' શબ્દ સાધારણ પવિત્ર અથવા સોજા પાણીને અર્થે વપડાયલો દિસેછે અને એ વર્ણન બાશી કરણની ક્રિયાનું દિસેછે. બહમનયષ્ટ (બા. ૨–૫૯) દવાઝદેહ હોમાસ્ત (હમાયસ્ત) માં એ જોરનાં પાણીનો ઉપયોગ જણાવેછે. શાયસ્ત લાશાયસ્ત જ્યાં માણસ હક થયું હોય ત્યાંથી જોરનું પાણી તુરત કાહાડી લેઈ જાઇ બીજાં પાણીમાં મેળવી દેવા કહેછે (બા. ૨–૪૩). જો કોઇએ આતશને બુજાવ્યો હોય તો તેને સજામાં 'જોર' આતશ બેહેરામને સપુરદ કરવા કહેછે. (બા. ૭-૯).

[Avestan] = જઓષ. ય. ૧૩-૧૨૪. એક પુરૂષનું નામ જેનાં છોકરા "પોઉરૂબંધ" નાં ફ્રેરોહરને આરાધ્યુંછે. સ્પીગલ અને હારલે એ નામ 'ઝુશ' લેછે.

𐬰𐬀𐬧𐬙𐬎𐬨𐬀 = જંતુમ. ઈ. ૧-૩. જુઓ

𐬰𐬀𐬧𐬙𐬎

𐬰𐬀𐬧𐬛𐬀 = જંદ. વં. ૧૮-૫૫, ૫૯. એક જાદુગરનાં વર્ગનાં બુરાં આદમીઓનો વર્ગ, જેનું નામ 'યાતુ' (જાદુગર) ની સાથે આવેછે. કોઇક એનો અર્થ અવસ્તાની ખોટી સરેહ કરનાર ગણેછે.

𐬰𐬀𐬭𐬀𐬲𐬛𐬁𐬌𐬙𐬌 = જરજદાતિ. ય. ૧૩-૧૧૫. એક પુરૂષનું નામ. 'પએશતહ' નો છોકરો યા તેની પેહેડીનો. સ્પીગલ "ઝરઝદાતિ પએશતહ" કરી એકજ ધણીનું નામ લેછે. હારલે 'પએશતહ' નો લડવૈયો કરી અર્થ કરેછે અને તેને લડવૈયો ગણેછે.

𐬰𐬀𐬭𐬀𐬚𐬎𐬱𐬙𐬭𐬀 = જરથુશ્ત્ર. જરતોશ્તી ધર્મનો સ્થાપનાર. એનું નામ પેહેલવીમાં [Pahlavi] દીનકર્દમાં [Pahlavi] શાહનામામાં زردشت બીજી ફારસી કેતાબોમાં زرتشت મળેછે. સારેસ્તાન પ્રમાણે એનું નામ કેટલાક ફારસી લખનારાઓ જરતોસ્ત, જરાતોસ્ત, જરતહસ્ત, જરદસ્ત, જરાદસ્ત અને જરદહસ્ત કરીને પણ લખી ગયાછે. દસાતીરમાં એને 'હરતુશાદ' કહ્યોછે. (મુલ્લાં ફીરોજની દસાતીર પા. ૨૩૦. "હરતુશાદ ફરપુદે હેરસફતમાદ" એટલે સપેતમાનનો છોકરો જરતોસ્ત). પશ્ચિમ તરફનાં વિદ્વાનો એ નામ તરેહવાર રીતે લખી ગયાછે. એગેથીઆસ એને zarades, થીઓદોરસ zarastiades, અથવા zaothrauses લખી ગયાછે. પ્રોફેસર ઉવીન દીશમાન પ્રમાણે અસલી યુનાની અને રોમન લખનારાઓ એનાં નામ નીચલી જુદી જુદી રીતે આપી ગયાછે. (zar studien, p. 50) zārtusht, zarāduhasht, zārtuhasht, zārhusht, zarātusht, zarādusht, zartusht, zārdusht, zārduhasht, zarahtusht, zarch-dusht, zārdisht, zardisht. દયોદોરસ નામનો લખનાર Ktesiasનામનાં થોથી પુરાના લખનારને આધારે એ નામ Oxyartos ભુલથી આપેછે. પણ Kephalion નામનો લખનાર જે પણ Ktesias નો આધાર લેછે તે એ નામ બરાબર ઝરોસ્તર આપે છે.

એ નામનો અર્થ—એનો અર્થ જુદા જુદા વિદ્વાનોએ નીચે પ્રમાણે કર્યો છે.
બરનુફ—પીલું ઉંટ રાખનાર.
લાસન—સોનેરી તારો.
ઉવીન દીશમાન—સોનેરી તારો.

જીઓર્જ રોલીનસન—(ઝોરોસ્તર) સુકર સેતારાનું બી અથવા ઓલાદનો.
ડા. ફ્રેડરીક મ્યુલર—(ઝરથ અને ઉશ્ત્ર) બાહાદુર ઉંટ રાખનાર.
ડા. રોથ—(ઝર + થુશ્ત્ર) સોનો.
ડા. હાઉગ—(૧) (જરથ (=जरठ) + ઉશ્ત્ર) બુઢું ઉંટ રાખનાર.
(૨) (ઝરથ (हृद्, heart) ઉત્તર) સરસ હઇડું રાખનાર.
(૩) (ઝરથ (गरत) + ઉત્તર) રાગ ગાનાર.
(૪) (ઝરથ (जरत) + ઉત્તર) સઉથી સરસ (અર્થ પ્રમાણે બુઢો) રેહેબર.

આજે જાતે જરતોશ્તીનાં કર્તા દસ્તુર એદલજી વજર કર્દદાનીને આધારે (ઝર) સુનાની માસાલે ખાલિસતનનો એમ અર્થ કરેછે.

શને—પૂર્વ તરફનાં લખનારાઓ કરતાં પશ્ચિમ તરફનાં લખનારાઓ એનો સને વધારે પુરાનો ગણેછે. પેહલવી વીરાફનામું અને શીકંદરની આગમચ ૩૦૦ વર્ષ ઉપર એટલે ઈ. સ. પુ. આસરે ૬૫૦ માં મેલે છે. (બા. ૧). બુનદેહેશ (બા. ૩૪-૮) નીચે પ્રમાણે એના

જમાનાને સીકંદરની આગમચ ૨૮૦ વર્ષ પર મેલેછે.

ગુસ્તાસ્પે જરતોરત આવ્યા પછે રાજ કર્યું—૯૦ વર્ષ.

બહમને……………………	૧૨૦
હોમાએ ………………	૩૦
દારા……………………	૧૨
દારાએદારા ……………	૧૪
સેકંદર …………………	૧૪
કુલે	૨૮૦

માસુદી નામનો એક આરબ ગ્રંથકાર પણ એ જરતોરતને સીકંદરની આગમચ ૨૮૦ વર્ષ ઉપર એટલે ઈ. સ. પુ. ૬૩૦ વર્ષ ઉપર મેલી જાયછે. એ પ્રમાણે પેહેલવી લખનારાઓ અને તેઓને આધારે ફારસી લખનારાઓ જરતોરતનો જમાનો આસરે ૨૫૦૦ વર્ષ પર મેલી જાયછે. પશ્ચિમ તરફનાં લખનારાઓ એટલે યુનાની, રોમન વીગેરે લખનારાઓ ઘણાં જુનાં જમાના ઉપર જાયછે. મી. ખ. રૂ. કામાજી પ્રમાણે તેઓએ કહેલા વર્ષનો કોઠો નીચે પ્રમાણે આવેછે.

આરીસ ટોટલ }	ઈ સ પુ ૬૩૮૮ યાને આજથી	૮૨૨૦	વર્ષ
યુદાક્ષાઅસ }	,,	,,	
હરમીપસ }	૬૨૦૯	૮૧૨૦	
હરમોનદર }	,,	,,	
બેરોસસ	૨૨૦૦	૪૮૪	
પ્લુતાર્ક }	૧૭૦૯	૩૬૨૦	
આન્દસ }	,,	,,	
જસતીન	૧૩૦૦	૩૨૨૦	
તેસીઆસ	૧૨૨૦	૩૧૨૦	
ઝનથસ }	૧૦૮૦	૨૯૨૦	
દાયોજીસ }	,,	,,	
મોઝીઝ	૮૦૦	૨૧૨૦	
પારફીરી	૬૦૦	૨૫૦૦	

ડા૦ હાઉગ કેટલીક બાબદ ઉપરનાં વીચારથી જરતોશ્તને ઈ. સ. પુ. ઓછામાં ઓછા ૧૦૦૦ વર્ષ પર મેલેછે. શેઠ કામાજી કેટલીક લાંબી ગણત્રી ઉપરથી એનાં સનેને ઓછામાં ઓછા આજથી ૩૨૯૦ વર્ષ પર મેલેછે.

ભુમી—પુરાનાં લખનારાઓમાં જરતોશ્તની જન્મભુમી બાબે પણ મતફેર છે. ડા૦ સ્પીગલ પ્રમાણે અસલી લખનારાઓમાં Ktesias, Eusebius, Theo, Arnobius, Berosian Sibyl, Ammianus Marcellinus એ સઘળાઓ જરતોશ્તને બેકત્રીઆમાં મેલેછે. Justin પણ એને બેકત્રીઆનો ગણેછે. બેરોસસ એને મીદીઆમાં મેલેછે. Clemens Alexandrinus કોઈ વખત એને મીદીઅન તો કોઈ વખત પરશીઅન કહેછે. Suidas એને પરશો-મીદીઅન કહેછે. એક આગમીનીઅન લખનાર નામે Moses of Chorene એને મીદનો રાજા કહેછે. Pliny the Elder એને પશ્ચિમ તરફ Proconessus નામનાં Propontus માં આવેલાં ટાપુમાં મેલેછે. વળી Clemens Alexandrinus એક બીજા લખનારને નામે તેને Pamphylia માં મેલેછે. Hermodorus એને પરશીઅન ગણેછે. આપણાં ઉગમન ભણીનાં લખાણોમાં ખુદ અવસ્તા પ્રમાણે એની જન્મ ભુમી એક પહાડ ઉપર દરેજી નામની નદીને કિનારે છે (વં. ૧૯-૪,૧૧) બુનદેહેશ (બા. ૨૦-૩૨ પા. ૫૩-૫) પણ કહેછે કે ઇરાન વેજમાં આવેલી દારજ નામની નદીને કીનારે જરતોશ્તનાં બાપનું ઘર હતું. એજ કેતાબમાં બીજે ઠેકાણે જણાવેછે કે (બા. ૨૪-૧૫) જરથોશ્તનો ત્યાં જનમ થયો હતો. ઇજશનેનાં ૧૯ મા હા (૪. ૧૮) નાં ઇશારા ઉપરથી માલમ પડેછે કે જરતોશ્તની જનમ ભુમી ઈરાન વેજના રએ શેહેર નજદીક હતી. વંદીદાદની ૧ લી પરગરદમાં રએ શેહેરનું નામ આવેછે તેની પેહેલવી સરેહમાં પણ કહેછે કે

[illegible]

[illegible] એટલે "એવું કહેછે કે જરતોસ્ત એ જગ્યાનો હતો." એ રએ શેહેર બુનદેહેશ પ્રમાણે આજરબએજાનમાં છે. એ પ્રમાણે ત્યારે

પારસી પુસ્તકો પ્રમાણે જરતોશ્તની જન્મભૂમી ઈરાન વેજમાં આજરબ-એજાનના પ્રગણામાં રએ શેહેર નજદીક એક પહાડમાંથી નીકલતી દરજી નામની નદીને કીનારે હતી. દીનકર્દ પણ એની જન્મભૂમી [Avestan] જણાવેછે. અવસ્તા અને પેહેલવીની ઉપલી શાહદતો ઉપરથી ત્યારે એની જનમ ભૂમી પશ્ચિમમાં મીદીઆ પ્રાંતનાં આજરબએજાનનાં પ્રગણામાં દીસેછે. અવસ્તાની દરજી નદીને આજરબએજાનમાં આવેલા સાવેલન પહાડ (Mount Savellan Sēbilān) માંથી નીકળતી દર્યે (Darya) નદી ગણવામાં આવેછે. ઉપલા ઈસારાઓમાં જરથોશ્તની જન્મ ભૂમીને આજરબએજાનમાં તેમજ રએ શેહેરમાં મેળવામાં આવીછે તે કેટલાકોને ગુચવણ ભર્યું લાગેછે કારણ કે આજરબએજાનને રએ (જે ખુદ ખરેખર મીદીઆનાં ભાગમાં ગણાયછે તે) થી જુદું ગણવામાં આવેછે. પણ એવું દીસે છે કે આજરબએજાનની હદ તે વખતે ઘણી બોહોલી ગણવામાં આવતી હોય. ડા. જેકસન શારેસ્તાની પ્રમાણે એનો ખોલાસો એ કરે છે કે જરતોશ્તની મા દોગદો એ ચોપડી પ્રમાણે રએ શેહેરની હતી અને બાપ આજરબએજાનનો હતો તેથી તેનો એ બેઉ જગ્યાસાથ આતલગનો સંબંધ દેખાડયોછે.

એણે કરેલી મુસાફરી—પએગમબરે પોતાની દીન શાહ ગુસ્તાસ્પની દરબારવાળાં બલખ શેહેરમાં ફેલાવી હતી. માટે એને અજરબએજાનથી બલખ શેહેર તરફ માર્ગમાં વેહેદાએતી નદી ઓલંગી જવું પડયું હતું. અવસ્તામાં એને આવાં અર્દવીસુર અને બીજા યજદોની વેહેદાએતી નદિ આગલ આરાધના કરતો જણાવ્યોછે.

એના વડવાઓ—અવસ્તા પ્રમાણે એનું ખાનદાન સ્પિતમના ખાનદાનને નામે જણાયલું હતું કારણ એને વારે ઘડીએ સ્પિતમ જરથુસ્ત્ર કહ્યો છે. એનાં ખાનદાનને એ નામ એનાં નવમા વડવા સ્પીતામ અથવા સ્પેતામાન ઉપરથી મળ્યું હતું. એનાં વડવાઓના નામની સંપૂર્ણ ટીપ અવસ્તામાં કંઈ મળતી નથી જો કે તેઓમાંનાં કોઈ કોઈનાં નામો મળેછે. જરથોસ્તનાં વડવાઓનાં નામોની ટીપનો કોઠો જુદાં જુદાં મુળો પ્રમાણે આએ ચોપડાની સેવટે આપવામાં આવ્યોછે.

બાપ—દીનકર્દ, બુનદેહેશ, વજરકર્દદીન, દીબાચે આફ્રીનગાન અને મસુદી ઉપરથી માલમ પડેછે કે એના બાપનું નામ પોઉરૂશસ્પ હતું. એઓ ઉપરાંત અવસ્તામાં ઈજશનેનાં હાવનીમ (હા. ૯-૧૩) ના હા ઉપરથી માલમ પડેછે કે પોઉરૂશસ્પને ત્યાં તેણે હોમની ક્રિયા કરી તેનાં બદલામાં જરતોશ્તનો જન્મ થયો. આવાંયશ્તમાં એને ઓલેલા [Avestan] એટલે પોઉશસ્પનો છોકરો કહ્યોછે (ફ. ૧૮). એજ પ્રમાણે વંદીદાદ (૧૯-૬) માં મળેછે.

માએ—જરતોશ્તની માનું નામ અવસ્તામાં મળતું નથી પણ બુનદેહેશમાં કહેછે કે (પા. ૮૦-૧૩ બા. ૩૨-૧૦) [Avestan] "જરતોશ્તની માનું નામ દુગ્ધા હતું." આગળ ચાલતાં કહેછે કે એણી [Avestan] 'ફ્રહીમ્રવા' ની છોકરી હતી. જરતોશ્તનામું પણ એની માનું નામ દોગદો જણાવેછે. દીનકર્દમાં એ નામ 'દુગદુબાન' આવેછે. શારેસ્તાન પ્રમાણે તેણી રએ શેહેરની હતી. પેહેલવી જરતોસ્ત નામામાં કહેછે કે જરતોસ્તની મા દુગદોને 'જેશામ'

[illegible] કહેતા એટલે કે ‘જેશ’ અથવા ‘જવશ’ નાં ખાનદાનની કરી કહેતા. વંદીદાદ (૫. ૧૯-૬) માં નીચલો ફકરો આવેછે. [illegible]

[illegible]

[illegible]

એમાં ‘ઝાવિશિ’ શબ્દને એ.તેહેમુરસ ઊપલા પેહેલવી ‘જેશાન’ માંનો ‘જેશ’ જે અસલ ‘જવેશ’ હોવો જોઈએ તે ગણેછે. ત્યારે એ ફકરાનો અર્થ એમ થાયછે કે “તું (જરથોશ્ત) પોઊરૂશસ્પનો ઝાવીશી માઅને પેતનો છોકરો છે” એ ઉપરથી ત્યારે દીસેછે કે એ દુગદો ‘ઝાવીશ’ નામના ખાનદાનની હતી.

બાયડી—અવસ્તા પરથી માલમ નથી પડતું કે જરતોશ્તને કેટલી બાયડીઓ થઈ હતી. પણ બુનદેહેશ ઉપરથી માલમ પડેછે કે એને એક પછી એક એમ ત્રણ બાયડીઓ થઈ હતી (પા. ૮૦-૧ બા. ૩૨-૫). ત્યાં એ સઘળીઓના નામ કેથે માલમ પડતાં નથી પણ ફક્ત ત્રણ બાયડીનાં ઈશારા મળેછે. બુનદેહેશમાં એક બાયડીનું નામ હવોવ [illegible] કરી મળેછે જેણીનું નામ જોકે સાંચી રીતે નહી તોપણ આડકત્રી દલીલો ઉપરથી જરતોશ્તની બાયડી તરફિ અવસ્તા ઉપરથી પણ મળેછે. વજરકર્દ દીની હવોવ, ઉર્વીગ અને અરનીગબરેદા કરી જરતોશ્તની ત્રણ બાયડીના નામો જણાવેછે. પણ ડા. ઉવેસ્ત પ્રમાણે બુનદેહેશનો એક ફકરો બરાબર નહી સમજવાથી એ કેતાબવાળાએ છેલ્લાં બે નામો ધારેલાં દિસેછે. (પેહેલવી ટેક્ષ્ટ I પા. ૧૪૩ નોત ૧).

ફરજંદો—બુનદેહેશ (પા. ૭૯ બા. ૩૨) પ્રમાણે એનાં ફરજંદોની વંશાવળી નીચે પ્રમાણે મળેછે.

જરતોશ્ત

- એક બાયડી જેને ચકરજન કેહેછે તેને પેટે.
  - ઉર્વત તનર (અવસ્તામાં ઉર્વતદનર)
  - ખોરશેદ ચેહેર (અવસ્તામાંહવરેચિથ્ર)
- બીજી બાયડી જેને પાતખશાહ કેહેછે તેણીને પેટે.
  - ઇસદવાસ્તર છોકરો.
    - એને એક છોકરો હતો જેનું નામ ઉરૂરવીગ જેને અરંગી બીરાદાન પણ કેહેતા
  - છોકરીઓ.
    - ફ્રેન (અવ. ફ્રેની)
    - સ્રીત. (શ્રીતી)
    - પોરૂચીશ્ત. (પોઉરૂચીશ્તી.)
- હવોવી જે પેહેલી બાયડી હતી અને જેઓને અવસ્તામા યાદ કરીછે તેણીને પેટે ભવીષ્યમાં અવતરશે.
  - હોશેદરમાહ (અવ. ઉખ્શતએરેત)
  - હોશેદરબામી (ઉખ્શતનેમધ)
  - સઓશ્યોશ

વજરકર્દ દીની પ્રમાણે પણ ઉપલીજ વંશાવળી ઉત્પન્ન થાયછે. એ કેતાબ ઉપલા કોઠામાંની પેહેલે મેલેલી બાયડીનું નામ ‘અરનીજ બરેદા’ આપેછે જેણી મેહેરયાર નામનાં શખ્સની વીધવા થતી હતી. બીજી મેલેલી બાયડીનું નામ ઉવીગ આપેછે અને ત્રીજીનું હવોવ. એ બુનદેહેશનાં ઉપલાં નામોમાંથી આપ-

ણને અવસ્તાને આધારે નીચલાં નામો માલમ પડેછે કે તેને હવોવી નામની એક બાયડી હતી: ઈસદવાસ્તર, ઉર્વતદનર અને હ્વરે. ચીથ્ર નામનાં ત્રણ છોકરાઓ હતા: અને ફ્રેની, થ્રીતી, અને પોઉરૂચીસ્તી નામની ત્રણ છોકરીઓ હતી. ગોસ્ત ફ્રયાનમાં સ્પીતામની ૯ છોકરીઓ અખત જાદુગર જણાવેછે (બા. ૨-૧૨), અને તેઓને પોતે મારી નાખેલી જણાવેછે. એ કોઈક જરથોસ્તની ધારેછ પણ તે સ્પીતામનાં ખાનદાનની કોઈ બીજી છોકરીઓ હોય.

ભાઈઓ— અવસ્તા યા બુનદેહેશમાંથી એનાં કોઈ ભાઈઓનાં નામ મળતાં નથી. પણ એ. તેહમુરસ પ્રમાણે એવાણનું પેહેલવી જરથોસ્તનામું એના નીચલા ચાર ભાઈઓ જણાવેછે જેઓમાંથી પેહેલા બે એની આગમચ અને છેલા બે એની પછી જનમ્યા હતા. (૧) [Avestan script] (૨) [Avestan script] (૩) [Avestan script] અને (૪) [Avestan script]

એવણનો અંત— અવસ્તા ઉપરથી એવણના મરણની કાંઈ વીગત મળતી નથી. પણ પેહેલવી કેતાબો ઉપરથી તેની કેટલીક વીગત માલમ પડે છે. અરબી તવારીખનવેશ માસુદી કોઈક આધારે અને દસ્તુર પેશોતનજી પારસી પુસ્તકોને આધારે જણાવે છે કે શાહગુસ્તાસ્પનાં રાજ્યનાં ૪૮ મા વર્ષે અને પોતાની ઉમ્મરનાં ૭૮ મે વર્ષે પએગમબર જરતોસ્ત ફોત થયા હતા. અને તે દીન દએ મહીનાને ખોરશેદ રોજનો હતો. શાહગુસ્તાસ્પની ગેરહાજરીમાં અરજાસ્પે હુમલો કરી લોહોરાસ્પ અને બીજા ઈરાની ઉમરાવોને મારી નાખ્યા તેઓમાં જરતોસ્ત [Avestan script] નામના તુરાનીને હાથે માર્યો ગયો (બહમનયસ્ટ બા. ૨-૩, સદર બા ૯-૫, દાદસ્તાને દીની બા. ૭૨-૮). એ તુરબરાતુરને દીનકર્દ (૧-૨૩) માં [Avestan script] કહ્યો છે. એને હાથે જરતોસ્ત માર્યા જવાનો ઈશારો દસ્તુર શેહેમર્દ મલેકશાહની સદરનેજમમાં નીચે પ્રમાણે મલેછે.

چون افراسیاب و چون ضحاک دون
چو توبرا تروش زشت حزون
که اوکشت در دین زرتشت را
کزو بود گرمي دل و پشت را

એરવદ તેહેમુરસના પેહેલવી જરથોસ્ત નામામાં જણાવવા પ્રમાણે એ તુરબરાતુર ઉશીસ્તાર [Avestan script] ખાનદાનના પાંચ ભાઈઓ જેઓ માનુચેહેરના એઓલાદના હતાં અને જેઓ એના દુશ્મનો હતા તેઓમાંનો બીજો ભાઈ હતો અને એનો મોટો દુશમન હતો. એ ઉશીસ્તારાન તે અવસ્તામાં જણાવેલા દેવપરસ્ત હગીકો [Avestan script] છે.

એ જરથોસ્તનામામાં જરથોસ્તે બીજા બુરા માણસો તરીકે અવસ્તામાં જેઓને [Avestan script] (હા. ૪૪—૨૦, ૪૬—૧૧) કહ્યા છે તેઓને ગણ્યાછે. તેઓ પણ ઉશીસ્તારાનનાં ખાનદાનના હતા અને તેઓની માફક મીનોચેહેરની એઓલાદના હતા અને એના એશીઓ હતા પણ દીનદુશમનીને લીધે હરીફ થયા. જેમ અવસ્તામાં ઉસીખ્શ, કરપન અને કવન અથવા કાવય (પેહેલવી કીકાન) એવાં ત્રણ નામો બુરા શખસો તરીકે સાથે આવેછે તેમ કુસ્તી બાંધવાની અહુરમજદ ખોદાએ નામની બંદગીમાં "કીકાન, કરફાન શાસતારાન" શબ્દો સાથે આવેછે. એમાં ત્યારે શાસ્તારાન શબ્દ હું એ. તેહેમુરસની ચોપડીવાળા ઉશીસ્તારાનનોજ 'ઉ' નીકળી જઈ બનેલો આકાર સમજુંછું. એરવદ તેહેમુરસ પ્રમાણે એવણનાં

પેહેલવી જરથોસ્તનામામાંથી નીચલી અગતની તારીખો આપણને મળેછે.
દીનનાં ફેલાવા પછીનાં ૧૦ મા વર્ષમાં મેધ્યોમાહે પયગમબરની દીન કબુલ કરી. જ્યારે પયગમબર જંગલમાં સુતા હતા ત્યારે મેધ્યોમાહ પેહેલવેહેલા એવણ આગળ આવ્યો.

દીનનાં ૨૦ મે વર્ષે [Avestan script] (કુન્યાનાં છોકરા કવી) નામનાં રાજાઅને દીન કબુલ કરાવી.

દીનનાં ૩૦ મે વર્ષે કવી અને ફીકો લડાઈ લાવ્યા.

દીનનાં ૪૦ મે વર્ષે [Avestan script] (વોહુનેમંગે અવારઆખ્ખી ફરવ. યષ્ટ ફ. ૧૦૪) નો જનમ થયો.

દીનનાં ૪૭ મા વર્ષે પયગમબર ગુજર્યા, જ્યારે તેવણની ઉમ્મર ૭૭ વર્ષ ને ૪૦ દાહસની થાઇ. કારણ પોતાની ૩૦ વર્ષની ઉમ્મરે સપંદાદ મહીનો અને અનેરાના રોજે દીન પેહેલી જાહેર કરી હતી.

દીનનાં ૪૩ મા વર્ષે ફ્રશોસ્તર ગુજર્યો.

દીનનાં ૬૪ મા વર્ષે જામાસપ જે જરથોસ્ત પછી મગોપતાન મગોપત હતો તે ગુજર્યો ૭૩ મા વર્ષે જામાસપનો છોકરો હંગઊરૂપ ગુજર્યો.

દીનના ૮૦ મા વર્ષે અસ્મોખનવંત ગુજર્યો.

દીનનાં ૮૦ મા વર્ષે અરજાસપે [illegible] દીન દારોને માર્યા તેઓમાં જરથુસ્તનાં બે છોકરાઓ અને અશોસ્તુ અને મેધ્યોમાહ અને બીજા બે જન હતા.

દીનનાં ૧૦૦ મા વર્ષે વોહુનેમંગ ગુજર્યો.

દીનનાં ૧૦૦ મે વર્ષે 'મઓન' જનમ પામ્યો.

દીનનાં ૩૦૦ મે વર્ષે દીનમાં ફીતનો ઊઠ્યો ને પાદશાહી ઊથલપાથલ થઈ.

જરતોસ્તને લગતો સંપૂર્ણ હેવાલ—પછી તે અવસ્તા ઉપરથી. પેહેલવી ઉપરથી કે ફારસી ઉપરથી હોય—તે અવાનવાર ઘણાં વિદ્વાનોએ એકઠા કર્યોછે વાંચનારા શોખીનોએ એ માટે નીચલાં પુસ્તકો જોવાં.

૧ શેઠ ખ. રૂ. કામાજીનું જરતોસ્તનામું.
૨ દસ્તુરજી પેશોતનજીનો "પયગમબર સાહેબ અશો જરતોસ્તનાં જન્માગનો હેવાલ."
૩ ડા. સ્પીગલની Eränische Alterthumskunde.;Vol I. bk II: ch. II દસતુર દારાબ પેશોતનનો તરજુમો.
૪ J. Menant નો "Zaroastre, Essai sur la philosophie Religieuse de la Perse."
૫ પ્રોફેસર જેક્સનની "Where was Zoroaster's native place"?
૬ પ્રોફેસર યુજેન વીલહેલમની" L'Expédition de Ninos et des Assyriens contre un roi de la Bactrie."

[Avestan script] = જરથુસ્રોતમ

ય. ૧૦—૧૧૫, ઈ. ૧—૩. જરથોસ્તનો જાનશીન વડો ધર્મગુરૂ. એઓને પયગમબર જરથોસ્તનાં નામ ઉપરથી એ નામ મળ્યું કારણ કે જે જગ્યા જરથોસ્ત મંડળીમાં પોતે ભાગવતા તે જગ્યા તેની પછી વડા ધર્મગુરૂઓ સાચવતા જુઓ [Avestan script]

[Avestan script] =જરેનુમન્ત. છુટા ફકરાઓમાંનો ફકરો ૫—૧. ઉવેસ્તગ ગાડ પા. ૩૩૩. બોરરોદ નામ્યાયશ ફ ૮. મીલ સિવાય સઘળાઓ એને વિશેષ નામ નથી ગણતા. સ્પીગલ 'સોનેરી ખાનનો અર્થ કરેછે. કાંગા ભયંકર અર્થ કરેછે. હારલે સોનેરી ચલકાતવાળો એવો અર્થ કરેછે. મીલ એને વિશેષનામ લેઇ એને એક સરોવર ગણેછે. હું ધારૂછુ કે એ એની સાથે આવેલા સઓકંત પહાડની નજદીકનો કોઈ સરોવર હોય મીન ધારંછ તેમ જ એ બુન્દેહે

રાનો ઝરીનમંદ સરોવર હોય તો તે હામ-
દાનમાં હોવો જોઇએ. (બા. ૨૨—૬).

([illegible]) [illegible]=જવનો (૨-
ઓજ઼દ્દ) ય. ૧૩—૧૨૫. એક પુરૂષનું
નામ છે. જુઓ [illegible]

[illegible] =જિમ્રિ. ય. ૧૩—૧૨૬. એ માટે
જુઓ [illegible]

[illegible] =જેમક. વ. ૪—૪૯. એક
દેવનું નામ છે. તે શીયાળાની ઘણી સખ્ત
થંડી ઉત્પન્ન કરેછે.

[illegible]= જેરેધ. ય. ૧૯—૧. એ પહાડને
એરેધ મનુશાની પેલી બાજુનો ઝરેધ
એમ કહ્યોછે. બુનદેહેશ (પા. ૨૧—૧૮ બા.
૧૨—૨) એ પહાડવિષે કહેછે કે [illegible]

[illegible]

એટલે "ઝરેધ પહાડ જેને 'માનુશ' પહા-
ડ પણ કહેછે". જમ્યાદયશ્તમાં એ પહા-
ડનું નામ 'માનુશ' પહાડની સાથેજ
દીધું છે તે બુનદેહેશ ઉપરથી સમજ
પડેછે. એ ઝરેધ પહાડ 'માનુશ' ની
એટલો પડોસમાં હોય કે તેઓ કેટલીક
વખત એક બીજાનાં નામથી જણાતા
હોય. બુનદેહેશ (પા. ૨૩-૧ બા.
૧૨-૧૦) પ્રમાણે એ 'માનુશ' પહાડ
ઉપર મનુશ ચેહેર (મીનોચેહેર)
નો જન્મ થયો હતો (જુઓ [illegible])
યુસ્ટી એ પહાડને ઈસફાહાનની નજ-
દીક કારૂન અને ઝીન્દે રૂદ નદિઓના
મુળ આગળ મેલેછે.

[illegible]=જમ્બ ઉર્વન્ત્. ય. ૧૩—૧૦૬.
એ કેરેસન નામના એક નામીચા ખા-
નદાનના એજ નામનાં સ્થાપકનો બાપ
થતો હતો કે જે ખાનદાનનાં ઘણા પુરૂષોને
યાદ કર્યા છે.

[illegible] = જ. બરેહ. વં. ૧૯-૪, ૧૧. સં.
હ્વારસ. પહાડ. કેટલાક સાહેબો એને
વિશેષનામ ગણી એ નામનો પહાડ
ગણે છે, પણ એમ એ નથી. અવસ્તા-
માં ઘણે ખરે ઠેકાણે પહાડના ખાશ
નામ સાથ પહાડ માટે બીજો શબ્દ આ-
વેછે તેમ એની સાથે નથી આવતો.
એ પહાડને અર્થે સામાન્ય નામ છે.
જેઓ એને વિશેષનામ લીએ છે તે-
ઓ એને લગતા ફકરાઓમાં જ્યાં જર-
થોસ્તનાં જનમની બાબદ આવી છે
તેમાં એ 'જબરેહ' પહાડમાંથી દરજી
નામની નદીને વહેતી જણાવેછે. જો જર-
તોસ્તની જનમભુમી તરીકેનો એ
કોઈ પહાડ હોય તો બુનદેહેશમાં જ્યાં
પહાડોના નામો અને વીગત આવીછે
ત્યાં એવા જરતોસ્ત સાથ સંબંધ ધરાવ-
નાર નામીચા પહાડને વીસારી દેવામાં
નહીં આવે. પણ ત્યાં તો એ પહાડનું
નામ મુદલ નથી.

[illegible] = જરયંધ. ય. ૧૩—૧૧૫. એક
પુરૂષનું નામ છે. જુઓ [illegible]
[illegible]

[illegible]

[illegible] = તઋરૂ. વં. ૧૦—૧૦; ૧૯—૪૩.
એક દેવનું નામ છે. એ 'ઝઈરિ' દેવનો
સાથી છે અને હઉર્વતાત્ અમેશાસ્પં-
દનો હરીફ છે. હઉર્વતાત્ અથવા ખોર-
દાદ જે પાણી ઉપર મવક્કલ છે અને
પાણીની આબાદી કરેછે અને તેની
માથે તંદોરસ્તીનો આપનાર ગણાયછે
તેની વીરૂધ એ દેવ પાણીની તંગી લાવેછે
અને મંડવાડ ઉત્પન્ન કરેછે. વંદીદા-
દમાં એક ઠેકાણે એ નામ [illegible]
મળેછે (૧૯—૪૩). એ દેવ તે બુનદેહેશ
(પા ૫—૨૦ બા. ૧—૨૧) નો [illegible]

તારીચ દેવ છે જેને અહારેમનનાં હમ-શરીકિમાંનો એક અને શાત અમેશા-સ્પેંદોનાં સાત હરીફોમાંનો એક તરીકે જણાવ્યોછે. એ પાણીની તંગી લાવ-નાર દેવ હોવાથી એને ઝાડપાન અને જાનવરોને ઝેર ભેલતો જણાવ્યોછે (બા. ૨૮–૧૧). સેવટે ઓરદાદ અમેશાસ્પં-દને એ દેવ ઉપર ફાવતો જણાવ્યોછે (પા. ७९–૮ બા. ૩૦–૨૯).

[illegible] = તઉર્વાતિ. ય. ૧૩–૧૧૫. એક શખ્સનું નામ જેનાં છોકરા ફ્રાચ્યને ફરવરદીનયષ્ટમાં આરાધ્યોછે. ધુસ્તી, દાર્મસ્ટેટે અને મેહેરજી રાણા વાછા "ફ્રાચ્યેહે. તઉર્વાતોઇશ્ર." એ શબ્દોમાં એ બે શબ્દોને એ પ્રમાણે જુદાં જુદાં નામ લેછે, પણ સ્પીગલ અને હારલે એ 'ફ્રાચ્ય તઉર્વાતિ' નામનાં એકજ પુરૂ-ષનું નામ લેછે.

[illegible] = તઉર્વિ. જુઓ [illegible]

[illegible] = તએર. ય. ૧૯–૬; ય. ૧૫–૭ ઇ. ૪૨–૩. એ એક પહાડનું નામ છે અને તે 'હરબેરેઝઇતિ' નો એક ભાગ છે. ફરજિશને (૪૨–૩) માં તેને 'હરઇતિ બેરેઝ (અલબુર્જ) નો તએર, અને રામયષ્ટમાં તેને 'હરનો તએર' કહ્યોછે. બુનદેહેશ (પા. ૨૨–૮ બા. ૧૨–૪) માં પણ એને ([illegible]) 'તીરકે અલબુર્જ' એટલે 'અલબુર્જ' નો તીરક' કહ્યોછે. એ પહાડનાં વર્ણ-નમાં ત્યાં કહેછે કે [illegible] એટલે કે "જેપરથી સેતારા, માહ અને ખુરશેદ પસાર થાયછે અને પાછા આવેછે." એ ફકરા ઉપરથી અને એ કેતાબનાં બીજા એક ભાગ (પા. ૧૩–૫ અને વધુ. બા. ૫–૪ થી ૬) ઉપરથી માલમ પડેછે કે જેમ અંગ્રેજો ગ્રીનીચમાંથી અને ફ્રેંચો પારીસમાંથી પોતાની પેહેલી મધ્યાનરેષા (First Meridian) પસાર થતી ગણેછે તેમ અસલી ઇરાનીઓ પોતાની તારા અને ગ્રહો સંબંધી ગણત્રીમાં એ પહાડ-નાં મધ્ય ભાગમાંથી મધ્યાનરેષાને જતી લેતા હોય. એટલામાટે કેશ્વરનાં જે ભાગો કર્યાછે તે એ તએર પહાડનાં સંબંધમાં થયલાછે. ખનીરથ બામીનો કેશ્વર જે વચમાં છે તે એ તએર પહા-ડની મધ્યાનરેષામાંથી પસાર થતી લીતીનો આજુબાજુનો ભાગ છે. બુન-દેહેશ (બા. ૫–૫) માં કહેછે કે અલ-બુર્જના એ તએર પહાડનાં ભાગની પૂર્વે ૧૮૦ રોઝીન ([illegible]) એટલે બારીઓ અથવા સુરાખો હતાં, જેમાં-નાં એકમાંથી દરરોજ સૂર્ય આવજાવ કરતો. એ રોઝીન તે જેને આપણે હાલ અંગ્રેજીમાં 'દીગ્રી' કહીએ છીયે તે દિસેછે. હાલની વિદ્યા પ્રમાણે મધ્યાનરેષાની આસપાસ ૧૮૦ ની રેષાઓ છે તેનું એ વર્ણન દિસેછે. બન્ને હાથપરનાં ૧૮૦ રોઝીન મળી ૩૬૦ દીગ્રીનું આખું કુંડાલું (circle) પુરૂં થયું.

([illegible]) [illegible] = તખ્મ (ઉરુપ). ય. ૧૩–૯૮; ૧૫–૧૧; ૧૯—૨૮; ૨૩—૨. બુનદેહેશનો [illegible] તખ્મોરૂપ જેને નર્યોસંગ તખ્મુરફ વાંચેછે. દસાતીરનો તખ્મુરદ અને શાહનામાનો [illegible]. એની જીંદગી વિષે બોલવા આગમચ પેહેલાં એનું અવસ્તાનું નામ મુકરર કર-વાની અગત છે. હું ધારૂંછું કે એનું અ-સલ નામ તખ્મ[illegible]છે અને 'ઉરુપ' ફકત એનાં નામ સાથ જોડાયલો એક શબ્દ છે. ફરવરદીનયષ્ટ (ય. ૯૮) માં આએ ફકરો આવેછે. [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]. એ

ફકરાનાં તરજુમા બાબે ઘણો મતફેર છે. અહીં સુધી "દએવોત્બી" ને વિશેષનામ લેઈ 'તખ્મને' તેનો વિશેષણ લઈ અર્થ કરેછે કે stark એટલે મજબુત. સુધી ફક્ત અહીંજ 'તખ્મ' શબ્દને વિશેષણ લેછે એમ નથી. પણ જ્યાં પણ 'તખ્મ ઉરૂપ' શબ્દ આવેછે (જેમકે રામ (ફ. ૧૧) જમ્યાદ (ફ. ૨૮) અને આફ્રીને સ્પીતામાન જરતોશ્ત ફ. ૨) ત્યાં બધે એ ઉરૂપ (ઉરૂપન) શબ્દને વિશેષનામ લઈ તખ્મનો 'મજબુત' કરી અર્થ કરેછે. હારલે અને સ્પીગલ જો કે બીજે ઠેકાણે નહીં તોપણ ફરવરદીનયશ્તનાં ફકરામાં તખ્મને વિશેષણ લેછે. અને 'મજબુત' કરી અર્થ કરેછે. દાર્મસ્ટેટે અને મેહેરજી રાણા વાછા એને એ ફકરામાં વિશેષનામ લેછે. પણ એ તખ્મને કોઈ જુદો શખ્સ ધારેછે અને અર્થ કરેછે કે "તખ્મનાં દએવોત્બીશની ફ્રવશીને અમો આરાધીએ છીએ." હું એનો અર્થ એમ કરવાને દરૂસ્ત ધારૂંછું કે "દેવને દુઃખ દેનાર તખ્મની (દેવ બંદ તેહેમુરસ્પની) ફ્રવશીને......" હું ધારૂંછું કે

એ ફકરાનો [illegible] તે બીજે ઠેકાણે

આવતો [illegible] જ છે.

જો ફરવરદીનયશ્તનાં એ ફકરામાં આવતું 'તખ્મ' નું નામ 'તખ્મ ઉરૂપ' થી જુદું હોય તો 'તખ્મ ઉરૂપ' અથવા તેહેમુરસનું નામ ફરવરદીનયશ્તમાં બીજે કેડે મળવું જોઈએ. ઇરાનની ગાદી ઉપર આવનારા સઘળા પેશદાદીઅન પાદશાહોનાં (સિવાય કે નોદર અને કેરેસાસ્પ જેનું કારણ 'નઓતર' શબ્દમાં જુઓ) ફરોહરોને આરાધ્યાછે. ત્યારે તેહેમુરસનાં ફરોહરને કાંએ નહી આરાધવામાં આવે? ગયોમર્દ (ફ. ૮૭), હોશંગ (ફ. ૧૩૭), જમશેદ (૧૩૦), ફરેદુન (૧૩૧), માનોચેહેર (૧૩૧), ઝવ (૧૩૧) એટલા ગાદી ઉપર આવનારા પેશદાદીઅન પાદશાહોને આરાધ્યાછે. નોદર અને કેરેસાસ્પ નામનાં પેશદાદી બે પાદશાહોને નથી આરાધ્યા કારણ તેઓ બેદાદ અને ખરાબ હતા. નોદર તો ફીરદોસી પ્રમાણે ખરાબ પાદશાહ હતો. કેરેસાસ્પને ફીરદોસી ખરાબ ચીતારતો નથી પણ માલકમ પોતાની તવારીખમાં બીજી તવારીખ નવેસોને આધારે જણાવેછે કે એ કેરેસાસ્પ બુરો પાદશાહ હતો તેથી જાલને એને ગાદીઉપરથી ઉઠાડી મુકવો પડ્યો હતો. ફીરદોસીને એને વિષે કોઈ હકીકત મળેલી નહી હોવી જોઈએ કારણ તે એને લગતી હકીકત પાંચ દસ લીતીમાં પુરી કરી નાંખેછે. એ પ્રમાણે ત્યારે ફરવરદીનયશ્તમાં નોદર અને કેરેસાસ્પ નામનાં બે બેદાદ પાદશાહો સિવાય બધા પેશદાદીઅન પાદશાહોનાં ફરોહરોને આરાધ્યાંછે. વળી ગુસ્તાસ્પ સુધીનાં સઘળાં કેઆની પાદશાહોનાં ફરોહરોને પણ આરાધ્યાંછે. જેમકે કોબાદ (ફ. ૧૩૨), કાઉસ (ફ. ૧૩૨), કએખુશ્રુ (ફ. ૧૩૨), ગુશ્તાસ્પ (ફ. ૯૯). લોહરાસ્પનાં ફરોહરને યાદ કર્યું નથી એ ખરૂં છે પણ તે કદાચ એ માટે હોય કે તેણે આખો વખત રાજ કર્યું નહતું, પણ થોડા વખતમાં ત્યાગ કરી ગુસ્તાસ્પને આપ્યું હતું. એપ્રમાણે ત્યારે જ્યારે સઘળા કેઆની અને પેશદાદી પાદશાહોનાં ફરોહરોને યાદ કર્યાંછે ત્યારે તેહેમુરસનાં ફરોહરને શું કરવા નહી આરાધે? એ પાદશાહ જ્યારે ઘણો નેક હતો ત્યારે તેનાં ફરોહરને શું કરવા નહી આરાધે? તેથી હું ધારૂંછું કે ફરવરદીનયશ્તનાં ઉપલા

ફકરામાં જે [illegible] નામ આવેછે તે

તેહેમુરસનું છે અને દએવોત્બિશ એનું વિશેષણ છે જેનો અર્થ એનાં શાહનામાંના એલકાબ [illegible] દેવબંદને મળતો છે.

બુનદેહેશ પ્રમાણે એ વીવંઘાઓનો છોકરો અને જમશેદનો ભાઈ થાય. દસાતીર એને 'ફરપુદેહુરશાદ' એટલે હોશંગનો છોકરો કહેછે. ફીરદોસી પણ એને હોશંગનો છોકરો કહેછે. દબેસ્તાન અને નાસેખુત તવારીખ પણ એમજ કહેછે. રોઝેતુસ સફાનાં કર્તાનાં કહેવા પ્રમાણે કોઈક તવારીખ નવેશો એને જમશેદનો ભાઈ તો વળી કોઈ કાકો કહી ગયા છે. પણ બુનદેહેશાનું કહેવું બરાબર દિસેછે કે તે જમશેદનો ભાઈ હતો, અને તે વડો ભાઈ હોવો જોઈએ કારણ અવસ્તામાં જ્યાં જ્યાં એને બંદગી કરતો જણાવ્યો છે ત્યાં એનું નામ જમશેદની ઉપર મેલ્યુંછે. બુનદેહેશ પ્રમાણે એને પેટે કાંઈ ફરજંદ નહીં હતું. એ કેતાબ પ્રમાણે એણે ૩૦ વર્ષ રાજ કર્યું હતું (બા. ૩૪-૪). ફીરદોસી પણ એટલાંજ વર્ષ જણાવેછે જેને અવસ્તાથી ટેકો મલેછે (ય ૧૫-૧૧). રામયશ્ટમાં એ દુઆ ગુજારેછે ત્યાં ઈચ્છેછે કે તે દેવો ઉપર ૩૦ વર્ષ સુધી હકુમત ચલાવે. મીનોખેરદ પણ એને ટેકો આપેછે (બા. ૨૭-૨૨). ફારસી લખનારાઓ, અને તેમાં ફીરદોસી એને [illegible] નો ખેતાબ આપેછે. તે એટલા ઉપરથી કે તેણે દેવ જેવા બુરાઓની ઉપર પુરતો કાબુ મેળવી તેઓનો દોર તોડયો હતો. એને અવસ્તાથી પણ ટેકો મળેછે. ફરવરદીનયશ્ટ (૯૮) માં તખ્મ શબ્દ સાથે જે દએવોત્બીશ શબ્દ આવેછે તે હું ધારૂં છું કે એનું દેવબંદને મળતું વિશેષણ છે. વળી રામયશ્ટમાં એ દુઆ ગુજારેછે તેમાં પણ તે દેવો ઉપર સરદારી ભોગવવાની અને તેઓ ઉપર ફાવવાની મોરાદ માંગે છે જે મોરાદ બર લાવવામાં આવેછે. રામયશ્ટમાં એ જે દુઆ માંગે છે કે "યત. બવાનિ. અઈઉવિ. વન્યાઓ. વીસ્પે. દએવ. મશ્યાંચ," તેનો ફીરદોસીની નીચલી રીતીઓ જાણે તરજુમો છે (મોહોલ. વા. ૧ પા. ૪૨).

زهر جای کوته کنم دست دیو
که من بود خواهم جهانرا خدیو

બુનદેહેશ પણ એના દેવોને મારવાની બાબદનો ઈશારો કરેછે (બા. ૩૭-૩૫). તેહેમુરસે દેવો ઉપર એવો કાબુ મેળવ્યો હતો કે જેમ એક અછો ઘોડેસ્વાર પોતાનાં ઘોડા ઉપર મેલવે. એ બાબે ફીરદોસીની નીચલી લીતીઓને મીનોખેરદ અને અવસ્તાનો ટેકો મળેછે. (મોહોલ વા. ૧. પા. ૪૪).

برفت آهرمن را بافسون ببست
چو بر تیز رو بارگی برنشست

મીનોખેરદ એને મળતા નીચલા શબ્દો કહેછે "વ. અઝ. તેહેમુરસે. હુરસ્ત. સુદ. ઈન. બુદ. કુશ. ગઝેશ્ત. ઘનાએ દરવંદ. સીસાલ. ૫. બાર. દાસ્ત." એટલે કે "કદાવર તેહેમુરસથી (દુન્યાને) આએ ફાયેદો (પોહોચ્યો) હતો કે તેણે ૩૦ વર્ષ સુધી લેઆંનતી ભરેલા દરવંદ ગનાંમીનોને સવારીમાં રાખ્યો હતો"- (ઉવેસ્ત. પાઝંદ. સંસ્કૃત મીનોખેરદ બા. ૨૭-૨૨). તેહમુરસે ગુજારેલી અવસ્તાની નીચલી દુઆ ફીરદોસી અને મીનોખેરદને ટેકો આપેછે (રામ—૧૨).

[illegible]

[illegible]

[illegible]

જમ્યાદયશ્ટ (૨૯) પણ એ બાબદને ટેકો આપેછે. જમ્યાદયશ્ટ વળી કહેછે કે એ પાદશાહને કેઆની ખોરેહ અથવા નુર હતું (૨૮). ફીરદોસી એ બાબે નીચલી લીતીઓ કહેછે (મોહલ વા. ૧ પા. ૪૪).

چنان شاه پالوده گشت از بدی
که تابید ازو فرهٔ ایزدی

[illegible]=તન્ય. ય. ૧૩-૧૨૫. એ એક મુલકનું નામ છે, તેમજ તે મુલકનાં એજ નામનાં એક જાણીતા પુરૂષનું નામ

દિસેછે. પુરતી, સ્પીગલ અને હારલે એને વિશેષનામ નથી લેતા પણ [illegible] એટલે લંબાવવું, પંથરાવું એ ધાતુ ઉપરથી "તન્યેહે. તન્યયાઓ દંધેઉશ" એનો 'પંથરાઈ ગયલા મુલકોને પંથરાવનાર' (પ્રીત) એમ અર્થ કરેછે.

[illegible]=તરેઉવનિ. એ અવસ્તાનાં કાલનુ ફકરાઓમાંનાં બીજા ફકરામાં આવેછે. એ ફુર, કરપનાં વર્ગનાં બુરા માણસોનુ નામ દિસેછે. જુઓ [illegible] શબ્દ

[illegible]=તિધ્રિશ. ય ૮ ૬, ૩૭. એ શબ્દને દાર્મેસ્ટેટ, સ્પીગલ, હારલે, પુરતી સામાન્યનામ લેઇ 'તીર'નો અર્થ કરે છે. પણ પુરતી એને વલાયામાં 'તાઇગ્રીસ' સાથ સરખાવેછે. મેહેરજી રાણા વાછા એને તાઇગ્રીસ લેછે. ડા. ઉવેસ્ત (પેહેલવી ટકસ્ટ વા.૧૫. ૭૮) ધારેછે કે કદાચ એ તાઈગ્રીસ નદી હોય. તીર જેવી ઝડપથી દોડનાર તરીકે કદાચ અસલથી એ નદીને એ નામ મળ્યું હોય. જો એ તાઇગ્રીસ નદી હોય તો એનુ પેહેલવી નામ 'દજલે' છે તીગ્રીસનો દજલે થાય એ સંભવીત છે. અરબીમાં પણ એને 'દીજલત' કહેછે. બુનદેહેશમાં એને ફરાત (યુફ્રેતીસ) સાથ મળી એજીસ્તાનને માર્ગે દર્યામાં જતી જણાવીછે (બા. ૨૦ ૧૦).

[illegible]=તિશત્રય. ય. ૮-૧... એક સેતારાનું નામ છે અને એક યજદનું નામ છે. એ તિશત્રય તે Sirius સેતારો છે જે Canis Major નાં નક્ષેત્રમાં આવેલો છે. અસલી ઇરાનીઓ એ સેતારા તરફ ઘણા માનથી જોતા કારણ મધ્ય ઊન્હાળામાં તે પેહેલો નજરે પડતો, અને જેમ તે આકાશ ઉપર વધુ વખત રહેતો તેમ ગરમી જલદી ખલાસ થાઇ પાનખર ૠતુનો વરસાદ જલદી બેસવાની નીશાની મળતી. ઉન્હાળાનાં પેહેલા મહીના (૨૧ મી જુનથી જુલાઈ) ઉપર તે મવક્કલ હતો. એજ કારણને લીધે તેશતર તીરયજદ વરસાદ ઉપર મવક્કલ છે. એનો એ કામમાં મદદનીશ સતવસ સેતારો છે કે જે ડા. ગાઇગર Lyra નાં નક્ષેત્રમાં Vega નામનો સેતારો ગણેછે, અને જેનું કામ તિશત્રયથી ઉત્પન્ન થતાં પાણીને પાંથરી નાંખવાનું છે. તિશત્રયનું કામ વરસાદ લાવવાનું છે. તેની સામે અપોશ નામનો એક દેવ છે જે ગરમી અથવા સુકારા ઉત્પન્ન કરી વરસાદને આડે આવેછે. બુનદેહેશ (બા. ૭) માં તિશત્રયનુ લાંબું વર્ણન આવેછે, જે ઘણી અલંકારીક રીતે એનું એક સેતારા તરીકેનું અને વરસાદ ઉપરનાં મવક્કલ યજદ તરીકેનું કામ વર્ણવે છે. તે તેની અપોશ (એટલે ગરમી અથવા સુકારા) દેવસાથની યુદ્ધ વર્ણવે છે અને વરસાદ અને ગરમી બનેની અસરથી ઉત્પન્ન થતા ગગરાત અને હવાની વીજલીના કુદરતી બનાવોનાં ઇશારા આપેછે. વરસાદથી સઘળે આબાદીની સ[illegible]વત થતી હોવાથી આશીર્વાદમા દુવા દેતાં કેહેવામાં આવે છે કે "તમોને તીર યજદથી સખાવતનુ મળવુ થજો."

[illegible] = તીજ પર્શાતિ. ય. ૧૩-૧૦૧. પુરતી એ અને એની સાથ [illegible] થી આખર થનારા ત્રણ નામોને ગુસ્તાસ્પના છોકરા ગણેછે, પણ તે શા આધારે એમ કહેછે તે સમજ પડતું નથી. ડા. દાર્મેસ્ટેટ એને લોહોરાસ્પનો છોકરો અને ગુસ્તાસ્પનો એક ભાઈ ધારેછે. બુનદેહેશ (બા. ૩૧-૨૯) માં કહેછે કે લોહરાસ્પને ગુસ્તાસ્પ અને ઝરીર ઉપરાંત બીજા બેટાઓ હતા. તેમાંથી આએ ફકરા (૧૦૦) માં પેહેલું નામ જરીર (જઇરિ વઇરિ) નું આવેછે અને સાતમું નામ "બુજીસવંધ" નું આવેછે જે નામ ડા. ઉવેસ્ત

ડાર્મસ્ટેટેરને જણાવેછે કે યાદગારે ઝરીરાનમાં આવેલુ 'પાતખ્રુસ્રવ' તે ગુસ્તાસ્પનાં ભાઈનું નામ દિસેછે. એ ઉપરથી દાર્મસ્ટેટે એ બે નામોની વચ્ચેના નામો અને પછવાડેનાં ત્રણ નામો પણ ગુસ્તાસ્પનાં ભાઈઓનાં લેઈ એ ૧૦ જણને ગુસ્તાસ્પના ભાઈઓ ધારેછે. ઉપલાં બે નામોની વચ્ચેનાં નામો કદાચ ગુસ્તાસ્પનાં ભાઈઓનાં ગણાય. પણ પછવાડેનાં ત્રણ શા માટે હોય તે ચોકસ દિસતુ નથી. કારણ દાર્મસ્ટેટે ધારેછે તેમ બુનદેહેશમાં એમ નથી કહ્યું કે એને ૧૦ ભાઈઓ હતા. ગમે તેમ હોય પણ ગુસ્તાસ્પનાં કેટલાક બેશીઓનાં જે જાણીતાં નામોની વચ્ચે એનું અને બેરેજ્યશ્તિ, પેરેથ ઉવશ્તિ અને વીજ્યશ્તિનાં નામો આવેછે તે ઉપરથી એટલુ તો ચોકસ દિસેછે કે એઓ ગુસ્તાસ્પનાં અતલકનાં બેશીઓ હતા. કદાચ એ ચારે ભાઈઓ પએગમબર જરતોશ્તનાં કાકા આરાસ્તીનાં ચાર બેટાઓ તો નહી હોય અને પોતાના બાપ આરાસ્તી ઉપરથી પોતાનાં નામ તો નહી લીધાં હોય?

[illegible] = તીરોનકથ્વ.

ય. ૧૩–૧૨૬. એ 'સએન'નાં જાણીતા ખાનદાનનો કોઈ પુરૂષ હતો. દાર્મસ્ટેટે કહેછે કે એનું ખાનદાન 'સએન'નાં ખાનદાનથી કદાચ જુદું 'ઉસ્પએસ્ત સએન' નામનું હોય, કારણ એ બે શબ્દો સાથે આવેછે. જુઓ [illegible]

[illegible] અને [illegible]

[illegible] = તુષસ્ક. ય. ૧૯–૪. એક પહાડનુ નામ છે.

[illegible] = તુસ. ય. ૫–૫૩. એક નામીચા પેહેલવાનનુ નામ. એ ઈરાની પેહેલવાને આવાં અર્દવીસુર પાસે અરજ ગુજારી કે તે તુરાની વેસેનાં છોકરાઓ ઉપર અને તુરાનીઓ ઉપર ગાલેબ થાય. વેસેનાં છોકરાઓએ અરજ ગુજારી કે તેઓ તુસને મારે અને તેની ઉપર ગાલેબ આવે. પેહેલાની અરજ બહાલ રહી અને બીજાઓની નહી. બુનદેહેશ (પા. ૬૯–૭; બા. ૨૯–૬) માં એને તુસે નોદરાંન ([illegible]) કહ્યોછે.

તે ઉપરથી દિસેછે કે એ ઈરાની પાદશાહ નઓદરનો છોકરો હતો. ત્યાં એને કેટલાક ભલા અમ્મર નામ મેલી જણારાઓમાંનો એક ગણ્યોછે. દાદસ્તાને દીની (બા. ૩૬–૩) માં પણ એને કેરેસાસ્પ અને કએખુસ્રુની મીસાલે અમર ગણ્યોછે, અને રસ્તાખેજની વખ્તે મદદ કરનાર જણાવ્યોછે. એને એમ અમર કએખુસ્રુની સાથે શું કરવા જણાવ્યોછે તે શાહનામા ઉપરથી માલમ પડેછે. ત્યાં જણાવવા પ્રમાણે જ્યારે કએખુસ્રુ ગોશેનશીન થયો ત્યારે તુસ, ગેવ, ફરેબુર્જ, બેજન, અને ગશતહમ ઓહસ કરી તેની પુઠે ગયા. પાદશાહે તેઓને કહ્યું કે કાલે મોટું તોફાન થશે માટે તમો અહીંથી પાછા ફરજો. તેઓ ત્યાં સુતા અને સહવારે જોએછે તો પાદશાહ તો ગેબ થાઈ ગયલો અને પછી એક મોટું તોફાન થઈ આવ્યું તેમાં તેઓ મરી ગયા. અમર પાદશાહ કએખુસ્રુ ગોશેનશીન રહી અમર થયો તેની સાથે તુસ પણ ગયાથી બીજાં કારણો સાથે આ એક કારણને લીધે તેને પણ અમર કહ્યોછે. એઓ શાહનાં કહેવાથી પાછા નહી ફર્યા તે વીગેરેનાં ફીરદોસીનાં બેતો નીચલાં છે (મોહલ વા. ૪ પા. ૨૬૬ થી ૨૭૦).

نگشتند از باز چو طوس و گیو
فریبرز و بیژن و گستهم نیو
برفتند یکروز و یکشب بهم
شدند از بیابان و خشکی دژم
. . . .

هم آنگه بر آمد یکی باد و ابر
هوا گشت بر سان چشم هژبر

. . . .

نماند ایچ کس را ازیشان توان
بر آمد بغو جام از ایشان روان

હવે એ તુસ અને વેસેનાં ખાનદાનવાળાઓ વચ્ચે આવાંયટમાં જણાવ્યા પ્રમાણે વેર શા માટે હતું તે પણ શાહનામા ઉપરથી માલમ પડેછે. નઓદર પાદશાહ અને અફ્રાસ્યાબ વચ્ચેની ચાલુ લડાઈમાં વેસેનો એક છોકરો بارمان બારમાન કારન નામનાં ઈરાની સરદારને હાથે માર્યો ગયો હતો જે ઈરાની સરદારનાં ભાઈ કોબાદને બારમાને એક આગલી લડાઈમાં મારી નાખ્યો હતો. ત્યાર પછી જ્યારે પાદશાહ નોદર પોતે અફ્રસ્યાબને હાથ કેદ પડ્યો ત્યારે અફ્રાસ્યાબે તેને વેસેનાં છોકરાનાં કીનામાં મારી નાખ્યો. તે ગુસ્સાથી પોકારી ઉઠ્યો કે (મોહલ વા. ૧. પા ૪૨૨) નોજર ક્યાં છે? વેસે તેની ઉપર કીનો લેવા માગેછે.

بر آشفت و گفتا که نوذر کجاست
کزو ویسه خواهد همی کینه خواست

એ ઉપરથી ત્યારે નોદરના છોકરો તુસ એ વેસેનાં ખાનદાન ઉપર કીનેવર થયો. તુસ અને એનો ભાઈ ગસ્તહમ બન્ને જનજાલ આગલ જઈ પોકારવા લાગા કે (વા. ૧. પા. ૪૨૬)

بدین تیغ زهراب گون برکشیم
بکین جستن و دشمنان را کشیم

એટલે "અમો અમારી ઝેહેરી પાણીની શમશેર કીનો લેવા માટે ખેચીશુ અને દુશમનોને મારીશું." તુસ અને વેસેનાં ખાનદાન વચ્ચેના વેરનું બીજું કારણ મને શાહનામા ઉપરથી (મોહલ વા. ૨ પા. ૫૯૧ થી ૬૩૫) એ માલમ પડે છે કે વેસેનાં પીરાનની છોકરીનો છોકરો ફરૂદ નામનો હતો તેની ઉપર તુસ લડાઈ લઈ ગયો હતો જે લડાઈમાં ફરૂદ માર્યો ગયો હતો. એ ફરૂદ કેખુશરૂનો સાવકો ભાઈ થતો હતો કારણ તે સીઆવક્ષના બીજી બઈરી જે પીરાનની છોકરી તેનો છોકરો હતો. જ્યારે કેખસરૂએ તુસને અફરાસીઆબનાં ઉપર ચહડાઈ લઈ જવા મોકલ્યો ત્યારે તેણે તેને ખાશ કરી ચેતાવ્યું હતું કે તુસે બીજે માર્ગે જઈ ફરૂદ રેહેતો હતો તે મુલક આગળથી પસાર નહીં થવું અને તેની સાથે છેડતી નહીં સોધવી. પણ તુસે તે ઉપર ધ્યાન નહી આપ્યું અને ફરૂદ સાથ લડાઈ થઈ જેમા તે માર્યો ગયો. એ ઉપરથી નાખુશ થઈ કેખશરૂએ તુસને લશ્કરની સરદારી ઉપરથી પાછો બોલાવ્યો.

[illegible] = તુમ્નામહ (ને. ૫ ૧૩-૧૩૯. એક ભલી સ્ત્રીનું નામ છે

[illegible] = તુઇર્યે. જુઓ [illegible]

[illegible] = તુમાસ્પ. ય. ૧--૧૩૭.

બુનદેહેશનો [illegible] ફીરદોસીનો پور طهماسب અને હમકારના આફ્રીનનો તેહેમાસ્પ. એ ફરવરદીનયશ્તવાળા પાદશાહ [illegible] બુનદેહેશનો زاو અને ફીરદોસીના زو નો બદલો થાય. એ 'ઝવ' પાદશાહને માટે ક્યાં પણ બોલવામાં આવેછે, અવસ્તામા, પેહેલવીમા કે ફારસીમાં, ત્યાં તુમાસ્પનો 'ઝવ' કરી બોલવામાં આવેછે. ફીરદોસી એને 'ઝવ' પાદશાહનો બાપ ગણેછે. નોદરનાં રાજ્યની સેવટે તે કહેછે કે (મોહલ વા. ૧પા. ૪૩૪)

[illegible] هر دو طهماسب رو
که زور کمان داشت و فرهنگ گو

એ ઉપરથી અવસ્તાનો તરજુમો કરનારાઓ ઝુવને તુમાસ્પનો છોકરો ગણેછે. પણ બુનદેહેશ (બા. ૩૪-૬ પા. ૮૧-૧૩) પ્રમાણે તો 'ઝુવ' તો એક જુદો શખ્સ હતો. અવસ્તામાં 'બુનદેહેશમાં, હમ-

કારાની આફ્રીનમાં, શાહનામામાં, દીનકર્દ (દફતર ૮) માં, જ્યાં પણ જુવને માટે બોલવામાં આવેછે ત્યાં એનું નામ એકલું દેવામાં આવતું નથી પણ 'તુમાસ્પાન' એમ હમેશાં સાથે બોલવામાં આવેછે. એ ઉપરથી એટલુંજ દિસેછે કે 'તુમાસ્પ' એ એનો કોઇ વડવો હતો અને તે ઉપરથી 'તુમાસ્પાન' એવું ખાનદાની વિશેષણ થયું હતું. ફીરદોસી પ્રમાણે એ 'તુમાસ્પ' ફરેદુનનાં બાદશાહી ખાનદાનનો હતો. (મોહલ વા ૧ પા ૪૩૪)

ز تخم فریدون بجستند چند
یکی شاه زیبای تخت بلند
ندیدند جز زور طهماسپ زو
که زور کیان داشت و فرهنگ گو

જુઓ [illegible]

𐬙𐬏𐬭𐬀 = તૂર. ય. ૫-૪૧; ૯-૧૮; ૧૩-૧૪૩; ૧૯-૫૬; ઇ/. ૧૧-૭. તુરાની, તુરને લગતું, તુરાનનો મુલક. અઘ્રારથ એ મુલકનો હતો માટે એને વારેઘડીએ [illegible] એટલે તુરાની કહ્યોછે. ફરવરદીનયશ્ટમાં પાંચ મુખ્ય દેશોને યાદ કર્યાછે તેમાંનું તુરાન એક છે. એને બુનદેહેશમાં 'તુર' નો મુલક કરી લખ્યોછે. એ મુલક તે હાલનાં તુર્કસ્તાનનો મુલક છે જે ફીરદોસી પ્રમાણે ફરેદુને પોતાનાં બેટા તુરને આપ્યો હતો. (મોહલ વા. ૧. પા. ૧૩૮)

دیگر تور را داد توران زمین
ورا کرد سالار ترکان و چین

(૨) 𐬙𐬏𐬭𐬀 = તૂર. ય. ૧૩-૧૧૩, ૧૨૪. એ નામનો એક શખ્સ હતો જેનાં કુટુંબીઓનાં ફરોહરોને યાદ કર્યાછે.

[illegible] = તાંઅવન્ત. ય. ૫-૧૦૯, ૯-૩૧, ૧૭-૫૧, ૧૯-૮૭. એ શબ્દને દાર્મસ્ટેટે અને તેહેમુલજી વિશેષનામ લેછે પણ એ નામ કોઈ સાથ સરખાવી શકાતું નથી. યુસ્તી, સ્પીગલ, હારલે એને વિશેષણ લેછે. હું ધારૂંછું કે એ વિશેષણ છે. એનાં ખોલાસા બાબે જુઓ [illegible]

𐬚

[illegible] = થઉર્વૌ અશ્રિત. ય. ૯-૩૦; ૧૭ ૫૦. જુઓ [illegible]

𐬚𐬭𐬀𐬉𐬙𐬀𐬊𐬥𐬀 = થ્રએતઓન. ય. ૫-૩૩, ૬૧; ૯-૧૩; ૧૩-૧૩૧; ૧૪-૪૦, ૧૫-૨૩; ૧૭-૩૩; ૧૯-૯૨; ૨૨-૨: ઈ.૯-૭; વં. ૧-૧૮.

નામ—પેહેલવીનો [illegible] શાહનામાનો فریدون દસાતીરનો "પરીમદુમ" જેને "ફરપુદે. આતબીર" એટલે આતબીર (આથવ્યાંન)નો છોકરો કહ્યોછે. વેદમાં એને મલતું નામ ત્રૈતન છે.

બાપ—અવસ્તા પ્રમાણે તે આથવ્ય નામનાં એક ભલા પરેહજગાર પુરૂષનો છોકરો હતો જેને ત્યાં હોમની ક્રિયા કરવાનાં બદલામાં એ છોકરાની વૃદ્ધી થાઈ હતી. (હા ૯-૭). પહ્લવીમાં ગુ એને આથવ્યાનનો છોકરો કહ્યોછે. એ આથવ્ય તે વેદનો 'આપત્ય' છે જેને ત્યાં ત્રીતનો બાપ કહ્યોછે, જે ત્રીત અને ત્રૈતન વેદમાં ભેળાઈ ગયલાછે. ફીરદોસી પ્રમાણે એનાં બાપનું નામ આથવ્યને મળતું آتبین છે. દસાતીર પ્રમાણે એના બાપનું નામ 'આતબીર' છે. બુનદેહેશમાં એને આસ્પ્યાન [illegible] નો ફરેદુન કહ્યોછે (બા. ૩૧ ફ. ૭).

ખાનદાન—હવે ફરેદુન જે આથવ્યનો છોકરો હતો તે વંશાપરંપરા એ નામ

ધરાવનાર ઘણાં આથવ્ય (આસ્પ્ય) માંનાં છેલ્લા આથવ્યનો છોકરો હતો એમ બુનદેહેશ ઉપરથી માલમ પડેછે. બુનદેહેશ (બા. ૩૧-૭)માં એની વંશાવળી નીચે પ્રમાણે આપીછે. આએ ટીપ યુસ્તી (પા. ૭૭–૧૭બા. ૩૧-૭)ઉપરથી ઉતારી છે પણ તેમાં બીજું નામ [illegible] ભૂલથી રહી ગયું છે તે અંહીં ઉમેર્યું છે કારણ આગળ ચાલતાં તે એ નામ જણાવેછે.


[illegible] [illegible] ફરીદુન અસ્પયાન.
[illegible] [illegible] પુરતોરા. „
„ [illegible] સીઆકતોરા. „
„ [illegible] બોરતોરા. „
„ [illegible] સ્યાકતોરા. „
„ [illegible] સફીદતોરા. „
„ [illegible] ગેફ્રતોરા. „
„ [illegible] રમકતોરા. „
„ [illegible] વંફ્રઘેસનીતોરા. „
„ [illegible] યમવીવંઘાન. „

એ ટીપ ઉપરથી જણાય છે કે ફરેદુન જે આથવ્યને પેટે જનમ્યો હતો તે આથવ્ય "પુરતોરા" નામથી જણાયલો હતો, કારણ ત્યાં કહેછે કે [illegible] એટલે "આસ્પયાન (આથવ્યાન) પુરતોરાથી ફરેદુન જનમ્યો" વળી ફરેદુન "આથવ્ય પુરતોરા" ને પેટે જનમ્યો હતો તેને જરતોશ્ત સ્પીતમાનની આફ્રીનથી અને વીસ્તાસ્પયશ્ટમાં આવેલી દુવાથી ટેકો મળેછે જ્યાં દુઆ દેછે કે "પોઉરૂગો. બવાહિ. યથ. આશ્વ્યાનોઈરિ." એટલે "આથવ્યાનનાં જેવો પુશ્કલ ગોસ્પંદવાલો થજે". એ અવસ્તાનો પોઉરૂગો તે પેહેલવી પુરતોરાને મળતો છે. શાહનામાપ્રમાણે ફરેદુનનું પોષણ કરનારી ગાયનું નામ پرمایه હતું તેને હું ધારૂંછું કે એ પેહેલવી [illegible] અને અવસ્તાના [illegible] સાથ કાંઈ સંબંધ હશે. બુનદેહેશની વંશાવળી ઉપરથી માલમ પડેછે કે કદાચ એનું ખાનદાન પૈસેતકે સુખી હશે, કારણ કે ઘણાકોના નામ ઢોર, જે તે જમાનાની દોલત ગણાતી તે ઉપરથી પડ્યાં છે. બુનદેહેશ પ્રમાણે આપણે જોયું કે ફરેદુનનાં ખાનદાનની વંશાવળી છેક જમશેદ વીવંઘાન સુધી પોંહચી હતી. ફીરદોસી તો તેને છેક તેહેમુરસથી ઉતરેલો જણાવેછે. તે કહે છે (મોહલ વા. ૧ પા. ૮૨).

زطهمورث گرد بودش نژاد
پدر بر پدر بر همی داشت یاد

મા—અવસ્તા યા બુનદેહેશ ઉપરથી એની માનું નામ જણાતું નથી પણ ફીરદોસી તે નામ فرانک ફરાનક આપેછે. મોજમુલતવારીખનાં કર્તા પ્રમાણે તેણી બસલાનાં પાદશાહ થેહરની છોકરી થતી હતી.

ફરજંદ—અવસ્તા ઉપરથી કેથે માલમ પડતું નથી કે ફરેદુનને શું ફરજંદ હતાં પણ બુનદેહેશ જણાવેછે કે (પા ૭૮-૬ બા. ૩૧-૯) [illegible] એટલે "ફરેદુનથી ત્રણ છોકરાઓ જનમ્યા હતા સેલમ, તુજ અને એરચ." એ ત્રણ નામ તે ફીરદોસીનાં تور سلم અને ایرج છે. બુનદેહેશ પ્રમાણે એરચને ત્યાં પણ ફરજંદ થયાં હતાં. એ કેતાબ પ્રમાણે એના ફરજંદોની વંશાવળી નીચે પ્રમાણે છે.



એરચથી ઊતરતી પેહેડી માટે જુઓ [illegible]

ભાઈઓ—બુનદેહેશ પ્રમાણે એને બે ભાઈઓ હતા. [illegible] અને [illegible]. એઓ વિષે ફીરદોસી કહેછે (મોહલ વા. ૧ પા. ૯૦)

برادر دو بودش دو فرخ همال
ازو هردو آزاده مهتر بسال
یکی بود ازیشان کیانوش نام
دیگر نام پرمایهٔ شاد کام

એમાં બુનદેહેશનો 'કતાયુન' તે શાહનામાનો 'કયાનુશ' છે. અને બુનદેહેશનો 'બરમાયુન' તે શાહનામાનો 'પુરમાયે' છે. બુનદેહેશ એ બે ભાઈઓ કરતાં ફરેદુનને વધુ કીર્તિવાન જણાવેછે. શાહનામું કહેછે કે એ ભાઈઓ ફરેદુનનું રૅશન બખ્ત અને ચહડતી જોઈ એની ઉપર અદેખા થયા હતા અને એક દીન એઓએ એને મારી નાંખવાનો વીચાર કર્યો. જ્યારે તે જુહાક સામે કુચ કરતાં માર્ગમાં એક પહાડની કઢણે સુતો હતો ત્યારે તેઓએ ચુપચુપ તે પહાડ ઉપર જાઈ એક મોટો પથ્થર એનાં ઉપર ગગરાવ્યો. પણ સારા ભાગ્યે ફરેદુન તે પથ્થરનાં ગબડવાનાં આવાજથી જાગી ઉઠ્યો, અને બચ્યો.

બાયડી—શાહનામા પ્રમાણે અરનવાજ અને શેહેરનાઝ કરી એની બે બાયડીઓ હતી, જેણીઓ શાહનામાની કોઇક નકલો પ્રમાણે જમશેદની બેહેનો હતી અને જુહાકને હાથ સપડાઈ હતી, અને મો. મોહલની નકલ પ્રમાણે જમશેદની છોકરીઓ હતી. એઓ જમશેદનાં વંશવેલાની કોઈ છોકરીઓ દિસેછે. એઓનાં નામ અવસ્તા (આવાં ય. ફ. ૩૪)માંથી એરેનવાચ [illegible] અને સવંઘહવાચ [illegible] કરી મળેછે (વધુ હકીકત માટે જુઓ એ શબ્દો).

જન્મભુમી—વંદીદાદ (૧-૧૮) અને રામ (ફ. ૨૩) અને અશીસંગ (ફ. ૩૩) યશ્ટોમાંનાં ઇશારાઓ ઉપરથી દિસેછે કે એ પાદશાહની જન્મભુમી [illegible] તે હાલનું ગીલાન શેહેર હતું. અનજુમન આરાએનો કર્તા એ શેહેર ફરેદુને એરચ માટે સ્થાપેલું જણાવેછે.

રાજ્યનાં વર્ષ—બુનદેહેશ ફરેદુનનાં રાજ્યના ૫૦૦ વર્ષ જણાવેછે. ફીરદોસી પણ એ મુદત ૫૦૦ વર્ષ જણાવેછે. બુનદેહેશ પ્રમાણે ફરેદુન અને મીનોચેહેર વચ્ચે ૧૧ પેહેડી થઈ ગઈ હતી. ત્યારે ફરેદુન અને એ પેહેડીનાં અરસાનાં એ વર્ષો હોય.

એનું પરાક્રમ—અવસ્તા પ્રમાણે એનું મોટું પરાક્રમ એ હતું કે એણે અજીદહાક (જુહાક) નામનો એક બુરો પાદશાહ જે ઇરાનનાં હકદાર પાદશાહોના હાથમાંથી રાજ્ય લેઇ ગાદી ઉપર બેઠો હતો તેને ઇરાનમાંથી હાંકી કાહડ્યો. એ પરાક્રમ માટે ફરેદુન દુવા ગુજારેછે જે કબૂલ રાખવામાં આવેછે (આવાં ય. ૩૪). એ પરાક્રમ વિષે બુનદેહેશ નીચલી નોંધ લેછે (પા. ૬૯-૧૯. બા. ૨૯-૯). [illegible]

[illegible]

એટલે "દહાક જેને બીવરસ્પ કહેછે તેને માટે કહેછે કે જ્યારે ફરેદુને દહાકને પકડ્યો ત્યારે તેને મારી નાંખી શક્યો નહી તેથી સેવટે તેને દેમાવંદકોહ ઉપર બાંધ્યો." ફરેદુનનાં એ પરાક્રમનો ઇશારો બહમનયષ્ટ (બા. ૩-૫૫ થી ૫૮) માં પણ આવેછે. ત્યાં જણાવેછે કે બીવરસ્પ (દહાક) દેમાવંદકુહ ઉપર ફરેદુનથી બીહતો હમેશા રહેછે. દાદસ્તાને દીની (બા. ૩૭–૯૭; ૬૫–૫) પણ એ પરાક્રમની નોંધ લેછે. મીનોએરદ કહેછે (બા. ૮–૨૭) કે જમશેદ અને કેકાઉશની માફક અહુરમજદે ફરેદુનની સરજત અમર રહેવાની સરજી હતી પણ તે સરજતમાં અહારેમનની ફુસલવણીથી તે ફર્યો. એ ફરેદુને પોતે પોતાનાં છોકરાઓ તુસ અને સેલમ તરફ એરચનાં ખુનનો કીનો રાખ્યો તેનો ઇશારો છે. એ કેતાબ જ્યાં જુદા જુદા અસલી મહાન પુરૂષોથી દુન્યાને થયલા ફાયદાઓ વર્ણવેછે ત્યાં ફરેદુનથી એ કામ વર્ણવેછે કે તેણે દુન્યાને જાલેમ જુહાકથી છોડવી (બા. ૨૭–૩૮). એ કેતાબ ફરીથી પણ ફરેદુનની પાછલી કીનાખોર ચાલનો ઇશારો કરેછે (બા. ૫૭–૨૧). પેહેલવી અને ફારસી રેવાયતો કહેછે કે ખોરદાદ સાલને દીને ફરેદુને પોતાનો મુલક પોતાનાં ત્રણ છોકરાઓને વેહચી આપ્યો જે વેહચણીમાં નાનાં એરચને કીમતી ઇરાનનો મુલક આપવાનાં ગેર ઇનશાફથી બીજા બે છોકરાઓએ તેને મારી નાંખ્યો. એનાં કીનામાં તેણે તેઓને મારી નખાવ્યા. એ વેહેચણીનું કામ અને તેની કીનાખોર ચાલ પેહેલવી લખાણો પ્રમાણે ખોદાની નજરમાં ગુનેહગાર થડચાં. અવસ્તા અને પેહેલવી કેતાબોએ ઇશારો કરેલાં ઉપલા પરાક્રમનું ફીરદોસી વીગતવાર વર્ણન આપેછે. ફીરદોસી પ્રમાણે જાલેમ જુહાકે ઇરાનની ગાદી ઉપર આવ્યા પછી ઘણાં ભલા ઇરાનીઓને મારી નાખ્યા હતા તેમાં એક ફરેદુનનો બાપ હતો. એના જુલમથી કાવે નામના એક લુહારે એની સામે બંડ ઉઠાવ્યું અને તે ફરેદુનને જાઇને મળ્યો. ફરેદુને એ જુહાક સાથે લડાઇ કરી તેને બંદીવાન પકડી દેમાવંદ કુહ ઉપર બંદ કીધો. ત્યાર પછી એ બનાવની યાદમાં તેણે એક મોટું જશન કર્યું અને ઇરાનની ગાદી ઉપર પોતે બેઠો. એ જશન તે મેહેરંગાનનું જશન હતું કે જે ફરેદુનથી તવારીખમાં આજ સુધી, ફીરદોસી કહેછે કે, યાદગાર રહી ગયુંછે.

એની જીંદગીનાં સંબંધમાં ફીરદોસીની એક બીજી બાબદને અવસ્તાથી ટેકો મળેછે તે એ છે કે તેણે જાલેમ જુહાકનાં હાથમાંથી પાદશાહ જમશેદની બેહેનો અથવા કોઇક નકલ પ્રમાણે છોકરીઓ, પણ ખરેખર જોતાં તેની વંશાવળીની કોઇ છોકરીઓ, નામે અરનવાઝ અને શેહેરનાઝને છોડવી. અવસ્તાનો એક ઇશારો એ બાબદને ટેકો આપેછે. આવાંયષ્ટ (ફ. ૩૪) પ્રમાણે ફરેદુન દુઆ ગુજારેછે કે તે જુહાકને હાથથી "સવંઘવાચ અને એરેનવાચ' નામની બે સુંદરીઓને છોડવી લાવે. તેની એ મોરાદબર આવેછે. ફીરદોસી પ્રમાણે ફરેદુન એઓને છોડવી લાવી તેઓ સાથે પરણ્યો અને તેઓને પેટે એને ત્રણ ફરજંદો અવતર્યાં. શેહેરનાઝને પેટે સેલમ અને તુર અને અરનવાઝને પેટે એરચ. એ છોકરાઓને એણે યમનનાં પાદશાહાની બેટીઓ સાથ પરણાવ્યા. અને પછી તેઓને પોતાનો મુલક વેહચી આપ્યો. તેમાં સેલમને 'રૂમ' અને 'બાવર', તુરને તુરાન અને ચીન, અને નાનાં છોકરાને ઇરાન.

હવે જો કે એ વેહેચણીનો અવસ્તામાંથી કાંઇ સીધો ઇશારો મળતો નથી

તોપણ એઓને આપેલા મુલકોનાં નામ મળેછે જે નામો એઓનાં પોતાનાં નામોને મળતાં દીસેછે. એ નામો ફરવરદીનયષ્ટમાં અઇર્ય (તે એરચનો મુલક) તુઇર્ય (તે તુરનો મુલક) અને સઇરીમ (તે સેલમનો મુલક) તરીકે મળેછે (ફ. ૧૪૩, ૧૪૪). પેહેલા બે છોકરાના નામ પણ અવસ્તામાંથી મળેછે. ફરેદુનની પાછલી જીંદગીના બીજા કોઇ બનાવનો અવસ્તામાંથી ઇશારો મળતો નથી. ફીરદોસી પ્રમાણે ઉપલી વેંહેચણીથી એના વડા બેટાઓ નાનો એરચ, જેને કીમતી ઇરાનનો મુલક આપ્યો હતો તેઉપર, અદેખા થયા અને તેને દગાથી મારી નાંખ્યો, જેના કીનામાં ફરેદુને એરચની એઓલાદથી ઉતરેલા માનોચેહેરપાસે એઓને મારી નખાવ્યા. બુનદેહેશ (બા. ૩૧-૯) ફીરદોસીને ટેકો આપેછે. બીજાં પેહેલવી અને ફારસી લખાણો પણ એ બાબદને ટેકો આપેછે અને વળી કહેછે કે ફરેદુનની એ ગેર ઇનસાફની અને કીનાં કપતની ચાલ ખોદાની નજરમાં અઘટિત માલમ પડી. ફરેદુને અઝીદહાકને મારવાને લગતી વાત પ્રમાણે વેદમાં त्रैतन એ ઇન્દ્રની આગળ 'અહી' ને મારવાની વાત મળતી આવેછે. એ त्रैतनને વેદમાં त्रीत પણ કહ્યોછે. જેમ થ્રએતઓનનો બાપ 'આથવ્ય' છે તેમ વેદમાં त्रैतन નો એલકાબ 'આપત્ય' કરીછે. ફરવરદીનયષ્ટમાં ફરેદુનનાં ફરોહરને તાપ, બોખાર વીગેરે બુરાં દરદોની સામે થવા માટે આરાધ્યુંછે. એનો ખોલાસો દાદસ્તાને દીની ઉપરથી માલમ પડેછે કે જ્યાં ફરેદુનને "તંનદોરસ્તીનાં ઉપાયો (બએશાઝ) થી ભરપુર" ગણ્યોછે (પા. ૯૭ ક-૩ બા. ૩૭-૩૫).

એ ફરવરદીનયષ્ટ અને દાદસ્તાને દીનીનાં ઇશારા એવું દેખાડેછે કે પાદશાહ ફરેદુને માણસનાં શરીરનાં દુઃખો તાલવાનાં કાંઇ ઉપાયો પણ સોધી કહાડયા હોય. મીરખોન્દની તવારીખ એ બાબદને ટેકો આપેછે. તેનાં કહેવા પ્રમાણે ફરેદુન દવા દારૂનો સોધી કહાડનાર હતો. તે કહેછે કે એ કારણને લીધે પછવાડેનાં જમાનામાં માણસનાં શરીરો ઉપર કોઇ બીમારીના વખતે જે તાવીજો બાંધવામાં આવતી તેમાં એ પાદશાહનું નામ લખવામાં આવતું. હવે વંદીદાદની ૨૦ મી પરગરદમાં એક થ્રીત નામનાં તબીબ વિષે લખાણ આવેછે કે તે પેહેલવેહેલો જાણીતો તબીબ હતો જેણે આએ દુન્યામાંથી ઘણાં દુઃખ દરદો દફે કર્યાં અને ઘણાં નવા પાલાઓ દવાઇ માટે સોધી કહાડયા વીગેરે. પ્રોફેસર દારમેસ્ટેટે કહેછે કે એ થ્રીત અને થ્રએતઓન (ફરેદુન) એકજ શખસ છે. વેદમાં પણ જે કામ ફરેદુને બજાવ્યું છે તે કામ त्रैतन અને त्रीत એ બન્ને શખસોને બજાવતા જણાવ્યાછે, જે એકજ ધણીઓ છે. જેમ અવસ્તામાં થ્રએતઓનને આથવ્યનો કહેલો છે તેમ વેદમાં त्रीत आपत्य છે. જો ફરવરદીનયષ્ટનાં અને બુનદેહેશનાં ઇશારા પ્રમાણે ફરેદુને માણસ જાતનાં દુઃખો તાલવા માટે દવા દારૂની સોધખોલમાં ભાગ લીધો હોય તો તેની અઝીદહાકને મારવાની બાબદને અસલી જમાનાંઓનાં તબીબોની સાંપ (અઝિ) મારવાની બાબદ સાથે કાંઇ સંબંધ દિસેછે. કહેછે કે અસલી તબીબો સાંપને મારી તેનો ઉપયોગ દવાઇમાં કરતા. અસલી પોમપીઆઇને ખોડી કહાડતાં કહેછે કે તબીબોનાં ઘરની દીવાલ ઉપરથી ધંધાની નીશાન તરીકે સાંપનાં ચીત્રો મલતાં, જે દેખાડતાં કે એ તબીબનું ઘર છે.

= થ્રિત. ય. ૧૩-૧૨૫. એક પુરૂષનું નામ, જે અએવોસરેધ ફયએસ્તનો છોકરો થાય.

[illegible] = થ્રિત. ઈ. ૯–૧૦. એ એક પરહેજગાર પુરૂષ હતો. એ કેરેસાસ્પ નામનાં પેહેલવાન અને ઉર્વાક્ષ નામનાં એક ભલા અને ઇનસાફી પુરૂપનો બાપ થાય. હોમની ક્રિયા કરી માગેલી દુવાનાં બદલામાં એને ત્યાં ઉપલા બે નામીચા પુત્રો પેદા પડયા હતા. બુનદેહેશમાં એને 'અથ્રત' ઝાદસ્પરમમાં 'સ્રીત' અને ફારસી માં [illegible] અત્રત કહ્યોછે. ઈજશનેમાં એને "સામનાં ખાનદાનનો થ્રીત" કહ્યોછે કારણ એ સામનો છોકરો થાય, જે સામનું ખાનદાન જાણીતું હતુ અને જેને ખાસ કરીને થ્રીતનાં છોકરા કેરેસાસ્પે ઘણું જાણીતુ કર્યું હતું. એની પેહેડી ફરેદુન સુધી પોહચેછે (એ માટે જુઓ પાદશાહોની વંશાવળી અને [illegible]) કેરેસાસ્પનામુ એની પેહેડી ફરેદુનને બદલે જમશેદ સાથ પોહચાડેછે, જે દીબાચે આફ્રીનગાનમાં જે રીતે એનું નામ લેવામાં આવેછે તે રીતને મળતી છે. એ કેતાબ પ્રમાણે તે નીચે પ્રમાણે છે. અસરત–શમ-તવર (આફ્રીનગાનનાં દીબાચામાં તુરક)-શેદસ્પ–તુર-જમશેદ.

[illegible] = થ્રિત. વં ૨૦–૨. એ નામનો એક જાણીતો તબીબ હતો જેણે પેહેલવેહેલાં માણસ જાતનાં દુઃખ દરદો દફે કરવામાં મોટો ભાગ લીધો હતો. વંદીદાદમાં એને વિષે કેટલુંક વર્ણન આવેછે ત્યાં જણાવવા પ્રમાણે તેણે ક્ષથ્ર વઇર્ય જે ધાતુ ઉપર મવક્કલ છે તેની પાસે પોતાનાં ધંધામાં મદદ માંગી એટલે કે વાહાડ કાપનાં યંત્રો પોતાનાં જમાનાનાં જ્ઞાનને અનુસરતાં બનાવ્યાં. પછી તેનાં ખપને માટે અહુરમજદે હજારો દવાદારૂનાં ઝાડપાળાઓ ઉત્પન્ન કર્યાં.

પ્રોફેસર દાર્મેસ્ટેટે ધારેછે કે એ થ્રીત અને થ્રએતઓન એકજ પુરૂષ છે, જેમ કે વેદમાં ત્રીત અને ત્રૈતન એકજ કામ બજાવેછે. ફરવરદીનયષ્ટમાં થ્રએતઓન (ફરેદુન) ની ફ્રવશીને દુઃખ દરદો દફે કરવામાટે એજ કારણે આરાધીછે. (જુઓ એ બાબે [illegible])

(૩) [illegible] = થ્રિત. ય. ૫-૭૨; ૧૩-૧૧૩. એ સાયુઝ્દ્રીનો છોકરો અને અશાવજદંઘ નામનાં એક મહાન પુરૂષનો ભાઈ થાયછે. જે અશાવઝદંઘ રસ્તાબેજ ઉત્પન્ન કરવાનાં ભલા કામમાં ભાગ લેનાર છે. એણે પોતાનાં ભાઈ સાથ આવાંઅર્દવીસુર પાસે દુવા ગુજારી કે તે 'દાનુ' નામનાં તાયફાવાળાઓ ઉપર અને અસબન કુટુંબનાં એકાદ બે નરો ઉપર ફતેહ મેળવે. એ તેની મોરાદબર આવી. એની ફ્રવશીને એનાં ભાઈની ફ્રવશી સાથે ફરવરદીનયષ્ટમાં આરાધી છે. તે હેમુર સવાળાં પેહેલવી જરથોસ્તનામામાં એક 'સરીત' ની વાત છે કે તેને શાહા કાઉસે દએરેપરીકાન ([illegible]) નામની કોઈ પરીઓની અને બુરાઓની જગ્યા તોડવા મોકલ્યો જ્યાંથી તે તે પરીઓ સાથ સુલેહ કરી પાછો આવ્યો. કાઊસ પેહેલાં તેના ઉપર ગુસ્સે થયો પણ પછી સુલેહ કરી તેને પાછો 'કલબા કરપ' નામની પરીને મારવા મોકલ્યો. સરીતએ તે પરીને મારી. એ વાતવાળો સરીત તે એ આવાંયષ્ટવાળો થ્રીત દીસેછે. વંદીદાદની ૨૦ મા પરગરદના સરેહમાં એ પરગરદનાં 'થ્રીત' માટે કહેછે, કે એ થ્રીત તે ([illegible]) "સરીતે સીરઝાન નથી." હું ધારૂં છું કે એ 'સીરઝાન' તે અવસ્તાના સાયુઝ્દ્રી ઉપરથી બનેલોછે, અને એ સરીતે સીરઝાન તે આએ આવાંયષ્ટવાળો સાયુઝ્દ્રીનો સરીત છે.

[illegible] =ફ્રિતિ. ય.૧૩–૧૩૯.પએગમબર જરતોશ્તની છોકરી. બુનદેહેશ પ્રમાણે એ પએગમબર જરતોશ્તની 'પાતખશા' ઓરતને પેતની છોકરી હતી. તે ઉર્વતતનર, ઇસદવાસ્તર અને ખોરશેદ ચેહેર ભાઇઓની અને ફ્રેની અને પોઉરૂ જીસ્તી બેનોની બેન થતી હતી. એણીને બુનદેહેશમાં 'શ્રીત' કહીછે (પા. ૭૯-૧૪ બા. ૩૨-૫, ૬). [illegible]

[illegible] ....

[illegible]

વજરકર્દદીની એણીનું નામ 'શ્રીતે' [illegible] આપેછે અને કહેછે કે તેણી બે બેહેનો અને ઇસદવાસ્તર સાથે જરતોશ્તની 'ઉરવીગ' નામની બાયડીની છોકરી હતી. [illegible]

[illegible] એટલે "એ ચાર ઉર્વીજથી જનમ્યાં હતાં" (પા. ૧૯–૫). ફરવરદીનયષ્ટમાં, બુનદેહેશમાં અને વજરકર્દદીનીમાં જે અનુક્રમે જરથોશ્તની છોકરીઓનાં નામ આવેછે તે અનુક્રમ પ્રમાણે એણી જરતોશ્તની બીજી છોકરી હતી.

[illegible]=ત્રિમિશ્વન્ત. ય. ૧૩–૯૮. દાર્મસ્ટેટે અને મેહેરજી રાણા વાછા એને વિશેષનામ ગણી એક પુરૂષનું નામ ગણેછે. આંકુએટીલ, યુસ્તી, સ્પીગલ અને હારલે એને વિશેષણ લેછે. એ શબ્દો "ત્રિમિશ્વતો સ્પિતામહે" નો આંકુએટીલ અર્થ કરેછે કે "સ્પીતમ (જરતોશ્ત) નું ત્રણ ધાવણું બી." હારલે તરજુમો કરેછે કે "trio spitamido" એટલે "સ્પીતમનાં ખાનદાનવાળા ત્રણ." સ્પીગલ તરજુમો કરેછે કે "પવિત્ર (સ્પીતમ) ત્રણ." યુસ્તી તરજુમો કરેછે કે "Cpitamischen (Zarathustrischen) Drillinge એટલે "સ્પીતામનાં (જરતોશ્તનાં) ત્રણ છોકરાંનું જોડકું." આંકુએટીલ, હારલે, સ્પીગલ અને યુસ્તી જેઓ એ શબ્દને ત્રણનાં સંબંધનું વિશેષણ લેછે તેઓ એને સ્પીતામન જરથોશ્તને જે હવોવી સાથનાં સંબંધનાં હવે પછી ત્રણ બેટાઓ થશે–નામે હોશેદરમાહા, હોશેદર બામી અને સોષ્યોશ—તેઓનો ઇશારો લેછે, અને કહેછે કે આંહી એ ત્રણ ભવિષ્યનાં હવે પછી જનમનારા બેટાનાં ફરોહરોને યાદ કર્યાછે. જે ફકરામાં આએ શબ્દ આવેછે તે ફકરાની શરૂઆતમાં જરતોશ્તનાં તેનાં વખતનાં હૈયાત ત્રણ છોકરાઓ, ઇસદવાસ્તર, ઉર્વતદનર, અને હવરેચીથ્રને યાદ કર્યા છે, તેથી ઉપલા વિદ્વાનો આએ શબ્દોથી ભવિષ્યનાં ત્રણ છોકરાઓને યાદ કરેલા સમજેછે. પણ એ બે જુમબાની વચ્ચે "દએવોત્બો ઇરા. તખ્મહે"નાં ફરોહરને અને એજ ફકરાની સેવટે "દાઓથ્રહે. જઇરીતહે" નાં ફરોહરને યાદ કર્યુંછે તે ત્યારે કોણ? એ નામોનો જો ઉપર પ્રમાણે કોઇ ખોલાસો મળતો હોત તો આપણે વચમાં આવેલાં એ ફલનુ નામને ઉપલા ત્રણ ભવિષ્યનાં છોકરાનો ઇશારો સમજતે પણ જ્યારે એમ નથી ત્યારે આપણ એટલુંજ કહીશું કે એ "ત્રિમિશ્વન્ત" કોઇ શખસનું નામ છે અને જે નામોની વચમાં તે આવ્યુંછે તે તરફ જોતાં તે કોઇ જરતોશ્તનાં સગપણનું નામ છે.

[illegible] = દહકિ. વં. ૧૯-૪૩. એ દગાહ, લુચાઈ ઉપર સરદારી ભોગવનારો દેવ છે. એ અંગ્રમઈન્યુશ, સાઉરૂ, ઇન્દ્ર વગેરે દેવોનો સાથી છે. કેટલાક તરજુમો કરનારાઓ એ શબ્દને દગાહને સાધારણ અર્થે લે છે.

[illegible] =દએન. ય. ૧૬. એ શબ્દ જરતોસ્તી કાયદા અને દીનનું સ્વરૂપ છે અને તે ઉપર મવક્કલ ગણાયેલી યજદી શક્તિ છે. એને 'ચીસ્ત' નામની બીજી યજદી શક્તિ સાથ સંબંધ છે, જે ધર્મનાં ડાહાપણ ઉપર મવક્કલ છે. એ શબ્દ પછવાડેથી દીન થયો છે.

[illegible] = દએનો. વજંઘ. ય. ૧૩—૧૧૭. એક પુરૂષનું નામ જેનાં ફ્રોહરને આરાધ્યું છે.

[illegible] = દએવો-ત્બિશ. ય. ૧૩-૯૮. અંહી "દએવોત્બીશ. તખ્મહે" કરી શબ્દો આવેછે તેમાં કેટલાકો એને "તખ્મનો દએવોત્બીશ" નામનો પુરૂષ ગણેછે, તો કોઈ તખ્મને એનો વિશેષણ લેઈ અર્થ કરેછે કે "જોરાવર દએવોત્બી." યુસ્તી, હારલે, સ્પીગલ એમ પાછલો અર્થ લેછે. દાર્મસ્ટેટે, મેહેરજી રાણા વાછા આગલી રીત લેછે. હું ધારૂંછું કે એ 'તખ્મ' (જે હું તખ્મ. ઉરૂપ અથવા તેહેમુરસ માટે લઉંછું) નો વિશેષણ છે અને એનો અર્થ "દેવને દુઃખ દેનાર અથવા મારનાર" થાયછે, અને તેથી તે અવસ્તા અને બુનદેહેશ અને મીનોખેરદનાં ઇશારાને મલતા ફીરદોસીના [illegible] દીવબન્દ શબ્દને મળતો છે કે જે તેહેમુરસનો એલકાબ હતો. જુઓ [illegible]

[illegible] =દખ્યુમ. ઈ. ૧—૩. જુઓ [illegible]

[illegible] = દંધુ-ફ્રાદંઘ. ય. ૧૩—૧૧૬. એક પુરૂષનું નામ.

[illegible] =દંધુ-સ્રુત. ય. ૧૩-૧૧૬. એક પુરૂષનું નામ.

[illegible] = દરેજ. વં. ૧૯—૪, ૧૧. પેહેલવી સરેહમાં [illegible]. બુનદેહેશમાં [illegible]. એક નદીનું નામ છે, જે એક પહાડ (જબર) માંથી વહેછે અને જેને કાંથે જરતોસ્તનાં બાપ પોઉરૂશસ્પનું ઘર આવ્યું હતું. અંહી વંદીદાદપ્રમાણે જરતોસ્તને અહુરમજદ તરફથી બસારત મળી હતી અને દીનવિષે ફરમાનો મળ્યાં હતાં. એને વિષે બુનદેહેશ (પા. ૫૩—૫. બા. ૨૦—૩૨) માં કહેછે કે [illegible] એટલે "દારજ નદી ઇરાન વેજમાં (છે). જેનાં કીનારા ઉપર જરતોસ્તનાં બાપ પોઉરૂશસ્પનું ઘર હતું." જરતોસ્તનો જન્મ એને કીનારે થવાથી એને ઘણી માનવંતી નદી ગણેછે. (બા. ૨૪—૧૫ પા. ૫૮—૫ [illegible] એટલે "દારજ નદી મોટી નદીઓ (રૂદબારાન) ની સરદાર હતી. કારણ કે જરતોસ્તનાં બાપનું ઘર તેના કીનારા ઉપર હતું. જરતોસ્ત ત્યાં જનમ્યો હતો." પ્રોફેસર દાર્મસ્ટેટે એ 'દરેજ' નદીને હાલની દરહ અથવા

દર્યે (Darah or Darya) નદી ધારેછે, કે જે 'સેબીલાન' ના પહાડમાંથી વેહી અરસ (જેને તે અવસ્તાની વંઘુદાઇતી ગણેછે, તે) નદીમાં પડેછે. (જંદ અવસ્તા I દીબાચો. પા. ૪૯).

𐬛𐬀𐬭𐬱𐬌𐬥𐬌𐬐𐬀 = દાર્શનિક. ય. ૯-૩૦; ૧૭-૫૦. એ એક બુરા શખસનું નામ છે. પાદશાહ ગુશ્તાસ્પ, પોતાના દીન દુશમન અરજાસ્પ સાથે એ બુરા શખસને મારવા માટે ગોશ અને અશીસંગયશ્તોમાં દુઆ ગુજારેછે તે ઉપરથી દિસેછે કે એ કોઇ બુરો શખસ અરજાસ્પની સાથે સામેલ થાઈ અને જરતોશ્તી દીનની વીરૂધ થઈ ગુશ્તાસ્પ સામે લડવા નીકળ્યો હોય. હું ધારૂંછું કે એ દાર્શનિક તે આવાંયશ્ટમાં (ફ. ૧૦૯ ને ૧૧૦) નામ દીધા વગર જે દએવયશ્ન માટે શાહ ગુશ્તાસ્પ અને ઝરીર દુઆ ગુજારેછે કે તેઓ તેને અરજાસ્પની સાથે મારવાને શક્તિવાન થાય, તેજ દએવયશ્ન છે. અંહી દએવયશ્નનું નામ લેઈ શાહ ગુશ્તાસ્પ દુઆ ગુજારેછે કે " દાર્શનિક દએવયસ્ન". વળી હું ધારૂં છું કે એ દાર્શનિક દએવયસ્ન (એટલે દેવને પુજનાર દાર્શનિક) તે શાહનામાવાળો પેલો દેવ છે, કે જેણે અરજાસ્પને શાહગુશ્તાસ્પ સામે અને જરતોશ્તી દીન સામે ઉશ્કેર્યો હતો. જેમ આવાંયશ્ટમાં ગુશ્તાસ્પ અને ઝરીર એ દએવયસ્નનું નામ દેતા નથી પણ ફક્ત દએવયસ્ન કહેછે તેમ શાહનામામાં ફીરદોસી પણ તેનું નામ આપતો નથી પણ એક દેવ કરી કહેછે. ફીરદોસી પ્રમાણે જ્યારે જરતોશ્તનાં કહેવાથી શાહ ગુશ્તાસ્પે તુરાની અરજાસ્પને, તે જુદ દીન હોવાથી, ચોથાઈ આપવી બંદ કરી ત્યારે પેલા દેવે અરજાસ્પને ગુશ્તાસ્પ અને જરતોસ્ત સામે ઉશ્કેર્યો, અને જેને તે ગુશ્તાસ્પ ઊપર ચહડાઇ લઈ જાયતો એક લાખ આદમીની તેને મદદ આપવા કહી. એ કારણ ઉપરથી ત્યારે સમજ પડેછે કે ગુશ્તાસ્પ આવાં, ગોશ અને અશીસંગયશ્તોમાં એ દેવ (દાર્શનિક દએવયશ્ન) સામે શું કરવા દુઆ ગુજારેછે. ફીરદોસીનાં એ બાબેનાં લખાણમાંથી ફક્ત આએ બાબદ સમજાવનાર બેતા વાલ-વી કહાડી ઉતારૂં છું. (મોહલ વા. ૪ પા. ૩૯૬.)

چو چندی بر آمد برین روزگار
بشد نزدش آن پیر آموزگار
بشاه جهان گفت زردشت پیر
که در دین ما این نباشد هژیر
که تو باژ بدهی بسالار چین
نه اندر خور دین ما باشد این

. . . .

پذرفت گشتاسپ گفتار که نیز
نفرمایمش دادن از باژ چیز
پس آگاه شد نره دیوی ازین
هم اندر زمان شد سوی شاه چین
بدو گفت کای شهر یار جهان
جهان یکسره کهتران و مهان
بجای آورید ند فرمان تو
نتابد کسی سر ز پیمان تو
مگر پور لهراسپ گشتاسپ شاه
که آرد همی سوی ترکان سپاه
ابا این همه دین دیگر نهاد
ره دت پرستی ز پس بر نهاد
بکرد آشکارا همه دشمنی
ابا تو چنان کرد یارد منی
مرا صد هزاران سوارست بیش
همه گر بخواهی بیارمت پیش
بدان تا شوم از بی کار اوی
مگر نا نترسی ز بدکار اوی
چو ارجاسپ بشنید گفتار دیو
فرود آمد از گاه ترکان خدیو

𐬛𐬀𐬊𐬭𐬎𐬎𐬁𐬯𐬨𐬀𐬉𐬞𐬌 = દઉર્વાસ્મઅપિ. ય. ૧૩—૧૨૨. એક પુરૂષનું નામ છે.

(𐬀𐬲𐬌) 𐬛𐬀𐬵𐬁𐬐𐬀 = (અઝિ) દહાક. ય. ૫-૨૯; ૧૭-૪૦; ૧૯-૫૦. ઈ. ૯-૮. વં. ૧-

૧૮ પેહેલવીમાં [illegible] ફીરદોસીમાં ضحاک દસાતીરમાં દીઝહાખ. એને બીવરસ્પ પણ કહેતા. એ માટે બુનદેહેશ કહેછે (પા. ૬૯-૧૪ બા. ૨૯-૮) [illegible] એટલે "દહાક જેને બીવરસ્પ કહેછે." એ બાબે ફીરદોસી પણ કહેછે (મોહલ વા. ૧ પા ૫૬)

کجا بیور اسپش همی خواندند
چنین نام بر پهلوی راندند
کجا بیور از پهلوانی شمار
بود در زبان دری ده هزار
از اسپان تازی بزرین ستام
ورا بود بیور که بردند نام

પેહેલવી બુનદેહેશમાં એને બીવરસ્પ શું કરવા કહ્યોછે તેનુ કારણ ફીરદોસી ઉપર સમજાવેછે કે તે ૧૦૦૦૦ (બીવર) ઘોડા (અસ્પ) નો માલેક હતો. હમઝાગાની આફ્રીનમાં પણ એને "બીવરસ્પ" કહ્યોછે. બુનદેહેશ પ્રમાણે બાપની ઓલાદથી એ ગયોમર્દના પાદશાહી ખાનદાનનો હતો, પણ માએની ઓલાદથી આહરેમનની તોખમનો હતો. એ કેતાબ પ્રમાણે એની બાપ તરફની પેહેડી નીચે પ્રમાણે છે. (પા. ૭૭-૧૧ બા. ૩૧-૬) ગયોકમર્દ-મશ્ય-સીયામક-ફ્રવાક-તાઝ (જે હોશંગનો ભાઈ થાય) -વીરફશંગ-ઝાઇનાગાવ-ખ્રુતાસ્પ-દહાક. એજ કેતાબમાં એજ જગ્યાએ એની માએની પેહડી નીચે પ્રમાણે આપેછે. ગનાકમીનો-દુજારકાન* -ગધવીશ્વ-પહરીશ ઉવર એરામ-ઓવો ખમ-તમબયક-બયક-ઉદઈ (દેવી)-દહાક. દસાતીરનો ફારસીમાં તરજુમો કરનાર એને "તાઝે મીઆમક" ની ઓલાદનો કહેછે, તે ઉપલી વંશાવળી ઉપરથી સમજ પડેછે (પા.૨૦૦). દીનકર્દનાં આથમા દફતરમાં પણ એને હોશંગનાં ભાઈ 'તાઝ' ની ઓલાદથી ઉતરેલો જણાવ્યોછે.

એની માએનું નામ જે બુનદેહેશમાં ઉદઈ અથવા ઉદયેઈ [illegible] છે તે દાદસ્તાનેદીનીમાં [illegible] વદક કરી છે. અને તેણીને માટે ત્યાં કહેછે કે તેણી આ દુનીયામાં પેહેલી ઓરત હતી કે જેણી પોતાના ખાવંદતરફ બેવફા થાઈ બદફેલ નીવડી હતી, અને જેણીએ પોતાની પેહેડીને સળો લગાડ્યો હતો. આંહી દુનીયાનાં સાત બુરામાં બુરા માણસોનાં નામ દીધાંછે તેઓમાં ઓરત તરીકે એણીનુ નામ દીધું છે (બા. ૭૨-૫. બા ૭૮ ૬ બા. ૧૪૭-૧૧). મીનોખેરદમાં એને "૧દ-કાન દહાક" એટલે "વદક" (માએ) નો છોકરો દહાક કહ્યોછે, તે એજ કારણે છે (બા. ૫૭-૨૫). બુનદેહેશ માં એના બાપનું નામ [illegible] [illegible] ખ્રુતાસ્પ આપું છે, પણ દાદસ્તાનેદીનીમાં તે [illegible] છે જેડા. ઉવેસ્ત ઉર્વતસ્પ વાંચછે પણ એ પેહેલવી દાદસ્તાનેદીનીની ઘણું નામ પણ "ખુરતાસ્પ" વાંચી શકાય, (પા. ૧૮૯-૧૧. બા ૭૮-૨) અથવા ડા. ઉવેસ્ટ કહેછે તેમ અસલ ઉર્વતસ્પ નામ હોય તે ભુલમાં ખુરતાસ્પ વંચાયુ હોય. ફીરદોસી એના બાપનું નામ "મરદાસ" આપેછે. તે [illegible] શબ્દનાં પેહેલા [illegible] અક્ષરને બેદરકારીથી [illegible] વાંચ્યાથી અને છેલ્લા [illegible] નો લોપ થયાથી હોય. ફીરદોસી પ્રમાણે એનો બાપ એક પરહેજગાર આદમી હતો અને જોહાક પણ પેહેલે એક ડાહ્યો શાહાજાદો હતો. દસાતીરનો તરજુમો કરનાર સાસાન પનજુમ પણ એમ કહેછે કે ویزدان و ستارگان را پس
پرستیدند دین راه یزدان او را بکام رسانید

* પુસ્તીની નકલમા એ નામ નીચે પ્રમાણે છુટુ પાડેલુ છે [illegible] .. [illegible] તેથી પુસ્તી તે પદેડી ગણેછે દીઠેલી અને પાકા (પા ૭૭ ૧૬)

એટલે " યજદાન અને સેતારાઓની સેતાયશ કરતો તેથી યજદાને તેને તેની મોરાદે પોંહચાડ્યો." પણ પાછલથી એણે પોતાનાં બાપને અને જમશેદને મારી નાખ્યા અને બીજા જુલમો કીધા તેથી ખોદાએ તેને સજા કરી. એ અસલમાં ઘણો ડાહ્યો અને પુક્તીવાલો હશે તેથીજ સ્પીતામાન જરતોશ્તની આફ્રીનમાં દુઆ દેવામાં આવેછે કે " હજંઘ્ર-યઓક્ષ્યો. બવાહિ. યથ. અજીઇશ. દહાકાઇ. અઘ. દએન" એટલે "બુરી-દીનવાળા જુહાકની માફક હજાર પુક્તી-વાળો થજે." ફીરદોસી પ્રમાણે એની જીંદગીનો સારાંશ એ છે કે એણે સેતાનની ફુસલવણીથી નેક રાહ છોડી અને બુરી અખત્યાર કરી તેથી લોકોએ ત્રાસ ત્રાસ પામી કાવે આહનગર નામનાં શખસનાં હાથ તલે બંદ ઉઠાવ્યું અને ફરેદુનને તેડીલાવી તેને ગાદી ઉપર બેસાડ્યો, અને ફરેદુને તેને દેમાવંદ પહાડ ઉપર બંદ કીધો. અવસ્તા પ્રમાણે શાહ-ફરેદુને એનાં ઉપર ફતેહ મેળવવા દુઆ ગુજારી અને તે બર આવી. ફરેદુને એને દેમાવંદ કોહ ઉપર બંદ કીધો તેનો ઇશારો હમકારાની આફ્રીનમાં મળેછે. ત્યાં દેમાવંદ કોહની સીફતમાં કહેછે કે "કે દ-રવંદ. બીવરસ્પ. અંદર. બસ્તે. એસ્તેદ" એટલે "જેમાં ધાટકી જુહાકને બાંધ્યો છે." એ ફકરો પેહેલવી બુનદેહેશનાં દેમાવંદની સીફતનાં એક ફકરાનો જાણે તરજુમો છે. (પા. ૨૪-૧૨ બા. ૧૨-[illegible])

[illegible]

એ એક જુલમગાર બાદશાહ હતો તેનો ઇશારો અવસ્તામાંથી ઓલ્લો મળેછે. (ય. ૫-૨૯). ત્યાં એ દુઆ ગુજારેછે કે હફ્તકેશ્વર જમીનને તારાજ કરવાને તે શક્તિવાન થાય. અલબતે એની એ બદ દુઆ બર આવતી નથી. વળી જમ્યાદયષ્ટ પ્રમાણે તેણે ઇરાની ખોરેહ, નુર અથવા કીર્તી મેળવવાની કોશેશ કરી પણ તેમાં ફાવ્યો નહી. પેહેલ-વી પુસ્તકો ઉપર આવતાં બુનદેહેશ કહેછે કે એણે અહારેમન પાસે પોતાની બદ દુઆઓ ચાહી હતી અને તે દુઆ ચાહવાની જગ્યા તરીકે 'સ્પેદ' નદિનું નામ દીએછે. (પા ૫૨-૧૧ બા. ૨૦-૨૩)

[illegible] એટલે "સ્પીદ નદિ આતરપાતકાનમાં છે. કહેછે કે દહાકે દુઆ (આયપ્ત) આહારે-મન દેવથી એહી માંગી હતી." ફરેદુને એને માર્યો તે બાબદનાં અવસ્તાનાં બ-ખાણને ટેકો આપતાં બુનદેહેશ કહેછે (પા. ૬૯-૨૦ બા. ૨૯-૯) "કે ફરેદુને જ્યારે દહાકને પકડ્યો ત્યારે તે મારી ન શક્યો, અને (તેથી) પછી એને દેમાવંદ કોહમાં બંદ કર્યો. જ્યારે તે પોતાની બેડી તોડશે (અરચા યાહુનેત= બેડી વિનાનો થશે) ત્યારે સામ (કેરે-સાસ્પ) ઉઠશે, તેને મારશે અને કતલ કરશે" [illegible]. એણે પોતાની પ્રજા ઉપર પાડેલો જોલમ એવો તો મરગરજાન ગુનાહ ગણ્યોછે કે એને (અને અફ્રાસ્યાબને) એવી શીક્ષા કરવામાં આવી છે કે જેવી કોઈ બીજાને નહી. તે સજાને [illegible] એટલે "ત્રણ રાતની

"સજા" કહેછે (પા. ૭૪-૪ બા. ૩૦-૧૬). બુનદેહેશ (બા. ૩૪-૫) એનાં રાજ્યની મુદત ૧૦૦૦ વર્ષની જણાવેછે, જે ફીરદોસી પણ એટલીજ જણાવેછે. મીનોએરદ એને ટેકો આપેછે (બા. ૫૭-૨૫). બહમનયશ્ટ એને, અફ્રાસ્યાબને અને શીકંદર રૂમીને એક પંક્તીનાં બુરાઓ ગણેછે (બા. ૩-૩૪). સેવટે એનો સમુલો અંત કેરેસાસ્પને હાથે આવશે, એમ બહમનયશ્ટ પણ જણાવે છે (બા. ૩-૫૬ થી ૬૨).

દાદસ્તાનેદીનીમાં એને વિષેનું લખાણ જોતાં દિસેછે કે એ કેતાબપ્રમાણે પણ કેરેસાસ્પને એને સેવટે મારનાર ગણ્યો છે (બા. ૩૬-૩ બા. ૩૭-૯૭). ફીરદોસી એની ખાંધ ઉપર બે સાંપો ઉગેલા વર્ણવેછે તેનો ઇશારો આએ કેતાબમાં પહેલો મળેછે (બા. ૩૭-૯૭). ત્યાં કહેછે કે એની ઉપર જોરાવર દેવો સાંપનાં આકારમાં વળગેલાછે. આએ દુન્યામાં પેદા પડેલા બુરામાં બુરા સાત પુરૂષોમાં એક એને ગણ્યોછે (બા. ૭૨-૫). વળી એનાથી અકુદરતી ગુનાહ ભર્યાં કામો દુન્યામાં શરૂ થયલાં જણાવ્યાંછે. દાખલા તરીકે પોતાની માએ સાથેજ બદફેલી કરતો એને જણાવ્યોછે (પા. ૧૮૯-૧૧ બા. ૭૮-૨). કેરેસાસ્પને લગતી પેહેલવી રેવાયતમાં એનું નામ વારેઘડીએ આવેછે. કેરેસાસ્પનાં કેટલાક કામોમાં એક કામ સેવટે એ જુહાકને મારવાનું ગણ્યુંછે. કેરેસાસ્પ પોતામાટે હવે પછી એ કામ બાકી રહેલું જણાવી અહુરમજદને અરજ ગુજારેછે કે આતશને જરખ મારવાનાં વાંક માટે તેને દર ગુજર કરી આએ ભવિષ્યમાં જે ભલું કામ તે કરવાનો છે તેને ખાતર તેને બહેસ્તમાં જવા દેવો. મીનોએરદ એને અફ્રાસ્યાબ અને સેકંદરનો જોડયો એટલે એઓનાં જેવો બુરો ગણેછે. તે કહેછે કે એ બન્નેની માફક આહારેમને એને તો અમર્ગી માટે સરજ્યો હતો પણ અહુરમજદે એને એ બુરો નીવડયો માટે સજા કીધી. એને ૧૦૦૦ વર્ષની મુદતનું લાંબું રાજ્ય આપ્યું હતું તે આહારેમને આપ્યું હતું. ત્યાં આહારેમન જરતોશ્તને ફુસલાવતાં કહેછે કે "જો તું માજદીયસ્ની ધર્મથી પાછો ફરે તો જેમ જોહાકને મેં ૧૦૦૦ વર્ષનું રાજ્ય આપ્યું હતું તેમ તુને આપું" (બા. ૫૭-૨૫). મીનોએરદ કહેછે કે જુહાકનાં હાથમાં ઇરાનનું રાજ્ય ગયું એ એક રીતે ભલુંજ થયું. કારણ જો તે તેનાં હાથમાં નહી ગયું હતે તો 'એશમ' દેવનાં હાથમાં જતે જેનાં હાથમાંથી છેક રસ્તાએજ સુધી છુટી શકતે નહી. એના હાથમાં ગયું તો સારૂં કે ફરેદુન તેનાં હાથમાંથી છોડવી શકયો (બા. ૨૭-૩૪ થી ૪૦). સદર કેતાબમાં એને અફ્રાસ્યાબ, તુરબરાતુર જેવા બુરાઓનાં સંઘનો ગણ્યોછે. ફીરદોસી પ્રમાણે [illegible] આ નગરે જે એની સામે બળવો કર્યો હતો તે બનાવની બાબદને એ કેતાબ ટેકો આપેછે (બા. ૫૨-૫).

[illegible] = દાઇત્ય. ય. ૧—૨૩; ૫—૧૭, ૧૦૪, ૧૧૨; ૯—૨૯; ૧૫—૨. વં. ૬—૩; ૨—૨૧; વં. ૧૯—૫. ઇરાન વેજની એક નદી. બુનદેહેશ કહેછે (પા. ૫૧—૧૯ બા. ૨૦—૧૩.)

[illegible]

એટલે "દાઇતી નદી ઇરાન વેજમાંથી આવેછે અને ગોર્ગસ્તાનનાં પહાડમાંથી બાહેર નીકળેછે." યુસ્તી એ ગોર્ગસ્તાનને Georgia લઇએ દાઇતી નદીને Araxes સાથ સરખાવેછે. દાર્મેસ્ટેટ પણ એજ નદી ધારેછે. ગાઇગેર Zarafshan ધારેછે. એ નદીને બુનદેહેશમાં સઘળી નદીઓમાં મુખ્ય ગણી છે. [illegible]

[illegible] – એટલે "દાઈતીક નદી વેહે-તી નદીઓમાં સરદાર છે" (પા. ૫૮—૪ બા. ૨૪—૧૪). દાદસ્તાનેદીની (પા. ૧૯૦ક–૬ બા. ૯૦) માં કહેછે કે એના કીનારા ઉપરનાં મુલકમાં ગોપતશાહ રાજ્ય કરેછે [illegible]

[illegible]

[illegible]

એટલે "ગોપતશાહની પાદશાહી (ખોદાઇ) ગોપતનાં મુલક પર છે જેનો છેડો ઈરાનવેજ સાથ આવેલોછે (હમઅનજમન્દવર). તે દાઈતી નદીના પાણી (મય) નાં કીનારાપર છે.

[illegible] = દાઓંઘ. ય. ૧૩—૯૮. એક પુરૂષનું નામ. એ ફકરામા "દાઓંઘહે. જઈરિતહે" કરી આવેલ છે તેનો દાર્મેસ્ટેટર, મેહેરજી રાણાં અર્થ કરેછે કે "જઈરિતનો દાઓંઘ" પણ યુસ્તી એ શબ્દને ઝઈરીતનો વિશેષણ લેઈ ડાહ્યો એમ અર્થ કરેછે. સ્પીગલ પણ એમ અર્થ કરેછે. હારલે દાઓંઘને વિશેષનામ લેઈ ઝઈરીતને તેનું વિશેષણ ગણેછે અને અર્થ કરેછે કે 'ખુબસુરત.'

[illegible] = દાજઆરિપ. ય. ૧૩—૧૦૬. એક પુરૂષનું નામ જેના છોકરા બુધ્રની ફ્રવશીને આરાધીછે.

[illegible] = દાજગરો ગાઓ. ય. ૧૩–૧૨૭. સ્પીગલ એને આગલના શબ્દ 'પર્શાત ગાઓ' નો વિશેષણ લેઈ અર્થ કરેછે કે "ગાયને મદદ કરનાર" પણ બીજા બધા વિદ્વાનો એને વિશેષનામ લેછે. 'પર્શાત્ ગાઓ' અને 'દાઝગરો ગાઓ' બન્ને સાથે આવેલ છે તેથી યુસ્તી એઓને ભાઈ ગણેછે. મેહેરજી રાણા વાછા "દાઝરોગાઓ ના પર્શાત ગાઓ" એમ અર્થ કરેછે, કારણ જો એ બન્નેની ફ્રવશીઓને સાથે એકજ વાક્યમાં યાદ કરે તો 'ફ્રવશી' બહુવચનમાં જોઈએ, જેમ તે નથી. દાર્મેસ્ટેટર અને હારલે એ બન્ને જનાની ફ્રવશીને (જો કે ફ્રવશી શબ્દ એક વચનમાં છે તે છતાં) યાદ કરેલી ગણે છે. ગમે તેમ હોય પણ એ નામ ધરાવનાર શખ્સ વિષે વધુ કશું જણાયલું નથી.

[illegible] = દાનય. ય. ૧૫–૬૧. એક પુરૂષનું નામ છે. જેનાં છોકરા યા એશી 'વરેશ' ને કેરેસાસ્પે માર્યા હતા. જમ્યાદયષ્ટ જેમાં કેરેસાસ્પનાં પરાક્રમો વર્ણવ્યાં છે તેમાં એનું એ પરાક્રમ પણ નોંધ્યુંછે. પણ 'સુદગર' નુસ્કનો સારાંશ દીનકર્દનાં ૯ મા દફતરમાં આપ્યોછે, ત્યાં કેરેસાસ્પનાં જે પરાક્રમો વર્ણવ્યાંછે અને કેરેસાસ્પને લગતી એક પેહેલવી રેવાયત, જેમાં કેરેસાસ્પ પોતે પોતાના પરાક્રમો વર્ણવેછે ત્યાં, એનું નામ યા એ પરાક્રમ મળતું નથી.

[illegible] = દાનું. ય. ૫–૭૩; ૧૩–૩૭, ૩૮. એ એક તુરાની તાયફાનું નામ હોય એમ દિસે છે. કારણ આવાંયષ્ટમાં એઓને 'દાનવતુર' એમ કહ્યાછે. કેટલાકો એને હીંદુ દંતકથામાં જે 'દાનવ' આવેછે તેની સાથે સરખાવેછે કે જેઓ પ્રોફેસર 'દાર્મેસ્ટેટર'નાં શબ્દકોષ પ્રમાણે 'દાનુ' થી ઉતરી આવેલા દેવોની સાથે લડનારા દૈત્યો હતા. ફરવરદીનયષ્ટમાં પણ જ્યાં એ શબ્દ આવેછે ત્યાં સ્પીગલ અને મેહેરજી રાણા વાછા એને સામાન્યનામ લેઈ 'દુશમન' તરીકે અર્થ કરેછે, પણ વિશેષનામ નથી લેતા. એથી ઉલટું હારલે એ શબ્દને આવાંયષ્ટમાં સામાન્યનામ લેઈ ફરવરદીનયષ્ટમાં વિશેષનામ લેઈ એક તાયફાનું નામ ગણે છે. યુસ્તી અને દાર્મેસ્ટેટર લેછે તેમ હું ધારૂં છું કે બન્ને યષ્ટમાં એ એક તાયફાનું નામ છે.

જેવી રીતે એ તાયફા માટે બોલવામાં આવેછે તેવી રીતે લેતાં તે એક ઈરાની-ઓનો દુશમન તાયફો દિસેછે. હું ધાઇ-છું કે તે સીથીઆમાં આવેલો એક તાયફો હતો જે વારેઘડીએ ઈરાન ઉપર હુમલો લાવી ઈરાનીઓને હેરાન કરતો. હખામીનીઅન વંશનો પાદશાહ દારા. યસ સીથીઆમાં જે હુમલો લેઈ ગયો હતો તે એવા એક તાયફા ઉપર દિસેછે. હું ધાઇ છું કે એ દાનું તાયફાનું નામ હજુર આપણને એ સીથીઆનાં મુલક તરફ આવેલી હાલની રશીઅન નદીઓ (Danube, Dneiper, Dneister, Don) વીગેરેમાં મલેછે. દાન્યુબ નામની ઉત્પત્તી કદાચ દાનુ અને (એટલે દાનુ લોકોનું પાણી અથવા નદી) ઉપરથી હોય એ સંભવીત દિસેછે. એ તાયફો ઘણો મોટો હશે, તે તેઓનું નામ પશ્ચિમમાં છેક Denmark દેશમાં આપણને મળેછે તે ઉપરથી દિસેછે. દેનમાર્કનો અર્થ "દાનુ લોકોનો (mark =) મુલક" થાય. દાન્યુબનું અસલ નામ તો (Ister) ઈસ્થર હતું. દાનુ તાયફો જે એ નદીવાલા મુલકમાં વસતો હતો તેનું નામ પોતાના ઈરાની શબ્દ (ફારસી આબ) સાથે જોડીને દારાયસે અથવા ઈરાનીઓએ એ નદીને 'દાનુ આપ' નામ આપ્યું હોય જે પાછળથી 'દાન્યુબ' થયું.

= દારયત. રથ. ય. ૧૩—૧૦૮. એક પુરૂષનું નામ.

= દાસ્તયાનિ. ય. ૧૯-૪૧. એક શખ્સનું નામ છે જેનાં છોકરાઓને કેરેસાસ્પે માર્યા હતા. સુદગર *નુસ્ક જેનો સારાંશ દીનકર્દનાં ૯ મા દફતરમાં આપ્યોછે તેમાં એનું નામ 'દાસ્તાનીક' કરી આવેછે. પણ કેરેસાસ્પને લગતી પેહેલવી રેવાયત જેમાં કેરેસાસ્પ પોતે પોતાનાં પરાક્રમો અહુરમજદ આગલ રજુ કરી તેઓને ખાતર આતશને દીધેલી ઈજા માટે દરગુજર ચાહેછે તેમાં એને લગતું પરાક્રમ નોંધેલુ નથી. એ શખ્સ કોણ હતો અને એનાં છોકરાઓએ શું બુરૂં કામ કર્યું હતું તે કશા ઉપરથી માલમ પડતું નથી.

= દાસ્તાગ્નિ. ય. ૧૩-૧૨૫. એક પુરૂષનું નામ જેના છોકરા 'પરોદારમ' ને ફરવરદીનયશ્ટમાં આરાધ્યોછે.

= દાહિ. ય. ૧૩-૧૪૪. એ એક તાયફાનાં મુલકનું નામ છે. ફરવરદીનયશ્ટ પ્રમાણે તે જમાનામાં જણાયલા પાંચ મુલકોમાંનો એ એક છે. એઓનો મુલક તે પ્લીનીએ કહેલો (Dahae) દાહી, ડીરોદોતસ અને સ્ત્રાબોનો Δάαι અને ચીનાઈ ભુગોલ નવેસાનો Tahia તાહીઆ ધારવામાં આવેછે. યુસ્તી એને એક સીથીઅન તાયફાનો મુલક ધારે છે. જો એ ચીનાઈ ભુગોલનવેસો નો Tahia નો મુલક હોય તો તે ઓક્ષસ નદીની દક્ષિણે હોવો જોઇએ. સ્પીગલ પણ કેસ્પીઅન સમુદ્રની દક્ષિણ પૂર્વે આવેલો કોઈ સીથીઅન તોલાનો એ મુલક ધારેછે. હારલે એને કોકેસસની નજદીકનો અને ઉસરત સમરકંદની પડોસનો કોઈ મુલક ધારેછે. બુનદેહેશ (પા. ૩૯-૬ બા. ૧૫-૨૯) માં એને 'દાઈ' નો મુલક કહ્યોછે. હાલમાં અફગાનોના 'હઝારાહ' તોલામાં દાહી નામનો એક તાયફો છે તે એજ દીસેછે. એ તાયફામાંનાં એક ભાગને 'દાહીમર્દ' ના ખાસ નામથી ઓલખવામાં આવે છે.

= દિશ્તિ. વં. ૧૭—૩. એ એક માપ છે. પેહેલવી પાજંદ ફરહંગ પ્રમાણે ૧૦ આંગળાંની પોહોળાઈનું એટલે આસરે ૭½ ઈંચનું માપ.

* દાકતર. ઉવેસ્ત પેહેલવી તેક્ષ્ટ II ૩૭૨.

[illegible] = દુઝ્ક. વં. ૧—૧૦. એ શબ્દ "વએકેરેત દુઝકોશયનેમ" એમ સાથે આવેછે. પેહેલવી તરજુમો કરનારાઓ એ શબ્દને વિશેષણ લેઈ અર્થ કરેછે કે [illegible] એટલે "બુરાછાયાવાળું." દાર્મસ્ટેટે પણ પેહેલવીવાળાઓ પ્રમાણે એ શબ્દને વિશેષનામ નથી લેતા. પણ બીજા તરજુમો કરનારાઓ એને વિશેષનામ લેઈ અર્થ કરેછે કે "વએકેરેત જેની દુઝક રાજધાની છે." રીતરે પેહેલવેહેલાં એને વિશેષનામ ધાર્યું. બરનુફ અને લાસન એને સજીસ્તાનની હદમાં આવેલું હાલનું 'દુશાક' શેહેર ધારેછે. એ મુલક તરફ રેતીનાં જંગલો આવવાને લીધે એને 'દુઝક' (ખરાબ) કહ્યું હોય એમ દિસેછે.

(૨) [illegible] = દુજક. વં. ૧૩—૨૩. એક કુતરાની જાત. વંઘાપર નામના કુતરાનું સાધારણ નામ. જુઓ [illegible].

[illegible]

[illegible] = દુરએકએત. ય. ૫-૧૩. કોઈ એ શબ્દને વિશેષનામ તો કોઈ વિશેષણ લેછે. 'અશાવઝદ અને શ્રીત' આવાં અર્દવીસુર પાસે 'કર અસબન' અને 'વર અસબન' ને મારવા માટે દુવા ગુજારેછે તેની સાથે એને મારવા માટે પણ ગુજારેછે. યુસ્તી એને વિશેષણ લેઈ અર્થ કરેછે કે fernhin bemerklich એટલે 'દુરથી વખણાએલો (વરઅસબન)'. સ્પીગલ 'દુરથી ચલકતો' એમ અર્થ કરેછે.

[illegible] = દુજયાઈર્ય. ય. ૮-૫૧. એ નામની એક પરીનું નામ, જે તેનાં અર્થ પ્રમાણે ખરાબ અથવા

15

દુકાલનાં પાક વગરનાં વર્ષ ઉપર સરદારી ભોગવેછે. અહુરમજદ કહેછે કે તેણે તિશ્ત્રય (વરસાદ) ને એ દેવી કે જે બુરાં લોકો ખાટી રીતે હુયાઈર્ય કહેછે તેની સામે થવા માટે પેદા કીધો. પાદશાહ દારાયસ પણ પોતાની એક તખ્તીમાં ઇચ્છેછે કે "અહુરમજદ મારા દેશને દુશમનથી, 'દુશિયાર' (વેરાનપણું, સુકારા) થી બચાવે."

[illegible] ([illegible]) = દ્રઓન (દ્રઓનંઘ). વં. ૫-૨૫. દરૂન. એક જાતની પવિત્ર રોતી, જે ધર્મની ક્રિયામાં વાપડવામાં આવેછે તે. તે ખ્રીસ્તીઓની consecrated bread ને મળતી આવેછે. ઇજશને વંદીદાદ અને બાજની ક્રિયામાં એની હાજરી અવશ્યની છે. આકાશી ગોળાઓની માફક એનો આકાર ગોળ હોયછે. એ દરૂન જીંદેરવાનની એટલે જીવતાંઓનાં રવાનને લગતી તેમજ અનોશેરવાન એટલે ગુજર પામેલાંઓનાં રવાનને લગતી ક્રિયામાં વાપડવામાં આવેછે. જુદા જુદા યજદોની નઈઅતે તેમજ અશોફ્રેહરોની યાદમાં પણ એ ઇજવામાં આવેછે. એ ઘઉનાં આટાના થોડાંક ઘી સાથ બનાવવામાં આવેછે. દરૂન ઉપર કેટલીક વાર નામ પાડવામાં આવેછે, એટલેકે તેનાં એક પડ ઉપર હુમત, હુખ્ત અને હવર્શત એ ત્રણ શબ્દો ત્રણ ત્રણ મરતબે બોલી નવ કાપા પાડવામાં આવેછે. એવા નામ પાડેલા દરૂનને દરૂનનાં ખારા નામથી ઓળખવામાં આવેછે, અને એવા નામ વગરના દરૂનને 'ફ્રસસ્ત' કહેછે. હું ધારૂં છું કે એ બોલ અવસ્તાનો [illegible] ફ્રસસ્તી છે (ઈ. હા. ૮-૧). બાજ ધરતાં મોબેદ આથમો હા ભણતી વેળાએ એ ફ્રસસ્તી શબ્દ બોલતાં નામ વગરનો દરૂન પોતા સનમુખથી ઊંચકેછે તે ઊપરથી હું ધારૂં છું કે નામ

વગરનાં દરૂનને માએદાથી એ નામ મળ્યું.
ઇજિશને, વંદીદાદની ક્રિયામાં એક દરૂન વાપડવામાં આવેછે. બાજની ક્રિયામાં, જુદા જુદા યજદોને નામે ભણાતી બાજમાં ચાર દરૂન વપડાયછે, પણ સરોશની બાજમાં છ વપડાયછે. અરદાફરૂઅશની બાજમાં આઠ વપડાયછે જેમાં ૪ માંડીને ઇજવામાં આવેછે, અને ચાર અમથા રાખવામાં આવેછે. એ દરેક સંખ્યામાંથી અરધા નામનાં અને અરધા વગર નામના દરૂનો હોયછે.

[illegible] = દ્રઓષિશ્વાએ. ય. ૧૯—૪. એક પહાડનું નામ.

[illegible] = દ્રાથ. ય. ૧૩—૧૦૯. એક પુરૂષનું નામ, જેની ફ્રવશીને યાદ કરીછે.

[illegible] = દ્રિઉવિ. વં. ૧૯—૪૩. એક દેવનું નામ, જે ભીખારીપણા ઉપર અને કંગાલીઅત ઉપર સરદારી ભોગવેછે. અંગ્રમઇન્યુશ, ઇંદ્રિ, સાઉરૂ વીગેરે દેવોનો એ સાથી છે.

[illegible] = દ્રુજ. વં. ૧૮—૩૦. ૩૧......
સ્ત્રીવર્ગનાં દેવો. એ દરૂજને મદદ કરનારામાં બખીલો અને જેઓ પોતે છતાએ એવી રીતે પીસાબ કરે તેવા આદમીઓને ગણ્યાછે, જેઓ ગોયા તેણીને હમેલ રાખેછે. દુર્ગુણો અથવા બુરી શક્તિઓ.

[illegible] = દ્વાસ્પ. ય. ૯—૪, ૫.
એ ગોશયજદનું નામ છે. એનો અર્થ "ઘોડાને મજબુત અથવા તનદોરસ્ત રાખનાર" થાયછે. ઇરાની પાદશાહો અને પેહેલવાનોએ એ યજદને દ્રવાસ્પના નામથી આરાધીછે. એણીને આરાધનારાઓમાં હોશંગ, જમશેદ, ફરેદુન, હોમ, કએખુશ્રુ, જરતોસ્ત અને ગુસ્તાસ્પ હતા. જે મહાન પુરૂષોએ અશીસંગની આરાધનાં કીધી છે તેઓએજ એણીને પણ આરાધીછે, અને એણીની પાસે દુઆપણ તેજ માંગીછે.

ન

[illegible] = નઇર્યો સંઘ. ય. ૧૦—૫૨; ૧૩—૮૫; ઇ. ૫૭—૧, ૩; ૭૧—૨૩. વં. ૧૯—૩૪; ૨૨—૭. એ એક આતશને લગતા યજદનું નામ છે. એનું કામ અહુરમજદ તરફનાં કાસદતરીકેનું છે. વેદનાં નરાશાસ ને એ મળતો આવેછે, જે અગ્નીનું એક નામ છે, અને જે કાસદનું પણ કામ કરેછે. અવસ્તામાં પણ એ એક આતશનું નામ છે. એને એક કાસદનું કામ સોંપ્યુંછે તેનો ખોલાસો એવી રીતે દિસેછે કે તે નઇર્યોસંગ એક જાતનો કુદરતી આતશ છે, જેવો કે વીજલીનાં ચમકારાથી મળતો આતશ. તે જાણે આકાશ ઉપરથી આ પૃથ્વી ઉપર આવેછે અને અંહી રોશની લાવેછે. આતશ તરીકે તે નઇર્યોસંઘ અંહી બલીને ધુંવા વીગેરે સાથે જાણે ઉપર ચહડી માણસોની દુઆ અને અરજો ખોદાને દવારે લેઇ જાએછે. રોશની સાથે તેનો સંબંધ છે માટેજ તે મેહેર યજદનો શરીક છે. બુનદેહેશમાં એને [illegible] કહ્યોછે (પા. ૩૩—૭ બા. ૧૫—૧). માણસ જાતની શરૂઆતની પેદાયશનાં સંબંધમાં કહેછે કે ગયોમર્દથી પડેલાં બુનને સૂર્યની રોશનીએ સાફ કર્યું. નઇર્યોસંગે તેનાં બે ભાગ અને અસ્પંદાદમદ જમીને એક ભાગ જાલવી રાખ્યા. એ પણ રોશની ગરમીના સાધન તરીકે આતશે પેદાયશની શરૂઆતમાં શું ભાગ લીધેલો તે સમજાવેછે. (પા. ૩૩-૬ બા. ૧૫-૧). એ પ્રમાણે પએગમબર જરતોસ્તનાં હવોવીથી પડેલાં બુનો નઇર્યોસંગે જાલવી રાખ્યાં (બા. ૩૨—૮). એને કાસદતરીકે કરેલાં કામનાં દાખલા બહમનયષ્ટ આપેછે (બા. ૩—૨૯), જ્યાં અહુરમજદ કહેછે કે મેં નઇર્યોસંગને કંગ-

દેઝ તરફ મોકલી પેશોતંન ઉપર પેગાંમ મોકલ્યો અને ધર્મનો ફેલાવો કરવા કહેવાડ્યું. એજ પ્રમાણે એક વખ્ત સરોશની સાથે નર્યોસંગને કેરેસાસ્પને બીદાર કરવા મોકલ્યો, કે તેને ઉઠાડી અઝીદહાકને તેને હાથે મારવા કહે (બા. ૩-૫૯-૬૦).

[illegible] = નઓતર. ય. ૫-૭૬, ૯૮; ૧૩-૧૦૨; ૧૫-૩૫. બુનદેહેશનો [illegible]. શાહનામાનો نوذر. એનાં પોતા વિષે અવસ્તામાં કાંઈ મળતું નથી. અવસ્તા ઉપરથી એટલું માલમ પડેછે કે એનું ખાનદાન ઘણું નામીચું હતું. એને વીસ્તઉરૂ નામનો એક છોકરો હતો, જેની ફ્રવશીને યાદ કરીછે. હવોવનાં ખાનદાનની માફક એનું 'નઓતઇર્ય' ખાનદાન મશહુર હતું. પાદશાહ ગુસ્તાસ્પની બાયડી હુતોશી પણ એ ખાનદાનની હતી. (ય. ૧૫-૩૫). બુનદેહેશ પ્રમાણે એ મીનોચેહેરનો છોકરો થાય અને ફ્રીસ અને દુરાશુનનો ભાઇ થાય. (પા. ૭૮-૧૬ બા. ૩૧-૧૩)

[illegible]

[illegible], [illegible]. બુનદેહેશ પ્રમાણે એને 'અગાઇમસ્યાક' નામનો છોકરો હતો. તેને પેટે 'અઉઝાબ' (ઝુવ) જે એની પછી ઇરાનની ગાદી ઉપર આવ્યો હતો તે પેદા થયો હતો (બા. ૩૧-૨૩). એનીથી જેમ પાદશાહી પેહેડી તેમ, એક મોબેદોની પેહેડી પણ ઉતરી હતી. એ ચહડ ઉતર પેહેડીઓ માટે જુઓ વંશાવળીઓ. શાહજાદો જલાલ કાજર એની માએનું નામ ફરંગીસ فرنگیس જણાવેછે પણ શા આધારે તે એ નામ આપેછે તે જણાવતો નથી. ફીરદોસી અને બીજા ફારસી તવારીખ નવેશો પ્રમાણે એણે સાત વર્ષ ઇરાનની ગાદી ઉપર રાજ્ય કર્યું હતું. પણ ઘણું અજબ જેવું છે કે બુનદેહેશ (બા. ૩૪) માં જ્યાં ઇરાનની ગાદી ઉપર આવી ગયેલા હોશંગથી સેકંદર સુધીનાં બધા પાદશાહોનાં નામ આવેછે અને તેઓનાં રાજ્યોનાં વર્ષ આવેછે ત્યાં નોદરનું નામ અને કેરેસાસ્પ પાદશાહનું નામ આવતું નથી. બુનદેહેશ પ્રમાણે ત્યારે જાણે એણે રાજ્ય કર્યુંજ ન હતું. વળી બારમા નુસ્ક ચીદ્રસ્તનો એનતેખાબ દીનકર્દનાં આઠમા દફતરમાં આપવામાં આવ્યોછે (ઉવેસ્ત પેહેલવી તેક્ષ્ટ I પા. ૩૨૯) ત્યાં પણ જે સીલસીલાબંધ હોશંગથી ગુસ્તાસ્પ સુધીના નામો આપેલાં જોવામાં આવેછે તેમાં નોદરનું નામ દિસતું નથી. એ બુનદેહેશનાં વીચારને ટેકો આપેછે કે નોદર કદાચ ગાદી ઉપર નહી આવ્યો હોય. પણ ફીરદોસી અને બીજાઓ પ્રમાણે એ ગાદી ઉપર આવ્યો હતો ત્યારે એ ફરકનો ખોલાસો સોધવો જોઇએ. ફીરદોસી ઉપરથી માલમ પડેછે કે પાદશાહ નોદર એક ફતેહમંદ રાજા નીવડ્યો નહીં હતો. ગાદી ઉપર આવતાં તેણે લોકોને નારાજ કર્યાં. લોકો એનાથી કંટાલી ગયાં. જ્યારે એને એવા મામલાની ખબર પડી ત્યારે સામને તેડાવી મંગાવ્યો, જે આવતાં લોકોએ તેને ગાદી આપવા માંગી પણ તેણે નીમકહરામ થવા ના કહી નોદરને સારો કારોબાર ચલાવવા સમજાવ્યો. એમ તેણે કરવા પણ માંડ્યું પણ તે ઘણું મોડું હતું. કારણ તુરાની પશંગને ઇરાનનાં માથા કારોબારની ખબર પડી હતી તેથી તેણે પોતાનાં બેટા અફ્રાસ્યાબને લશ્કર આપી ઇરાનપર મોકલ્યો. તેણે કેટલીક લડાઇઓ બાદ નોદરને કેદ પકડ્યો, અને મારી નાંખ્યો અને ઇરાનની ગાદી ઉપર બેઠો, જે ઉપરથી આખેરે જાલે તેને ઉઠાડી, 'ઝવ' ને બેસાડ્યો. એ પ્રમાણે ત્યારે નોદર એક ખરાબ પાદશાહ નીવડ-

વાથી એવું દિસેછે કે બુનદેહેશ વાળાએ અને ચીદ્રસ્ત નુસ્કવાળાએ બલ્ખ નામીચા ઇરાની પાદશાહોમાં એનું નામ આપવાનું મુકીજ દીધું હોય. જાણે એ ગાદી ઉપર બેથાજ નહી હોય, એમ ગણી તેનાં બુરાં રાજ્ય તરફ ધીક્કાર બતલાવા તેઓએ તેને વીસારી મેલેલો દિસેછે.

અને એ નોદર એક બુરો પાદશાહ હશે તેની આડકતરી સાબેતી અવસ્તા ઉપરથી એ મળેછે કે ફરવરદીનયશ્ટમાં અસલી ઇરાની પેશદાદીઅન પાદશાહોનાં ફરોહરોને યાદ કર્યાંછે તેમાં ગયોમર્દથી સઘળા પાદશાહોનાં ફરોહરોને યાદ કર્યાં છે તેમાં નોદર અને કેરેસાસ્પનાં ફરોહરોને યાદ કર્યાં નથી, કારણ એઓ બેદાદ પાદશાહ હતા. કેરેસાસ્પને ફીરદોસી કાંઈ ખરાબ પાદશાહ ચીતારતો નથી. એવું દિસેછે કે ફીરદોસીને એ પાદશાહ વિષેની હકીકત કાંઈ પુરતી મળી નહી હશે. કારણ એ પાંચ દસ લીતીમાંજ એનું દાસ્તાન પતાવેછે. માલકમ બીજા તવારીખ નવેશોને આધારે જણાવેછે કે કેરેસાસ્પ પણ બુરો પાદશાહ નીવડ્યો હતો, એટલે સુધી કે જાબેજરને તેને ગાદીઉપરથી ઉઠાડી મુકવાની ફરજ પડી હતી. ચીદ્રસ્તનુસ્કનો દીનકર્દનાં આઠમા દફતરમાં જે ઇનતેખાબ આપવામાં આવ્યોછે તેમાં પણ કેરેસાસ્પનાં રાજ્યને સીતમ લાયક એટલે જુલમી ગણ્યું છે. (ડા. ઉવેસ્ત પેહેલવી તેક્ષ્ટ I ૩૨૯). એ ઉપરથી ત્યારે દિસેછે કે નોદર (અને તેની સાથે કેરેસાસ્પ) ને બુનદેહેશવાળાએ એક પાદશાહ તરીકે શા કારણે નથી જણાવ્યો અને તેનાં રાજ્યનાં વર્ષો શામાટે નથી આપ્યાં. અવસ્તા યા પેહેલવી પુસ્તકોમાં (સિવાય કે બુનદેહેશની વંશાવળી) એને વિષે કાંઈ લખાણ મળતું નથી. ફીરદોસી એનાં રાજ્યનું કેવું ચીત્ર રજુ કરેછે તે આપણે ઉપર જોયુંછે. માલકમ જણાવેછે કે બીજા તવારીખનવેશો એનાં જુલમગાર રાજ્ય વિષે ઘણું બોલી ગયા નથી, કારણ કે એણે તાતાર દેશ ઉપર એક બલ્ખ નામીચી ફતેહ મેળવી હતી. એ ફતેહે તેની જાંખ મારેલી કીર્તીનો જાણે થોડાક બચાવ કીધો હતો. ફીરદોસી એ વિષે કાંઈ જણાવતો નથી.

[illegible]=નંધુશ્માઓ. ય. ૧૯-૪.

એક પહાડનું નામ છે.

[illegible]=નનારાસ્તિ. ય. ૧૩-૧૧૫.

એક પુરૂષનું નામ 'એ પએશતહ' નામનાં શખસનો છોકરો થાય. સ્પીગલ 'નનારાસ્તિ. પએશતહ' એમ એકજ નામ સાથે લેછે, જ્યારે યુસ્તી, દાર્મસ્ટેટે, મેહેરજીરાણા વાછા જુદાં લેછે. હારલે તરજુમો કરતાં એ વાક્ય ભુલીજ ગયોછે. પણ એની પછીનાં વાક્યમાં એ 'પએશતહ' શબ્દ પાછો આવેછે ત્યાં જે તેણે તરજુમો કીધોછે તે ઉપરથી દિસેછે કે તે બધાઓથી જુદો પડી એ શબ્દને 'નનારાસ્તિ' નું વિશેષણ ગણી તેનો "લડવૈયો" અર્થ કરેછે.

[illegible]=નપ્તય. ય. ૧૩-૧૦૨. એક પુરૂષનું નામ. યુસ્તી એને વીસ્તાસ્પનો છોકરો ગણેછે, પણ, તે શા આધાર ઉપરથી અને કયો છોકરો તે જણાવતો નથી. એ ફકરાઓમાં ગુસ્તાસ્પનાં છોકરાઓના નામ દીધેલાં છે એવું દિસેછે, કારણ એઓમાં કોઈક નામો પરખાએછે. દાખલા તરીકે 'ફરશાહામવરેત' તે ગુસ્તાસ્પનાં છોકરા 'ફરશીદવર્દ' નું નામ છે. બીજું કેટલાક નામો આતર ઉપરથી છે. નવી દીનમાં આતરાને જે માન ભરી જગ્યા મળી હતી તે ઉપરથી એ નામો ગુસ્તાસ્પે પોતાના બેટાઓને આતશ ઉપરથી આપ્યાં હોય એ સંભવીક છે. 'નુશઆદર',

'આદરઅફ્રુઝ' એવાં નામો આપણને ફીરદોસી ઉપરથી પણ ગુસ્તાસ્પના નબીરાઓ તરીકે મળેછે. એ વીચાર ધ્યાનમાં રાખી ગુસ્તાસ્પનો કોઈ છોકરો એ અથવા એને મળતાંજ નામનો શાહનામામાં બોલતાં મને نیو زار (નીવઝાર) નું નામ મળેછે, કે જે શાહ ગુસ્તાસ્પનો છોકરો હતો. [illegible] માં [illegible] પેહેલવીમાં [illegible] લખાઈનીવ نیو વંચાયો હોય પછી 'ત' કે 'ઝ' માં બદલ થયો હોય, જેમ આપણને 'આતર પાતન' નો 'આઝરબએઝાન' અથવા 'આતર' નો 'આઝર' મળે છે. તેથી એ નપત્ય તે શાહનામાનો نیو زار હોય. જો એ નપત્ય ત્યારે નીવઝાર હોય તો તે શાહ ગુસ્તાસ્પનો છોકરો હતો અને તે ગુસ્તાસ્પ સાથ અરજાસ્પની લડાઈમાં ઉતર્યો હતો. Mohl IV p 404. મોહલ ૪ પા. ૪૦૪.

بیامد پس آن بر گزیده سوار
پس شهریار جهان نیو زار

અવલમાં તેણે ઘણાં તુરાનીઓને માર્યા પણ આખરે પોતે માર્યો ગયો હતો. અહીં જણાવવું જરૂરનું દિસેછે કે ફીરદોસી પ્રમાણે શાહ ગુસ્તાસ્પનાં ૩૮ છોકરાઓ અરજાસ્પની લડાઈમાં માર્યા ગયા હતા. એ બાબેના ફીરદોસીનાં બેતો માટે જુઓ [illegible] [illegible]

[illegible] [illegible] = નબા. નજ્દિશ્ત. ઈ. ૧-૧૮. જેઓ જરતોસ્તી ધર્મ જાહેર થયા પછી એનાં ધર્મ પ્રમાણે માજદીઅસ્નાન હતા તેઓ. મીલ, દાર્મસ્ટેટે એનો અર્થ 'નજદીકનાં સગાંઓ' એમ કરેછે. હારલે અર્થ કરેછે કે 'હાલનાં વખતનાં.'

[illegible] = નરવ. ય. ૯-૧૮; ૧૩-૧૭; ૧૭-૩૮. એ શબ્દનાં બોલસા માટે જુઓ [illegible] શબ્દની સેવરનો બોલાસો.

[illegible] = નાઓંઘ હૈત્ય. વં. ૧૦-૯; ૧૯-૪૩. એક દેવનું નામ છે જે અસ્પંદાદ અમશાસ્પંદની વીરૂધ છે. બુનદેહેશ (પા. ૭૯-૮ બા. ૩૦-૨૯) માં એને [illegible] કહ્યોછે. અહી એનું બીજું નામ [illegible] જણાવેછે, જે સ્પૈંત આર્મઈતીથી બરાબર ઉલટું છે. અંહી વધુ કહેછે કે સ્પૈંત આર્મઈતી એ દેવ ઉપર ગાલેબ આવશે. એને એક જગ્યાએ (બા. ૧-૨૭) 'નાકહેદ' પણ કહ્યોછે.

[illegible] = નિવિક. ય. ૧૯-૪૧. એક શાખાજેનાં છોકરાઓ અથવા ટોલાં વાળાને મારવાનું કેરેસાસ્પનું પરાક્રમ હતું. સુદગર નુસ્કનાં ૧૪ મા ભાગનો દીનકર્દના નવમા દફતરમાં જે ઈનિતખાબ આપ્યોછે તેમાં પણ કેરેસાસ્પનાં એ પરાક્રમનો ઇશારો છે. (ડા. ઉવેસ્ત પેહેલવી તેક્ષ્ટ II પા. ૩૭૨).

[illegible] = નિસય. વં. ૧-૮. એ શેહેરની જગા મુકરર કરવામાં ઘણી મુશકેલી પડેછે. પુરાતન શેહેરોમાં એ 'નિસય' નામનાં એકથી વધારે શેહેરો હતાં તેમાંથી કયું શેહેર એ વંદીદાદમાં જાહેર કરેલું 'નિસય' હતું તે ચોકસ કહેવાઈ શકાતું નથી. સ્પીગલ બરનુફનાં મત સાથ મળતો થાઈ કહેછે કે એ શેહેર યુનાનીઓમાં જણાયલું નિસય (Nisæa) છે કે જે હીરકેનીઆ અને માર્જીઆનાની નજદીકમાં આવેલું હતું અને જે ખીલારોકી ભાષામાં નિસાયા (Nisaya) તરીકે જણાયલું છે, અને જે હાલનું નીશાપુર શેહેર છે. બુનસન અને હાઉગ પણ

એવોજ વિચાર ધરાવેછે. પણ જો એ શેહેર માટે એ વિદ્વાનોએ જાહેર કરેલી જગ્યા કબૂલ રાખ્યે છિયે તો નકશાપર નજર કરતાં માલમ પડેછે કે એ શેહેર તો મર્વની પશ્ચિમે આવેલું છે. પણ વંદીદાદમાં તો એ શેહેરની ચોકસ જગા તરીકે જણાવેલું છે કે તે મર્વ અને બાખ્ધી (બલ્ખ) ની વચ્ચે આવેલું છે. તેથી બરનુફ, સ્પીગલ, બુનસન અને હાઉગે કહેલી જગ્યા આપણે કબૂલ રાખ્યે તો વંદીદાદનું વર્ણન ખોટું પડે. વળી અજાયબ જેવું છે કે વંદીદાદની એ પેહેલી પરગરદમાં જે ૧૬ જગ્યાઓનાં નામો દીધાં છે તેઓમાં એ નિસય સિવાય કોઈ પણ બીજા શેહેરોનું મથક જણાવાની કાળજી રાખી નથી. એ મુશકેલીમાંથી છુટવા માટે દાર્મસ્ટેટે કહેછે કે એ ફકરાનો તરજુમો એમ પણ થઈ શકે કે "નિસય કે જેની અને બાખ્ધીની વચ્ચે મર્વ આવેલું છે." જો એમ તરજુમો થાય તો આપણે મુશકેલીમાંથી છુટીએ અને નિસયની જગ્યા ઉપલા વિદ્વાનોએ જાહેર કરેલી કબૂલ રાખ્યે. પણ એમ, દાર્મસ્ટેટે ધારેછે તેમ, અર્થ થવો મુશકેલ છે. કારણ કે મોઉરૂ અને બાખ્ધી એ બન્ને સાથે ઉભયાન્વઈ

અવ્યય — એટલે 'અને' બોલ્લો

આવ્યોછે. પ્રોફેસર યુસ્તી તેમજ પ્રોફેસર હારલે એ શેહેરને 'મારગાબ' ની ખીણમાં ધારેછે પણ તેની જગ્યા ચોકસ કરતા નથી. યુસ્તીનાં કહેવા પ્રમાણે એમ ખોલાસો આપી શકાય કે અંહી જ્યારે નિસયને મર્વ અને બલ્ખની વચ્ચે કહ્યું છે ત્યારે તેની મતલબ એમ નહી કે દિશાનાં સંબંધમાં તે એ બે શેહેરોની વચ્ચે આવેલું છે, પણ એમ હોય કે મર્વથી બલ્ખ જતાં પેહેલે નિસય થઈને જવું પડતું હોય, તેથી નિસયને વચમાં ગણ્યું હોય. નકશા ઉપર નજર કરતાં માલમ પડેછે કે એ મર્વ અને બલ્ખ વચ્ચે મોટું રેતાળ જંગલ આવેલું છે તેથી તેમાંથી પસાર થવું મુશકેલ હોય તેથી નિસય થઈને બલ્ખ જવાનો રસ્તો તે વખતે મુકરર કર્યો હોય. એક બે શેહેરો વચ્ચેનો ટુરતનો તફાવત થોડો હોય પણ વચમાં નડતી મુશકેલીઓને લીધે તેઓ વચ્ચે આવ જાવ કરવા માટે લાંબો આડકતરો રસ્તો મુકરર કરવો પડે. દાખલા તરીકે પુનાં શેહેર આપણી મુંબઈના દક્ષિણે છે અને થાનાં ઉત્તરેછે પણ આપણે પુને જવું હોય તો ઉત્તરે થાને થઈને પુને જઈએ છીએ. કારણ કે જો કે પુનાં અને મુંબઈ વચ્ચેનો ટુરતનો તફાવત દક્ષિણ ભણી તો ઓછો છે, તોપણ વચમાં દર્યો નડવાને લીધે લાંબો રસ્તો લેવો પડેછે. એ દાખલામાં જો એમ કહેવામાં આવે કે થાના, મુંબઈ અને પુનાંની વચમાં છે તો તેનું કારણ સમજ પડેછે

દાર્મસ્ટેટેએ તરજુમામા ફેરફાર કરવ ની કીધેલી તજવીજ કરતા એ ખોલાસો વધારે સંભવીક છે પણ મને દિસેછે કે વંદીદાદમાં કોઈ બીજાં શેહેરનુ મથક જાહેર કીધું નથી પણ ખસુસન એ નિસયનુંજ જાહેર કીધું કે તે 'મર્વ અને બાખ્ધીની વચમા છે" ત્યારે તેની કાંઈ મતલબ હોવી જોઈયે. એમ કાંય નહી હોય કે ખુદ એ પરગરદ લખનારના વખતમાંજ એક કરતાં વધારે નિસય નામનાં શેહેરો જાણીતાં થયા હોય તેટલા માટે તેને તે કીયાં નિસય માટે બોલેછે તે જાહેર કરવાની જરૂર પડી હોય કે "મર્વ અને બાખ્ધીની વચ્ચેનુ નિસય" એ ગુચવણનો સ્પીગલ જુદીજ રીતે ખોલાસો આપેછે અને કહેછે કે આંકવેટીલપણ તેવોજ વીચાર ધરાવતો હતો. તે કહેછે કે આપણે એક બીજું 'બાખ્ધી' નામનુ શેહેર હોય એમ ધારવું. તે આંકવેટીલનો વીચાર જાહેર કરેછે કે "બુલંદ વાવટાંવાલાં બલ્ખ" થી એક જુદું બલ્ખ નામનું શેહેર હોય જે ઉપરથી નજદીકમાં આવેલાં બલ્ખનાં અખાતનું પણ નામ પડ્યું હોય. જો બલ્ખનાં આખાતની

નજદીક એવું કોઇ શેહેર હોય એવું આપણે ધારીએ કે જે શેહેર ઉપરથી એ અખ્યાતનું નામ પડયું હોય તો વંદીદાદનાં વર્ણન પ્રમાણે એ નિસય શેહેર મર્વ અને બીજાં બખ્યનાં અખ્યાતની નજદીકનાં બલ્ખ શેહેરની બરાબર વચ્ચે આવી શકે. એ શેહેર માટે "અનજુમન આરા" નાં કર્તાએ આપેલાં વર્ણન પ્રમાણે તે મશહદ (Meshed) થી ૧૮ રએથી ૧૬, અને સોરખ્સ (કદાચ સોદ્ધ અથવા સોગદીઆનાં હોય ?) થી ૪૦ ફરસંગ દુર આવેલુંછે. એ નિસય શેહેરને નીસાપુર ધારતાં એ તફાવતો બરાબર દિસતા નથી. 'રએ' શેહેરથી નિસયને ફકત ૧૫ ફરસંગ એટલે ૪૫ મેલ દૂર ધાર્યું છે તે બરાબર નથી. નકશાપર નજર કરતાં રએ શેહેર ૩૬° ની અક્ષાંશ ઉપર અને ૫૨° રેખાંશ ઉપર આવેલું છે, અને નિસય શેહેર ૩૮°ની અક્ષાંશ અને ૫૭° ની રેખાંશની ઉપર આવેલું છે. હવે ભૂમધ્ય રેષાથી ૩૮° ઉત્તરના તફાવતે રેખાંશની એક દીગ્રીની લંબાઇ ૪૬.૬૩ મેલ થાયછે ત્યારે રએ અને નિસય શહેરો વચ્ચેનો ફકત સીધી લીટીનો તફાવત ગણએ તો તે ઓછામાં ઓછો, (૫૭°—૫૨°=) ૫°×૪૬.૬૩=૨૩૩.૧૫ મેલ=૭૭.૭૧૮૫ ફરસંગ થવો જોઇએ. તેથી અનજુમન આરાવાળાનો ૧૬ ફરસંગનો તફાવત મુદલ બરાબર નથી. કોઇબી રીતનો ખોલાસો યા સમજ આપો પણ વંદીદાદ વાલા 'નિસય' શેહેરનું મથક હજુર ચોકસ નથી.

[illegible] = નેમલ. ય. ૧૪-૫૫. એક જાતનાં લાકડાંનું નામ જે આતશને નુકશાન કરનારૂં ગણાયુંછે. અર્થ પ્રમાણે એ (નમ=ભીનું થવું) ભીનાં અથવા લીલાં લાકડાંની એક જાત હોય.

[illegible] = નેમો-વંધુ. ય. ૧૩—૧૦૯. એક પુરૂષનું નામ જે વંએધયંઘનો છોકરો યા ખાનદાનનો હતો. હાલ્લે અને સ્પીગલ એ બન્ને શબ્દોને સાથે લેઇ એક આખું નામ લેછે કે 'નેમો વંધુ. વએધયંઘ'.

[illegible] = નેરે.ચ્યજદન. ય. ૧૩—૧૧૦. એક પુરૂષનું નામ છે. એ 'આથ્યએઓઝ' નો છોકરો થાય. એનાં ફ્રેરોહરને યાદ કર્યુંછે.

[illegible] = ન્માન્ય. ઇ. ૧—૩. જુઓ [illegible]

૫

[illegible] = પઇતિ, અર્શ્વન્ત. ય. ૧૩-૧૦૯. એક પુરૂષનું નામ.

[illegible] = પઇતિદ્રાથ. ય. ૧૩-૧૦૯. એક પુરૂષનું નામ.

[illegible] = પઇતિ. વંધ. ય. ૧૩—૧૦૯. એક પુરૂષનું નામ.

[illegible] = પઇતિ ભીર. ય. ૧૩—૧૨૦. એ શબ્દ માટે જુઓ-[illegible]

[illegible] = પઇતિશ. વં. ૧૯—૪૩. એક બુરૂ ઇચ્છનારો અને બદગોઇ કરનારો દેવ જે અંગ્રમેનીઉશને લગતા ઇંદ્ર, સાઉરૂ, તારીક, ઝારીચ વીગેરે દેવોનો સાથી છે.

[illegible] = પઇતિશ. હદ્ય. ઇ. ૧-૯. વરસનાં છ ગંહબારોમાંનો ત્રીજો ગંહબાર જે શેહેરેવર મહીનાને આસ્તાદ રોજથી શરૂ થાઇ અનેરાન રોજે ખલાસ થાયછે. ધાતુ પ્રમાણે એનો અર્થ મેવાનો વખત એમ થાયછે. ગહમબારની આફ્રીન પ્રમાણે એ

હીંગામ ઉપર અહુરમજ્દે જમીન પેદા કરી. જે ધણી એ ધ્રમબારની ક્રિયા કરે અથવા તેમાં ભાગ લે તેને જાણે ૧૦૦૦ ઘોડીઓ બચ્ચાં સાથે અશો માણસને ભેટ આપી હોય તેટલું સવાબ લાગે.

[Avestan] = પઇત્યર્શવન્ત્. ય. ૧૩-૧૦૯. એક પુરૂષનું નામ. એ ફકરામાં અર્શવન્ત્, વ્યર્શવન્ત્ અને પઇત્યર્શવન્ત્ એ ત્રણ જનાંને આરાધ્યાછે. એઓ નજદીકનાં ઓશી દિસેછે. પેહેલાનાં અર્શવન્ત્ નામને 'વી' અને 'પઇતિ' ઉપસર્ગો લાગી બીજાઓનાં નામ બનેલાં દિસેછે.

[Avestan] = પઇરિશ્તીર. ય. ૧૩-૧૧૦. એક પુરૂષનું નામ. ડા૦ ઉવેસ્ત એને બુર્નદેહેશ (પા. ૬૮-૬ બા. ૨૯-૧) ના [Avestan] પરેસ્તયરો સાથ સરખાવેછે જેનો છોકરો [Avestan] [Avestan] હોઅઝરોદથહીહના સવહી કેશ્વરનો વડો ધર્મગુરૂ હતો. એ છોકરાના નામને તે અવસ્તાનાં 'પઇરિસ્તીર' નાં છોકરા 'જરોદંધુ' સાથ સરખાવેછે.

[Avestan] = પઅેસંઘનું. ય. ૧૩-૧૪૧. એક નામાંકીત કન્યા જેનાં ફ્રોહરને યાદ કરવામાં આવ્યુંછે. એ ફકરો નીચે પ્રમાણે છે. "કન્યાઓ પઅેસંઘ નવ. અશઓન્યાઓ ફ્રવષીમ્. યજમઇદે" એટલે "પેસંઘુ કન્યાની ફ્રવશીને અમો આરાધ્યે છીયે." એમાં સ્પીગલ અને હારલે એ નામને એક શખ્સનું નામ લેઇ અર્થ કરેછે કે "પઅેસંઘની છોકરીની ફ્રવશીને અમો આરાધ્યે છીયે." પણ એ દરૂસ્ત દિસતું નથી. આંહી બધી કન્યાઓનાં પોતાના નામ છે. પરણેલી ઓરતોનાં પોતાનાં નામ આપ્યાંછે ત્યારે કન્યાઓનાં બાપનાજ નામ શું કરવા આપે? એની પછીનાં બીજાં નામોમાં પણ સ્પીગલ, હારલે એમ છોકરી અર્થ લેછે.

[Avestan] = પઅેષત. ય. ૧૩-૯૭. એક પુરૂષનું નામ, જે 'ઉશ્માનર' નામનાં એક શખ્સ જેનાં ફ્રોહરને યાદ કર્યું છે તેનો બાપ થાય.

[Avestan] = પઅેષતંઘ. ય. ૧૩-૧૧૫, ૧૨૦. એક પુરૂષનું નામ છે જેનાં ત્રણ છોકરાઓ ઉસ્માનર (૧૧૫, ૧૨૦) નનારાસ્તી, અને ઝરઝદાતીનાં ફ્રોહરોને યાદ કર્યાંછે. કદાચ ૧૨૦ મા ફકરાવાળો 'પઅેશાત' જુદો શખ્સ હોય, કારણ એનાં નામ સાથે આંહી 'પઇતિશ્રીર' કરી શબ્દો વધારેલાછે. એને દાર્મસ્ટેટે 'પઅેષતંઘ પઇતિશ્રીર' કરી એક નામ લેછે પણ કહેછે કે કદાચ એ 'પઇતિશ્રીર' શબ્દ વિશેષણ હોય. સ્પીગલ એને વિશેષણ લેઇ અર્થ કરેછે કે 'ખુબસુરત.' યુસ્તી પણ 'ખુબસુરત' અર્થ કરેછે મેહેરજીરાણા વાછા એ વાક્ય "ઉસ્માનરહેચ. પઅેષતંઘો. પઇતિશ્રીરહે...." નો અર્થ નીચે પ્રમાણે કરેછે કે "પઇતિશ્રીરનાં પવિત્ર ઉસ્માનર તથા પઅેષતંઘની ફ્રવશીને અમો આરાધ્યે છીયે." હારલે એની સાથનાં 'પઇતિશ્રીર' શબ્દને એક તદન જુદો શખ્સ લેઇ એનાં ફ્રોહરને જુદું આરાધતો જણાવેછે. ૧૧૫ મા ફકરામાં આવેલાં 'પઅેશાત' શબ્દને એ સામાન્યનામ લેઇ લડવૈયો કરી અર્થ કરેછે, અને ૧૨૦ મા ફકરામાં 'ઉસ્માનર. પઅેશાત' કરી એકજ શબ્દ લેઇ એક શખ્સનું નામ ગણેછે.

[Avestan] = પઅેશિશ. ય. ૧૯-૯૪. એક દરૂજનું નામ છે. યુસ્તી એને Unholdin der Verwesung એટલે

"કોહીવાન અથવા બીગાડાની દેવી." ગણેછે. ઉવીન્દીશમાન અને સંસ્કૃત વિશાચી સાથ મરખાવેછે. હારલે અને [illegible] એટલે મારવું ધાતુ ઉપરથી એક મારનારી દરૂજ ગણેછે. સ્પીગલ અને સામાન્યનામ લેઈ 'મૂર્તી' અર્થ કરેછે. મોહેરજીરાણા વાછા એનો 'દેવ' કરી અર્થ કરેછે.

[illegible] = પઓઆઇર્યો-ત્કએશ. ઇ. ૧-૧૮; ૩-૨૨, ૮-૨૮, ૨૨-૨૭, ય. ૧૩-૦, ૯૦, ૧૫૦, ૧૫૬. જરતોસ્તની આગમચના વખતનાં કેટલાક માજદ-યસ્નાનો જેઓ એક ખોદાની પરસ્તેશ કરતા હતા. એઓનાં ફરોહરોને ફિકર-મંદથી યાદ કર્યાંછે અને ઘરમાં બોલાવ્યાં છે. ફરવરદીનયશ્ટમાં (ય. ૧૩-૧) એઓનાં ફરોહરોને શકતીવાન ગણ્યાં છે. એઓના જાન, દીન, બુદ્ધી અને રવાનને યાદ કર્યાંછે (હા ૨૯-૪). જરતોશ્તને પોતાને પઓઆઇર્યોતકેશ ગણ્યોછે. ડા૦ ઉવેસ્ત કહેછે કે જરતોશ્તની આગમચનાં કે પછીનાં કોઈબી જમાનાનાં ખરા માજદીઅસ્નાનો તે પઓઆઇર્યોતકેશ ગણાયાછે. (પોહેલવી તક્ષ્ટ I પા. ૨૮૨ નોટ ૧).

[illegible] = પથન. ય. ૧૯-૪૧. એક તોફાનીનું નામ. અહીં નવ 'પથન' જણાવ્યા છે જે 'પથન' શબ્દનો અર્થ ધાતુ પ્રમાણે વાતપાડા અથવા રસ્તે લુટનારાઓ છે. કેરેસાસ્પનાં કેટલાંક પરાક્રમોમાંનું એક પરાક્રમ એ લુટારાઓને મારવાનું હતું. કેરેસાસ્પને લગતી એક પેહેલવી રેવાયત (ડા. ઉવેસ્ત. પે. તક્ષ્ટ II પા ૩૭૬) માં કેરેસાસ્પને આતશને ફટકો મારવા માટે જ્યારે સજા કરવામાં આવેછે ત્યારે તે પોતા[ના] [illegible] આહતાં પોતાનાં પ[રાક્ર]મ વર્ણવેછે અને તેમાં એક એ વાતપાડાઓને મારવાનું છે. તેઓ વિષે તે કહેછે કે "તેઓ એટલા તો મોટા હતા કે જ્યારે તેઓ ચાલતા ત્યારે લોકો તારા, ચંદ્ર વિગેરેને તેની નીચે ભારતા; દરયાનાં પાણી તેઓનાં ગુથનવેર આવી રહેતાં. હું (કેરેસાસ્પ) તો તેઓનાં પગસુધી આવી રહ્યો." જ્યારે તેઓ એને હાથે હેઠે પડ્યા ત્યારે દુંગરો કચડાઈ ગયા. કેરેસાસ્પની [illegible]વશીને ફરવરદીનયશ્ટમાં લુટારાઓની સામે થવા આગવાછે તે એ પરાક્રમનો ઇશારો છે. મીનોખેરદમાં કેરેસાસ્પથી આ આલમને શું શું ફાયદા થયા તે વર્ણવતા એક ફાયદો એ જણાવેછે કે તેણે "ક્પૂદ વરૂને માર્યું કે જેને તેઓ 'પેહીનો' કહેતા" (બા. ૨૭-૫૦). દારમેસ્ટેટર એ 'પેહીનો' ને જમ્યાદયશ્ટનાં પથન ધારેછે.

[illegible] = પદ. વં. ૯-૧૫. ૨૦-૨૯. એક માપનું નામ પેહેલવી પાજંદ ફરહંગ પ્રમાણે ૧૪ આંગળની પોહલાઈનું માપ. આસરે ૧૦ ઇંચ.

[illegible] = પયઘ્રો. મક્ષિત ય. ૧૩-૧૧૬. એક પુરૂષનુ નામ જેનાં ફરોહરને આરાધ્યુછે.

[illegible] = પરધાત. ય. ૫-૨૧; ૯-૩; ૧૯-૨૬. પેહેલવી [illegible]. ફારસી [illegible]. એ એક ખાનદાનનું નામ છે, જે પછવાડેથી પેશદાદીઅન વગ તરીકે જણાયલું છે. શાહ હોશંગથી કેરેસાસ્પ પાદશાહ સુધીનાં પાદશાહો એ વંશનાં ગણાયાછે. એ વંશનો પાયો નાખનાર પાદશાહ હોશંગ હતો. તે માટે એને ખાસ કરી અવસ્તામાં 'પરધાત' કહ્યોછે. પેહેલવી વજરકર્દદીની એને 'હોશંગ પેશદાદ' કરી કહેછે. એ વંશનો પાયો નાખનાર હોશંગ હતો તેનો આડકતરો ઇશારો અને એ 'પેશદાદ' શબ્દનો અર્થ આપણને વંદીદાદની ૨૦ મી પરગરદની પેહેલવી સરેહપરથી મળેછે (સ્પીગલ પા. ૨૨૧-૭). ત્યાં પેશદાદ શબ્દ આવેછે તે ઉપર સરેહ કરતાં કહેછે કે [illegible]

[illegible]

[illegible]

[illegible] એટલે "હોશંગ પાદશાહની મી-

સાલે પેશદાદનો અર્થ એ થાયછે કે ઓદાઈ દાદ (અથવા પાદશાહી ઈનસાફ) પેહેલવહેલો તેણે આલ્યુ કર્યો." એ વંશાના પાદશાહોનાં નામો અને તેઓના રાજ્યના વર્ષો બુનદેહેશ અને ફીરદોસી પ્રમાણે નીચે આપ્યાં છે.

અવસ્તાના નામો	પેહેલવી નામો બુનદેહેશ (બા. ૩૪.)	ફારસી નામો.	બુનદેહેશનાં વર્ષો.	શાહનામાના વર્ષો.
[illegible]	[illegible]	هوشنگ	૪૦	૩૦
[illegible]	[illegible]	طهمورث	૩૦	૩૦ અવસ્તા પ્રમાણે પણ ૩૦
[illegible]	*	جمشید	૭૧૬½ તેમાં ૧૦૦ ફીરતી ગયા પછી	૭૦૦ (અવસ્તા પ્રમાણે ૧૦૦૦)
[illegible]	[illegible]	فریدون	૫૦૦	૫૦૦
[illegible]	[illegible]	منوچهر	૧૨૦	૧૨૦
[illegible]	*[illegible]	نودر	બુનદેહેશ પાદશાહ ગણતી નથી	૭
[illegible]	[illegible]	زوو	૫	૫
		+کرشاسپ		૫

* બુનદેહેશમા એને પાદશાહ ગણ્યો નથી. માલકમ પ્રમાણે એ ખરો પાદશાહ હતો તેથી એને યાદ કર્યો નહી હોય જુઓ [illegible]મા

+ એનું નામ અવસ્તા વા બુનદેહેશમાં આવ્યું નથી ફીરદુસી પ્રમાણે એણે પાચ વર્ષ રાજ્ય કર્યું હતુ અને એ 'ઝવ'નો છોકરો હતો.

[illegible] = પર હઓમ. યં. ૩-૨; ૪-૩. હોમના ક્રિયા માટે છુંડી કાહડેલા રસનું નામ.

[illegible] = પરોદર્શ. વં. ૧૮—૧૫, ૨૩, ૨૯. એક જાતનાં મરઘાનું નામ, જેનું કામ માણુસ જાતને બુસ્યાસ્પદેવની સતા હેથેથી, બીજા શબ્દોમાં, આલસાઈના દુરગુણ હેથેથી એટલે ઉંગમાંથી બીદાર કરવાનું હતું. મરઘો માણુસને પાછલી રાતનાં ઉંગમાંથી બીદાર કરી પોતાનાં ધંધાધાપા માટે તૈયાર કરે છે. તે માટે, તેને કુતરાની સાથે બુનદેહેશ (પા. ૪૮-૧૪ બા.૧૯-૩૩) માં એક પવિત્ર પ્રાણી ગણ્યુંછે, અને સરોશને મદદ કરનાર ગણ્યુંછે. તે દેવોની સામે થાયછે. [illegible]

[illegible]

એટલે "મારઘાને દેવો અને જાદુગરોની સામે થવામાટે પેદા કર્યોછે."

[illegible] =પરોદરમ. ય.૧૩—૧૨૫. એક પુરૂષનું નામ જે દારતાઘ્નીનો છોકરો યા કુટુંબી છે.

[illegible] = પર્ષન્ત. ય.૧૩-૧૨૩. એક શખસનું નામ જે 'ગનદરેઉવ' નામનાં શખ્સનો છોકરો થાય. રીગલ એ શબ્દને વિશેષનામ નહી પણ વિશેષણ ગણી તેને ગનદરેઉવનો ગુણ દેખાડનાર ધારેછે. તે અર્થ કરેછે કે "તપકટો ગનદરેઉવ."

[illegible]= પર્ષત ગાઓ. ય. ૧૩-૯૬,૧૨૭. એ શબ્દ અને 'દાઝગ્રોગાઓ' શબ્દ સાથે આવેછે. માટે તેઓની ફ્રવશીને સામટી યાદ કરેલી ધારી યુસ્તી એ બન્નેને ભાઇઓ ગણેછે. મેહેરજીરાણા વાછા"દાઝગરોગાઓના પરરાતગાઓ"

એમ અર્થ કરી એને પેહેલાનો કોઈ બેશી ગણેછે. સ્પીગલ ફકત એજ ધણીને એક શખ્સનું નામ લેઇ બીજાને એનું વિશેષણ ગણેછે. (જુઓ— [illegible] [illegible]). કામાજી પરશાતગાઓ તથા દાઝગરેગાઓ એમ બે જુદા ધણી લેછે. હવે એ 'પરશાતગાઓ' કોણ હતો તે વિષે બુનદેહેશ (પા. ૬૯–૧ બા. ૨૯–૩) ઉપરથી ઇશારો મળેછે. પુસ્તીની બુનદેહેશ અને જે બુનદેહેશ ઉપરથી ડા૦ ઉવેસ્ત તરજુમો કરેછે તેમાં પીસીઆનસાઈનાં વડા ધર્મગુરૂ તરીકે 'એક 'પરશાદગા બમબ્યાન' [illegible] [illegible] કરી શખ્સનું નામ આવેછે. હવે એજ ફકરામાં જો કે એ. તેહેમુરસવાળી નકલ 'ક્ષ.ધાક્ષતર બુમબીકાન' નું નામ એ પરશાતગાઓની જગ્યાએ પીસીયાનસાઇના વડા ધર્મગુરૂ તરીકે આપેછે, અને દાદસ્તાને દીની (સવાલ ૮૯) માં પણ એ ક્ષ.ધાક્ષતર બુમબીકાનનું નામ એક બનીરસનાં અમર હાકેમ તરીકે આવેછે, તો પણ દિસેછે કે ત્યારે કોઇક લખનાર પ્રમાણે એ પેરશાતગાઓ પીસીયાનસાઈનાં મુલકનો વડો ધર્મગુરૂ હતો અને કોઇક પ્રમાણે ક્ષ.ધાક્ષતી હતો. હવે કદાચ જો કે ક્ષ.ધાક્ષતી એ વડો ધર્મગુરૂ હોય તો પણ એટલું દિસેછે કે એ પરશાતગાઓ નામનો કોઇ શખ્સ વડા ધર્મગુરૂનો ઓધો જો પીસીયાનસાઈમાં નહીં તો, બીજે કેથે ધરાવતો હોવો જોઇએ. વળી એની તુરત પછીનાં ફકરામાં જે ધણીઓનાં નામો આવેછે તેઓ જુદા જુદા હસ્તકેશ્વરોનાં વડા ધર્મગુરૂઓ છે. ત્યારે વધારે સંભવીક દિસેછે કે એ પરશાતગાઓ પણ કોઇ મુલકનો વડો ધર્મગુરૂ હોવો જોઇએ. હવે તે કીયા મુલકનો તેવિષે જોતાં આપણને માલમ પડેછે કે ફરવરદીનયષ્ટ (ફ. ૧૨૭) માં એને અપક્ષીર મુલકનો કહ્યોછે તે 'અપક્ષીર' મુલક ત્યારે એનાં વડા ધર્મગુરૂપણાનો મુલક હતો.

(૨) ૯૬ મા ફકરાવાળા 'પરશતગાઓ' ને ક્રાતનો કહ્યોછે તે કોઈ બીજો શખ્સ હશે. સ્પીગલ અને હારલે એ ફકરામાં 'ક્રાત'ને વિશેષણ લેછે તે દરૂસ્ત દિસેછે. જુઓ [illegible]

[illegible] = પઉવાન. ઇ. ૧૦—૧૧. જુઓ [illegible]

[illegible] = પષિક્ષ્યઓથ્ન. ય. ૧૩-૧૦૩. જુઓ [illegible]

[illegible] =પાજિનંઘ. ય. ૧૩-૧૧૭. એક પુરૂષનું નામ.

[illegible] = પારેન્દિ. ઈ. ૧૪–૧ ય. ૧૦–૬૬; ૮–૩૮; ૨૪–૮. એક સ્ત્રીફરેસ્તો જે દોલત ઉપરના અશીસંગનો સાથી છે. નેર્યોસંગ કહેછે કે તે છુપા ખજાના ઉપર મવક્કલ છે. એક સેતારા તરીકે તે ફારસી پرن એટલે Pleides ને મળતો આવેછે. હારલે અને દાર્મસ્ટેટે કહેછે કે એણીનું કામ વેદની 'પુરનધી' ને મળતું આવેછે, કે જેણીનો પણ ખજાનાં સાથ સંબંધ છે. એણીનો તીશત્રય અને મીથ્ર સાથ પણ સંબંધ છે, કારણ તીશત્રય વરસાદ ઉપર મવક્કલ છે કે જે વરસાદ દોલત અને સુખનું સાધન છે, અને મીથ્ર અથવા મેહેર બોહલાં ખેતરો જે અનાજ અને દોલત ઉત્પન્ન કરેછે તે ઉપર મવક્કલ છે.

[illegible] = પિતઓન. ય. ૧૯-૪૧.

એક બુરો રાખ્સ યા દેવ જેને કેરેસાસ્પે માર્યો હતો. એનું એ પરાક્રમ પેહેલવી પુસ્તકોમાં વર્ણવ્યું યા યાદ કર્યું નથી. એની સાથે 'અશ પઈરીકાઓ' શબ્દ આવેછે તેનો અર્થ ઘણાં વિદ્વાનો એમ કરેછે કે "ઘણી પરીવાળો પીતઓન",

પણ હારલે [illegible] = 'લડવું' ધાતુ ઉપરથી લડનાર કરી અર્થ કરેછે.

(૧) [illegible] = પિસનંઘ. ય. ૧૩-૧૩૨: ૧૯-૭૧. એને કવિ પિસનંઘ કહ્યોછે. એ બુનદેહેશનો કએપીસીન અને ફીરદોશીનો [illegible] છે. ફારસીમાં [illegible] માં પેહેલા અક્ષરનાં ત્રણ નુકતાં નીચે મુકવાને બદલે એક ઉપર મુકયાથી [illegible] વંચાયું. એ વાંચણ મોહલ પ્રમાણે છે પણ યુસ્તી કહેછે કે એ શાહનામાનો 'પીશીન' છે, તે શા આધારેછે તે કેહેવાતું નથી. પણ તેણે જોએલી નકલમાં જો એ નામ પીશીન હોય તો એ નુકતાનાં ફેરફારની કોઈક નકલમાં ભૂલ ખુલ્લી દિસેછે. જે અનુક્રમે એ નામો અવસ્તામાં એકજ ફકરાઓમાં આવેછે તે ઉપરથી દિસેછે કે એ 'કવિકવાત' (કએકોબાદ) ની પેહેડીનો કોઇ છે. બુનદેહેશ એ પેહેડી કેતરમી છે તે મુકરર કરેછે. એ કેતાબ (બા. ૩૧-૨૫) પ્રમાણે એ કોબાદનાં છોકરા અપીવેહે (અવસ્તાનો અપિવંઘ) નો ત્રીજો છોકરો થાય. ફીરદોસી પ્રમાણે એ કએકોબાદનો ત્રીજો છોકરો હતો. ફીરદોસી કએ અપીવેહે (અઈપિવંઘ) નું નામ આપતો નથી. એ અઈપિવેહે કોબાદનાં વખતમાં કદાચ ગુજરી ગયો હોય તેથી કોઈક લખાણને આધારે એણે એને એકદમ કોબાદનોજ છોકરો ગણ્યો હોય. પણ બુનદેહેશ બે ઠેકાણે એને કએકોબાદનો નબીરો જણાવેછે. એની જીંદગીની કોઈ હકીકત વિષે પેહેલવી પુસ્તકો યા ફીરદોસી ઉપરથી કાંઈ જણાતું નથી. કાઉશનાં આખા રાજ્યમાં ફીરદોસી એને કે એનાં ભાઈઓને કોઇપણ ભાગ બજાવતા જણાવતો નથી. જ્યાં તે એનું અને ભાઈઓનું નામ દેછે ત્યાંજ ફક્ત એટલું જણાવેછે કે "એઓએ સુલેહ સંપજ ભરી અને સુખી જીંદગી ગુજારી હતી." એની ચહડ ઉતર વંશાવળી માટે અને ફીરદોસીની તે બાબેની લીતીઓ માટે જુઓ મોટી વંશાવળી

અને [illegible] શબ્દ.

(૨) [illegible] = પિસનંઘ. ય. ૫-૩૭. એક ખીનનું નામ છે જે બુનદેહેશ (પા. ૬૮-૧૬ બા. ૨૯-૮) નાં [illegible]

અને હાલની પીશીનની ખીન છે. એ ખીનમાં અવસ્તાનાં [illegible] (ય. ૧૩-૧૩૮) કુટુંબનો એક છોકરો વડો ધર્મગુરૂ હતો. એ છોકરાનું નામ યુસ્તીની નકલમાં [illegible]

[illegible] કરી મુકેછે, જે ફરવરદીનયષ્ટનો (૯૬, ૧૨૭) [illegible]

[illegible] છે (પા. ૬૯-૧). ડા० ઉવેસ્ત જે નકલ ઉપરથી તરજુમો કરેછે તેમાં પણ એજ નામ આપેલુંછે. પણ તે જણાવેછે કે એ. તેહેમુરસાની નકલમાં એ નામ "ક્ષાક્ષતર ખુમબીકાન" છે જે ત્યારે ફરવરદીનયષ્ટ (ફ. ૧૩૮) નો "ક્ષાક્ષિત ખુમ્બ્ય" છે. એ ખીનની અંદર કેરેસાસ્પ પોતાની બેભાન હાલતની લાંબી ઉંગમાં પડ્યો હતો

જ્યારે 'નીહાવ' [illegible] (અથવા

નીયાગ, નીહાવ, યા નીહાન) નામનાં એક તુર્કે તેને જખમી કર્યો હતો (પા. ૬૯-૧૨ બા. ૨૯-૭). એની જગ્યા બુનદેહેશ નીચે પ્રમાણે મુકરર કરેછે.

(પા. ૭૦-૪ બા. ૨૯-૧૧) [illegible]

[illegible]

એટલે "પઅશ્યાનસઈનું જંગલ (અથવા મેદાન 'દશ્ત') કાબુલસ્તાન (કાબુલસ્તાન) માં આવેલુંછે". એ ઉપરથી ત્યારે નક્કી દિસેછે કે એ કાબુલસ્તાનની નજદીક આવેલી પીશીનની ખીન છે. એને વાસ્તે બુનદેહેશમાં કહેછે કે તે ઉંચાણમાં આવેલી જગ્યા ([illegible]) છે.

[illegible] = પિશ્કય ઓથ્ન. ય. ૧૩-૧૦૩. કેટલાંક કારણોથી એ ગુસ્તાસ્પનો છોકરો હોય એમ દિસેછે. જુઓ [illegible] શબ્દ. હું ધારૂંછું કે એ શાહગુસ્તાસ્પનો 'પુરાતંગ' નામનો છોકરો હતો જેને વિષે ફીરદોસી કાંઈ બોલતો નથી પણ માલકમ બીજા જુના તવારીખનવેશોને આધારે બોલી જાયછે. એ અસ્પંદીઆર સાથે જ્યારે તે રૂસ્તમ સાથે લડવા ગયો ત્યારે ગયો હતો અને જ્યારે અસ્પંદીઆર માર્યો ગયો ત્યારે તે તેના કાલબુદને ઉઠાવી બલખ શેહર લેઈ ગયો હતો. આએ ફકરામાં એનું નામ બરાબર અસ્પંદીઆરની ઉપરજ યાદ કર્યુંછે. આંકુએટીલ સ્પીગલ એ શબ્દ 'પષિશ્ક્યોથ્ન' આપેછે.

[illegible] = પીધ. ય. ૧૩-૧૨૭. એક કુટુંબનું નામ છે, જેના એક મહાન પુરૂષ અકયધને યાદ કર્યોછે. સ્પીગલ એ શબ્દ [illegible] આપેછે.

[illegible] = પુધ. ય. ૧૩-૧૨૭. જુઓ [illegible]

[illegible] = પૂઈત્ય. વં. ૫-૧૬, ૧૮, ૧૯. એક દર્યાનું નામ. બુનદેહેશનો [illegible]. વંદીદાદ ઉપરથી માલમ પડેછે કે એ દર્યાને વોઉરૂકશ (કાસીઅન) સમુદ્ર સાથ સંબંધ હતો અને એના પાણી ખરાબ હતાં. વંદીદાદનાં એ ભાગની પેહેલવી સરેહ પણ એમ જણાવેછે. ત્યાં કહેછે

(સ્પીગલ પા. ૫૪-૩) [illegible]

[illegible]

એટલે "પાકીજગી માટે (યોશદાશ્રીઅ) વહેછે પાણી ગડલાઈ સાથે પુઈતી કદર્યો તરફથી વોઉરૂકશ દર્યાતરફ." બુનદેહેશ (પા. ૨૬-૧૭ બા. ૧૩-૭) માં એ દર્યાને ત્રણ મોટા ખારા દર્યા (પુઈતીક, કામરૂદ, અને સહીબુન) માં સૌથી મોટો ગણ્યોછે. તેને ઝરેહ ફરાકન્ત (વોઉરૂકશ) સાથ જોડાયલો જણાવ્યોછે અને તેમાં ભરતીઓટ થતી જણાવીછે. એ ફરાહકન્ત દર્યામાં પુઈતીકની બાજુથી સતવસ નામનો વર (સરોવર યા અખાત [illegible]) આવેલો જણાવેછે. ત્યાં કહેછે કે "એ પુઈતીક દર્યાનાં પાણી ખરાબ છે. તેવરે સતવસની મારફતે થઈને ફરાહકન્ત દર્યામાં જતાં સ્વચ્છ થાયછે. અરદવીસુરનાં મુળ તરફ એ પાણી સ્વચ્છ થઈને જાયછે અને પછી બીજી વખત પાછું પુઈતીક તરફ આવેછે." એ બાષ્પીકરણની ક્રિયાથી પાણીની થતી ગીરદેશ દેખાડેછે. વળી કહેછે કે એ દર્યાને ([illegible] અને [illegible]) માહ અને વાદ એટલે ચંદ્ર અને પવન સાથ સંબંધ છે. એ જમીનનાં માંહેલા ભાગમાં આવેલા દર્યાઓમાં ચંદ્ર અને પવનના જોરાથી થતી ભરતીઓટની અસરનો ઈશારો છે. ઝાદસ્પરમ (બા.

૯-૧૪) ઉપરથી માલમ પડેછે કે વોઉરૂકશ, પુઇતીક અને સતવસ એ કોઈ મોટા ભૂરચનાનાં કુદરતી બનાવથી છુટા પડેલા પાણીના ભાગો છે. ડા૦ ઉવેસ્ત અને દાર્મેસ્ટેટ એને ઈરાની અખાત ધારેછે. ડા૦ ઉવેસ્ત ફરાહકન્ત (વોઉરૂકશ) ને આરબી સમુદ્ર ધારેછે પણ જ્યારે એ દર્યામાં થતી ભરતીઓટવિષેની ખાસ નોંધ લીધેલીછે અને જ્યારે કોઇ કુદરતી બનાવથી એઓને છુટા પડેલા દેખાડયાછે ત્યારે તે કોઈ માંહેલા ભાગનો દર્યો (inland sea) હોવો જોઈએ. યુસ્તી એને એરલનો સરોવર ધારેછે. હું પણ ધારૂંછું કે પુઇતીક તે એરલનો સરોવર છે, વોઉરૂકશ અથવા ફરાહકન્ત તે કાસ્પીઅન સરોવર છે, અને અર્દવીસુર તે ઓક્ષસ નદી છે. સતવસ વર તે એરલ અને કેસ્પીઅન વચ્ચેનો કોઇ નાનો સરોવર હોય. કે જે મારફતે આગળ એઓ વચ્ચે થોડો સંબંધ હોય. યાદ રાખવું જોઇએ કે ભૂરચનાં શાસ્ત્રીઓ પ્રમાણે મધ્યએશીઆના એ ભાગ ઉપર મોટા પ્રાકૃતીક ફેરફારો થોડુંકપર થયલા જણાયાછે. જેને મ્યુરશીસન નામનો વિદ્વાન The Aralo Caspian depression કહેછે તે ભાગ ઉપર આપણાં એ દર્યાઓ આવેલા છે, અને તેઓની પ્રાકૃતિક હાલતમાં ઘણાં ફેરફારો થયલાછે. એક વખત વિદ્વાનો કહેછે કે એરલ અને કેસ્પીઅન સમુદ્રો જોડાયલા હતા. એક વખત ઓક્ષસ નદી જે હાલમાં એરલ સરોવરમાં ખાલી થાયછે તે કેસ્પીઅનમાં થતી. હું ધારૂંછું કે આવાંયષ્ટ જે જમાનામાં લખાઇ તે જમાનાં અને બુનદેહેશના જમાનાની વચ્ચેના જમાનામાં એ જગ્યાની પ્રાકૃતિક હાલતમાં એ મોટા ફેરફાર થયલો હોવો જોઈએ.

[illegible] = પેદએપ. ય. ૫-૮૧. દાર્મેસ્ટેટ એને વિશેષનામ લેઇ 'રંગા'ની કોઇ શાખા ગણેછે. સ્પીગલ, તેહેમુરસ સામાન્યનામ લેઈ કીનારો કરી અર્થ કરેછે.

[illegible] = પેરેથુ. અફ્સ્મન ય. ૧૩-૧૨૯. એ ફકરામાં "વરેસ્મો રઓચાઓ પેરેથુ અફ્સ્મો" કરી શબ્દો આવેછે તેમાં બન્ને શબ્દને જુદાં જુદાં વિશેષનામો લેઇ યુસ્તી અને દાર્મેસ્ટેટ અર્થ કરેછે કે 'પેરેથુ અફ્સ્મનનો વરેસ્મોરઓચંઘ'. સ્પીગલ અને હારલે એ પ્રમાણે "પેરેથુ અફ્સ્મન" ને પેહેલાનો વડવો લેવાને બદલે વિશેષણ ગણેછે અને અર્થ કરેછે કે મોટા કદ (અથવા માપ) સાથનો.

[illegible] = પેરેથવસ્તી. ય. ૧૩-૧૦૧. જુઓ [illegible].

[illegible] = પેરેનો માઓંઘ ઇ. ૧-૮. જુઓ [illegible].

[illegible] = પેષન. ય. ૫-૧૦૯; ૧૯-૮૭. એ શબ્દ વિશેષનામ છે કે વિશેષણ તે બાબે મતફેર ઘણો છે. યુસ્તી એને દએવયસ્નનો વિશેષણ લેઈ દુરામન અર્થ કરેછે. સ્પીગલ એને આવાંયષ્ટમાં વિશેષણ લેઈ દુરામન અર્થ કરેછે પણ જમ્યાદયષ્ટમાં વિશેષનામ લેછે. તેહેમુલજી અને દાર્મેસ્ટેટ વિશેષનામ લેછે. મેહેરજી રાણા વાછા એને જમ્યાદયષ્ટમાં વિશેષનામ લેછે. હારલે સ્પીગલની માફક આવાંયષ્ટમાં વિશેષણ લેઇ ગુનેહગાર અર્થ કરેછે અને જમ્યાદયષ્ટમાં વિશેષનામ લેછે. હું ધારૂંછું કે એ શબ્દ એ ફકરામાંનાં દએવયસ્નનો વિશેષણ છે. જુઓ [illegible].

[illegible] = પેષોચંઘ. ય. ૫-૧૧૩. એ શબ્દ એક વિશેષનામ છે કે વિશેષણ તે બાબે મતફેર છે. પ્રોફેસર દાર્મેસ્ટેટ એને વિશેષનામ લેઇ "પેશો ચંઘેમ્ અસ્તોકાનેમ્" એ બેમાંનાં

બીજાને વિશેષણ લેઈ પાછલાનો અર્થ કરેછે કે "મુરદાં લેઇ જનાર પેશોચંધ". સ્પીગલ એ બન્ને શબ્દને સાથે લેઈ "પેશોચંધ અસ્તોકાન" કરી એકજ આખું વિશેષનામ લેછે. એરવદ તેહેમુલજી પેહેલા શબ્દને વિશેષનામ લેઇ બીજાને વિશેષણ લેઈ અર્થ કરેછે કે "ભોયરાંવાળો પેશોચંધ." યુસ્તીપણ સ્પીગલની માફક લેછે. હારલે બધાથી જુદો પડી પેશોચંધને વિશેષણ લેઈ અસ્તોકાનને વિશેષનામ ગણેછે ને અર્થ કરેછે કે "ઉલતાં મનનો અસ્તોકાન". હું ધારૂંછું કે એ બન્ને શબ્દો વિશેષણ છે અને તે એ વાક્યમાં પછવાડે આવેલા દએવયસ્ન શબ્દનો ગુણ દેખાડેછે. જુઓ [Avestan] [Avestan] અને [Avestan] શબ્દો. સ્પીગલ એ શબ્દ [Avestan] કરી આપેછે.

[Avestan] = પેષોતનુ. ય. ૨૪-૪.

બુનદેહેશનો [Avestan]. દાદસ્તાનેદીનીનો [Avestan] પતશાયોતન. એનું નામ અવસ્તા લખાંણમાં ફક્ત એક વખત વીસ્તાસ્પયષ્ટમાં આવેછે. ત્યાં ગુસ્તાસ્પને દુઆ દેવામાં આવેછે કે [Avestan]

[Avestan]

[Avestan] એટલે "પેશુતનના જેવો તું બીમારી વગરનો અને અમર્ગ થજે". બુનદેહેશ (પા. ૬૮-૧૯ બા. ૨૯-૫) પ્રમાણે (૧) એ કંગદેઝનો વડો ધર્મગુરૂ હતો. (૨) એ પાદશાહ ગુસ્તાસ્પનો છોકરો હતો. (૩) એને "ચીત્રામીનો" ના નામથી પણ ઓલખતા.

[Avestan]

[Avestan]

([Avestan]) એટલે "વીસ્તાસ્પનો પેશુતન જેને 'ચીત્રોમીનો' કહેછે તે કંગદેઝના મુલકમાં (વડો ધર્મગુરૂ છે)." બુનદેહેશ પ્રમાણે એને "ચીત્રોમીનો" શામાટે કહેતા તે દાદસ્તાનેદીની (સવાલ ૮૯ પા. ૧૬૦ ક-૫) ઉપરથી માલમ પડેછે. ત્યાં ખનીરથ કેશ્વરનાં સાત અમર રાજ્ય કરનારાઓ અથવા વડા ધર્મગુરૂઓના નામ આપેછે તેમાં છેલે એનું નામ આપતાં કહેછે કે- [Avestan]

[Avestan]

[Avestan] એટલે "એક પતશાયોતંન (પેશોતન) જેને ચીત્રવાકેમ્યાન (નદી) ઉપરથી બોલાવેછે". ત્યારે દાદાસ્તનેદીની ઉપરથી માલમ પડેછે કે એનું 'ચાત્રોમીનો' નામ 'ચીત્રવકમયાન' (બુનદેહેશની ચત્રુમીઆન નદી) ઉપરથી પડચુંછે. અવે એ નદી ઉપરથી પેશોતનનું એ નામ શું કારણથી પડચું તે બુનદેહેશનાં ૨૦ મા બાબ (ક. ૩૧) ઉપરથી માલમ પડેછે. અને તે એ કે એ નામની એક નદી કંગદેઝમાં હતી, જે કંગદેઝનો એ વડો ધર્મગુરૂ હતો. તેથી જેમ દાખલા તરીકે ફીરદોસીનું તુસી નામ તેનાં ગામ તુસ ઉપરથી પડચું તેમ પેશોતનનું ચીત્રોમીનો નામ તેનાં મુલકની નદી ઉપરથી પડચું. પોતાનાં ગામ ઉપરથી, ફીરદોસી પેહેલે "ફીરદોસી તુસી" એમ બોલાતો પણ પાછળથી કોઈ તેને અમથો તુસી કહી પણ ઓલખતા હતા. બુનદેહેશમાં પાદશાહોની વંશાવળી આપતાં એને અસફંદીઆરની સાથે વીસ્તાસ્પનો છોકરો ગણેલોછે (જુઓ વંશાવળી). એક બીજે ઠેકાણે એને કંગદેઝમાં એક લશકર ધરાવતો જણાવ્યોછે

અને તે લશકરનો સરદાર જરતોસ્તનો છોકરો ખુરશેદ ચેહેર છે (પા. ૭૯-૧૮ બા. ૩૨-૫) [illegible]

[illegible]

[illegible] એટલે "ખુરશેદ ચેહેર (જે) રથેસ્તાર તે વીરતાસ્પનાં પેશોતનનો સપેહેસાલાર કંગદેઝમાં (હતો.)" અવસ્તામાં એને અમર કહ્યોછે તેમ આપણે ઉપર જોયું કે દાદસ્તાનેદીનીમાં પણ એને કંગદેઝનો એક અમર રાજ્ય કરનાર ગણ્યોછે. બહમનયષ્ટ (બા. ૨-૧) પણ એનું નામ 'ચીત્રોમીનો' અથવા ચીત્રોમ્યાન જાહેર કરેછે, અને એને અમર ગણેછે. એ યષ્ટ પ્રમાણે "અહુરમજદ નેર્યોસંગ યજદ મારફતે કંગદેઝમાં પેશોતન ઉપર પેગામ મોકલેછે કે તેણે હાદોખ્ત અને દવાઝદેહ હોમાસ્તથી આતશ અને પાણીને આરાધવાં. નેર્યોસંગ એ પેગામ લેઇ જાયછે અને પેશોતનને ધર્મની સતા સ્થાપવાને કહેછે. પેશોતન તેનાં કહેવાપ્રમાણે પોતાનાં ૧૫૦ ચેલાઓ સાથે 'દવાઝદેહ હોમાસ્ત' ની ક્રિયા કરેછે અને આતશ પાણીને આરાધેછે. પેશોતન આતશગુશાસ્પ, ફરોબા અને બુરજીન મેહેરની બરકતથી બુતપરસ્તોના દેહેરાં નાબુદ કરેછે. વળી જ્યારે હોશેદરબામી અને હોશેદરમહાનો જમાનો આવશે ત્યારે એ પેશોતન પાછો આખી દુન્યાનો વડો દસ્તુર થશે (બા. ૩.). એ કારણને લીધે દાદસ્તાને દીનીમાં જ્યાં બધા આગળા નામાંકીત પુરૂષોની મુખ્ય ખુબી યા ગુણ જણાવ્યાછે ત્યાં એને વિષે બોલતાં દુન્યાને સીંગાર આપનાર [illegible] (ગેહાનવીરાએ) જણાવ્યોછે. (પા. ૯૭ ક-૮ બા. ૩૭-૩૬). એક પેહેલવી રેવાયત પ્રમાણે પેશોતનને કંગદેઝમાંથી બાહેર-દીન ફેલાવા આવવા માટેનો દીનબોરદાદ સાલ છે (ઉવેસ્ટ પેહેલવીતેક્ષ્ટ III પા. ૩૧૪). હવે પેશોતન અમર્ગી પામ્યો હતો તેનું કારણ દસ્તુર જરતોસ્ત બેહેરામના જરતોસ્તનામા પ્રમાણે એ જણાવ્યુંછે કે પયગંબર જરતોસ્તે દરૂન નાંખે જે ચાર ચીજો હતી તેમાંથી પેશોતનને તેણે હુંજેલું દુધ પાયું હતું. ફીરદોસીનાં શાહનામામાં પેશોતન વિષે બોલ કરતાં કાંઇ ઝાઝું મળતું નથી. ફીરદોસી કહેછે કે તે અસફંદીઆર સાથે કએતાંબુન (કએતાયુન) રાણીને પેટે પેદા પડ્યો હતો. તે એક લડાયક પુત્ર હતો.

بشوتن د گر گرد شمشیر زن
شه نام بردار لشکر شکن

એ એક ધર્મગુરૂ હોવાથી આપણે એને અરજાસ્પ સાથની લડાઇમાં કાંઇ જાજો ચપલ ભાગ લેતા જોતા નથી. તેને તેના ભાઇ અસફંદીઆર સાથે રૂસ્તમ તરફ ગયેલો જોઇએ છીએ જ્યાં જ્યારે અસફંદીઆર માર્યો જાયછે ત્યારે તે તેના કાલબુદને ઉંચકી ગુશ્તાસ્પ આગલ લેઇ જાયછે.

[illegible] = પેપાપરેન. ય. ૧૪-૩૫.

જુઓ [illegible]


[illegible] = પોઉરૂજિર. ય. ૧૩—૧૩૧. દાર્મેસ્ટેટે અને બીજાઓ એને વિશેષનામ લેછે. પણ એ 'અઓશનર' નું વિશેષણ છે તે માટે જુઓ [illegible]

[illegible] = પોઉરૂચિસ્ત. ય. ૧૩—૧૩૯, ૬. ૫૩—૩. એક સ્ત્રીનું નામ. બુનદેહેશમાં [illegible]. વજરકર્દદીનીમાં [illegible]. ઇજશને (૫૩-૩)

પ્રમાણે એ જરતોશ્તની છોકરીઓ-માંની એક હતી. ત્યાં એણીનાં લગનનો ઇશારો છે પણ તે કોણ સાથે તે ચોકસ કહેવાઈ શકાતું નથી. ફરવરદીનયષ્ટમાં એણીનું જે અનુક્રમે નામ આવેછે અને બુનદેહેશમાં (પા. ૭૯-૨૦ બા. ૩૨-૫) અને વજરકર્દદીની (પા. ૨૨) માં જે અનુક્રમે એણીનું નામ આવેછે તે ઉપરથી દિસેછે કે એણી જરતોશ્તની ત્રીજી એટલે સર્વથી નાની છોકરી હતી. બુનદેહેશ પ્રમાણે એણી પોતાની બે બહેનો અને એક ભાઈ ઇસિદવાસ્તર સાથે જરતોશ્તની 'પાતખશા' (૧) ઓરતને પેટે અવતરી હતી. વજરકર્દદીની પ્રમાણે (પા. ૨૨-૪) એ જરતોશ્તની [illegible] નામની ઓરતને પેટે જનમી હતી ત્યાં કહેછે કે [illegible] એટલે "એ ચહારો જન ઉરવીજથી જનમ્યાં હતા." જુઓ [illegible]

[illegible] = પોઉરૂત. ય. ૧૦-૧૪. એક મુલકનું નામ. યુરતી, હારલે અને સ્પીગલ એને એરેકોશીઆની ઉત્તરે અને પેરોપોમીસસની દક્ષિણે ધારેછે. દાર્મેસ્ટેટ એને જકઝારટીસ અને ઓક્ષસની વચ્ચે આવેલા 'પાગતાસીન' નાં મુલક સાથ સરખાવેછે.

[illegible] =પોઉરૂધાક્ષ્તિ. ય. ૫-૭૨; ૧૩-૧૧૧, ૧૪૦. બુનદેહેશનો [illegible] (પા. ૬૯-૮). દાદસ્તાનેદીનીનો (પા. ૧૯૦ ક-૪) [illegible] [illegible] એ ઘણાં નામાંકીત બેટાઓનો બાપ હતો. એને, એની ધણીઆણીને. એનાં ઘણાંક બેટાઓને, એનાં બાપને સર્વને ફરવરદીનયષ્ટમાં આરાધ્યાંછે. તે ઉપરથી દિસેછે કે એનાં આખાં કુટુંબે જરતોશ્તી દીનની કોઈ સારી સેવા બજાવી હશે. અવસ્તામાં એનાં બાપ બેટાઓને અને એનાં કુટુંબની સ્રીઓને યાદ કર્યાંછે તે ઉપરથી એઓની નીચલી વંશાવળી ઉત્પન્ન થાયછે.



એ વંશાવળી ઉપરથી દિસેછે કે ચાર પેહેડી સુધી એનાં એશીઓ નામાંકીત નીવડ્યા હતા. બુનદેહેશ અને દાદસ્તાનેદીનીની પ્રમાણે એના છોકરા અરાવઝદંઘે એનું નામ વધુ મશહૂર કર્યુંછે, કારણ કે એ છોકરો ફરશોકરતને વખતે સોષ્યોશનો મદદગાર થશે.

[illegible] =પોઉરૂબંઘ. ય. ૧૩-૧૨૪. એક પુરૂષનું નામ, જે ઝઓરાનો છોકરો યા નબીરો થાય.

[illegible] = પોઉરૂષસ્પ. ય. ૫-૧૮; ૨૩-૪; ૨૮-૨; વં. ૧૯-૪, ૪૬, ઈ. ૯-૧૩ આંતાંયષ્ટ અને ઈજીશનેનાં ૯ માહા પ્રમાણે પએગમબર જરતોશ્તનો બાપ. એણે હોમની ક્રિયા કરવાનાં બદલામાં એને ત્યાં પએગમબર જરતોશ્તનો જન્મ થયો હતો. સ્પીતામાન જરતોશ્તની આફ્રીનમાં અને વીસ્તારપયષ્ટમાં જે એને નામે દુવા દીધામાં આવેછે કે "પોઉરૂ અસ્પેમ બવાહિ. યથ. પોઉરૂશસ્પેમ્" એટલે "પોઉરૂશસ્પનાં જેવા પુષ્કળ ઘોડાવાળા થજો," તે ઉપરથી દિસેછે કે એનું નામ એટલા ઉપરથી પડ્યું હતું કે એ ઘણા ઘોડાનો માલેક હતો. વંદીદાદ ઉપરથી માલમ પડેછે કે

(૧) જુદી જુદી ઓરતોનો એ એક વર્ગ છે

એનું ઘર એક પહાડની નજદીક 'દરેજ' નામની નદીને કીનારે હતું (જુઓ [illegible]). અવસ્તા ઉપરથી એને વિષે એટલીજ હકીકત મળેછે. બુનદેહેશ ઉપરથી માલમ પડેછે કે એને પેતે જરતોશ્ત એકલો જનમ્યો હતો, અને એ પેતે પહતીરસ્પને પેતે એક ભાઇ આરાસ્તી સાથે જનમ્યો હતો. એનું ખાનદાન હએચદસ્પનું કહેવાનું કારણ એ નામનો એનો એક બાપનો બપાવો હતો. એનું ખાનદાન સ્પીતમાનનું પણ કહેવાતું, કારણ એ નામનો એનો આથમી પેહેડીનો એક વડવો હતો. એની પેહેડી શાહ મીનોચેહરનાં ત્રીજા છોકરા દુરાસ્રોબનાં બીજા છોકરા રજનનાં વડા છોકરા અયઝમથી ઉતરતી આવીછે. (એનાં કુટુંબની ચહડ ઉતર વંશાવળી માટે જુઓ સાધારણ વંશાવળી અને [illegible] શબ્દ). બુનદેહેશ પણ એનું ઘર 'દારજ' (દરેજ) નદીને કાંઠે જણાવેછે, જે નદી તે કહેછે કે ઈરાનવેજમાં આવી છે. એની ધણીઆણીનું નામ [illegible] હતું. કહેછે કે તેણી [illegible] નામનાં સબરાની છોકરી થાય. દીનકર્દમાં એ નામ 'દુગદુબાન' આવેછે.

[illegible] = પોઉરુશ્તિ. ય. ૧૩-૧૧૮. એક પુરૂષનું નામ જે કવીનો છોકરો થાય.

[illegible]

[illegible] = ફ. આરઓસ. ય. ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ જે 'ફઓરાનો' છોકરો થાય.

[illegible] = ફ. ઓરેપ. ય. ૧૯-૨. એક પહાડનું નામ છે.

[illegible] = ફ્રઘાધ. ય. ૧૩-૧૪૧. એક કુમારીકાનું નામ છે. સ્પીગલ અને હારલે એને મરદનું નામ લેછે, અને એ ફકરામાં 'કન્યાઓ ફ્રઘાદિ' નો 'ફ્રઘાદની છોકરીનાં ફરોહર'... એમ અર્થ કરેછે. એ ભુલ ભર્યું દિસેછે.

[illegible] = ફ્રંગ્રસ્યાન્. ય. ૫-૪૧; ૯-૧૮, ૨૨; ૧૭-૩૮, ૪૨; ૧૯-૫૬, ૬૪, ૮૨, ૯૩, ૯૭. ઈ. ૧૧-૭. બુનદેહેશનો [illegible]. શાહનામાનો افراسیاب

અવસ્તા ઉપરથી એ કોણનો છોકરો હતો તે માલમ પડતું નથી. ત્યાં ફક્ત એને એક તુરાની કહ્યોછે. બુનદેહેશ પ્રમાણે તે પશંગનો છોકરો હતો અને ફરેદુનનાં બેટા તુગ (તુર) નાં ખાનદાનથી ઉતરી આવ્યો હતો. એના વડવાઓ, ભાઈઓ, ફરજંદો વીગેરે માટે જુઓ મોટી વંશાવળી. અવસ્તા ઉપરથી એનું નીચલું વર્ણન મળેછે. તેણે અર્દવીસુરની મેતાએશ કરી કે આનીઆનું ઈરાની ઓરેહ અને કીર્તી માંગી જે તેને નહીં આપવામાં આવી (ય. ૫-૪૨, ૪૩). એણે ત્રણ ત્રણ વખત કોશેશ કરી પણ નીરાફલ થયો (ય. ૧૯-૫૬, ૫૭...). એ આપણ પાછળ જોઈશું તેમ ઇરાનના મુલક ઉપર જુદા જુદા પાદશાહોનાં વખતમાં એણે કરેલા હુમલાઓનો અને નદીનાં માર્ગો ફેરવવાનો ઇશારો છે. હોમ ફ્રશ્મી ગોશયજદ આગળ દુઆ ગુજારેછે કે તે ઘાતકી અફ્રાસ્યાબને પકડવાને શક્તીવાન થાય કે તેમ પકડી તેને કેખુશ્રુની આગળ લેઈ જાએ, અને સીઆવક્ષ અને અગ્રેરથનાં કીનામાં તેને તે સોંપે. એની એ મોરાદ બર આવેછે (ફ. ૧૮). પાદશાહ કેખુશ્રુ એજ યજદ પાસે એવીજ દુઆ ગુજારેછે કે તે પોતાનાં બાપ સીઆવક્ષનાં અને અગ્રએરસનાં કીનામાં

એ અફ્રાસ્યાબને મારવાને શક્તીવાન થાય. એની એ મોરાદબર આવેછે. અશીસંઘ પાસે પણ હોમ ફ્રાશ્મી અને કેખુશ્રુ એવીજ દુઆ ગુજારેછે જે બર આવેછે. હોમ ફ્રાશ્મીએ માંગેલી દુઆનો ઇશારો ઇજરાનેમાં પણ આવેછે.

પેહેલવી પુસ્તકો ઉપર આવતાં બુનદેહેશ એનું મઠક બકીરનો પહાડ જણાવેછે.

(પા. ૨૩-૧૪ બા. ૧૨-૨૦) [illegible]

[illegible]

[illegible] એટલે "બકીર પહાડ તે અફ્રાસ્યાબે તુરનો છે (તેને તેણે) પોતાના કીલ્લા (યા મથક) તરીકે કીધો અને તેમાં રેહેઠાણ કીધું." એણે હેતુમંદ નામની એક નદી અને બીજી ઘણીક નદીઓને તેઓનો જુનો માર્ગ બંધ કરી બીજે માર્ગે વેહેતી કરી એમ જણાએછે (બા. ૨૦-૧૭, ૩૮). મધ્યએશીઆમાં દુશમનોને હેરાન કરવા અને તેઓના દેશમાં પાણી અને ખોરાકની તંગી પાડવાનો અને એમ કરી તેઓને તાબે કરવાનો એક માર્ગ અસલનાં જમાનામાં એ ગણાતો. કદાચ અફ્રાસ્યાબે એ માર્ગ ઇરાનીઓનાં આબાદ શહેરોને એક દુશમન તરીકે નુકશાન કરવા માટે અને પોતાનાં મુલકનાં કોઈ ભાગોને આબાદ કરવામાટે લીધો હોય. હું ધારૂંછું કે જમ્યાદયષ્ટમાં જે એની ત્રણ ત્રણ વારની કોશેશ વિષે કહેછે કે તેણે ઇરાનીઓનું ખોરેહ અને કીર્તી છીનવી લેવાની કોશેશ કરી અને એમ કરતાં તે ફાવ્યો નહી અને તે ખોરેહ એનાં હાથમાંથી જતું રહ્યું અને હુસ્રવ, વંઘજ઼દાઓ, અને અવજ઼દાનું સરોવરો ત્રણે કોશેશમાં ઉત્પન્ન થયા તે નદીઓનાં માર્ગો પોતાનાં લાભ માટે અને ઇરાનીઓનાં ગેર લાભ માટે ફેરવી નાંખવાની તેની એ કોશેશોનાં બુનદેહેશનાં જણાવા પ્રમાણેનાં ઇશારાઓ છે. એ નદીઓએ નવા માર્ગો લેતાં માર્ગમાં નવા સરોવરો ઉત્પન્ન કર્યા હોય. બુનદેહેશનાં બાબ ૨૦ (ફ. ૬) માં નાહવટાક નામની બીજી નદી માટે જણાવેછે કે અફ્રાસ્યાબે તેનો જુનો માર્ગ ફેરવી નાખ્યો. એને એનાં ખરાબ કામો માટે જોહાકની સાથે "તીશરામ ક્ષફ્રનામ" નામની ત્રણ રાતની ઘણી સખત સજા ભોગવતો જણાવેછે (બા. ૩૦-૧૬). વળી બુનદેહેશમાં કહેછે કે એણે મીનોચેહેરનાં લશ્કરને એક વેળાએ પાદશખ્વારનાં પહાડમાં બંદ કર્યું હતું, જે વેળાએ અગ્રેરથે તેઓનો છુટકારો કર્યો હતો. ફીરદોશી એ બનાવ નોદરનાં રાજ્યમાં મેલેછે (બા. ૩૧-૨૧). બહમનયષ્ટમાં અફ્રાસ્યાબને જોહાક અને સીંકંદરની પગતીનો બુરો ગણ્યોછે. (બા. ૩-૩૩). દાદસ્તાનેદીની (સવાલ૬૯) માં અવસ્તા અને બુનદેહેશમાં આવેલી બાબદોકે અફ્રાસ્યાબે નદિના માર્ગો ફેરવી નાખી પાણીને બીજા રસ્તા આપ્યા તેને ટેકો મળેછે. એ. તેહેમુરસવાળું પેહેલવી જરથોશ્તનામું પણ એ વિષે કહેછે અને તે એ બનાવ પએગમબર જરથોશ્તે દીન ફેલાવા આગમચ ૬૨૮ વર્ષઉપર મીનોચેહેરના રાજ્યમાં બનેલો જણાવેછે. તે જણાવેછે કે એ બનાવ પછી સપંદારમદ મીનોચેહેરનાં મકાનમાં એક કન્યા તરીકે આવી અને તેને પાણી પાછું આપ્યું. દીનકર્દ (દફતર સાતમામાં) પણ એ બાબેનો ઇશારો કરેછે પણ તે એ બનાવ ઉજુબે તેહેમાસ્પના રાજમાં મેલેછે. દાદસ્તાનેદીનીમાં નદીનાળાંઓની બાબદમાં અફ્રાસ્યાબને એક મોટું કામ કરતો જણાવેછે કે તેણે પહાડી મુલકોમાં પાણીનાં માર્ગ અથવા નેહેરો બાંધવામાં ભાગ લીધો ([illegible])

પા. ૧૪૪). મીનોખેરદમાં પણ (બા. ૮-૨૯) એને જુહાક અને સીકંદર સાથે એક પગથીએ મુકી જણાવેછે કે અહારેમને તો એઓને અમર્ગી માટે ધારી રાખ્યા હતા પણ અહુરમજદે તેઓને તેઓનાં ઘટતે ફેજે પોંહચાડયા. એ કેતાબ (બા. ૨૭-૩૮) માં વળી પેલી કેહેવત કે "જે માથું થાય તે સારાને કાજે" તે પ્રમાણે જણાવેછે કે અફ્રાસ્યાબ અને જુહાક જેવાનાં હાથથી પણ એક ભલુ થયુ છે અને તે એ કે એઓનાં હાથમાં જો હકુમત નહી આવી હતે તો અહરેમને તે હકુમત અએશમ દેવને આપી હતે કે જેનાં હાથમાંથી તો તે રસ્તાખેજ સુધી છોડવી નહી શકતે. વળી બુનદેહેશમાં 'પદશખ્વારગર' આગળ એણે મીનોચેહેરનાં લશકરને બંદ કર્યું હતું એવો જે ઇશારો છે (બા. ૩૧-૨૧) અને જે બનાવ આપણે આગલ કહ્યુંછે કે ફીરદોસી નોદરના રાજ્યમાં મેળેછે તે બનાવની જગ્યા માટે મીનોખેરદમાં કહેછે કે મીનોચેહેરે એ જગ્યા એની પાસેથી જીતી લીધી અને ઇરાનમાં જોડી નાંખી. જમ્યાદયશ્તમાં આપણે આગળ જોયુ તેમ અને બુનદેહેશ (બા. ૨૦-૩૪) માં જે લખાણ છે કે અફ્રાસ્યાબે ઘણાં નદીનાળાંઓને કાંસુ દર્યામાં વહેતાં કર્યાં તેને વિષે મીનોખેરદ (બા. ૨૭-૪૪) માં કહેછે કે મીનોચેહેરે તે બંદ કર્યાં. અફ્રાસ્યાબે ઇરાનને લગતા મુલકોનાં કેટલાક નદીનાળાંઓનાં માર્ગો ત્યાંનાં લોકોને નુકસાન કરવા ફેરવી નાંખ્યા હોય તે માર્ગો મીનોચેહેરે પાછા સ્થાપ્યા હોય. કેખુશરુના કેટલાંક ભલાં કામોમાં એનુ અફ્રાસ્યાબને મારી નાખવાનું કામ પણ મીનોખેરદમાં ભલું ગણયુંછે (બા. ૨૭-૬૦). એક પેહેલવી રેવાયતમાં જણાવેછે કે અફ્રાસ્યાબે થોડો વખત મીનોચેહેરનાં રાજ્યમા ઇરાનનો જે કબજો લીધો હતો તે કબજામાંથી ઇરાનને મીનોચેહેરે ખોરદાદ સાલને દહાડે છોડવ્યુ (ઉવેસ્ત પેહેલવી તેક્ષ્ટ III પા. ૩૧૪). ફીરદોસી એ નોદરનાં રાજ્યમાં જણાવેછે.

ફીરદોસી ઉપર આવતાં અવસ્તાનાં ઇશારાઓનો તેમાંથી ઘણોક ખોલાસો મળેછે. અવસ્તાનો પેહેલો ઇશારો (ય. ૫-૪૨, ૪૩) કે એણે ઇરાનીઓનું ખોરેહ અને કીર્તી માંગી જે મોરાદબર નહી આવી, તે બાબદથી શાહનામાનો મોટો ભાગ ભરેલોછે કે જેમા આપણે જોઇએ છીએ કે નોદરનાં રાજ્યમાં, કેરેસાસ્પનાં મરણ બાદ કેકોબાદના રાજ્યમાં, કેકાઊસનાં રાજ્યમાં અને સેવટે કએખુશરુનાં રાજ્યમાં તે વારેઘડીએ ઇરાન ઉપર હુમલો લાવી ઇરાનની કીર્તી લુટવા માંગેછે, પણ તેમાં તે નીશફળ થાયછે. અવસ્તાનો બીજો ઇશારો કે (ય. ૯ અને ૧૭) પાદશાહ કએખુશરુ દુઆ ગુજારેછે કે તે અફ્રાસ્યાબને પોતાનાં બાપ સીઆવક્ષનાં કીનામાં અને અગ્રેરસના કીનામાં મારે તેનું લાંબું અને વીગતવાર વર્ણન શાહનામું પુરૂં પાડેછે (જુઓમા[illegible] અને [illegible] શબ્દો) અને કહેછે કે એ અફ્રાસ્યાબે પોતાનાં જમાઈ સીઆવક્ષ, તે કએખુશરુના બાપને પોતાના ભાઈ કસરેવજની ફુલવણીથી મારી નાખ્યો. એણે વળી પોતાનાં જાતી ભાઈ અગ્રેરસને પણ મારી નાંખ્યો હતો, કારણ કે તે તેનાં બુરા કામોની આડે આવતો અને ઇરાનીઓ તરફ દીલસોજી દેખાડતો. અવસ્તાનો ત્રીજો ઇશારો (ય. ૯-૧૮. ય. ૧૭-૩૮. હ. ૧૧-૭)-કે હોમ ફ્રાશ્મી નામનાં સખશે એને પકડયો અને કએખુશરુને સપુરદ કર્યો- તેનું પણ શાહનામામાંથી ખોલાસેવાર બ્યાન મળેછે. હોમ નામનો એક આબેદ એક પાહડપર બંદગી કરતો ત્યાં અફ્રાસ્યાબ જે કએખુશરુને હાથ પકડાઇ જવાની ધાસ્તીમાં હતો તે આવી ભરાયો, અને ત્યાં હોમે તેને પકડી કએ-

ખુશ્રુને સપુરદ કર્યો. અવસ્તાનો ચોથો આડકતરો ઈશારો (ય. ૧૯) કે અફ્રાસ્યાબ ઈરાન દેશાનુ નુર, કીર્તી અથવા સુખ છીનવી લેવાની ત્રણ ત્રણ મરતબે કોશીશ કરી અને તે કોશીશો કરતાં જુદા જુદા સરોવરની ઉત્પન્તીમાં ભાગ લીધો તેને તો પેહેલવી લખાણો ટેકો આપેછે.

[illegible] = ફ્રજદાનવ. ય. ૫-૧૦૮. એક સરોવરનું નામ છે. બુનદેહેશનો [illegible]. એ સરોવર આગળ કએ વીસ્તાસ્પે આવાંઅર્દવીસુર બાસ અરજ ગુજારી હતી કે તે અરજાસ્પ ઉપર ફતેહ મેળવવાને શક્તીવાન થાય. બુનદેહેશ (પા. ૫૫-૧૭ બા. ૨૨-૫) એની જગ્યા અને વર્ણન નીચે પ્રમાણે આપેછે [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

એટલે "ફ્રાઝદાન" સરોવર સીસ્તાનમાં (છે). કહેછે કે જો એક આજાદ અશો-મરદ તેમાં કાંઇ ચીજ નાંખેછે તો તે કબુલ રાખેછે, જો અશો નહી એવો (નાંખે-છે તો) પાછી પાણી બાહેર ફેંકેછે. તેનું પણ મુળ ફરાહકંત દરિયા સાથ જોડાયલું છે. બહમનયષ્ટમાં કહેછે કે જરતોસ્તનો છોકરો હોશેદર એ સરોવરપર જનમશે (બા. ૩-૧૩). બુનદેહેશમાં એને ફરાહકંત દરિયા સાથ સંબંધ રાખતો જણાવ્યોછે. તેની મતલબ એ દીસેછે કે એ સરોવર ખારા પાણીનો છે. પુસ્તી એને ગીજનીની દક્ષિણે, મક્કરની પૂર્વે અને ગવસ્ત નામની જગ્યાની ઉત્તરે આવેલા 'આબ-ઇસ્તાદે' નામનાં સરોવર સાથ સરખાવેછે. હારલે એને બાકત્રીઆમાં ધારેછે અને કહેછે કે તે (બુનદેહેશમાં જણાવ્યા પ્રમાણે) સીસ્તાનમાં નહી હોવો જોઇએ, કારણ એનાં કાંહાઉપર જ્યારે વીસ્તાસ્પે તુરાની અરજાસ્પ સામે લડવાને અરજ ગુજારીછે ત્યારે તે તુરાનની નજદીકમાં બેકત્રીઆમાં જ્યાં ગુસ્તાસ્પનું મથક હતું ત્યાં હોવો જોઇએ. પણ હું ધારૂંછું કે તે બુનદેહેશ પ્રમાણે સીસ્તાનમાંજ હોવો જોઇએ અને ગુસ્તાસ્પે અરજાસ્પને મારવા માટે એ દુઆ ગુજારીછે તે તે વખતે હોય કે જ્યારે પેહેલી લડાઈ પછી, અને અસફંદીઆરને ગરઝમની ફુલજણીથી બંદીખાને નાખ્યાપછી તે બે વર્ષ સુધી સીસ્તાન જઇ રહ્યો હતો, અને ત્યાંજ જરતોશ્તી દીન ફેલાવામાં અને રૂસ્તમની મહેમાનદારી ચાખવામાં રોકાઇ રહ્યો હતો. એ બે વર્ષ બાદ જ્યારે અરજાસ્પે જોયું કે બલખમાં કોઈ નથી અને પેહેલવાનોમાં તો ફકત બુઢો લોહરાસ્પ રહેલો છે અને ગુસ્તાસ્પ તો સીસ્તાનમાં પડેલો છે અને અસફંદીઆર તો બંદીખાને છે ત્યારે તેણે એકાએક બલખ ઉપર હુમલો કરી લોહરાસ્પને અને જરતોશ્તને મારી નાખ્યા, નુશઆદરનાં આતશકદેહને ખરાબ કર્યું, અને ગુસ્તાસ્પની બે બેટીઓ હોમાએ અને બેહેઆફ્રીદને ઉચકી લઈ ગયો. એ ખબર એક દુર અંદેશા અને ડાહાપણવાળી ઓરતે રાત દાહડો ઘોડા ઉપર મુસાફરી કરી આવીને ગુસ્તાસ્પને સીસ્તાનમાં પોહચાડી. તેજ વખતે ગુસ્તાસ્પ બલખ જવા નીકળ્યો. આએ સંકત અને મુશકેલીને વખતે ત્યારે ગુસ્તાસ્પે સીસ્તાનમાં ઉપલી દુઆ માર્ગમાં જતાં ફ્રઝદાનુનાં કીનારા ઉપર ગુજારી હોય. એ હેવાલ ઉપરથી દિસેછે કે હારલે એ સરોવરને ઉત્તરે મેલવા માંગે-

છે તેમ મેળવાની અગત નથી. પણ બુનદેહેશ મેળેછે તેમ સીસ્તાનમાંજ મુકવો જોઈએ. ગુસ્તાસ્પની સીસ્તાન તરફની મજલની ફીરદોસી નીચલી સતરોમાં નોંધ લેછે. મોહલ વા. ૪. પા. ૪૪૨.

برآمد بسی روزگاران بروی
که خسرو سوی سیستان کرد روی
که آنجا کند زندوستا روا
کند موبدان را بر آن برگوا

[Avestan] = ફ.તીર. ય. ૧૩-૧૨૭.

"ફ.તીરાઓ. બઓષતસતીરાઓ અ. ફ. યજમઈદે." એ પ્રમાણે એ ફ.તીર અને બઓષતસતીર એ બે શખસોની ફ.વશીઓને સાથે યાદ કરીછે, અને તેઓ દ્વિવચનમાં છે તે ઉપરથી યુસ્તી ધારેછે કે એઓ બન્ને ભાઈઓ હોય. બધા યુરોપીઅન તરજુમો કર્તાઓ એમ એ બે જુદા જુદા શખસોની ફ.વશીને યાદ કરેલી લેછે, જોકે ફ.વશી શબ્દ એકવચનમાં છે. એવી રીતે બે નામો અને ફ.વશી શબ્દ એકવચનમાં એમ કેટલીકવાર એ યશ્ટમાં આવેછે. કામાજી "બઓષતસ્તીરનાં ફ.તીરની ફ.વશી" એમ લેછે જે ફ.વશી એકવચનમાં હોવાની મુશકેલી ટાલેછે પણ ત્યારે અકારાંતનામની છઠ્ઠી એ પ્રમાણે 'આઓ' થતી નથી. તે જોતાં મેહેરજીરાણાંવાળા એ નામોને આકારાંત પુલ્લીંગ લેઈ ફ.તીરા ગણે છે અને "બઓષતસ્તીરાના ફ.તીરા" ની ફ.વશી એમ અર્થ કરેછે તે વધુ દરુસ્ત લાગેછે.

[Avestan] = ફ.દધફ.શુ. ય. ૧૦-૧૪, ૧૩૩; ૧૨-૧૧. વં. ૧૯-૩૯. હપ્તકેશ્વરોમાંનાં એક કેશ્વરનું નામ. એ અને વીદધફ.શુ જોડીઆ કેશ્વરો છે અને તેઓ ખનીરથની દક્ષિણે આવેલાછે એમ બુનદેહેશ જણાવેછે. જુઓ [Avestan] શબ્દ. અને બુનદેહેશમાં [Avestan] ફ.દદફ.શ કહ્યો છે અને તેને માટે કહેછે (પા. ૬૮-૬ બા. ૨૯-૧) કે એ કેશ્વરમાં વડાધર્મ ગુરૂ તરીકે [Avestan] [Avestan] (સ્વઈતનાદી હુસ્પાસ્ન્યાન) નામનો પુરૂષ છે. ડા૦ ઉવેસ્ત પોતાની નકલ પ્રમાણે એ નામ "સ્પીતો ઈદે અઉશાપોસીનાન" આપેછે. એ શખસ તે ફ્રવરદીનયષ્ટ (ફ. ૧૨૧) વાળો [Avestan] [Avestan] છે.

[Avestan] =ફ.શાક્તિ. ય. ૧૩-૧૩૮. એ 'ખુમ્બ્ય' નામના એક શખસનો છોકરો થતો હતો. બુનદેહેશ પ્રમાણે (પા. ૬૯-૧ બા. ૨૯-૫) તે પેરયાનસાઈ (પીસીનની ખીનવાળા) મુલકનો વડો ધર્મગુરૂ હતો. યુરતોની બુનદેહેશમાં એ નામ અવસ્તાનાં [Avestan] [Avestan] [Avestan] ને ઠેકાણે [Avestan] [Avestan] [Avestan] પરરાતગાઓ એમ્બ્યાન આપ્યું છે. પણ તેહેમુરસવાળી નકલ ઉપરથી ડા૦ ઉવેસ્ત એ નામ અવસ્તાને બરાબર મળતું [Avestan] આપેછે. દાદસ્તાને દીનીમાં એને ઓલ્લો [Avestan] [Avestan] એટલે 'ખુમ્બ્યનો છોકરો' જણાવ્યો છે. (પા. ૧૬૦ ક-૩ બા. ૯૦-૩). બુનદેહેશમાં જુદા જુદા મુલકોનો [Avestan] કોણ તે વિષે સવાલ કરેછે તેમાં સાત કેશ્વરોનાં વડાઓ વિષે સવાલ પુછેછે અને ત્યાર પછી બીજા મુલકો ([Avestan] [Avestan] [Avestan] કેશ્વર હાએ દેદીગર) એટલે ઈરાની નહી એવા કેશ્વરોનાં વડા કોણ તે વિષે પુછેછે તેમાં એનું નામ

દીઍછે, કે તે દસ્તે પીસ્યાનસાહનો રતુ છે. દાદસ્તાનેદીનીમાં પણ ઍને મળતો સવાલ છે કે [illegible]

[illegible] ઍટલે "તેઓ કોણ (છે કે જેઓ) દીનની બાહેરના (અદીનીહા) હોવા છતાં અમર્ગી પામ્યાછે?" (પા. ૧૬૦. સવાલ ૮૯. બા. ૯૦). ઍનાં જવાબમાં જે કેટલાંક નામો જણાવવામાં આવેછે તેમાં ઍક ઍ ક્ર.ધાક્ષિતનું નામ છે. બુ-નદેહેશ અને દાદસ્તાનેદીની ઍ બન્ને ઉપરથી ત્યારે માલમ પડેછે કે ઍ ક્ર-ધાક્ષિત કોઈ અસલ મજદયસ્નાન-દીનનો નહીં હોવા છતાં પેરયાનસાહ (પીસીન) જેવો મુલક-જે વંદીદાદ પ્રમાણે પરી, જાદુગરો વીગેરે બુરાઓ-થી વસાઍલો-તેમાં વટીક તેણે ઍ દીન અથવા ઍને મળતી દીન દાખલ કરી હોય અને તેથી ઍનું નામ ઍક અ-મર્ગ ભલા પુરૂષ તરીકે મશહુર થાઇ રહેલું હોય. દીનકર્દનાં નવમા દફતરમાં જે સુદગર કેતાબનો ઇનતેખાબ આ-પ્યો છે તે ઇનતેખાબમાં પણ ડા૦ ઉવેસ્ત (પેહેલવી તેક્ષ્ટ II પા. ૨૫૮) પ્રમાણે ઍને ખુમ્બ્યાકનો છોકરો ગણ્યો છે અને નાઇવીટાકનાં પાણીવાળા મુલકનો ઍને વડો ગણ્યો છે. હવે ફરવરદીનયષ્ટ-માં ઍ ક્ર.ધાક્ષિતનાં ફરોહરને આરાધ્યુંછે ત્યાં જણાવે છે કે તેને અઍશમ (પેહે-લવીનો હેશમ અથવા ખશમ ઍટલે ગુસ્સાનો દેવ) દેવની સામે થવા માટે આરાધ્યું છે. મને લાગે છે કે ફરવરદીન-યષ્ટનું ઍ લખાણ ક્રધાક્ષિતના બાપ

[illegible] ખુમ્બયનું નામ શાઉપર-થી પડ્યું તેનો જે બુનદેહેશમાં ઇશારો આવેછે તેની સાથે કાંઈ સંબંધ ધરાવેછે. બુનદેહેશમાં ઍના બાપનું નામ શાઉ-પરથી પડ્યું તે વિષે જણાવે છે કે

[illegible]

[illegible] ઍટલે "ઍને ઍગ્બ્યાન (કહેછે) કારણ કે ખશીમ (ગુસ્સાનો દેવ. અગ્રસ્તાનો અઍશ્મ) ની ધા-સ્તીથી ઍને ઍમ્બ (ઍટલે બરણી) માં ઉધાર્યો હતો.

[illegible] = ફ.વિદય. ય. ૧૩-

૯૭. ઍક પુરૂષનું નામ જે જરતોશ્તનાં પેહેલા શાગેર્દોમાંનો ઍક હતો. ફરવર-દીનયષ્ટની ટીપ પ્રમાણે ઍ આઠમો શાગેર્દ હતો.

[illegible] = ક્ર.બરેતર. વં. ૫-૫૭,

૫૮. પેહેલવી [illegible]. ઍક મોબેદ જેનું કામ ક્રિયામાં વપડાતી ચીજોને આગળ લાવવાનું (ક્ર-બેરે) અથવા તૈયાર કરવાનું હતું.

[illegible] = ક્ર.વ. ય. ૧૩-૧૧૭. ઍક પુરૂષનું નામ જેની ક્ર.વશીને યાદ કરીછે.

[illegible] = ક્ર.વષિ. પેહેલવીમાં [illegible]. ફારસી [illegible]. ક્ર.વશીઓ ઍ વિદેહીક આત્માઓ છે કે જેઓને અ-હુરમજદે ભલી પેદાયશને સારી હાલતમાં રાખવા માટે અને દેવદરૂજોની બુરી શક્તીઓ સામે બચાવી રાખવા માટે દરેક જગ્યાએ રાખ્યાછે. ભલી પેદા-યશનું દરેક પ્રાણી પછી તે જીવતું હોય, મરણ પામેલું હોય કે હજુર જનમ લેનાર હોય તે પોતાની ક્રવશી અથવા નેગેહદાર ફરોહર ધરાવેછે કે જેને પેદાયશની શરૂઆતમાંજ પેદા કરેલું છે. ઍઓની સંખ્યા ૯૯૯૯૯ નાં આંકમાં જણાવીછે ઍટલે તેઓ અગણીત છે. તેઓ અ-મેશાસ્પંદો અને યજદો પછી ત્રીજો દરજ્જો ભોગવેછે. ફરોહરો ખુદ અહુ-

રમજદનાં, અમેશાસ્પંદો અને યજદોનાં પણ છે. એઓએ અહુરમજદને મદદ કીધી અને માણસોને પણ મદદ પોહચાડેછે. સઘળી કુદરતી પેદાયશોનાં ફરોહર છે પણ હસ્તકૃતના નહી. ફરોહરોનાં બે વર્ગ થાઇ શકે. ૧. કુદરતી પેદાયશનાં ફરોહરો કે જેઓ મૂળ પ્રકૃતિવાળાં ફરોહરો કેહેવાઇ શકાય. તેઓ પ્લેતોનાં ideas ને મળતાં આવેછે. તેઓ તુરાનીઅન ટોલાનાં સેમોઇડ તાયપીનાં "તેદેબનોસ"ની, ફીન ટોલાનાં 'હાલશીઆ' ની, ચીનાંઓનાં 'શીન' ની અને બાઇબલનાં 'પેટર્ન' ની યાદ આપેછે. ૨) માણસોનાં ખાસ ફરોહરો કે જેમાં જીવતાં તેમજ મરણ પામેલાંના ફરોહરો આવેછે. એ વર્ગમાં જીવતાંના ફરોહરો રોમનોનાં જીનીઅસ અને યુનાનીઓનાં 'દીમન' ની યાદ આપેછે. ગુજરેલાંનાં ફરોહરો રોમનોનાં 'મનેઝ' અને ચીનાઓનાં 'કવાઈ'ની યાદ આપેછે. તેઓ વળી વેદીક 'પીતર' ની યાદ આપેછે. વધુ વીગતમાટે જુઓ મારી ચોપડી "અનાહીત અને ફરોહર."

𐬟𐬭𐬀𐬯𐬞𐬁𐬙𐬀 = ફ્રસ્પાત. વં. ૧૫-૧૪.

ગર્ભને પેતમાંથી તોડી પાડવા (અર્થ પ્રમાણે બાહેર કાહાડી નાંખવા) ની કોઈ દવા. જુઓ [Avestan] શબ્દ.

𐬟𐬭𐬀𐬯𐬏𐬙𐬁𐬭𐬀 = ફ્રસુતાર. ય. ૧૩-૧૨૧.

એક પુરૂષનું નામ જેની ફ્રવશીને યાદ કરીછે. ફ્રસુતર અને વીસુતર એ બે નામો સાથે આવેછે, તે ઉપરથી યુસ્તી એ બન્નેને ભાઈ સમજે છે.

𐬟𐬭𐬀𐬱𐬀𐬊𐬱𐬙𐬭𐬀 = ફ્રશઓસ્ત્ર. ય. ૧૩-૧૦૩; ય. ૨૪-૧૧, ૫૪; ઈ. ૧૨-૭, ૪૬-૧૬, ૪૯-૮, ૫૧-૧૭; ૫૩-૨, ૭૧-૧. એને અને જામાસ્પ એ બન્નેને 'હવોવ' ના કહ્યાછે, તેથી એઓ બન્ને હવોવનાં ખાનદાનનાં હોય અથવા તેના નબીરા હોય. વળી એઓ વિષે વીસ્તાસ્પયશ્ટ (ફ. ૧૧) માં ભેગાં દ્વિવચનમાં બોલવામાં આવેછે તે ઉપરથી પણ દિસેછે કે એઓ બેઉ ભાઈ હતા. એઓ જરતોસ્તનાં પેહેલા શાગેર્દોમાંનાં હતા. એઓએ જરતોસ્તીદીન ઘણી સરસ રીતે કબૂલ રાખી હતી અને તેનાં ફેલાવામાં ઘણો ભાગ લીધો હતો, તેથી ઇજશને (હા. ૧૨) માં એ દીનનો એકરાર કરનાર "જેતરીકાનાં ફ્રશઓસ્ત્ર અને જામાસ્પ હતા તે તરીકાનો થવાને" કબુલાત આપેછે. ઇજશનેમાં (હા. ૪૯-૧૯) જરતોસ્ત ફ્રશઓસ્ત્રને દીન ફેલાવાને જાણે હોકમ ફરમાવેછે. તે દીનનાં મુખ્ય ફરમાનો જરતોસ્ત ફ્રશઓસ્ત્રને જાહેર કરેછે (હા. ૭૧-૧).

બુનદેહેશ, દાદસ્તાનેદીની, મીનોખેરદ એને વિષે કાંઈ કેહેતા નથી. દીનકર્દનાં સાતમા દફતર પ્રમાણે જરતોસ્તી દીન કબૂલ રાખવા પછી શાહ ગુસ્તાસ્પે જે ચાર મોટા માણસોને તેનો ફેલાવો કરવા નેમ્યા હતા તેમાં જામાસ્પ, અસ્ફંદીઆર, અને જરીર સાથે ફ્રઓશસ્ત્ર એક હતો. દીનકર્દનાં પેહેલાં દફતર (વા. ૧-૧) માં જણાવે છે કે અહુરમજદે જરતોસ્તીદીન ફેલાવામાં એને જામાસ્પની સાથે એક વસીલો કર્યો હતો. વળી એજ કેતાબ પ્રમાણે અસફંદીઆર દીન ફેલાવા ગયો તેની આગમચ તે ફ્રશઓસ્ત્ર આગળ દીન શીખી ગયો હતો. દસ્તુર પેશોતંનજી પાછલી કેતાબોને આધારે જણાવેછે કે ફ્રશઓસ્ત્ર અને જામાસ્પ જરતોસ્તનાં જમાઇ હતા. જામાસ્પને વિષે તો નહી પણ ફ્રશઓસ્ત્રને વિષેનો ઇશારો વીસ્તાસ્પયશ્ટ (ફ. ૧૧) માં મળેછે. ત્યાં જરતોસ્ત ફ્રશઓસ્ત્રને પુત્ર એટલે દીકરાકરી બોલાવેછે તે એ કારણથી હોય કે તે તેનો જમાઇ હોવાને લીધે તેનાં દીકરા સમાન હતો. યુસ્તી ફ્રશઓસ્ત્ર અને જામાસ્પને ફ્રધાક્તિનાં છોકરાઓ ગણેછે તે શા આધારે તે મુદલ સમજ પડતું

નથી. એને 'ખાદએન અને હુમ્ક્ય ઓશ્ન' કરી બે છોકરાઓ હતા એમ ફરવરદીનયશ્ટ (૧૦૩) ઉપરથી માલમ પડેછે.

[Avestan script] = ફ્રષાવક્ષ. ય. ૧૩-૧૦૯. એક પુરૂષનું નામ.

[Avestan script] = ફ્રષોકરેત. ય. ૧૩-૧૦૨. એક પુરૂષનું નામ. એ શબ્દ-ની આગળનું નામ 'ફ્રશાહામ વરેત' તે ગુસ્તાસ્પના છોકરા શાહાનામાવાળા ફ્રરશીદવર્દનું છે, અને એની પછીનાં 'આતર' પરથી શરૂ થતાં નામો પણ ગુસ્તાસ્પનાં છોકરા યા નબીરાઓનાં નામો છે કે જેઓ શાહાનામાપ્રમાણે પણ 'આઝર' પરથી નામો ધરાવતા. એ ઉપરથી આએ વચમાં આવેલું નામ પણ ગુસ્તાસ્પનાં એક છોકરાનું ધાર-વામાં આવેછે.

[Avestan script] = ફ્રશાહામ વરેત. ય. ૧૩-૧૦૨. એ શાહનામાનો ورد فرشید છે.. પ્રોફેસર દાર્મેસ્ટેટે ડા૦ ઉવેસ્તને આધારે જણાવેછે કે યાદગારે ઝરીરાનમાં એ નામ [Avestan script] છે. એ ઇમિલાને બરાબર નહી વાચ્યાથી ફારસીમાં ફ્રરશીદવર્દ થઇ ગયું. એ શાહ ગુસ્તાસ્પનો એક છોકરો હતો. જ્યારે گرزم ગુરઝેમ નામનો શખસ શાહ ગુસ્તા-સ્પને અસફંદીઆર વિષે બદગુમાન કરી અને ઉંધુ ચતું સમજાવી અસફંદીઆ-રને બંદીખાને નખાવેછે, અને જ્યારે તેનો લાભ લેઇ અને શાહ ગુસ્તાસ્પ શીસ્તાન જાયછે ત્યારે તેનો લાભ લેઇ પેલા દેશ—અને દીનદુશ-મન અરજાસ્પ બલખ ઉપર હુમલો લાવી લોહરાસ્પને મારી નાંખેછે ત્યારે ગુસ્તાસ્પ તેની સામે મોટું લશકર લેઇ જાયછે અને મોટી લડાઇ કરેછે, જેમાં તેનાં ૩૮ છોકરાઓ માર્યા જાયછે. એ ખુન-ખાર લડાઇમાં ફ્રરશીદવર્દ જખમાં થાયછે. એ એનાં ભાઇ અસફંદી-આરનો ઘણો માનીતો હતો કારણ કે તે અસફંદીઆર તરફ પોતાનાં બાપથી ગુજરેલા ગેર ઇનસાફી માટે દીલસોજી દેખાડતો હતો. એટલા માટે ગુસ્તાસ્પની હાર પછી જ્યારે જામાસ્પ અસફંદી-આરને બંદીખાનેથી આવી દેશનાં બ-ચાવ માટે લડાઇ કરવા બાહેર આવવા કહેછે અને જ્યારે અસફંદીઆર ના અને નાજ કહેછે ત્યારે તે ફ્રરશીદવર્દનાં જખમી થવાની વાત કહેછે. એ ઉ-પરથી પોતાના એ ભાઇને ખાતર તે બં-દીખાનેથી બાહેર આવી લડાઇપર નીકલે-છે. તે ફ્રરશીદવર્દ આગળ આવેછે અને બન્ને ભાઇઓ થોડીક વાત કરેછે તેટલાં ફ્રરશીદવર્દ પોતાનાં જખમથી મરણ પામેછે (મોહલ વો. ૪ પા. ૪૫૯ થી ૪૭૦).

[Avestan script] = ફ્રાચિથ્ર. ય. ૧૩-૧૨૮. એક પુરૂષનું નામ. એ શબ્દ "ફ્રા-ચિથ્રહે. બેરેજવતો" એમ આવેછે. તથા સુરતી, દાર્મેસ્ટેટે—મેહેરજીરાણા વાછા એને બેરેજવતનો છોકરો લેછે. પણ હારલે અને સ્પીગલ બેરેજવતને એ ફ્રાચિથ્રનો વિશેષણ લેઇ 'બુલંદ ફ્રાચિથ્ર' એમ અર્થ કરેછે.

[Avestan script] = ફ્રાસ્ય. ય. ૧૩-૧૧૫. એક પુરૂષનું નામ. સ્પીગલ અને હારલે "ફ્રાસ્યે હે તઉર્વાતોઇશ" શબ્દમાં "ફ્રાસ્ય તઉર્વાતિ" એમ એકજ ધણીનું નામ લેછે. પણ સુરતી, દાર્મેસ્ટેટે, અને મેહે-રજીરાણા વાછા એ જુદાં નામો લેઇ "તઉર્વાતિનો ફ્રાસ્ય" એમ અર્થ કરેછે.

[Avestan script] = ફ્રાત. ય. ૧૩-૯૯. એ ફ-કરામાં "પર્શાત ગેઉશ ફ્રાતહે" એવા શબ્દો આવેછે. એ બન્ને શબ્દોને વિશેષનામ લેઇ સુરતી, દાર્મેસ્ટેટે, મેહેર-

જીરાણા વાછા "ક્રાતનો પર્શાત ગાઓ" એમ અર્થ કરેછે. હારલે અને સ્પીગલ એ ક્રાત ને પર્શાત ગાઓનું વિશેષણ લેછે અને હારલે 'ચલકતો' અને સ્પીગલ "જે આગળ ગયલો તે" એમ અર્થ કરેછે. એ ફકરામાં અસ્મોખ્ન્વંત, અસ્નખ્નવંત એમ એકલાં નામો આવેછે અને ફલાનાંનો ફલાનો એમ નથી આવતું તે ઉપરથી શક જાયછે કે આએ પણ એમ એકલું નામ હોય અને તેથી 'ક્રાત' શબ્દ પર્શાતગાઓનું વિશેષણ હોય.

[illegible] = ક્રાદત્-ખ્રેનંઘ્. ય. ૧૩-૧૨૮. એક પુરૂષનું નામ. એ દાદસ્તાનેદીની (પા. ૯૩ ક-૧૮ બા. ૩૬-૪,૫) નો [illegible] "ફ્રાદત્ ગદમન" છે. એ કેતાબ પ્રમાણે દુન્યાનાં ઘણાં જાણીતા સાતે ફરશોકંત ઉત્પન્ન કરનારાઓમાંનો એ એક છે.

[illegible]

એટલે "પણ જેઓ આએ (દુન્યાનાં) ગોળાપર વધુ (વખાણાયલા) (વાસ્પુહર કાનીકતર) ફરશોકંત કરનારાઓ છે તેઓ સાત કેહેવાયલા છે અને તેઓના નામો રોશન ચશ્મ, ખુરચશ્મ, ફ્રાદદ ગદમન, વારદદ ગદમન, કામેવક્ષાન, કામેસુદ, અને સોશ્યોસ (છે). વળી આગળ ચાલતાં એજ સવાલનાં જવાબમાં કહેછે કે એ સાતે જન જુદા જુદા કેશ્વરોને લગતા અમરો છે. તેમાં આએ "ફ્રાદદ ગદમન" માટે કહેછે કે તે [illegible] ફ્રદદાફ્રશ કેશ્વરમાં છે. વળી એની અને એનાં બીજા છ સાથીઓની સાંભળવાની શક્તીની ઇંદ્રી એવી જણાવી છે કે તેઓ પોતાનાં જુદા જુદા કેશ્વરોમાંથી એકેક સાથે જાણે પાસે પાસે હોય તેમ વાત કરી શકેછે.

[illegible] = ક્રાદત્-નર. ય. ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ. જુઓ [illegible]

[illegible] = ક્રાદત્-ફશુ. વિ. ૧-૩... જુઓ [illegible]

[illegible] = ક્રાદત્-વંધુ. ય. ૧૩-૧૨૧. એક પુરૂષનું નામ જે સ્તાવનનો છોકરો. જે નામોની વચ્ચે એ નામ આવેલું છે તે ઉપરથી દિસે છે કે એ કોઇ મુલકનો વડો ધર્મગુરૂ હતો.

[illegible] = ક્રાદત્-વીર. વિ. ૧-૩... જુઓ [illegible]

[illegible] ક્રાદત્-વીસ્પામ્-હુજ્યાઇતીમ્. વિ. ૧-૩... જુઓ [illegible]

[illegible] = ક્રાન્ય. ય. ૧૩-૯૭. એક પુરૂષનું નામ જે વોહુરઓચંઘ, અશોરઓચંઘ, અને વરેસ્મોરઓચંઘ નામનાં ત્રણ દીકરાઓનો બાપ થાય. એઓ જરતોસ્તનાં પેહેલા શાગેર્દો દિસેછે.

[illegible] = ક્રાપયાઓ. ય. ૧૯-૬. એક પહાડનું નામ.

[illegible] = ફ્રાબાજુ. વં. ૭–૭૯, ૮૭, ૯૦; વં. ૯–૮. હાથનાં ગુથનથી તે આંગળાંનાં છેડા સુધીનું એક માપ.

[illegible] = ફ્રાયજંત્. ય. ૧૩–૧૧૩. એક પુરૂષનું નામ જે ફ્રેનંઘ અને જરોવંઘુનો બાપ થાય.

[illegible] = ફ્રાયજંતન. ય. ૧૩–૧૪૦. એક પુરૂષનું નામ જેની ઓરત ફ્રેનીની ફ્રવશીને આરાધીછે. એ 'ફ્રાયજંત'નો છોકરો યા કોઈ પેહેડીનો હોય તે ઉપરથી એને એ નામ આપ્યું હોય.

[illegible] =ફ્રાયત્–રથ. ય. ૧૩–૧૦૮. એક પુરૂષનું નામ.

[illegible] =ફ્રાયોધ. ય. ૧૩–૧૦૮. કરેસ્ન નામનાં પુરૂષનાં ત્રણ છોકરાઓમાંનો એક છોકરો. જુઓ [illegible].

[illegible] = ફ્રારાગ્નિ. વ. ૭–૭૬, ૭૯, ૮૭. એક માપનું નામ જે પેહેલવી પાજંદ ફરહંગ પ્રમાણે 'ફ્રારસ્ત' છે, અને એ લંબાઈમાં અરધું 'ગય' ([illegible]) આસરે ૧૫ થી ૧૬ ઇંચ.

[illegible] =ફ્રારાજિ. ય. ૧૩–૧૨૩. એક પુરૂષનું નામ જેને 'તુર'નો અથવા તુરાની કહ્યોછે.

[illegible] = ફ્રાવંકુ. ય. ૧૯–૩. એક પહાડનું નામ. એ પહાડ સાથ ૮ની જે સંખ્યા જણાવીછે તે એ પહાડની મોટી ટોંચોની સંખ્યા દિસેછે.

[illegible] =ફ્રીનાસ્પ. ય. ૧૩–૧૨૨. એક પુરૂષનું નામ જે કએવનો છોકરો થાય.

[illegible] = ફ્રેનંઘ. ય. ૧૩–૧૧૩. એક પુરૂષનું નામ જે ફ્રાયજન્તનો છોકરો થાય.

[illegible] =ફ્રેનિ. ય. ૧૩–૧૩૯. એક સ્ત્રીનું નામ.

બુનદેહેશની [illegible] અને વજરકર્દ દીનીની [illegible] ફ્રીન. બુનદેહેશ (પા. ૬૯–૨૦ બા. ૩૨–૫) અને વજરકર્દ દીની (પા. ૨૨–૪) પ્રમાણે એણી પએગમબર જરતોશ્તની છોકરી હતી. જે અનુક્રમે ફરવરદીનયશ્તમાં અને ઉપલી બે પેહેલવી કેતાબોમાં જરતોશ્તની છોકરીઓના નામો આવેછે તે અનુક્રમ પ્રમાણે એણી જરતોશ્તની વડી છોકરી હતી. એણી વજરકર્દ દીની પ્રમાણે જરતોશ્તની હુવીજ નામની બાયડીને પેટે જનમી હતી. ત્યાં એણીનું એણીની બે બેહેનોનું અને એક ભાઈનું નામ દેઈ કહેછે કે [illegible] એટલે "એ ચારે (એ ત્રણ બેહેનો અને ઇસદવાસ્તર) હુવીજને પેટે જનમ્યાં હતાં."

(૨) [illegible] = ફ્રેનિ. ય. ૧૩–૧૪૦. એ નામની બીજી સ્ત્રીઓ પણ હતી. ૧) જેમાંની એક ઉસિનેમંઘની બાયડી. ૨) બીજી ફ્રાયજન્તની બાયડી. ૩) ત્રીજી કોઅવિરાસ્પની બાયડી. ૪) ચોથી ગયધારિતની બાયડી.

[illegible] = ફ્રોહક્ક. ય. ૧૩–૧૨૬. એ સએન નામનાં એક જાણીતાં કુટુંબનો છોકરો હતો. એ ફકરામાં "ફ્રોહક્કહે મેરેઝીશ્યેહે" શબ્દો આવેછે તેમાં પુસ્તી, દાર્મેસ્ટેટે, અને મેહેરજીરાણા વાછા "મેરેઝીશ્યનો ફ્રોહક્ક" એમ અર્થ કરેછે. પણ ગીગર "મેરેઝીશ્ય" શબ્દને ફ્રોહક્કનું વિશેષણ લેઈ 'મેરેઝ' ધાતુ ઉપરથી 'સ્વચ્છ કરનાર' એમ અર્થ

કરેછે. હારલે પણ એમ વિશેષણ લેછે પણ તે એ શબ્દમાં 'મેરેઝ' અને 'ઝેમ' એ પ્રમાણે બે ભાગો લેઈ અર્થ કરેછે કે "કોહકક. કે જે (ઝેમ) જમીનને સાફ કરેછે." હું ધારૂંછું કે 'મેરેઝાઝ્ય'. શબ્દ વિશેષનામ છે.

[illegible] = કૃ.પ. ય. ૧૩-૧૧૦, ૧૧૯. એક પુરૂષનું નામ જેની ફ્રવશીને બે વખત ફરવરદીનયશ્ટમાં આરાધીછે.

[illegible] = કૃયાન. ય. ૧૩-૧૨૦. એક કુટુંબનું નામ જેનાં એક નામીચા પુરૂષ [illegible] [illegible] બાબે જુઓ એ શબ્દ.

[illegible] કૃષ્ણામાંઝ. ફ્રવિ. હા. ૫૭-૨૨. હજિરાનનો ૫૮ મો હા એ નામથી જણાયલોછે.

[illegible]

[illegible] = બએપતસ્તીર. ય. ૧૩-૧૨૫. એક પુરૂષનું નામ. સ્પીગલ એ નામ [illegible] [illegible] આપેછે. જુઓ [illegible] શબ્દ.

[illegible] = બંગ. ય. ૨૪-૨૬,૧૫-૧૪. વં. ૧૯-૪૧. એક દેવ જે છાકટપણા ઉપર સરદારી ભોગવેછે (વં. ૧૯-૪૧). એ પરગરદમાં "કુન્દેમ, બંગેમ વીબંગેમ" કરી શબ્દો આવેછે તેમાં દાર્મસ્ટેટે બંગ અને વીબંગને દેવના નામ લેતો નથી. પણ અર્થ કરેછે કે "કુન્દ દેવ જે કાંઈ પીધા વગર (વીબંગેમ) છાકટો થયલો તે." એ એક જાતની કેફ લાવનારી દવા ભાંગને મળતી છે જે ગર્ભ પાડી નાખવા માટે વપરાતી. (વં ૧૫-૧૪). જુઓ [illegible] શબ્દ.

[illegible] = બયન. ય. ૧૯-૩. એક પહાડનું નામ.

[illegible] = બરન. ય. ૧૯-૫. એક પહાડનું નામ.

[illegible] = બરેઝ્ર. ય. ૧૩-૧૨૧. એક પુરૂષનું નામ. જે નામોની વચ્ચે એનું નામ આવ્યું છે તે ઉપરથી એ કોઈ મુલકનો વડો ધર્મગુરૂ દિસેછે.

[illegible] = વં. ૩-૧ ...... પેહેલવીમાં [illegible]. ફારસીમાં برسم એ આગળ દાડમ અથવા છીની વીગેરેનાં ઝાડોની સલીઓની બનાવવામાં આવતી. મોબેદો હજરાને વંદીદાદ વીગેરે ક્રિયાઓમાં એનો ઉપયોગ કરેછે. હાલમાં ઝાડની ડાંખળીઓની સલીને બદલે પીતલનાં તાર વાપરવામાં આવેછે. એ બરસમની ક્રિયા ઘણી પુરાની હોવી જોઇએ. કારણ સ્ટ્રેબો (૧૫-૩,૧૪) એ બાબે કહી જાયછે કે "અસલી માજીઓ પોતાનાં પવિત્ર ભણતરો ભણતાં એક જાતનાં ઝાડની નાની ડાંખળીઓનો ઝુમખો હાથમાં રાખતા હતા." અસલી રોમનોનાં (Flamines) ફ્લેમીન નામનાં આતશનાં ધર્મગુરૂઓ પણ એવી કોઈ ઝાડની સળીઓ હાથમાં ક્રિયા વખતે ધરતા. Old Testament Ezekiel VIII 16, 17) માં એ બરસમનો ઇસારો છે જ્યાં હઝેકીએલ કેટલાક યાહુદીઓએ એ ડાંખળી ધરી સુર્યની સેતાયશ કરવાની નવી અખત્યાર કરેલી રીત માટે ફર્યાદ કરેછે. પાંચમી સદીના 'એઝનીક' નામનો એક આરમીનીઅન લખનાર પણ એનો ઇશારો

કરેછે. હાલમાં એ ઝાડની ડાંખળીઓની સલીઓને બદલે જે પીતલનાં તારનાં તાએ વપડાયછે તેની સંખ્યા જુદી જુદી ક્રિયાઓમાં જુદી જુદી હોયછે. વંદીદાદમાં ૩૫) તાએ વપડાય છે તેમાં ૩૩) બરસમનાં બંદલમાં, એક માહરૂઇ જેની ઉપર બરસમ મુકવામાં આવેછે તેનાં પગ ઉપર, અને એક જોરનાં ફુલીઆં ઉપર. ઇજશનેમાં ૨૩) તેમાંથી બે ઉપર પ્રમાણે બાહેર રહેછે. રપીથવનની ઇજશનેમાં ૧૫), વીસ્પરદમાં ૩૫), બાજમાં ૫) તાએ. એક જન હેરબેદ થાય ત્યારે મીનોનાવરની બાજ ધરે તેમાં ૭) તાએ લીએછે.

[Avestan] = બરેઝ્યન. ય. ૧૯-૬.

એક પહાડનું નામ.

[Avestan] = બઉવરિ. ય. ૫-૨૯. એક શેહેરનું નામ. એ બીલારોકી ભાષાનું 'બાબીરૂ' અને હાલનું બાબીલાન છે. અંહી જાલિમ જુહાકે અદવીસુરપાસે દુવા ગુજારી હતીકે તે હફ્તકેશ્વર જમીનને તારાજ કરવાને શક્તીવાન થાય, જે દુઆ અલબતે કબૂલ નહીં રહી.

[Avestan] = બસ્તવઇરિ. ય. ૧૩-૧૦૩.

એ શાહ ગુસ્તાસ્પનાં ભાઈ ઝઇરિવઇરિ (ઝરીર) નો છોકરો થાય. ડા૦ ઉવેસ્ત ડા૦ દામેસ્ટેટેને જણાવેછે કે યાદગારે ઝરીરાનમાં ઝરીરનાં એક છોકરાનું નામ 'બસ્તવર' કરી આવેછે તે એજ નામ છે. શાહનામામાં ફીરદોસી ઝરીરનાં છોકરાનું નામ نستور નસ્તુર આપેછે તે એજ નામ છે. بستور 'બસ્તવર' અથવા 'બસ્તુર' માં 'બ' અક્ષરનાં નુકતાંને નીચેને બદલે ભૂલમાં ઉપર મુક્યાથી بستور ને બદલે نستور થઈ ગયું. ફીરદોસી પ્રમાણે શાહગુસ્તાસ્પનો ભાઈ ઝરીર જ્યારે અરજાસ્પનાં પેહેલવાન બીદરફશ بیدرفش ને હાથે માર્યો ગયો ત્યારે તેના છોકરા નસ્તુરે (બસ્તુર અથવા બસ્તવર) પોતાનાં બાપનો કીનો તેની ઉપર લીધો અને તેને મારી નાખ્યો. નીચલો પોકાર મારી તેણે બીદરફશને જંગને મેદાન બોલાવી પોતાને ઝરીરનો છોકરો જણાવી તેને માર્યો. (મોહલ વા. ૪ પા. ૪૧૮)

منم گفت نستور پور زریر
پذیره نیاید مرا نره شیر
کجا باشد آن جادوی بیدرفش
که او دارد آن گاو یانی درفش
. . . .
بیامد هم اندر زمان بیدرفش
گرفته بدست اندرش آن درفش

એ લડાઇમાં અસફંદીઆરે નસ્તુરને મદદ કરી છેલો ફટકો બીદરફશને માર્યો. ડા૦ ઉવેસ્ત પ્રમાણે શાહનામાનાં બીદરફશને યાદગારે ઝરીરાનમાં "વીદ્રફશ" કહ્યોછે.

[Avestan] = બરિ. ય. ૪-૨. એક દેવનું નામ. એજ નામ એજ યશ્નનાં ચોથા ફકરામાં ઉવેસ્તરગાડે 'ધરી' કરી આપેછે. એ દેવ માટે દસ્તુરજી પેશોતન કહેછે કે તે બાંસવાને લગતું દરદ ઉત્પન્ન કરનાર દેવ છે (દીનકર્દ વા. II પા. ૬૩).

[Avestan] = બાઓંધ. ય. ૧૩-૧૨૪. એક પુરૂષનું નામ છે. એ ફકરામાં "બાઓંધહે સાઓંધહે" નો જ્યારે બીજા વિદ્વાનો 'સાઓંધનો બાઓંધ' એમ અર્થ કરી એ બે જુદાં જુદાં નામો લેછે ત્યારે સ્પીગલ એ 'બાઓંધ સાઓંધ' કરી એકજ નામ લેછે.

[Avestan] = બાખ્ધિ. વં. ૧-૭,૮. એ બેક્ત્રીઆનાં પરગણામાં આવેલું બલખ શેહેર છે. એ શેહેરને અવસ્તામાં "એરેધ્વો દ્રફશાંમ" એટલે "બુલંદ વાવટાવાળું" કહ્યુંછે કારણકે એ શાહગુસ્તા-

સ્પની રાજધાની હતી. પએગમબર જરતોશતે શાહ ગુસ્તાસ્પને પોતાની દીન એ શેહેરમાં જાહેર કરી હતી. લોહરાસ્પે ગાદી છોડી એ શેહેરમાં એકાંતવાસ પકડયો હતો જ્યાં તે વખતે એક મોટું આતશકદેહ હતું. એ વિષે ફીરદોસીનાં શબ્દો નીચે પ્રમાણે છે. (મોહલ વા. ૪ પા. ૩૫૮).

بہ بلخ گزین شد بر آن نوبہار
کہ یزدان پرستان بود آن روزگار

કેટલાક ઇસ્લામી લખનારાઓ એને ઇબ્રાહીમનું શેહેર કહેછે. કારણ તેઓ ઇબ્રાહીમ અને જરતોશતને એકજ ગણેછે. શાહઅરજાસ્પે, ગુસ્તાસ્પ સાથની પેહેલી લડાઇમાં હાર ખાધા પછી, જ્યારે ગુસ્તાસ્પ સીસ્તાન ગયો હતો ત્યારે તે તકનો લાભ લેઇને, એ શેહેર ઉપર હુમલો કર્યો અને પેગમબર જરતોશત જે ત્યાં રેહેતો હતો તેને મારી નાખ્યો અને ત્યાંથી ગુસ્તાસ્પની બે બેટીઓને ચોરી લેઇ ગયો. વંદીદાદની પેહેલવી સરેહમાં એ શેહેરને [illegible] કરી ગણ્યુંછે. એને 'બખાર' વાંચી બોખારા ગણવામાં આવ્યુંછે, એ ભુલ ભરેલું છે (સીગલ પા. ૩). ફીરદુસીની ઉપર ટાંકેલી લીટીમાં نوبہار "નઓ બહાર" કરી જે નામ આવેછે તેમાંનું 'બહાર' بہار તે એ પેહેલવી સરેહનું [illegible] 'બહાર' હોય એમ મને દીસેછે. ફીરદુસીની ઉપલી લીટીઓ ઉપરથી દીસેછે કે એ શેહેરમાં 'નઓ બહાર' નામનું એક આતશકદેહ હતું. એ ઉપરથી કદાચ એ શેહેરને પેહેલવી સરેહ કરનારનાં વખતમાં 'બહાર' ના નામથી ઓળખવામાં આવતું હોય.

[illegible] = બિવંદંઘ. ય. ૧૩-૧૧૦. એક પુરૂષનું નામ. એ અષાવંધુનો બાપ થાય. ડા. ઉવેસ્ત એ દીકરાને પેહેલવી બુનદેહેશ (પા. ૬૮-૬ બા. ૨૯-૧) નાં [illegible] સાથ સરખાવે છે કે જે અરેઝહી કેશ્વરનો વડો હતો. તે અવસ્તાનાં એ બન્ને બાપ દીકરાઓનાં સાથે આવેલાં નામ [illegible] [illegible] ને બુનદેહેશના [illegible] [illegible] [illegible] સાથ સરખાવેછે. ત્યારે બિવંદંઘ તે બુનદેહેશનો યુસ્તી પ્રમાણે 'એખવન્દજાન' અથવા ડા. ઉવેસ્તની નકલ પ્રમાણે 'ખંદગાન' અથવા તેહેમુરસની નકલ પ્રમાણે 'નેવંદાન' છે જેને તેહેમુરસ વેવન્દાન વાંચેછે. એ પ્રમાણે ત્યારે તે અરેઝહી કેશ્વરનાં વડા દસ્તુરનો બાપ હતો. જુઓ [illegible] [illegible].

[illegible] = બુમ્ય. ય. ૧૯-૨. એક પહાડનું નામ. એ પહાડનું નામ જમ્યાદયષ્ટ સિવાય બીજે કેથે આવતું નથી. જમ્યાદયષ્ટમાં એ નામ અરેઝુર પહાડની પછી તુરત આવેછે અને બુનદેહેશ (પા ૨૧-૨૦ બા. ૧૨-૨)માં [illegible] 'અરેઝુર બુમ' નામનાં એક પહાડનું નામ આવેછે, તે ઉપરથી દીસેછે કે એ પહાડ અરેઝુરના પહાડની પડોસમાં હોવો જોઇએ. એ બન્ને પહાડો પડોસમાં પાસે પાસે આવવાને લીધે તેઓ પાછલથી 'અરેઝુરબુમ' નામનાં એક સામટાં નામે જણાવા લાગા હોય. બુનદેહેશમાં આગળ ચાલતાં જે પહાડોનું પેહેલાં સામટું લીસ્ત આપ્યું છે તે પહાડોનું નામ બ નામ વર્ણન કર્યુંછે. (પા. ૨૩-૯ બા. ૧૨-૧૯). ત્યાં એ પહાડનું અનુક્રમ પ્રમાણે નામ આપતાં તેને

ફ્કત અરેઝુર કહ્યોછે તે ઉપરથી દિસે છે કે એ બુમ્ય (અરેઝુરબુમ) 'અરેઝ' પર્વતની લાંબી હારનો એક પહાડ હોય. ત્યાં એને અરૂમનાં મુલકની તરફ જણાવ્યોછે, જે અરૂમ તે રોમન-શાહનશાહતનો પૂર્વ તરફ્નો ભાગ હતો.

= બૂઇતિ. વં. ૧૯-૧, ૨, ૪૩. એક દેવનું નામ છે. બુતપરસ્તોનો દેવ. પ્રોફેસર દાર્મસ્ટેટ "દાદારે દાદોખ્ત" નામની એક ચોપડીમાંથી એક ફકરો ઉતારેછે જેમાંનાં 'બુત' દેવને તે આ-એ 'બુઇતિ' ધારેછે. તે કેતાબ પ્રમાણે એ દેવ એક માણસનાં મરણની આ-ગમચ તેનાં શરીરમાં દાખેલ થાઈ બીસીઆર તાપ લાગુ કરી તેને બીમાર કરેછે.

= બૂઇધિ. વં. ૧૧-૯, ૧૨. એક દેવનું નામ છે. એરવદ કાવશાજી કાંગા કહેછે કે કદાચ એ ૧૯ મી પરગરદનાં નો બીજો આકાર હોય. સ્પીગલ અને હારલેમાં એ શબ્દવાળો ફકરો છેજ નહી.

=બૂઇધિ જઃ વં.૧૧-૯, ૧૨. એક દેવનું નામ. બૂઇધિ દેવની ઓલાદ-નો દેવ.

= બૂજિ. ય. ૪-૨, ૪. એક દેવનું નામ. દસ્તુરજી પેશોતનજી પ્રમાણે એ "ભખી ખાનાર દેવ" છે (દીનકર્દ વા. II પા. ૬૩).

= બૂજિસ્રવંઘ. ય. ૧૩-૧૦૧. એક પુરૂષનું નામ. યુસ્તી એને ગુસ્તાસ્પ પાદશાહનો છોકરો ધારે છે. ડા૦ ઉવેસ્ત એને યાદગારે ઝરી-રાનમાં જણાવેલો ગુસ્તાસ્પનો ભાઈ "પાત ઓસરવ" ધારેછે.

= બૂધ્ર. ય. ૧૩-૧૦૬. એક પુરૂષનું નામ. એ દાઝગરાસ્પીનો છોકરો થાય. સ્પીગલ એ નામ આપેછે.

= બૂશ્યાંસ્ત. ય. ૧૦-૯૭; ૧૮-૨; ૨૨-૪૨; વં. ૧૧-૯, ૧૨. વં. ૧૮-૧૬, ૨૪. પેહેલવીમાં . એક દેવનું નામ છે. એ આલસાઈનાં દેવનું નામ છે. એ દેવને વંદીદાદમાં લાંબા હાથવાળો કહ્યોછે, કારણ તે માણ-સોને લાંબા હાથ કરીને પડી રેહે-વા દેછે, અને ગફલતીની ઊંગમાં નાખે છે. 'પરોદર્શ' નામનો મરઘો એ દેવની સામે માણસોને જાગૃત કરવા માટે ઉપ-યોગી પ્રાણી ગણાયુંછે. મેહેરયષ્ટ પ્રમાણે એ મેહેરયજદથી બીહેછે કારણ મેહેર રોશની ઉપર મવક્કલ છે અને રોશની અંધકારથી ઉલતી રીતે માણસને ઉદ્યોગી બનાવવાને ઉસકેરેછે. આસ્તાદયષ્ટ પ્રમાણે ઇરાની ઓરેહ એ બુશ્યાંસ્ત દેવને દૂર કરેછે. બુનદેહેશ (બા. ૨૮-૨૬) માં એ દેવનું કામ શું તે ખોલ્લું વર્ણવેછે, અને કહેછે કે "બુશાંસ્પ દેવ તે તેણી છે કે જેણી આલસાઈ ઉત્પન્ન કરેછે." શાયસ્ત લાશાયસ્ત (બા. ૧૩-૪૩) પ્રમાણે એ દેવ હાદમંદ દુન્યા (માં મા-ણસ) ઉપર દર રાત્રે બે વખત હુમલો કરેછે. વંદીદાદમાં એ દેવનાં સાથી-ઓનાં નામ આપ્યાંછે (૧૧-૧૫); તેજ પ્રમાણે દાદસ્તાનેદીની (બા. ૩૭-૪૪, ૫૧) માં એનાં સોબતીઓનું એક બીજું લીસ્ત મળેછે. મીનોખેરદ (બા. ૧૬-૫૭) માં એક હદથી જીઆદે શરાબ પીનાર-ને બુશ્યાંસ્પ દેવને મદદ કરતો જણા-વ્યોછે. પાજંદ હમકારાની આફ્રીનમાં શોહેરેવર અમશાસ્પંદ અને તેનાં હમ-કાર યજદો ખુરશેદ, મેહેર, આસ્માન અનેરાનને એ બુશ્યાંસ્પ દેવને માર-નારા ગણ્યાછે.

[illegible] = બેન્દ્વ. ઈ. ૪૯-૧.

સીગલ, હારલે, યુસ્તી સામાન્યનામ લેઈ અર્થ કરેછે. હાગ્લે 'હેરાન કરનાર' અર્થ કરેછે. પેહેલવી મરેહ પ્રમાણે એ એક જાતની બીમારી દિસેછે. માલ અને વિશેષનામ લેઇ કોઇ ચોકસ જાતનો દુશ-મન લેછે પછી તે કદાચ કોઈ મનની બદી હોય. હારલે કહેછે કે હાઉગ અને હિંદુઓનાં 'પાંદવ' સાથ સરખાવેછે. એ એક જાતની તન યા મનની બદીનુ નામ દિસેછે. યુસ્તી Vergänglichkeit એટલે 'નાશ' અર્થ કરેછે.

[illegible] = બેરેજ્ય. ઇ. ૧-૩...

જુઓ [illegible]

[illegible] ([illegible]) = (આ-તરે) બેરેજિ. સવધ. ઈ. હા૧. ૬જશનેમાં યાદ કરેલા પાંચ આત-શોમાંનો એ પેહેલો છે. બુનદેહેશમાં પણ એજ નામ મળેછે. એ કેતાબ પ્રમાણે (બા. ૧૭-૧) એ આતશ અ-હુરમજદ આગળ રોશન રહેછે. ઝાદ-સ્પરમ (બા ૧૧-૯) પ્રમાણે જેમ ઘરની ઊપર ઘરધણી હોય તેમ એ બીજા આતશો પર છે અને એનું મથક આતશ બેહેરામ છે. એજ કે-તાબ (બા. ૧-૭) પ્રમાણે તે દર્યા ત-રફથી આવતા દેવદરૂજો ઊપર ચોકી રાખેછે જે દેવદરૂજો વણેલાં કપડાં પેહેરેછે. ગરમ કપડાં પેહેરવાની ફરજ પાડનારા થંડા દર્યા તરફના પવનો સામેની ગરમીનો એ ઇસારો દીસેછે. તે રાતની વખતે સરોશનાં મદદગાર ત-રીકે દુનિઆનાં નાશ સામે ચોકી રાખેછે. બુનદેહેશ (બા. ૧૭-૩) પ્રમાણે પૃથ્વી પહાડો અને બીજી ચીજો જે અહુરમ-જદે પેહેલાં ત્રણ ફુંફાડા મારતા નફસ તરીકે પેદા કરી તેમાં એ આતશ છે. એ વીચાર પ્રમાણે તો એ જમીનનાં મા-હેમાં ભીતરની ગરમી દીસેછે કે જે ગરમી બળતા પહાડો, ગરમ પાણીનાં ઝરાઓ વીગેરેમાં જાહેર પડેછે.

[illegible] = બેરેજિશ્નુ. ય. ૧૩-૧૧૦.

એક પુરૂષનુ નામ જે 'અર' નો છોકરો અને 'કસુપનુ' નો ભાઈ થાય.

[illegible] = ય. ૧૩-૧૦૧. બેરે-જયશ્તિ એ માટે જુઓ [illegible] [illegible] શબ્દ.

[illegible] = બેરેજવન્ત ય.૧૩-૧૨૮.

એક પુરૂષનુ નામ છે. યુસ્તી. દાર્મસ્ટેટર અને મેહેરજીરાણા વાળા 'કાચિશ્રાહે બેરેજવંતો' શબ્દમાં એ બેઉ નામને વિશેષનામ લેછે કે "બેરેજવન્તનો કાચિશ્ર" પણ હારલે અને સીગલ એને કાચિશ્રનો વિશેષણ ધારી લઇ કહે છે કે બુલંદ કાચિશ્ર. પણ એ કરદામાં બધા નામો છઠ્ઠી વિભક્તિમાં એમ બબ્બેનાં જોડી થઈ સાથે આવેછે અને હારલે અને સીગલ પણ તેમજ બીજાં નામોને લેછે, ત્યારે આજ એકજ નામ અપ-વાદ શુ કરવા હોય તે સમજ પડતું નથી, માટે હુ ધારૂછુ કે એ બેરેજવન્ત પણ વિશેષનામ છે.

[illegible] = બયાર્પન્. ય. ૧૩-૧૩૨; ૧૯-૭૧. એક પુરૂષનુ નામ. એને કવી બયાર્પન કહ્યોછે. એ બુનદેહેશનો 'કએ વીઆર્શ' અને શાહનામાનો [illegible] છે. જે અનુક્રમે અવસ્તામાં કોબાદ અને પછી બીજા 'કવી' ઓના નામો અને તેમાં એનું નામ આવેછે, તે ઉપરથી દિસેછે કે એ કએકોબાદનો કોઈ ખા-નદાની છે. બુનદેહેશ (બા. ૩૧-૨૫) એ નક્કી કરેછે અને કહેછે કે તે કએ-કોબાદનાં છોકરા "કએ અપીવેહે"

(અવસ્તાનો કવી અઇપિવંઘુ) નો છો-
કરો થાય. એની વંશાવળીમાટે જુઓ
મોટી વંશાવળી અને [illegible]
શબ્દ. ફીરદોશી એને અને એનાં ત્રણે
ભાઇઓને કએકોબાદનાં છોકરા ગણેછે.
એની ફારસી લીટીઓ માટે જુઓ
ઉપલોજ શબ્દ. ફીરદોશી અઇપિવંઘુનું
નામ કેહે આપતો નથી તે ઉપરથી દિસે-
છે કે અઇપિવંઘુ (અપીવેહે) શાહા કો-
બાદનાં વખતમાંજ મરણ પામ્યો હોય,
તે ઉપરથી ફીરદોસીએ કદાચ એઓને
કોબાદનાજ છોકરાઓ જણાવ્યા હોય.
યુસ્તી અને ડા૦ ઉવેસ્ત અવસ્તાનાં અ-
ઇપિવંઘુ (બુનદેહેશનાં અપીવેહે) ને
શાહનામાનો [illegible] ધારેછે અને આ-
એ બ્યાર્શનનું નામ ફીરદોસીમાં નથી
એમ ધારેછે તે ભૂલ ભરેલું છે. એથી
ઉલટું એ અઇપિવંઘુનું નામ ફીરદોસીમાં
નથી મળતું (કારણ તે એ ચહારે છોક-
રાઓને કોબાદનાં અઇપિવંઘુને પેતનાં
નબીરાઓને બદલે ખુદ દીકરા ધારેછે.)
અને બ્યાર્શન તે ફીરદોસીનો [illegible] જ
છે. તે બાબેની વીગત માટે જુઓ
[illegible] શબ્દ. એ શખસની
જીંદગી વિષે બુનદેહેશ યા ફીરદોસીમાંથી
કાંઈ વધુ મળતું નથી. ફક્ત ફીરદોસી એ
ભાઇઓ માટે કહેછે કે તેઓ સુલેહ
સંપજ ભરી જીંદગી ગુજારતા હતા.

[illegible]

[illegible] = મઇધ્યાઇર્ય. ઇ. ૧-૯.

વરસનાં છ ગંહમબારોમાંનો પાંચમો
ગંહમબાર જે દેહમહીનાને મેહેર રોજથી
શરૂ થાઇ બેહેરામ રોજે ખલાસ થાય
છે. એ થંડીની મોસમનો હંગામ છે.
ગહમ્બારની આફ્રીન પ્રમાણે એ હં-
ગામ ઉપર ખોદાતાલાએ ગોસ્પંદો
યાને ગાય ઢોરો પેદા કર્યાં. જે કોઇ એ
ગહમબાર કરે અથવા કરાવે તે જાણે
અશો માણસને એક હજાર તરેહવાર
કદનાં પસુઓ આપે તેટલો સવાબ
લાગે.

[illegible] = મઇધ્યો-જ.-

રેમ્ય. ઇ ૧-૯...પેહેલવીમાં [illegible].

વરસનાં ૬ ગહમબારો ([illegible])
માંનો પેહેલો ગહમબાર જે અરદીબેહેસ્ત
મહીનો ને ખોરશેદ રોજથી શરૂ થાયછે
અને દપમેહેર રોજે ખલાસ થાય-
છે. એ શબ્દનો ધાતુ પ્રમાણે અર્થ
"લીલોત્રીની રૂતુનો વચલો ભાગ"
એમ થાયછે. પેહેલવી લખનારા પ્ર-
માણે એ ગહમબાર ઉપર દુધનું મલવું
વધારે થાયછે. ગહમબારની પાવી ના-
મની ક્રિયામાં દુધ અવસ્યનું ગણાયછે,
તે એજ કારણથી દિસેછે. ગહમબા-
રની આફ્રીન પ્રમાણે એ ગહમબારનાં
અવસરે ખોદાતાલાએ આકાશ પેદા
કર્યું. એ ગહમબારની ક્રિયા કરી જેઓ
એ ફસલની નેઆમતો માટે અને આ-
કાશની પેદાયશ માટે ખોદાતાલાનો ઉ-
પકાર માને તેઓએ જાણે એક હજાર
મેંઢી બચ્ચાં સાથે અશો માણસોને
ભેટ આપી હોય તેટલું સવાબ લાગે.

[illegible] = મઇધ્યો માઓંઘ.

ય. ૧૩-૯૫. ઇ. ૫૧-૧૯. બુનદેહેશનો
[illegible]. હજરાનેમાં એને સ્પીત-
માનના ખાનદાનનો કહ્યોછે અને ફર-
વરદીનયશ્ટમાં એને આરાસ્તીનો (છો-
કરો) કહ્યોછે. બુનદેહેશ (બા. ૩૨-૩.
પા. ૭૯-૯) પ્રમાણે આરાસ્તી પએગ-
મબર જરતોસ્તનો કાકો હતો. ત્યારે મઇ-
ધ્યોમાઓંઘ પએગમબર જરતોસ્તનો
પીત્રાઈ થાય. બુનદેહેશમાં પણ એને
આરાસ્તી [illegible] નો છોકરો જ-

ણાવ્યોછે. બુનદેહેશ પ્રમાણે એ પોતે મોબેદાન મોબેદોનાં એક કુટુંબનો વડવો થયોછે. એનાં એક 'કાદ' નામનાં છોકરાથી મોબેદોની એક પહેડી ઉતરી આવીછે. એની ચહડ ઉતર એ પેહેડીઓ માટે જુઓ મોટી વંશાવળી. વોહુક્ષથ્ર ગાથામાં એનું નામ જરતોસ્તનાં અને તેની દીનના સંબંધમાં આવેછે તે ઉપરથી માલમ પડેછે કે એ દીનનાં ફેલાવામાં જરતોશ્ત સાથ કોઇ અતલગનો સંબંધ ધરાવતો હતો. ફરવરદીનયષ્ટ ઉપરથી એ સંબંધ ખુલ્લો પડેછે. ત્યાં એને માટે કહેછે કે એણે પએગમબર "જરતોશ્તનાં માથ્ર અને શીખામણો પેહેલવેહેલાં સાંભળ્યાં." ("યો. પઈર્યો. જરથુસ્થ્રાઇ. માથ્રેમ્‌. ગુશાત. સાસ્નાઓસ્ચ"). બુનદેહેશ પણ એને મળતુંજ કહેછે. (બા. ૩૨-૩ પા. ૭૯—૧૧)

[illegible] એટલે "જ્યારે જરતોશ્ત દીન લાવ્યો અને પેહેલવેહેલી ઇરાનવેજમાં આગળ કીધી અને જાહેર કરી ત્યારે મેદીયોમાહે તેનીથી દીન કબૂલ રાખી." એ પ્રમાણે ત્યારે મેધ્યોમાહ જરતોસ્તનો પેહલો સાગેર્દ હતો. ઝાદસ્પરમ કેતાબનાં પાછલા ભાગનો ડા૦ વેસ્ત જે ઇનતેખાબ આપેછે (પેહેલવી તેક્ષ્ટ. I. પા. ૧૮૭) તે પ્રમાણે પએગમબર જરતોશ્તે પેહેલાં ૧૦ વર્ષમાં ફકત એકજ સાગેર્દ મેળવ્યો હતો અને તે મેધ્યોકમાહ હતો, અને એમની પછી બે વર્ષે ગુસ્તાસ્પે દીન કબૂલ રાખી હતી. તેહેમુરસવાળાં પેહેલવી જરતોસ્તનામા પ્રમાણે પણ પએગમબરે દીન જાહેર કરવા પછી ૧૦ મે વર્ષે મેદીયોમાહે તે કબુલ રાખી. ત્યાં કહેછે કે એક વખત પએગમબર જ્યારે જંગલમાં સુતેલો હતો ત્યારે મેદીઓમાહ તેની પાસે આવ્યો અને દીન કબુલ રાખી. અવરતા પ્રમાણે એને અરાસ્તુ નામનો એક છોકરો હતો (જુઓ [illegible] શબ્દ).

બુનદેહેશ (બા. ૩૩-૧) પ્રમાણે એને 'કાદ' જે ડા૦ વેસ્ત ફરવરદીન યષ્ટનાં (ફ. ૧૨૮) 'કાત' સાથ સરખાવેછે તે નામનો એક બીજો છોકરો હતો જેનીથી મોબેદોની એક પેહેડી ઉતરી આવેલી હતી.

(૨) [illegible] મઇધ્યો-માઓંઘ. ય. ૧૩-૧૨૭. ફરવરદીનયષ્ટમાં એક બીજા "મઇધ્યો માઓંઘ અપર ઝાત" નાં ફરોહરને આરાધ્યુંછે. એ ફકરામાં 'અપરઝાત' ને હારલે, દામાદ્ગે અને મેહેરજીરાણા વાછા વિશેષનામ લેઇ "અપરઝાતનો મઇધ્યો માઓંઘ" એમ અર્થ લેછે. સ્પીગલ, યુસ્તી અને દાર્મેસ્ટેટે એને વિશેષણ લેઇ અર્થ કરેછે કે "પછવાડેથી જન્મેલો મઇધ્યો માઓંઘ". એ ૧૨૭ અને ૧૨૮ મા ફકરામાં ઘણા ખરાં નામો એકલાંજ આવેલાંછે. ફલાનાનો ફલાનો એ પ્રમાણે નથી. તે ઉપરથી સ્પીગલ અને બીજાઓએ કરેલો અર્થ દરૂસ્ત દિસેછે. હવે જો એ અર્થ લઇએ તો એ મઇધ્યોમાઓંઘ તે કોણ તે વિષે વિચાર કરતાં એવું દિસેછે કે તે પેહેલા મઇધ્યોમાઓંઘનો (બુનદેહેશ બા. ૩૩-૧ માં જણાવેલો) નબીરો હોય. બુનદેહેશમાં મોબેદાન મોબેદોની એક વંશાવળી આપીછે તેમાં એ પેહેલા મઇધ્યો માહનાં કાદ નામનાં છોકરાનો મઇધ્યો માહ નામનો એક છોકરો જણાવેછે. વળી એ બીજા મઇધ્યો માહને પોતેનો એક મઇધ્યો માહ નામનો નબીરો પણ જણાવેછે. ત્યારે એ "અપરઝાત' (પછીથી જન્મેલો અથવા નાનો) મઇધ્યો માહ તે પેહેલાનો નબીરો અથવા નબીરાનો નબીરો હોય.

[illegible] = મઇધ્યોઇમ. ઈ. ૧-૯... વરસનાં છ ગહમબારોમાંનો બીજો ગહમબાર જે વીરમહીનો અને ખોરશેદ રોજે શરૂ થાઇ દપમેહેર રોજે ખલાસ થાયછે. ધાતુ પ્રમાણે એનો અર્થ ભર ઉન્હાળાનો થાયછે. વીસ્પરદ પ્રમાણે એ મોસમ ઊપર ખેતી પુર બાહારમાં હોયછે. ગહમબારની આફ્રીન પ્રમાણે અહુરમજદે એ હંગામઉપર પાણી પેદા કર્યાં. જેઓ એ ગહમબાર કરેછે તેઓ જાણે એશો માણસને ૧૦૦૦ ગાય બરચાં સાથે આપવા બરોબર સવાબનું કામ કરેછે.

[illegible]=મએનખ. ય. ૧૯-૪. એક પહાડનું નામ. યુસ્તી એને વેદની मेनका દેવીસાથ સરખાવેછે, જે હીમાલય પર્વતની દેવી છે. Le Museon નામનાં ચોપાનીયામાં (જુલાઇ ૧૮૮૪ નાં અંકમાં) પ્રોફેસર ગાઇગર પણ એ પહાડને વેદના मेनका શબ્દ સાથ સરખાવેછે, જે શબ્દ વેદમાં પહાડની એક દેવી ગણાઇછે.

[illegible] અથવા [illegible] = મગવ અથવા મગઆન. વં. ૪-૪૭. ઈ. ૩૩-૭; ૫૧-૧૫. એ કોઈ મોટા માણસો જેઓ ધર્મપર ઘણું એકીન રાખનારા ગણાતા તેઓનાં એક વર્ગનું નામ દિસેછે. હારલે (ઈ. ૫૧-૧૫) એઓને આકાશી આત્માઓ ગણેછે. દાજરાને (હા ૩૩-૭) ની પેહેલવી સરેહમાં એને માટે 'મગુહ' શબ્દ વાપરેછે જેનો અર્થ બુજોર્ગ અથવા મોટાઓ થાયછે. સ્પીગલ પણ એ અર્થ લેછે. કોઇપણ રીતે લેતાં એ વર્ગના લોકો બુજોર્ગ, મોટા, એકીનદાર, સખી અને સદ્‌ગુણી હોય એવું દિસેછે. યુનાની લખનારાઓનો Magi શબ્દ તે એજ શબ્દના પેહેલવી ઈમલા 'માગુહ' પરથીનીકળેલોછે. મોબેદ શબ્દ એ એજ શબ્દ ઉપરથી ઉત્પન્ન થયેલા [illegible] શબ્દપરથી બનેલોછે. વંદીદાદ ઉપરથી માલમ પડેછે કે એ વર્ગનો કોઇક ભાગ પાછળથી હાલનાં રોમન કેથલીક ધર્મગુરૂઓની મીસાલે પરણ્યા વગરની જીંદગી ગુજારતો હોય, જે જીંદગી વંદીદાદનો લખનાર નાપસંદ કરેછે.

[illegible] =મજિશિશ્વાઓ.ય. ૧૯-૨. એક પહાડનું નામ. યુસ્તી કહેછે કે એ કદાચ બુર્નદેહેશ (પા. ૨૮-૮) નો [illegible] 'મીઝીન' પહાડ હોય. વળી યુસ્તી કહેછે કે એ આરમીનીઅન 'મસીસ' પહાડ હોય જે ઉપર નોહાનું આર્ક ચહડ્યું હતું.

[illegible]=મજદ. જુઓ [illegible]

[illegible] = મધખ. વં. ૧-૧૫; ૭-૨૬. પેહેલવી [illegible]. એક જાતનાં કુતરાનું નામ છે. એ એક ખરાબ વર્ગનો કુતરો ગણાયછે. એ ફકરામાં આવેલા "સ્નો મધખ" (મધખ નામનો કુતરો) નો અર્થ પ્રોફેસર દાર્મસ્ટેટે 'મચ્છર તીર' કરી કરેછે. સ્પીગલ, યુસ્તી, કાંગા, એને કુતરાની જાત ગણેછે.

[illegible] = મનુષ. ય. ૧૯-૧. પેહેલવીનો [illegible]. બુર્નદેહેશ પ્રમાણે (પા. ૨૧-૧૮ બા. ૧૨-૨) એ નામથી ઝરેધ પહાડ પણ ઓળખાતો હતો. ([illegible]). જમ્યાદયપરથી માલમ પડેછે કે તે 'ઝરેધ' ની પડોસમાં હતો. એ 'મનુશ' પહાડ ઉપર શાહ મીનોચેહેરનો જન્મ થયો હતો એમ બુર્નદેહેશ (પા. ૨૩-૧ બા. ૧૨-૧૦) કહેછે. [illegible]

[illegible]

[illegible] એટલે "માનુશ પહાડ મોટો છે.

માનુશ પહાડ ઉપર મીનોચેહેર (માનુશ-ચેહેર) જનમ્યો હતો." પુસ્તી એની પડોસવાળા અથવા એનું ખુદ નામ ધરાવનાર 'ઝેરેધ' પહાડને ફરિફાનની પોઝસમાં કાઝ્ન અને ઝીન્દેરુદ નદીઓનાં માર્ગો આગળ મેલેછે. તેથી એ માનુશ પહાડ પણ તેનાં કહેવા પ્રમાણે ત્યાં હોવો જોઈએ. બુનદેહેશ એને મીનોચેહેરની જન્મભુમી ગણેછે ત્યારે શાહનામામાં મીનોચેહેર ક્યાં જનમ્યો હતો તે બોલતાં તેની જન્મભુમી ત્યાં મળતી નથી.

[illegible] = મનુશ ચિથ્ર. ય. ૧૩-૧૩૧. બુનદેહેશનો [illegible]. દસાતીરનો મીરોઝાદ. શાહનામાનો [illegible]. અવસ્તામાં એને "મનુશ્ ચિથ્રહે. અઈર્યવહે" એટલે "એરચનો મીનોચેહેર" કહ્યોછે તે ઉપરથી એટલું દિસે છે કે તે એરચની પેહેડીનો હતો. એરચની કેઈ પેહેડીનો એ હતો તે બુનદેહેશ (પા. ૭૮-૭ બા. ૩૧-૯) ઉપરથી માલમ પડેછે. એ કેતાબ પ્રમાણે એરચને એક છોકરી હતી જેનું નામ (પુસ્તીની નકલ પ્રમાણે [illegible]) ગન્જ અથવા (તેહેમુલજી અને ઉવેસ્તની નકલ પ્રમાણે) ગુજક હતું; જ્યારે એરચ અને તેનાં બે બેટાઓને સેલમ અને તુરે મારી નાખ્યા ત્યારે ફ્રેદુને એ છોકરીને છુપાવી રાખી હતી. તેણીને પેતે એક છોકરી અવતરી હતી. જે વાતની ખબર એરચનાં ભાઇઓને પડતાં તેઓએ એરચની છોકરી 'ગન્જ' ને પણ મારી નખાવી પણ તેણીની છોકરીને ફ્રેદુને કેડે છુપી રીતે ઉછારી. એણીની પેહેડી દર પેહેડીની ૧૦ મી ઓલાદે મીનોચેહેરનો જન્મ થયો. બુનદેહેશ પ્રમાણે પછી એ મીનોચેહેરે મોટો થાઈ પોતાના વડવા એરચનાં કીનામાં તેનાં ભાઈ સેલમ અને તુરને મારી નાખ્યા. બુનદેહેશ પ્રમાણે એની ચહડ ઉતર વંશાવળી માટે જુઓ [illegible] શબ્દ અને મોટી વંશાવળી. બુનદેહેશ પ્રમાણે એને ફ્રીસ, નોદર અને દુરાસ્રોબ નામના છોકરા હતા. એઓમાંથી દુરાસ્રોબથી એક પએગમબર જરતોસ્તની અને બીજી એક મોબેદાન મોબેદાની પેહેડી ઉતરી હતી. એ માટે જુઓ મોટી વંશાવળી. નોદરથી બે નાની પેહેડી એક પાદશાહની અને એક મોબેદાની ઉતરી હતી. ફીરદોસી પ્રમાણે 'મીનોચેહેર' એરચની એક માહા આફ્રીદ નામની બાયડીને પેતની એક છોકરી, જેને ફ્રેદુને પોતાનાં એક ભાઈનાં છોકરા પસંગ સાથ પરણાવી હતી, તેને પેટે જનમ્યો હતો. દસાતીરમાં એને "મીરોઝાદ પરપુદે. ઇઅરરાદ" એટલે "એરચનો છોકરો મીનોચેહેર" કહ્યોછે (પા. ૨૧૪). એ કેતાબમાં એને પએગમબર અને એક મોબેદ પણ ગણેયોછે. મીનોખેરદ (બા. ૩૭-૪૨, ૪૩) એને એરચનો નબીરો ફીરદોસીની માફક ગણેછે. જો મીનોચેહરે ખુદ સેલમ અને તુર ઉપરજ એરચનો કીનો લીધો હોય તો તે બુનદેહેશ કહેછે તેમ છેક એરચથી ૧૦ મી પેહેડીનો નહી પણ ફીરદુસી અને મીનોખેરદ કહેછે તેમ નજદીકની બીજી ત્રીજી પેહેડીનોજ હોવો જોઇએ. બુનદેહેશમાં એની જીંદગીનાં નીચલા ઇશારા મળેછે. બુનદેહેશ પ્રમાણે મીનોચેહેરનો જન્મ માનુશ, [illegible] (અવસ્તાના [illegible]) પહાડની ઉપર થયો હતો. (પા. ૨૩-૧ બા. ૧૨-૧૦). [illegible]

[illegible] અણેફરાત નદીનાં પાણી (યુફ્રેતીસનાં પાણી) ને એક માર્ગમાં એકથાં કર્યાં અને તેનાં પાણી લોકોને પીવા માટે આપ્યાં. એટલે યુફ્રેતીસ નદીનાં પાણીને એ નેહેરો મારફતે માણસ અને ખેતીનાં ઉપયોગમાં લાવ્યો. [illegible] ...... [illegible] એટલે "જાહેર થયલુંછે કે તેનાં (ફરાતનાં) ઝરાઓનાં મુળને મીનોચેહેરે ખોદી કાહાડ્યું અને સઘળાં પાણીને પાછું એક જગ્યાએ વેહેતું કર્યું (ફેંક્યું)...તેના પાણીને પકડ્યું (વેહેતું કર્યું) અને પીવાને આપ્યું (ખ્વારીનીદ એટલે ખવાડ્યું) (પા. ૫૧-૧૪ બા. ૨૦-૧૧). એક વખત મીનોચેહેર અફ્રાસ્યાબને હાથે પાદશખ્વાર પહાડમાં ઇરાનીઓ સાથે બંદ પડ્યો હતો અને તેના લશ્કરની હાલત બતંગ થઇ ગઈ હતી. ત્યારે અગ્રેરસે ખોદાપાસે દુઆ માંગી તેઓને એ બતંગ હાલતમાંથી ખલાસ કર્યા (બા. ૩૧-૨૧). એણે ૧૨૦ વર્ષ રાજ્ય કર્યું હતું, જેમાં અફ્રાસ્યાબનાં ૧૨ વર્ષ પણ સમાયલાંછે કે જે મુદત સુધી મીનોચેહેર તેનાં લશકર સાથે તેને હાથ પહાડોમાં બંદ પડ્યો હતો અને અફ્રાસીઆએ રાજ્ય કર્યું હતું (બા. ૩૪-૬). દાદસ્તાનેદીનીમાં એને બન્ને (આસ્નોદ અને ગોશોસ્રુત) અકલ ધરાવતો જણાવ્યોછે. [illegible] એટલે "અશો મીનોચેહેરની માફક બન્ને અકલ ધરાવનાર" (પા. ૯૭ ક-૪ બા. ૩૭-૩૫). મીનોખેરદ (બા. ૩૧-૪૧ થી ૪૪) દુન્યામાં આગલા મહાન પુરૂષોથી આલમને શું શું ફાયદા થયા તે વર્ણવતાં મીનોચેહેર માટે કહેછે કે તેણે પોતાનાં મોટા બાવા એરચનાં કીનામાં સેલમ અને તુરને મારી દુન્યાને તેઓની હેરાન ગતીથી છુટી કીધી અને વળી અફ્રાસ્યાબે ચોકસ કોલકરારથી તેની પાસેથી પાદશખ્વારગરથી તે દુજકો સુધીનો જે મુલક લેઇ લીધો હતો તે મુલક એણે અફ્રાસ્યાબ પાસેથી પાછો છીનવી લેઇ ઇરાનનાં મુલકો સાથ જોડી નાખ્યો અને ત્રીજું અફ્રાસ્યાબે (નદીનાં માર્ગ ફેરવી) કાંસુ દર્યાની હદ જે મોટી કરી હતી તે પણ તે અસલ હાલતમાં પાછી લાવ્યો. એક પેહેલવી રેવાયત પ્રમાણે મીનોચેહેરે પોતાનાં વડવા એરચનાં ખુનીઓ સેલમ અને તુરને માર્યા તે દીન અને અફ્રાસ્યાબનાં દોરમાંથી ઇરાની આલમને ઊપર પ્રમાણે છોડવી તે દીન ખોરદાદ સાલનો હતો (પેહેલવી તેક્ષ્ટ III પા. ૩૧૪). શાહાનામા ઊપર આવતાં માલમ પડેછે કે ફીરદોસી પણ બુનદેહેશની માફક એનાં રાજ્યનાં વર્ષ ૧૨૦ જણાવેછે. બીજું બુનદેહેશમાં જે વાત કહેછે કે, મીનોચેહેર એક વખત અફ્રાસ્યાબને હાથે પાદશખ્વાર પહાડમાં કેદ પડ્યો હતો અને જે વાતને મીનોખેરદનો એક આડકતરો ઇશારો ટેકો આપેછે, તે વાત ફીરદોશીનાં શાહનામામાંથી મળતી નથી પણ મીરખોન્દની રોઝેતુસસફામાંથી મળેછે જે એ વાત તારીખે મઆજમને આધારે જણાવેછે. તે કેતાબ પ્રમાણે એક વખત અફ્રાસ્યાબે મીનોચેહેર ઊપર હુમલો કર્યો અને મીનોચેહેર બતંગ આવી ગયો ત્યારે તે આમલનો કીલ્લો જે તબરીસ્તાનનો એક અજીત કીલ્લો હતો તેમાં ભરાઇ બેઠો અને થોડુંક પછી અફ્રાસ્યાબ ઊપર સુલેહ કરવાનો પેગામ કહેવાડ્યો. પછી તેઓએ એવું નક્કી કર્યું કે મુલકની હદ નક્કી કરવાને આ-

રીશ નામનાં એક સારા તીરઅંદાઝે દેમાવંદ પહાડ ઊપરથી તીર ફેંકવો. તે તીર જ્યાં જઈ પડે તે જગ્યા એ પાદશાહનાં મુલકની સીમા ગણાય. આરીશે તેમ કર્યું. અને તે તીર સહવારથી છુટેલો છેક બપોરે જેહુન (ઓક્ષસ) નાં કીનારાપર પડયો. એ પ્રમાણે ત્યારે એઓની હદ મુકરર થઈ. એવું દિસેછે કે આએ સુલેહનાં કોલકરારથી મીનોચેહેરને થોડોક મુલક અફ્રાસ્યાબને આપવો પડયો હોય. મીનોખેરદ ઊપર જે કોલકરારનો ઇશારો કરેછે તે એ કોલકરાર હોય, અને જે મુલકો મીનોચેહેરે પાછા લેવાની વાત કહેછે તે એ મુલકો હોય. હવે બુનદેહેશ એજ બાબદનાં સંબંધમાં જે કહેછે કે મીનોચેહેર એ પહાડમાં બંદ પડયો ત્યારે અગ્રેરસે તેને અને તેનાં ઇરાની લશકરને છોડવ્યું તે બીનાને ફીરદોસી તેમજ મીરખોન્દ નોદરનાં રાજ્યમાં મેલેછે. અગ્રેરસની એ સેવાની હકીકત બાબે જુઓ [illegible] શબ્દ. અગ્રેરસની એ સેવાનો ઇશારો યશ્તોમાં પણ આવેછે, જેમાં લખવા પ્રમાણે શાહ કએખુશ્રુ, અગ્રેરસને અફ્રાસ્યાબે એ ઇરાનીઓની સેવા કરવા માટે મારી નાખ્યો હતો તેનો કીનો અફ્રાસ્યાબ ઊપર લેવા દુઆ ગુજારેછે. બુનદેહેશમાં જે કહેછે કે મીનોચેહેરનો જન્મ મનુશ પહાડ ઊપર થયો હતો તે બાબે રોઝેતુસ સફાનો કર્તા મીરખોન્દ પણ લખેછે કે જ્યારે એરચને તેનાં ભાઈઓ સલમ અને તુરે મારી નાખ્યો ત્યારે તેની એક બાયડી જેને હમેલ હતા તેણી 'માનુશ' નામનાં એક પહાડમાં નાહસી ગઈ ત્યાં તેણીને પેટે મીનોચેહેરનો જન્મ થયો. એનું નામ એ માનુશ પહાડમાં જન્મ થવાથી માનુશ અથવા માનુશચેહેર પડયું. બુનદેહેશમાં ઊપર જણાવ્યા પ્રમાણે મીનોચેહેરે ફરાત (યુફ્રેતીસ) નદીનાં સંબંધમાં કરેલા નેહેરનાં કામ વિષે જે ઇશારો આવ્યોછે તેને મીરખોન્દથી ટેકો મળેછે. એ કહેછે કે મીનોચેહેરે યુફ્રેતીસ નદીની નેહેર ખોહડી હતી અને ઇરાનમાં પાણી દાખલ કર્યું હતું. એરવદ તેહેમુરસ વાળું પેહેલવી જરથોસ્તનામું પણ એ બાબેનો ઇશારો કહેછે. તે કહેછે કે જ્યારે અફ્રાસીઆબે ઇરાનનાં શેહેરોમાંથી પાણી જે આબાદાનીનું મુળ તે દુર કરવાનું કામ કર્યું ત્યારે મીનોચેહેરના મકાનમાં સપંદારમદ (જમીન ઊપરનો મવક્કલ સ્ત્રી ફરેસતો) કનીઆ તરીકે આવી અને પાણી પાછું આપ્યું. તે વખતે સપંદારમદનાં તન ઊપર 'પદમોજન' (લિબાસ) હતો અને કમ્મર ઊપર સોનેરી કુસ્તી હતી. મીનોચેહેરે તે કુસ્તી પસંદ કરી અને બાંધવાને ઊલતમંદ થયો. વળી કહેછે કે એ સઘળી બીનાનો બનાવ પએગમબરની આગમચ ૬૨૮ મા વર્ષે બન્યો હતો. અફ્રાસીઆબે ઇરાનનાં મુલકોની નદીઓનાં માર્ગો ફેરવી નાખવાનો અને તેમ કરી તે ઊપર આવેલાં શેહેરોને મળતાં પાણી બંદ કરવાની કોશેશનો ઇસારો દીનકર્દ (દફતર સાતમા) માં પણ આવેછે, પણ દીનકર્દ એ બનાવ ઊઝુબે તેહેમાસ્પનાં રાજ્યમાં મેલેછે. પેહેલવી જરથોસ્તનામામાં ઊપર જણાવવા પ્રમાણે મીનોચેહેરે કમ્મર ઊપર કુસ્તી બાંધવાનો જે ઇસારો આવેછે તેને ફીરદુસીથી પણ ટેકો મળેછે જે એ પાદશાહને કુસ્તી બાંધતો જણાવેછે. પેહેલવી જરથોસ્તનામામાં, દીનકર્દમાં, વજરકર્દદીનીમાં, બુનદેહેશમાં એ પાદશાહને [illegible] 'ઇરાન દહયુપત' એટલે ઇરાનનો દેશપતી અથવા રાજા કહ્યોછે.

[illegible] =માજન્ય. ય. ૫-૨૨; ૯-૪; ૧૩-૧૩૭; ૧૫-૮; વં. ૯-૧૩; ૧૦-૧૬; ૧૭-૯, ૧૦. પેહેલવી [illegible] ફારસી مازندران. એક મુલકનું નામ છે જેકે-

સીઅનની દક્ષિણે અને બલખની ઉત્તર પૂર્વે આવેલો છે. એ મુલક ઇરાનીઓને ઘણું નુકસાન કરનારો હતો, તેથી એને દેવોનું મથક ગણવામાં આવતું. એનાં આદમીઓ ઘણા બુરા હતા. પાદશાહ હોસંગ અર્દવીસુર અને દ્રવાસ્પ પાસે દુઆ ગુજારે છે કે તે એ માજનદરાનનાં દેવોને મારનાર થાય. વંદીદાદ પ્રમાણે માણસોએ પોતાનાં 'નઓ' ઉતારી દાતવાં કે તેથી માજંદરાની દેવોનું જોર તુટે. જો એમ નહી કરે તો તેઓનું જોર વધે. શાયસ્ત લાશાયસ્ત પણ એમ કહે છે (બા. ૧૨-૬). બુનદેહેશમાં એ મુલકને [illegible] કહ્યો છે (પા. ૩૮-૨) અને એનાં દેવોને માઝીનીકાન શેદાયાન [illegible] [illegible] કહ્યા છે (પા. ૧૦-૨૦). દાદસ્તાનેદીનીમાં એ મુલકથી અગણીત દેવદરૂજો આવતા જણાવ્યા છે (બા. ૩૭-૪૪). મીનોએરદમાં એ મુલકને 'માઝેનદર' નો મુલક કહ્યો છે. એ કેતાબમાં જુદા જુદા નામાંકીત અસલી ઇરાનીઓથી દુન્યાને થયલા ફાયદાઓ વર્ણવતાં હોશંગ પાદશાહને માટે કહે છે કે તેણે માજંદરાનનાં દેવો જેઓ દુન્યાનો નાસ કરતા તેઓમાંનાં બે ત્રત્યાંશ ભાગને મારી નાખ્યા. એ આવાંયષ્ટ (ફ. ૨૨) નો ઇશારો છે જ્યાં હોશંગ માજંદરાન અને ગેલાનનાં દેવોમાંનાં ૩/૪ ભાગને (દવશ્રિવ માજઇન્યનામ. દએવનામ.) મારી નાખવાને દુઆ ગુજારે છે. દાદસ્તાનેદીનીમાં હોશંગને માટે અવસ્તા અને મીનોએરદને મળતોજ ઇશારો કીધો છે પણ ત્યાં માજંદરાનના દેવો કરી ખાસ એ મુલકનું નામ દીધું નથી (પા. ૧૩૯-૯ બા. ૬૫-૫) [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એટલે 'હોશંગ જેણે ૩/૪ દેવોને માર્યા.' શાહનામા પ્રમાણે પણ એ મુલક દેવોનું મથક હતું અને તે ઇરાનને હલાક કરતું. કૈકાઉસ માજંદરાન ઉપર હુમલો લેઇ ગયો ત્યાં તેને છોડવવા જતાં રૂસ્તમને જે હફતેખાન પસાર કરવું પડ્યું હતું તેમાંનાં ત્રણમાં રૂસ્તમને જીઆનગાર જાનવરો સાથે અને ચારમાં જાદુગરો અને દેવો સાથે લડવું પડ્યું હતું.

[illegible] = માયવ. ય. ૧૩-૧૨૩. એક પુરૂષનું નામ જે 'અએત' નો બાપ થાય.

[illegible] = માહ્ય. ઇ. ૧-૮...મહીનાને લગતા વખતનાં ભાગોનાં સરદારો. એઓમાં બે મુખ્ય છે. 'અન્તરે માઉંઘ' તે અમાસ અથવા અમાસ પછીનાં પખવાડ્યાનાં દહાડા છે. અને 'પેરેનો માઉંઘ' અથવા પુરમાહા તે પુનમ અને પુનમ પછીનાં દાહાડાઓ છે.

[illegible] = મિથ્ર. પેહેલવીમાં [illegible] ફારસીમાં [illegible] એ શબ્દ અવરતામાં રોશનીને અર્થે અને તેની ઉપરનાં મવક્કલ યજદ તરીકે વપડાયલો છે. બીજું તે જેમ શારીરીક રોશની તેમ નીતિમાન રોશની તરીકે અને તે ઉપરનાં મવક્કલ યજદ તરીકે વપડાયલો છે. નીતિમાન રોશનીનાં રૂપમાં તે સચ્ચાઇ, પ્રમાણીકપણું, કોલની ઉસ્તવારી, મીત્રાચારી વિગેરેનાં નીતિમાન સદ્ગુણો તરીકે અને તેઓની ઉપરનાં મવક્કલ યજદ તરીકે વપડાયલો છે. એ યજદ તરીકે તેનું કામ માણસોનાં કામોનો મરણ બાદ ઇનસાફ કરવાનું છે. હસ્તકૃત રોશની સાથ આદર યજદને સંબંધ છે પણ કુદરતી રોશની ઉપર મેહેર મવક્કલ છે. મેહેરની રોશની સૂર્ય ઉગવા આગમચ અને અસ્ત પામવા પછી પણ દેખાય છે. મેહેરનો સાથી રામખાસ્ત્ર છે જે હવા ઉપર અને રોશનીજનક સુક્ષમ વાયુ lumini-

ferous ether ઉપર મવકૂલ છે. રોશનીને પસાર થવા માટે એ વાયુની અગત છે તે ઉપરથી 'રામ' ને એનો સાથી ગણ્યોછે. મેહેર જેમ શારીરીક રોશની ઉપર તેમ નીતિમાન રોશની ઉપર મવકૂલ હોવાને લીધે તે માણસની વર્તણુકનો તેનાં મરણ બાદ ચીનવદ પુલને દ્વારે તોલ કરેછે.

[Avestan] = મીઝ
[Avestan] = મીઝયાઓ } ય. ૧૩-૧૨૫.

સ્પીગલ, યુસ્તી, હારલે એ શબ્દો "મીઝ મીઝયાઓ દંઘેઉશ" ને આગલા શબ્દ "દાસ્તાઘ્નો" નો વિશેષણ લેછે. સ્પીગલ તરજુમો કરેછે કે "વેરાન મુલકનો નાશ કરનાર." યુસ્તી પણ એનાં જેવોજ તરજુમો કરેછે કે "વેરાન જંગલનો નાશ કરનાર." હારલે તરજુમો કરેછે કે "પુરાકલ વરસાદવાળા (મુલકનાં)." દાર્મેસ્ટેટર અને મેહેરજીરાણા વાછા એને વિશેષનામ લેછે. દાર્મેસ્ટેટર અર્થ કરેછે કે "દાસ્તાઘ્નો જે મીઝાનાં મુલકનો એક મીઝા (જાતનો માણસ) છે." જો એ મુલક હોય તો કીયો મુલક તે માલમ પડતું નથી.

[Avestan] = મુશ/વિ. વં. ૧૧-૯. એક દેવનું નામ જેનું કામ નાશ લાવવાનું છે.

[Avestan] = મુશ. ઈ. ૧૬-૮; ૬૭-૮. એ શબ્દ વિષે ઘણો મતફેર છે. યુસ્તી, ઉવીનદીશમાન, હારલે, કાંગા એને વિશેષનામ લેછે. એ ફકરાનાં "અવંઘાઓ મૂશ. અવંઘાઓ. પઇરિકાઓ" એ શબ્દોનો ઉવીન દીશમાન "આએ મુશ પરી" એમ અર્થ કરી એને એક પરીનું નામ લેછે. યુસ્તી પણ એને એક પરી ગણેછે. હારલે "આએ મુશ અને આએ પઇરીક" એમ જુદાં નામો લેછે. સ્પીગલ આએ શબ્દને પઇરીકાનો ગુણ દેખાડનાર શબ્દ લેઈ અર્થ કરેછે કે "સામે થતી પઇરીક". બન્ને સાથે ઇન્જશનેમાં બન્ને ઠેકાણે જુદાં જુદાં દર્શકસર્વનામ આપ્યાંછે તેથી એમ લેવું દરૂસ્ત નથી. રેવરંડ મીલ એને પઇરીકાની સાથેજ ડાક્ટર સ્પીગલ માફક લેઈ અર્થ કરેછે કે "પેલો ઠગારો પઇરીક". વળી એ તરજુમોકર્તા નોટમાં ધારેછે કે એ શબ્દનો અર્થ "ઉંદરોની મરકી" એમ કદાચ અહીં થાય. એ ગૃહસ્થ એવો અર્થ એ શબ્દને ફારસી موش=Mouse સાથે સરખાવી લેતો દિસેછે. હારલે નોટમાં એ શબ્દને સંસ્કૃત ધાતુ मुष = ચોરવું જે ચોરને માટેનાં मुषनामि શબ્દમાં આવેછે તે ઉપરથી લેઈ કહેછે કે કદાચ એ શબ્દ એક "ચોરી કરનારી સ્ત્રી" માટે હોય. યુસ્તી ઉવીનદીશમાન અને ઉવેસ્ત ધારેછે કે એ મુશ તે બુનદેહેશ (પા. ૧૩-૨, ૩ બા. ૫-૧) ની [Avestan] 'મુશપર' હોય જ્યાં તે એક ખરતા તારા સમાન ગણાયલીછે. હારલેને એનો અર્થ "ચોરી કરનારી" એમ કરવાની જે અટકલ સુજ પડીછે તે બુનદેહેશમાં એ શબ્દની આગમચ [Pahlavi] 'દુઝ્દન' એટલે ચોરી (ફા. دزد) કરનાર એવો જે વિશેષણ આપ્યોછે તે ઉપરથી હોય.

[Avestan] = મેરેજીશ્ય. ય. ૧૩-૧૨૬. એ ફકરામાં "ક્રોહક્કહે મેરેજીશ્ય હે" શબ્દોમાં યુસ્તી દાર્મેસ્ટેટર અને મેહેરજી રાણા વાછા એ શબ્દને વિશેષનામ લેછે કે "મેરેજીશ્યનો ક્રોહક્ક." પણ સ્પીગલ એને પેહેલા શબ્દનો વિશેષણ લેઈ અર્થ કરેછે કે 'સ્વચ્છ કરનાર'. હારલે એ શબ્દમાં 'મેરેજ.' અને ઝેમ એમ બે શબ્દો લેઈ અર્થ કરેછે કે "ક્રોહક્ક કે જે જમીનને સ્વચ્છ કરેછે". એ વિશેષનામજ દિસેછે.

[Avestan] = મેરેજુ. વં. ૧૯-૪૨. એ આકાશ

ગંગા (Milky way) નામનાં રાતે દેખાતા આકાશનાં લાંબા સફેદ લીટાનું નામ છે.

[Avestan] = મોઉરૂ. ય. ૧૦–૧૪. વં. ૧–૬, ૮.

ખીલારોકી ભાષામાં એ શેહેરનું નામ મરગુ અને યુનાની ભાષામાં મારજીઆનાં છે તે હાલનું મર્વ શેહેર છે. એ સોગદીઆનાની દક્ષિણ પશ્ચિમે આવેલું છે. પાછલા લખનારાઓ એને તેહેમુરસ્પે સ્થાપેલું જણાવેછે. એ શેહેરને વંદીદાદમાં "સુર" અને 'અષવ' વિશેષણો લગાડેલાંછે. તે ઉપરથી દિસે છે કે અસલી વખતમાં એનાં લોકો બહાદુર અને ભલાં હશે. પેહેલવી બહમનયષ્ટમાં એને 'રોશાન મરૂવ' કરી કહ્યું છે. એ શેહેર આગળથી વેહેતી મર્વની નદી બુનદેહેશમાં ૧૮ મોટી નદીઓમાંની એક ગણાઈ છે (બા. ૨૦–૭, ૨૧). તેને અપારસેન કુહમાંથી વેહેતી કીર્તીવાન નદી ગણીછે. એને કીર્તિવાન ગણીછે કારણ કે મેહેરયષ્ટ પ્રમાણે મર્વ તરફ વેહેતી નદી બીજી નદીઓ સાથે ઘણી મોટી નદી ગણાતી. એ યષ્ટ પ્રમાણે એ શેહેર પાસથી વેહેતી નદી "નાવયાઓ પેરેથ્વીશ" એટલે "વાહાણ ચાલી શકે એવી અને પોહળી" હતી (ફ. ૧૪). બુનદેહેશનાં એક વર્ણન ઉપરથી દિસે છે કે પએગમબર જરતોશ્તનાં જમાનાની આગમચ એ નદી ઘણી છાલકી અને ગંધીલાં પાણીની હશે. પણ પાછળથી તે સુધરી ગઇ અને ગંજાવર થાઇ (બા. ૨૧–૩).

[Avestan] =માંજદ્રાવંઘ, ય. ૧૩–૧૧૮. એક પુરૂષનું નામ.

[Avestan] = માંથ્રવાક. ય. ૧૩–૧૦૫, ૧૧૫. એક પુરૂષનું નામ. એ એક ભલો એરવદ (અઐથ્રપઇતિ) હતો અને તેણે બુરાઓની સામે થવાને ઘણો ભાગ લીધો હતો. તે સીમઈઝી નામના પુરૂષનો છોકરો હતો. વહુમએદાત નામનો એક પુરૂષ એનો છોકરો યા ખાનદાની હતો. એ ફકરા (૧૧૫) માં આવેલા "વહુમએ. દાતએ. માંથ્રવાકહે" શબ્દોમાં હારલે 'માંથ્રવાક' ને પેહેલા શબ્દનો વિશેષણ લેઇ અર્થ કરેછે કે (માંથ્ર ભણનાર) "કાયદાનો ફેલાવો કરનાર વહુમએદાત."

[Avestan] = માંથ્ર. સ્પેન્ત.

એ ઉપરથી પાછળથી મારેસ્પંદ થયોછે. અર્થ પ્રમાણે વૃદ્ધિ કરનાર અથવા પવિત્ર માંથ્ર. એ માંથ્રસ્પેંતને અહુરમજદનું રવાન ગણ્યું છે (વં. ૧૯–૧૪). અવસ્તાનાં પવિત્ર ભણતરો સાધારણ રીતે એ નામથી જણીયલાંછે. દીનકર્દ (વા. ૧ પા. ૨) પ્રમાણે અવસ્તા, ગાથા દાતે અને માંથ્રે એ ત્રણ ભાગમાં રચાએલાછે. એઓમાંથી માંથ્રની ઉત્પત્તી યથા અહુવઇર્યોની કવીતા ઉપરથી થયલીછે. એ કેતાબ કહેછે કે ગાથા જોકે માંથ્ર કરતાં ચહડતે દરજ્જેની ગવાહી છે તોપણ માંથ્રપણ અહુરમજદનાં કહેલાછે. એ માંથ્ર દેવને દુર કરનાર હથીઆર છે.

[Avestan]

[Avestan] =યએતુશ ગાઓ. ય. ૧૩–૧૨૩. એક પુરૂષનું નામ જે 'વ્યાત' નામના પુરૂષનો છોકરો થાય.

[Avestan] = યિમ. ય. ૫–૨૫; ૯–૮; ૧૩–૧૩૦; ૧૫–૧૫; ૧૭–૨૮; ૧૯–૩૪; ૨૩–૩. વં. ૨–૫, ૬, ૭,...વં. ૧૯–૩૯. ઈ. ૯–૪, ૫; ૩૨–૮. વેદનો યમ. બુનદેહેશનો જમ. પાજેંદનો જમ. ફીરદોસીનો [Persian]. અવસ્તાનાં એનાં એલકાબ સાથના નામ [Avestan] [Avestan]. નું

જમશેદ થયું. એ ઈરાનનાં પેશદાદીઅન વંશ સ્થાપનાર હોશંગ પછી ત્રીજો પાદશાહ હતો. એને 'ક્ષએત' એટલે તેજવાળો અને 'હવાંથ્વ' એટલે 'નેક ટોળાવાળો' એવા એલકાબ હતા. પાછલા એલકાબને અર્થે ફીરદોસી એને [illegible] એટલે ભલા ટોળાવાળો કહેછે. અવસ્તા ઉપરથી આડકતરી રીતે માલમ પડેછે કે તખ્મઉરૂપ હોશંગ અને કયોમર્સ એના વડવા હતા. અવસ્તા પ્રમાણે એ વીવંગહાનનો જમશેદ કહેવાયલોછે. ઈજશને (હા ૯–૪) પ્રમાણે એ વીવંઘત એનો બાપ હતો. વેદમાં યમને પણ વીવસ્વતનો છોકરો કહ્યોછે. ઈજશ્ને પ્રમાણે એનાં બાપને ત્યાં તેણે કરેલી હોમની આરાધનાં અને ક્રિયાનાં બદલામાં 'જમશેદ' અવતર્યો હતો. બુનદેહેશ (બા. ૩૧-૩) પ્રમાણે પણ તે વીવંઘાઓનો છોકરો હતો. ફારસી લખનાગઓ તેમાં શાહનામા, નાસેખઉતતવારીખ, દમાતીર, અને દબેસ્તાનનાં લખનારાઓ એને તેહેમુરસ્પનો છોકરો લખેછે. એ તેહેમુરસ્પ પછી ગાદીએ આવ્યો તેથી ફીરદોસીએ ભૂલથી એને તેહેમુરસ્પનો છોકરો લખ્યો હોય અને તેથી બીજાઓએ પણ ભૂલ કરી હોય. સારસ્તાને ચેહારચમન નામની ફારસી કેતાબમાં એની માએનું નામ 'ગુલનાર' આપ્યુંછે અને એ ગુલનારને હોશંગનાં ફરહાદની છોકરી કહીછે. બુનદેહેશ પ્રમાણે એને તખ્મઉરૂપ, સ્પિત્યુર, અને નારસ નામના ત્રણ ભાઇઓ હતા. એ ત્રણમાંથી નારસનું નામ અવસ્તામાંથી મળતું નથી. તેહેમુરસ્પનું નામ રામ અને જમ્યાદયષ્ટોમાંથી મળેછે પણ ત્યાં કાંઈ એ ભાઈ તરીકે માલમ પડતું નથી. સ્પિત્યુરનું નામ જમ્યાદયષ્ટમાંથી મળેછે અને તે વળી જમશેદનાં સંબંધમાં મળેછે પણ ત્યાં પણ જમશેદની એની સાથની સગાઈ જાહેર કરી નથી. ત્યાં એને અઝીદહાક સાથ બુરો ચીતાર્યોછે અને જમશેદને કાપી નાખનાર તરીકે કહ્યોછે. હવે જો કે એ યષ્ટમાં સ્પિત્યુર જમશેદનો શું સગો થાય તે કહ્યું નથી તોપણ એ જમ્યાદયષ્ટવાળો સ્પિત્યુર જમશેદનો ભાઇ થાય એવું બુનદેહેશ ઉપરથી માલમ પડેછે. બુનદેહેશ (બા. ૩૧) માં કહેછે કે એ ભાઈ સ્પિત્યુરે જમશેદને દહાક (જોહાક) સાથ મળી કાપી નાખ્યો. હવે ત્યારે બુનદેહેશ અને જમ્યાદયષ્ટમાં એકસરખું લખેછે કે સ્પિત્યુરે જોહાક સાથે મળી જમશેદને કાપી નાખ્યો, અને જ્યારે બુનદેહેશમાં લખ્યું છે કે સ્પિત્યુર જમશેદનો ભાઈ હતો ત્યારે માલમ પડેછે કે જમ્યાદયષ્ટ અને બુનદેહેશવાળો સ્પિત્યુર એકજ હતો. એ ભાઇએ જુહાક સાથ મળી જઈ પોતાનાં ભાઇને દગો દેઈ મારી નાંખ્યો હોય. ફીરદોસી પ્રમાણે એને અરનવાજ અને શેહેરનાજ નામની બે બેહેનો હતી. એરવદ શેહેરીઆરજી અને પ્રોફેસર દાર્મેસ્ટેટે પ્રમાણે એ નામો તે ગોશ અને રામયષ્ટોવાળાં "એરેનવાચ" અને "સવંઘવાચ" છે. જેઓને માટે ફરેદુન દુઆ ગુજારેછે કે "જુહાકને હાથે પકડાઇ ગયલી એરેનવાચ અને સવંઘવાચ જે આએ દુનીઆમાં જનમતી સ્ત્રીઓમાં ઘણી ખુબસુરત બદનવાળી છે અને જેઓ બંદમાં છે તેઓને હું મેલવું." ફીરદોસી પ્રમાણે પણ ફરેદુન એ બન્નેને જુહાકનાં બંદમાંથી છોડવેછે. ફારસી તવારીખનવેશો પ્રમાણે એ સજીસ્તાનના પાદશાહની છોકરી "સમજનાઝ" સાથ પરણ્યો હતો. એની ચહડ ઉતર પેહેડી માટે જુઓ મોટી વંશાવળી. અવસ્તા ઉપરથી એ પાદશાહને લગતી નીચલી હકીકતો મળેછે. એને પાછલાં પુસ્તકોમાં પએગમબર ગણ્યોછે તેનાં ઈશારા અવસ્તામાંથી ઘણાં મળેછે. પુરાના ગાથામાં (હા ૩૨–૮) એને બુરા આદમીઓને શીખામણ આપતો જણા-

વ્યોછે. વંદીદાદ પ્રમાણે અહુરમજદે જરતોસ્ત આગમચ જમશેદને અહુરમજદી જરતોસ્તી દીન શીખવી હતી. એ અહુરમજદનો ઘણો માનીતો હતો. અહુરમજદની બસારત પ્રમાણે ચાલી જમશેદે પોતે સ્થાપેલાં નવા સ્વસ્થાનનો કારોબાર એક રાજ્યકર્તા તેમજ ધર્મ શીખવનાર તરીકે એવો તો સરસ ચાલાવ્યો કે તે સ્વસ્થાનમાં મગરૂરી, નિંદા, અપવિત્રાઈ, દુશમનાઈ, કંગાળિયત, ઠગાઈ, નીચપણું, અપ્રમાણીકપણું વીગેરે દુર્ગુણો નહી હતા (વં ૨–૩૭). ઈજશને (હા. ૯–૫) માં એને પોતાનાં મુલકમાંથી અદેખાઇ વીગેરે દુર્ગુણો દુર કરી પ્રજાને સુખી રાખનો જણાવ્યોછે. યશ્તોમાં તે અર્દવીસુરની સેતાયશ કરી ઈચ્છેછે કે તે દેવો અને પાપી માણસો ઉપર ફતેહ મેળવે અને બુરાઓથી દોલત, વૃધ્ધિ વીગરે સુખનાં સાધન છીનવીલે. રામયશ્ટ પ્રમાણે તે પોતાનાં દેશમાંથી અદેખાઇ દુર કરવાને શક્તીવાન થયો. જમ્યાદયશ્ટ જણાવેછે કે તેણે હફ્તકેશ્વર જમીનનાં બુરાઓ ઉપર ફતેહ મેળવી. તેઓનો કાબુ દુર કર્યો હતો અને તેઓ પાસે પશુ ખોરાક વીગેરે છીનવી લીધાં હતાં. એની બંદગી કરવાની જગ્યા હુકર્ઈર્યે પહાડ હતી. એણે ૧૦૦૦ વર્ષ રાજ્ય કર્યું હતું. એ પાદશાહને નુર હતું જે જમ્યાદયશ્ટ પ્રમાણે જેવો એ જુઠું બોલ્યો કે એનીથી જતું રહ્યું. જુઠું બોલ્યાથી એ નુર એનીથી ત્રણ ત્રણ મરતબે જતું રહ્યું. અવસ્તા પ્રમાણે એની જીંદગીનો મોટામાં મોટો બનાવ એ હતો કે એણે અહુરમજદની બસારતથી એક ‘વર’ એક નવું સ્વસ્થાન સ્થાપ્યું. જમશેદની આગમચ દેવો એટલે બુરે માર્ગે ચાલનારાઓનો દોર અને વસ્તી ઘણાં વધી ગયાં હતાં. જમશેદે યજદાન તરફથી મળેલી બસારત પ્રમાણે પોતાની દુરઅંદેશી અને અક્કલથી એ બુરાઓની સંગતથી છુટા પડવાનો વીચાર કર્યો.

૧૯૦૦ ચુનનદાં ભલાં (અઇર્યન) જોડકાંઓ લેઇને તેણે એક જુદું ‘વર’ સ્થાપ્યું, જે ‘વર’ અથવા સ્વસ્થાન પછી અઇર્યનવેજને નામે જાણીતું થયું. યજદાનથી થયલી બસારત પ્રમાણે રૂતુના સખ્ત ફેરફારો–જેવાકે સખ્ત શીયાળા–ની સામે નવાં સ્વસ્થાનનાં લોકોનો બચાવ કરવા માટે તેણે બાંધકામો કર્યાં અને ત્યાં જઈ રહ્યો. હવે નવાં સ્વસ્થાનમાં સઘળાં ભલાં અને નેક આદમીઓ રહેતાં હતાં અને તેઓ દેવો–પછી મન ઉપર અસર કરનારા કહો કે તન ઉપર અસર કરનારા કહો, મનની બદીઓ કહો કે તનનાં દરદો કહો–થી વેગળાં હતાં. તેથી ત્યાં વસ્તી જલદી વધતી ગઈ અને જમશેદને તેટલા માટે ત્રણ ત્રણ વખત એ સ્વસ્થાનની હદ વધારવી પડી. એ પાદશાહની જીંદગીનો અંત કેવી રીતે આવ્યો તે વિષે અવસ્તા ઉપરથી નીચલા ઈશારા મળેછે. વંદીદાદ (૨–૬)માં લખેછે કે જમશેદને તેની જબાને (જુઠાઈએ) મોત લાયક કીધો અને તેને ખરાબીમાં નીચે નાખ્યો. જમ્યાદયશ્ટમાં લખેછે કે જમશેદ જુઠું બોલ્યો તેથી તેનું નુર ઉડી ગયું, તે ગાભરો પડ્યો અને જમીનપર નીચે પડ્યો. એ ઉપરથી જમશેદની જાહોજલાલીની શા કારણથી પડતી થઈ તે આપણને માલમ પડેછે. હવે જમશેદનું મોત કુદરતી રીતે નહીં પણ પારકાને હાથે નીપજ્યું હતું તે એજ યશ્ટ (૪૬) ઉપરથી માલમ પડેછે. ત્યાં જુહાકને અને સ્પિત્યુરને જમશેદથી ઉડી જતાં નુરને મેળવવાની તજવીજ કરતા જાહેર કીધાછે. હવે સ્પિત્યુરને ત્યાં જમશેદને કાપી નાંખનાર તરીકે જણાવ્યોછે. વળી આપણે આગળ જોયું કે બુનદેહેશમાં એજ ધણીને જુહાકસાથ મળી જાઇને જમશેદને મારી નાંખતો જણાવ્યોછે. વળી ફીરદોસી અને બીજા તવારીખનવેશો જણાવેછે કે એ જુહાકને હાથે માર્યો ગયો હતો. એ ઉપરથી

દિસેછે કે જમશેદનો દહાડો જોહાકને હાથે બરગસ્તે થયો હતો, અને તે જોહાકની ફુસલવણીથી સ્પિત્યુર નામનાં શખ્સને હાથે માર્યો ગયો હતો. અવસ્તાને આધારે બીજાં પુસ્તકોનાં ટેકા સાથ આપણે જમશેદની જીંદગીની બાબદો ઉપર આવીછે. હવે આપણે પેહેલવીપુસ્તકોતરફ કાંઇ વધુ વીગતો માટે જોઇએ. બુનદેહેશ પ્રમાણે જમશેદે ખ્વારીઝમમાં ગદમનહુમંદ પહાડપર ફરોબાક નામનો આતશ તેનાં દાદગાંહે સ્થાપ્યો હતો. (પા. ૪૧–૭ બા. ૧૭—૬)

[illegible]

[illegible] એટલે "ખારઝમમાં ગદમનહુમંદ પહાડમાં ફરોબા આતશને દાદગાહમાં મેલ્યો હતો કે જે જમશેદે તેઓ માટે કર્યો હતો." બુનદેહેશ કહેછે કે જમશેદે ૭૧૬ૢ વર્ષ રાજ્ય કર્યું હતું. તેમાં છેલાં ૧૦૦ વર્ષ તો નાસભાગમાં ગયાં હતાં (બા. ૩૪–૪). જમશેદે બનાવેલા 'વર' વિષે જે અવસ્તામાં કહેછે કે ત્યાં કરસીપ્તે (નામનાં પક્ષિ યા દાનાવે) દીન જાહેર કરવામાં ભાગ લીધો તે બુનદેહેશમાં પણ કહેછે (બા. ૧૯–૧૬ બા. ૨૪–૧૧). વળી જેમ વંદીદાદ તેમ બુનદેહેશ પણ ઉર્વતદનર નામનાં જરતોસ્તનાં બેટાને જમશેદનાં વરમાં વડો દસ્તુર ગણેછે (બા. ૩૨–૫). જમશેદના 'વર' ની જગ્યા માટે કહેછે કે તે પારસમાં જુવા નામની જગ્યા છે (બા. ૨૯–૧૪).

દાદસ્તાનેદીનીમાં એને હોશંગ, તેહેમુરસ અને ફરેદુન સાથે કયોમર્સની પેહડીનો અને નેકીનાં કામ કરનારો નામાંકિત પુરૂષ ગણ્યોછે (બા. ૨–૧૦). એને ગયોમર્દ, જરતોસ્ત સાથે ફ્રશોકંતના કામને મદદ કરનાર જણાવ્યોછે (બા. ૩૬–૨). મીનોખેરદ કહેછે કે કએકાઉશ અને ફરેદુન સાથે જમશેદને અહુરમજદે સંપૂર્ણ અમ્મર બનાવ્યા હતા. પણ હારેમને એઓનાં મન ઉપર ખરાબ અસર કરી. માનોખેરદ (બા. ૮–૨૪) જમશેદથી આલમને નીચલા ફાયદા પ્રાપ્ત થયલા જણાવેછે. ૧) તેણે આલમનાં લોકોને ૬૧૬ૢ વર્ષ અને ૧૬ દહાડા સુધી દુ:ખ અને બીમારી વગરનાં અને અમર કર્યાં ૨) એણે એક વર બાંધ્યો જેમાં મલકોશનાં ભારી વરસાદ વેળાએ માણસો ભરાઇ બેસી પાછળથી બાહેર આવી દુન્યાને પાછી વસાવશે. ૩) આહરેમન જે હસ્તીત્વને ગળી ગયો હતો તેને એણે તેનાં પેટમાંથી ખેંચી કાહાડ્યું. ડા૦ ઉવેસ્ત પ્રમાણે એક પેહેલની રેવાયત પ્રમાણેની એક વાર્તાનો એ ઇશારો છે કે જ્યારે તેહેમુરસ આહરેમન ઉપર સવારી કરતો ત્યારે અલબુર્જ પહાડ ઓલંગતાં તેને બહુ ત્રાસ્તી લાગતી એમ તેહેમુરસની બાયડીથી આહારેમને તણીને પતાવીને ખબર મેળવી અને તે ખબરનો લાભ લેઇ અલબુર્જ પસાર કરતાં એક વખત તેને ફેંકી દીધો અને તેને ગળી ગયો. જમશેદને એ વાતની ખબર પડતાં તે જંગલમાં આહેરમનની સોધમાં ગયો અને ગાનું ગાઇ આહરેમનને બાહેર લલચાવી ખેંચી કાહાડી તાલ જોઇ તેનું પેટ ચીરી તેહેમુરસને ખેંચી કાહડ્યો. તેના હાથ એ બનાવ પછી કોહડથી ખરાબ થઇ ગયા હતા પણ એક વખત ગોધાના નીંરંગથી ધોતાં તે સાફ થઇ ગયા હતા. ૪) એનીથી ચોથો ફાયદો આલમને એ કે એણે દેવોને ગોસ્પંદ સપુરદ નહી કીધાં એ કેઇ બાબદનો ઇશારો છે તે સમજ પડતી નથી. મીનોખેરદ (બા. ૬૨–૧૫ થી ૧૮) એનાં વરનું થોડુંક વર્ણન આપેછે જે વંદીદાદનાં વર્ણનને મળતું છે. પાછલી કેતાબો ઉપર આવતાં દસાતીર, દબેસ્તાન વીગેરે એને પએગમબર

જાહેર કરેછે. દસાતીર પ્રમાણે અહુરમજદ એને કહેછે કે "મેં તુને પસંદ કર્યોછે. તું એક મોટો પએગમબર છે. મારૂં નુર તારા ચેહેરા ઉપર છે. તું મારા કહેવા પ્રમાણે કામ કર." ફીરદોસી પણ એને શરૂઆતમાં એક ધર્મી પાદશાહ અને એક મોબેદતરીકે જણાવેછે. ફીરદોસી પણ એનાં રાજ્યનાં વર્ષ ૭૦૦ જણાવેછે. ધર્મગુરૂઓ, લડવૈયાઓ, ખેડુતો અને કારીગરો એવા મંડળીનાં ચાર મોટા વર્ગો એણે કર્યાં હતા. વધુ વીગત માટે જુઓ મારી "જમશેદ હોમ અને આતશ" નામની ચોપડી.

[illegible] = પુઋવઈરિ. ય. ૧૩-૧૦૧. એક પુરૂષનું નામ. જે નામોની વચ્ચે એ નામ આવેછે તે ઉપરથી એ લોહરાસ્પનો છોકરો અથવા ગુસ્તાસ્પનો ભાઈ દિસેછે. શા આધારે આપણે એ અનુમાન ઉપર આવ્યે છીયે તે માટે જુઓ [illegible]

[illegible] = પુખ્તાસ્પ. ય. ૧૩-૧૧૪. એક પુરૂષનું નામ.

[illegible] = પુજ્યસ્તિ. વં. ૧૩-૧૭. એક જાતનું રસ્તાનું માપ. બુનદેહેશ (પા. ૩૨-૭ બા. ૧૪-૨૮) માં એ માપને [illegible] કહ્યુંછે. ડા૦ ઉવેસ્ત એને સં. योजन સાથ સરખાવેછે. પેહેલવી પાજંદ ફરહંગ એક 'યોજીસ્ત'ને ૧૬ 'હાસર' બરાબર જણાવેછે. હવે એક હાસર (બુનદેહેશ બા. ૨૬-૧) તે બે ફુટનાં એક હજાર પગલાંના બનેલા ફરસંગની બરાબર છે. તેથી ડા૦ ઉવેસ્ત એને ૧૬ થી ૧૭ મેલની લંબાઇનો ગણેછે.

[illegible] = યુશ્ત. ય. ૧૩-૧૧૮. ગાહ્રી નામનાં એક ભલા પુરૂષનો છોકરો. એ બન્ને બાપ દીકરાઓને આરાધ્યાછે.

[illegible] = યોઇશ્ત. ફ્રયાન. ય. ૫-૮૧; ૧૩-૧૨૦. એક પુરૂષનું નામ. એ શખસ આવાંયષ્ટમાં અર્દવીસુરપાસે દુઆ માગેછે કે તે અખ્તય (જાદુગર) ની ઉપર ફતેહ મેળવે અને તેના ૯૯ સવાલોનો જવાબ આપે. એ પેહેલવીનો [illegible] ગોશ્તે ફ્રયાન છે. આવાંયષ્ટમાં એણે જે દુઆ ગુજારીછે તેની હકીકતની પેહેલવીમાં એક ખાસ ચોપડીછે નામે [illegible] "માદીગાંને ગોશ્ત ફ્રયાનો" એ કેતાબમાં આવાંયષ્ટમાં કહેલા ૯૯ સવાલોને બદલે ફકત ૩૩ સ્વાલો બચેલાછે. એ કેતાબ પ્રમાણે [illegible] (યખ્ત યાતુક) અખ્ત જાદુગરે પુછેલા ૩૩ સવાલોનો એણે પુરતો ખોલાસો કર્યોછે. અખ્ત નામનો એક જાદુગર જે તરેહવાર ભેદી અને ભરમ ભરેલા સવાલો પુછવામાં કુશળ હતો તેણે ઇરાન આવી એવા સવાલો પુછવા માંડયા. જે કોઈ તેના સવાલોનો જવાબ નહીં આપતું તેને તે મારી નાંખતો. આખરે ગોશ્ત ફ્રયાને તેને મહાત કીધો. ગોસ્ત ફ્રયાન એ તેના સવાલોના જવાબ આપી આખેરે તેને ત્રણ સવાલો કર્યા. તેના જવાબ તેને નહીં આવડવાથી તેણે હારેમનની મદદ માંગી. પણ તેને પણ તેનાં જવાબો નહી આવડવાથી સરત પ્રમાણે ગોસ્તફ્રયાનએ અખ્ત જાદુગરને કતલ કર્યો. દાદસ્તાનેદીની (પા. ૧૯૦ ક-૧ બા. ૯૦-૩) માં પણ એને [illegible] કહ્યોછે અને એને બીજાઓ સાથે એક અમર કીર્તીવાન પુરૂષ ગણ્યોછે. બહમનયષ્ટ (બા. ૨-૧) માં જ્યાં કેટલાંક અમર કીર્તીવાન નામો આપ્યાંછે ત્યાં એનું નામ આપ્યુંછે.

એરવદ તેહેમુરસવાળાં પેહેલવી જરથોસ્તનામા પ્રમાણે પએગમબર જરથોશ્તે દીન જાહેર કરવા પછી આસરે ૮૦ વર્ષે એ ગોશ્ત ફ્રયાનને અખ્ત જાદુગર સાથે સવાલ જવાબ થયા હતા. એની આગમચ ઊપલી શરતે અખ્ત જાદુગરે ૯ દીનદારોને મારી નાખ્યા હતા, જે એઓમાં જરથુસ્તનાં બે છોકરાઓ, મઈધ્યોમાંઓંઘનો છોકરો અરાસ્તુ અને બીજા ત્રણ જન જણાવ્યાછે. એ ગોશ્ત ફ્રયાનનો અશેમ યહમાઈ ઊશ્ત (ફ્રરવરદીન ય. ૨-૧૨૦) નામનો એક ભાઈ હતો એવું દીસેછે. ગોશ્ત ફ્રયાન અને અખ્ત જાદુગરને મળતી વાતને મળતો એક યુનાની દાખલો Edype અને Sphynx નો મળેછે જેમાં જણાંવ્યા પ્રમાણે જેમ ઇરાન ઉપર અખ્ત જાદુગર હુમલો લાવ્યો હતો તેમ Sphynx નામનું ગંજાવર જાનવર Thebes શેહેર ઉપર લાવ્યું હતું, અને તે શેહેરનાં લોકોને મોતની સરતથી અખ્યાનુ પુછતું જે આખેરે Edype નામનાં શખસે સમજાવ્યું. જેમ ગોશ્ત ફ્રયાનએ અખ્ત જાદુગરનો નાશ બરસમ કાપવાની છરીથી કર્યો તેમ 'એદીપ' ભોગ આપવાની છરીથી સ્ફીંક્ષનો નાશ કર્યો. એનું ફ્રયાન નામનું કુતંબ તુરાનીઅનનાં છોકરા રગનનાં છોકરા ફ્રયાનથી ઉતરેલું હતું.

[illegible]

[illegible] = રએમન ય. ૧૯—૫. એક પહાડનું નામ.

[illegible] = રએવન્ત. ય. ૧૯—૬. એક પહાડનું નામ. બુનદેહેશનો [illegible] રાઈવન્દ પહાડ. એના મથક વિષે એ કેતાબમાં કહેછે કે (પા. ૨૩—૧૦ બા. ૧૨—૧૮)

[illegible] એટલે "રએવંદકુહ ખોરાસાનમાં (આવેલોછે) જેનાં ઉપર આદર બુર્ઝીન (આતશ) ને બેસાડેલો (એટલે સ્થાપેલો) છે. તેને રએવંદ એટલા માટે (કહેલો છે કે) તે નુરવાળો (રયોમંદ) છે." એ ફકરા ઉપરથી ત્યારે માલમ પડેછે કે એ પહાડ ૧) ખોરાસાનમાં હતો, ૨) એની ઉપર આદર બુરઝીન નામનો આતશ સ્થાપેલો હતો, અને ૩) એનું નામ રએવંત એ આતશથી તેને મળેલા ચલકાત અને નુર (રએ) ને લીધે મળેલું હતું. એ પહાડના જે ભાગ ઉપર "આદર બુરઝીન" આતશ સ્થાપવામાં આવ્યો છે તેને [illegible] પુશ્તેવીસ્તાસ્પાન એટલે વીસ્તાસ્પની ટેકડી કહેછે. એ નામથી ઓલખવાનો સબબ એ કહેછે કે એ પહાડ ઉપર પાદશાહ વીસ્તાસ્પે જ્યારે જરતોશ્તી દીન કબુલ કરી ત્યારે એ "આદર બુરઝીન" આતશ સ્થાપ્યો હતો (બા. ૧૭—૮). ઝાદસ્પરમ (બા. ૧૧—૯) કેતાબ પણ એ પહાડની એક ટેકડી પોશ્તે વીસ્તાસ્પાન ઉપરનાં આતશ બરઝીન વિષે બોલેછે.

[illegible] = રઓઈધિત. ય. ૧૯—૨. એક પહાડનું નામ. એ બુનદેહેશ (પા. ૨૪—૨ બા. ૧૨—૨૭) નો [illegible] પહાડ છે. એ પહાડને રઓધિત નામ (રૂધ = ઉગવું) અને પેહેલવીમાં રોઈશ્ન હોમંદ (ઉગતી ચીજથી ભરેલું નામ) શું કરવા પડ્યું તે બુનદેહેશમાં જણાવેછે. ત્યાં એ પહાડને માટે કહેછે કે [illegible]

[illegible] [illegible] એટલે "જે ઉપર ઝાડપાનો ઉગતાં."

[illegible]=રઓચસ—ચઓખ્મન. ય. ૧૩—૧૨૧, ૧૨૮. એક પુરૂષનું નામ. એ દાદસ્તાનેદીની (પા. ૯૩ ક—૧૮ બા. ૩૬—૪, ૫) નો [illegible] રૂશનચશ્મ છે. એ કેતાબ પ્રમાણે દુન્યાનાં ઘણાં જાણીતા સાત ફ્રશોકેરત ઉત્પન્ન કરનારાઓમાંનો એ એક છે. રસ્તાએજ ઉત્પન્ન કરવાને જે ૫૭ વર્ષની મુદત લાગશે તેમાં એઓ ભાગ લેશે. એ સાતે જન જુદા જુદા સાતે કેશ્વરોને લગતા છે તેમાં એ "રોશન ચશ્મ" પેહેલવેહેલા અર્ઝેહી [illegible] કેશ્વરનો છે. એ બાબેના પેહેલવી ફકરા બાબે જુઓ [illegible]

[illegible] શબ્દ. ફ્રશોકેરત ઉત્પન્ન કરનાર તરીકે સોશ્યોસની સાથે એનું નામ દાદસ્તાનેદીનીનાં ખુદ પેહેલા સવાલમાં પણ આવે છે.

[illegible] = રઓજદ. ય. ૧૩-૧૨૫. જુઓ [illegible]

[illegible] = રઘ. વં. ૧-૧૬. ઈ. ૧૯-૧૮. એક શેહેરનું નામ. પેહેલવીનું [illegible]. યુનાનીઓનું Rhagœ ફારસીનું રે. બુનસન કહેછે કે સ્ત્રેબો અને ટોલેમીએ જે Rhagæ વિષે લખ્યું છે તે એ હોવું જોઇએ. પ્રોફેસર હારલેના કહેવા-પ્રમાણે ફકત કીપર્ટ એને પારથીઆની પૂર્વે ધારેછે. બાકી બધા લખનાર એ શેહેર વિષે એકમત છે. એ તેહેરાનની જરાક દક્ષિણે છે. એક વખત એ મીડયાનું મોટું શેહેર ગણાતું. અનજુમન આરાનો કરતા કહેછે કે એ શેહેરે મોગલ પાદશાહોના પાછલા વખતમાં પણ ઘણા રાજદવારી ફેરફારો જોયાછે. એ શેહેર પએગમબર જરતોશ્તનું જન્મ શેહેર હતું. અવસ્તામાં જોકે કેઠે ખુલ્લું એમ લખ્યું નથી કે જરતોશ્ત રઘે શેહેરમાં જનમ્યો હતો તોપણ એ શેહેરને "થ્રિઝન્તૂમ્" એટલે 'ત્રણ જાતવાળું' એવા જે એલકાબ વંદીદાદની પેહેલી પરગરદમાં લગાડયો છે તે ઉપરથી અને ઈજશનેનાં ૧૯ મા હા ઉપરથી માનવાને કારણ મળેછે કે ફારસી જરતોશ્તનામામાં અને બીજી પાછલી કેતાબોમાં જરતોશ્તને રઘે શેહેરમાં જનમેલો જે જણાવ્યો છે તે બરાબર છે. જરતોશ્તે અથોરનાન, રથેશ્તારાન અને વાસ્ત્રીઓસાન એવા મંડળીનાં કરેલા ત્રણ વર્ગો ઉપરથી એ શેહેરને "થ્રિઝન્તૂમ્" કરી કહ્યું છે. વળી ઈજશને (હા ૧૯-૧૮) માં એ શેહેરને "જરતોશ્તી રઘે" શેહેર કહ્યું છે. વળી અંહી કહેછે કે "એ દેશો કે જે જરતોશ્તનાં રાજ્ય શિવાય બીજા છે ત્યાં પાંચ સરદારો છે; ઘેરનો સરદાર, મોહલાનો સરદાર, ગામનો સરદાર, દેશનો સરદાર અને વડો ધર્મગુરૂ (જરથુસ્ત્રોતેમો); પણ જરતોશ્તને લગતાં "રઘે શેહેરમાં ચાર સરદારો" છે કારણ જરતોશ્ત પોતે રાજપતિ તેમ વડો ધર્મગુરૂ છે." બુનદેહેશ (બા. ૩૧-૪૦) માં સામની ઓલાદનાં એક બુઝરગને એક વખત એ રઘે શેહેરનો હાકેમ થયેલો જણાવ્યોછે. શાયસ્તલાશાયસ્ત (બા. ૧૩-૧૧)માં પણ ઈજશનેનાં ૧૯ મા હા (૧૮) ની બાબદનો ઈશારો છે.

[illegible] =રંઘ. ય. ૧૦-૧૦૪; ૧૨-૧૯; ૧૪-૨૯; ૧૫-૨૭; વં. ૧-૨૦. એક નદીનું નામ. ગાઇગર એને વેદની 'રસા' સાથ સરખાવેછે. ઉવીનદીશમાન એને સીંધુ ધારેછે. લાગાર્ડ 'વોલ્ગા' ગણેછે. હારલે ઓક્ષસ ગણવાનું દરસ્ત ધારેછે.

અસ્પંદીઆરજી એ રંગાવાળા મુલકને ખોરાસાનનો કોઇ મુલક ધારેછે તે ઉપરથી હારલે પોતાને ટેકો મળતો ગણેછે કારણ કે ઓક્ષસ એ મુલકની નજદીકમાં છે. પ્રોફેસર સ્પીગલ યુસ્તી અને ગાઇગર એને 'ઝકઝારટીસ' ગણેછે. એઓનાં વીચારને એક બાબદથી ટેકો મળેછે તે એ છે કે વંદીદાદમાં જે શ્રાપ ઇરાનવેજ ઉપર ઉતરેલા જણાવ્યાછે તેજ એ રંગાના મુલક ઉપર ઉતરેલા જણાયા છે અને તે [illegible] એ ટલે "દેવની ઉત્પન્ન કરેલી થંડી" છે. જ્યારે એ બન્ને મુલકોમાં એકજ જાતનો શ્રાપ છે એટલે વધુ થંડી છે ત્યારે તેઓ પડોસમાં હોવાં જોઇએ. હવે ઇરાનવેજની જગ્યા મુખ્ય કરી ઓક્ષસ અને ઝકઝારટીસની વચ્ચે છે ત્યારે તેના જેવા શ્રાપવાલી નદી તેની નજદીકની ઝકઝારટીસ હોય એ વધુ સંભવીક દીસેછે. એ બુનદેહેશની [illegible] અરંગ છે જેને કેટલીકવાર અરગ [illegible] પણ લખીછે.

[illegible] =રથએશ્તર વં. ૫-૫૭, ૫૮.... લડવૈયાનો વર્ગ (અર્થ પ્રમાણે રથમાં ઉભા રહેનાર લડનાર). પાદશાહ જમશેદે ફીરદોસી પ્રમાણે મંડળોનાં જે ચાર વર્ગો કર્યા હતા તેમાંનો એ બીજો વર્ગ જેને ફીરદોસી નીસરીઆન કહેછે.

[illegible] =રથઉવિશ્કર.વં. ૫-૫૭, ૫૮. એક મોબેદ જેનું કામ ક્રિયાના અલાતોને તેઓની ઘટતી જગ્યાએ ગોથવવાનું છે. રાસ્વી અથવા રાસ્પી.

[illegible] = રપિથ્વિન. રપીથવન ગાહ. દહાડાના જે પાંચ ભાગ અવસ્તામાં કરવામાં આવ્યાછે તેમાંનો બીજો ભાગ બપોરનાં બાર વાગાથી તે પાછલા પોહરનાં ત્રણ સુધીનો વખત. એ શબ્દ ગરમીને અર્થે પણ વપડાયછે અને દક્ષિણ દિશાને અર્થે પણ વપડાયછે જુઓ [illegible]

[illegible] =રવન્ત. ય. ૧૩-૧૨૩. એ શબ્દ બાબે મતફેર ઘણો છે કે એ વિશેષનામ છે કે વિશેષણ. એ ફકરામાં "સ્તીપોઇશ રવંતો" એ શબ્દોમાં યુસ્તી, દાર્મેસ્ટેટ, મેહેરજી રાણા વાછા આએ શબ્દને વિશેષનામ લેઈ અર્થ કરેછે કે "રવંતનો સ્તીપી." પણ સ્પીગલ એ શબ્દને 'સ્તીપી' નો વિશેષણ લેઈ અર્થ કરેછે કે 'જતો'. હારલે પણ એમ વિશેષણ લેછે. પણ તે સ્પીગલથી જુદો. 'brillant' એટલે રોશન એમ અર્થ કરેછે.

[illegible] =રસાંસ્તાત. ય. ૧૭-૯૨. અશીસંગની હમકાર તરીકેનો 'ચિસ્તિ' 'એરેથે' સાથનો એક સાથી. હારલે la sainte rectitude એટલે 'પવિત્ર સુધ્ધાપણું' એવો અર્થ કરેછે. સ્પીગલ 'વાજબી ચુકાદો' એમ અર્થ કરેછે.

[illegible] = રશ્નુ. રશનેયજદ. એરાસ્તી અને ઇનસાફ ઉપર મવક્કલ છે અને તેટલા માટે તે મેહેરદાવર સાથે મરણ પામેલાઓના આત્માઓનો હિસાબ શુમાર લેછે. મીનોખેરદ (બા ૨-૧૨૦ થી ૧૨૨) પ્રમાણે એ યજદ ઇનસાફનું તરાજુ હાથમાં પકડી માણસોનો ઇનસાફ કરેછે અને કોઇ તરફ રવાદારગી દેખાડતો નથી. તેને મનથી ગરીબ કે પૈસાવાળા સરખા અને ઇનસાફ કરવા આગમચ અશો કે દરવંદ સરખા છે.

[illegible] =રાત. વં ૧૯-૧૯.... સખાવત. સખાવત ઉપર મવક્કલ એક શક્તી ગંજેશાયગાન પ્રમાણે એ [illegible] અથવા સખાવતને બોહલે અર્થે વપડાયલોછે. એ કેતાબ પ્રમાણે હમેશાં

હુખ્ત અથવા સાચ્ચા વચનો બોલવા એ એક જાતની સખાવત છે. પોતાની સારી સલાહ અને સખુનો અને શીખામણથી આજુ બાજુનાઓનું ભલું કરવું એ એક જાતની સખાવત છે. સખાવતની વધુ સીરતમાં ત્યાં કહેછે કે શરીરને માટેનો ભાગ શરીરથી અને રવાનને લગતો ભાગ રવાનથી અટકાવવો નહી. એટલે માણસ જાતનાં શરીરને સુખ થાય તેવું જે કાંઇ બને તે કરવું; દાખલા તરીકે ધર્મશાલાઓ, દવાખાનાં વીગેરે સ્થાપવાં. તેજપ્રમાણે માણસ જાતનાં રવાનને સુખ થાય તેવાં કામોમાં મદદ કરવી. દાખલા તરીકે મકતબો, પુસ્તકખાનાંઓ, ધર્માલયો સ્થાપવાં.

[Avestan] = રામ-ખાસ્ત્ર. એ વાતાવરણ ઉપરનો મવક્કલ યજદ છે. એને માગ્રનો સાથી ગણેલોછે, કારણ મીથ્રની રોશની પસાર થવા માટે વાતાવરણ યા કોઇ બારીક વાયુની અગત છે. વાતાવરણ માણસનાં સુખ માટે અગતનું સાધન હોવાથી એ યજદ સુખ, ખુશી, રામશની ઉપર મવક્કલ ગણાયોછે.

[Avestan] = રાસ્તરે વ-ઘેત. ય. ૧૩–૧૦૬. એક પુરૂષનું નામ.

[Avestan]

[Avestan] = વએકેરેત. વં. ૧-૧૦. વંદીદાદ પ્રમાણે અહુરમજદે સ્થાપેલું સાતમું શેહેર. પેહેલવી તરજુમો અને સરેહ કરનારા પ્રમાણે એ કાબુલ શેહેર છે. બરનુફ, લાસન, હાઉગ, ગીતર, સ્પીગલ અને સજીસ્તાન અથવા સીસ્તાન ધારેછે. વંદીદાદ પ્રમાણે એ શેહેરની પેદાયશની વીરૂધ આહરેમને એ શેહેરમાં જે શ્રાપ પેદા કીધો તે "એક પરી હતી કે જે કેરેશાસ્પને વળગી." હવે આવાંયષ્ટ પ્રમાણે કેરેશાસ્પની જગ્યા (ફ. ૩૭) [Avestan] [Avestan] (પીશીનની ખીન) છે. બુનદેહેશમાં એ જગ્યા વિષે બોલતાં કહેછે કે કેરેસાસ્પ એ જગ્યાએ જાણે સમાધીમાં પડ્યો હતો (બા. ૨૯–૭). એ બુનદેહેશનું લખાણ વંદીદાદનાં એને પરી વળગવાનાં લખાણનો ઇશારો છે. હવે પીશીનની ખીન હાલનાં કાબુલની નજદીકમાં છે. બુનદેહેશ (બા. ૨૯-૧૧) માં તો એને કાબુલસ્તાનમાંજ જણાવેછે. એ સઘળાં ઉપરથી ત્યારે દિસેછે કે જ્યારે ખુદ પેહેલવી સરેહ કરનારાઓ 'વએકેરેત' ને કાબુલ કહી ગયાછે અને જ્યારે વંદીદાદવાળો 'વએકેરેત' ને લગતો કેરેસાસ્પને પરી વળગવાનો અથવા કોઇ સમાધીની બેભાન હાલતનો ઇશારો પીશીનની ખીનને લાગુ પડેછે અને વળી જ્યારે એ પીશીનની ખીનને બુનદેહેશ કાબુલસ્તાનમાં આલ્લી જણાવીછે અને હાલમાં પીશીનની ખીન આપણે જાણએ છીએ તેમ કાબુલની નજદીક છે ત્યારે 'વએકેરેત' નો મુલક તે કાબુલ છે એ વધારે સંભવીક દિસેછે. ગીતર કહેછે કે હાલમાં પણ પીશીનની ખીનમાં પરીઓની વાત જાએજ છે અને લોકો તે માનેછે. (Ritter's Geography of Asia, VIII. p. 60.)

[Avestan] = વએધયંઘ. ય. ૧૩–૧૦૯. એક પુરૂષનું નામ જેનાં છોકરા યા ઓલાદના 'નેમોવંઘુ' ની ફ્રવશીને યાદ કરીછે. સ્પીગલ અને હારલે એને એક જુદું નામ ગણતા નથી પણ બન્નેને એકજ શબ્દ લેઇ એકજ નામ ગણેછે કે "નેમોવંઘુ. વએધયંઘ."

[Avestan] = વએપય. ઈ. ૫૧–૧૨. એક દેવનું નામ જે ગુલામ બારગીની

ખુરી ખસલત ધરાવતો. યુસ્તી અને સ્પીગલ એ શબ્દને દેવના નામ તરીકે વિશેષનામ લેછે. મીલ અને હારલે "એક ગોલામ બારગી કરનાર" એવે અર્થે સામાન્યનામ લેછે.

𐬬𐬀𐬉𐬯𐬀𐬐𐬀 =વએસ્ક. ય. ૫—૫૪, ૫૭.

એક પુરૂષનું નામ. એનાં ખાનદાનના છોકરાએ "હુનવ વએસ્કય" તરીકે બોલાયલા છે. એ શાહનામાનો ویسه છે. આવાંયષ્ટપ્રમાણે એ 'વીસે' ખાનદાનનાં છોકરાઓએ દુઆ ગુજારી કે તેઓ તુસ પેહેલવાનને મારનાર થાય અને હજારો ઇરાનીઓને પણ મારનાર થાય. એઓની મોરાદ બર નહીં આવી. એથી ઉલટું તુસ પેહેલવાને જે દુઆ આહી કે તે વેસેનાં ખાનદાનનાં છોકરાઓને મારનાર થાએ તે બર આવી. આવાંયષ્ટની એ બાબદને લગતું બુનદેહેશમાંથી કાંઈ મળતું નથી પણ શાહનામું એ બાબદ ઉપર રોશની નાંખી એ બાબદનો ખોલાસો કરેછે. શાહનામાપ્રમાણે 'વીસે' તુરાની અફ્રાસ્યાબનો એક જાણીતો પેહલવાન હતો અને એનાં છોકરાઓ પણ પેહેલવાન તરીકે એ પાદશાહની સેવામાં હતા. તેઓમાં 'પીરાન' તો અફ્રાસ્યાબનો એક ડાહ્યો વજીર હતો. એ કેતાબ પ્રમાણે 'તુસ' અને વેસેનાં ખાનદાનવાળાએ વચ્ચે કજીઆનો ખાસ સબબ નીચે પ્રમાણે દિસેછે. ઇરાની પાદશાહ નોદર અને અફ્રાસ્યાબ વચ્ચેની ચાલુ લડાઈઓમાં 'વેસે' નો છોકરો બારમાન, કારન નામનાં ઈરાની સરદારને હાથે માર્યો ગયો હતો જે કારનનાં ભાઈ કોબાદને બારમાને એક આગલી લડાઇમાં માર્યો હતો. ત્યાર પછી જ્યારે પાદશાહ નોદર પોતે અફ્રાસ્યાબને હાથ કેદ પડ્યો ત્યારે અફ્રાસ્યાબે તેને વેસેનાં છોકરાનાં કીનામાં મારી નાખ્યો. નોદરને પકડાવી મંગાવી અફ્રાસ્યાબ પોકારી ઉઠ્યો કે (મોહલ વા. ૧ પા. ૪૨૨)

بر آشفت و گفتا که نوزر کجاست
کزو ویسه خواهد همی کینه خاست

એ પ્રમાણે જ્યારે વીસેનાં છોકરાનાં કીનામાં અફ્રાસ્યાબે નોદરને મારી નખાવ્યો ત્યારે નોદરનો છોકરો તુસ એ વેસેનાં ખાનદાન ઉપર કીનેવર થયો. એ અને એનો ભાઈ ગશતમ બન્ને જાબેજર આગળ જઈ પોકારવા લાગા કે (મોહલ વા. ૧ પા. ૪૨૬)

همه تیغ زهراب گون بر کشیم
بکین جستن و دشمنانرا کشیم

એઓ વચ્ચેના કીનાનો ત્યારે એ એક સબબ હતો. બીજો સબબ શાહનામા (વા. II પા. ૫૯૧ થી ૬૩૬) ઉપરથી એ માલમ પડેછે કે તુસે વેસેના પીરાનની છોકરીનાં છોકરા ફરૂદને મારી નાખ્યો હતો. એ બાબે વધુ વીગત માટે

જુઓ [Avestan]

એ 'વએસ્ક' (વીસે) ને બુનદેહેશમાં 'વીસક' કહ્યોછે. એ કેતાબ પ્રમાણે (બા. ૩૧-૧૬) એ વીસે અફ્રાસ્યાબનો કાકો થાય અને એને પોતે પીરાન હુમાન અને સાન નામનાં છોકરા હતા. એઓમાંથી પીરાન તો આપણે ઉપર કહ્યું તેમ અફ્રાસ્યાબનો વજીર હતો, હુમાન એનો સરદાર હતો, અને સાન તે કદાચ શાહનામાનો પીલસમ હોય. યુસ્તી એ વએશ્ક શબ્દને એક મુલકનું નામ ધારેછે પણ ઉપલા ખોલાસા ઉપરથી તે ભૂલ ભર્યું દિસેછે.

[Avestan] =વંઘજ.દાઓ. ય. ૧૯—૫૯.

એક સરોવરનું નામ. એને વોઉરૂકશ દર્યા સાથે સંબંધ હતો. કહેછે કે અફ્રાસ્યાબે ઇરાની મુલકોનું નુર મેળવવાની કોશેશ બીજી વાર કરી ત્યારે તે નીરાફલ થયો અને આએ સરોવર ઉત્પન્ન થયો. કોઈ નદીનો માર્ગ ફેરવવાની અફ્રાસ્યાબે કોશેશ કરી હોય અને તેથી એ સરોવર ઉત્પન્ન થયો હોય એવું દિસેછે.

નદીના માર્ગો એ પ્રમાણે ફેરવવાની અફ્રાસીઆબની કોશેશે માટે જુઓ 𐬟𐬭𐬀𐬢𐬭𐬀𐬯𐬌𐬌𐬀𐬥

𐬬𐬀𐬢𐬵𐬁𐬞𐬀𐬭𐬀 = વંઘાપર. વ. ૧૩-૨,૩. એક કુતરાની જાતછે એને સ્પેનામીનોની એક સારી પેદાયશ ગણીછે અને તે હોશન ગેહેના વખતથી સૂર્યોદય સુધી ભલી પેદાયશનું રક્ષણ કરેછે. વંદીદાદ પ્રમાણે એને સાધારણ લોકો ‘ દુઝક ’ ના નામથી ઓળખતા. એ ‘‘ઉશ્હીરીયંધુર’’ નામનો દેવ જેને સાધારણ રીતે ‘ઉશ્હીરીમ્યાક’ કહેતા તેનો ખાસ હરીફ હતો, કારણ વંદીદાદ (૧૩-૬) પ્રમાણે એ દેવનું જોર હોશન ગેહેથી તે સૂર્ય ઉગવાના વખત સુધી હતું કે જે વખત વંઘાપરની ખાસ ચોકીનો હતો.

𐬬𐬀𐬢𐬵𐬎-𐬀𐬭𐬱𐬌 વંધુ-અર્ષ. ય. ૧૩-૧૦૮. એ શબ્દ માટે જુઓ 𐬀𐬭𐬱𐬌 શબ્દ.

𐬬𐬀𐬢𐬵𐬎𐬌-𐬛𐬁𐬌𐬙𐬌𐬌𐬀 = વંધુ-દાઇત્ય. એક નદીનું નામ. જુઓ 𐬛𐬁𐬌𐬙𐬌𐬌𐬀

𐬬𐬀𐬢𐬵𐬎𐬜𐬁𐬙𐬀 = વંધુધાત. ય. ૧૩-૧૧૯. એક પુરૂષનું નામ. એ ફકરાના ‘‘વંધુધાત હે ખધાતહે’’ એ શબ્દોનો યુસ્તી, દાર્મેસ્ટેટે, મેહેરજીરાણા વાછા ‘‘ ખધાતનો વંધુધાત ’’ એમ અર્થ કરેછે, પણ સ્પીગલ ‘ખધાત’ ને વિશેષનામ લેવાને બદલે સામાન્યનામ લેઇ રાજા કરી અર્થ કરેછે કે ‘વંધુધાત રાજા.’ હારલે પણ એ શબ્દને વિશેષણ લેઈ અર્થ કરેછે. કે ‘‘ વંધુધાત કે જે પોતાના કાયદા પ્રમાણે ચાલેછે ’’ (qui suit sa propre loi). એ વંધુધાતના ‘ઉઝય’ નામનાં એક છોકરાને પણ આરાધ્યોછે.

𐬬𐬀𐬢𐬵𐬎𐬟𐬆𐬜𐬭𐬌 = વંધુફેધ્રિ. ય. ૧૩-૧૪૨. એક સ્ત્રીનું નામ. એ ઉક્ષયત્નેમંઘ (હોશેદરમાહ) ની મા એ થાય. બુનદેહેશ (પા. ૮૦-૭ બા. ૩૨-૮) કહેછે કે જરતોસ્ત ત્રણ ત્રણ મરતબે તેની બાયડી હવોવી આગળ ગયો ત્યારે તેનું બી જમીન ઉપર પડ્યું જે નર્યોસંગ યજદે ‘અનાહીત’ને તપાસી રાખવા સપુરદ કીધું. એક પુસ્તક નામે સદરે બુનદેહેશ પ્રમાણે કે આમતને વખતે કાંસુ દર્યામાં આએ વંધુફેધ્રિ નાહવા જશે ત્યારે પાણીનાં યજદ આવાંઅર્દવીસુરને સોંપેલાં બીજથી પાણીમાં અંગોળ કરતાં તેણી ગર્ભવંતી થશે અને હોશેદરમાહને જનમ આપશે. એ વંધુફેધ્રિ નામ પાછળથી ફારસીમાં વેહબદ થયુંછે. જુઓ દાર્મેસ્ટેટેની Etudes Iraniennes, p. 209. વજરકર્દદીની (પા. ૨૨) પણ બુનદેહેશને મળતી વાત કહેછે.

𐬬𐬀𐬰𐬁𐬯𐬞𐬀 = વજાસ્પ. ય. ૧૩-૧૦૨. જે નામોની વચમાં એ નામ આવ્યુંછે તે ઉપરથી એ નામ શાહ ગુસ્તાસ્પનાં કોઈ છોકરાનું ધારવામાં આવેછે. જુઓ 𐬞𐬀𐬭𐬱𐬀𐬙.𐬔𐬀𐬎 અને 𐬟𐬭𐬀𐬱𐬀𐬵𐬀𐬭𐬙𐬀 શબ્દો.

𐬬𐬀𐬥𐬛𐬀𐬭𐬆𐬨𐬀𐬌𐬥𐬌 = વંદરેમન્. ય. ૫-૧૧૬. એક પુરૂષનું નામ. એ વાક્યના ‘‘ વંદરેમઈનિશ્ અરેજતસ્પો ’’ એ શબ્દોના યુસ્તી, સ્પીગલ, હારલે વીગેરે અર્થ કરેછે કે ‘ વંદરેમનનો (છોકરો) અરજાસ્પ ’. પણ દાર્મેસ્ટેટે કહેછે તેમ એ અરજાસ્પનો ભાઈ હતો. અંહી જો કે જોડનારો ઉભયાન્વયી અવ્યય 𐬗𐬀 નથી અથવા નથી દ્વિવચનનું રૂપ, તે છતાં આપણે ‘ વંદરેમન અને અરજાસ્પ ’ એમ સાથે નામનો એક ઇમલો હોય તેમ લેવું જોઇએ. એવા બીજા દાખલાઓ દાર્મેસ્ટેટે આપેછે (Etudes Iraniennes, II. 229.). એ ‘ વંદરેમન ’ તે ત્યારે શાહનામાનો

اندرمان છે (દાર્મેસ્ટેટર اندریمان અંદરીમન આપેછે પણ મોહલ પ્રમાણે અને બીજી નકલ પ્રમાણે એ اندیرمان 'અનદીરમન' છે). અવસ્તા પ્રમાણે એ "વંદરેમન અને અરજાસ્પ" બન્ને સાથે "ગુસ્તાસ્પ અને ઝરીર" ભાઈઓને મારવાને દુઆ ગુજારેછે. એ ઉપરથી દિસેછે કે એ બે ભાઈઓને મારવાને ઇછનાર જોડકાં નામો વદરેમન અને અરજાસ્પ કોઈ અતલગનો સંબંધ ધરાવતાં હોવાં જોઈએ. શાહનામા ઉપરથી દિસેછે કે એઓ બન્ને ભાઈઓ હતા. જ્યારે અરજાસ્પે ગુસ્તાસ્પની ઉપર લખેલાં નામાનો જવાબ તેને મળેછે ત્યારે તે લડાઇની તૈયારી કરેછે, તે બાબેનાં વર્ણનમાં ફીરદોસી લખેછે કે 'અનદીરમાન' એ અરજાસ્પનો ભાઈ હતો (મોહલ વા. ૪ પા. ૩૮૨).

برادر بود اورا دو آهرمنان

کی کهرم و دیگر اندرمان

અનદીરમાન અને કેહેરમ એ બન્ને ભાઈઓને અરજાસ્પે ત્રણ લાખ આદમીનાં લશ્કરની સરદારી આપી. જેમ એ અંદીરમાને પોતાના ભાઈ અરજાસ્પ સાથે ગુસ્તાસ્પ અને ઝરીર સામેની લડાઈમાં આગેવાન ભાગ લીધો હતો તેમ એ લડાઇની સેવટે પોતાના ભાઈ અરજાસ્પની સાથેજ અસફદીઆરને હાથે તે માર્યો જાયછે. એને અને એનાં ભાઈ કહેરમને અસફદીઆર ફાંસી દેવાડેછે. એ વિષેની ફીરદોસીની લીટીઓ નીચે પ્રમાણે છે (મોહલ વા. ૪ પા. ૫૫૦).

بزد هر دو را دو دار بلند

فرو بشت بر دار پیچان کمند

سر اندر نمان گونسار کرد

برادرش را بر دیگر دار کرد

[illegible] = વધઘન. વં. ૧૯-૬. એક ખુરા પુરૂષનું નામ. અહારેમન જરતોશ્તને ખરાબ માર્ગે ચલાવવાને સમજાવતાં એ ધણીનો દાખલો આપેછે કે જો તું માજદયસ્નાન ધર્મ છોડી દેશે તો 'વધઘન'ની માફક હું તુંને ફાયદો પોહચાડીશ. આપણાં આગલા ગુજરાતી તરજુમો કરનારાઓ એ 'વધઘન' તે જુહાક સમજતા. એ ઉપરથી ડા○ દાર્મેસ્ટેટર જે એ શબ્દનો અર્થ 'ખુની' કરી કરેછે તે અને સ્પીગલ પણ એ જુહાકને મારેનો શબ્દ ગણેછે. એરવદ તેહેમુરસવાળા પેહેલવી જરથોશ્તનામામાં પણ એનું નામ આવેછે. ત્યાં જણાવવા પ્રમાણે જ્યારે કાઊસે સરીત નામનાં પોતાના એક પેહેલવાનને 'હએરે પરીકાન' નામનાં પરીઓનાં નકાનો તોડી પાડવા નાકલ્યો, ત્યારે સરીતએ એક ગાયને પકડી મુક્કી મારી તાગીને ત્રણ જગ્યાએથી ભાંજી નાખી, તેથી તાગી બરાડવા લાગી. એ ગાયે પોતાને નહીં મારવાનુ કારણ સરીતને જણાવતાં કહ્યું કે જો તુ મને મારશે તો 'વધઘન'ની માફક તારૂં નામ બદી સાથે રહી જશે અને તારૂ રવાન વધઘનની માફક દુ:ખ ભોગવશે". એ ઉપરથી દિસેછે કે એ 'વધઘન' નામનો ખુરે. શખસ કાઊસના ગાલ્યની આગમચ થઇ ગયો હતો અને તેણે કોઈ નામીચી ગાયને મારી હતી હવે એ વધઘન જો જોહાક હોય તો તેણે એક ગાયને મારવાનો ઊપલો ઇસારો જોહાકની બાબદનાં ઇસારાને મળતો છે કે તેણે ફરેદુનને દુધ પાઈ ઊધારનાર નામીચી ગાય 'પુરમાએ'ને શાહાનામા પ્રમાણે મારી નાખી હતી (મોહલ વા. ૧ પા. ૮૦).

[illegible] = વધુત. ય. ૧૩-૧૪૧. એક કન્યાનું નામ.

[illegible] = વનન્ત. ય. ૨૦-૧... એ

તીશત્રીયનો સાથી છે. જેમ તીરયજદ એક યજદ તેમ સેતારાનું પણ નામ છે તેમ વનંત એક સેતારાનું તેમજ એક યજદનું પણ નામ છે. બુનદેહેશ (બા. ૨-૭) માં એને (ઉન્હાળાની સેવટે) દક્ષિણનો સેતારો ગણેલોછે. તે ઉપરથી અને તીશત્રયનાં વર્ણન વીગેરે ઉપરથી ડા૦ ઉવેસ્ત એને Formalhaut ધારેછે. મીનોખેરદ પ્રમાણે એ અલબુર્જ પર્વતનાં માર્ગપર નેગાહ રાખેછે કે દેવ દરૂજો સૂર્ય, ચંદ્ર વીગેરે આકાશી ગોળાઓનાં માર્ગમાં અડચણ ન કરે. એક યજદ તરીકે એને વરસાદની ઉપરનાં મવક્કલ તીશત્રય સાથ સંબંધ એ દિસેછે કે તેનું કામ વરસાદને પાંથરી નાખવાનું છે.

𐬬𐬀𐬥𐬁𐬭𐬀=વનાર. ય. ૧૩-૧૦૧. એક પુરૂષનું નામ. જે નામોની વચ્ચે એ નામ આવ્યુંછે તે ઉપરથી એ લોહરાસ્પનો એક છોકરો અને ગુસ્તાસ્પનો ભાઈ દિસેછે કારણ માટે જુઓ [illegible]

[illegible]

𐬬𐬀𐬟𐬭𐬀-𐬥𐬀𐬬𐬁𐬰𐬀 = વફ્ર-નવાજ. ય. ૫-૬૧; ૨૩-૮. એ શખશ કોણ હતો અને એની વાર્તા શું બાબદનો ઈશારો છે તે ચોકસ માલમ પડતું નથી. સ્પી ॥-માન જરતોશ્તની આફ્રીનમાં એની ઉપમાથી જે દુઆ ચહાવામાં આવેછે તે ઉપરથી દિસેછે કે તેણે એક વખત મોટી મુશકેલી વચ્ચે રંગા નદી પસાર કરી હતી. આવાંયષ્ટ પ્રમાણે એને "અસ્પેત આનએ" (ફરેદુને) પક્ષીનાં રૂપમાં ઉરાડી મુકયો હતો તે ઉંચે ઉડેલો ત્રીજી બામદાદે નીચે આવી પોહચ્યોહતો, જેમ કરવામાં તેણે અરદવીસુરની મદદ માંગી હતી. એરવદ તેહેમુલજી 'વફ્ર'ને બરફને અર્થે લેઈ એ વાતને વાતાવરણમાં ચાલતાં બાફીકરણની ક્રિયા જેથી બરફ વીગેરે બનેછે તેનો કોઈ ઇશારો લેછે અને તેમ લેતાં 'અસ્પેતઆન' ને ગ્રીક Triton અને વેદીક ત્રૈતન સાથ સરખાવી તેને પાણી ઉપરનો મવક્કલ કોઇ યજદ લેછે જે બરફ ઉત્પન્ન કરવામાં ભાગ લેછે. દાર્મેસ્ટેટ એને શાહનામામાં આવેલી એક બાબદનો આડકતરો ઈશારો લેછે. ત્યાં જણાવવા પ્રમાણે ફેરેદુન જ્યારે જુહાક સામે બાબીલોન તરફ આવતો ત્યારે માર્ગમાં એક ફરેસ્તાએ તેની મુલાકાત લીધી હતી અને તેને કેટલીક નીરંગો શીખવી હતી. એવી કોઇ એજમતી નીરંગથી ઉત્પન્ન કરેલાં કોઇ કામનો એ ઇશારો હોય. હારલે કહેછે કે એ ફકરાનાં "તામ યજત. પોઉર્વો. યો. વફ્રોનવાઝો" એ ભાગમાં પોઉર્વો કદાચ વિશેષનામ હોય અને વફ્રોનવાઝો વિશેષણ હોય અને તેનો અર્થ Vainqueur de la neige એટલે "બર્ફ ઉપર ગાલેબ આવનાર" થાય. ઉવેસ્તરગાર્ડ એ વાતને બરફ પડવાનાં કોઈ કુદરતી બનાવનો ઈશારો લેછે. સ્પીગલ એ 'વફ્રોનવાઝ' કોઈ પેહલવાનનું નામ લેછે જે રંગા નદી ઉપર મુસાફરી કરવા ગયો હોય અને જેને પાછો ફરવાનો રસ્તો નહી મળ્યો હોય. આવાંયષ્ટ અને બીજી યષ્ટમાં જે દુઆ ગુજારવામાં આવેછે તેથી એ "વફ્રોનવાઝ" ની દુઆ જુદીજ તરેહની છે. તે કોઈની વીરૂધ દુઆ માંગતો નથી. તેને અસ્પેતઆનએ ઉપર ઊરાડ્યો હતો પણ અહીં એ કાંઇ ફરેદુનની વીરૂધ દુઆ માગતો નથી. વળી એ પોતે કોઈ ભલો આદમી હોવો જોઇએ કારણ એની દુઆ બર આવીછે. એ ઉપરથી દિસેછે કે એ અને એને ઉરાડનાર અસ્પેતઆન કાંઇ એકમેકની વીરૂધ નહીં હતા. હવે એ વાતની જગ્યા રંગા નદી છે. એ સઘળાં ઉપરથી મને દિસેછે કે એ વફ્રોનવાઝ કોઈ અસ્પેતઆનનોજ સરદાર હોય અને તેને અસ્પેતઆનએ (ફરેદુને) કોઈ કારણ સારૂ રંગા નદી જે ઝકઝારટીસ નદી છે

તેનાં પહાડી મુળ જે 'થીઆનશાન' ના પાહાડોમાં છે અને જે પહાડો બરફ પડવાની જાથુકની લીતી (snow line) થી ઉંચે છે ત્યાં મોકલ્યો હોય. પહાડોની ઉંચાઇએ જાવું તે અંહી જાણે પક્ષીરૂપે આકાશમાં જવા બરાબર ગણ્યુંછે. ત્યાં એ નદીના મૂલવાળા પહાડની કોઇ બરફવાલી નદી (glacier) માં એ રસ્તો ભુલી ગુમ થયો હોય ત્યાં એણે પાછો જમીન ઉપર એટલે પહાડની ઉંચાણથી નીચે આવવાની અર્દવીસુરપાસે દુઆ આહી હોય અને તે બર આવ્યાથી ત્રણ દહાડે પોતાનો રસ્તો સોધી કાહાડી નીચે ઉતર્યો હોય.

= વક્રયાઓ. ય. ૧૯-૫. એક પહાડનું નામ, એ બુનદેહેશનો (પા. ૨૩-૧૮ બા. ૧૨-૨૨) વફ્રહુમંદ (અર્થ પ્રમાણે બરફવાલો) પહાડ છે. બુનદેહેશમાં એ પહાડ અને સીઆકહોમંદ (કાળો પહાડ) માટે કહેછે કે તેઓ અપારસેન પર્વતની હારનાં પહાડો છે અને તેઓ કાબુલની સરહદ સુધી છે અને તેઓ ચીનતરફ વધેછે. એઓનાં વક્રયાઓ અથવા વફ્રહોમંદ (એટલે બરફવાળા અથવા સફેદ) નામ ઉપરથી અને બુનદેહેશે એઓમાટે કહેલી જગ્યા ઉપરથી એ પહાડ હાલનો આફગાનીસ્તાનનો "કુહેસફીદ" દિસેછે.

=વય
=(વયુ) } વં. ૫-૯; ૧૯-૧૩, ૧૯.

પેહેલવી . પવન ઉપરની યજદી શક્તી. એ સંસ્કૃત પુસ્તકોનાં 'વાયુ' ને મળતો છે. પેહેલવી પુસ્તકોનાં પવનને અને તે ઉપરની શક્તીઓને બે જાતની ગણીછે. એક 'વાએ વહે' એટલે સારો પવન અને બીજો 'વાએ બદ' એટલે ખરાબ પવન. જે 'વય' ને 'ઉપરોકઇર્ય' એટલે ઉપર કામ કરનારો ગણ્યો છે તે વાતાવરણનાં ઉંચા ભાગમાંની હવા છે જે સ્વચ્છ અને વધારે સારી હોયછે. છેક નીચેની હવા ગંધીલી હોવાથી તેને બદ ગણીછે. જેમ પવન સારો, તનદોરસ્તી આપનાર અને થંડી લેહકી તરીકે ફુકનાર હોયછે તેમજ તે ખરાબ, નુકશાન કરનાર, અને તોફાની હોયછે. તેમજ એઓ ઉપરની મવકલ શક્તિ સારી યા બુરી છે. આતશનાં બળતાંનાં ધુમાડામાં અને પાણીમાં ગુંગળાઇને માણસ મરી જાયછે તે એ 'વાએ બદ' એટલે ખરાબ પવનને લીધેછે. હાલની વિદ્યાનાં શબ્દોમાં બોલીએ તો એવી વખતે શરીરમાંથી જે ઝેરી હવા (વાએબદ) બાહેર નીકળેછે તેને (oxydise) કરવા પુરતી સ્વચ્છ હવા (વાએ વેહ) મળતી નથી તેથી પાણીમાં ડુબતાં અથવા આતશનાં ધુમાડામાં ગુંગળાતાં માણસ મરણ પામેછે.

= વર-અસબન. ય. ૫-૭૩. પોઉરૂધાક્ષિતનાં અશવઝદ એ અર્દવીસુરની સેતાએશ કરી એ શાખસને મારી નાંખવા ઇચ્છયું હતું અને તેની મોરાદ બર આવી હતી. જુઓ

= વરકસાન. ય. ૧૩-૧૧૩. એક પુરૂષનું નામ જે વોહુરઓ ચંધનો વડવો થાય.

= વરસ.
= વરેસ. } વીસ્પરદ.

૧૦-૨. એક સુદ્ધ સફેદ ગોધાની પુછડીનો બાલ જે ઇજશને વંદીદાદ વીગેરે ક્રિયામાં વાપડવામાં આવેછે. જે સફેદ ગોધાનાં બાલ વપડાયછે તેને એ ઉપરથી "વરસીઓ" કહેછે. એક વરસીઓ મરણ પામે તો તેની પુછડીમાંથી લીધેલા બાલ રદ કરી નવા તૈયાર કરે

લા વરસીઆનાં વપડાયછે. એ બાલ એક ધાતુની વીટીસાથે બાંધવામાં આવે છે જેને વરસની વીટી કહેછે. તે ઓદાતાલાનાં ૧૦૧ નામ દસવખત ભણતાં સ્વચ્છ પાણીમાં બોરીને પાક કરવામાં આવેછે.

[Avestan] = વરાજ. ય. ૧૩-૯૬, ૧૦૧. એક પુરૂષનું નામ. ફકરા ૧૦૧ માં જે નામોની વચ્ચે એ નામ આવેછે તે ઉપરથી એ લોહરાસ્પનો એક છોકરો, અને ગુસ્તાસ્પનો ભાઈ દિસેછે. કારણ માટે જુઓ [Avestan] શબ્દ.

સ્પીગલ એ નામ [Avestan] આપેછે.

એજ શબ્દ 'ઇરિવતો વરાઝહે' એમ ફ્રા. ૯૬ માં આવેછે ત્યાં 'વરાઝનો ઇરવત' એમ પુરતી, દાર્મસ્ટેટે, મેહેરજીરાણા વાછા તરજુમો કરેછે અને ઇરવતને એનો છોકરો યા ખાનદાની લેછે; પણ સ્પીગલ એ શબ્દનો "મજબુત ડુક્કર" એમ અર્થ કરેછે. હારલે ત્યાં એ શબ્દને 'વરાહ' વાંચી 'Varâha le fort' એટલે જોરાવર વરાહ એમ અર્થ કરેછે.

[Avestan] = વરેદત-ખરેનંઘ. ય. ૧૩-૧૨૮. એક પુરૂષનું નામ છે. એ દાદસ્તાનેદીની (પા. ૯૭ક-૧૮ બા. ૩૬-૪, ૫) નો [Avestan] વારદદ ગદમન છે. રસ્તાખેજનાં છેલ્લાં ૫૭ વર્ષોમાં જે સાત અમ્મર પુરૂષો એ રસ્તાખેજ ઉત્પન્ન કરવામાં ભાગ લેશે તેમાંનો એ એક છે. એ સાતે જનના નામો ફરવરદીનયષ્ટમાં સાથે આપ્યાંછે. દાદસ્તાંનેદીની કહેછે કે એ સાતે જનો જુદા જુદા સાતે કેશ્વરોમાં કામ કરશે તેમાં આએ વરેદતખરેનંઘ (વારદદ ગદમન) [Avestan] (વીદદાફશ) કેશ્વરમાં કામ કરશે. એનાં પેહેલવી લખાણ માટે જુઓ [Avestan]

[Avestan]

[Avestan] = વરેધક. ય. ૯-૩૧; ૧૭-૫૧. એક ટોળાનું નામ. "વરેધક અને ખ્યોન્ય" એ બે કોઈ ટોળા હતા. તુરકી અરજાસ્પ એ પાછલા ટોળાનો હતો. એ એક બુરો ટોળો હતો. એ ટોળાવાળાનાં મુલકમાં સારા કાયદા કાનુનો દાખલ કરવાની ગુસ્તાસ્પ દુઆ ગુજારેછે. દાર્મસ્ટેટે એ ટોળાને રોમનોએ નામ દીધેલો Vertæ ટોળો ધારે છે. હારલે એ બન્નેને તારતરીનાં મુલકનો કોઈ ટોળો ધારેછે.

[Avestan] = વરેન. ય. ૫-૩૩; ૯-૧૩; ૧૫-૨૩. વં. ૧-૧૮. એક શેહેર જેની જગ્યા મુકરર કરવું મુશકેલ જણાયછે. ખુદ પેહેલવી સરેહ કરનારાઓ ચોક્કસ દિસતા નથી. એની સરેહમાં કહેછે (સ્પીગલ વંદીદાદ પા. ૮) [Avestan]

[Avestan]

એટલે "એ પદશાવરગરની ટોંચ છે જેને કીરમાન કહેછે. તેને ચાર ખુનાં (ગોશે) એટલે રસ્તા ચાર (છે)." અનજુમન આરાનો કર્તા એને 'વરામીન' ધારતો જણાયછે અને કહેછે કે ફરરોખ ફરેદુને એરચને માટે એ શેહેર બનાવ્યું હતું. તે કહેછે કે એ શેહેરની હજુર કાંઈ નીશાની બાકી છે તેમાં એક ચાર ખુનાનો કીલ્લો છે. સ્પીગલ કહેછે કે લાસન એને એક ચીનાઈ લખનારે વર્ણન કરેલાં ફાલુનુ (Faiunu) સાથ સરખાવેછે. રોથ તેને ઈરાનનાં મુલકની દક્ષિણ પૂર્વે ધારેછે. વંદીદાદ પ્રમાણે એ ફરેદુનનું જન્મ શેહેર હતું. અવસ્તા પ્રમાણે એ મુલક આગળ ફરેદુને જોહાકને પકડયો હતો. ફીરદો-

સી પ્રમાણે એ પકડવાની જગ્યા અલબુર્જ પર્વતનો દેમાવંદ કુહ હતો ત્યારે એ વરેન અલબુર્જની કોરે નજદીકમાં હોય. વળી યશ્ત પ્રમાણે એ દેવોનું રેહેઠાણ હતું અને એનું નામ માજીનદરાનની સાથે આવેછે તેથી એ માજીનદરાનની નજદીક હોવું જોઇએ. અલબુર્જની નજદીક માજીનદરાનની પડોસમાં નજર કરતાં હાલનું ગીલાન તે 'વરેન' દિસેછે. 'વરેન' નું 'ગીલાન' રૂપ કાયદા પ્રમાણેની તબદીલથી થયલું દિસેછે. ડા. હાઉગ કહેછે કે ગેલાનનાં લોકો આજે પણ જેમ વંદીદાદ વીગરેમાં 'વરેન' માટે કહેછે તેમ પોતાની ખરાબ ચાલ માટે જણાયલાં છે. હવે એ ગીલાન તેજ વરેન છે, તેને બુનદેહેશથી ટેકો મળેછે. વંદીદાદની પેહેલવી સરેહમાં એને 'પદશ વરગર' ના પહાડ આગળ વાર્યુંછે. હવે એ પહાડ વિષે બોલતાં બુનદેહેશ કહેછે કે (પા. ૨૩-૧૦ બા. ૧૨-૧૭) [illegible]

[illegible]

એટલે "પદશખ્વારગર પહાડ તબરીસ્તાનમાં છે અને ગીલાનની બાજુએ (કોસ્તે) છે."

[illegible]=વરેસ્મપ. ય. ૧૩-૧૧૫. એ પુરૂષનું નામ. એ ફકરામાં "વરેસ્મપજનરહે" શબ્દો આવેછે તેમાં ધુસ્તી, દાર્મસ્ટેટે મેહેરજી રાણાવાળા 'જનરનો વરેસ્મપ' એમ અર્થ કરેછે પણ સ્પીગલ એને એમ લઈ જનરનાં ખાનદાનનો લેવાને બદલે બન્ને શબ્દ જોડી એક નામ 'વરેસ્મપ જનર' કરી ગણેછે. હારલે જનરને સામાન્યનામ લેઇ "માણસોને મારનાર" એમ અર્થ કરેછે. પણ હારલે પ્રમાણે જો જનરને એનાં વડવાનું નામ નહી લઈએ અને એ કહેછે તેમ અર્થ કર્યે તો 'વરેસ્મપ' માણસોને મારી નાખનાર તરીકે બુરો ગણાય અને તેથી એની ફ્રવશીને શું કામ યાદ કરે!

[illegible] = વરેસ્મોરઓચંઘ. ય. ૧૩-૯૭, ૧૨૬. એ નામના બે શખ્સો હતા. ૧) એક જેને "વરેસ્મો રઓચયહ ક્રાન્યહે" એટલે 'ક્રાન્ય' નો કહ્યોછે (ફ. ૯૭). ૨) બીજો જેને "વરેસ્મો રઓચાઓ પરેથુ અફ્રશ્મો" કહ્યોછે (ફ ૧૨૬) જેનો અર્થ ધુસ્તી દાર્મસ્ટેટે પેરેથુ 'અફ્રશ્મનનો વરેસ્મો રઓચંઘ' એમ કરેછે. પણ સ્પીગલ અને હારલે એ 'પેરેથ અફ્રશ્મોને વિશેષનામ લેઈ એને 'વરેસ્મો રઓચંઘ' નો કોઈ વડવો ગણવાને બદલે વિશેષણ લેછે. એમ લેઈ સ્પીગલ અર્થ કરેછે કે mit weiten Massen એમ જે 'પોહળા કદ (અથવા માપ) વાળાના' અને હારલે પણ એજ પ્રમાણે અર્થ કરેછે કે 'aux larges mesures'.

[illegible] = વરેપવ. ય. ૧૩-૯૧. એ ધણી કોણ હતા તે માલમ પડતું નથી. જમ્યાદયશ્ત પ્રમાણે એને મારવાનું કામ એ કેરેસાસ્પનું એક પરાક્રમ ગણાયુ હતું. કેરેસાસ્પને લગતી પેહેલવી રેવાયતમાં એ પરાક્રમનું વર્ણન આવતું નથી પણ એનુ એક પરાક્રમ જે એને લગતી ફારસી રેવાયતમાં આપેલું છે અને જે ડા૦ ઉવેસ્તે (પેહલવી તેક્ષ્ટ II પા. ૩૭૮ માં) આપ્યુંછે તેને આધારે દાર્મસ્ટેટે એ વરેપવને બુનદેહેશ (બા. ૧૯—૩૦. પા. ૩૨-૧૯) ના [illegible] સાથ સરખાવેછે. બુનદેહેશપ્રમાણે એ 'વારેશ' એક [illegible] 'શુએ શકરે' એટલે શકરો અથવા બાજ જાતનું પક્ષી અથવા ડા. ઉવેસ્ટ તરજુમો કરેછે તેમ ફાડી ખાનારૂં પક્ષી હતું જે હારેમનને બાગે ચાલી ઘણાં પક્ષીઓનો નાશ કરતું. હવે કેરેસાસ્પને લગતી ફારસી રેવાયતમાં તેને લગતું પરાક્રમ એ જાહેર કરેછે કે

તેણે 'કમક' નામનાં એક ગંજાવર પક્ષીને રાત અને દહાડો સાત દીવસ સુધી તીરો ફેંકી મારી નાખ્યું. એ પક્ષી એવું તો ગંજાવર હતું કે જો તે હવામાં ઉડતું તો તે પોતાની પાંખોથી જમીનને ધાંકી નાખતું અને તેથી વરસાદ જમીન પર આવતો અટકી જતો જેથી નદી નાળાંઓ પાણી વગર સુકાઈ જતાં. તે માણસો અને જાનવરોને જાણે અનાજનાં દાનાઓ વીની ખાતું હોય તેમ ખાઈ જતું. હવે ફક્ત ફારસી રેવાયતજ કેરેસાસ્પનાં એ પરાક્રમ વિષે બોલેછે એમ નથી પણ પેહેલવી મીનોખેરદ પણ એ પરાક્રમનું નામ દેછે. એ કેતાબ (બા. ૨૭—૫૦) માં કેરેસાસ્પથી દુન્યાને શું શું ફાયદાઓ થયા તે વર્ણવતાં એ 'કમક પક્ષી' ને મારવાનું કામ પણ ગણ્યુંછે. એપ્રમાણે ત્યારે, જ્યારે પેહેલવી મીનોખેરદ અને ફારસી રેવાયત કેરેસાસ્પનાં એક પરાક્રમ તરીકે એક જીઆનગાર પક્ષીને મારવાની વાત જણાવેછે અને જ્યારે પેહેલવી બુનદેહેશપ્રમાણે એક એવું જીઆનગાર પક્ષી વારેશ નામનું હતું અને જ્યારે જમ્યાદયષ્ટ કેરેસાસ્પનાં એક પરાક્રમ તરીકે 'વરેષવ' ને મારવાનું કામ જણાવેછે ત્યારે દિસેછે કે એ 'વરેષવ' તે બુનદેહેશવાળું જીઆનગાર પક્ષી 'વારેશ' છે જે કમકને નામે પણ જણાયલું હતું. હવે એ શબ્દ સાથ 'દાનયન' કરી શબ્દ આવેછે તેનો ઘણાં તરજુમો કરનારા 'દાન' નો છોકરો એમ અર્થ કરેછે પણ એમ લેવાની કાંઈ અગત નથી. એનો અર્થ ફક્ત 'દાનયને લગતું' એમ થાયછે. એ તેનાં મુલકને લગતો શબ્દ હોય. કદાચ એ આવાં યષ્ટવાળા 'દાનુ' તાયફાવાળાઓ જેઓ ઈરાનીઓનાં દુશમન હતા તેઓને લગતા મુલકનું પક્ષી હોય !

[illegible] = વરેઠન. ય. ૧૩-૧૦૪. એક પુરૂષનું નામ. એ જામાસ્પ જે ગુસ્તાસ્પનો વજીર હતો તેનાં બેટા હંઘઉરૂશનો છોકરો હતો. એ બાપ, બપાવા અને દીકરા અને જામાસ્પનાં ભાઈ ફરીશ્વ અને તેનાં દીકરાઓના નામો બધાં સાથે યાદ કર્યાં છે. શાહનામામાં જામાસ્પનાં એ છોકરા યા નબીરાના નામ માલમ પડતાં નથી ત્યાં તો જામાસ્પનો 'ગેરામી' નામનો એક છોકરો જણાવેછે જે અરજાસ્પની લડાઈમાં માર્યો જાએ છે, પણ તે પોતા પાછળ શું ફરજંદ મુકી ગયો હતો તે જણાવ્યું નથી. અવસ્તાનું એ 'વરેઠન હંઘ ઉરૂષન' નામ આફ્રીને ગ્નીથવનમાં 'વરેઠન હંઘ ઉરૂષાન' કરી મળેછે. ત્યાં એનાં ફરોહરને અહુરમજદની સેતાયશ કરનારા અને ગાથા ભણનારાઓ સાથે યાદ કર્યું છે. તે ઉપરથી દિસે છે કે એણે પોતાના બાપ બપાવા સાથે પએગમબરની દીન કબુલ કરી હશે. એ આફ્રીનનો તરજુમો કરતાં મરહુમ અસંદીઆરજીએ એ અંજાણ્યાં દેખાતાં નામને વિશેષને બદલે સામાન્ય નામ ગણી તરજુમો કીધો છે કે "પરહેજગારો." એ પએગમબર જરથોસ્તે દીન જાહેર કીધા પછી ૬૦ યા ૭૦ વર્ષ ઉપર થઈ ગયલો હોવો જોઈએ કારણ એ. તેહેમુરસવાળાં પેહેલવી જરથોસ્તનામામાં એના બાપને દીન જાહેર થવા પછી ૭૩ મે વર્ષે ગુજરી ગયલો જણાવ્યો છે.

[illegible] = વર્શ્નિ ય. ૧૩-૧૧૫. એક પુરૂષનું નામ. એ ફકરામાં "વર્શ્નોહિશ વાગેરેઝહે" શબ્દો આવેછે તેનો અર્થ યુસ્તી, દાર્મસ્ટેટ, મેહેરજીરાણા વાછા વાગેરેઝનો વર્શ્નિ એમ કરેછે પણ સ્પીગલ અને હારલે 'વાગેરેઝ' ને એના વડવાનાં છુટાં નામને બદલે એ બન્ને શબ્દને સાથે લેઈ એ એકજ શખસ 'વર્શ્નિ વાગેરેઝ' નું નામ લેછે.

[illegible] = વસ્ન. ય. ૧૯-૩. એક પહાડનું નામ. એનાં નામસાથે જે સંખ્યા

જણાવીછે તે ઉપરથી દિસેછે કે એને આઠ ટાંચો હતી.

[illegible] = હ. ૫૩...ઇજિરા-

તેનો ૫૩ મો હા જે તેનાં પહેલા શબ્દ ઉપરથી 'વહિશ્તો ઇશ્તિ' ગાથાના નામથી જણાયલોછે. જરતોશ્તનાં પાંચ ગાથામાં એ પાંચમો ગાથા છે. એ ગાથાની અંદર અસલી ઇરાનીઓની લગનની ક્રિયાના કોઇક રેવાજોના ઇશારા છે. પએગમબર જરતોશ્તની એક છોકરીનાં લગનનાં એહી ઇશારા છે.

[illegible] = વસ્રહ્મએદાત. ય. ૧૩-૧૧૫. એક પુરૂષનું નામ. એ ફકરામાં આવેલા "દવસ્રએ દાતહે માંથ્રવાકહે" નો બધા તરજુમો કર્તાઓ અર્થ કરેછે કે "માંથ્રવાકનો (છોકરો યા ખાનદાની) વસ્રએદાત". પણ હારલે એ 'માંથ્રવાક' ને એના બાપ યા વડવાનું વિશેષનામ લેવાને બદલે એ શબ્દને 'વસ્રએદાત' નું વિશેષણ લેઇ અર્થ કરેછે કે le promulgateur de la loi એટલે "દીન અથવા કાયદાનો ફેલાવો કરનાર" (છુટા અર્થ પ્રમાણે માંથ્ર ભણનાર).

[illegible] = વાઇતિગએસ. ય. ૧૯-૨. એક પહાડનું નામ. એ બુનદેહેશ (પા. ૨૩-૧૨. બા. ૧૨-૧૯) નો [illegible] વાતગેસ પહાડ છે. ફારસી પુસ્તકોમાં એને 'બાદગેશ' કહેછે. એ હેરાતનાં મુલકની નજદીકમાં આવેલા હાલનાં 'બાદગીશ' નાં મુલકનો પહાડ છે જેને વિષે અફગાન સરહદની છેલી ગડબડ વખતે ઘણું સંભળાયું હતું. હાલના મુસાફરો કહેછે કે એ મુલક ઘણો ફલદ્રુપ છે. હેરાતને 'મધ્યએશીઆનો બાગ અને અનાજની વખાર' (Garden and Granary of Central Asia) કહેછે. તે તેની નજદીકમાં આવેલા એ બાદગીશનાં ફલવંત મુલકને લીધે છે. બુનદેહેશમાં એને 'લાકડાં અને ઝાડપાનથી ભરપુર' [illegible] એજ કારણે કહ્યોછે. 'પાંજદેહ'નો મુલક એ બાદગીશનાં ફલદ્રુપ પ્રાંતમાં આવેલોછે.

[illegible] = વાએધ્રક. ય. ૧૯-૪. એક પહાડનું નામ.

[illegible] = વાગેરેજ.. ય. ૧૩-૧૧૫. એક પુરૂષનું નામ. એ ફકરામાં "વર્ષનો ઇશ વાગેરેઝ" એમ શબ્દો આવેછે તેનો અર્થ યુસ્તી, દારમેસ્ટેટેર મેહેરજીરાણા વાછા 'વાગેરેઝ' નો વર્ષિન એમ લેછે પણ સ્પીગલ અને હારલે એ બન્ને શબ્દો જુદા લેઇ 'વાગેરેઝ'ને 'વર્ષિનનો' વડવો ગણવાને બદલે એ બન્ને શબ્દોને સાથે લેઇ એકજ શખ્સ વર્ષિન વાગેરેઝનું નામ લેછે.

[illegible] = વાજિશ્ત. હ. હા ૧૭-૧૧. ધાતુ પ્રમાણે એનો અર્થ "સેતાબ જનાર" છે. બુનદેહેશ (બા. ૧૭-૧) અને જાદસ્પરમ (બા. ૧૧-૫) પ્રમાણે એ વીજલીક શક્તિ છે. એ કેતાબો પ્રમાણે એ વાદળામાંનો આતશ છે. હવામાંની જુદી જુદી જાતની વિજળીઓ સામાસામી આવેલાં વાદળાંઓમાં ખેંચાઇ રહેછે તે ઉપરથી એને "વાદળાંઓનો આતશ" શું કારણસર કહ્યોછે તે સમજ પડેછે. જાદસ્પરમ કહેછે કે એનું કામ હવાનો અંધકાર દુર કરી તેને સારી અને ખુશ કરવાનું છે. એ હાલની વિદ્યાએ સિદ્ધ કરેલા વિચારને તદન અનુસરતો વિચાર છે. "સિદ્ધપદાર્થવિજ્ઞાન" આપણને શીખવેછે કે હવામાં વિજલીનાં તોફાનો થયા પછી એટલે હવામાં ઘણી વિજલી પડયા પછી હવા સુધરેછે અને ખુશ થાયછે. વિજળી પડયાથી હવામાંની "ઓકસીજન"

નામની એક ગેસ ('હવા') ખીચોખીચ રૂપમાં સંકોચાયછે જે રૂપને "ઓઝોન ગેસ" કહેછે. એ "ઓઝોન ગેસ" ની ખુબી એ છે કે તે કોહોવાત ખરાબ વાસ વિગેરે દુર કરનારી એક ગેસ છે. એ ગેસ ઓકસીજનગેસનું એક ખીચોખીચ રૂપ હોવાને લીધે કોહી અને સરી જતા પદાર્થોના મુલતત્વો એમાંની "ઓકસીજન" સાથે મળી જઇ નિર્દોષ મિશ્રિત પદાર્થો ઉત્પન્ન કરેછે. એ કારણને લીધે ત્યારે જ્યારે હવામાં વિજળી પડેછે ત્યારે ઓઝોન નામની ગેસ ઉત્પન્ન થયાથી હવા સાફ અને ખુશ થાયછે. વળી એ આતરાને વાસ્તે કહેછે કે તે કરાંને હીલચાલ આપેછે. એ પણ કુદરતમાં બનતા બનાવનાં ઇશારા છે. કેટલાક વિદ્વાનો કરાંનું ઉત્પન્ન થવાનું કારણ વિજળી સમજેછે. પણ હાલ મુકરર થયુંછે કે વિજળી કરાંને ઉત્પન્ન કરતી નથી પણ કરાંથી વિજળી ઉત્પન્ન થાયછે. એ કારણને લીધે કેટલીકવાર કરાંનાં તોફાન સાથ વિજળી પડેછે. વળી વિજળીનાં તોફાન થયા પછી વરસાદ પડેછે તે ઉપરથી ઊપલો વરસાદનો ઇશારો પણ સમજ પડેછે. વળી બીજું બુનદેહેશમાં જણાવેછે કે એ આતરા (વિજળી) વાળું વાદળું સ્પજગર (દેવ) સાથ લડતું ઊભું રહેછે. વંદીદાદની ૧૯ મી પરગરદ (ફ. ૪૦) માં પણ એવોજ વીચાર જણાવ્યોછે જ્યાં કહેછે કે "વાજિશ્ત આતરા" 'સ્પેનજગ્ર' દેવને મારનારો છે. એ સ્પેનજગ્ર દેવ તે 'ગગડાટ' છે. એ ઉપરથી ત્યારે માલમ પડેછે કે એ પણ કુદરતી બનાવનો ઇશારો છે. જ્યારે બે વાદળાંઓમાં સામા સામા જાતની જુદી જુદી વિજળીઓ એકથી થાયછે ત્યારે તેઓ મોટા ચમકારા અને આવાજ સાથે જોડાઇ જાયછે જે ચમકારાને આપણે 'વિજળી પડી' કહીએ છીએ અને જે આવાજને આપણે ગગડાત કહીએ છીએ. એ વિજળી અને ગગડાતનાં તોફાન પછી ઘણો ખરો વરસાદ વરસેછે. એ કુદરતી બનાવને અવસ્તા અને પેહેલવીમાં એક બાજુએ 'અપોશ' અને 'સ્પેનજગ્ર' અને બીજા હાથ ઉપર 'તિશ્તર' અને 'વાજિસ્ત' આતરા વચ્ચેની લડાઇનું અલંકારીક રૂપ આપ્યુંછે.

[illegible] = વારેંજન. ય. ૧૪-૩૫.

એ ફકરામાં "મેરેઘહે પેષોપરેનહે વારેંજનહે" એવા શબ્દો આવેછે. તેમાં એરવદ કાવશાજી કાંગા 'પેશોપરેન' ને એક પક્ષીનું નામ લેઇ 'વારેંજન' ને વિશેષણ ગણી અર્થ કરેછે કે 'પાંખ ફફરાવનાર'. સ્પીગલ બન્ને શબ્દોને મેરેગ પક્ષીનાં વિશેષણ લેઇ બીજાનો અર્થ કાંગા પ્રમાણે અને પેહલા 'પેષોપરેન' નો અર્થ 'ગુઅદનાં જેવાં પીછાં સાથનું' એમ કરેછે. યુસ્તી, હારલે અને દાર્મેસ્ટેટે પેહલાને વિશેષણ લેઇ બીજાને 'વારેંજન' (હારલે 'વારઘ્ન' શબ્દ આપેછે) ને વિશેષનામ ગણી એક ચોકસ જાતના પક્ષીનું નામ ગણેછે. એમ લેતા દાર્મેસ્ટેટે 'પેષોપરેન' નો અર્થ આપતો નથી અને હારલે, સ્પીગલ જેવોજ અર્થ આપેછે પણ નોટમાં કહેછે કે એ શબ્દનો અર્થ 'ઘણાં પીછાં વાળું' એમ પણ થાય. હારલે એ ભાગનાં વર્ણનને વિજળીનાં ચમકારાનાં ઇશારા ગણેછે. બેહેરામયશ્ટ પ્રમાણે એ પક્ષીનાં પીછાંમાં કાંઇ ફાયદાકારક અસર હોયછે જેવી કે ફીરદોસી પ્રમાણે સીમોર્ગનાં પીછાંમાં હતી.

[illegible] = વાસ્તવ. વં. ૫—૫૭,

૫૮.... બેદુનાનો વર્ગ. પાદશાહ જમશેદે મંડળીનાં જે ચાર વર્ગો કરેલા તેમાંનો એક ત્રીજો વર્ગ જેને તે 'નસુદો' કહેછે.

એની સીફત તરીકે [illegible] (ઇઆને દેશની આબાદી કરનાર) શબ્દ હમેશ આવેછે. એ સીફતવાળા શબ્દ વગર એ બોલ એખલો આવતો નથી.

[illegible] =વિત-કએવિ. ય. ૧૩-૧૨૬. એક પુરૂષનું નામ. જુઓ [illegible]

[illegible] = વિધ્રઉવન. ય. ૧૯-૩. એક પહાડનું નામ.

[illegible] =વિરતઉરૂ. ય. ૫-૭૬; ૧૩-૧૦૨. એક પુરૂષનું નામ. એને બન્ને યશ્તોમાં 'નઆતઇર્યાન'નો કહ્યોછે તે ઉપરથી અને નામોની સરખામણી ઉપરથી એને ફીરદોસીનો ગસ્તહમ [illegible] ગણવામાં આવ્યોછે. એણે વીતંઘહઇતિ નદી આગળ દુઆ ગુજારી હતી તે ઉપરથી દિસેછે કે એણે વીતંગહઇતિ નદીનાં ચાલુ માર્ગને ફેરવી નવો માર્ગ આપ્યો અને જુનો માર્ગ સુકવી નાખ્યો હતો. પોતાનાં કોઇક ફાયદાને માટે એણે એ નદીનો માર્ગ ફેરવ્યો હતો. અર્દવીસુરે થોડાંક પાણીને અટકાવ્યાં ને થોડાંકને આગળ ચલાવ્યાં તે ઉપરથી દિસેછે કે એ વીતંઘહઇતિ નદી એ અર્દૂ (ઓક્ષસ) ની શાખા હોય અને ગસ્તહમે તેની કોઇક શાખાનાં નવા માર્ગ ઉઘાડી અને બીજા બંદ કરી વીતંઘહઇતિ નદીનાં જુનાં માર્ગને ફેરવ્યો હોય. એરવદ તેહમુરસ એ નદી વિષેનાં ફકરાનો તરજુમો કરતાં 'તરો' શબ્દને તર કરવાને અર્થ લઇ ઉપલાથી ઉલટોજ અર્થ કરેછે કે 'વિરતઉરૂએ એ નદીનાં સુકાઇ ગયલા પાતને તર કર્યો.' એ બની શકતો તરજુમો વીચાર આપેછે કે આફ્રાસ્યાબે (જુઓ ફ્રંઘ્રસ્યાન શબ્દ) ઇરાનની ઘણીક નદીઓના માર્ગો ફેરવ્યા હતા. તે કોઇક શેહેરોના પાણીનાં બાંધકામ માટે યા પોતાનાં દેશનાં બચાવ અને ફાયદા માટે અને ઇરાનીઓને નુકશાન પોહચાડવા માટે હોય. એવી નદીઓમાં 'વીતંઘહઇતિ' નદીપણ એક હોય જેનો માર્ગ એણે સુકવ્યો હોય. તે પાછો તર કરવા માટે ગસ્તહમે દુઆ ચાહી હોય અને તે કામ પાર ઉતર્યું હોય.

[illegible] =વિશહઉર્વ વં. ૫—૨૯; ૧૩-૧૮, ૧૫-૩. મોહલાની પાસબાની કરનાર એક કુતરાની જાત. બુનદેહેશ (પા. ૩૦-૧૩) માં પણ એને [illegible] કહ્યોછે. બુનદેહેશ (બા. ૧૯-૩૪) માં બીજા કુતરાઓ સાથ એને અને મરઘાને પવિત્ર પ્રાણી ગણ્યાંછે.

[illegible] = વીઝરેષ. વં. ૧૯-૨૯. એ એક દેવનું નામ છે. એ ત્રીજી બામદાદે પાપી માણસોનાં રવાનને ઘસડી લઇ જાએછે. એ બુનદેહેશ (પા. ૬૭-૧૫ બા. ૨૮-૧૮) નો [illegible] 'વઝેશ' દેવ છે. એ શબ્દ એરવદ તેહમુરસનાં બુનદેહેશમાં જે મલેછે તે અવસ્તાને મળતો બરાબર 'વીઝરેશ' છે. બુનદેહેશ પ્રમાણે એ દેવનું કામ (જેમ વંદીદાદમાં ઇશારો છે તેમ) ત્રણ દહાડા સુધી અને ત્રણ રાત સુધી પાપી માણસોના રવાન સાથે રહી તેઓને આગળ લઇ જવાનું છે. એ કામ એ દેવ કેવી રીતે બજાવેછે તે મીનોખેરદ (બા.૨-૧૬૧ થી ૧૯૬) જણાવેછે. ઉપલી કેતાબો વંદીદાદ અને બુનદેહેશ પ્રમાણે ત્રણ દીવસ સુધી એ દેવ દોજખી રવાની સાથે રહેછે. મીનોખેરદ પ્રમાણે ચોથે દીનથી તે તેને દુઃખ દેવા માંડેછે. તે તેનાં રવાનને એક બંદથી બાંધેછે અને ચીનવદપુલ આગળ લઇ જાએછે. પછી તે ઘાતકી રીતે તેને મારેછે અને હેરાન કરેછે. તેથી તે આતમા બેહદ રડેછે અને છુટકારામાટે અરજ કરેછે જેની દરકાર ન કરતાં વીઝરેશ દેવ તેને દોજખમાં લઇ જાએછે. દાદસ્તાનેદીની પણ

એ દેવના દોજખી રવાન સાથના સંબંધનું ઉપર પ્રમાણે વર્ણન આપેછે. તે વધુ કહેછે કે પછી તે રવાન આવું દુઃખ જોઈ ભલા કામો કરવાની ખાહેશ રાખેછે (બા. ૩૨-૩,૭). એ કેતાબમાં એનાં સાથી તરીકે નીચલા દેવોનાં નામો છે. અકોમન, અએશમ, ઝરમાંન, બુશાસ્પ, વાએ, વરેનો અને અસ્તોવીદાદ.

[illegible] = વીજ્યર્શ્તિ. ય. ૧૩-૧૦૧. એક પુરૂષનું નામ. શાહગુસ્તાસ્પનો એક અતલગનો એરી. એ શબ્દ માટે જુઓ [illegible]

[illegible] = વીતંધુહઈતિ. ય. ૫-૭૭, ૭૮. એક નદીનું નામ. વીશ્તઉરૂ (ગશ્તહમ) એ નદિનાં સંબંધમાં દુઆ ગુજારેછે કે તેણીનો કોઈક માર્ગ સુકો થાય. અર્દવીસુર તેની દુઆ કબૂલ રાખી થોડાંક પાણીને આગળ ચલાવે છે અને થોડાંકને અટકાવે છે. એ સઘળાં ઉપરથી દિસેછે કે એ અર્દવી (ઓક્ષસ) ની કોઈક શાખા હોય જેનો માર્ગ વીશ્તઉરૂએ પોતાનાં ફાયદામાટે ફેરવ્યો હોય. નદીઓનાં જુનાં માર્ગો ફેરવી તેઓને નવા માર્ગો આપવા એ મધ્ય એશીઆમાં આગળ સાધારણ હતું. દુશમનનાં દેશને વેરાન કરવા અથવા પોતાનાં કોઈ ફાયદા માટે એમ માર્ગો બદલી નાખવામાં આવતા. જુઓ [illegible]

[illegible] = વીતસ્તિ. વં. ૧૭—૫. એ બાર આંગલાની પોહલાઈનું એટલે આસરે નવ ઇંચનું માપ છે.

[illegible] = વીતાર. વં. ૧૪-૧૪. એક જાતનું વેહેત જેટલું માપ. પેહેલવીમાં [illegible]

[illegible] = વીદતૂ-ગાઓ. ય. ૧૩—૧૨૭. એક પુરૂષનું નામ. સ્પીગલ એને આગળા શબ્દ 'અષનેમંઘ' નું વિશેષણ લેઈ અર્થ કરેછે કે "જે ગાઓ ગોસ્પંદો વેહચી આપે છે". મેહેરજીરાણા વાછા એને એક મુલકનું નામ લેછે જેમાં તેઓ ખચીત ભુલે છે.

[illegible] = વીદધફ્ષુ. વં. ૧૯-૩૯. બુનદેહેશનો [illegible]. એ સાત કેશ્વરોમાંનો એક કેશ્વર છે. એ બુનદેહેશ (બા. ૧૧-૩) પ્રમાણે ખનીરથની દક્ષિણે આવેલોછે. પુસ્તીવાળી બુનદેહેશમાં એનું અને ફ્રદધફ્શુનું નામ સાથેજ આપી તેઓનો એક સરદાર નામે "સ્પઇતનીદી હુસ્પોસન્યાન" નામનો જણાવ્યોછે. પણ ડા. ઉવેસ્તપ્રમાણે એ. તેહેમુરસની નકલ ઉપરથી એ ભુલ ભર્યું દિસેછે અને એને વડો ધર્મગુરૂ "અખ્રીઝરાસ્પ અઉસપોસીનાન" નામનો એક જુદો શખસ હતો જે ફરવરદીનયષ્ટનો "એરેઝરાસ્પ ઉસ્પાસ્નુ" છે (ફ. ૧૨૧). એ બંને કેશ્વરનાં વડા દસ્તુરો બેઉ ભાઈઓ દિસેછે અને તેઓના સાથે તેઓનાં બાપ યા વડાનું 'હુસ્પાસન્યાન' નામ બંનેની પાછળ આવ્યાથી પુસ્તીવાળી નકલનો લખનાર એક લીતી ભુલી ગયલો દિસેછે.

[illegible] = વીદાતુ
([illegible]) = (વીધાતુ)
([illegible]) = (વદિાતુ)
} ઈ. હા ૫૭-૨૫. ય. ૧૦-૯૩; ૧૩-૧૧. એક દેવનું નામ જેનું કામ માણસનાં હાડકાં ભાજવાનું એટલે માણસનાં જાનને નુકશાન કરવાનું છે. મેહેરયષ્ટમાં એને અએશમનો સાથી જણાવ્યો છે. ફરવરદીનયષ્ટપ્રમાણે અહુરમજદ ફરોહરોની માર-

ફુતે એની સામે ગર્ભસ્થાનમાં બચ્ચાંને ટેકવી રાખેછે. એ દેવ તેજ અસ્તોવીધોતુ છે માટે જુઓ [illegible]-[illegible]

[illegible] = વીદિશ્નવંધ. ય. ૧૩-૧૧૯. એક પુરૂષનું નામ. એ ફકરામાં "ઉક્ષાનો વીદિશ્નવંધ" શબ્દો છે તેમાં પાછલા શબ્દને યુસ્તી, દાર્મસ્ટેટે, મેહેરજીરાણા વાછા વિશેષનામ લેઈ તેને 'ઉક્ષન'નો બાપ યા વડવો ગણેછે પણ સ્પીગલ અને હારલે 'ઉક્ષન'નું વિશેષણ લેઈ અર્થ કરેછે. સ્પીગલ અર્થ કરેછે કે "ઉક્ષન જેણે કીર્તી મેળવી." હારલે અર્થ કરેછે કે "qui connait les maximes" એટલે "ઉક્ષન જે કેહેવતો જાણતો હતો." દાર્મસ્ટેટે પણ નોટમાં કહે છે કે કદાચ એ શબ્દ વિશેષણ હોય અને એનો અર્થ 'કીર્તી જીતનાર' થાય અને એને બદલે 'બેરેઝવંત' શબ્દ જે પાછલ આવ્યો છે અને જેને સમજાઓ વિશેષણ લેછે તે વિશેષનામ હોય અને ત્યારે અર્થ થાય કે "બેરેઝવંતનો ઉક્ષન જે.'

[illegible] = વીધ્વન. ય. ૧૯-૩. એક પહાડનું નામ. એની ચાર ટેકડીઓ જણાવીછે.

[illegible] = વીબંગ. વં. ૧૯-૪૬. એક દેવનું નામ જેનું કામ 'બંગ' થી ચહડતે દરજ્જેનું છાકટપણું ઉત્પન્ન કરવાનું છે. દાર્મસ્ટેટે વિશેષણ લેઈ અર્થ કરેછે કે "દારૂ (બંગ) પીધા વગર".

[illegible] = વીબાજુ. વં. ૯-૨. એક જાતનું માપ. બન્ને હાથ લાંબા કરવાથી જે તફાવત થાય તે. આસરે સારા પાંચથી છ ફુત.

[illegible] = વીરાસ્પ. ય. ૧૩-૧૦૮. એક પુરૂષનું નામ. જે કેરેસનનાં બાનદાનનો હતો. જુઓ [illegible] શબ્દ.

[illegible] = વીવંઘન. વં. ૨-૩, ૯, ૬, ૧૩, ૧૭, ૨૨; ઈ. ૯-૪, ૫; ૩૨-૮; ય. ૧૩ ૧૩૦; ૧૯-૩૫. બુનદેહેશનો [illegible] (પા. ૬૯-૪ બા. ૨૯-૬.). વેદનો વીવસ્વત્. એને હોમની ક્રિયા કરી તેનાં બદલામાં એને ત્યાં જમશેદ પેદા પડયો હતો. કાયદા સર હોમની ક્રિયા કરનાર એ પેહેલો મહાન પુરૂષ હતો અને તેટલા માટે ગુજરી ગયલા નામાંકીત પુરૂષોમાં તેનું નામ ફરવરદીનયષ્ટમાં આરાધવામાં આવ્યું છે. આપણને અવસ્તા ઉપરથી એને વીષે એટલુંજ માલમ પડેછે. બુનદેહેશ પ્રમાણે એ હોશાંગનો નબીરો હતો અને યંઘ્રહાદ નામના પુરૂષનો બેટો હતો અને એને ત્યાં ચાર બેટાઓ હતા. એની ચહડ ઉતર પેહેડી માટે જુઓ મોટી વંશાવળી. વજરકર્દદીનમાં પણ એને [illegible] વીવંઘાનાન કહેછે પણ તે એમને હોશાંગનાં નબીરાનો નબીરો ગણેછે. તે કેતાબ પ્રમાણે એ પેહેડી નીચે પ્રમાણે ઉપર જાએછે.

[illegible] વીવંઘાનાન

[illegible] અયંઘહદ

[illegible] અનંઘદ

[illegible] તખ્મરૂપ

[illegible] હોશ્યંગ

દાદસ્તાનેદીની અને મીનોખેરદ જમશેદનાં બાપ તરીકે એનું નામ વીવંઘહ તરીકે આપેછે. એ ઉપરાંત એને માટે બીજું કાંઈ એ કેતાબોમાં મળતું નથી.

[illegible] = વીવંઘુષ. ય. ૩૫-૮. જુઓ [illegible]. અંહી 'વી-

વંધુશ' ના પીમ અથવા જમશેદને જુદો ચીતાર્યોછે તેથીજ કદાચ એ 'વીવં-ઘુશ' 'વીવંઘાન' થી અને એ 'પીમ', 'વીવંઘાનનાં પીમ' થી જુદો હોય!

[Avestan] = વીવરેઝવન્ત. ય. ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ. એ ફકરો "વીવરેશ્વતો અઇન્યહે" છે એટલે "અઇન્યનો (છોકરો યા ખાનદાની) વીવરેઝવત્." પણ સ્પીગલ. હારલે એ અઇન્ય શબ્દ આપતા નથી.

[Avestan] = વીસધ. ય. ૧૩-૧૧૦. એક પુરૂષનું નામ. યુસ્તી કહેછે કે કદાચ એ 'વીસે' તો નહી હોય કે જેની ઉતરતી પેહેડીના નામો તરીકે 'મોજ મીલઉત તવારીખ' ના કર્તાએ પીરાન, જરીરહ અને પીરહના નામો આપ્યાંછે. પણ યુસ્તીની એ અટકલ ખોટી દિસેછે. કારણ એ વેસેનું નામ તો આવાંયશ્ટમાં 'વેસ્કય' તરીકે આવેછે અને બીજું તો એ તુરાની અફ્રાસ્યાબનો પેહેલવાન હતો અને ઇરાનીઓનો મોટો વેરી હતો અને એના માર્યા ગયલા એક બેટાનાં ખુનનાં બદલામાં અફ્રાસ્યાબે ઇરાની પાદશાહ નોદરને મારી નખાવ્યો હતો. ત્યારે એના નામને ફરવરદીનયશ્ટમાં યાદ કરવાને ખાસ સબબ કાંઈ પણ ન હતો.

[Avestan] = વીસ્પતઉર્વઇરિ. ય. ૧૩-૧૪૨; ૧૯-૯૨. એ ભવિષ્યમાં પેદા થનારા સઓશ્યંતની ભવિષ્યની માતા એરેદત ફ્રેધ્રિનું ફરવરદીનયશ્ટ પ્રમાણે બીજું નામ છે. એણીને એ નામથી એ કારણે ઓલખતા કે એણી એક એવા શખ્સ (સઓશ્યોશ) ની માતા થશે કે જે સઘળા (વીસ્પ) બુરાઓનો દોર તોડશે (તઉર્વે). જુઓ [Avestan]

[Avestan] = વીસ્પ-તઉ-ર્વેષિ. ય. ૧૩-૧૩૯. એક સ્ત્રીનું નામ જેનાં ફરોહરને જરતોશ્તની બાયડી અને છોકરીઓ અને વીસ્તાસ્પની બાયડી અને બેટી પછી આરાધ્યુંછે.

[Avestan] = વીસ્પ-થઉ-ર્વી-અસ્તિ. ય. ૯-૩૦; ૧૭-૫૦. જુઓ [Avestan] શબ્દ.

[Avestan] = વીસ્પો-પઇતિ. ઇ. ૩૮-૫. યુસ્તી એ શબ્દને વિશેષનામ લેઇ એક જાતનું ચોકસ પાણી લેછે જે સરેહ પ્રમાણે બીજ અથવા મનીનું પાણી છે. એ બોલ ફકત પાણીનો ગુણ દેખાડનાર દિસેછે કે "પાણી જે સર્વના માલેક યા ધણી (પઇતિ) નીસાલે છે."

[Avestan] = વીસ્પ. ઇ. ૧-૩. જુઓ [Avestan]

[Avestan] = વીજુત. ય. ૧૩-૧૨૧. એક પુરૂષનું નામ. જે નામોની વચ્ચે એ નામ આવ્યુંછે તે ઉપરથી એ કોઈ મુલકનો વડો ધર્મગુરૂ દિસેછે.

[Avestan] = વીજુતાર. ય. ૧૩-૧૨૧. એક પુરૂષનું નામ. જે નામોની વચ્ચે એ નામ આવ્યું છે તે ઉપરથી એ કોઈ મુલકનો વડો ધર્મગુરૂ દિસેછે.

[Avestan] = વીશ-કરિત્પન. વં. ૨-૪૨. એક પક્ષીનું નામ જુઓ [Avestan]

[Avestan] = વીશ્તાસ્પ. ય. ૫-૯૮; ૧૦૫, ૧૩૨; ૯-૨૯; ૧૩-૯૯; ૧૫-૩૬; ૧૭-૪૯, ૬૧; ૧૯-૮૪,૮૭; ૨૩-૧૨; ૨૪-૧,૧૯, ૨૧, ૨૨, ૪૫. ઇ. ૧૨-૭. બુનદેહેશનો

· ફીરદોસીનો . દસાતીરનો વીસ્તાદ. એને 'નઓતઈર્ય' એટલે નોદરનાં ખાનદાનનો કહયોછે. (ય. ૫-૯૮). એને વળી "અઉર્વેતઅસ્પ" (લોહરાસ્પ) નો છોકરો કહ્યોછે (ય. ૫-૧૦૫). એની પાસે પોતાની દીન કબૂલ કરાવામાટે પએગમબર જરતોશ્તે અર્દવીસુરની ખાસ આરાધના કરીછે અને તે પાર પડીછે, એટલે વીશ્તાસ્પે એની દીન કબૂલ કરીછે (ય. ૫-૧૦૫, ૧૦૬). વીશ્તાસ્પે જરતોશ્તી દીન કબૂલ કરી એટલુંજ નહી પણ તે દીનની સામે થનાર દુશમન અરજાસ્પ અને બીજા એક શખસ સામે ફતેહમંદ થવા માટે પોતે દુઆ ગુજારી અને તેની દુઆ અર્દવીસુરે બહાલ રાખી એટલે તે અરજાસ્પ ઉપર ફતેહમંદ થયો. અરજાસ્પ અને તેનાં ભાઈ વન્દરેમને તેની સામે ફતેહમંદ થવા માટે જે દુઆ ગુજારી હતી તે પાર ન પડી (ય. ૫-૧૦૮, ૧૧૮). દ્રવાસ્પ અને અશી પાસે પણ એણે એવી દુઆ ગુજારી હતી અને વરેધક અને ખ્યોનનાં મુલકોમાં જરતોશ્તી કાયદા ફેલાવવા માટે અરજ ગુજારી હતી (ય. ૯-૩૦ થી ૩૨. ય. ૧૭-૪૯, ૪૭) જે બહાલ રહી હતી. જરતોશ્તી દીનની એણે જે સેવા બજાવી તેને માટે ફરવરદીનયશ્ટ(ફ.૯૯) માં એનાં ફરોહરને આરાધ્યું છે અને એની કીમતી મદદ કબૂલ રાખીછે અને એને "બાઝુશ ઉપસતચ. અંઘાઓ. દએનયાઓ. યત્ આહુરોઈશ જરથુશ્ત્રોઈશ" એટલે "જરતોસ્તી દીનની બાજુ અને ટેકો" કહ્યો છે. રામયશ્ટ ઉપરથી માલમ પડેછે કે એની 'હુતોસ' નામની રાણી હતી જેણી તેની તરફ ઘણો પ્યાર અને મોહબત ધરાવતી અને તેનો પ્યાર અને મોહબત પોતા તરફ ખેંચી રાખવા દુવા ગુજારતી (ફ. ૩૬,૩૭) જે તેણીની દુઆ બર આવી હતી. તેણી પોતાનાં પતીની ઘણી માનીતી હતી તેથી તેણીને પોતાની દીન શીખવવામાં ફતેહમંદ થવા માટે પએગમબર જરતોશ્ત 'અશીસંઘ' ની ખાશ આરાધના કરેછે અને તેણીને જરતોશ્તી બનાવા માટે ખાસ કાલજી રાખેછે કે તેણી જરતોશ્તી થાય "જરતોશ્તી કાયદાઓનો પ્રસાર કરે." એમ તેણીને શીખવવામાં જરતોશ્ત ફતેહ પામેછે (ફ.૪૬, ૪૭). વીશ્તાસ્પને પાદશાહી ઓરેહ હતું તેની બરકતથી તેણે અરજાસ્પ અને બીજા દીન દુશમનો ઉપર ફતેહ મેળવી (ય. ૧૯-૮૪ થી ૮૯). યશ્ટો પ્રમાણે શાહ વીશ્તાસ્પે જરતોશ્તી દીનને ફેલાવા માટે ઉપર જણાવ્યા મુજબ બહુ કાળજી રાખી હતી. તેથી ગાથામાં જરતોશ્ત 'અશ'પાસે પોતાની તેમજ વીશ્તાસ્પની મરજી બર લાવવા માટે અરજ ગુજારેછે (હા. ૨૮-૮) અને વીશ્તાસ્પને પોતાનો એક દોસ્ત ગણેછે (હા. ૪૬-૧૪) અને એને ડાહાપણ અખ્તયાર કરેલો મહાન પુરૂષ ગણેછે (હા. ૫૧-૧૬). એને ફ્રશઓશ્ત્રની સાથે મજદની આરાધના કરતો જણાવ્યોછે (હા. ૫૩-૨). એમ પ્રમાણે વીશ્તાસ્પે જરતોશ્તી દીનને મદદ કરેલી અને જરતોશ્તનાં એક મિત્ર તરીકે ખાસ પ્રશનતા મેળવેલી તેટલા માટે એક માજદયસ્નાન પોતાના દીનનો એકરાર કરતાં વીશ્તાસ્પનાં તરીકાવાળો થવાની કબુલાત આપેછે (હા. ૧૨-૭). વીશ્તાસ્પની સેવાઓનાં બદલામાં જરતોશ્ત એક ખાસ આફ્રીનમાં તેનાં ઉપર દુઆ ગુજારેછે અને ખાસ શીખામણો દેછે (આફ્રીને સ્પીતામાન જરતોશ્ત અને વીશ્તાસ્પયશ્ટ). વીશ્તાસ્પને લગતી હકીકત ખુદ અવસ્તા ઉપરથી ઉપર પ્રમાણે આપી હવે આપણે પેહેલવી કેતાબો ઉપર આવ્યે. બુનદેહેશ (બા. ૩૧-૨૯) પ્રમાણે પણ (જેમ અવસ્તા કહેછે તેમ) એ લોહરાસ્પ (અઉર્વેત અસ્પ) નો છોકરો હતો. એને ઝરીર (ઝઈરિવઈરિ) નામનો ભાઈ હતો અને અસ્પંદીઆર (સ્પેન્દદાદ) અને પેશોતન નામના છોકરાઓ હતા. એની ચહડ ઉતર પેહેડી માટે જુઓ મોટી વંશાવળી. એણે ૧૨૦

વર્ષ રાજ્ય કર્યું હતું તેમાંનાં ત્રીસ વર્ષ ગુજરવા બાદ પએગમબર જરતોશ્તે દીન જાહેર કરી હતી (બા. ૩૪-૭). અવસ્તા પ્રમાણે આપણે જોયું કે એણે દીન દુરામન તુરાની અરજાસ્પ ઉપર ફતેહ મેળવી હતી. બુનદેહેશ (પા. ૨૪-૧૩ બા. ૧૨-૩૨) પ્રમાણે એ ફતેહ મેળવવાની જગ્યા 'કુમીશ' અથવા 'મેદોક્રયાદ' નામનો પહાડ હતો. [illegible]

[illegible]

[illegible]

એટલે "કુમીશાનાં પહાડને મેદોક્રયાદ પહાડ કહેછે જેમાં વીશ્તાસ્પે અરજાસ્પને હરાવ્યો." એ પહાડની જગ્યા "પાદશાખ્વારગર" પહાડની નજદીકમાં દિસેછે. 'પાદશાખ્વારગર'થી એ 'કુમીશા'ના પહાડ તરફ જતાં 'મીયાન દસ્ત' નો પહાડ છે. હવે એ ગુશ્તાસ્પ અને અરજાસ્પની લડાઈ વાળી જગ્યાના કુમીશ પહાડને મેદોક્રયાદ* જેનો અર્થ 'મદદે પોહચ્યો' થાયછે, તે નામ શું કરવા પડ્યું તેનું કારણ બુનદેહેશ નીચે પ્રમાણે આપેછે. "એવું કહેછે, કે દીન સંબંધી લડાઇમાં જ્યારે ઇરાનીઓમાં ગભરાત પેઠો ત્યારે તે (કુમીશ) પહાડ તે પહાડમાંથી ભાગી છુટો પડ્યો અને નીચે મેદાનની અધવચમાં સરી પડ્યો તેથી ઇરાનીઓ બચ્યા અને તેઓથી તે 'મદદે પોહચ્યો' (મેદોક્રયાદ) કહેવાવા લાગો." બુનદેહેશનાં એ વર્ણન ઉપરથી એવું દિસેછે કે એ 'પાદશાખ્વારગર' પહાડની કોઈ લાંબી હારમાંથી કોઇક મોટો ભાગ પડી જઇ એ છુટો પડી ગયો હતો. એ છુટા થઇ ગયલા પહાડ ઉપર ઇરાનીઓ જ્યારે અરજાસ્પથી બતંગ આવ્યા હોય ત્યારે આસરો લઇ બચી ગયા હોય અને તે ઉપરથી એ પહાડને "મદદે પોંહચેલો પહાડ" એવું નામ આપ્યું હોય. હવે શાહ ગુસ્તાસ્પ અને અરજાસ્પ વચ્ચેની લડાઇમાં એવો કોઇ બનાવ બન્યો હતો કે નહીં તે વિષે ફીરદોસીનાં શાહનામામાં નજર કરતાં એક બનાવ એને મળતો દિસેછે. ગુશ્તાસ્પે ગરઝમ નામનાં શખસ, અથવા એક જગ્યા એ લખેછે તેમ તેનાં એક બેટાની ફુસલવણીથી જ્યારે અસ્પંદીઆરને બંદ કર્યો અને જ્યારે પોતે સીસ્તાન જાલેજરના પરોણા તરીકે જઈ રહ્યો ત્યારે બલખમાં સઘળું એકાંત જોઇ તેનો લાભ લેઇ તુરાની અરજાસ્પ તેની ઉપર હુમલો લાવ્યો અને લોહરાસ્પ અને જરતોસ્તને મારી નાખ્યા. ગુશ્તાસ્પ બલખ તરફ ગયો પણ માર્ગમાં તેણે અરજાસ્પને હાથે મોટી શીકસ્ત ખાધી અને નાઠો અને એક પહાડમાં જઇ ભરાયો જેનો રસ્તો ફકત તેનેજ ખબર હતો અને જે ઉપર જવાની અરજાસ્પે ઘણી કોશેશ કરી પણ ફોકત અને તેથી ગુશ્તાસ્પ પોતાને અને પોતાનાં ઇરાનીઓને બચાવી શક્યો. ફીરદોસીનાં એ બાબેનાં બેતો નીચે પ્રમાણે છે. મોહલ વા. ૪. પા. ૪૫૮.

یکی کوه پیش آمدش پرگیاه
بدو اندرون چشمهٔ آشیا
که برگردان کوه یک راه بود
وزان راه گشتاسپ آگاه بود
بران کوه شد داغ دل با سپاه
زگردان نشستند چندین براه
چوارجاسپ با لشکر آنجا رسید
بگردید بر کوه راهی ندید

એ પહાડ ઉપર પાદશાહ ગુસ્તાસ્પે આસરો લીધો જ્યાં સુધી કે જામાસ્પ જઇ અસ્પંદીઆરને સમજાવીને બંદમાંથી છુટો કરી લાવ્યો અને પછી તેણે અરજાસ્પને હરાવી મારી નસાડ્યો. મીરખોન્દ પણ પોતાની તવારીખમાં ઉપલી બાબદ વિષે ટુકમાં લખેછે, કે ગુશ્તાસ્પ અરજા-

(*) [illegible] એટલે ક્યાંદે પોહચ્યો. ૧૬ મદ=પોહોચ્યો. અંહી, છે તે 'વસ'ને અર્થે છે એટલે મદ વસ ક્યાંદ.

રેદ-ન હાથે હારી એક કીલ્લો જે કોઇથી નહી જીતાય એવો હતો તેમાં ભરાઈ બેઠો હતો અને સેવટે અસ્પંદીઆરને હાથે ખલાસી પામ્યો. બહમનયશ્ટઉપરથી દિસેછે (બા. ૩-૯) કે અરજાસ્પ અને ગુશ્તાસ્પ વચ્ચેની જંગનું મેદાન 'સ્પેદ-રઝુર' નામનું જંગલ હતું, જે જંગલ બુનદેહેશ (બા. ૨૯-૧૯) માં મોટામાં મોટું જંગલ ગણાયુંછે અને જે 'સ્પેદ-રઝુર' તે રામયશ્ટ (ક. ૩૧) નું 'સ્પએતીતેમ રઝુરેમ' છે. અવસ્તા પ્રમાણે આપણે જોયું કે વીશ્તાસ્પે જરતોશ્તી દીનને ઘણી મદદ કરી હતી. એ દીનની સેવાનાં દાખલા તરીકે બુનદેહેશ ઉપરથી આપણને માલમ પડેછે કે એણે ઘણા-ક નામીચા આતશો પહાડની ટોંચો ઉપર સ્થાપવામાં ભાગ લીધો હતો. રેવંદ

પહાડની પુશ્તે વીશ્તાસ્પાન [illegible]

[illegible] (પા. ૨૩-૧૦ બા. ૧૨-૧૮) નામની એક ટેકરી જેણે વીશ્તાસ્પનાં એ કામ ઉપરથી પોતાનું નામ લીધું હતું તે ઉપર તેણે આતશ બરઝીન નામનો આતશ સ્થાપ્યો હતો. પાદશાહ જમશેદે ફરોબા નામનો એક આતશ ખવારીઝમમાં સ્થાપેલો તે એ પાદશાહ વીશ્તાસ્પે પએગમબર જરતોશ્ત દીન લાવ્યો ત્યારે કાબુલ શેહેરમાં તખ્તનશીન કર્યો. બુનદેહેશ એ પાદશાહને અને એના ફરજંદોને જરતોશ્તી દીન ઉપર ચુસ્ત જણાવેછે (બા. ૧૭-૮). ઝાદસ્પરમ કેતાબ પ્રમાણે ગુશ્તાસ્પે જરતોશ્તની દીનને તે જાહેર થવા પછી બારમે વર્ષે કબૂલ રાખી હતી (ઉવેસ્ત.પે. તેક્સ્ટ વા. I પા.૧૮૭). દીનકર્દ કેતાબનાં આઠમા પુસ્તકમાં સુદગર નુશ્કની સાતમી ફરગરદનો જે ઇનતેખાબ આપ્યોછે તે ઇનતેખાબ પ્રમાણે જરતોશ્તી ધર્મનાં ફેલાવાનાં ચાર હજારા જણાવ્યાછે તેમાં પેહેલો સોનેરી હજારો જેમાં અહુરમજદે જરતોશ્તને એ ધર્મ શીખવ્યો તે. બીજો રૂપેરી હજારો જેમાં જરતોશ્તે વીશ્તાસ્પને ધર્મ શીખવી દુન્યામાં તે જાહેર કર્યો. ત્રીજો તીખાં લોહડાંનો જેમાં આદરબાદે તેને સજીવન કર્યો. અને ચોથો, લોખંડી જેમાં તે બદગુમાની અને બદીથી ઘણો ખરાબ થશે. બહમનયશ્ટ દીન સંબંધી બાબદમાં એ વિશ્તાસ્પનાં જમાનાને સોનેરી હજારાનો ગણેછે. (બા. ૧-૪ ૨-૧૬). આપણે ઉપર જોયું કે વીશ્તાસ્પે ઘણાં આતશો તખ્તનશીન કર્યા હતા. કેરેસાસ્પને લગતી પેહેલવી રેવાયત પ્રમાણે વીશ્તાસ્પે જરતોશ્તનાં ખાસ હોકમથી એ કામ કર્યું હતું. એ રેવાયત પ્રમાણે કેરેસાસ્પે પાડેલા જુલમની જ્યારે આતશ ફર્યાદ કરેછે ત્યારે જરતોશ્ત તેને દીલાસો દેછે કે હું વીશ્તાસ્પ અને જામાસ્પને ફરમાવીશ કે તારે માટે મકાનો સ્થાપે (ઉવેસ્ત. પે. તેક્સ્ટ II પા. ૩૮૦).

મીનોખેરદ એનીથી દુન્યાને થયલા ફાયદામાં એક એનાં દીન કબુલ કરવાનાં કામને ગણેછે અને બીજું દેવોનો એણે નાશ કર્યો તે કામ ગણેછે. યાદગારે ઝરીરાન પ્રમાણે એ પાદશાહનાં છોકરાઓ અને ભાઈઓ મળી ૨૩ શાહજાદાઓ અરજાસ્પ સાથની લડાઈમાં માર્યા ગયા હતા. પેહેલવી લખાણો પછી ફીરદોસી ઉપર આવતાં એ પાદશાહ વિષે વધુ એ માલમ પડેછે કે તે એક વખત પોતાનાં બાપ લોહરાસ્પથી રૂસાઈ ગયો હતો કારણ તે કાઉસની પેહેડીનાઓ તરફ વધારે ચાહ રાખતો હતો. તે રૂસાઈ જઈ રૂમનાં કએસરને ત્યાં જઇ રહ્યો હતો અને ત્યાં તેની બેટી કેતાયુન સાથ પરણ્યો હતો. ત્યાંથી કેટલોક વખત પછી એનો ભાઇ ઝરીર, જે રૂમની દરબારમાં ગયો હતો તેની સાથે પાછો આવ્યો અને લોહરાસ્પે ગાદી છોડી એને આપી. એનાં રાજ્યમાં મોટા બ-

નાવ પએગમબર જરતોશ્તનું દીન જાહેર કરવાનું કામ હતું. એ પએગમબરનાં કહેવાથી એણે અરજાસ્પ તુરાનીને ચોથાઈ બંદ કરી, જે માટે અને નવી દીનસામેની દુશમની માટે અરજાસ્પે લડાઇ કરી. એઓ વચ્ચે ત્રણ લડાઈ થઇ. પેહેલીમાં પાદશાહનાં છોકરાઓ અરદેશાર, ઓરમજદ, શીદસ્પ, નીવઝર અને અસફંદીઆર, પાદશાહનો ભાઈ ઝરીર અને તેનો છોકરો નસ્તુર અને જામાસ્પનો છોકરો ગેરાંમી ઇરાનીઓનાં સરદાર હતા. એઓમાંથી નસ્તુર અને અસફંદીઆર શિવાય બધા માર્યા ગયા. સેવટે એ લડાઈમાં હારી અરજાસ્પ નાઠો, પછી ગુસ્તાસ્પે નસ્તુરને વધુ લશ્કર આપી તુરાન તરફ વધુ ફીનો લેવા મોકલ્યો અને અસફંદીઆરને દીન ફેલાવા મોકલ્યો જેણે હીનદુસ્થાન અને રૂમમાં દીન ફેલાવી અને ભાઇ ફરશીદવર્દને ખોરાસાનનો હાકેમ કર્યો. શાહ પોતે દીન ફેલાવા માટે અને મેહમાનદારી આપવા માટે જાલેજરનાં પરોહણાં તરીકે સીસ્તાન ગયો. અસ્ફંદીઆરની ગેરહાજરીમાં ગુરઝમે પાદશાહને જુઠું સમજાવી અસ્ફંદીઆરને કેદમાં નખાવ્યો. એ તકનો લાભ લેઇ અરજાસ્પે બલખ ઉપર હુમલો કરી લોહરાસ્પને મારી નાંખ્યો અને શાહની બે બેટીઓ હોમાએ અને વેહે આફ્રીદને પકડી લઇ ગયો. શાહા બલખ તરફ ફીનો લેવા ગયો. તેનાં સરદારોમાં તે પોતે, નસ્તુર ને ફરશીદવર્દ હતા. તુરાનીઓમાં અરજાસ્પ, તેનો છોકરો કેહેરમ, અને કેન્દર હતા. ગુશ્તાસ્પ હાર્યો, તેનાં બીજા ૩૮ છોકરાઓ માર્યા ગયા અને તે પોતે પહાડમાં ભરાઈ બેઠો. તેની રજાથી જામાસ્પ અસફંદીઆરને પતાવી બંદમાંથી છોડી લાવ્યો અને ત્રીજી લડાઇમાં પાછો અરજાસ્પ નાઠો. જેની પુઠે જઇ અસફંદીઆરે તેનાં શેહેરમાં તેને અને તેનાં ભાઈ અન્દરીમનને માર્યો. અવસ્તામાં અરજાસ્પ અને જામાસ્પની વચ્ચેની લડાઇનો જે ઇશારો કર્યોછે તેનું ઉપર પ્રમાણે ફીરદોસીમાંથી વીગતવાર વર્ણન મળેછે. પછી ગુતાસ્પ અસ્ફંદીઆરને, તેને પોતાથી દુર રાખવાનાં ઇરાદાથી અને તે વારેઘડીએ તખ્ત માંગ્યા કરતો હતો તેથી રૂસ્તમ સાથે લડવા મોકલેછે જ્યાં તે માર્યો ગયા પછી ગુસ્તાસ્પ પોતાનું રાજ્ય અસફંદીઆરનાં છોકરા બહમનને સોંપી એકાંતવાસ પકડેછે.

[illegible] = વેરેથ્રઘ્ન- બેહેરામયજદ. એ ફતેહની ઉપર મવક્કલ યજદ છે અને ૧૦ જુદાં જુદાં રૂપે એને આરાધનારની મદદે આવતો જણાવ્યોછે. એ વેદીક वृत्रहन् ને મળતોછે. પેહેલવી કેતાબોમાં એને બેહેરામ કહ્યો છે. બહમનયશ્ટમાં એને મેહેર, સરોશ, રશ્ને અને આસ્તાદની સાથે પેશોતનની મદદે જતો જણાવ્યોછે (બા. ૩-૩૨). શાયસ્ત લાશાયસ્તમાં એને લડનારાઓને મદદ આપતો જણાવ્યો છે (બા. ૨૨-૨૦). બુનદેહેશમાં મંગલનાં ગરેહને એ નામથી બોલાવ્યોછે (બા. ૫-૧). મીનોખેરદ (બા. ૨-૧૧૫) પ્રમાણે માણસના રવાનને ત્રીજી બામદાદે એ ચીનવદ પુલ ઉપર જવાને મદદ કરેછે.

[illegible] = વેહર્કાન. વં. ૧-૧૨. એક શેહેરનું નામ. પેહેલવી [illegible]. ફા. گرگان. એને 'ખનેન્ત' મુલકની રાજધાની ગણીછે. કેટલાકો એ 'વેહેરકાન' ને Hircania ગણેછે. પણ ડા. હાઉગ ખનેન્તને 'કંદહાર' ગણેછે અને 'વેહેરકાન' ને તેની નજદીકમાં આવેલી 'ઊરગંદાબ' નામની નદીની જગ્યા ગણેછે. એ બાબેની વીગતવાર દલીલો માટે જુઓ [illegible]

𐬬𐬊𐬎𐬭𐬎𐬐𐬀𐬴𐬀 = વોઉરૂકષ. ય. ૫-૩, ૧૧૬; ૮—૯, ૨૩; ૧૨—૧૬; ૧૩—૬૫; ૧૯—૫૭... એક દર્યાનું નામ. એ વોઉરૂકશ દર્યાને પેહેલવી કેતાબોમાં "ફરાહકન્ત" કહેછે. એ અવસ્તાનો વોઉરૂકષ અને પેહેલવીનો ફરાહકન્ત તે હાલનો 'કેસ્પીઅન' છે. એ વીચારને ઘણીક રીતે ટેકો મળે છે. પેહેલું તો મારા વીચાર પ્રમાણે એ શબ્દોનાં અર્થ ઉપરથીજ એ વીચારને ટેકો મળેછે. અવસ્તાના વોઉરૂકષ શબ્દનો અર્થ તેનાં ધાતુ (𐬬𐬊𐬎𐬭𐬎 = उरु = પોહલું અને 𐬐𐬀𐬴𐬀 કીનારો, બાજુ) ઉપરથી પોહલા કીનારા અથવા બાજુવાળો થાયછે પેહેલવી ફરાહકન્ત અથવા ફરાખકન્ત શબ્દનો અર્થ પણ તેનાં ધાતુ(ફરાખ فراخ પોહલું અને કન્ત كرد ઘેરાવો, બાજુ) ઉપરથી પોહળી બાજુ યા ઘેરાવાવાળો થાયછે. હવે કેસ્પીઅન શબ્દના અર્થ પણ ધાતુ (𐬐𐬀𐬴𐬀 - cas کس બાજુ અને pian پہن પોહલુ) ઉપરથી પોહળી બાજુવાળો એમ થાય છે. એ દર્યા મોટેના અવસ્તા અને પેહેલવી શબ્દો અને હાલનાં કેસ્પીઅન શબ્દ વચ્ચે ફરક ફકત એ છે કે હાલના શબ્દમાં અર્થ દેખાડનારા ભાગો ઉલટાઈ ગયાછે એટલે જ્યારે અવસ્તામાં પોહળું અર્થ દેખાડનાર શબ્દ વોઉરૂ અને ફરાહ પેહલે આવેછે ત્યારે કેસ્પીઅન શબ્દમાં તે પાછલ આવેછે. એ ફરક શિવાય અર્થ પ્રમાણે તો એ ત્રણે શબ્દો એકસરખા છે. વંદીદાદમાં કહેછે કે એ વોઉરૂકશ દર્યા બીજા સર્વે દર્યાઓ કરતાં મોટો છે. હવે અવસ્તા જમાનાનાં લોકો છેક દક્ષિણે મહાસાગરનાં કોસ્તાઓ સુધી આવી પોહતા નહતા તેથી તેઓ પાણીનાં જે મોટા ભાગ વિષે જાણતા હતા તે પોતાના મુલકોમાં આવેલા મોટા સરોવરો હતા. એશીઆખંડની દક્ષિણે આવેલા મોટા દર્યાઓ અને મહાસાગરોથી તેઓ વાકેફ નહતા તેથી તેઓ જે દર્યાઓ વિષે બોલતા તે દર્યાઓ તેઓને જણાયલા મોટા પાણીનાં સરોવરો હતા કે જે સરોવરો તેઓનાં અતી ઘણાં મોટા વીસ્તારને લીધે હાલમાં પણ સમુદ્ર અથવા દર્યાના નામોથી ભૂગોળવિદ્યાનાં પુસ્તકોમા ઓલખાયછે અવસ્તાવાળાઓનાં મુલકમાં એવા મોટા સરોવરો ઘણા આવ્યા હતા જેમાં મુખ્ય હામુનનો સરોવર, ઉરૂમીઆ (ચએચસ્ત) નો સરોવર અને કેસ્પીઅનનો સરોવર છે. હવે જે બીજાં પાણીઓમા વાઉરૂકશને મોટો ગણ્યોછે તે એ મોટા સરોવરો છે અને તે મુલકમાં વેહેતી નદીઓ છે. એ મુલકનાં પાણીના મોટા ભાગો (સરોવરો) માં કેસ્પીઅન મોટામાં મોટો છે એટલુજ નહી પણ આખી પૃથ્વી પરના સરોવરોમાં તે મોટામાં મોટો છે. તે ઉત્તર દક્ષિણે ૭૫૦ થી ૮૦૦ મેલ લાંબો અને પૂર્વ પશ્ચિમે ૧૫૦ થી ૨૭૦ મેલ પોહળો છે. તેની ઉંડાઈ ૧૨૦ થી ૩૦૦૦ ફીત સુધીની છે. એમાં ઘણીક મોટી નદીઓ ખાલી થાય છે. તેનું ક્ષેત્રફળ ૧૨૪૦૦૦ ચોરસ મેલ છે. એ ઉપરથી ત્યારે માલમ પડેછે કે વોઉરૂકશ, જેને બીજાં સઘળા પાણીઓના ભાગોમાં મોટો ગણ્યોછે તે હાલનો કેસ્પીઅન સમુદ્ર છે જે તે મુલકોનાં સરોવરો અને પાણીનાં બીજા ભાગોમાં મોટામાં મોટો સરોવર છે વોઉરૂકશ (કેસ્પીઅન) કરતાં કોઈ બીજો મોટો દર્યા તેઓનાં જોવામાં ન આવ્યાથી અવસ્તાવાળાઓએ એ દર્યાને સર્વમાં મોટો ગણ્યોછે. એ દર્યાની આસરે ૮૦૦ મેલની લંબાઈ અને ૨૭૦ મેલની પોહળાઈ તેઓનાં મનમાં એક ગંજાવર દર્યાનો ખ્યાલ આપવાને કાંઈ થોડી ન ગણાય. હાલનાં સુધરેલા યંત્રકળાનાં વખતમાં તેને

પોહલાઈમાં ઍાલંગી જતાં આખા બે દીવસ ઉપર થાયછે ત્યારે આગળા પુરાણા વખ્તમાં જ્યારે નૌકાશાસ્ત્ર જેવું કાંઈ નહતું ત્યારે તેને ઍાલંગી જતાં ઘણાક દીવસો લાગવા જોઈઍ. ઍ વખ્તનાં પ્રમાણમાં તે જમાનાનાં લોકોનાં મનમાં ઍ સમુદ્ર વિષે ઘણો મોટો ખ્યાલ હોવો જોઈઍ.

[illegible]=વોઉરૂ-જરેશ્તિ.વં.

૧૯–૩૯. બુનદેહેશનો [illegible].

સાતકેશ્વરોમાંનાં ઍકનું નામ. બુનદહેશ (બા. ૧૧-૩) પ્રમાણે ઍ વોઉરૂબરેશ્તિ સાથે ખનીરથની ઉત્તરે આવેલો છે. ઍના વડા ધર્મગુરૂનું નામ ઍ કેતાબ (પા. ૬૮-૮. બા. ૨૯-૧) પ્રમાણે [illegible] ચખ્રવાક કરીને છે જે શખસને ડા. ઉવેસ્ત ફરવરદીનયષ્ટ (૧૨૨) નો ચથઊવરરુપ ગણેછે.

[illegible]=વોઉરૂ-નેમંઘ. ય. ૧૩-૧૨૮. ઍક પુરૂષનું નામ. ઍ દાદસ્તાને દીનીનો [illegible] કામેવક્ષશને છે (પા. ૯૩ક-૧૮ બા. ૩૬-૪, ૫). રસ્તાખેજની સેવટના ૫૭ મા વર્ષમાં જે સાત ધણીઍા રસ્તાખેજ ઉત્પન્ન કરવામાં ભાગ લેશે તેઍામાં ઍ ઍક છે. ઍ સાતે જનનાં નામ ફરવરદીનયષ્ટમાં સાથેજ આવેલાંછે. ઍ ઍા જુદા જુદા સાત કેશ્વરોમાં કામ કરશે તેમાં આ ઍ વોઉરૂનેમંઘ (કામેવક્ષશને) [illegible] વઉરૂબરશતી કેશ્વરમાં કામ કરશે. ઍ ઍા બાબેનાં પેહેલવી લખાણ માટે જુઍા [illegible] શબ્દ.

ઍ શબ્દ [illegible] નો પેહેલવીમાં [illegible] કેમ થયો તે બાબે ડા. ઉવેસ્ત પ્રમાણે નીચલી સમજ આપી શકાય છે. [illegible] શબ્દ પેહેલવીમાં [illegible] (જેમકે વોઉરૂબરેશ્તિમાં) અથવા પછી [illegible] લખાય. ઍ પાછલો શબ્દ 'વરેન' વંચાય જેનો અર્થ ઈચ્છા થાય. કોઈ તરજુમો કર્તાઍ ઍને 'વરેન' વાંચીને પછી તરજુમો કરતાં તેનો પેહેલવી શબ્દ 'કામે' [illegible] તરજુમામાં બરાબર કર્યો. હવે [illegible] શબ્દનો તરજુમો પેહેલવીમાં 'નીયાઍશને' [illegible] કર્યો. ઍ 'નીયાઍશને' પછી કોઈ નકલ કરનારે 'વક્ષશને' વાંચ્યો હોય કે જેમ તે વંચાઈ શકાયછે.

[illegible]=વોઉરૂબરેશ્તિ.વં.૧૯-૩૯. બુનદેહેશનો [illegible]. ઍ સાત કેશ્વરોમાંનો ઍક કેશ્વર છે. બુનદહેશ (બા. ૧૧-૩) પ્રમાણે ઍ ખનીરથનાં કેશ્વરની ઉત્તર દિશાઍ વોઉરૂજરેશ્તી કેશ્વરની સાથે આવેલો છે. ઍ કેતાબ (પા. ૬૮-૭. બા. ૨૯-૧) પ્રમાણે [illegible] (ઘુરતી ઍ નામ [illegible] આપેછે) નામે શખસ ઍનો વડો ધર્મગુરૂ હતો. ડા. ઉવેસ્ત પ્રમાણે ઍ ફરવરદીનયષ્ટ (ફ. ૧૨૨) નો [illegible] છે.

[illegible] = વોઉરૂ-સવંઘ. ય.૧૩-૧૨૮. ઍક પુરૂષનું નામ. ઍ દાદસ્તાને દીનીનો (પા. ૯૩ક-૧૮. બા. ૩૬-૪, ૫;) કામે સુદ [illegible] છે. રસ્તાખેજનાં સેવટનાં ૫૭ વર્ષમાં જે સાત જનાઍા ઍ રસ્તાખેજ ઉત્પન્ન કરવામાં ઘણો અગતનો ભાગ લેશે તેઍામાંનો ઍ ઍક છે. ઍ સાતે જનનાં નામ ફરવરદીનયષ્ટમાં સા-

થેજ યાદ કર્યાછે. એ સાતે જણો જુદા જુદા કેશ્વરોમાં અમલ કરશે તેમાં આ-એ વોઉરૂસવંધ [illegible] વોઉ-રૂજરેસ્તી કેશ્વરમાં કામ કરશે. એઓ વિષેનાં પેહેલવી લખાણ માટે જુઓ [illegible] શબ્દ.

એ [illegible] નો પેહેલવીમાં [illegible] કમ થયો તે ડા. ઉવેસ્તની સુચના પ્રમાણે આપણે નીચે મુજબ સમજાવી શકીએ. જંદ વોઉરૂ[illegible]શબ્દ પેહેલવીમાં [illegible] (જેમકે વોઉરૂજરેસ્તી શબ્દમાં) લખાય અને તે વઉરેન અથવા થોડાક ફેરફારથી 'વરેન' તરીકે વંચાય. એ 'વરેન' શબ્દનો અર્થ ઈચ્છા થાયછે તેથી પેહેલવીમાં તરજુમો કરનારે તેનો પેહેલવી શબ્દ [illegible] કામે વાપર્યો. હવે અવસ્તાના સવંધ [illegible] શબ્દનો અર્થ ફાયદો થાય જે માટે તરજુમો કર-નારે તેને મળતો પેહેલવી શબ્દ 'સુદ' [illegible] વાપર્યો.

[illegible] = વોઉરૂષ. ય. ૧૯-૫. એક પહાડનું નામ.

[illegible] = વોહુ-ઉસ્ત્ર. ય. ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ જે આખનંઘ-નો છોકરો થાય. સ્પીગલ એ બન્ને શબ્દો-ને સાથે લેઈ એકજ નામ 'વોહુઉસ્ત્ર-આં-ખનો' એમ લેછે અને પાછલા ભાગ-વાળા શબ્દને એનાં વડવા તરીકે લેતો નથી.

[illegible] = વોહુકેરેતિ. વં. ૮-૩. એક જાતનું ખુશબોદાર લાકડું. રીમન થયલાં ઘેર વીગેરેને એ લાકડાંથી પવિત્ર કરવા કહ્યુંછે.

[illegible] = વોહુ-ક્ષત્ર. ઈ. હા ૫૧. જરતોશ્તના પાંચ ગાથાઓમાંનો ચોથો ગાથા જે ઇજશનેનો ૫૧ મો હા ગણાયછે. વરસનાં છેલા ગણાતા ગાથા-નાં પાંચ દહાડાઓમાંનો ચોથો દહાડો પણ એ નામથી જણાયલોછે.

[illegible] =વોહુગઓન. વં. ૮-૩. એક જાતનું ખુશબોદાર લાકડું. રીમન થયલાં ઘરને એ લાકડાંથી પવિત્ર કરવા ફરમાવ્યુંછે.

[illegible] =વોહુ-દાત. ય. ૧૩-૧૨૪. એક પુરૂષનું નામ જે 'કાત'નો છોકરો થાય સ્પીગલ એ બન્ને શબ્દોને સાથે લેઈ "વોહુદાત કાત" એમ એકજ નામ લેછે.

[illegible] =વોહુનજગ. વં ૧-૮, ૧૯. એક કુતરાની જાત, જેને [illegible] સરેહમાં કહેછે કે તે ભરવાડનાં અને ઘરની પાસબાની કરનારા કુતરાથી જુદા પ્રકારના છે. તે ખરફસતરોને પકડેછે અને નસાને દૂર કરેછે.

[illegible] = વોહુનેમંઘ. ય. ૧૩ ૧૦૯, ૧૧૪, ૧૧૫. એ નામનાં બે શખસો હતા. એક અવારઓસ્ત્રીનો છોકરો જે અવારઓસ્ત્રી પોતે ફ્રશઓસ્ત્ર જામાસ્પ વીગેરેના જમાનાનો અને સંકુનો એક નામીચો શખસ હતો. એરવદ તેહેમુરસ-ના પેહેલવી જરથોસ્તનામામાં એનું નામ [illegible] 'વોહુનેમંઘ અવરૂશતરાન' કરી આપ્યુંછે અને ત્યાં કહેછે કે એનો પએગમબરે દીન જાહેર કરવા પછી ૪૦ મે વર્ષે જનમ થયો હતો અને ૧૦૦ મે વર્ષે એટલે ૬૦ વર્ષની ઊમરે તે મરણ પામ્યો હતો.

(૨) બીજો વોહુનેમંઘ કતુ [illegible] નામનાં શખસનો છોકરો હતો. વોહુનેમંઘનો

એક 'ગઅેવની' નામનો છોકરો હતો. (જેને પુસ્તી 'ગેવ' સાથે સરખાવેછે (?) જુઓ [illegible]) પણ તે કીયા વોહુનેમંઘનો, કવુના છોકરા વોહુનેમંઘનો કે અવારઓસ્નીનાં છોકરા વોહુનેમંઘનો તે ચોકસ માલમ પડતું નથી. એ (૧૧૫) ફકરાનાં શબ્દો "ગઅેવનોઇશ વોહુનેમંઘો" નો અર્થ પુસ્તી ગઅેવનીનો વોહુનેમંઘ એમ લેઇ એ વોહુનેમંઘને કોઇ ત્રીજો વોહુનેમંઘ લેછે અને તેને 'ગઅેવન' નો છોકરો લેછે. જે પ્રમાણે બધા નામો લેવામાં આવેછે તે રીતે જોતાં પુસ્તાનો એ નામોનો અનુક્રમ ફેરવી નાખવાનો સબબ સમજ પડતો નથી.

[illegible] =વોહુ-પેરેસ ય. ૧૩-૧૨૪. એક પુરૂષનું નામ. 'અઇન્યવ' નો છોકરો. સ્પીગલ એ બન્ને શબ્દોને સાથે લેઇ એકજ નામ "વોહુ-પેરેસ અઇન્યવ" એમ લેછે.

[illegible] ([illegible])= વોહુ-ક્રયાન. ઈ. હા ૧૭-૧૧. એક આતશનું નામ જે અર્થ પ્રમાણે "લોહીને પ્યારો" છે. બુનદેહેરા (બા. ૧૭-૧) અને ઝાદસ્પરમ (બા. ૧૧-૩) પ્રમાણે એ માણસ અને જાનવરોનાં દીલમાંનો આતશ છે. એ આતશ દીલમાં ખોરાક પચાવેછે, તનને આરામ આપેછે અને આંખને નુર આપેછે. બુનદેહેશ પ્રમાણે એ આતશ ખાએછે અને પીએછે એટલે એને બળવા માટે ખોરાક તરીકે બળતન જોઇએછે. એ વર્ણન પ્રમાણે એ આતશ તે animal heat (પ્રાણીઓનાં દીલમાંની ગરમી) થેછે.

[illegible] =વોહુ-મનો. બહમન અમેશાસ્પંદ. સાત અમેશાસ્પંદોમાંનો બીજો જે ભલાં મન ઉપર મવક્કલ છે અને શારિરિક પેદાયશમાં ગોસ્પંદો ઉપર મવક્કલ છે. ભલાં મન તરીકે તેનો હરીફ 'અકમન' છે. ભલાં મન ઉપરથી એ અમેશાસ્પંદનો પશુઓ ઉપરનાં મવક્કલ તરીકેનો સંબંધ પણ કેમ થયો તે વિષે ડા. ગાઇગર નીચે પ્રમાણે કહેછે. જરતોશ્તી ધર્મે એક જગ્યાએ રહી ખેતી કરનાર અને પોતાનાં પશુઓને ઉધારનાર લોકોમાં વધુ પગ પેસારો કીધો તેથી એ પશુઓને ઉધારનાર લોકો ભલાં મનવાળા જરતોશ્તી ગણાયા. જેઓ ભલાં મનવાળા જરતોશ્તીઓ હતા તેઓ પશુઓને ઉધારનારા પણ હોવાથી વોહુમન અથવા બહમન અમેશાસ્પંદ જે ભલાં મન ઉપર મવક્કલ હતો તે પશુઓ ઉપર પણ મવક્કલ થયો. એ પશુઓ તેમજ ભલાં મનનાં માણસો ઉપર મવક્કલ હોવાથી પાછળથી તે સર્વ માણસનો નેગેહેબાની કરનાર પણ ગણાયો. એ કારણને લીધે ૧૯ મી પગરદમાં 'વોહુમન' શબ્દ સામાન્યનામ તરીકે 'માણસ' માટે વપડાયલોછે. એ ભલા મનનાં માણસ ઉપર નેગેહેબાન હોવાથી બેહેશ્તમાં અમેશાસ્પંદોમાં તે વડી જગ્યાએ સોનેરી બેઠક ઉપર બેસી માણસનાં રવાનને તેની લાયક જગ્યા દેખાડેછે (વં. ૧૯—૩૨).

[illegible] = વોહુ-રઓચંઘ. ય. ૧૩-૯૭. એક પુરૂષનું નામ જે ફ્રાન્યનો છોકરો યા ખાનદાની થાય. એના બીજા બે ભાઇઓ હતા નામે "અવારઓચંઘ અને વરેસ્મોરઓચંઘ." એ ત્રણેને સાથે યાદ કર્યાછે, અને એઓનાં નામ જરથુસ્ત્રનાં છોકરાઓનાં પણ નામની આગળ આવેછે. એઓ જરથોશ્તનાં ઘણાં શરૂઆતનાં સાગેર્દો દિસે છે.

[illegible] = વોહુ-રઓચંઘ. ય. ૧૩-૧૧૩. એક પુરૂષનું નામ જે વરકસાનનો છોકરો યા ખાનદાની થાય.

[illegible] = વોહવજંદથ. ય. ૧૩-૧૧૪. એક પુરૂષનું નામ. કતુનો છોકરો. સ્પીગલ એ બન્ને શબ્દો સાથે લેછે અને એકને બીજાનો વડો લેવાને બદલે સામટું "વોહવજદ-કતુ" એમ એકજ નામ લેછે.

[illegible]=વોહવચ્તિ. ય. ૧૩-૯૬, ૧૧૨. એક પુરૂષનું નામ. બે પુરૂષો એ નામનાં હતા. ૧) 'સ્નઓય' નો છોકરો. એ ફકરાનાં "વોહવસ્તોઇશ સ્નઓયહે" શબ્દમાં 'સ્નઓય' શબ્દને સ્પીગલ વિશેષનામ નથી લેતો પણ વિશેષણ લેઇ અર્થ કરેછે કે Sinewy એટલે 'સ્નાયુ' અથવા નસોવાળો.૨) જે "પોઉરૂધાક્તિનો વોહવસ્તિ." એ માટે જુઓ [illegible]

[illegible]=વ્યર્ષવન્ત. ય. ૧૩-૧૦૯. એક પુરૂષનું નામ. જુઓ [illegible] શબ્દ.

[illegible]=વ્યાતન ય. ૧૩-૧૨૩. એક પુરૂષનું નામ જે યએતુરાગાઓનો વડવો થાય.

[illegible]=વ્યારેજ. ય.૧૩-૧૦૧. ધુસ્તી, સ્પીગલ અને હારલે એ પ્રમાણે એ નામ આપેછે પણ ઉવેસ્તરગાર્ડ અને દાર્મસ્ટેટે એ નામ 'વરાઝ' લેછે માટે જુઓ [illegible] શબ્દ.

[illegible]

[illegible] = સઇરીમ. ય. ૧૩-૧૪૩. એક મુલકનું નામ. અવસ્તાનાં જમાનામાં જે પાંચ મોટા મુલકો જણાવ્યા છે (૧. અઇર્યે. ૨. તુઇર્યે, ૩. સઇરીમ, ૪. સાઇનિ અને ૫. દાહિ) તેમાંનો એ ત્રીજો છે. ફીરદોસી પ્રમાણે ફરેદુને પોતાનાં ત્રણ છોકરાઓ એરચ, તુર અને સેલમને પોતાનાં મુલકો વેહેચી આપ્યા હતા. એ મુલકોનાં નામ એ ત્રણ છોકરાઓ ઉપરથી પડયાં હતાં. એરચ (જેનું અવસ્તાનું નામ અઇર્યુ છે) ઉપરથી અઇર્યે, તુર ઉપરથી તુઇર્યે, અને સેલમ (જે અવસ્તામાં 'લ' નહી હોવાને લીધે સેરમ હોવો જોઇએ તે) ઉપરથી સઇરીમ. ફીરદોસી પ્રમાણે એ સેલમને ભાગે 'રૂમ' અને ખાવર (એટલે પશ્ચિમ તરફનો મુલક) આવ્યો હતો ત્યારે એ સઇરિમનાં મુલકમાં રૂમ અને ખાવરનો મુલક આવવો જોઇએ. હવે એ રૂમનો મુલક તે એશીઆમાઇનરનો ભાગ છે ત્યારે સઇરિમનાં મુલકમાં એશીઆમાઇનર અને તેની પશ્ચિમનો (ખાવરનો) મુલક હોવો જોઇએ. ફરેદુને કરેલી મુલકની એ વેહચણી વિષેનાં ફીરદોસીનાં શબ્દો નીચે પ્રમાણે છે (મોહલ વા.૧ પા. ૧૩૮).

نخستین بسلم اندرون بنگرید
همه روم و خاور مر اورا گزید
دگر تور را داد توران زمین
ورا کرد سالار ترکان و چین
پس آنگه نیابت به ایرج رسید
مر اورا پدر شهر ایران گزید

જેમ ફીરદોસી સેલમને આપેલા મુલકને 'રૂમ' જણાવે છે તેમ બુનદેહેશ પણ સેલમનાં મુલક માટે કહે છે કે તે અરૂમ (રૂમ) છે. (બા. ૧૫—૨૯. પા. ૩૮ ૪) [illegible] એટલે "સેલમનો મુલક જે અરૂમ છે". એ સઇરિમનો મુલક (સલમાન) માં એશીઆમાઇનર સમાયલું છે તે બુનદેહેશ (બા. ૨૦—૧૨) પરથી માલમ પડેછે જ્યાં તાઇગ્રીસ નદીને એ મુલક (સલમાન) માંથી વેહેતી જણાવી છે. બહમનયશ્ટ (બા. ૩-૩) માં ખ્રીસ્તી ધર્મને એ મુલકનો જણાવ્યોછે તે ઉપરથી પણ દિસેછે કે એ પશ્ચિમ

તરફનો મુલક છે. રોમનોએ નામ દીધેલો મુલક 'સરમાશીઆ' એ સઈરીમના મુલકનું નામ ધરાવેછે. મી૦ એન્સ્ટેદ નામનો ભૂગોળનવેશ કહેછે કે "સરમાશીઆ તે વીસ્ચુલા નદી (જે પોલાંડ અને પ્રશીઆમાંથી વેહી બાલટીક સમુદ્રમાં ખાલી થાયછે) અને કાસ્પીઅન સમુદ્રની વચ્ચે આવેલા યુરોપ અને એશીઆનાં મુલકને રોમનોએ આપેલું નામ છે."

[illegible] = સઉર્વ. વં. ૧૦—૯. એક દેવનું નામ. પેહેલવીમાં [illegible] વેદમાં શર્વ. એ શેહેરેવરની સામેનો દેવ છે (બુનદેહેશ બા. ૩૦—૨૯). એ દેવનું કામ શું છે તે માટે બુનદેહેશ (બા. ૨૮—૯) કહેછે કે તેનું કામ ગેર કારોબાર, જુલમીદાર અને છાકટપણું છે. બુનદેહેશમાં એને [illegible] (પા. ૭૬—૭) અને કેટે [illegible] કહ્યોછે. કોઈક પેહલવી લખાણમાં એને 'સારૂ' કહ્યોછે (ઉવેસ્ત તેક્ષ્ટ II પા. ૩૧૯. માનુશચેહેરનાં પત્રો I બા. ૧૦—૯).

[illegible] = સએન. ય. ૧૩—૯૭, ૧૨૬. એક નામીચા પુરૂષનું નામ છે. ફરવરદીનયષ્ટના એ ફકરામાં એને 'સએન અહુમસ્તુતો' કહયોછે. એ રપીથવનની આફ્રીનનો 'સએન અહુમ સતુંદાન' છે ત્યાં એને જરથોસ્ત, ગુસ્તાસ્પ, જામાસ્પ અને ફરાશોસ્તરનાં નામની પછી તુરત યાદ કર્યોછે. એ ઉપરથી દીસેછે કે એ જરથોસ્તી દીનની એઓની માફક કોઈ મોટી સેવા બજાવનાર હોવો જોઈએ. વળી એ આફ્રીનમાં એના નામની સાથે હેરબદો, શાગેર્દો, દીન શીખનારાઓ, દીન જાણનારાઓ વીગેરેને યાદ કર્યાછે તે ઉપરથી પણ દીસેછે કે નવી જરથોસ્તી દીન ફેલાવવામાં તેણે મોટો ભાગ લીધેલો હોવો જોઈએ. દીન શીખવનાર તરીકે એનું નામ એટલું તો મશહુર થઈ ગયલું દીસે છે કે પાછળથી 'દીન શીખવનાર' તરીકે એનું નામ એક સામાન્યનામ કદાચ ગણાયું હોય. એરવદ અસપંદીઆરજી રબાડી રપીથવનની આફ્રીનનો તરજુમો કરતાં એ પ્રમાણે એના નામને સામાન્યનામ ગણી અર્થ કરેછે કે "દીનદાર લોકો જે નેકીના કરનારા, કાર્યદક્ષ અને એમાનદારીથી દીનની ઉપર કાયમ રેહનારાઓ". એ સઘળા ઉપરથી દીસેછે કે એ જરથોસ્તી દીન શીખવનાર એક જાણીતો પુરૂષ હતો. ફરવરદીનયષ્ટમાં એને સો શાગેર્દીવાળો કહ્યોછે તે ઉપરથી દીસેછે કે જરથોસ્તી દીન તેણે સો નવા શાગેર્દોને શીખવી હોય. ફરવરદીનયષ્ટમાં એ બાબે નીચલો ફકરો છે [illegible]

[illegible]

[illegible] એટલે "જે સો ચેલાઓવાળો પેહેલવેહેલો આએ જમીન ઉપર આગળ વધ્યો". એરવદ તેહમુળજીવાળાં પેહેલવી જરથોસ્તનામામાં એ શખસ વિષે નીચલો ફકરો મળેછે જે બરાબર ફરવરદીનયષ્ટનાં ઉપલા ફકરાનો તરજુમો છે. [illegible]

[illegible] એટલે "જે સો ચેલાઓ (હાવીશ્ત) સાથે આએ જમીનપર આગળ વધ્યો". એ પુસ્તક પ્રમાણે તે પએગમબર જરથોસ્તે દીન જાહેર કરવા પછી ૧૦૦ મે વર્ષે જનમ્યો હતો અને ૧૦૦ વર્ષ જીવી દીન જાહેર થવા પછી ૨૦૦ મે વર્ષે ગુજરી ગયો

હતો. એ ઉપરથી દીસેછે કે અવસ્તાના (સતો) ૧૦૦ નાં આંકડાએ તેની જીંદગીમાં અગતનો ભાગ બજાવ્યો છે. તેના ૧૦૦ શાગેર્દ હતા તે ૧૦૦ વર્ષ જીવ્યો હતો અને દીન જાહેર થયા પછી ૧૦૦ મે વર્ષે જનમ્યો હતો. દીનકર્દના પેહેલા દફતરમાં (દ. પેશોતનનું વા. ૧ પેહેલવી તેક્ષ્ટ પા. ૧૦) [illegible] કરી એક શખ્સનું નામ આપેછે જે દસતુરજી પેશોતન 'દાયુન' કરી વાંચેછે. પણ એરવદ શેહેરીઆરજી અને તેહેમુલજી તે 'સએન' વાંચેછે અને કહેછે કે તે સએન તે એજ ફરવરદીનયષ્ટ અને રપીથવનનીઆફ્રીનવાળો 'સએન' છે. એ સએનની જે હકીકત એરવદ તેહમુલજી પોતાનાં પેહેલવી જરથોસ્તનામાને આધારે આપેછે તે ઉપરથી દીનકર્દનો [illegible] તે 'સએન' જ દીસેછે અને નહી કે 'દાયુન'. એરવદ તેહમુલજી પ્રમાણે દીનકર્દ પણ એ સએન (જુદી રીતે વાંચતાં દાયુન) વિષે જણાવેછે કે પએગમબર જરથોસ્તે દીન જાહેર કરવા પછી તે ૧૦૦ મે વર્ષે જનમ્યો હતો અને ૨૦૦ મે વર્ષે એકસો વર્ષની જીંદગી ગુજારી મરણ પામ્યો હતો. દીનકર્દ એને માશ્રે જોડનાર જણાવે છે.

એવું દીસેછે કે આથવ્ય, સામ, કયાન જેવાં ખાનદાનોની માફક એનું ખાનદાન પણ મશહુર થયલું હતું. એનાં ખાનદાનનાં કોઇ નામીચા નરો વિષે ફરવરદીનયષ્ટ (ફ. ૧૨૬) માં બોલવામાં આવેછે.

(૨) [illegible]=સએન. ય. ૧૨-૧૭;૧૪-૪૧. એક પક્ષીનું નામ. એને બુનદેહેશમાં (પા. ૨૯-૧૩. બા. ૧૪-૧૧.) [illegible] [illegible] [illegible] એટલે "ત્રણ જાતનું સીન" કહ્યુંછે. એ સઘળાં પક્ષીઓનું સરદાર ગણાયુંછે (બા. ૨૪-૨૯). એ પક્ષીનું ઝાડ અવસ્તા (ય. ૧૨-૧૭) પ્રમાણે વોઉરૂકશ દર્યામાં છે અને તે "હુબીશ, એરેધ્વોબીશ અને વીસ્પોબીશ" નામથી જણાયલુંછે. બુનદેહેશમાં એને ત્રણ જાતનું 'સીન' કહ્યુંછે તે કદાચ એનાં એ ત્રણ નામ ઉપરથી હોય. મીનોખેરદ (બા. ૬૨-૩૭) માં એ પક્ષીનાં વર્ણનમાં જણાવેછે કે તેનો માળો "જદ-બીશ" એટલે "દુઃખ દરદની સામેનાં ઝાડ" ઉપર છે. તેનાં ભારથી તે ઝાડની હજારો ડાંખળીઓ ભાગી જાયછે અને જ્યારે તે ઉડી જાયછે ત્યારે હજારો ડાંખળીઓ ઉગી નીકલેછે. એનાં ભારથી ભાગેલી ડાંખળીઓ ઉપરનાં બીજ ચીનાનરૂ (ચમરૂ) પક્ષી ચુંટી લઇ જ્યાં તેશ્તરનું મથક હોયછે ત્યાં લેઈ જાયછે, એટલે પાણીઓ એનાં બીજ બીજા મુલકો જ્યાં વરસાદ પડતો હોય ત્યાં લેઈ જાયછે અને તેનો વધારો થાયછે.

[illegible]=સએનિ. ય. ૪-૨૦. એક દેવનું નામ. દસતુર પેશોતનજી પ્રમાણે એ દેવનું કામ નુકશાન કરવાનું છે (દીનકર્દ વા. ૨-૬૫).

[illegible]=સઓક. વં. ૧૯-૩૭; ૨૨-૩, ૬, ૧૦, ૧૬, ૧૭. ય. ૧-૨૧; ૨-૨; ૧૩-૪૨. એક ફરેસ્તાનું નામ જે ફાયદો પોહોંચાડેછે. વંદીદાદ (પરગરદ. ૨૨) માં એને તનદોરસ્તીના ફાયદા ઉપર મવકકલ ગણેલો છે અને તેની યાદમાં હજારો જાનવરોને નેસાર તરીકે ભેટ આપવા કહ્યાંછે.

[illegible]=સઓકન્ત. એક પહાડનું નામ. ખુરશેદની નીઆએશમાં આપણે ભણીએ છીએ કે "સઓકન્તેમ ગઈરીમ. મજદ-ધાતેમ. યજમઇદે" એટલે "અહુરમજદનાં પેદા કરેલા સઓકન્ત પહાડને અમો આરાધ્યે છીએ". એ સઓકન્ત શબ્દને હાલ ફક્ત એક વિ-

શેષણ ગણી અર્થ કરેછે કે "રોશન ચળકતો પહાડ". સ્પીગલ, કાંગા અને દાર્મેસ્ટેટે એને એક પહાડનું નામ ગણેછે. એ પહાડ તે કીઆ તે માલમ પડતું નથી. દાર્મેસ્ટેટે એ શબ્દ ઉપર સંસ્કૃત તરજુમા ઉપરથી નીચલી નોટ આપેછે. "સઓકન્ત પહાડ ઉપર જમીનનાં તળીઆંમાંથી આવતો એક સોનેરી નલ છે. જમીનની સપાટીપરનું પાણી તે નલનાં છીંદ્ર મારફતે આકાશમાં જાયછે અને પવનથી સઘળી બાજુએ ઘસડાઈ જઈ 'દવ' ઉત્પન્ન કરેછે". બુનદેહેશના બાબ ત્રીજા (ફ. ૩, ૫) માં અલબુર્ઝ પહાડપરનાં પાણીનાં વેહેવા વિષે વર્ણન આવ્યું છે તેને મળતું મને એ વર્ણન દિસેછે. ત્યાં કહેછે કે અલબુર્ઝનાં ઉંચા ભાગપરથી પાણી હુકર્ઇર્ય પહાડ ઉપર એકઠું થાયછે જ્યાંથી બીજે ઠેકાણે ફેલાયછે. ત્યાં પણ કહેછે કે એ સઘળું સુનેરી નલો મારફતે થાયછે. એ ભૂતળવિદ્યા સબંધી બનાવનું અલંકારીક વર્ણન મને દિસેછે. જમીનના માંહેલા ભાગોમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પાણીનાં વહેવાનાં જે માર્ગો હોયછે તેનો એ ઇસારો છે. બુનદેહેશનાં વર્ણનનાં સરખાપણા ઉપરથી એ 'સઓકન્ત પહાડ' 'હુકર્ઇર્ય' પહાડની નજદીકનો કોઈ ભાગ હોય.

[illegible]=સઓબ્યાંસ. ય.૧૩-૧૨૯. જુઓ—[illegible] શબ્દ. એને માટેનાં અને એનાં સાથીઓ માટેનાં દાદસ્તાનેદીનીનાં પેહેલવી લખાણ માટે જુઓ [illegible]

[illegible] = સતવએસ. ય. ૮-૯, ૩૨, ૬૨; ૧૩-૪૩, ૪૪. એ એક તારાનું નામ છે. તેનું નામ તીશત્રયની સાથે આવેછે. એનાં બીજા સાથીઓ તરીકે 'વનંત' અને 'હફતોરંગના' નામ આવેછે. બુનદેહેશમાં એને સતવસ [illegible] લખ્યોછે. આકાશમાં એ અને એના સાથીઓ કઈ જગ્યાએ છે તે વિષે નીચે પ્રમાણે કહ્યુંછે. તીશત્રય તે પૂર્વ તરફનો સરદાર, સતવસ તે પશ્ચિમ તરફનો, વનંત તે દક્ષિણ તરફનો અને હફતોરંગ તે ઉત્તર તરફનો. ડા. ઉવેસ્ત કહેછે કે એઓમાં તીશત્રય તે Sirius છે. Antares (in scorpio) તે સતવસ છે. વનંત તે Fomalhaut અને હફતોરંગ તે Ursa major છે (બા. ૩૨-૭). એ સતવસ સેતારાના નક્ષેતરમાં અનાહીત (શુક્ર) સેતારાને જણાવ્યોછે (બા. ૫-૧ પા. ૧૨-૨૦). સતવસ નામનાં દર્યા ઉપર એ સેતારાની અસર જણાવી છે (બા. ૧૩-૧૨). એ સેતારાનું નક્ષત્ર હુકર્ઇર્ય પહાડને માથે જણાવ્યું છે. (બા. ૨૮-૧૭). દાદસ્પરમ કેતાબમાં પણ સ[illegible]સનાં આખ્યાતને એ સેતારા સાથ સંબંધ દેખાડ્યોછે (બા. ૬-૧૬). પ્રોફેસર ગાઈગર એ સેતારાને Vega ધારેછે.

[illegible]=સઘનંઘ. ય.૧૩-૧૧૫. એક પુરૂષનું નામ જે ઉસ્નનો બાપ થાય. સ્પીગલ એ બન્ને શબ્દોને સાથે લેઈ એકને બીજાનો વડવો લેવાને બદલે એકજ નામ લેછે કે "ઉસ્ન. સઘનાઓ".

[illegible] = સનક. ય. ૧૦-૧૦૮; ૧૨-૧૯. દાર્મેસ્ટેટે એને રંગા (તાઈગ્રીસ) નો ઉત્તરનો ભાગ ગણેછે. બીજા તરજુમો કરનારા એને 'મેદાન' ને અર્થે સામાન્યનામ લેછે.

[illegible] = સવંઘ વાચ. ય-૫-૩૪; ૯-૧૪; ૧૫-૨૮; ૧૩-૩૮. પેહેલાં એરવદ શેહેરીઆરજીએ અને પછી પ્રોફેસર દાર્મેસ્ટેટરે એ નામને શાહનામાના શેહેર નાઝ [illegible] સાથ અને એની સાથવાળાં નામ 'એરેનવાચ'ને શાહનામાનાં અરન

વાત ژوُرا સાથે સરખાવ્યાંછે. જુઓ [Avestan] શબ્દ.

[Avestan] = સવહિ. વં. ૧૯-૩૯. પેહેલવી સરેહેનો [Avestan]. બુનદેહેશનો [Avestan] સવહ. એ સાત કેશ્વરોમાંનો એક કેશ્વર છે. બુનદેહેશ (બા. ૧૧-૩) પ્રમાણે તેખનીરથનાં કેશ્વરની પૂર્વ દિશાએ છે. બુનદેહેશ એ કેશ્વરનાં વડા ધર્મગુરૂ તરીકે "હોઅઝરોદથહિહેનો. પરેસ્તયરો" [Avestan] [Avestan] નામનાં શખસને જણાવેછે (પા. ૬૮–૫. બા. ૨૯–૧) જે શખસને ડા. ઉવેસ્ત ફરવરદીનયષ્ટ (ફ. ૧૧૦) નો "જરોદંઘુ-પઈરિશાતીર" ધારેછે.

[Avestan] = સાઇનિ. ય. ૧૩–૧૪૪. એક મુલકનું નામ. બુનદેહેશમાં એને [Avestan] સીન કહ્યોછે (પા. ૩૮–૫. બા. ૧૫–૨૯). હારલે એને કાસ્પીઅનની પશ્ચિમે ધારેછે. દાર્મસ્ટેટે એને ચીન ધારેછે તે વાજબી છે કારણ કે એકતો બુનદેહેશમાં કહેછે કે એને [Avestan] ચીનસ્તાન પણ કહેછે.

એ ચીનસ્તાન શબ્દજ ચીનનો મુલક દરસાવેછે. બીજું તો 'ચીન' ને ફારસીમાં ઘણીકવાર 'શીન' પણ લખેછે. ત્રીજું ફીરદોસી પ્રમાણે ફરેદુને પોતાનાં બેટાઓને જે મુલક વેહેચી આપ્યા હતા તે ફરવરદીનયષ્ટનાં ઉપલા ફકરાનાં પાંચ મુલકો છે. તેમાં ઈરાન એરયને, સેલમને સઈરિમ અને દાહી (તે બાવરતરફનો મુલક) અને તુરને તુઇર્ય અને સાઇનિ (તુરાન અને ચીન). (મોહલ વા. ૧ પા. ૧૩૮).

دیگر تور را داد توران زمین
ورا کرد سالار ترکان و چین

[Avestan] = સાઇરિવાઓ. ય. ૧૯-૪. એક પહાડનું નામ.

[Avestan] = સાઉરૂ. વં. ૧૯-૪૩. એક દેવનું નામ છે. જુઓ [Avestan]. એ દેવનું નામ બંને રીતે લખાયલું મળેછે. વંદીદાદની પરગરદ ૧૦ (ફ. ૯) માં જે [Avestan] છે તે આએ [Avestan] છે તે એ ફકરાઓની મતલબ ઉપરથી અને બન્નેની સાથે ઇંદ્રિ અને નાઓંઘઇથ્યના નામો આવેછે તે ઉપરથી દિસેછે.

[Avestan] = સાઓંઘ. ય. ૧૩-૧૨૮. એક પુરૂષનું નામ જે બાઓંઘનો વડવો થાય. સ્પીગલ એ બન્ને નામોને જુદાં લેઈ એકને બીજાનો વડવો ગણવાને બદલે સાથે લેઈ એકજ નામ "બાઓંઘ સાઓંઘ" કરી લેછે.

[Avestan] = સામ. ઈ.૯–૧૦. ય. ૧૩-૬૧, ૧૩૬. એક પુરૂષનું નામ. એ બુનદેહેશ પ્રમાણે કેરેશાસ્પનો બપાવો હતો. એના નામથી એનું ખાનદાન પણ ઓળખાતું. કેરેસાસ્પને ફરવરદીનયષ્ટમાં 'સામ' નો કહ્યોછે તે એ ખાનદાનને અર્થે છે. થ્રિત નામનાં પુરૂષને ઇજિશને (હા. ૯-૧૦) માં સામનાં ખાનદાનનો નામીચો પુરૂષ કહ્યોછે તે થ્રિત એ સામનો છોકરો થાય. એનાં ખાનદાનને કેરેસાસ્પે એટલું તો મશહુર કર્યું હતું કે બુનદેહેશમાં અને બીજી પેહેલવી કેતાબોમાં કેરેસાસ્પને માટે બોલવામાં આવેછે તો 'સામ' તરીકેજ બોલવામાં આવેછે. એની ચહડ ઉતર પેહેડી માટે જુઓ મોટી વંશાવળી. એનું ખાનદાન ફરેદુનથી ઉતરી આવ્યુંછે (બુનદેહેશ બા. ૩૧-૨૭). શાહનામાનાં સામ નરીમાનથી એ જુદો શખસ છે. જે પ્રમાણે આફ્રીનગાનનાં દિબાચામાં નામ દેવામાં આવેછે તે પ્રમાણે શાહનામાનાં સામ નરીમાનનો એ બપાવાનો બપાવો

દિસેછે. બુનદેહેશમાં એ બન્ને સામોની પેહેડી જુદી જુદી ઉતારીછે. પણ એ બન્ને વચ્ચેની સગાઈ જણાવી નથી. આફ્રીનગાનનાં દિબાચા પ્રમાણે એ બન્ને સામોને જોડનાર નામ 'નરીમાન' બુનદેહેશમાંથી મળતું નથી.

[illegible] = સાયુજદ્રિ. ય. ૫-૭૨; ૧૩-૧૧૩. એક પુરૂષનું નામ જેનાં છોકરા અરાવઝદ અને ફ્રિતને ફરવરદીનયષ્ટમાં સાથે આરાધ્યા છે અને જે છોકરાઓએ અર્દ્દવીસુરની સામટી સેતાયશ કરી હતી અને તુરાની દાનુઓ ઉપર અને કરઅસબન અને વરઅસપન ઉપર ફતેહ ઇછિવાની મોરાદ ચાહી હતી જે પાર પડી હતી.

[illegible] = સાવંઘિ. ઈ. ૧-૩...

જુઓ [illegible]

[illegible] = સિચિદવ. ય. ૧૯-૫. એક પહાડનું નામ. બુનદેહેશ (પા. ૨૨૫ બા. ૧૨-૨) માં એને [illegible] 'સીચીદવ' કહ્યોછે. એના મથક માટે ત્યાં કહેછે [illegible] એટલે "(તે) કનદિઝ (કંગદિઝ) માં જે (પહાડો) છે તેમાંનો એક પહાડ છે."

[illegible] = સીમએજિ. ય. ૧૩-૧૦૫. એક પુરૂષનું નામ. તે 'માઅવાક' નામનાં એક જાણીતા 'એરવદ' નો બાપ થાય.

[illegible] = સુઘ્ધ. ય. ૧૦-૧૪. વં. ૧-૫. અઇર્યનવેજ પછી બીજું શેહેર વંદીદાદપ્રમાણે ગાઉમ છે કે જેની રાજધાની સુઘ્ધો છે. એ સુઘ્દ હાલનું સોગદીઆના (Sogdiana) છે એમ ચોકસ થયુંછે. કેટલાકો ધારેછે કે એ શેહેરની પાસેથી સોગ્દ નામની નદી વેહેછે તે ઉપરથી એ નામ મળેલુંછે. પણ એ શેહેરના નામઉપરથી એ નદીનું નામ પડ્યું હોય એ વધારે સંભવીક છે કારણ કે અસલનાં વખતમાં માણસો અને જગાઓના નામો પડતાં તે તેઓનાં કોઈ ગુણ દેખાડનાર શબ્દ ઉપરથી પડતાં જેમ આએ શેહેરનાં બાબમાં પણ બન્યું હોય. એ શેહેરનું નામ [illegible] સુઘ્ 'એટલે' [illegible] પ્રકાશવું એ ધાતુ ઉપરથી પડ્યુંછે અને એવું ધારવામાં આવેછે કે એ શેહેરમાં એક આતશ સ્થાપવામાં આવ્યો હોય. પ્રોફેસર યુસ્તી એ સોઘ્દ નદી તે આગળના પોલીટીમેટ્સ Polytymatus અને હાલની જરફશાન ધારેછે. સોઘ્દ અને સોગદીઆના નામોનાં સરખાપણાં ઉપરથી સઘળા યુરોપીઅન વિદ્વાનો એક મતે એની જગા હાલનાં સોગદીઆનાં તર્ફે સમરકંદની પડોશમાં મુકરર કરેછે જે હાલનાં નકશા ઉપર નજર કરતાં "સમરકંદ" થી થોડાક તફાવતે દિસેછે. એ શેહેર સમરકંદની પડોશમાં છે એમ ફરહંગે જેહાંગીરી અને અનજુમનઆરા નામનાં ફારસી શબ્દકોશો પણ જણાવેછે. પ્રોફેસર હારલે જેમ બીજાઓ લેછે તેમ 'સુઘ્દ' ને 'ગઓ' ની રાજધાની ગણતો નથી પણ ગાઓને સુઘ્દની રાજધાની ગણેછે. પણ ૯ મા અને ૧૧ મા ફકરાઓમાં આવેલાં નામ ઉપરથી પેહેલોજ અર્થ દરૂસ્ત દિસેછે. વળી હારલે એમ પણ ધારેછે કે 'ગાઓ' સોગદીઆનામાંથી વેહેતી નદિ જે પોલીટીમેટસને નામે પછી જણાયલી હતી તેનું નામ હોય. એ સુઘ્ધ શેહેરને વંદીદાદનાં પેહલવી તરજુમામાં [illegible] કહ્યુંછે (સ્પીગલ પેહેલવી વંદીદાદ પા. ૩-૩). બુનદેહેશમાં એ મુલકને [illegible] સુરાક

લખ્યોછે (બા. ૧૫—૨૯) અને ત્યાં અસલમાં વધતી જતી વસ્તીને પંથરાતી જણાવીછે જે વંદીદાદની પેહેલી ફરગરદનો ઇશારો છે. અલબુર્ઝ પર્વતમાંથી નીકળીને એ મુલકમાંથી 'અરગ' (અવસ્તાની રંગહા) ને વેહેતી જણાવી છે. બુનદેહેશમાં એ મુલકને સોઘ [illegible] (પા. ૫૨—૭. બા. ૨૦—૧૯) પણ લખ્યોછે.

[illegible] = સૂરો-યજત. ય. ૧૩—૧૧૮. એક પુરૂષનું નામ.

[illegible] = સ્કારયત્-રથ. ય. ૧૩—૧૦૮. એક પુરૂષનું નામ.

[illegible] = સ્તએર. ઈ. હા ૧૦-૧૧. જુઓ [illegible].

[illegible] = સ્તઓત યસ્ન. સતુદયશ્ટ. આંકુએટીલ પ્રમાણે ઇજશનેનાં ૫૮ મા હાથી સેવટ સુધીનાં હા એ યશ્ટનાં હા તરીકે ગણાતા હતા.

[illegible] = સ્તઓતર. ય. ૧૩-૧૧૧, ૧૪૦. એ બન્ને ફકરામાં "સ્તઓઓ્રો વહિસ્તહે અષ્યેહે" શબ્દો આવેછે તેને દારમેસ્ટેટે એક ધણીનું "સ્તઓતર-વહિશ્તહે અષ્યેહે" કરી એક નામ લેછે. સ્પીગલની નકલમાં છેલ્લો 'અષ્યેહે' શબ્દ મળેલોજ નથી તેથી તે 'સ્તઓત વહિશ્ત' કરી એક શખસનું નામ લેછે. હારલે પણ એમજ લેછે. મેહેરજીરાણા વાછા એ ત્રણે શબ્દોને જુદા લેઇ 'અષ્ય અને સ્તઓતર' ને વિશેષનામ લેઈ વહિશ્તને વિશેષણ લેછે અને અર્થ કરેછે કે "અષ્યના પવિત્ર અને સૌથી સરસ સ્તઓત્ર." પણ એઓ એજ વાક્યમાં ફ. ૧૪૦ માં 'સ્તઓત્રવહિશ્ત' તરીકે વિશેષનામ લેછે. કોઇ પણ રીતે લેતાં એ પુરૂષ કોણ હતો તે માલમ પડતું નથી.

એની ઉક્ષ્યેદન્તિ નામની ધણીઆણી હતી તેનાં ફરોહરને પણ યાદ કર્યુંછે.

[illegible] = સ્તિપિ. ય. ૧૩-૧૨૩. એક પુરૂષનું નામ જે 'જરવંત'નો છોકરો યા ખાનદાની થાય. હારલે અને સ્પીગલ 'સ્તિપોઇશ રવતો' શબ્દોમાં રવંતને વિશેષનામ લેઇ સ્તિપિનો વડવો લેવાને બદલે વિશેષણ લેછે. હારલે brillant એટલે રોશન એમ અર્થ કરેછે અને સ્પીગલ 'જતો' એમ અર્થ કરેછે.

[illegible] = સ્તિવન્ત. ય. ૧૩-૧૨૧. એક પુરૂષનું નામ જે ફ્રાદત-વંઘુનોવડવો થાય. એ ફકરામાં આવેલા શબ્દો 'ફ્રાદત-વંઘેઉશ-સ્તિવતો' ને બે જુદાં જુદાં નામો લેઇ એકને બીજાનો વડવો લેવાને બદલે સ્પીગલ 'ફ્રાદતવંઘુસ્તિવાઓ' કરી એકજ શખસનું નામ લેછે.

[illegible] = સ્નઓય. ય. ૧૩-૯૯. એક પુરૂષનું નામ જે 'વોહવસ્તિ'નો વડવો થાય. સ્પીગલ એને વિશેષનામ લેવાને બદલે વોહવસ્તિનું વિશેષણ લેછે અને સ્નઓયને સ્નાયુ sinew સાથે સરખાવી અર્થ કરેછે કે સ્નાયુવાળો (sinewy) એટલે મજબુત. 'વોહવસ્તિ' જે નામનું એ વિશેષણ લેછે તેનો છુટો અર્થ પણ "મજબુત બદનવાળો" એમ થાય.

[illegible] = સ્નાવિધક. ય. ૧૯-૪૩. એક બુરો શખ્સ જેને કેરેસાસ્પે માર્યો હતો. એને નાની ઉમરેજ કેરેસાસ્પે માર્યો હતો. એ ધમકી આપતો કે જો તે મોટો થશે તો આસમાનને પોતાની ગાડી બનાવશે અને પૃથ્વીને તેનું ચક્ર બનાવશે. કેરેસાસ્પને લગતી પેહેલવી રેવાયતમાં એ શખ્સને મારવાનાં પરાક્રમ વિષે કાંઇ લખ્યું નથી. ઉવેસ્તરગાર્ડ એને "ફક્ત ઇચ્છાની મગરૂબ શક્તીનું એક સજીવારોપણ" ગણેછે.

[illegible] = સ્પેજઉરૂશ્ક. ય.

૯-૩૧; ૧૭-૫૧. એક દેવ અથવા બુરા શખસનું નામ છે જેને મારવા માટે ગુસ્તાસ્પ ગોશ અને અશીશંગયષ્ટમાં દુઆ ગુજારેછે. એ અરજાસ્પની સંફનો તેનાં લશ્કરનો કોઇ બુરો સરદાર દીસેછે.

[illegible]=સ્પિત-ગઓન. ઇ. ૧૦-૧૧. જુઓ [illegible]

[illegible]=સ્પિતમ. ઇ. ૪૬-૧૫. એક ખાનદાનનું નામ. એ ખાનદાન 'હએચતઅસ્પ' નાં નામથી પણ જણાયલું હતું. એ ખાનદાનનાં ઘણાં પુરૂષો જરતોશ્તનાં પેહેલા શાગેર્દો હતા અને વળી તઓ જલદીથી સારાંનરસાંને પીછાનનારા હતા. પએગમબર જરતોશ્ત પોતે એ ખાનદાનનો હતો તેથી એને વારે ઘડીએ ફક્ત એનાં ખાનદાની નામ 'સ્પિતમ' થી પણ બોલાવવામાં આવેછે. એ ખાનદાને પોતાનું એ નામ જરતોશ્તનાં નવમા વડવા સ્પિતમ ઉપરથી લીધેલું હતું જે મીનોચેહેરનાં છોકરા દુરાસ્રોબનાં બીજા છોકરા રગનથી ઉતરેલો હતો. એની ચહડ ઉતર પેહેડી માટે જુઓ મોટી વંશાવળી. વજરકર્દ-દીની પણ એને જરતોશ્તનો ૧૧ મો વડવો જણાવેછે. મસુદી નામનો અરબ લખનાર એ નામ 'અસીઆમાન' આપેછે.

[illegible] = સ્પિતવરેનંઘ. ય. ૧૯-૬. એક પહાડનું નામ.

[illegible] = સ્પિતિ. ય. ૧૩-૧૨૧. એક પુરૂષનું નામ જે ઉસ્પાશ્નુનો છોકરો યા તેની પેહેડીનો થાય. સ્પીગલ 'સ્પિતિ ઉસ્પાસ્નુ' કરી એકજ નામ લેછે. એ " સ્પિતિ ઉસ્પાશ્નઓરા " તે બુનદેહેશ (ફ્ર. ૬૮-૬ બા. ૨૯-૧) નો -[illegible] [illegible] [illegible] "સ્વઇત નિદિ-હુસ્પાસ-યાન" છે જે ત્યાં જણાવેછે કે ફ્રદધફશુના કેશ્વરનો વડો ધર્મગુરૂ હતો.

[illegible]=સ્પિત્યુર. ય. ૧૯-૪૬. એક પુરૂષનું નામ. એ બુનદેહેશ (પા. ૭૭-૮ બા. ૩૧-૫) નો [illegible] સ્પીતુર છે. એ કેતાબ પ્રમાણે એ જમશેદનો ભાઈ હતો. જમ્યાદયષ્ટવાળો 'સ્પિત્યુર' તે બુનદેહેશવાળો જમશેદનો ભાઇ 'સ્પીતુર' જ છે તે એટલા ઉપરથી માલમ પડેછે કે અવસ્તામાં એ સ્પિત્યુરને "યિમો કરેઅંતેમ" એટલે "જમશેદને કાપી નાંખનાર" કહેછે તેજ પ્રમાણે બુનદેહેશમાં સ્પીત્યુર માટે કહેછે કે-[illegible]

[illegible]

એટલે " સ્પીત્યુર તે હતો કે જેણે દહાકની સાથે જમશેદને કાપી નાખ્યો." બુનદેહેશ પ્રમાણે એ જમશેદનો બીજો ભાઇ હતો.

[illegible] ([illegible]) =(આતર) સ્પેનિશ્ત. ઇ. હા ૧૭-૧૧. ધાતુ પ્રમાણે એનો અર્થ 'વૃદ્ધી કરનાર' ([illegible]= શ્વિ=વૃદ્ધ કરવી) થાયછે. એ આપણો જમીન ઉપરનો સાધારણ આતશ છે, એમ નીચલી દલીલો ઉપરથી માલમ પડેછે. બુનદેહેશ (બા. ૧૭-૧) અને ઝાદસ્પરમ (બા. ૧૧-૨) પ્રમાણે એ આતશ આએ દુનીઆમાં બળતો આતશ છે કે જેને આતશ બેરામના આતશાની માફક ખોરાક જોઇએ છે અને પાણી નથી જોઇતું. એ ખોરાક તે તેને બળતો રાખવા માટે જોઇતું બળતણ છે. ઝાદસપરમ તેની ઉત્પત્તી આકાશમાં જણાવેછે અને કહેછે કે જમીનપર બળતો આતશ તેનું નજરે પડતું રૂપ છે. વળી તે જણાવેછે કે સઘળા આતશ એ વર્ગના છે. ઉપલા વર્ણન ઉપરથી માલમ પડેછે કે સ્પેનિશ્ત તે આપણો દરરોજ રસોઇ અને બીજાં કામોમાં નજરે પડતો અને ઉપયોગી

થતો સાધારણ આતશ છે. કારણકે એ વર્ણનમાં બોલ્લું કહેછે કે એ આતશ આએ જમીન ઉપર નજરે પડતું રૂપ છે. ઇજશનેમાં કહેલા બીજા આતશો વોહુફ્રયાન (પ્રાણીનાં દીલની ગરમી animal heat) ઉર્વાઝિશ્ત (ઝાડ પાનની ગરમી) અને વાઝીશ્ત (electricity વિજળી) કાંઈ જમીન ઉપર નજરે પડતાં રૂપો નથી. વળી તેને ખોરાક જોઈએ છે અને પાણી જોઈતું નથી તે ઉપરથી પણ માલમ પડેછે કે તે આપણો સાધારણ આતશ છે જેને બળતાણની અગત છે પણ પાણીથી તો તે સામો બુજાઈ જાયછે. વિજળીનાં આતશમાં બેઉની અગત નથી. ઝાડપાનની ગરમીને પાણીની અગત છે ખોરાકની નહી. પ્રાણીની ગરમીને બેઉની અગત છે. એ ઉપરથી ત્યારે તે આપણો સાધારણ આતશ જે ગરમીનું નજરે પડતું રૂપ છે તે દીસે છે. એ આતશને ખોરાકની અગત છે તે આતશની નીઆએશ (ફ. હા-૬૨-૮) માં પણ જણાવ્યુંછે જ્યાં જણાવેછે કે આતશ તેની સનમુખ આવનાર તરફ નજર કરેછે કે તે તેને માટે કાંઈ ખોરાક (બળતન) લાવ્યો છે કે નહીં. વળી એ સ્પેનીશ્ત આતશ તે ગરમીનું નજરે પડતું રૂપ અને આપણી પૃથ્વી ઉપર બળતો સાધારણ આતશ છે તેની એક બીજી સાબેતી ઉપલા ઇજશનેના ૬૨ માહા (આતશની નીઆએશ) ઉપરથી મળેછે. એ આતશની નીઆએશમાં યાદ અને સ્તુતી થયલો આતશ તે આપણો સાધારણ બળતો આતશ છે તે તો નક્કી છે કારણ કે આપણે ઘડી ઘડી બીજા પુરૂષમાં [Avestan script]. 'તવ આતર્શ' એટલે તું "આતશ" એમ તેને બોલાવીએ છીએ. વળી ત્યાં બોલ્લું કહેછે કે "ઓ આતશ તું આએ ઘરમાં બળતો રહેજે. તું એસમમાં લાયક થજે વીગેરે." એ ઉપરથી પણ માલમ પડેછે કે આતશ નીઆએશ વાળો એ આતશ માણસ યા પ્રાણીનાં તનમાંનો અથવા તો ઝાડપાનની ગરમીનો અથવા તો વિજળીનો આતશ જે અનદીથ છે તે નથી પણ આપણો સાધારણ નજરે પડતો આતશ છે. હવે એ આતશ નીઆએશમાં "આતરેમ સ્પેંતેમ યજમઈદે" કરી યાદ કરેલા એ સાધારણ બળતા આતશને [Avestan script] એટલે વૃદ્ધી કરનાર શબ્દ લગાડયો છે. એ [Avestan script] શબ્દ અને ઇજશનેનો [Avestan script] શબ્દ એકજ છે. બેઉનો અર્થ વૃદ્ધિ કરનાર થાયછે. ફરક માત્ર એટલોજ છે કે પાછલો શબ્દ પેહેલા શબ્દના 'સ્પેંન્ત' ધાતુનો પરાકાટાકોટી (superlative degree) નો આકાર છે. એ પ્રમાણે એ શબ્દનાં નામ ઉપરથી ત્યારે માલમ પડે છે અને નક્કી થાએ છે કે 'સ્પેનીશ્ત' તે આપણો નજરે પડતો સાધારણ આતશ છે જે આપણાં ઘરોમાં અને પવિત્ર ક્રિયા પછી આપણા આતશદાદગાહોમાં આપણાં આતશ આદરાનોમાં અને આપણા આતશ બેરામોમાં બળેછે. હવે એ આતશને વૃદ્ધિ કરનાર શું કારણથી કહ્યોછે તે તો ખોલ્લું છે. વિદ્યા હુનરની નોકે ચહડેલા આએ ૧૯ મી સદીના જમાનામાં એ સમજવું મુશ્કેલ નથી. એ આતશ વૃદ્ધી કરનાર કેમ છે તેનો ખેઆલ બાંધવા માટે ફક્ત વાંચનારે પોતાની નજર આજુ બાજુ ફેરવવી. પોતાના ઘેરમાં મુગે મોહડે કામ આવતા આતશ ઉપરથી તેણે પોતાની નજર ચીચીઆરી મારતાં કારખાનાઓ તરફ, ફુંફારા મારતી આગગાડીઓ તરફ અને પોકાર મારતી આગબોટો તરફ ફેરવવી. ફક્ત એ ચાર જગ્યાઓ વિષે ધીરજથી વીચાર કરતાં તેની ખાતરી થશે કે આતશ 'સ્પેનીશ્ત' એટલે વૃદ્ધી કરનાર કેમ છે (જુઓ મારી ચોપડી "જમશેદ હોમ અને આતશ").

[Avestan script] = સ્પેંજઘ્ર. યં. ૧૯-૪૦.

પેહેલવી તરજુમામાં [Avestan script]. ફારસી લખાણોમાં [Avestan script]. બુનદેહેશ (પા. ૧૭-૮ બા. ૭-૧૨) નો [Avestan script] અસ્પેનજરગાક. એ એક દેવનું નામ છે. વાઝીશ્તનામનાં આતશને (એટલે વિજળીનાં આતશને) તેને મારનારો તરીકે જણાવ્યોછે (યં. ૧૯-૪૦). એ દેવ કોણ અને તેનું કામ શું તે બુનદેહેશ ઉપરથી માલમ પડેછે. એ કેતાબ પ્રમાણે તે 'અપોશ' દેવની સાથે તીશત્રીય (વરસાદનો યજદ) અને આતશ વાઝીશ્ત સામે લડેછે. આતશ વાઝીશ્ત તેશત્રીયની તરફથી એ દેવને ફટકો મારેછે જેથી તે શોકાતુર શોર કરેછે. ઝાદસ્પરમ કેતાબ (બા. ૬) પણ એવી અલંકારીક લડાઈનું વર્ણન આપેછે. એ ઉપરથી સ્પેંજગર દેવ તે 'ગગડાટ' દિસેછે. ઉપલી અલંકારીક લડાઈમાં એક બાજુએ અપોશ (ગરમાનો દેવ) અને સ્પેંજઘ્ર (ગગડાટ) છે અને બીજી બાજુએ આતશ વાઝીશ્ત (વિજળી) અને તીશત્રય (વરસાદ) છે. બુનદેહેશ (બા ૧૭-૧) માં આતશોનાં વર્ણનમાં આતશ વાઝીશ્તને માટે કહેછે કે તે તે આતશ છે કે જે એક વાદળાંમાં હોયછે કે જે વાદળું 'સ્પેનજરગાક' ની સામે લડતું રહેછે. એ વર્ણન દેખાડેછે કે વરસાદ, વિજળી, ગગડાટ, જેવા ગરમીનાં કુદરતી બનાવોનો એ ઇશારો છે. અંહી એ દેવનું નામ અવસ્તાને વધુ મળતું [Avestan script] કરી આપ્યું છે. વળી આગળ ચાલતાં કહેછે (બા. ૨૮-૩૯) કે અપોશ દેવ અને અસ્પેંનજરગાક દેવ વરસાદ સાથે કજીઆ કરતા રહેછે. આપણે ઉપર કહ્યું કે એક હાથ ઉપર 'અપોશ' અને આએ 'સ્પેંજઘ્ર' છે અને બીજા હાથ ઉપર તેઓમાંનાં હરીફ તરીકે તીશત્રીય અને આતશ વાઝીશ્ત છે. એમાં અપોશનો હરીફ તીશત્રય છે અને સ્પેંજઘ્રનો હરીફ વાઝીશ્ત છે. પણ શેકંદ ગુમાનીમાં એ અનુક્રમ ફેરવી નાખ્યુંછે અને વાઝીશ્તને અપોશનો અને તેશત્રયને સ્પેનઝગરનો હરીફ ગણ્યો છે (બા. ૮. ૫૨). પણ એ વંદીદાદનું વર્ણન જેને બુનદેહેશ ટેકો આપેછે તેથી ઉલટું છે. હમકારાની આફ્રીનમાં એને સપુઝગર કહ્યોછે અને અરદી બેહેશ્ત અને તેને લગતા આતશના હમકારોને એ દેવને મારનારા તરીકે જણાવ્યાછે. ગરમીથી બાફીકરણની ક્રિયા ચાલી પાણી વરાળ રૂપે હવામાં પથરાયછે અને હવાની વિજળી પણ ઉત્પન્ન થાયછે, અને વિજળી અને ગગડાટનાં તોફાનો સાથે એ વરાળ રૂપે ઝીલાઈ રહેલું પાણી વરસાદ તરીકે જમીન ઉપર પડેછે. એ સઘળા કુદરતી બનાવોનું એ અલંકારીક વર્ણન છે.

[Avestan script] = સ્પેન્ત. ય. ૧૩-૧૨૩. એક પુરૂષનું નામ. જુઓ [Avestan script]

[Avestan script] = સ્પેન્ત-આર્મઇતિ. અવસ્તામાં જણાવેલા સાત અમેશાસ્પંદામાંનો પાંચમો અમેશાસ્પંદ. એ ડાહાપણ અને તાબેદારી ઉપરનો મવક્કલ અમેશાસ્પંદ છે. તે ધરતી માતા ઉપર પણ મવક્કલ છે. ડાહાપણ, તાબેદારી, નમાનાપણા ઉપરનો મવક્કલ અમેશાસ્પંદ જમીન ઉપર પણ મવક્કલ છે તેનાં સંબંધનું કારણ એ કે જમીન પણ ઘણું તાબેદાર અને નમાની છે. જે બી કોઈ તેને મેહેનત લેઈ બોડેછે તેના મેહેનતને તે શરણ થાયછે અને પાક આપેછે અને તેનું પોષણ કરેછે. રીગવેદમાં પણ 'આર્મતિ' તાબેદારી અને બંદગી ઉપર મવક્કલ છે. તે પછી ડહાપણ અને જમીન ઉપર પણ મવક્કલ ગણાઈ છે.

[Avestan script] = સ્પેન્ત-મઇન્યુ.

એ અહુરમજદની વૃદ્ધિ કરનારી અને ઘાત કરનારી એ બે મીનોઇ શક્તી-માંની વૃદ્ધિ કરનારી શક્તી છે. અહુરમજદ સર્વે ચીજોને પેદા કરનાર છે. તે પેદા કરનાર છે એટલુંજ નહીં પણ અંત લાવનાર પણ તેજ છે. તે સર્વ ચીજો પેદા કરેછે, અને તેઓની વૃદ્ધી કરેછે. તેમજ તે તેઓનો ઘટાડો કરેછે અને અંત લાવેછે. હસ્તી આપનાર તે છે તેમ નીસ્તી લાવનાર પણ તેજ છે. હવે અહુરમજદ એ એકમેકથી ઊલટું દેખાતું કામ કરેછે. તે જરથોસ્તી ધર્મની વીચારનશીલ ફીલસુફી પ્રમાણે પોતાની બે શક્તિઓ મારફતે કરેછે જે બેઉ તેની શક્તીઓ મીનો તથા ગેબી એટલે અનદીઠ છે. એ બે શક્તીઓમાંની નાશ કરનારી અંગ્રમીનો છે અને વૃદ્ધી કરનારી તે સ્પેનામીનો છે. પેહેલીનું કામ અંત લાવવાનું ત્યારે બીજીનું પેદા કરવાનું છે. એ બે શક્તિઓનાં નામોનાં ધાતુજ તેઓના કામ દેખાડેછે. સ્પેંત એ શબ્દનો અર્થ (𐬯𐬞𐬀 = સ્પિ = વધારો કરવો એ ધાતુ ઉપરથી) 'વધારો કરનાર, આબાદી કરનાર' થાયછે. અંગ્ર એ શબ્દનો અર્થ (𐬀𐬢𐬵 = અંહ = દુઃખ દેવું ધાતુ ઉપરથી) 'ઘટાડો કરનાર, દુખ દેનાર' થાયછે. અવસ્તામાં નીચલી પેદાયશોને સ્પેનામીનોની ગણીછે. ખોરશેદ, માહતાબ, સેતારા, જમીન, પાણી, ઝાડપાન, કેટલીક જાતનાં પક્ષી અને પસુની પાસબાની કરનાર વીગેરે કુતરાઓ. સ્પેનામીનોની શક્તિને મદદ કરવાને જે ખ્યાલ યા વિચાર માણસનાં મનમાં આવેછે તેને વોહુમન કહયોછે અને એથી ઉલતાને 'અકમન' કહયોછે. એ સ્પેનામીનોની શક્તિના છ અમેસાસપંદો હમેશાં મદદગાર છે.

𐬯𐬞𐬆𐬧𐬙𐬋.𐬑𐬭𐬀𐬙𐬎 = સ્પેન્તો-ખ્રતુ. ય. ૧૩-૧૧૫. એક પુરૂષનું નામ. એ ફકરામાં "ઝયંઘાઓ. સ્પેન્તો. ખ્રત્વાઓ" એવા બે શબ્દો દ્વિવચનમાં આવેછે તેઉપરથી દાર્મસ્ટેટે "ઝયંઘ અને સ્પેન્તો ખ્રતુ" (ની ફ્રવશી) એમ બે જુદાં નામો લેછે. ધુસ્તી પણ એમ લેછે અને એ બન્નેના નામો સાથે આવેછે તેઉપરથી એઓને ભાઈઓ ગણેછે. સીગલ અને હારલે એ બન્ને નામોને એકજ નામ "ઝયંઘ. સ્પેન્તો ખ્રતુ" કરી લેછે. મેહેરજીરાણાવાળા એમ દ્વિવચન હોવા છતાં 'સ્પેન્તો ખ્રતુનો ઝયંઘ' એમ લેછે.

𐬯𐬞𐬆𐬧𐬙𐬋.𐬛𐬁𐬙𐬀 = સ્પેન્તો-દાત. ય. ૧૩-૧૦૩; ૨૪-૨૫. બુનદેહેશનો 𐬯𐬞𐬆𐬧𐬛𐬁𐬙 સ્પેન્દાદ (પા. ૮૧-૧૭-બા. ૩૪-૮). દસાતીરનો સાંપેહનાદ (પા. ૨૩૩). શાહનામાનો اسفندیار. એ શાહગુસ્તાસ્પનો છોકરો થાય. એની ચહડતી અને ઉતરતી પેહેડી માટે જુઓ મોટી વંશાવળી. બુનદેહેશ (બા. ૩૧-૨૯) પ્રમાણે એને ઘણાંક છોકરાઓ હતા જેમાંના ત્રણનાં નામ વોહુમન, આતરો તરસહ અને મીત્રો તરસહ કરીને આપ્યાંછે. શાહનામુ એના ચાર છોકરાઓનાં નામ આપેછે.

پسر بود اورا گزیده چهار
همه رزم جوی و همه نیزه دار
یکی نام بهمن یکی مهر نوش
سوم آذر افروز گرد بهوش
چهارم بود ش نام نوش آذرا
که بنهاد او گنبد آذرا

ફીરદોસીની એ લીટીઓમાંનું બહમન નામ તે બુનદેહેશનું વોહુમન છે. બુનદેહેશનું બીજું નામ આતરો તરસહ ફીરદોસીનાં નુશઆઝર અથવા 'આઝરનુશ' માં મળેછે. બુનદેહેશનું ત્રીજું નામ 'મીત્રોતરસહ' ફીરદોસીનાં મેહેરનુશમાં મળેછે. દસાતીર (પા. ૨૩૩,) પ્રમાણે અહુરમજદ કહેછે કે ગુસ્તાસ્પ

પાદશાહ ચાર ચીજોથી ભાગ્યશાલી થયોછે. તેમાં એક એકે તેને ત્યાં અસફંદીઆર જેવો બેટો પેદા થયોછે. અંહી એની સીફતમાં કહેછેકે (ઇજી દીર ફરબાદ વસીઆરબાદ આદ કે દેહે મુબદ વ સેપેહરબુદ અસ્ત) એટલે કે "જે આતશકદેહોની નેઘેહબાનીનો કરનાર અને દાહ્યો મુબદ અને સેપેહસાલાર છે". દસાતીર એને આતશકદેહોની નેઘેહબાની કરનાર કહેછે તેને ફીરદોસીથી ટેકો મળેછે. જ્યારે જામાસ્પ એને સમજાવીને અરજાસ્પની સામે લડવામાટે બંદીખાનેથી છોડવી લાવે છે ત્યારે તે જો અરજાસ્પની લડાઇમાં ફતેહ પામે તો ૧૦૦ આતશકદેહો સ્થાપવાની ગોયા માનતા લેછે (મોહલ પા. ૪ પા. ૪૬૮).

گر ایدون که پیروز گردم بجنگ
کنم روی گیتی بر ارجاسپ تنگ
. . . .
ز گیتی صد آتشکده نو کنم
جهان از ستمگاره بی خو کنم

લગનનાં આશીરવાદમાં " નીઝેવર બેદચુન અસ્પંદીઆર" એટલે "અસ્પંદીઆરના જેવા નેજાનાં ઉથાવનાર થજો" એમ દુઆ ગુજારવામાં આવેછે. કારણ અસ્પંદીઆરે પોતાના દેશ અને નવી સ્થાપેલી જરથોસ્તી દીન માટે ઘણી જોહેમતો ખેંચી લડાઇઓ કીધી હતી.

ફીરદોસી ઉપરથી એની લડાયક જીંદગીની નીચલી હકીકતો ઉપજાવી કહાડી છે. અસફંદીઆર અને એનો ભાઇ પેશોતન એ ગુસ્તાસ્પની کتایون કેતાયુન નામની રાણી-જેણી (રૂમના) કએસરની છોકરી થાય અને જેણીનું મહીરેનું નામ નાહીદ (ناهید) હતું તેણી-ને પેટે અવતર્યા હતા. જ્યારે શાહ અરજાસ્પે જરતોસ્તી દીન અખત્યાર કરવા સામે શાહ ગુસ્તાસ્પ ઉપર ધુંદનામું લખ્યું ત્યારે પાદશાહે એ અસફંદીઆર ઝરીર અને જામાસ્પની એક કમિટી તે નામાનો ઘટતો જવાબ લખવાને નેમી હતી. ત્યાર પછી જ્યારે લડાઇ શરૂ થઇ ત્યારે પેહેલી લડાઇમાં એનાં હાથતળે ૫૦૦૦૦ માણસોનું લશ્કર સોંપ્યું હતું. એ લડાઇમાં જ્યારે તેણે પોતાના કાકા ઝરીરને બાદરફશ નામનાં તુર્કી સરદારને હાથે માર્યો ગયલો જોયો ત્યારે તે લડાઇનાં મેદાનમાં જઇ ઉભો અને ઇરાની લશ્કરને હીમત આપવા લાગો અને નવી દીન માટે જાનફેશાની કરવાને તેઓને ઉશકેરવા લાગો. એનાં એ શબ્દો પએગમબર જરતોશ્તનાં પેલા ગાથાનાં જાણીતા શબ્દોની યાદ આપેછે કે જેમાં તે પોતાનાં સાંભળનારાઓને ધેઆન આપવા કહેછે અને પોતાને સારૂ લાગે તે પસંદ કરવા કહેછે (મોહલ વા. ૪ પા. ૪૧૨)

نگر تا چه گویم نکو بشنوید
بدین خدای جهان بگروید
بدانید شاهان که روزیست این
که بدین پدید آید از پاک دین

એમ લશ્કરને હીમત આપી તે જરીરનાં બેટા નસ્તુર સાથે લડાઇનાં મેદાનમાં ગયો અને બીદરફશને જરબ મારી બેજાન કીધો. એ લડાઇનું શેવટ એમ આવ્યું કે અરજાસ્પ નાઠો અને તેના લશ્કરે જરતોશ્તી દીન કબૂલ રાખી. હવે જ્યારે અરજાસ્પ નાઠો ત્યારે ગુસ્તાસ્પે અસફંદીઆરને લશ્કર અને ખજાનો આપી નવા મુલકોમાં જરતોશ્તી દીન ફેલાવા મોકલ્યો. તે રૂમ અને હિંદુસ્તાન અને બીજા મુલકોમાં ગયો અને ત્યાં લોકોને નવી દીન સમજાવી અને કબૂલ કરાવી. હવે અસફંદીઆરની ગેરહાજરીમાં 'ગુરઝેમ' નામનાં એક શખસે પાદશાહનાં જુઠા કાન ભર્યા કે અસફંદીઆરતો તુને બંદીવાન કરી પોતે રાજપાત લેવાનો વીચાર રાખે છે. પાદશાહ એ ખબર સાંભળી ચીંતાતુર થયો અને તેણે જામાસ્પને તેડાવી તેને અસફંદીઆરને બોલાવા મોકલ્યો. અસફંદીઆર આવ્યો કે તેને જંજીર પેહેડાવી 'ગુબંદાન' ના કીલ્લામાં બંદ કર્યો. અસફંદીઆરને બંદમાં

જોઈ અરજાસ્પે પાછું માથું ઉચક્યું અને બલખ ઊપર હુમલો લેઈ જઈ લોહરાસ્પને મારી નાખ્યો અને એ હુમલામાં જરથોસ્ત પણ માર્યો ગયો. પછી ગુસ્તાસ્પ બલખ તરફ અરજાસ્પ સામે ગયો પણ હાર્યો અને પહાડમાં જઈ ભરાઈ બેઠો ત્યારે જામાસ્પ સમજાવીને અસફંદીઆરને બંદીખાનેથી કાહાડી લાવ્યો અને બાપ સાથ મુલાકાત કરાવી. પછી અસફંદીઆરે અરજાસ્પને હરાવ્યો જે પોતાને દેશ નાઠો. તેની પુઠ હફ્તખાન વતાવતે અસફંદીઆર ગયો. પોતાની બેહેનો જેને અરજાસ્પ ચોરી લાવ્યો હતો તેઓને છોડવી અને અરજાસ્પને મારી નાખ્યો. જ્યારે તે પાછો ફર્યો ત્યારે ગુસ્તાસ્પ જે પોતાનાં બેટાની વફાદારી માટે હજુર શકમંદ હતો તેણે જ્યારે જાણ્યું કે અસફંદીઆર હવે રાજપાતની આશા રાખે છે ત્યારે તેણે તેને કહ્યું કે જો તું રુસ્તમને મારી લાવે તો હવે હું તુંને રાજપાત આપું. અસફંદીઆર એ માટે ગયો પણ રુસ્તમને હાથે માર્યો ગયો.

૨) [illegible] = સ્પેન્તોદાત. ય ૧૯-૬. એક પહાડનું નામ. એ બુનદેહેશ (પા. ૨૩-૧૯ બા. ૧૨-૨૩) નો [illegible] સ્પેન્દયાદ પહાડ છે જેની જગ્યા માટે ત્યાં કહેછે કે [illegible] એટલે "સ્પેન્દાદ (અથવા સ્પેંદયાદ) પહાડ. રેવંદ (પહાડ) નાં લતા (ઘેરાવા) આગલ છે. અસફંદીઆર અને એ પહાડનું નામ અવસ્તાપ્રમાણે એકજ હોવાથી યુસ્તી ધારેછે કે એ પહાડ તે તેજ પહાડ હોય કે જે ઉપર ગુસ્તાસ્પે અસફંદીઆરને બંદ કર્યો હતો અને જેને ફીરદોસી ગુમ્બેદાન કહેછે. (મોહલ વા. ૪ પા. ૪૬૨).

فرستاد سوی دژ گنبدان
گرفته پس و پیش اسپهبدان

[illegible] = સ્યામક. ય. ૧૯-૫. એક પહાડનું નામ. બુનદેહેશ (પા. ૨૩-૧૮ બા. ૧૨-૨૨) નો [illegible] સીયાકહુમંદ પહાડ છે જેને [illegible] સીયાકમુમંદ (કાલા બાલવાળા) એમ પણ કહ્યોછે. બુનદેહેશામાં એ પહાડ અને વફ્રોમંદ (બરફ વાળા) પહાડને માટે કહેછે કે તેઓ અપારસેન પર્વતની લાંબી હારનાં ભાગ છે અને કાબુલની સરહદ સુધી છે. એ પહાડ એમનાં નામ ઉપરથી અને બુનદેહેશે સુચવેલાં મથક ઉપરથી અફગાનીસ્તાનનો "કુહેસીહા" દિસેછે.

[illegible] ([illegible]) = સ્યાવર્ષન. (સ્યાવર્ષાન.) ય. ૯-૧૮, ૨૨; ૧૩-૧૩૨; ૧૭-૩૮; ૧૯-૭૧, ૭૭; ૨૩-૩. બુનદેહેશનો અને બીજાં પેહેલવી પુસ્તકોનો સીઆવખ્શ. ફીરદોસીનો سیاوخش દકીકીનો "સીઆવશ." શાહ કએકાઉસનો છોકરો અને કએખુશ્રુનો બાપ. આફ્રીન પએગમબર જરથોસ્તમાં એને "હુમ્બાર કેહરપેમ" એટલે "ખુબસુરત" અને 'અનાઅવનેમ' એટલે 'નિરદોષ, બેગુનાહ' કહ્યોછે. એનો છોકરો કએખુશ્રુ યશ્તોમાં દુઆ ગુજારેછે કે એના કીનામાં તે તુરાની અફ્રાસ્યાબને મારે. બુનદેહેશપ્રમાણે એની ચહડ ઉતર પેહેડી માટે જુઓ મોટી વંશાવળી. બહમનયશ્તપ્રમાણે એણે કંગદેઝનો નામીચો કીલ્લો બાંધ્યો હતો (બા. ૩-૨૫). દાદસ્તાનેદીનીમાં એને 'આઝાદ' ([illegible] પા. ૯૮૬-૯. બા. ૩૭-૩૫) એટલે "પાક અથવા અસરાફ" ગણ્યોછે. એક કેતાબમાં પણ એને કંગદેઝના સ્થાપનાર તરીકે જણાવ્યોછે (બા. ૯૦-૫).

મીનોખેરદ કેટલાક મહાન પુરૂષોથી આએ દુન્યાને થયલા ફાયદા વર્ણવતાં કએકાઉશથી થયલા લાભોમાં કહેછે કે તેને પેતે સીયાવક્ષ જેવો એક ભલો છોકરો અવતર્યો (બા. ૨૭-૫૫). સીયાવક્ષથી થયલા લાભોમાં એક તો એ કહેછે કે તેને ત્યાં કએખુશ્રુ જેવો રૂડો છોકરો પેદા પડ્યો અને બીજું એ કે તેણે કંગદેઝનો કીલ્લો બાંધ્યો. હવે અવસ્તાનાં ઈશારાએ કે તે ૧) ખુબસુરત હતો, ૨) તે નીર્દોશ હતો અને ૩) તેના કીનામાં અફ્રાસ્યાબને બંદ કરવા કએખુશ્રુએ દુઆ ગુજારી, તેનો ખોલાસો પેહેલવી પુસ્તકો ઉપરથી મળતો નથી પણ શાહનામામાંથી ખોલ્લો મળેછે. ફીરદોસી પ્રમાણે સીયાવક્ષ ઘણો ખુબસુરત હતો. તેની ઉપર સોદાબે તે તેની સાવકી મા આશક પડી. તેણીની મરજીને તે શરણ ન થયો તેથી તેણીએ તેની ઉપર ખોટું બોહતાન જોડ્યું. જે બોહતાન ખોટું પાડવા તે આતશની ચેહેમાંથી ચાલી ગયો. તે નીર્દોશ હોવાથી તેને કાંઈ નુકશાન થયું નહી. પછી કાઉશે તેને અફ્રાસ્યાબ સામે લડાઈમાં મોકલ્યો ત્યાં તેણે થોડીક લડાઈ પછી સુલેહ કીધી તેથી કાઉશ તેનાં ઉપર ગુસ્સે થયો. એ માટે સીયાવક્ષ અફ્રાસ્યાબની દરબારમાં જઈ રહ્યો ત્યાં તે અફ્રાસ્યાબની બેટી ફરંગીઝ સાથ પરણ્યો. ત્યાર પછી અફ્રાસ્યાબના ભાઈ કરસેવઝે સીયાવક્ષથી અદેખો પડી અફ્રાસ્યાબને તેને માટે જુઠું સમજાવ્યું. બન્ને જનાને એકમેક વિષે જુઠું સમજાવી કજીઓ કરાવ્યો, તેથી અફ્રાસ્યાબ સીયાવક્ષ ઉપર લડાઈ લાવ્યો. પછી અફ્રાસ્યાબનાં હાથમાં સીયાવક્ષ બંદ. પડ્યો. સેવટે 'ગેરૂઈ' નામના શખસપાસે અફ્રાસીઆબે સીયાવક્ષને મારી નખાવ્યો. તે વખતે તેની બાયડી ફીરંગીઝને હમેલ હતી તેને પેતે કએખુશ્રુનો જન્મ થયો. એ મોટો થયો અને જ્યારે એને પોતાનાં બાપનાં ખુન થવાની ખબર પડી ત્યારે તેણે તેનો કીનો લેવાનો ઠરાવ કર્યો અને ઘણાં વર્ષોની ખુનખાર લડાઈઓ પછી અફ્રાસ્યાબ અને તેનાં ભાઈ કરસેવઝને કેદ પકડી મારી નાંખ્યા. એ પ્રમાણે અવસ્તાનાં ઈશારાનો શાહનામામાંથી ખોલાસો મળેછે. હવે બુનદેહેશમાં જે કહેછે કે એણે કંગદેઝનો કીલ્લો બાંધ્યો હતો તેનું પણ લાંબું વર્ણન ફીરદોસી આપેછે. એ કીલ્લા ઉપરાંત ફીરદોસી પ્રમાણે એણે સીયાવક્ષ ગર્દ નામનો બીજો કીલ્લો પણ બાંધ્યો હતો. ફીરદુસી પ્રમાણે એની એક બીજી બાયડી અફ્રાસીઆબનાં વજીર પીરાનવીસેની છોકરી થાય. તેણીને પેતે એને ત્યાં ફરૂદ નામનો છોકરો અવતર્યો હતો. કએખુશરૂએ જ્યારે તુસને તુરાન ઉપર હુમલો કરવા મોકલ્યો ત્યારે તેને ખાસ તાકીદ કીધી હતી કે તેણે તેના એ સાવકા ભઈ ફરૂદનાં મુલક ઉપરથી નહીં પસાર થવું કે તેથી તેની અને ફરૂદ વચ્ચે લડાઈ નહીં ઉઠે. તુસે એ સાહુચેતી કબુલ નહીં રાખી અને ફરૂદનાં મુલક ઉપરથી પસાર થયો. જેમ કરતાં ફરૂદ અને તેની વચ્ચે લડાઈ થતાં ફરૂદ માર્યો ગયો જે ઉપરથી કૈખસરૂ તેનાં ઉપર ગુસ્સે થયો અને પોતાની છોકરીનાં છોકરાને મારી નાખવાને લીધે પીરાનવીસે અને તુસ વચ્ચે વેર વધ્યું.

[illegible] = સ્યાવાસ્પિ. ય ૧૩-૧૧૪.
એક પુરૂષનું નામ.

[illegible] = સ્રઓષ. ય. ૧૧-૧.....
સરોશ યજદ. એ યજદનું કામ માણસનાં આત્માની નેઘેહેબાની કરવાનું છે. તે રાત અને દહાડો માણસની પાસબાંની કરેછે. મરણ બાદ પણ ત્રણ

દીન અને રાત સુધી તે રવાનની પાસબાંની કરેછે. યજદોમાં એ યજદ ઘણો ચહડતો દરજ્જો ભોગવેછે. માણસના મરણ બાદ તેનાં થતા ધનસાકુમાં મેહેર સાથ એને પણ તેનો શરીક ગણ્યોછે. અહુરમજદનાં આએ દુન્યાનાં પએગમબરને પએગામ પણ એ પોંહચાડેછે. એની મારફતે અહુરમજદ બીસારત કરેછે. માણસનાં મરણ બાદ તેનું રવાન પુલ ગુજાર થાયછે ત્યાં સુધી તેનાં રવાનની પાસબાંની સરોશ યજદ કરેછે માટે મરણ બાદ પેહેલા ત્રણ દીન સરોશાની બશાનુમનથી ક્રિયા કરવામાં આવેછે (મીનોખેરદ બા. ૨; શાયસ્ત લાશાયસ્ત બા. ૧૭-૩; દાદસ્તાનેદીની બા. ૨૮-૬૭). સરોશાનું કામ માણસનાં રવાનની જીવતાં જીવત પણ નેગેહબાંની કરવાનું છે અને તે બાશકરીને રાત્રે જ્યારે માણસ ખાબમાં પડેછે ત્યારે. એ કારણને લીધે બુર્નદેહેશ (બા ૧૯-૩૩ માં) મરઘો જે માણસને ઉંઘમાંથી બીદાર કરેછે અને કુતરો જે રાતનાં ઘરની પાસબાંની કરેછે તેઓને સરોસનાં કામને મદદ કરનારા ગણ્યાછે. એને અએશમ દેવનો બાશ દુશમન ગણ્યોછે (બા. ૩૦-૨૯). એક ઠેકાણે અહુરમજદને જોતી ગણી સરોશને તેનો રાસ્પી જણાવ્યોછે (બા. ૩૦-૩૦). ઝાદસ્પરમમાં આતશ બેહેરામનાં આતશને પણ સરોશનો મદદગાર જણાવ્યોછે (બા. ૧૧-૭). બહમનયષ્ટપ્રમાણે અહુરમજદ સરોશયજદને નર્યોસંગની સાથે ઇરાન તરફ ગુસ્તાસ્પનાં દસ્તુર પેશોતન તરફ કાસદ તરીકે મોકલેછે અને ધર્મનો ફેલાવો કરવાનો પએગામ કહેવાડેછે (બા. ૩-૨૫, ૨૬).

[illegible] = ઓષા વરેજ. વં. ૫-૨૫, ૫૭, ૫૮; ૭-૭૧. પેહેલવી [illegible]. એક ધર્મગુરૂ જેની આગલ એક શખસ પોતાથી થયલી ભુલોનો ખોલાસો કરે અને તેનીથી તેવી ભુલને માટે શું તોજેશ કરવી તે સાંભળે. દોષશ્રવન ગુરૂ.

[illegible] = ઓષો-ચરન. વં. ૩-૩૬...પેહેલવીમાં એ શબ્દ [illegible] છે. એક જાતનાં ચાબુક અથવા હથીઆરનું નામ.

[illegible] = સ્રવંઘ. વં. ૧૯-૪૨. એ ફકરામાં 'કરમાણી' અને 'મેરેઝુ' સાથે એનું નામ આવેછે તેથી એ પણ વિશેષનામ માલમ પડેછે. પણ તે શું છે તે દિસતું નથી. કાંગા એ શબ્દ "ઝરન્યોસ્રવંઘ"ને સીંગડાંવાળી રોશાની લેછે. ઉપરનો મેરેઝુ શબ્દ આકાશગંગા માટેછે માટે એ પણ કોઈ "કુદરતી આકાશી દેખાવનું" નામ હોય એમ સંભવીક છે. હારલે એને બંદગીને અર્થે લેછે તે દરૂસ્ત દિસતું નથી.

[illegible] = સ્રવર. ય. ૧૯-૪૦. ઇ. ૯-૧૧ એક જીઆનગાર અઝદાહનું નામ જેને કેરેસાસ્પે માર્યો હતો. કરેસાસ્પને ખબર નહી કે તે એ અઝદાહની પીઠ ઉપર હતો કારણ તે એટલો મોટો હતો કે એને માલમ પડ્યું નહી. તેની ઉપર આતશ સલગાવી દેગ ચહડાવી ત્યારે તે ગરમી લાગવાથી હીલ્યો ત્યારે માલમ પડ્યું. પછી તેણે તેને માર્યો; એ દાદસ્તાનેદીનીનો 'અઝે સ્રવર' [illegible] છે કે જેને માટે એ કેતાબમાં કહેછે કે તે લોકોનાં જવાનાં મોટા માર્ગમાં બેસી માણસ અને ઘોડાઓનો ભક્ષ કરતો (બા. ૭૨-૪). દીનકર્દનાં નવમા દફતરમાં સુદગર નુસ્કની ૧૪ મી પરગરદનો જે સારાઉંશ આપેછે તેમાં એ સાંપને સ્રોબર [illegible] કહ્યોછે.

કેરેસાસ્પને લગતી પેહેલવી અને ફારસી રેવાયતમાં એ સાંપનું વર્ણન આવેછે. કેરેસાસ્પને અહુરમજદ તેણે આતશને આજાબ દીધો તે માટે જ્યારે સજા કરવા માંગેછે ત્યારે તે પોતાનાં બચાવમાં પોતાનાં ભલાં કામો વર્ણવેછે અને એ સાંપને મારી દુન્યાને છોડવવાની વાત કહેછે. ત્યાં તેનાં વર્ણનમાં કહેછે કે "તેનો દાંત એકેક મારા હાથ જેટલો, તેના કાન ૧૪ ધાબલીઓ જેટલા, આંખ એક પૈડાં જેટલી, સીંગડું જોહાકની ઉંચાઈ જેટલું." તેને એક નાકેથી બીજે નાકે જતાં કેરેસાસ્પને અર્ધો દહાડો થયો (ઉવેસ્ટ પે. તેક્ષ્ટ II પા. ૩૭૪). મીનોએરદ એ સાંપને મારવાનું કામ દુન્યાને કેરેસાસ્પથી પોંહચેલા કેટલાક આશીશોમાંનું એક ગણેછે. જુઓ [Avestan]

[Avestan] = ઝીરઓક્ષન્. ય. ૧૩-૧૦૧. એક પુરૂષનું નામ. જે નામોની વચ્ચે એ નામ આવ્યુંછે તે ઉપરથી એ લોહરાસ્પનો એક છોકરો અને ગુસ્તાસ્પનો ભાઇ દિસેછે. કારણ માટે જુઓ [Avestan] શબ્દ.

[Avestan] = ઝીરાવંઘુ. ય. ૧૩-૧૧૮. એક પુરૂષનું નામ.

[Avestan] = ઝુતત-ફેધ્રિ. ય. ૧૩-૧૪૧. એક સ્ત્રીનું નામ. એ-[Avestan] (હોશેદર બામી) ની માએ થાય. બુનદેહેશ (પા.૮૦-૭ બા. ૩૨-૮) કહેછે કે જરતોસ્ત ત્રણ મરતબે હવોવા આગળ ગયો ત્યારે તેનું બીજ ત્રણ મરતબે જમીન ઉપર પડયું તે નઇર્યોસંગ યજદે લેઇ પાણી ઉપરનાં મવક્કલ યજદ અર્દવીસુર અનાહીતને તપાસી રાખવા સોંપ્યું. હવે કેઆમતને દહાડે આએ ઝુતત ફેધ્રિ નામની સ્ત્રી કાંસુ દરિયામાં જ્યારે નાહવા જશે ત્યારે પેલાં ત્રણમાંનાં એક બીજથી તે પાણીમાં નાહતાં ગર્ભવંતી થશે અને તેનાં પરીણામ તરીકે હોશેદરબામીને જન્મ આપશે. જુઓ [Avestan]

[Avestan] = ઝુતો-સ્પાધ. ય. ૧૩-૧૧૫. એક પુરૂષનું નામ જે 'અરેઝવ' નો વડવો થાય. એ બન્ને નામોને દ્વિવચનમાં લેઈ દાર્મસ્ટેટે "એરેઝવ અને ઝુતોસ્પાધ" એમ અર્થ કરેછે. સ્પીગલ અને હારલે બન્ને નામોને સાથે લેઈ એકજ નામ "એરેઝવાઓ ઝુતોસ્પાધ" કરી લેછે.

[Avestan]

[Avestan] = ષએત. વં. ૧૫-૧૫. એક જાતની ગર્ભ પાડી નાંખવાની દવા. દાર્મસ્ટેટે કહેછે કે અર્થ પ્રમાણે એ કોઈ સોનેરી અથવા પીળી દવા હોય. જુઓ [Avestan]

[Avestan]

[Avestan] = શ્ક્યત. ઈ. હા. ૧૦-૧૧. એક પહાડનું નામ. જુઓ [Avestan]

[Avestan]

[Avestan] = હઉર્વતાત. ય. ૪. સાત અમેશાસ્પંદોમાંનો છઠ્ઠો અમેશાસ્પંદ. અર્થ પ્રમાણે એ સંપૂર્ણતા અથવા તનદોરસ્તી ઉપર મવક્કલ છે. પાણી તનને સં-

પૂર્ણતા અને તનદોરસ્તી આપનાર સાધન છે તેથી શારીરીક દુન્યામાંએ (ખોરદાદ અમેશાસ્પંદ) પાણી ઉપર પણ મવક્કલ છે. એ તઉર્વ નામનાં દેવનો ખારા હરીફ છે. જે તઉરૂ બીમારીનો દેવ છે. પ્લુતાર્ક એ અમેશાસ્પંદને કરાનીઓનો Theon Ploutou એટલે "પૈસાનો દેવતા" કહી ગયોછે તે એજ કારણથી હોય કે તે સંપૂર્ણતા, આબાદી અને પાણી ઉપર મવક્કલ છે કે જે પાણી સઘળી આબાદી અને દોલતનું મુળ છે. તે પાણી અને આબાદી ઉપર મવક્કલ હોવાથીજ તેને લગતી ભણવાની ખશનુમનમાં તેનો વરસ અને ફસલો સાથ સંબંધ દેખાડયો છે. પાજંદ આશીરવાદમાં એને અવરદાદ કહેછે. અને તે પાણી અને આબાદી ઉપર મવક્કલ હોવાથી તેનાથી સારા માથારા (શીરીન ચર્બ)ની દુઆ ગુજારવામાં આવેછે. નેર્યોસંગ સંસ્કૃતમાં એને 'અવીરદાદ' કહી જાયછે. પતેતમાં એ અમેશાસ્પંદની યાદ કરી પાણીનાં સંબંધમાં થયલા સઘળા ગુનાહની તોબસ કરવામાં આવેછે. ખાતીપીતી વખતે એની (પીવાના પાણી ઉપરના મવક્કલ ખોરદાદની) યાદમાં ભણેલી એક અશેમ સરસાહ અને ગુણમાં બીજી વખતે ભણાયલી દસ અશેમની બરાબર છે. અહુરમજદયશ્તમાં ખોરદાદ અમેશાસ્પંદને અમરદાદની સાથે બીજી જીંદગીમાં જનારા અશો લોકોનો બદલો (યોઇસ્તો મિજ્દેમ આશાઉ નામ પશે-અસ્તિ જસેનતાંમ) ગણ્યોછે.

[illegible] = હએચત અસ્પ. ફ.૪૬-૧૫.ય.૫૩-૩. એક જાણીતા ખાનદાનનું નામ. એ ખાનદાનનાઓને પએગમબર જરતોસ્ત દીન સાંભળવા માટે કહેછે. એ ખાનદાનવાળાઓ એની દીન સાંભળવામાં સર્વથી પેહેલા હતા અને તેઓને તેટલા માટે જરતોસ્ત ખઇ ખોટું સમજનારા ગણેછે. બુનદેહેશ (પા. ૭૯-૫ બા. ૩૨-૧) ઉપરથી માલમ પડેછે કે એ ખાનદાન તે પએગમબર જરતોસ્તનું પોતાનું ખાનદાન હતું. તેનું ખાનદાન તેનાં વડવા સ્પિતમ ઉપરથી સ્પીતામાનનાં ખાનદાન તરીકે, તેમજ તેનાં એક વડવા [illegible] હએચદસ્પ ઉપરથી 'હએચદસ્પ' નું ખાનદાન તરીકે જણાંયલું હતું. બુનદેહેશ પ્રમાણે એ હએચદસ્પ જરતોસ્તનો ચોથો વડવો એટલે બપાવાનો બપાવો થાય. વજરકર્દદીની (પા. ૨૬-૭) પણ એને જરતોસ્તનો ચોથો વડવો જણાવેછે. મસુદી નામનો અરબ લખનાર એનું નામ જે [illegible] 'હચદરફ' આપેછે તે એનાં ખરાં નામનું અપભ્રંશ છે. જરતોસ્તની છોકરી 'પોરૂચીસ્તી' ને ફ્રજિરાનેમાં નામ બનામ "હએચતસ્પ ખાનદાનની" કરી એક વખત બોલાવીછે (હા. ૫૩-૩).

[illegible] = હએતુમન્ત. વં. ૧.૧૪; ૧૯—૩૯. ય. ૧૯—૬૬. પેહેલવી સરેહમાં [illegible]. બુનદેહેશનો (પા. ૫૦—૧૮) [illegible]. ફારસી [illegible] યુનાની Etymander. બીજા પુરાનાં લખનારાઓનો Hermandus. હાલની હેલમંદ નદીવાળો મુલક. સઘળાઓ એકમતે એ શેહેરને વંદીદાદ (ફરગરદ પેહેલો) નાં ૧૦ મા શોહેર હરખઇતિની પશ્ચિમે આવેલું કાબુલ રાખેછે. પેહેલવી સરેહ કરનારાઓ એને 'ઇતોમન્દ' તરીકે ગણેછે, જે એનાં ગ્રીક શબ્દ 'ઇતીમાન્દર' ને મળતો શબ્દ છે. એ ઉપરથી એનું હાલનું નામ 'હેલમંદ' થયલુંછે. એ મુલક હેલમંદ નદી જે હાલનાં 'હામુન' સરોવરમાં ખાલી થાયછે તે નદી ઉપરનો મુલક છે. બુનદેહેશ (બા. ૨૦—૧૭) માં એ ઇતમોન્દ (હેલમન્દ) નદીને વાસ્તે જે કહેછે કે તે સેજીસ્તાનમાં એક નદી છે તે બરાબર છે. એ મુલકવાળો ભાગ જાબેજરનાં ખાનદાનની હકુમત-

માં હતો. પ્રોફેસર શ્ટાઇન પ્રમાણે હાલમાં પણ 'કયાનીઅન' નામનો એક પુરાનો તાયફો ત્યાં વસેછે. જમ્યાદયશ્ટમાં એ નામ ડા. શ્ટાઇન ખુદ નદીનું ગણે છે અને તેનાં સંબંધમાં 'ઝેરેહ કાંસુ' દર્યાનું નામ આવેછે તે કાંસુને તે સીસ્તાનની વચમાં આવેલો અને હાલમાં ફક્ત 'ઝેરેહ' (સરોવર અથવા દર્યા) ને નામે જણાયલો સરોવર ગણે છે. વળી બુનદેહેશ (ફ. ૩૪) માં કહેછે કે તે કાંસુનાં (હાલના હામુન અથવા સીસ્તાનનાં સરોવર) દર્યામાં ખાલી થાયછે. બુનદેહેશનાં ઉપલા બે ફકરાપ્રમાણે એ નામની બે નદીઓ એ લત્તા ઉપર હતી. એવું દિસેછે કે અફ્રાસ્યાબે મૂળ નદીમાંથી નેહેર મારફતે યા બીજી રીતેથોડાંક પાણીને જુદો રસ્તો આપ્યો હોય. અનગુમન આરાનો કર્તા પણ "હીરમંદ" નામની નદીને સીસ્તાનમાં મેળેછે. પ્રોફેસર યુસ્તી એ હેલમંદ નદીને કાબુલ આગળથી કુહેબાબા નામનાં પહાડમાંથી નીકળતી જણાવેછે. વંદીદાદની ૧૯ મી પરગરદમાં જ્યાં હફ્ત કેશ્વરોને આરાધ્યાછે ત્યાં અને જમ્યાદયશ્ટ (ફ. ૬૬) માં એ 'હએતુમત' નામનાં મુલકને આરાધ્યોછે. એનો સંસ્કૃત આકાર સેતુમત્ અને અર્થ 'પુલવાળો' એમ થાયછે. એ અર્થનું કારણ એ હોય કે અંહીથી પસાર થતી હેલમંદ નદી પર આવજાવ માટે પુષ્કળ પુલ બાંધ્યા હોય. હાલની સોધપ્રમાણે એ મુલકવાળી હેલમંદ નદીનું મૂળ કાબુલથી ૩૫ મૈલ પશ્ચિમે ૧૧૫૦૦ ફીટની ઉંચાઈએ આવ્યુંછે. તે ૬૫૦ મૈલની લંબાઈએ દોડ્યા પછી હામુનનાં સરોવરમાં ઘણેક માર્ગે ખાલી થાયછે. એ નદીવાળા મુલકને વંદીદાદમાં "રએવંતેમ ખરેનંઘન્તેમ" એટલે 'ચલકાત અને ઓરેહવાળો' કહ્યોછે તે એ મુલકની ફળદ્રુપતાને માટે હોય કારણ કે હાલનાં મુસાફરો કહેછે કે હાલમાં તેનાં કીનારાઓ ઘણાં ફળદ્રુપ છે અને અસલમાં થતી એતીની નીશાણી જાહેર કરેછે. કરનલ માલેસન કહેછે કે એ ભાગમાં આગલી દોલત અને એતાની નિશાણી હજુર માલમ પડેછે. બુનદેહેશ (બા. ૨૦-૩૪) માં એ મુલકને ઝરીનમંદ એટલે સોનેરી કહ્યોછે તે એજ કારણનો ઇશારો હોય.

[Avestan] = હઓમ. હોમ ચાર જાતનાં છે. ૧) ઈ. હા ૯-૧૦,૧૧. હા. ૫૭-૧૯. ય. ૧૦-૮૯; ય. ૧૭-૫. એ એક પએગમબરનું નામ છે જે યજદ પણ ગણાયલો છે. એને 'હઓમ દુરઓષ' ના ખાસ નામથી લખ્યોછે અને કોઈ જગ્યાએ એને હોમફ્રાષ્મિ પણ કહ્યોછે. એ જમશેદનાં બાપ વીવંઘાનની પણ આગમચ થઈ ગયો હતો કારણ એણે જાયજ કરેલી હોમની ક્રિયા વીવંઘાને કરવાથી તેને ત્યાં જમશેદ પેદા પડ્યો. વીવંઘામ પછી ફરેદુનનાં બાપ આથ્વ્યએ, પછી ઉર્વાક્ષ અને કેરેસાસ્પનાં બાપ થ્રિતએ અને જરથુસ્તનાં બાપ પઉરૂશસ્પે હોમની ક્રિયા કરી હતી જેનાં પ્રતાપથી તેઓને ત્યાં ઉપલા છોકરાઓની વૃદ્ધિ થાઇ હતી. એ હોમ એક વિદ્વાન હતો. એને ઘેર, મોહલો, ગામ, દેશ, અને વિદ્યાનો ધણી કહ્યો છે. એણે જે દીન જાયજ કરી હતી તે હફ્તકેશ્વરમાં ફેલાઇ હતી. એણે કેટલાંક નુસ્કો લખ્યાં હતાં. એ એક આથોરનાન હતો. કેરેસાનીની નામે શખ્સ જે તેનો હરીફ હતો તેને આખરે એણે માહાત કર્યો. એને "માથ્રવાણીની શ્રેષ્ઠ રાહે ચાલનારો" જણાવ્યોછે. એણે કોઇક ગાથામાં પણ લખાણ કર્યાં હતાં. એણે પેહેલવેહેલાં હોમના પાળાને છુંડી તેનો રસ કહાડવાનો અને તેપર ક્રિયા કરવાનો રેવાજ દાખલ કર્યો. એણે અલબુર્જ પર્વતનાં હુકઇર્ય પહાડ ઉપર એકાંતવાસમાં અભ્યાસ કરી એ પાળો સોધી કહાડી તેની ક્રિયા જાએજ કરી હતી. દીનને

લગતું જ્ઞાન એણે સરોશ મારફતે મેળવ્યું હતું. એણે મેહેર અને સરોશની ખાસ આરાધના કરી હતી. સરોશ યશ્ત પ્રમાણે એણે 'પાપો' અને 'પઈરીગા' નામનાં પુસ્તકો લખ્યાં હતાં જે પુસ્તકોને એરવદ શેહેરીઆરજી ૨૧ નુસ્કમાંનાં પાજેહ અને બરેશ સાથે સરખાવેછે.

૨) હોમપાળો. ઈ. હા ૯–૧૦ ને ૧૧. એ પાળાનું ખાસ નામ "હઓમ ઝાઈરિ" (એટલે લીલો) છે પણ એ ખાસ નામ શિવાય એને "હઓમ ફ્રાષ્મિ અને હઓમ દુરઓષ" ના ખાસ નામથી પણ ઓલખતા. એ પાળાનું મુખ્ય મથક પહાડો છે. અલબુર્જ પહાડ એનું ખાસ મથક છે. પૃથ્વીને એની બરદાસ્ત કરનારી માતા ગણીછે અને વાદળાં અને વરસાદને પહાડની ટોંચ ઉપર એને મદદ કરનારાં સાધન ગણ્યાંછે. હોમનાં પાળાને ઘણાં એજમતી ગુણો લાગુ પાડેલાછે. એ ગુણોનાં ત્રણ વર્ગ થઈ શકેછે. ૧) સ્વભાવીક, ૨) રસાયણી, અને ૩) ક્રિયાથી ઉત્પન્ન થતા. એ ગુણોથી કોઈપણ આદમીને યા દરેક આદમીને ફાયદા થતા નહીં હતા પણ ફક્ત તેઓ કે જેઓ નેક વીચાર, નેક વચન અને નેક કરણીવાળા હોય, ખોદાનાં ફરમાનબરદાર હોય અને અશો હોય તેઓનેજ ફાયદા થતા. બુનદેહેશ (બા. ૨૭-૨૪) દાદસ્તાને-દીની (બા. ૩૭–૧૦૦) અને ઝાદસ્પરમ (બા. ૮–૫) કેતાબો એ પાળાની એક ખાસ જાત વિષે "હોમે સપીદ" તરીકે બોલેછે. અવસ્તામાં એ પાળાને દવા દારૂ તરીકેનાં ગુણ લાગુ પાડેલાછે. તેજ પ્રમાણે ડા૦ એચીસન કહેછે કે હાલમાં પણ બલુચીસ્તાન અને અફગાનીસ્તાનનાં લોકો એ પાળો જેને તેઓ હજુર પણ 'હુમ' કહેછે, તેને દવાઈનાં ગુણો લાગુ પાડેછે. ઘરઘટુ દવા દારૂ તરીકે તેઓ તેનો ઉપયોગ કરેછે. ઝાડપાન શાસ્ત્રનાં કાયદા પ્રમાણે ડા. એચીનસનનાં કહેવા પ્રમાણે એ પાળા Ephedra (nat. order Gnetaceæ) નાં વર્ગનો છે. પાળા તરીકે એનું કેટલુંક વર્ણન વેદનાં 'સોમ' જેનું એ અવસ્તાનું નામ છે તેને મળતું આવેછે.

૩). હોમ નામનો એક પેહેલવાન છે. એને વિષે અવસ્તામાં આપણને કોઠે લાંબું વર્ણન મળતું નથી પણ ઈજશ્ને (હા ૧૧-૭) અને ગોશ (૪. ૧૭) અને અશીસંગ (ફ. ૩૭) યશ્તો ઉપરથી પુરતા ઈશારા મળેછે. એ હોમનું ખાસ નામ 'હઓમ ફ્રાષ્મિ' કરીને છે. એ શખ્સે દ્રવાસ્પ અને અશી આગળ દુઆ ગુજારી કે તે અફ્રાસ્યાબને બંદીવાન તરીકે કએખુસ્રુ આગળ લેઈ જાએ. એ દુઆ બર આવી. ફીરદોસીએ પોતાનાં શાહનામામાં જે હોમ વિષે લખ્યુંછે તે એજ હોમ છે. ફીરદોસી પ્રમાણે એ એક આબેદ (પરહેજગાર મર્દ) હતો, અને ફરેદુનનાં ખાનદાનથી ઉતરેલો હતો. તે એક પહાડની ટોંચ ઉપર એકાંતવાસમાં જીંદગી ગુજારતો હતો ત્યારે તેણે એક દીન રાત્રે અફ્રાસ્યાબ, જે પોતાની જીંદગીથી કંટાલી કએખુસ્રુની ધાકથી આએ પહાડનાં એક ગુફામાં પોતાનું મથક કરી ભરાઈ બેઠો હતો, તેનો આવાજ સાંભળ્યો કે તે પોતાની બતંગ હાલત માટે ફર્યાદ કરતો હતો. હોમ તે અવાજની દીશાએ ગયો અને તે ગોફામાંથી અફ્રાસ્યાબને પકડી બાહેર લાવ્યો. તેની કાકલુદીથી પીગલી તેનાં બંદ હોમે જરા ઢીલા કર્યા કે અફ્રાસ્યાબ જોશ કરી તેના હાથમાંથી છુટી નાઠો અને પડોશમાં આવેલા ખન્દજેસ્ત (અવસ્તાનો ચએચસ્ત) સરોવરમાં પડી કોઠે ભરાઈ ગયો. એવામાં કેશવાદનો ગુદરેઝ અને ગેવ બીજા કેટલાકો સાથ ત્યાં આવી લાગો. તેણે હોમને હાથમાં કમંદ પકડી સરોવરનાં કીનારા ઉપર અંહીતંહી કાંઈ બોલતાં જોયો તેથી તેણે પુછતાં હોમે તેને

કારણ જણાવ્યું. ગોદરેઝને તે ઉપરથી કોઈ આગલી સાંભળેલી અફ્રાસ્યાબની હકીકત યાદ આવી તેવોજ તે પડોશમાં આવેલાં આદરગુશસ્પનાં આતશકદેહમાં ગયો અને ખોદાની બંદગી કરી. પછી પાદશાહ કએખુશ્રુ અને કાઉશને એ બાબદથી આગાહ કર્યા. તેઓ ત્યાં ગયા અને હોમે તેઓને સર્વ વાત કહી અને પછી સુચવ્યું કે એ ખન્દજેસ્ત (ચએચસ્ત) નાં સરોવરમાંથી અફ્રાસ્યાબને ભરાયલો બાહાર ખેંચી કહાડવાનો રસ્તો એ છે કે કરસેવઝ જે ઈરાની પાદશાહોનાં હાથમાં બંદ હતો તેને ત્યાં લાવી સીક્ષા કરવી કે તેનાં પોકારથી અફ્રાસ્યાબ બાહેર આવે. એ સુચનાં ફતેહમંદ નીવડી અને જેવો અફ્રાસ્યાબ બાહેર સરોવરની સપાતી ઉપર આવ્યો કે હોમે કમંદ નાંખી તેને બાહેર ખેંચી કાહાડ્યો અને પછી કએખુશ્રુએ તેને મારી નાખ્યો.

૪) ચોથો હોમ ખરેનંઘ્ર નામનો એક રાખસ હતો. તે કોણ હતો અને તેણે શું કીધું હતું તે કાંઈ માલમ પડતું નથી. તેનું નામ ફકત ફરવરદીનયષ્ટમાં આવેછે. તે કોઈ અશોમદ હોવાથી તેને યાદ કરેલો દિસેછે.

[illegible]=હઓશંઘ. ય. ૫-૨૧; ૯-૩; ૧૩-૧૩૭; ૧૫-૭; ૧૭-૨૪; ૧૯-૨૬. બુનદેહેશનો [illegible]. દસાતીરનો 'હુરસાદ'. એને અવસ્તામાં [illegible] પેહેલવીમાં [illegible] અને ફારસીમાં [illegible] કહ્યોછે. એ નામનાં (પેશદાદી) ખાનદાનનો પેહેલો પાયો નાખનાર એ હતો. એને એ પેશદાદના નામથી શું કરવા ઓલખ્યોછે તેનું કારણ વંદીદાદની ૨૦ મી પરગરદની પેહેલવી સરેહપરથી મળેછે (જુઓ [illegible] શબ્દ) જ્યાં કહેછે કે પેશદાદનો અર્થ એ થાયછે કે ખોદાએ દાદ (અથવા પાદશાહી ઇનસાફ) પેહેલવેહેલાં તેણે (હોશંગે) ચાલુ કર્યો. એણે બુનદેહેશ (બા. ૩૪-૪) અને ફીરદોસી પ્રમાણે ૪૦ વર્ષ રાજ્ય કર્યું હતું. બુનદેહેશ અને વજરકર્દદીની પ્રમાણે એ ગયોમર્દનાં નબીરા 'સીયામક' ના છોકરા ફ્રવાકનો છોકરો થાય (બા. ૩૧). (જુઓ મોટી વંશાવળી). ફીરદોસી પ્રમાણે એ ગયોમર્દનાં છોકરા સીયામકનો છોકરો હતો. એણે યષ્ટોમાં દુઆ ગુજારીછે કે તે દેવો, બુરા માણસો, જાદુગરો, પરીઓ, જુલમગારો વીગેરે બુરાઓ ઉપર ફતેહ મેળવે. તેની દુઆ બર આવી. ફીરદોસી પ્રમાણે દેવો અને બુરાઓએ એના બાપ સીયામકને લડાઈમાં મારી નાખ્યો હતો. તેઓની સામે એ ઘણી મજબુતીથી થયો હતો અને તેઓને જેર કીધા હતા. બુનદેહેશ (બા. ૧૫-૨૮) પ્રમાણે ઈરાનીઓની ઓલાદ એનાથી ઉતરીછે. ઝાદસ્પરમ (બા. ૧૧-૧૦) પ્રમાણે એનાં રાજ્યમાં આતશ સંબંધી કોઈ મોટો કુદરતી બનાવ બન્યો હતો. એ બનાવ ફીરદોસીનાં વર્ણનની યાદ આપેછે કે જે પ્રમાણે એનાં રાજ્યમાં આતશની સોધ થઈ હતી. એક દીવસે તે ફરતો હતો ત્યારે તેણે એક સાંપને જોયો, જેની તરફ તેણે એક પથર ફેંક્યો જે બીજાને જાઈને અથડવાથી તેમાંથી આતશ પ્રગત થયો જે આતશને તેણે રોશન કરી એક જગ્યાએ સ્થાપ્યો અને તેની યાદમાં "જશનેસદેહ" નામનું આતશનું એક જશન સ્થાપ્યું કે જે ફીરદોસીનાં કહ્યા પ્રમાણે ખુદ તેનાં વખત સુધી ઈરાનમાં પાળવામાં આવતું. પાછલા ઈરાની પાદશાહો એ જશન કરતા હતા તેમાં ફીરદુસી પ્રમાણે આપણને લોહરાસ્પનો દાખલો મળેછે. યષ્ટોમાં હોશંગ દેવોના ⅔ ભાગ ઉપર ફતેહ ઇચ્છેછે. તેને મળતું જ દાદસ્તાનેદીની (બા. ૬૫-૫) કહેછે કે તેણે દેવોનાં ⅔ ભાગને માર્યો હતો. મીનો-

એરદ પણ એ પાદશાહથી આલમને શું ફાયદો થયો તે વર્ણવતાં કહેછે કે તેણે માઝંનદરાનનાં ત્રણ ભાગમાંથી બે ભાગનાં દેવોને માર્યા.

[illegible]=હધઉરૂ૫.૫.૧૩-૧૦૪.

એક પુરૂષનું નામ જે જામાસ્પનો છોકરો હતો. એરવદ તેહેમુરસ્પનાં પેહેલવી જરતોસ્તનામા પ્રમાણે એ છોકરો જરથોસ્તે પોતાની દીન જાહેર કરવા પછી ૭૩ મે વર્ષે મરણ પામ્યો હતો. એજ કેતાબ પ્રમાણે તે પોતાના બાપના મરણ પછી ૯ વર્ષે મરણ પામ્યો હતો. એને વરેસન નામનો એક છોકરો હતો જેની ફ્રવશીને પણ યાદ કરી છે.

શાહનામામાં જામાસ્પનાં એક છોકરાનું નામ આવેછે તે گرامی ગેરામી કરી છે જે શાહઆરજાસ્પ સાથની ગુસ્તાસ્પની પેહેલીજ લડાઈમાં માર્યો ગયો હતો. દાર્મેસ્ટેટે કહેછે કે એ ગેરામી છોકરાનું નામ યાદગારે ઝરીરાનમાં "ગેરામીકર્દ" કરી છે.

[illegible]=હેકન. ય. ૫-૪૧. એક જગ્યાનું નામ. એનો અર્થ ભોયરૂં અથવા છુટો અર્થ "ખોડી કહાડેલી જગ્યા" એમ થાયછે. એ જગ્યાએ તુરાની અફ્રાસ્યાબે અર્દવીસુરની સેતાયશ કરી દુઆ માંગી કે તે ઈરાનીઓનું ખોરેહ મેલવે. પણ એની એ દુઆ બર આવી નહી. ડા. સ્પીગલ કહેછે તેમ એ 'હનકન' તે ફીરદોસીનો هنگ હંગ છે જેમાં અફ્રાસ્યાબ જ્યારે તે કએખુસરૂથી બતંગ આવ્યો ત્યારે કંતાલીને જઈ રહ્યો હતો જ્યાંથી તેને હોમ નામનાં આબેદે પકડ્યો હતો. એ ગોફા અથવા ભોયરાંને ફીરદોસી કહેછે કે હંગે અફ્રાસ્યાબ કહેતા અને તે 'બરદ' નામની જગ્યાએ હતો (મોહલ વા. ૪. પા. ૧૯૪)

همی از جهان جایگاهی بجست
که باشد بجان ایمن و تندرست

بنزدیک بردع یکی غار بود
سرکوه خارا هوا را بسود

. . . .

خورش برد وازبیم جان جای ساخت
بغار اندرون جای بالای ساخت
ز هر شهر دور و بنزدیک آب
که خوانی همی هنگ افرا سیاب

એ જગ્યાએ હોમે અફ્રાસ્યાબને પકડ્યો તે દાસ્તાન બાબે જુઓ [illegible] શબ્દમાં ત્રીજો હઓમ. હવે એ 'હનકન' અથવા હંગે અફ્રાસ્યાબ જ્યાંથી અફ્રાસ્યાબે અર્દવીસુરની સેતાયશ કીધી અને જે ફીરદોસીપ્રમાણે એક પહાડની કદણે અને પાણીને કીનારે આવેલો ગોફો غار હતો તે કાંઈ નાનો ગોફો અથવા ભોયરૂં નહી હતું પણ તે એક એ પ્રમાણે પહાડની અંદર નદી કીનારે જમીનની નીચે બાંધેલું મોટું મકાન હતું. દાર્મેસ્ટેટે એ વીચારનાં ટેકામાં અઓગમદેચા (ફ. ૬૦) ના એક અવસ્તાનાં ફકરાની સરેહનું લખાણ આપેછે (Etudes Iraniennes) p. 225). એ અવસ્તાનાં એક ફકરામાં કહેછે કે માણસનું મોત આવેછે ત્યારે તે કદી બચતું નથી, પછી ગમેતો તે હવામાં ઉડી કાંએ નહી જાય અથવા જમીનનાં પેતામાં કાંએ નહી ભરાય. એ વીચારની સરેહમાં હવામાં ઉડવાનાં દાખલા તરીકે કાઉસનો દાખલો આપેછે અને જમીનનાં પેતાંમાં ભરાવાનાં દાખલા તરીકે અફ્રાસ્યાબનો દાખલો આપેછે. એ દાખલો આપતાં અફ્રાસ્યાબને માટે કહેછે કે "જેણે જમીનનાં પેતાંમાં એક ધાતુનું ઘર બાંધ્યું હતું કે જે ઘર માણસની હજાર ગણી ઉંચાઈનું અને ૧૦૦ થાંભલાનું હતું. ઈજશને (હા. ૧૧-૭) માં અફ્રાસ્યાબના એ બાબદનાં લખાણમાં જે 'પઈરિશ ખ્નેમ અયંઘહે' શબ્દો આવેછે તેનો

અર્થ પણ દાર્મેસ્ટેટે એમ કરેછે કે "enveloppé d'une forteresse d'airaine" એટલે "પીતલ (ધાતુ) નાં કીલ્લામાં ઘેડાયલો". દાર્મેસ્ટેટે એ ફકરાને જમીનનાં પેતાંમાંનાં એકાંત લોખંડી મકાનનો એટલે ઉપલાં 'હનકન' અથવા હંગે અફ્રાસ્યાબનો ઈશારો ગણેછે. જે પહાડઉપર એ 'હનકન' અથવા હંગે અફ્રાસ્યાબ બાંધવામાં આવ્યો હતો તે પહાડ બુનદેહશનો [illegible] 'બકીર' પહાડ હતો. કારણ એ પહાનું વર્ણન કરતાં ત્યાં (પા. ૨૩-૧૪. બા. ૧૨-૨૦) કહેછે કે [illegible]

[illegible]

[illegible]

એટલે "બકીર પહાડ જેમાં તુરનાં (તુરાની) અફ્રાસ્યાબે પોતાનો કીલ્લો કીધો હતો અને તેમાં પોતાનું રેહેઠાણ કીધુ હતું." એ બકીર પહાડને, જ્યાં પહાડોનાં અમથાં નામ દેઈ જવામાં આવ્યાંછે ત્યાં, (પા. ૨૨-૨. બા. ૧૨-૨) [illegible] 'દાર્સપીત બકીર' નો પહાડ કહ્યોછે. ઉપલા ફકરામાં કીલ્લા માટે જે [illegible] 'દરપુસ્તીહ' શબ્દ વાપડયોછે તેનો એ [illegible] દાર્સપીત અપભ્રંશ થયલો દિસેછે. ઈજિશને (હા. ૧૧-૭) મ અફ્રાસ્યાબ માટે 'પઈરિશ ખ્શ્નેમ અયંઘહે' એટલે 'ધાતુનાં (કીલ્લા) માં ઘેડાયલો' એવા જે શબ્દો આવેછે તેની સરેહમાં દાર્મેસ્ટેટ કહેછે તેમ તેણે (અફ્રાસ્યાબે) પોતાની આસપાસ એક દરપુસ્તીહ (એટલે કીલ્લો) બાંધ્યો હતો. ફીરદોસીનાં 'હંગે અફ્રાસ્યાબ' ની જગ્યાને ઉપર ઉતારેલી ફારસી બેતોમાં درین

બર્દઅ કરી કહેછે. એ બર્દઅ તે બુનદેહેશનો [illegible] બકીર પહાડ હોય એમ હું ધારૂંછું. પાજંદ હરફે એ બકીર શબ્દને લખતાં '[illegible]' ક હરફનું પલાંખરૂ લાંબુ થાઈ [illegible] 'દ' હરફ લખાયો હોય અને પછી 'દ' અને સેવટનાં 'ર' એ જગ્યા બદલવાથી બકીરનો બદીર થાઈ 'બરદય' થયો હોય. હવે એ અફ્રાસ્યાબનો 'હનકન' અથવા 'હંગે અફ્રાસ્યાબ' (જે બુનદેહેશપ્રમાણે બકીરનાં પહાડમાં અને ફીરદોસીપ્રમાણે બર્દઅની પડોશમાં આવ્યોછે તે) ની જગ્યા ક્યાં આવીછે તે ફીરદોસી ઉપરથી માલમ પડેછે. એ શાએર પ્રમાણે જ્યારે હોમ આબેદે એને એ 'હંગ' માંથી બાહેર કાહાડયો ત્યારે એનાં કાલાવાલાથી જરા મન પીગલાવી હોમે એને બાંધેલા બંદ ઢીલા કર્યા કે તુરત અફ્રાસ્યાબ જોર કરી તેનાં હાથમાંથી છુટો અને નાસીને પડોશમાં "ખંજસ્ત"ના સરોવરમાં ભરાયો. જ્યારે હોમ સરોવરને કીનારે ફરી ફરી અફ્રાસ્યાબ ક્યાં નાસીને ભરાયો તે જોતો હતો ત્યારે ગોદરેજ આવી લાગો. તેની આગળ આએ બનાવનું વર્ણન કરતાં તે આએ સરોવરનું નામ 'ખનજસ્ત' خنجست જણાવેછે (મોહલ વા. ૪ પા. ૨૦૦)

درین آب خنجست پنهان شدست
بگفتم ترا راست چون آذر بست

હવે એ خنجست ના સરોવર તે અવસ્તાનો ચએચસ્ત સરોવર છે (જુઓ [illegible] શબ્દ) જે આપણો હાલનો ઉરૂમીઆ સરોવર છે. ત્યારે એ 'હનકન' અથવા હંગે અફ્રાસ્યાબની જગ્યા ઉરૂમીઆ સરોવરને કીનારે આવેલા એક પહાડમાં હોવી જોઈએ. હવે અફ્રાસ્યાબે એક પહાડનાં કોતરમાં એક મકાન અથવા બુનદેહેશ પ્રમાણે એક કીલ્લો

બાંધ્યો હતો તે ઈ. સ. ની છેક ૧૨ મી સદી સુધી ઇરાનમાં જાણીતું હતું. પ્રોફેસર દાર્મસ્ટેટે એ ૧૨ મી સદીનાં એક ફારસી લખનાર નામે 'નેશાખાબી' ના શબ્દો જણાવેછે કે બોખારાની નજદીકમાં અફ્રાસ્યાબે 'રામતીન' નામનું શેહેર બાંધ્યું હતું. ત્યાં બે વર્ષસુધી કએખુશ્રુએ તેને ઘેરો ઘાલ્યો હતો કે જેણે તે શેહેરની સામેજ 'રામીશન' નામનું શેહેર બાંધ્યું હતું કે જ્યાં તેણે એક આતશ, સ્થાપ્યો હતો. હવે હું ધારૂંછું કે એ રામીશન શેહેર તે બુનદેહેશનું [illegible] રામરાન શેહેર છે કે જે વિષે બુનદેહેશમાં ઉપલા હંગે અફ્રાસ્યાબવાળા બકીર પહાડનાં સંબંધમાં બોલવામાં આવેછે (પા. ૨૩-૧૫. બા. ૧૨-૨૦). એ પહાડવિષે બોલી (જે પેહેલવી લખાંણ આપણે ઉપર ઉતાર્યુંછે) કહેછે કે [illegible]

[illegible]

[illegible]

એટલે "આપણા વખત (રોજ) માં તે (જગા) પર (અવશ) ફતેહમંદ રામશાને શેહેર (અને) હજારો ગામો અને શેહેરો ઉભાં થયાંછે." બુનદેહેશમાં એ રામશાને શેહેરને 'પીરૂઝ' એટલે ફતેહમંદ અથવા બખતાવર કહ્યુંછે તેનું કારણ કદાચ એ હોય કે તે ઉપર 'આતશ' બરપા કરવામાં આવ્યો હતો અથવા તો એ હોય કે અફ્રાસ્યાબની સામે ફતેહમંદ કએખુશ્રુએ એ ઉભું કીધું હતું. હવે ફીરદોસી પ્રમાણે પણ માલમ પડેછે કે જ્યાં સરોવરને કીનારેનાં કોઈ છુપાં મકાનમાં અફ્રાસ્યાબ ભરાઈ બેઠો હતો તેની પડોસમાંજ નજદીક, તે વખતે કએખુશ્રુ પોતાનાં તે પહાડ ઉપરનાં તેનાં 'આદર ગુશસ્પ' નામનાં આતશનાં મકાનમાં હતો. હોમ અને અફ્રાસ્યાબની વાત ગોદરેજથી સાંભળી તે તુરત કાઉશ પાદશાહ સાથે તે મકાનથી નીકળ્યો. (મોહલ વા. ૪ પા. ૨૦૨).

بمانگه نشستند شاهان بر اسپ
برفتند از ایوان آذر گشسپ

હવે નેશાખાબી નામનાં ઉપલા ૧૨ મી સદીનાં ફારસી લખનારનું ઉપલું વર્ણન અને બુનદેહેશનું બકીર પહાડનું લખાણ અને ફીરદોસીની બાબદ મળતી આવેછે. પણ નેશાખાબી તો એ જગ્યાને બોખારા આગલ મેલેછે ત્યારે તો ક્યાં ચએચસ્ત (ઉરૂમીઆ) સરોવર ને ક્યાં બોખારા. સેંકડો મૈલનો તફાવત. પણ એનો ખોલાસો હું ધારૂંછું કે બુનદેહેશમાં એ બનાવનાં સંબંધમાં નામ દીધેલા [illegible] 'બકીર' પહાડને કોઈ ભૂલથી 'બોખારા' સાથ એણે અથવા જે લખનાર ઉપરથી એણે હકીકત લીધી હોય તેણે ભેલી નાંખ્યોછે. એ ચએચસ્ત અથવા ઉરૂમીઆ સરોવરને એક કીનારેથી બીજે કીનારે સુધી આરપાર એક બાંધકામ છે એવું સર હેનરી રૌલીનસનના સાંભળવામાં આવ્યું હતું. (Journal of the Royal Geographical society 1841 p. 8.). એને વિષે તેને જણાવ્યામાં આવ્યું હતું કે તે એક પુલ હતો. તે હાલ પાણીમાં ડુબી ગયોછે. એ બાંધકામ અફ્રાસ્યાબનાં 'હંગ' અથવા 'હનકન' ની તો કોઈ નીશાની નહી હોય ?

[illegible] = હધઓખ્શ. વીસપરદ. ૧-૮. એક અવસ્તાની બંદગીનું નામ. સ્પીગલ એને સરોશહાદોખ્ત ધારેછે હારલે અને મીલ એને હાદોખ્તનુશ્ક ધારેછે. પાછલો વીચાર દરૂસ્ત દિસેછે.

[illegible] = હધાનએપતં. વં. ૮-૩. એક ખુસબોદાર ઝાડનું નામ. રીમન થયલાં ઘર વીગેરેને પવિત્ર કરવાને એ લાંકડું બાલવા કહેછે. આતશ ઉપર

એની ખુશબો સારી ગણવામાં આવેછે.

[Avestan] = હપેરેસિ. ય. ૧૪-૫૩. એક જાતનાં લાકડાનું નામ જે આતશને નુકશાન કરેછે એટલા માટે એ લાકડાંને આતશ પર મેલવું એ દેવનુ કામ ગણાયછે.

[Avestan] = હપ્તંઘહાઈતિ. હ. હા ૩૫ થી ૪૨. હજશનેનાં ૩૫ થી ૪૨ માં હા એ નામથી જણાયલાછે.

[Avestan] [Avestan] = હપ્તહિન્દુ. વં. ૧-૧૯. એક મુલકનું નામ. જુઓ [Avestan]

[Avestan] = હપ્તોઇરિંગ. ય. ૮-૧૨; ૧૨-૨૮; ૧૩-૬૦. એક સેતારાનું નામ છે. એનું નામ તીરાત્રયની સાથે આવેછે. એનાં બીજા સાથીઓ તર્હીક વનંત અને સતવસ સેતારા છે. બુનદેહેશ (પા. ૧૨-૧૯. બા. ૫-૧) માં એને (હપ્તોકરીંગ) [Avestan] કહ્યો છે. ગ્રહ 'વહરામ' ([Avestan]) જે મંગલનો ગ્રહ છે તેનો એ સેતારા સાથ સંબંધ દેખાડ્યોછે. એ સેતારાને આકાશમાં 'ઉત્તર તરફનો સરદાર' કહ્યો છે (પા. ૭-૭ બા. ૨-૭ [Avestan] [Avestan] [Avestan]). ડા. ઉવેસ્ત એ સેતારાને Ursa Major ધારેછે. ઉત્તર તરફનાં દર્યાઓ ઉપર એની અસર થતી જણાવીછે (બા. ૧૩-૧૨). મીનોએરદ જણાવેછે કે એ સેતારો ૯૯૯૯૯ ફરોહરો સાથે દોજખનો દરવાજો તપાસે છે કે તેમાંથી ૯૯૯૯૯ દેવોને તે બાહેર આવતાં અટકાવે કે તેઓ તેમ બાહેર આવી ભલાઓને નુકશાન નહી દીએ. સઘળાં બાર નક્ષત્રો એની મદદથી ગતી લીએછે (૪૯-૧૫ થી ૨૧). એ સેતારાને મળતું હીંદુ નામ જે પાનીની વાપરેછે તે सप्तर्षयह છે.

[Avestan] = હપ્તાસ્પ. ય. ૧૩-૧૦૨. એ ફકરાનાં સઘળાં નામો કેટલાંક કારણને લીધે ગુસ્તાસ્પનાં છોકરાઓનાં યા નબીરાઓનાં ગણીશકાયછે. (જુઓ [Avestan] અને [Avestan] [Avestan]) એ અને એની આગમચનું [Avestan] નામ [Avestan] ઉપરથી નીકળ્યાંછે. શાહનામામાં ગુસ્તાસ્પનાં કોઈ છોકરાનું અસ્પ ઉપરથી નામ છે? કે નહી તે જોતાં મને શીદશ્પ شیدسپ નું નામ મળેછે કે જે શાહ ગુસ્તાસ્પની અરજાસ્પ સાથની લડાઇમાં માર્યો જવાની આગાહી જામાસ્પ હકીમ કરેછે (મોહલ વા. ૪. પા. ૩૮૮).

پس ازوی چون شیدسپ فرزند شاه
بکینش کند تیز اسپ سیاه

શાહ અરજાસ્પ જરતોસ્તી દીન સામે લડાઈ લાવ્યો હતો માટે તેમાં લડનારાઓનાં નામો અંહી યાદ કર્યાંછે. હપ્તાસ્પનો પેહેલવી હમલો ભૂલથી પાછળથી કદાચ શીદસ્પ વંચાયો હોય. એ શીદસ્પ લડાઇની શરૂઆતમાંજ કેહેરમ નામનાં તુર્કી સરદારને હાથે માર્યો ગયો હતો.

[Avestan] = હમનકુન. ય. ૧૯-૩. એક પહાડનું નામ. એનાં નામ સાથે 'બ' ની સંખ્યા જણાવીછે જે એ પર્વતનાં પહાડોની સંખ્યા દિસેછે.

[Avestan] = હમસ્પથમએદ. ઈ. ૧-૯... વરસનાં છ ધંમબારોમાંનો છેલ્લો જે અહુનવદ ગાથાથી શરૂ થઇ વહીશ્તોઇશ્ત ગાથા

સાથ આખર થાયછે. એ હીંગામ ગરમી અને થંડી મધ્યમસર થવાનો અને રાત દીવસ સરખો થવાનો છે. કહેછે કે એ વખત ઉપર અહુરમજદે માણસ જાતને પેદા કર્યું હતું. જે ધણી એ ઘમબાર કરે તે જાણે આખું વર્ષ સુધી અશો માણસને ખાનપાન આપે એટલો તેને સવાબ લાગે.

𐬵𐬀𐬭𐬁 } = હર.
(𐬵𐬀𐬭𐬀𐬌𐬙𐬌-𐬠𐬆𐬭𐬆𐬰) } = (હરઇતિ-બેરેઝ) ય. ૯-૧૭...એક પહાડનું નામ. એ પહાડ 'હર' અથવા 'હરબેરેજઇતી' અથવા 'હરઇતી બેરેઝ' એવે નામથી લખાયછે. જુઓ 𐬵𐬀𐬭𐬁 𐬠𐬆𐬭𐬆𐬰𐬀𐬌𐬙𐬍

𐬵𐬀𐬭𐬀𐬒𐬀𐬌𐬙𐬍 = હરખ્હઇતિ. વં. ૧-૧૩. એક મુલકનું નામ. એ ખીલારેકી ભાષામાં Harauwates અને યુનાનીઓમાં Arachosia તરીકે જણાયલો મુલક છે. એ કાબુલની દક્ષિણ પૂર્વનો કંદહારની નજદીકનો ભાગ છે. એ નામ સંસ્કૃત સરસવતિને મળતું છે. પ્રોફેસર શ્ટાઇન એ નામ તે કંદહારની પડોશમાં આવેલું હાલનું 'અરગંદાબ' સમજેછે.

𐬵𐬀𐬭𐬁 𐬠𐬆𐬭𐬆𐬰𐬀𐬌𐬙𐬍 = હર બેરેજઇતિ.ય. ૯-૧૭. બુનદેહેશ (પા. ૧૩-૫) નો البرز શાહનામાનો البرز. એ પહાડને 'હરઈતિ બેરેઝ' અથવા 'હર' અથવા હરતિબરેશ કરીને પણ કેઠે લખેલોછે. એ શબ્દનો છુટો અર્થ "પાણીની ઉંચી જગા" એટલે "ઉંચી જગા જ્યાંથી પાણી વેહેછે તે" એમ થાયછે. હાલમાં નકશા ઉપર નજર કરતાં ઇરાનની ઉત્તરે આવેલા પહાડોની હારને એનું પાછલું નામ અલબુર્ઝ આપેલુંછે. પણ એવું દિસેછે કે અવસ્તાનાં વખતમાં એ પહાડનો વીસ્તાર વધારે મોટો હોવો જોઇએ. તેનો પૂર્વ પશ્ચિમે અને તેમાં મુખ્ય કરીને પૂર્વે ફેલાવો વધારે હોવો જોઇએ. હાલનાં અલબુર્ઝમાંથી, જેમ તેને નકશામાં દેખાડ્યોછે તેમ, કીઝીલઓઝેન, એટેસ અને બીજી થોડીક નાની નદીઓ વહેછે પણ અગાઊ એની હદ પૂર્વ ભણી લંબાયલી ગણતાં તેમાંથી બીજી મોટી નદીઓ વેહેતી હોવી જોઇએ. તે ઉપરથી એ પહાડને 'હરબેરે ઝઈતિ'નું નામ શું કારણસર આપ્યું હોય તે સમજ પડેછે કે તેમાંથી ઘણી નદી વેહેતી હોવી જોઇએ. વળી અલબુર્ઝ પહાડની ઉંચાઈ હાલની ગણત્રી પ્રમાણે ૧૮૦૦૦ ફીત છે. ડા. સુલીવાન પૃથ્વીની સપાતી પરનાં પહાડોનાં તેઓની ઉંચાઇનાં પ્રમાણમાં ૧૦ વર્ગો કરેછે તેમાં અલબુર્ઝને બીજા વર્ગમાં મેળેછે. તેની એટલી બધી ઉંચાઇને લીધે તે જેમ હાલમાં તેમજ અસલમાં બરફથી ઢંકાયલો રહેતો હતો. હાલમાં ગણત્રી પ્રમાણે કેકેસસ પહાડ જેનો અલબુર્જ એક ઉંચામાં ઉંચો ભાગ છે તેની જાથુક બરફ બંધાવાની લીતી (snow line) એટલે તે ઉંચાઈ કે જેથી ઉંચે વરસનો સઘળો ભાગ બરફ બંધાયલું રહેછે તે, ૧૦૦૦૦ ફીટથી ૧૧૦૦૦ ફીટ છે. એટલા માટે ત્યારે ૧૮૦૦૦ ફીટની ઉંચાઇનાં અલબુર્ઝ પર તો બરફ હમેશાં અને મોટા જથ્થામાં બંધાઇ રેહેતું હોવું જોઇએ, જે બરફ પીગલવાથી તે ઘણી નદીઓનું મૂળ થઇ પડવો જોઇએ. એમ એ ઘણી નદીઓનું મૂળ હતો તે જમ્યાદયશ્ટનાં પેહેલા ફકરા ઉપરથીજ માલમ પડેછે, જ્યાં એ પહાડને વાસ્તે કહેછે કે તે "પૂર્વ તરફ ઘણાં પાણીવાળા ભાગની આસપાસ છે." એ કારણને લીધે ત્યારે એને પાણીની ઉંચી જગા (હરબેરેઝઇતિ) નું નામ મળેલું હોવું જોઇએ. કેટલાકો 'હરબરેઝઇતિ' શબ્દમાં 'હર' ને સેમેટીક ગણેછે, કે જેનો અર્થ સેમેટીક

ભાષામાં 'પહાડ' નો થાયછે. એમ અર્થ ગણી તેઓ એ આખા શબ્દનો અર્થ 'બુલંદ પહાડ' કરેછે. 'એરેરેત' પહાડ જે એ અલબુર્ઝની પશ્ચિમે આવેલોછે. તેમાં શરૂઆતનો 'અર' એમજ 'હર' શબ્દ છે. યુરતીપ્રમાણે આપણાં એ 'હરઈતિ બરેશ' શબ્દમાં સેવટે જે 'બરેશ' છે તે નામનો એક પહાડએ 'એરેરત' નાં પહાડમાં છે. વળી યુરતી પ્રમાણે કેટલાક મુસલમાન ગ્રંથકારો 'એશીઆમાઈનર' માં આવેલા 'જબલ ઉલ હરત' અથવા 'જબલ ઉલ હારત' અથવા 'જબલ ઊલ હવીરત' (એટલે હરતનો પહાડ, કારણ અરબીકમાં જબલનો અર્થ પહાડ થાયછે, તે) માં શબ્દનાં પાછલા ભાગ 'હરત' ને [illegible] 'હરઈતિ' સાથે જોડેછે. વળી હું ધારૂંછું કે "તરકી ઈન એશીઆ" માં "માઉંટ હેરમોન" (Mount Hermon) કરી એક પહાડ છે, તેમાં જે 'હેર' છે તે આપણા [illegible] ને મળતોછે. છેક પશ્ચિમે આવેલા પહાડોમાં આપણાં 'હરઈતિ બરેશ' અથવા 'હરબેરેઝ ઇતિ' શબ્દનાં જુદા જુદા ભાગ મળેછે તે ઉપરથી માનવાને કારણ મળેછે. કે 'અલબુર્જ' પહાડ જેમ હાલમાં કોકેસસ પહાડનાં ફક્ત થોડાક ભાગને લાગેલો આપણને મળેછે તેમજ આગળા વખતમાં હોવો ન જોઈએ. તે વખતે તે છેક પશ્ચિમમાં એશીઆમાઈનરથી તે પૂર્વે હિંદુકુશ અને હીમાલય સુધી હોવો જોઈએ. પહાડોની એક અત્યંત લાંબી હારને એ નામ આપેલું હોવું જોઈએ. બુનદેહેશમાં કહેછે કે 'ઉપર વર્ણવેલા ૨૨૪૪ પહાડો અલબુર્જની શાખામાંથી નીકળ્યા.' એ લખાણ ત્યારે આપણાં વીચારોને ટેકો આપેછે કે પહાડની એક લાંબીને લાંબી હારનેજ એ શબ્દ લાગુ પડેછે.

[illegible] = હરેધસ્પ. ય. ૧૩-૧૧૭. એક પુરૂષનું નામ.

[illegible] = હરોયુ. ય. ૧૦-૧૪. વં. ૧-૯.

હેરાતનો મુલક. એને ખીલાસીકી ભાષામાં 'હરીવ' અને યુનાનીઓએ એરીઅ (Aria) કહ્યોછે. એ હાલનું હેરાત શેહેર છે. વીલીઅમ આઉસલીના મત ઉપરથી સ્પીગલ કહેછે કે હાલનાં હીરાત શેહેરને આગળ 'હરી' ના નામે ઓળખવામાં આવતું હતું જે નામ હજુર એ શેહેરની પાસેથી વેહેતી નદી ('હરીરૂદ' એટલે હરી નદી) ના નામ તરીકે રહી ગયલુંછે. [illegible] = સ્રૂ = રેડવું, જે ધાતુ ઉપરથી 'સરોવર' બોલ નીકળેલોછે તે ધાતુ ઉપરથી એનો અર્થ "(પાણી) રેડનાર" થાઇ શકે, અને તે અર્થ એને લગાડવામાં આવેલા [illegible] વિશેષણને મળતો આવેછે અને એ શેહેરની પાસેથી એક નદી વેહેતી હતી તે ઉપરથી દરૂસ્ત દિસેછે. મેહેરયશ્ટ (ક. ૧૪) પ્રમાણે પણ એ શેહેરની તેમજ સર્વ શેહેરની પડોશમાંથી નદીઓ વેહેતી હતી. એ નદીઓને લીધે ઇરાનવેજનાં મુલકની જમીનને ઘણી આબાદ જણાવીછે. તેની પડોશની નદીને લીધે તેની જમીન ઘણી આબાદ અને ભરપુર હોવાને લીધે તેને પાણીવાલું શેહેર ગણ્યુંછે. મધ્ય એશીઆનાં હાલનાં મુસાફરો પણ હેરાતને ઘણું ફળદુપ અને આબાદ ગણેછે. એક મુસાફર કહેછે કે "હેરાત મધ્ય એશીઆનું અનાજનું ભંડાર અને બાગ છે. ખોરાસાન દુનીઆની મોતીની છીપ છે અને હેરાત તેનું મોતી છે." અવસ્તાઉપરથી ત્યારે માલમ પડેછે કે જેમ તે હાલમાં છે તેમ હજારો વર્ષ ઉપર ફલદુપ હતું.

[illegible] = હરિ. ય. ૮-૨. ૮. એક દેવનું

નામ. દસ્તુરજી પેશોતનજી પ્રમાણે એમ દેવનું કામ માણસને શકમંદ કરવાનું છે. (દીનકર્દ. વા. II પા. ૬૩).

[illegible]=હાગ્ર. વં. ૮-૧૦૦. બુનંદેહેશનું

[illegible]. એક માપ જે બુનંદહેશ પ્રમાણે બે ફુટનાં એક કદમ પ્રમાણે ૧૦૦૦ કદમની લંબાઈનું બનેલુંછે. (બા. ૨૬-૧).

[illegible] = હાવનિ. અવસ્તાપ્રમાણે ૨૪ કલાકનો દહાડો જે પાંચ ભાગમાં વેંહચાએલોછે તેમાંનો પેહેલો ભાગ. સૂર્યનાં ઝળકતાંના વખતથી તે સૂર્ય મધ્ય રેખા ઓલંગે ત્યાંસુધીનો એટલે બપોરનાં બાર વાગા સુધીનો વખત. એ વખતે હોમનો રસ કહાડવા (હુ = રસ કહાડવો) નો વખત હોવાથી એ ગેહેને એ નામ મળ્યુંછે. જુઓ [illegible] શબ્દ.

[illegible] = હાવનાન. વં. ૫ ૫૭, ૫૮. પેહેલવીમાં [illegible] સં. સાવન. એક મોબેદ જેનું કામ હોમનો રસ કહાડવાનું અને તેની ક્રિયા કરવાનું છે.

[illegible] = હિન્દુ. ય ૧૦-૧૦૪. વં. ૧-૧૯. વંદીદાદ હપ્તહિન્દુ નામનાં મુલક માટે બોલેછે. એ મુલક તે આપણાં હિંદુસ્થાનની ઉત્તર પશ્ચિમે આવેલો પંજાબની નજદીકનો સીંધુ નદીની આગળનો મુલક છે. વેદમાં એ મુલકને સપ્તસિંધુ તરીકે ઓળખેલોછે. યુનાનીઓનાં લખાણોમાં પણ એ નદીઓનાં સાત નામો છે. વેદમાં અને યુનાનીઓનાં લખાણોમાં એ નામો હાઉગ પ્રમાણે નીચેપ્રમાણે છે.

વેદીક નામ.	યુનાની નામ.
સીંધુ	Indus
વીતાસ્તા.	Hydaspes
અસીકની	Akesines
પરૂશની	Hydraortes
વીપાસ	Hyphasis
સતાદ્રુ	Hesydrus
કુભા	Kophen

એ નદીઓ જે આગળ સાત હતી તે હાલ પાંચ થઈછે. તેને માટે કહેછે કે બબ્બે નદીઓ પાછળથી જોડાઈને એક થઈ ગઈ છે. એવી જોડાઈ ગયલી નદીઓનાં નામ નીચેપ્રમાણે છે.

સીંધુ, કુભા } = સીંધુ
સતાદ્રુ, વીપાસ } = વીપાસ

એ જોડાઈ ગયા પછીની પાંચ નદીઓ જે ઉપરથી પંજાબના મુલકનું નામ પડ્યુંછે, તેઓનાં નામો નીચે પ્રમાણે છે. સતલજ, બીઆસ, રવી, ચીનાબ અને જેલમ. એઓમાંથી સતલજ તે છુટી સતાદ્રુ (Hesydrus or Saranges) અને જોડાયલી વીપાસ (Hyphasis) છે.

એ હપ્તહિન્દુના મુલકવિષે વંદીદાદનાં એ મુલકનાં વર્ણનવાળા ફકરામાં બોલતાં કહેછે કે "હપ્તહિન્દુનો મુલક પૂર્વ હિંદુસ્થાનથી પશ્ચિમ હિંદુસ્થાન સુધી." એ વર્ણન ઉપરથી એવો વીચાર જાય છે કે તે વખતે એ 'સપ્તસિંધુ' વાળો મુલક તે આખો હિંદુસ્થાન ગણાતો હોવો જોઈએ. કારણ કે લખનાર હપ્ત હિંદુનું નામ દઈ બોલ્લું જણાવે છે કે "હપ્તહિન્દુ તે પૂર્વહિંદુસ્થાનથી તે પશ્ચિમ હિંદુસ્થાન સુધી." સ્પીગલે એટલો ભાગ આપ્યો નથી તે ઉપરથી અનુમાન કરવામાં આવેછે કે એટલા શબ્દ પાછળથી પેહેલવી સરેહ કરનારે હપ્તહિન્દુ તે કેટલું તે દેખાડવા વધાર્યા હોય.

[illegible] =હિંદ્ર. ય. ૧૮-૩૨. એક પહાડનું નામ. તીરયષ્ટ એ પહાડનું મથક જણાવેછે કે "યો. હિસ્તઈતિ. મઈધીમ. ઞયંઘો. વોઉરૂકષહે" એટલે "જે વોઉરૂ-

કશ દર્યે. વચ્ચે ઉભેલોછે". યુસ્તી કહેછે કે એ ફકરામાં "ઉસ હિંદવત પક્તિ. ગરોઇતિ" કરી જે શબ્દો આવેલાછે તેમાંનો ઉસ હિંદવત જોડાઇ બુનદેહેશમાં જે 'ઉસીનદુમ' પહાડ ([illegible]) જણાવ્યોછે તે નામ ઉત્પન્ન થયુંછે (પા. ૨૨-૧૧. બા. ૧૨-૬). બુનદેહેશમાં એ ઉસીનદુમ પહાડને પણ વોઉરૂકશમાં જણાવ્યો છે અને તેનો હુકર્યે સાથ સંબંધ જણાવ્યોછે. એ અલબુર્જનો એક ભાગ હોય એમ બુનદેહેશ ઉપરથી દિસેછે (પા. ૨૯-૩. બા. ૧૩-૫.). યુસ્તી, સ્પીગલ ઉલ્ગત, દારમેસ્ટેટર એ પ્રમાણે એને ઉસીનદુમ ગણેછે પણ ડા. હાઉગ એને હીંદુકુશ ધારેછે.

[illegible] = હિતાસ્પ. ય. ૧૫-૨૮; ૧૯-૪૧. એક પુરૂષનું નામ. રામયટ પ્રમાણે કેરેસાસ્પે એને પોતાના ભાઈ 'ઉર્વાક્ષ' નાં કીનામાં મારવા માટે વએયજદ આગળ દુઆ ગુજારી હતી જે પાર પડી હતી. એ ઉપરથી દિસેછે કે ત્યારે એ 'ઉર્વાક્ષ'નો ખુની હતો. જમ્યાદયટમાં કેરેસાસ્પનાં પરાક્રમો વર્ણવ્યાંછે ત્યાં પણ એને કેરેસાસ્પે માર્યો એમ જણાવેછે. કેરેસાસ્પને લગતી પેહેલવી રેવાયતમાં એ પરાક્રમ જણાવ્યું નથી.

[illegible] = હુકર્યે. ય. ૫-૩; ૯-૮; ૧૩-૬; ૧૫-૫. એ પહાડ અલબુર્જની એક ઉંચી ટોચ હતી એમ મેહેરયટ (ક. ૮૮) ઉપરથી માલમ પડેછે કારણ કે ત્યાં કહેછે કે "અલબુર્જની ઉંચી ટોચ કે જેને હુકર્ય કહેછે તેની ઉપર હોમ ફ્રાશમીએ મેહેરને આરાધ્યો." એને બુનદેહેશ (બા. ૧૨-૨, ૫, ૬. બા. ૧૩-૪; બા. ૨-૧૧; બા. ૨૪-૧૭) માં 'હુગાર' નાં પહાડ તરીકે ઓળખ્યોછે.. યષ્ટોમાં તેમજ બુનદેહેશમાં કહેછે કે એ પહાડમાંથી "અર્દવીસુર" નદી વેહીને વોઉરૂકશ દર્યામાં જતી હતી. બુનદેહેશના ૧૩ મા બાબ (ક. ૨) પ્રમાણે અલબુર્જ પહાડનાં દક્ષિણ ભાગ પર જે પાણી પડતું હતું તે હજારો પ્રવાહો મારફતે એ હુકર્યે પહાડ ઉપર એક મોટા સરોવરમાં એકઠું થતું [illegible] અને ત્યાંથી પાછું વેહેતું. એ વર્ણન આપણને સીંધુ અને બ્રહ્મપુત્રા જેવી મોટી નદીઓનાં મુળની યાદ આપેછે. હીમાલયપર્વતનું બરફ પીગલવાથી ઉત્પન્ન થયલું પાણી પ્રવાહો મારફતે વેહીને તે પહાડપરનાં "માન સરોવર" નામનાં સરોવરમાં એકઠું થાયછે અને ત્યાંથી એ મોટી નદીઓ માર્ગે દરિયામાં ખાલી થાયછે. એજ પ્રમાણેની ક્રિયા અલબુર્જ ઉપરની ચાલતી હોય એવું એ વર્ણન છે. હુકર્યે પહાડપર બનતા એવા એક સરોવરનું નામ બુનદેહેશ (બા. ૨૨-૧૧) પ્રમાણે "ઉર્વીસ" કરીને છે. અલબુર્જનાં વધારે ઉંચા ભાગોપરથી પાણી એકઠું થતું થતું આવીને આ એ હુકર્યના ટોચપરનાં "ઉર્વીસ" સરોવરમાં એકઠું થતું હોય અને ત્યાંથી નદી તરીકે વેહીને વોઉરૂકશ દર્યામાં ખાલી થતું હોય એમ ઉપલાં અને બાબ ૨૪ (ક. ૧૭) નાં વર્ણન ઉપરથી માલમ પડેછે. એ પહાડનાં સરોવરમાંથી વેહેતી નદી તે અર્દવીસુર છે. એ નદી હુકર્યના પહાડપરથી પેહેલાં એકદમ ઉભાં ઢોલાણપરથી પડતી હોવી જોઈએ કારણ કે બુનદેહેશ (બા. ૧૩-૨) પ્રમાણે તે હજાર માણસ પુરની ઉંચાઇ (આસરે ૫૦૦૦ ફીટની ઉંચાઈ) એથી કુદી પડે છે. હવે એ હુકર્ય પહાડનું મથક ક્યાં હતું તે આપણને અર્દવીસુરના મથક ઉપરથી માલમ પડેછે. અર્દવી નદી તે હાલની ઓક્ષસ છે. હવે એ હાલની ઓક્ષસનું મુળ પામીરનાં પહાડોમાં છે ત્યારે એ ઉપરથી દિસેછે કે હુકર્ય પહાડ જેને એ (ઓક્ષસ) અર્દવીનાં મુળ તરીકે જણાવ્યોછે તે એ પામીરનાં પહાડોનો એક ભાગ હોવો જોઇએ. વળી એ હુકર્યે પહાડને અલબુર્જનો એક ભાગ ગણ્યોછે તે ઉપરથી વાંચનારે અજાએબ થવું ન જોઇએ કે એ પામીરનાં પહાડો અને

હાલનાં અલબુર્જ પહાડો વચ્ચે તો સેંકડો મૈલનો તફાવત છે. પણ સારી પેઠે યાદ રાખવું જોઇએ કે આપણે હર બેરેઝ ઇતિ શબ્દના વર્ણનમાં કહ્યું તેમ અવસ્તા જમાનામાં અલબુર્જ નામ હાલની માફક ફક્ત એક પહાડને લગાડવામાં ન આવતું પણ પૂર્વથી પશ્ચિમસુધી લંબાયલી એક આખી હારને લગાડવામાં આવતું.

=હુગાઓ. ય. ૧૩-૧૧૮. એક પુરૂષનું નામ.

= હુચિથ્ર. ય. ૧૩-૧૪૧. એક ભલી સ્ત્રીનું નામ.

= હુતઓસ. ય. ૯-૨૬: ૧૩-૧૩૯: ૧૫-૩૫: ૧૭-૪૬. એક સ્ત્રીનું નામ. એણી પાદશાહ ગુસ્તાસ્પની બાયડી હતી એમ રામયષ્ટ ઉપરથી માલમ પડેછે જ્યાં તેણી વએયજદ સનમુખ દુઆ ગુજારેછે કે "હું કેઆની ગુશ્તાસ્પનાં ઘરમાં પ્યારી, ચહવાએલી અને માન પામેલી થાઉં". તેણીની મોરાદ બર આવી હતી અને તેણી પોતાનાં ખાવીંદ શાહ ગુસ્તાસ્પ ઉપર ઘણો વગ ધરાવતી હતી. એ કારણને લીધે પએગમબર જરતોશ્ત દ્રવાસ્પ અને અશી યજદો સનમુખ દુઆ ગુજારેછે કે તે પેહેલાં હુતોશને દીન શીખવવામાં ફતેહ પામે કે તેથી પછી તેણી પોતાનાં ખાવીંદ ગુશ્તાસ્પ ઉપર પોતાનો વગ ચલાવી એ દીનને મદદ કરે. એણીએ નવી દીનની કરેલી સેવા માટે એણીનાં ફરોહરને ફરવરદીનયષ્ટમાં આરાધ્યુંછે. એણી વિષે વધુ હકીકત આપણને બુનદેહેશ, દાદસ્તાનેદીની, મીનોખેરદ વીગેરે કેતાબમાં મળતી નથી. શાહનામા ઉપર આવતાં દિસેછે કે ગુશ્તાસ્પની બાયડીનું નામ કએતાબુન અથવા કએતાયુન હતું અને તે રૂમનાં કએસરની વડી છોકરી હતી. શાહ ગુસ્તાસ્પ પોતાનાં બાપ લોહરાસ્પની દરબારમાંથી રૂસાઇ જતો રહ્યો હતો, કારણ લોહરાસ્પ કએકાઉસની પેહેડીનાં શાહજાદાઓ ઉપર પોતાનાં બેટા કરતાં વધુ હેત દેખાડતો એમ તે ધારતો. તે રૂમ ભણી ગયો અને ફરેદુનનાં ખાનદાનથી ઉતરી આવેલા એક ગરીબ દેહેકાનનાં ઘરમાં રહ્યો. એ વખતે રૂમનાં કએસરે મોટા શાહજાદાઓની એક મીજલસ બોલાવી કે જેઓમાંથી તેની છોકરી કએતાયુન એક ખાવીંદ પસંદ કરે. આગલી રાત્રે કએતાયુને એક સ્વપ્નો જોયો હતો કે એક ખુબસુરત ચાલાક પાદશાહી દમામનો પરદેશી હાજર છે. તે તેણીને એક સુંદર ફુલનો તોરો આપેછે અને તેણી તેને એક આપેછે. બીજે દીને પેલી મીજલસમાં જ્યારે કએતાયુન ગઇ ત્યારે તેણીને મનપસંદ કોઇ ખાવીંદ મળ્યો નહીં, તેથી શોકાતુર પાછી આવી. બીજે દીને કએસરે શાહજાદાઓથી એક પંગતી ઉતરતા મધ્યમ વર્ગનાં છોકરાઓની મીજલસ બનાવી કે તેઓમાંથી કદાચ કએતાયુનને કોઇ પસંદ પડે. એ મીજલસમાં ગુસ્તાસ્પ પણ 'ફરૂખઝાદ' નાં છુપાં નામે ગયો. કએતાયુને આખી મીજલસમાંથી તેને પસંદ કર્યો કારણ તેણીએ સ્વપ્નામાં જોયલા શખસનાં જેવો તે હતો. પોતાની પદવીથી ઉતરતી પંગતીનાં માણસને ખાવીંદ તરીકે પસંદ કરવામાટે કએસર કએતાયુન ઉપર ગોસ્સે થયો અને તેણી ગુશ્તાસ્પ સાથે પોતાનાં બાપનો મેહેલ છોડી ગઇ અને પોતા સાથે જે જહવેરો અને કીમતી પથ્થરો લેઇ ગઇ હતી તેમાંથી ઘર માંડી તેઓ રહ્યાં. ગુશ્તાસ્પ શેકાર કરી પોતાની જીંદગી ગુજારતો. સેવટે બીજા બે જનાઓ, જેઓ કએસરની બીજી બે છોકરીઓ સાથે પરણવા માગતા તેઓને એક જીઆનગાર વરૂ અને સાંપને મારવામાં મદદ કરવાથી અને કએ-

સરની સનમુખ ચોગાનની રમત વીગેરેમાં સરસ નીવડવાથી તે કઍસરની પાછી મેહેરબાની પામ્યો અને સેવટે પોતાનાં ભાઈ જરીર, જે લોહરાસ્પ તરફથી કઍસર ઉપર નામું લાવ્યો હતો તેની સાથે પોતાની કઍતાયુનને લેઈ ઇરાન ગયો.

[illegible] = હુનુ. ય. ૧૩-૧૦૦; ૧૯-૮૬. એ નામનાં એક બુરા તાયફાવાળાઓ હતા જેઓની સામે વીસ્તાસ્પે દીનનો બચાવ કર્યો હતો. 'વરેધક' અને 'ખ્યઓન' ની માફક એ એક બુરો તાયફો હતો. ડા૦ હાઉગ (રેસાલા. પા. ૨૧૩) એ હુનુઓને વીષ્ણુ પુરાણ (ઉવીલસનનો તરજુમો પા. ૧૭૭, ૧૯૪) નાં 'હુના' સાથ સરખાવેછે કે જેઓ ધ્રરાનીઓનાં દુશમનો હતા. હુનુ (Hunus) નામનાં તાયફાવાળાઓ જેઓ એક વખત યુરોપમાં ત્રાસ પમાડી રહ્યા હતા તે ડા૦ હાઉગ કહેછે કે એ 'હુનુ' ઓ હતા; પ્રોફેસર દોસન (Dowson's Classical Dictionary of Hindu Mythology) ઉવીલસનને આધારે જણાવેછે કે એ હુનુ 'સફેદ હુનુ' અથવા ઇન્દો સીથીઅન નામના તાયફાવાળાઓ હતા કે જેઓ ઈસવીસનની શરૂઆતમાં પંજાબમાં અને સીંધુ નદીને કીનારે રહેલા હતા. એમ એરીઅન સ્ટ્રેબો અને પલીની ઉપરથી માલમ પડેછે તેમજ હાલમાં સીક્કાઓની શોધો ઉપરથી પણ માલમ પડેછે.

[illegible] = હુનુરત. ઈ. ૫૧-૧૦. એ શબ્દને પુસ્તી વિશેષનામ ગણેછે અને રેવરંડ મીલ નોટમાં કહેછે કે કદાચ એ વિશેષનામ હોય પણ તરજુમામાં એ 'હુનુ' શબ્દ ઉપરથી છોકરો તરીકે અર્થ કરેછે. સ્પીગલ 'સાથી' તરીકે અર્થ કરેછે. હારલે favourise એટલે માનીતો એમ અર્થ કરેછે. પુસ્તી એને વિશેષનામ લેઇ કહેછે કે એ "દરૂજોનો એક વર્ગ" હતો.

[illegible] = હુક્રવાક્ષ. ય. ૧૩-૧૨૭. એક પુરૂષનું નામ જે કહરકનનાં ખાનદાનનો હતો. સ્પીગલ "હુક્રવાક્ષ કહરકનનામ" કરી એકજ શબ્દ ગણી એકજ નામ લેછે.

[illegible] = હુમ. ય. ૧૩-૧૩૯. એક સ્રીનું નામ. ફીરદુસીની هما હોમાએ. ગુશ્તાસ્પની છોકરી. એણીનું નામ એણીની માએ 'હુતોસ' ની પછીજ આવેછે. જ્યારે શાહ અરજાસ્પ બલખની ઉપર ગુશ્તાસ્પની ગેરહાજરીમાં અને અસફંદીઆર બંદીવાન પડ્યો હતો ત્યારે બીજી લડાઈ લાવ્યો ત્યારે તે એ છોકરીને અને બેહે આફ્રીદને મેહેલમાંથી ચોરી લેઈ ગયો હતો. જ્યારે અસફંદીઆર બંદમાં હતો ત્યારે જામાસ્પ તેને એ બેનને ખાતર અને બીજી બેન બેહે આફ્રીદને ખાતર બાહાર આવવાને અને તેણીઓને અરજાસ્પને હાથથી છોડી લાવવાને આગ્રહ કરેછે. ત્યારે અસફંદીઆર તેને તાનો મારેછે કે હું આટલો વખત થયો બાપને હાથ કેદમાં પડ્યોછું ત્યારે તો બેન હુમાએ મને એક વખત પણ યાદ કર્યો નહીં. એ ઉપરથી દીસેછે એ બેઉ ભાઈ બેનો વચ્ચે ઘણો એખલાસ નહતો. પછી જ્યારે અસફંદયાર અરજાસ્પનાં મુલક ઉપર હુમલો લેઈ જાયછે અને એક વેપારીનાં વેસે શેહરમાં દાખલ થાઈ એક ઇરાની સોદાગર તરીકે જઈ રહેછે ત્યારે હોમાએ પોતાની બેન સાથ એ સોદાગરને મળવા આવેછે. અરજાસ્પના જુલમથી એ શાહજાદીઓને પાણી ભરવાનું હલકું કામ કરવું પડતું. તેણીઓ રડીને ઇરાની સોદાગર આગળ ફર્યાદ કરેછે. અસફંદીઆર જ્યારે જવાબ આપેછે ત્યારે હોમાએ

તેને તેના આવાજ ઉપરથી ઓળખી કાહાડેછે. તે વખતે તેઓને એ વાત છૂપી રાખવાને કહી પાછળથી અસફંદીઆર જ્યારે અરજાસ્પનું શાહેર જીતે છે ત્યારે તેઓનો બંદમાંથી છુટકારો થાય છે.

[illegible] = હુમયાક. ય. ૫-૧૧૩. એ એક વિશેષનામ છે કે વિશેષણ તે બાબે મતફેર છે. યુસ્તી એને વિશેષણ લેઈ અર્થ કરેછે કે "તાલસ્મેલ ભર્યાં." સ્પીગલ પણ એવોજ અર્થ કરેછે. હારલે અર્થ કરેછે કે Habile dans ses artifices (ou sorcellerie) જે અર્થ પણ ઉપરનાં અર્થને મળતોજ છે. દાર્મેસ્ટેટે અને તેહેમુળજી એને વિશેષનામ લેછે. દાર્મેસ્ટેટે 'નોટ' માં શક દેખાડી કહેછે કે કદાચ તે 'પેશોચંઘ' નું વિશેષણ હોય. હું ધારૂંછું કે એ 'દએવયસ્ન' નું વિશેષણ છે. જુઓ [illegible] શબ્દ.

[illegible] = હુયજ.ત. ય. ૧૩-૧૧૭. એક પુરૂપનું નામ.

[illegible] = હુયાઈર્ય. ય. ૮-૫૧. દુઝયાઈર્ય નામની, તીરાત્રીયની સામેની સુકારા અને વેરાનપણું લાવનારી, દેવીનું ભુલભર્યું નામ. જુઓ [illegible] [illegible]

[illegible] = હુસ્રવંઘ. ય. ૫-૪૯; ૯-૧૮, ૨૧; ૧૩-૧૩૨; ૧૫-૩૨; ૧૭-૩૮, ૪૧; ૧૯-૭૭; ૨૩-૭; ૨૪-૨. બુનદેહેશનો [illegible]. શાહનામાનો كيخسرو. દસાતીરનો 'કઈલાશ્રવ'. એ કએકાઉશના છોકરા સીયાવક્ષનો છોકરો થાય. એ પાદશાહ યશ્તોમાં દુઆ ગુજારેછે કે તે સીયાવક્ષ અને અગ્રએરથ (અગ્રેરસ) નાં કીનામાં તુરાની અફ્રાસ્યાબને મારે. એ વિષેનાં શબ્દો નીચે પ્રમાણે છે. 'કઇને સ્યાવર્ષાનહે ઝુરોજતહે નરહે અગ્રએરથહેચ નરવહે". એ વાક્યમાં 'કઇને' શબ્દને 'છોકરી' (કન્યા) ને અર્થે લેઇ યુસ્તી, સ્પીગલ, હારલે, મેહેરજી રાણાવાછા કએખુસ્રને સીયાવક્ષની છોકરીનો છોકરો અને અગ્રેરસનો છોકરો લેછે. પણ દાર્મેસ્ટેટે વાજબી તરજુમો કરેછે તેમ અંહીં 'કએન' શબ્દ કીનાને અર્થે લેવો જોઇએ. કએખુસ્રુ સીયાવક્ષની છોકરીનો અને અગ્રેરસનો છોકરો નથી થતો પણ ખુદ સીયાવક્ષનો છોકરો થાયછે એમ ૧) બુનદેહેશ (બા. ૩૧-૨૫) ઉપરથી માલમ પડેછે કે જ્યાં કહેછે કે કએખુસ્રુ સીયાવક્ષથી જન્મ્યો હતો. વળી બુનદેહેશ (બા. ૩૧-૧૮) માં એને અફ્રાસ્યાબની છોકરી વીસ્પાનફ્રયાને પેટ જનમેલો જણાવ્યોછે જે શાહનામા પ્રમાણે બરાબર છે. ૨) વળી મીનોખેરદ (બા. ૨૭-૫૮) માં કેટલાક ભલા કરાનારાઓએ આએ દુન્યાને કરેલા ફાયદાઓ વર્ણવતાં સીયાવક્ષનું ભલું કામ એ વર્ણવેછે કે તેને પેટ કએખુસ્રુનો જન્મ થયો. ૩) વળી ફીરદોસી પણ એને સીયાવક્ષનો 'ફરંગીઝ' ને પેટનો છોકરો જણાવેછે. ૪) દસાતીર કેતાબ પણ એને "કર્મોલાસરવ ફરપુદ લીરતાપુરા" કહેછે જેનો સાસાનેપનજુમ તરજુમો કરતાં એને સીયાવક્ષનો છોકરો કએખુસ્રુ ગણેછે. યશ્તોમાં કએખુસ્રુ દુઆ ગુજારેછે કે તે તુરાની ધાટકી અફ્રાસ્યાબને પોતાનાં બાપ સીયાવક્ષનાં કીનામાં અને અગ્રેરસનાં કીનામાં મારે. હોમ પણ દુઆ ગુજારેછે કે તે અફ્રાસ્યાબને પકડી કએખુસ્રુ આગળ લેઇ જાએ કે તે તેને તેનાં બાપ સીયાવક્ષનાં અને અગ્રેરસનાં કીનામાં મારે. એ બાબદનો ખોલાસો ફીરદોસી ઉપરથી મળેછે અને તે એ છે કે અફ્રાસ્યાબે સીયાવક્ષ જેને તેણે પોતાની છોકરી ફીરંગીઝ લગનમાં આપી હતી, તેને કરસેવઝની

બુરી શીખવણીથી મારી નાંખ્યો હતો.
જુઓ શબ્દ [illegible]

અગ્રેરસનો કીનો કએખુસ્રુ શું કરવા લેવા માંગેછે તે બાબદ પણ શાહનામા ઉપરથી ખોલ્લી માલમ પડેછે. તેણે ઈરાનીઓની બજાવેલી સેવાની સોક્ષા તરીકે તેનાં ભાઈ અફ્રાસ્યાબે તેને મારી નાંખ્યો હતો. જુઓ [illegible]

એ પાદશાહ પોતાની મોરાદમાં કેવી રીતે ફાવ્યો અને સીવાયક્ષનાં કીનામાં અને અગ્રેરસનાં કીનામાં તેણે અફ્રાસ્યાબને તેનાં 'હનકન' અથવા 'હંગ' માં કેવી રીત માર્યો હતો તે માટે જુઓ [illegible] અને [illegible] શબ્દો.

એ પાદશાહે બુનદેહેશ પ્રમાણે ૬૦ વર્ષ રાજ કર્યું હતું. ફીરદોસી પણ એટલાજ વર્ષ જણાવેછે. આફ્રીને ગ્પીતામાન જરતોસ્તમાં એનાં નામથી દુઆ કરવામાં આવેછે કે "અયરકેમ અમર્ડ્કેમ બવાહિ યથ કવહુસ્રવ" એટલે 'કએખુસ્રુના જેવા બીમારી અને મોત વગરનો થજે.' એ બાબેનો ખોલાસો પણ ફીરદોસીથી મળેછે કે એ પાદશાહ પોતાનું રાજપાત છોડી એક પહાડનાં એકાંતવાસમાં ગેબ થઈ ગયો હતો. તેણે ના કહેવા છતાં તેની સાથે ગયલા કેટલાક ઈરાનીઓ એક તોફાનથી નાશ પામ્યા હતા અને બીજાઓ રંજીદા થઈ પાછા ફર્યા હતા. પણ એ બેલુમાલુમ થઈ ગયો હતો. તે ઉપરથી વીચાર કેટલેક વખત ચાલુ રહેલો કે એ પાદશાહ ગોફામાં અમર છે. તે ઉપરથી ઉપલી દુઆ કરવામાં આવેછે અને હજુર આજે પણ કેટલાકો તનદોરસ્તી ભણતાં "કએખુસ્રુ પાદશાહરા" એમ નામ દેઈ તેને દુઆ દેછે.

બુનદેહેશ કહેછે કે એણે અસનવંદ પહાડ ઉપર આદર ગુશસ્પ નામનો આતશ સ્થાપ્યો હતો, (બા. ૧૭-૭) જે પહાડ આતરો પાતકાન (આજરબએજાન) માં આવ્યો (બા. ૧૨-૨૬). એ પહાડ ઉપર ચએચસ્ત સરોવરને કીનારે એ આતશકદેહ એણે બાંધ્યું હતું (બા. ૧૭-૭; ઝાદસ્પરમ બા. ૬-૨૨; બહમન યશ્ટ બા. ૩-૧૦). એ આતશને એ નામ આપવાનું શું કારણ તે બુનદેહેશ ઉપરથી માલમ પડેછે કે જ્યારે કએખુસ્રુ ચએચસ્ત સરોવર ઉપરનાં મુર્તીપૂજક દેહેરાં ભાંજવા ગયો હતો ત્યારે એક રોશની તેનાં ઘોડા (અસ્પ) ની યાલ (કાનગુશ) ઉપર આવી બેઠી તેની મદદથી તેણે પોતાનું કામ કર્યું અને તેથી તે કોઈ કુદરતી બનાવની યાદમાં તેણે ત્યાં આતશ રોશન કર્યો.

ફીરદોસી એ બાબે વીગતવાર જણાવેછે. જ્યારે કાઉશની ગાદી માટે બે ઉમેદવાર હતા, એક એનો બેટો ફરેબુરજ અને બીજો નબીરો કએખુસ્રુ, ત્યારે દાવો ચુકવવા તેણે સુચવ્યું કે જે કંગદેઝનો કીલ્લો જીતે તેને ગાદી આપવામાં આવશે. ફરેબુરજ નિશફલ થયો અને કએખુસ્રુ પછી જ્યારે ગયો ત્યારે તાંહાં એક કુદરતી રોશની પડી અને તેથી તેણે કીલ્લો જીત્યો. તે રોશનીની યાદમાં તેણે ત્યાં આદરગુશસ્પનો આતશ સ્થાપ્યો. ફીરદોસી પ્રમાણે ત્યાં હોમે અફ્રાસ્યાબને પકડ્યો અને તે નાસી ચએચસ્ત સરોવરનાં કોઈ ગોફામાં ભરાયો અને ત્યાં ગોદરેજ આવી લાગાથી તેણે કએખુસ્રુને એ બાબદથી વાકેફ કીધો ત્યારે પાદશાહ કએખુસ્રુ એ આદરગુશસ્પનાં મકાનમાંજ હતો. અવસ્તામાં આપણને કએખુસ્રુની માએનું નામ મળતું નથી પણ તે બુનદેહેશમાં 'વીસ્પાનફ્રયા' કરી મળેછે અને તેને ફ્રાસ્યાબ (અફ્રાસ્યાબ) ની છોકરી કહેછે. એ નામ શાહનામામાં فرنگیز ફીરંગીઝ મળેછે. એની બુનદેહેશ પ્રમાણેની ચહડતી પેહેડીમાટે જુઓ મોટી વંશાવળી.

દાદસ્તાનેદીની **અને રસ્તાખેજ** ઉત્પન્ન કરવામાં એક મદદગાર તરીકે જાહેર કરેછે. અને તેનાં ગેબ થવા વિષે ઈશારો કરી કહેછે કે "વાએવેહે" તેને આએ જેહાનથી પસાર કીધો (બા. ૩૯-૩). એજ કારણને લીધે એને [illegible] (અવરકાર) એટલે 'સરસ કામ કરનાર' કહ્યોછે (બા. ૩૭-૩૯). વળી એ કેતાબમાં એને ઇરાન અને તુરાનમાં ઉંચામાં ઉંચા પહાડોમાં ઉત્પન્ન થયલો જણાવ્યોછે (બા. ૯૦-૬). મીનોખેરદ (બા. ૨-૯૫) માં એનું ચએચસ્ત સરોવર ઉપર મૂર્તીપૂજકોનાં દેહરાં ભાંજવાનું કામ એવું તો પુણ્યવાન ગણ્યુંછે કે કહેછે કે જો તેણે તે નહીં કીધું હતે તો ત્યાં આહારેમનનું જોર એટલું બધું વધતે કે ફરશોકંત લાવવામાં ઘણી મુશકેલી પડતે. એ કેતાબમાં (બા. ૨૭-૫૯) કએખુસુથી આએ દુન્યાને થયલા ફાયદાઓમાં નીચલા વર્ણવેછે. ૧) અફ્રાસ્યાબને મારવાનું. ૨) ચએચસ્ત સરોવર ઉપર મૂર્તીપૂજક દેહરાં ભાંજવાનું. ૩) કંગદેઝનાં કીલ્લાનો સારો કારોબાર ચલાવવાનું અને ૪) ભવિષ્યમાં રસ્તાખેજ વખતે સોશ્યોસને મદદ કરવાનું કામ. એ રસ્તાખેજનાં કામમાં સોશ્યોસનો એને મુખ્ય મદદગાર ગણ્યોછે (બા. ૫૭-૭).

૨) [illegible] = હુસ્રવંઘ. ય. ૧૯-૫૬. સીરોજાયષ્ટ-૯. એ નામનો એક સરોવર પણ છે. જમ્યાદયષ્ટ પ્રમાણે એ વોઉરૂકશ દર્યામાંથી ઉત્પન્ન થયલોછે. એ બુનદેહેશ (પા. ૫૬-૬. બા. ૨૨-૮) નો [illegible] [illegible] છે. એની જગ્યામાટે કહેછે કે [illegible] [illegible] એટલે "હુસ્રુનો સરોવર ચએચસ્ત સરોવરથી ૫૦ ફરસંગ (લીગ) છે". એ ચએચસ્ત તે ઉરૂમીઆનો સરોવર છે ત્યારે હુસ્રવંઘ સરોવર ઉરૂમીઆના સરોવરથી ૫૦ ફરસંગના તફાવતે હોવો જોઈએ. ડા૦ ઉવેસ્ત એને લેક વાન અથવા લેક સેવાન ધારેછે. ઉવીનદીશમાન એને અસલી Thospites નો દર્યો સમજેછે.

[illegible] = હુશ્કયઓત્ન. ય. ૧૩-૧૦૩, ૧૦૪.

૧) કેટલાંક કારણોને લીધે એ ગુશ્તાસ્પનો છોકરો હોય એમ દિસેછે. જુઓ [illegible] શબ્દ.

૨) એક બીજો પણ એ નામનો પુરૂષ હતો. તે ફ્રષઓસ્રનો છોકરો હતો (ફ. ૧૦૪).

[illegible] = હામ બરેતર વંઘ્રામ. ય. ૧૩-૧૧૧. દાર્મસ્ટેટે એ આખું એક ધણીનું નામ લેછે. મેહેર્જીરાણા વાછા એને છુટું પાડી 'વંઘુના હામ બરેતર' એમ લેછે. હારલે એ શબ્દને આગળા વાક્યનાં 'ગઓપિવંઘુ' નું વિશેષણ લેછે પણ તે દેખીતી ભૂલ છે કારણ બન્નેની સાથે જુદો 'ફ્રવષીમ યજમઈદે' શબ્દ આવેછે. સ્પીગલ અર્થ કરેછે કે 'આશીસો' લાવનારની ફ્રવશીને ...... દાર્મસ્ટેટે ધારેછે કે કદાચ એ ફકરામાંનો 'તખ્મ' શબ્દ જેને સઘળા વિશેષણ લેછે તે વિશેષનામ હોય અને એનો વડવો હોય.

[illegible] = હ્વરેચએભન. ય ૧૩-૧૨૧, ૧૨૮. એક પુરૂષનું નામ. એ દાદસ્તાનેદીની (પા. ૯૩ ક -૧૮ બા. ૩૯-૪, ૫) નો [illegible]

ખુરચશમ છે. રસ્તાએજનાં છેલ્લાં ૫૭ વર્ષની મુદતમાં જે સાત જન એ રસ્તાએજ ઉત્પન્ન કરવામાં ભાગ લેશે તેઓમાંનો એ એક છે. એ સાતેના નામો ફરવરદીનયશ્ટમાં સાથેજ યાદ કર્યાંછે. એ સાતે જન જુદા જુદા સાત કેશ્વરોમાં કામ કરશે તેમાં એ હ્વર-ચશ્મન (ખુરચશમ) [illegible] સવ-હીનાં કેશ્વરમાં કામ કરશે.

એનાં પેહલવી લખાણ માટે જુઓ [illegible] શબ્દ. ફ્રશો-કંતનાં ઉત્પન્ન કરનાર તરીકે એનું નામ સાશ્યોસ અને રોશન ચશ્મ સાથે દાદ-સ્તાનેદીનીનાં પેહેલા સવાલમાં પણ આવેછે.

[illegible] = હ્વરે-ચિથ્ર. ય. ૧૩-૯૮. બુનદેહેશનો [illegible]. વજરકર્દદીનીમાં પણ એજ બુનદેહે-શપ્રમાણેનું ખોરશેદ ચેહર નામ છે. એ જરતોસ્તનાં ત્રણ છોકરાઓમાંનો એક હતો. ફરવરદીનયશ્ટ અને બુનદેહેશ-માં જે અનુક્રમે જરતોશ્તનાં છોકરાઓ-નાં નામો આવેછે તે અનુક્રમ પ્રમાણે એ જરતોશ્તનો સર્વથી નાનો દીકરો દિસેછે. વજરકર્દદીની (૨૨-૫) પ્રમાણે એ જરતોશ્તની 'અરનીજ બરેદા' નામની બાયડીને પેટે જનમ્યો હતો.

[illegible]

એટલે "અરનીજ બરેદા ઓરતથી બે બેટાઓ જનમ્યા; એક ઉર્વતતનર અને બીજો ખોરશેદ ચેહેર."

બુનદેહેશમાં એને માટે કહેછે કે (પા. ૭૯-૧૮ બા. ૩૨-૫)

[illegible]

એટલે "ખુરશીદ ચેહેર રથેસ્તાર (લડ-વૈયો) વીસ્તાસ્પનાં પેશોતનનો સપેહ-બુદ (સરદાર) કંગદેઝમાં રહેછે."

[illegible] = હ્વરેજ. ય. ૧૩-૧૨૪. એ ફકરામાં "હ્વરેઝાઓ અંકાશ્યાઓ" શબ્દો દ્વિવચનમાં આવેછે તે ઉપરથી યુસ્તી હ્વરેઝને અંકાશનો ભાઈ ગણેછે. દાર્મસ્ટેટ, હારલે એ બેઉ જનનાં ફરોહ-રોને સાથે યાદ કરતાં જણાવેછે. મેહેરજી-રાણા વાછા હ્વરેઝને અંકાસ એમ અર્થ લેછે. સ્પીગલ એ શબ્દોને સ્ત્રીલીંગમાં લેઇ "હ્વરેઝ, તે અંકાસની છોકરીનાં ફરોહરને" એમ અર્થ લેછે.

[illegible] = હ્વરેધિ. ય. ૧૩-૧૪૧. એક કુમારી સ્ત્રીનું નામ.

(૧) [illegible] હ્વસ્પ. ય. ૧૩-૧૨૨. એક પુરૂષનું નામ. ડા. ઉવેસ્ત પ્રમાણે એ બુનદેહેશનો (પા. ૬૮-૭. બા. ૨૯-૧) [illegible] છે. યુસ્તીની નકલમાં એ નામ [illegible] લખ્યુંછે. એ વોઉરૂ-બરેશ્ત કેશ્વરનો વડો ધર્મગુરૂ હતો.

(૨) [illegible] = હ્વસ્પ. ય. ૧૪-૨૦. ય. ૧૯-૬૭. જમ્યાદયશ્ટમાં નીચલો ફકરો આવેછે.

[illegible]


[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એ ફકરામાં આવેલા "બામ્ન, હ્વસ્પ, ફ્રદથ, ખરેનંઘહઇતિ, ઊશ્તવઇતિ, ઉર્વધ, એરેઝી, અને ઝરેનુમઇતિ" શબ્દોને સઘળા તરજુમો કરનારાઓ વિશેષણ લેતા હતા. પણ ડા. ગેલ્દનરે પેહેલવેહેલું જણાવ્યું કે એ સઘળા શબ્દો વિશેષનામો છે અને તેઓ નદીના નામો છે. તા. ૧૬ મી મેહે ૧૮૮૫ નાં એકેદેમીમાં ડા. ઓરેલ સ્તાઇન Afghanistan in Avestic Geography નામની આરટીકલમાં એ આથ નદીઓને અફગાનીસ્તાનની નદી ગણેછે અને એઓ આગમચ નામ દીધેલા ઉશીદાઓ પહાડને એ અફગાનીસ્તાનનો 'કુહેબાબા' ગણેછે. એ આથ નદીઓમાંથી ચારને તે નીચે પ્રમાણે સરખાવેછે. 'ફ્રદથ' ને તે 'ફરાહરૂદ' સાથ સરખાવેછે. 'હ્વસ્પ' ને 'ખુશપાસરૂદ' સાથ 'ખરેનંઘઇતિ' ને 'હરૂત રૂદ' સાથ અને 'બાસ્તને' 'બારારૂદ' સાથ સરખાવેછે. હું ધારૂંછું કે ઉશીદાઓ પહાડ તે ઉશીદરેન પહાડનો ઈસારો છે અને તે પૂર્વ તરફનો 'કુહેબાબા' હોવાને બદલે પશ્ચિમ ભણીનો આઝેરબઐઝાન મુલકનાં કોઇ મોટા પર્વતની હાર દીસેછે. એ પહાડ ઉપર પએગમબર જરથોસ્તે ખોદાઇ બસારતો મેળવી હતી માટે તે એનાં આઝરબએઝાનવાળા મુલકનો કોઇ પહાડ હોવો જોઈએ. તેટલા માટે હું ધારૂંછું કે ઉપલી આથ નદીઓ પણ કોઈ પશ્ચિમ ભણીની નદીઓ છે. જે નદીઓને ડા. સ્ટાઇને સરખાવીછે તે ત્રણ નદીઓમાંની 'ફ્રદથ' ને પેહેલવી બુનદેહેશ અને પાઝંદ આફ્રીનની ફ્રાત તે હાલની યુફ્રેતીસ સમજું છું કે જેને મહોમેદન ભૂગોળ નવેશો હાલ પણ 'ફરાહ' કરી બોલેછે. એઓમાંની ખરેનંઘઇતિને હું બુનદેહેશ (બા. ૨૦. પા. ૫૧-૧) ની [illegible] ઓરએ અથવા ઓરેહ, યુનાનીઓની Eulæus, ઓલ્દ ટેસ્ટેમેન્ટની Ulia અને હાલની કારૂન સમજું છું. (જુઓ મારી ચોપડી The river Karun, p. 24-28) એઓમાંની આપણી બાબદવાળી 'હ્વસ્પ' ને હું યુનાનીઓની Choaspes અને હાલની 'ચેરબે' ધારૂં છું.

એજ શબ્દ બેહેરામયષ્ટ (ક. ૨૦) માં આવેછે. વેસ્ટરગાર્ડ અને સ્પીગલ ત્યાં એ શબ્દ 'હ્વસ્પ' લીએછે, જોકે કાંગા અને બીજાઓ 'હ્વસ્ત' લીએછે. અંહી બધા તરજુમો કરનારાઓ એનો અર્થ "સારા ઘોડાવાળો યાને સેતાબ" અર્થ કરેછે પણ ફકત યસ્તી એને વિશેષનામ લેઇ યુનાની નદી Choaspes નું નામ લેછે અને એ ફકરાનો અર્થ કરેછે કે "Wenn (der Vögel) fliegt an den Choaspes" એટલે "જ્યારે (તે પક્ષી) ચોએસપીસ નદી તરફ ઊડેછે." હીરોદોતસ (I 188) ઉપરથી માલમ પડેછે કે એ ચોએસપીસ નદી હખામીનીઅન વંશના ઇરાની પાદશાહોની માનીતી હતી. તેઓ જ્યાં પણ જતા ત્યાં એ નદીનું પાણી મંગાવી પીતા.

[illegible] ([illegible]) = (વન) હ્વાપ. વં. ૫-૧૯. એક ઝાડનું નામ. જે બુનદહેશ (બા. ૨૭) નું હરવેસ્પતોખમનું ઝાડ છે. એ સર્વે ઝાડોનું મૂળ છે. એનાં બીઆં પક્ષીની મારફતે બધે પંથરાઈ બીજાં ઝાડો ઉગેછે.

[illegible] ([illegible]) = હ્વાવ. ય. ૫-૯૮; હ્વાગ્વ ૧૩-૧૦૩. ૪૯-૧૭. ૫૧-૧૭, ૧૮. એક ખાનદાનનું નામ જે પછવાડેથી હબુબનાં ખાનદાન તરીકે મશહુર થયુંછે. જરતોસ્તની

બાયડી 'હવોવી' એ ખાનદાનની હતી. એનાં બે મુખ્ય શાગેર્દો ફ્રશાઓસ્તર અને જામાસ્પ એ ખાનદાનના હતા. એઓને 'હ્વોવ' નાં કહ્યાછે. તે હ્વોવ જો એઓનો બાપ અથવા વડવો લેઇએ તો એ ખાનદાનની ફ્રવરદીનયષ્ટ પ્રમાણે નીચલી વંશાવળી ઉત્પન્ન થાયછે.



આવાંયષ્ટ પ્રમાણે એ ખાનદાનવાળાઓ એ અર્દવીસુરપાસે દોલત ચાહી જે તેઓને મળી. ગાથામાં એ ખાનદાનને 'હ્વોગ્વ' કહ્યુંછે (હા. ૪૬-૧૭. ૫૧-૧૭).

[Avestan] = હોવિ. ય. ૧૩—૧૩૯; ૧૬-૧૫. એણી જરતોસ્તની બાયડી થાય. એણીએ દીન યજદની આરાધના કરી સારા વીચાર, વચન અને કામની થવાની મોરાદ ચાહી હતી. બુનદેહેશ (પા. ૮૦-૭. બા. ૩૨-૮) માં એણીને [Avestan] કહીછે. ત્યાં કહે છે કે એણીને પેતે હુશેદર, હુશેદરમાહ અને સોસ્યોસ એ ત્રણ છોકરા પેદા પડશે. જરતોસ્ત ત્રણ મરતબે એણીની આગળ ગયો અને ત્રણે મરતબે તેનું બીજ જમીન ઉપર પડ્યું. નેરીઓસંગે તે બીજને 'અનાહીત' ને સોંપ્યું અને ઘટતે પ્રસંગે તે બીજ એક માતાનાં પેતમાં પ્રફુલ્લીત થશે. વજરકર્દદીની (પા. ૨૨—૧૦) માં પણ બુનદેહેશને મળતુંજ કહેછે કે હ્વોવ (જે જરથોસ્તની) પાતખશાહ ઓરત હતી તેનીથી ત્રણ છોકરા જેવાકે હોશેદર, હોશેદરમાહ અને સોશઓશ પેદા પડશે એમ કહેલુંછે કે જરથોસ્ત ત્રણ મરતબ હ્વોવીની નજદીક ગયો અને દરવખતે તેનું બીજ જમીન ઉપર પડ્યું. નેર્યોસંગ યજદે તે બીજ કબુલ રાખ્યું અને તપાસ રાખવા અનાહીતને સોંપ્યું. જ્યાં સુધી તે માતા સાથ આમેજ થાય ત્યાં સુધી ૯૯૯૯૯ ફરોહરો તેની નેગાહ રાખે છે.

વધારો.

=ઊર્વધ. ય. ૧૯—૬૭. એક નદીનું નામ. એ આઝરબએજાનની કોઈ પુરાની નદી દીસેછે. જુઓ

= ઉશ્ત વઈતિ. ય. ૧૯—૬૭. એક નદીનું નામ. એ આઝેરબએજાનની કોઈ પુરાની નદી દીસેછે. જુઓ

=ખરેનંઘહઈતિ. ય. ૧૯—૬૭. એક નદીનું નામ. હું ધારૂં છું કે એ બુનદેહેશની , અસલી યુનાનીઓની Eulæus યુલીઅસ, ઓલ્ડ ટેસ્ટમેંટની Ulia યુલીઆ, અને હાલની કારૂન નદી છે. જુઓ

(જુઓ મારી ચોપડી The River Karun p. 26-28.) પ્રોફેસર સ્ટાઈન એને પ્લીનીની Pharnacotis અને હાલની 'હરૂત રૂદ' ધારેછે કે જે સીહાકુહમાંથી નીકળી સીસતાનનાં સરોવરમાં પડેછે.

=ખાસ્ત્ર. ય. ૧૯-૬૭. એક નદીનું નામ. હું ધારૂંછું કે એ આજરબએજાનની કોઈ પુરાની નદીનું નામ છે. જુઓ . પ્રોફેસર સ્તાઈન એને દક્ષિણ અફગાનીસ્તાનની 'ખાશ રૂદ' ધારેછે કે જે સીહાકુહનાં દક્ષિણ ઢોલાણ પરથી વહેછે.

= જરેનુમઈતિ. ય. ૧૯—૬૭. એક નદીનું નામ. હું ધારૂંછું કે એ આઝેરબએજાનની કોઈ પુરાની નદી છે. જુઓ . પ્રોફેસર સ્તાઈન એને બુનદેહેશ (પા. ૫૩-૧૨. બા. ૨૦-૩૪) ની સાથ સરખાવી સીસતાનમાં ધારેછે.

= ઝેરેનિ. ય. ૧૯—૬૭. એક નદીનું નામ. એ આઝેરબએજાનની કોઈ પુરાની નદી દીસેછે. જુઓ

= ફ્રદથ. ય. ૧૯—૬૭. એક નદીનું નામ. હું ધારૂંછું કે એ બુનદેહેશ (પા. ૫૦-૧૭ બા. ૨૦) ની , મુસલમાન લખનારાઓની 'ફ્રાહ', અને હાલની યુફ્રેટીસ નદી છે. જુઓ . પ્રોફેસર સ્ટાઈન એને પ્લીનીની Ophradus અને હાલની 'ફરાહ રૂદ' ધારે છે જે સીહાકુહમાંથી નીકળી સીસતાનનાં સરોવરમાં ખાલી થાયછે.

જુદી જુદી કેતાબો પ્રમાણે પએગમબર જરથોશતનાં વડવાઓની ટીપ.

આફ્રીનગાનનાં દીબાચા પ્રમાણે.	વજરકર્દદીની પ્રમાણે.	દીનકર્દ પ્રમાણે.	બુનદેહેશ પ્રમાણે.
જરથુશ્ત.	[illegible]	[illegible]	[illegible]
પોરૂશાસ્પ.	[illegible]	[illegible]	[illegible]
પેતરસ્પ.	[illegible]	[illegible]	[illegible]
ઉર્વદસ્પ.	[illegible]	[illegible]	[illegible]
હએચદસ્પ.	[illegible]	[illegible]	[illegible]
ચખ્શનુશ.	[illegible]	[illegible]	[illegible]
પેતરસ્પ.	[illegible]	[illegible]	[illegible]
હરદરશ્ન.	[illegible]	[illegible]	[illegible]
હરદાર.	[illegible]	[illegible]	[illegible]
સ્પીતમાન.	[illegible]	[illegible]	[illegible]
વીદસ્ત.	[illegible]	[illegible]	[illegible]
અઝીમ.	[illegible]	[illegible]	[illegible]
રજશ્ને.	[illegible]	[illegible]	[illegible]
દુરાશરૂન.	[illegible]	[illegible]	[illegible]
માનોચેહેર.	[illegible]	[illegible] ([illegible])	[illegible]
	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	
	[illegible]	[illegible]	
	[illegible]	[illegible]	
	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]

આફ્રીનગાનનાં દીબાચા પ્રમાણે.	વજરકર્દીની પ્રમાણે.	દીનકર્દ પ્રમાણે.	બુનદેહેશ પ્રમાણે.
	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]
ઍરચ.	[illegible]	[illegible]	[illegible]
ફ્રેદુન.	[illegible]	[illegible] ([illegible])	(૧) [illegible]
આથવીઆન.	[illegible]		[illegible]
	[illegible]		
	[illegible]		[illegible]
			[illegible]
			[illegible]
			[illegible]
	[illegible]		[illegible]
			[illegible]
	[illegible]		[illegible]
જમશેદ.	[illegible]		[illegible]
વીવંઘાન.	[illegible]		[illegible]
	[illegible]		[illegible] (૨)
	[illegible]		
તેહેમુરસ્પ.	[illegible]		
હોશંગ.	[illegible]		[illegible]
	[illegible]		[illegible]
સ્યામક.	[illegible]		[illegible]
	[illegible]		[illegible]
ગયોમર્દ.	[illegible]		[illegible]

૧ એ નામ પુસ્તીની નકલમાં ભુલથી પેહેલે રહી ગયુંછે પણ પછી આવ્યુંછે.
૨ પુસ્તીની નકલમાં એ નામ નથી મળતું પણ તેહેમુરસ્પની નકલમાં મળેછે.

પેશદાદીઅન અને કેઆનીઅન વંશનાં ઈરાની પાદશાહાનાં નામો અવસ્તા, બુનદેહેશ અને ફીરદુસી પ્રમાણે અને તેઓના રાજ કરવાના વર્ષો બુનદેહેશ અને ફીરદુસી પ્રમાણે.

એઓના હાલમાં પાછલાં પુસ્તકો પ્રમાણે વપડાતાં નામો.	અવસ્તાનાં નામો.	પેહેલવી બુનદેહેશનાં નામો.	ફારસી શાહાનામાનાં નામો.	કેટલાં વર્ષ રાજ્ય કર્યું.	
				બુનદેહેશ પ્રમાણે.	શાહાનામા પ્રમાણે.
ગયોમર્દ	[illegible]	[illegible]	گیومرث	૩૦	૩૦
હોશંઘ	[illegible]	[illegible]	هوشنگ	૪૦	૪૦
તેહમુરસ	[illegible]	[illegible]	طهمورث	૩૦	૩૦
જમશેદ	[illegible]	[illegible]	جمشید	૭૧૬	૭૦૦
જોહાક (૧)	[illegible]	[illegible]	ضحاک	૧૦૦૦	૧૦૦૦
ફરેદુન	[illegible]	[illegible]	فریدون	૫૦૦	૫૦૦
મીનોચેહેર	[illegible]	[illegible]	منوچهر	૧૨૦	૧૨૦
નોદર	[illegible]		(૨) نوذر		૭
ઝવ	[illegible]	[illegible]	زوطهماسپ	૫	૫
કેરશાસ્પ			گرشاسپ		૯
કએકોબાદ	[illegible]	[illegible]	کیقباد	૧૫	૧૦૦
કએકાઉસ	[illegible]	[illegible]	کیکاوس	૧૫૦	૧૫૦

(૧) એ પારકો પાદશાહ આવી ઈરાનની ગાદીપર બેઠો હતો.

(૨) નોદર અને કેરેશાસ્પના વર્ષ બુનદેહેશે નથી આપ્યાં. એના સબબમાટે જુઓ એ શબ્દો.

એઓના હાલમાં પાછલાં પુસ્તકો પ્રમાણે વપડાતાં નામો.	અવસ્તાનાં નામો.	પેહેલવી બુનદેહેરાનાં નામો.	ફારસી શાહાનામાનાં નામો.	કેટલાં વર્ષ રાજ્ય કર્યું.	
				બુનદેહેરા પ્રમાણે.	શાહાનામા પ્રમાણે.
કએખુસ્રુ	[illegible]	[illegible]	کیخسرو	૬૦	૬૦
કએલોહરાસ્પ	[illegible]	[illegible]	لهراسپ	૧૨૦	૧૨૦
કએ ગુસ્તાસ્પ	[illegible]	[illegible]	گشتاسپ	૧૨૦	૧૨૦
બહમન અસફંદયાર		[illegible]	بهمن اسفندیار	૧૧૨	૯૯[3]
હોમાએ		[illegible]	همای	૩૦	૩૨
દારાબ		[illegible]	داراب	૧૨	૧૨
દારાએ દારાબ[4]		[illegible]	دارا داراب	૧૪	૧૪
સીકંદર		[illegible]	سکندر	૧૪	૧૪
અશકાનીઅન વંશ		[illegible]	اشکانیان	૨૮૪	૨૦૦
સાસાનીઅન વંશ.		[illegible]	ساسانیان	૪૬૦	૪૯૩[5]

(૩) મોહલની નકલ એ સંખ્યા આપેછે. એક બીજું જુનું શાહનામું એ સંખ્યા ૯૬ આપેછે.
(૪) અંહીં કેઆનીઅન વંશ પુરૂં થાયછે.
(૫) મોં. મોહલના શાહાનામા પ્રમાણે.